શ્રી વલ્લભ સુધા

શ્રી વલ્લભ સ્વરૂપ

શ્રી વલ્લભ રૂપ પ્રેમસ્વરૂપ
　　　　પ્રેમીજન પ્રેમકરત પ્રિતમકો
પ્રિતમસોં પ્રેમલેત પ્રિતસોં
　　　　પ્રિતમકી સબહી બાતજાન
પ્રિતમકો સબ કરત હિત
　　　　લાય પ્રિયાકું મનાય પ્રિતમ સમીપ
બૈઠે નિકટ પ્રિયા પ્રિતમ નિકુંજ ભવન
　　　　માન છોડ કરત મંદ હાસ્ય પરસ્પર
કરત મૃદુ હાસ સબનગર
　　　　યહ છબી નિરખરહે શ્રી વલ્લભ પ્રેમ સ્વરૂપ
વિનિત દામોદરલાલ આશ ધરત ઈન દર્શન કી

પૂ. પા. ગો. શ્રી દામોદરલાલબાવા-કલોલ

વર્ષ ૩ : અંક ૧ *ઓગ. ~~માર્ચ~~, ૧૯૮૪ * શ્રી વલ્લભાબ્દ ૫૦૬

–: ગ્રાહકોને વિનતિ :–

શ્રી વલ્લભ સુધાનું નવુવર્ષ તા. પહેલી એપ્રીલ ૮૪થી શરૂ થાય છે આપનું નવાવર્ષનું લવાજમ નિચે લખ્યા સેવા ભાવિ કાર્યકરો પાસે ભરીને અગર સીધુ કાર્યાલયને મોકલાવી સ્વમાર્ગિય સાહિત્ય પ્રકાશન ના કાર્યમાં સહકાર આપવા વિનતિ.

૧. શ્રી અશોકકુમાર ગોરધનદાસ માંડલીયા
C/o ઝવેરી એન્ડ કું. રતનપોળનાકે
ગાંધી રોડ, **અમદાવાદ–૧**

૨. શ્રી જયન્તીલાલ શાન્તીલાલ પડીયા
મેડીપ લેબોરેટરી ૪૦૪ સ્પેકટ્રમ
કોમર્સીયલ સેન્ટર સલાપસ રોડ, **અમદાવાદ**

૩. શ્રી મનસુખલાલ મોતીલાલ (રાજકોટવાળા)
મોતી ચોહટા **ઉદયપુર** (રાજસ્થાન)

૪. શ્રી મનસુખલાલ બેચરભાઈ ગજેરા
જંવાહર રોડ, **ઉપલેટા**

૫. શ્રી દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા
રેલ્વે સ્ટેશન પાસે, **ધોરાજી;**

૬. શ્રી હરજીવનદાસ બેચરભાઈ સોની
બસ સ્ટેશન પાસે, **ધ્રોલ**

૭. શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિતમાતાના મંદિર સામે, **ધ્રાંગધ્રા**

૮. શ્રી હરકીશનદાસ જમનાદાસ સોની
બજાર ચોક, **જામકંડોરણા**

૯. ઠા. જયન્તીલાલ રામજીભાઈ
વાસણનાં વેપારી, **જામકલ્યાણપુર**

૧૦. શ્રી નગીનદાસ પ્રેમચંદભાઈ
પ૬, દિગ્વીજય પ્લોટ **જામનગર**

૧૧. ડો. શ્રી ધીરૂભાઈ શાહ
બક્ષી નિવાસ, એમ. જી. રોડ, **જુનાગઢ**

૧૨. શ્રી ચરણદાસજી તથા શ્રી વિઠ્ઠલદાસજી મરજાદિ
મુ. **નવાગામ** તા. કાલાવડ શિતલા

૧૩. શ્રી હરેન્દ્રભાઈ રમણલાલ શેઠ
"સુન્દરમ્" ૬૯૩ ગુજરાતીવાડ **દાહોદ**

૧૪. શ્રી અશ્વીનભાઈ લાલજીભાઈ કંસારા
લાતિ પ્લોટ, **મોરબી**

૧૫. શ્રી કીરીટભાઈ સી. દોશી
પારેખ શેરી, **મોરબી**

૧૬. શ્રી ભનુભાઈ [વલ્લભદાસભાઈ) પોપટ
કોટેચા ઓઈલ ઇન્ડસ્ટ્રીઝ કડીયા પ્લોટ **પોરબંદર**

૧૭. આં. રા. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય
જી–૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ **મુંબઇ–૧**

૧૮. શ્રી વી. સી. જસાણી
'તેજમહાલ' બ્લોક સી–૧ એસ. વિ. રોડ
પોલીસ સ્ટેશન પાછળ બોરીવલી વેસ્ટ **મુંબઇ**

૧૯. શ્રી ભોગીલાલ રમણભાઈ પાર્લાવાળા
૮૭, બજાજ રોડ મથુરાભુવન ૧લે માળે
વીલેપારલે (પશ્ચિમ) **મુંબઇ–૫૬**

૨૦. શ્રી અરવિંદભાઈ પારપાણી
૩૨, એ ખોખાણી લેન ઘાટકોપર **મુંબઇ–૭૭**

૨૧. શ્રી મુલજીભાઈ એલ. ભાટીયા
૧૨/૩ બી. ગ્રોવલેન **કલકત્તા–૨૬**

૨૨. શ્રી કાન્તીલાલ વી. પાવાગઢી
દરબારગઢ **વઢવાણસીટી**

૨૩. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ
કંસારા બજાર, **વાંકાનેર**

૨૪. શ્રી રમણીકલાલ મેઘજીભાઈ બાબરીયા
વાયા ઉપલેટા મુ. **સમઢીયાળા**

૨૫. શ્રી ભાસ્કરભાઈ સોની
રાયજાદા શેરી **ગોંડલ**

૨૬. શ્રી વિઠ્ઠલદાસ શાહ
દ્વારકેશ હાર્ડવેર માર્ટ **છોટાઉદેપુર** (વડોદરા)

૨૭. શ્રી પ્રવિણચંદ્ર કસ્તુરચંદ કંસારા
કંસારા બજાર, **રાજકોટ**

૨૮. શ્રી રમણીકલાલ કપુરચંદ ધોળકીઆ
સાત સ્વરૂપ હવેલી **રાજકોટ**

૨૯. શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે **રાજકોટ**

૩૦. શ્રી નવિનભાઈ હીરાલાલ કરથીયા
કંસારા બજાર **રાજકોટ**

૩૧. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્રારા
૪, કૈલાસ વાડી લલીત કુંજ **રાજકોટ**

૩૨. શ્રી ભૂપેન્દ્રભાઈ બી. ધાબલીયા
બોમ્બે સ્ટીલ એમ્પોરીયમ
૪, કડીયા નવલાઈન ધર્મેન્દ્ર રોડ **રાજકોટ**

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઈ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

✻

વર્ષ ૩ : અંક ૧
એપ્રિલ , ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

માનનિય વાંચક બંધુઓ તથા ભગીનીઓ

સસ્નેહ ભગવદ્ સ્મરણ

"શ્રીવલ્લભ સુધા"નો ત્રીજા વર્ષનો પ્રથમ અંક આપના કરકમલમાં મુકતાં આનંદ અનુભવીએ છીએ. ગતવર્ષોમાં આપ સહુનો સહયોગ પ્રાપ્ત થયેલ છે, તે બદલ આપના આભારી છીએ.

પુષ્ટિ સંપ્રદાયના મુળભૂત સિદ્ધાન્તો જાણવા સમજવા મળે તે હેતુથી આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા રાજકોટ મુકામેથી "શ્રીવલ્લભ સુધા"નું પ્રકાશન કાર્ય થઈ રહેલ છે.

વાર્તા સાહિત્ય અનેક પ્રકારના છે. પરંતુ મુળભૂત સિદ્ધાન્તો સમજવાં તે દરેક વૈષ્ણવનું કર્તવ્ય છે. આ માટે "શ્રીવલ્લભ સુધા" દરેક કુટુંબમાં પહોંચે તે ખાસ જરૂરી છે અને તે માટે આપ સહુના સહયોગની જરૂર છે. વર્ષ પુરૂં થયેલ હોઈ આપે આપનું લવાજમ ન મોકલેલ હોય તો સત્વરે મોકલી આપવા વિનતિ શકય હોય તો આજીવન લવાજમના રૂ. ૧૫૧/- એકસો એકાવન મોકલી આપવાં જેથી દર વર્ષે લવાજમ મોકલવાનું યાદ રાખવું જરૂરી ન બને અને અત્રે કાર્યાલયના કામમાં સરળતાં રહે.

આપનું લવાજમ તો મોકલી આપશોજ સાથો સાથ શકય તેટલાં વધુ કુટુંબોમાં "શ્રીવલ્લભ સુધા" પહોંચે તે માટે આપ સ્વમાર્ગઅર્થે થોડો સમય કાઢી શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વધારવાની ઝુંબેસમાં આપની સેવાનું યોગદાન આપશો એવી અપેક્ષા.

અત્યારની ખૂબજ મોંઘવારીના સમયમાં પણ લવાજમનો દર સાવ સામાન્ય માત્ર રૂ. ૧૦/- દશ તેમજ આજીવનના ૧૫૧/- એકસો એકાવન રાખેલ છે. શ્રીવલ્લભ સુધાનું પ્રકાશન વર્ષ એપ્રીલથી માર્ચનું છે.

ચેક, ડ્રાફ્ટ મોકલાવો તે **શ્રીવલ્લભ વિજ્ઞાન** નામથી મોકલશો.

આપણી સંસ્થા આં. રા. પુ. વૈ. પરિષદને બળવત્તર બનાવવામાં આપણે કૃતનિશ્ચયી બની શ્રી પુષ્ટિ માર્ગીય પ્રકાશન કાર્યને તન, મન, ધનથી વધુમાં વધુ યોગદાન આપો તેમજ ગામે ગામ પરિષદની શાખા સ્થાપી સર્વે વૈષ્ણવો સભ્ય તરીકે નોંધાઈ જાય એવી આપસહુને નમ્રવિનતી.

નિવેદક : **શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ**

સ્વસિદ્ધાન્ત પ્રબોધક ગ્રંથ

રચયિતા : **નિ. લી. ગો. શ્રી રમણલાલજી મહારાજ (મથુરા)**
અનુવાદ : **પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)**

"શ્રી ગોવર્ધન નિરુપણ"

હવે ભગવાનના દાસોમાં વર્ય-શ્રેષ્ઠ જે પુષ્ટિમાર્ગીય ભકત શ્રી ગોવર્ધન (ગિરિરાજજી) તેનું જે પ્રમાણેનું સ્વરૂપ છે તે કહિયે છિયે શ્રી ગિરિરાજ પર્વતનાં આધિદૈવિક સ્વરૂપમાં રત્ન-જટિત કંદરાગુફાઓ છે. શ્રીકૃષ્ણના પરમ્ પ્રિય સખા છે સેવા કરે છે. એમના હૃદયમાં શ્રીકૃષ્ણ સદા બિરાજે છે. એક તો આ ભાવ છે. અને બીજો ભાવ એ કહીયે છીએ કે શ્રીગોવર્ધન ભગવત્સ્વરૂપજ છે. ખુબ મોટો શ્રી અંગનો આકાર છે. શૈલરૂપ ધરીને અન્નકુટ યજ્ઞની સામગ્રી અરોગે છે. તે શ્રી ભાગવતમાં કહ્યું છે આ શ્રી ગિરિરાજ હરિદાસ વર્યનું માહાત્મ્ય શ્રીકૃષ્ણેજ વધાર્યું છે. પોતે તેમની પુજા કરી અને વ્રજવાસિયો પાંસે પણ કરાવી અને ભકતોને આજ્ઞા કરી કે જે કોઈ મનુષ્ય શ્રીગિરિરાજજીના સ્વરૂપને ન જાણીને અવજ્ઞા કરે છે તેને કામ રૂપી શ્રી ગિરિરાજજી ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરીને નાશ કરે છે, દંડ આપે છે જેથી આ સ્વરૂપથી સદા ડર લાગે છે. અને આપણી ગાય તથા આપણાં સ્વરૂપ ના કલ્યાણ ને માટે અમે સદા નમન કરીએ છિયે, તેથી બધાંને ઉપદેશ આપ્યો કે 'તમે સૌ શ્રીગિરિરાજજીને નમન, સ્મરણ કરો સેવન કરો' એજ આજ્ઞાનુસાર આપણે શ્રીગિરિરાજજીની સેવા, નમન, ભજન કરીએ છિયે.

શ્રીયમુનાજી તથા શ્રીગંગાજીના (સ્વરૂપનું) નિરૂપણ

શ્રીયમુનાજીનું સ્વરૂપ માહાત્મ્ય પદ્મ પુરાણ વારાહ પુરાણાદિકમાં જલમાહાત્મ્ય રૂપે કર્યું છે. તથા શ્રીયમુનાષ્ટકમાં શ્રીકૃષ્ણની ચતુર્થ પ્રિયા પટરાણી સ્વરૂપે વર્ણન કર્યું છે. અષ્ટસિદ્ધિને દેનારી છે જેનું જલપાન કરવાથી યમ યાતના દૂર થાય છે દર્શન, સ્પર્શ, પાન સ્નાન કરવાથી અનેક પાપ દૂર થાય છે. વર્તમાન જીવના દુષ્ટ સ્વભાવને પલટાવીને શ્રી કૃષ્ણમાં લગાવે અને તેને સાક્ષાત ભગવાનની નિત્ય લીલા ધામને પ્રાપ્ત કરાવે છે. આ ભાવનાનુસાર આપણે યમુના પાન-સ્નાન કરિયે છીયે શ્રીયમુનાજી સદા સ્મરણ વંદન ભજન સેવા કરવા યોગ્ય છે. પુષ્ટિ ફલને દેનારા છે. અને શ્રીગંગાજીનું માહાત્મ્ય પણ પુરાણાદિકમાં પ્રસિદ્ધ છે તેથી એ રીતે જાણવું જોઇએ શ્રી યમુનાષ્ટકમાં શ્રીગંગાજીનું સ્વરૂપ શ્રીયમુનાજીની સાથે કહ્યું એ રીતે જે કોઇ જાણે છે સમય પ્રાપ્ત થયે ફલાકાંક્ષા છોડીને નિષ્કામ થઇને ગંગાદિક, પુષ્કર, પ્રયાગ પ્રભૃતિતીર્થોમાં સ્નાનાદિક કરે છે,

શ્રીમદાચાર્યનું સ્વરૂપનું નિરૂપણ છે.

આ રીતે વેદ શાસ્ત્રોનું મંથન કરીને શ્રી વલ્લભાચાર્યે તથા શ્રી પ્રભુચરણે (શ્રી ગુંસાઇજીએ) પરમ તત્ત્વના સારનાં સાર પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમસ્વરૂપ નંદનંદન શ્રીકૃષ્ણ ગોવર્ધનનાથજી સ્વયં પરિપૂર્ણ શુદ્ધાદ્વૈત સાકાર આનંદમાત્ર કર, પાદ, મુખોદરાદિ સર્વાંગ જેના છે એવા સર્વાતીત, સર્વાસ્પર્શ (અછૂતુ) અપ્રાકૃત સ્વરૂપ તથા શ્રીયમુનાજી, શ્રીગોવર્ધનાદિ નિત્ય લીલા સામગ્રી સહિત સ્વરૂપનું પ્રતિપાદન કર્યું તેથી આ સ્વરૂપની પ્રાપ્તિ માટે શ્રી મહાપ્રભુના નાના પ્રિય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુના ચરણનું શરણ અવશ્ય ગ્રહણ કરવું. આ બન્ને સ્વરૂપ પિતા–પુત્ર સર્વલક્ષણ સંપન્ન મુખ્ય ગુરૂ એજ છે શાસ્ત્રોકત લક્ષણ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય, અસત્ય ભાષણાદિથી રહિત છે અને પહેલાં વર્ણન કર્યું શ્રીકૃષ્ણનું સ્વરૂપ તેની પરમ પ્રિય સુખદ સેવામાં તત્પર આપ પરાત્પર શ્રી પ્રભુને સારી રીતે જાણીને નિરંતર સેવા કરનારા છે. શ્રવણ, સ્મરણ, કીર્તન, અર્ચન, વંદન, પાદસેવન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન, આ પ્રમાણેની પુષ્ટિમાર્ગીય નવધા ભક્તિ શ્રીકૃષ્ણ પ્રતિ સદા કરે છે અને શાસ્ત્ર રીતિથી વિવાહ કર્યો અને એવા તેમના પતિવૃતા પત્નિ તેમાં જ એક વૃત નિયમ જેનું છે એવમ્ કામભાવ કરીને પરસ્ત્રીનાં સંબંધ સંસર્ગના ગંધથી પણ રહિત નિર્દોષ પુર્ણ છે. ગુરૂ રૂપ જે પિતા ભાવ છે તેથી ભગવન્નામ સંભળાવીને અનેક સ્ત્રી, પુરૂષના કામ, ક્રોધ, મદ માત્સર્યાદિક પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરવામાં અંધકારરૂપ છે તેથી માર્ગ દેખાય નહીં આવા અંધકારને દૂર કરવામાં ચતુર છે, મહાપ્રભુ છે, અત્યંત સમર્થ છે. શ્રેષ્ઠ મનુષ્ય જેવી આકૃતિ ધારણ કરનાર છે શ્રી વલ્લભાચાર્યજી તથા તેમના પ્રિય પુત્ર જે શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ એ બન્ને પિતા પુત્ર સમાન છે. એ વિના અન્ય કોઈ પણ પદાર્થની તેમની સાથે સમાન બુદ્ધિ ન કરવી એમ સ્વમાર્ગીય ગ્રંથોમાં કહ્યું છે. તેથી પરમ ફલરૂપ જાણીને જીજ્ઞાસુ થઇને શ્રીકૃષ્ણના સ્વરૂપને જાણવાની ઇચ્છા કરીને, નિષ્કપટ થઇને શ્રી વલ્લભાચાર્યજી તથા શ્રી વિઠ્ઠલેશ પ્રભુ ચરણનું ભજન અવશ્ય કરવું. તેમનો દૃઢ આશ્રય રાખીને તેમના નામ વિગેરેનું કીર્તન કરવું. શ્રદ્ધાભાવ રાખીને તેમની આજ્ઞાનુસાર શ્રીકૃષ્ણની સેવા કરવી તેથી પુષ્ટિમાર્ગમાં બતાવેલું ફલ પ્રાપ્ત થાય છે. આ રીતે વેદ પુરાણોના વાકયાનુસાર આપણે શ્રી મહાપ્રભુજી શ્રી ગુંસાઇજીનું સ્મરણ, નામ કીર્તન વંદનાદિક આશ્રય સદા કરીયે છીયે તેથી આપણે સદાસર્વદા શ્રીકૃષ્ણ સ્વરૂપ તથા શ્રીમદ્વલ્લભાચાર્ય ચરણ તથા શ્રીમદ્વિઠ્ઠલનાથજી પ્રભુચરણ આ ત્રણેય સ્વરૂપોમાં સદા દાસ ભાવ રાખીએ છીયે અમો અમને પોતાને ઇશ્વર તરીકે નથી સમજતાં કેમ કે કોઇ પણ શાસ્ત્ર પુરાણોમાં તથા સ્વમાર્ગીય ગ્રંથોમાં એમ નથી કહ્યું કે આપણે ઇશ્વર થવું. યદ્યપી જે કોઇ ઇશ્વરના અવતાર પણ થયાં છે વ્યાસ નારદાદિ તો પણ તેમને શ્રીકૃષ્ણને વિષે તો દાસભાવ જ રાખ્યો છે આ વાત શ્રીમદ્ ભાગવતમાં અનેક ઠેકાણે કહેવાઇ છે આપણા માર્ગમાં પણ દાસભાવ મુખ્ય છે. તેથી જ પ્રમુખ ભકતોએ એ જ માન્યું છે કે શ્રી ભગવાન

માં અમારો દાસ ભાવ થાય. શ્રીમહાપ્રભુજીએ પણ કહ્યું છે કે હું શ્રીકૃષ્ણનો દાસ છું (અંતઃકરણપ્રબોધ) શ્રી ગુંસાઈજીએ પણ અનેક ગ્રંથ પદોમાં કહ્યું છે કે હું શ્રી ગોવર્ધન નાથજીનો નિજદાસ છું જે મારૂં આલોક પરલોક સૌનું હિત સદા કરશે આમ દાસ ભાવની પરંપરા જોઇને તથા શાસ્ત્ર નો આધાર હોવાથી આપણે સદા શ્રીકૃષ્ણ, શ્રીમહાપ્રભુજી તથા શ્રીવિઠ્ઠલેશજીમાં દાસભાવ થવાનો મનોરથ રાખીએ છીએ.

બ્રહ્મવાદ

હવે શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મવાદથી જગતને નિત્ય તરીકે નિરૂપણ કર્યું છે તે બ્રહ્મવાદ આ પ્રમાણે છે:

વેદનીશ્રુતિમાં કહ્યું છે જે સંપુર્ણ જગત્ તે નિશ્ચયે કરીને બ્રહ્મરૂપ છે અને શ્રીભાગવતમાં પણ એ કહ્યું છે જે અક્ષરાત્મક સંપુર્ણ જગત સત્ પદાર્થ જે છે તેનો ક્રીડાને માટે ભગવાને અક્ષર બ્રહ્મમાંથી આવિર્ભાવ કર્યો છે તેથી સચ્ચિદાનંદ રૂપ પુરુષોત્તમ જગતના રચયિતા છે તો તેમની રચના જગત પણ સત્યજ છે.

આવિર્ભાવ નિરૂપણ

અને કોઇ સમયે ઇચ્છાથી આવિર્ભાવ કરે અને કયારેક તિરોભાવ કરે વસ્તુતઃ નિત્ય છે. ગીતાજીમાં પણ કહ્યું છે મારા એક અંશથી આ જગત્ સ્થિત છે

જીવ નિરૂપણ

અને આ જીવ છે તે પણ અક્ષર બ્રહ્મનો અંશ છે, અક્ષર બ્રહ્મનો મુખ્ય બ્રહ્મથી આવિર્ભાવ હોવાથી એમનો પણ અંશ છે તથા સહજ દાસ છે. અત્યંત અલ્પ છે. જે રીતે કેશનો અગ્રભાગ તેનો સો મો ભાગ જાણવો. અને આ જગત્ તો સત્ય છે તેમાં અહંતા મમતા રૂપ સંસાર છે અહંતા જે મોહ અને મમતા એટલે મારૂં છે એવો ભાવ જે પરિણામ તરફ દૃષ્ટી કરીયે તો મિથ્યા છે આવા (સ્વરૂપ વિસ્મૃત-સંસારાસકત) જીવને "બ્રહ્મ સંબંધ" આવશ્યક છે તેથી તેના સેવા વિષયક પ્રતિબંધક સર્વ દોષો નિવૃત્ત થાય છે. આ રીતે (બ્રહ્મ સંબંધ પછી) સેવાનો અધિકાર (સિદ્ધ કરવા માટે) થાય ત્યારે વૈષ્ણવી વેશ ચિહ્નો સહિત ભગવદ્ સેવા કરવી. (ક્રમશઃ)

પ. ભ. ઠા. ત્રીભોવનદાસ દેવકરણભાઇ કેશરીયા રાજકોટવાળાના પૌત્ર ચિ. **પ્રમોદકુમાર**ના શુભ લગ્ન પ્રસંગે શ્રીવલ્લભ સુધા પ્રકાશન કાર્યમાં રૂ. ૧૦૧/ ભેટ આપેલ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૧૫મો)

અધ્યાય ત્રીજો

દેવાન્ ભાવયતાનેન તે દેવા ભાવયંતુ વઃ ।
પરસ્પરં ભાવયંતઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ।।૧૧।।

આ યજ્ઞ વડે તમે દેવોને વિકસિત કરો, તે દેવો તમોને વિકસિત કરે. એમ એકબીજાને વિકસિત કરતાં તમે પરમ શ્રેયને પ્રાપ્ત કરશો. ।।૧૧।।

અરે, કર્મથી જગતને ઇષ્ટની પ્રાપ્તિ કેમ થાય ? એવી શંકાના જવાબમાં 'દેવાન્' વગેરે શબ્દોથી કહે છે.

આ યજ્ઞ વડે તમે તે તે કર્મના અધિષ્ઠાતા દેવોને વિકસિત કરો. તે દેવો તમોને વિકસિત કરે. અહીં આ અર્થ છે :– હવિર્ભાગથી તેઓનો (દેવોનો) તમે વિકાસ કરો અને તે દેવો અમારાં કર્મના સાધનોને વિકાસવાળાં કરે. એ પ્રમાણે પરસ્પર વિકાસ કરતાં તમે અને દેવો બંને શ્રેયને પ્રાપ્ત કરશો, એટલે કે પોતાને મનગમતું હોય તેને પ્રાપ્ત કરી શકશો. ।।૧૧।।

ઇષ્ટાન ભોગાન્હિ વો દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ ।
તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુંક્તે સ્તેન એવ સઃ ।૧૨।

યજ્ઞથી સંતુષ્ટ થયેલા દેવો તમોને ઇચ્છિત ભોગો આપશે જ. તેઓએ આપેલાને એમને સમર્પણ કર્યા વિના જે ભોગવે છે તે ચોર જ છે. ।।૧૨।।

અરે, શ્રેયના અનેક રૂપ છે, તેથી તેના લક્ષણો શાં છે ? શ્રેયની પ્રાપ્તિ થાય એમ 'ઇષ્ટાન' વગેરે શબ્દોથી કહે છે.

યજ્ઞથી સંતુષ્ટ થયેલા દેવો તમોને ઇચ્છિત ભોગો, જેવા કે વૃષ્ટિ કરવાથી થતાં અન્ન વગેરેને આપશે. અથવા, તમોને ઇષ્ટ હશે તે આપશે. ભગવાનની સેવામાં ઉપયોગી, બલ વગેરેના હેતુરૂપ અન્ન વગેરેની સંપત્તિ માટે દેવો વૃષ્ટિ વગેરે કરશે, એમ અર્થ છે. અરે, જો તેઓ જ અન્ન આપનાર છે તો તેઓને માટે યજ્ઞ કરવાથી શું ? તેના જવાબમાં 'તૈઃ' વગેરે શબ્દોથી કહે છે.

અન્ન વગેરે તેઓએ આપેલાં છે, એ અન્ન આપનારાઓને સમર્પિત કર્યા વિના જે ઉપભોગ કરે છે તે જ ચોર છે, એમ અર્થ છે. ।।૧૨।।

યજ્ઞશિષ્ટાશિનઃ સંતો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।
ભુંજતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ।।૧૩।।

યજ્ઞ કરતાં બચેલું ખાનારા સત્પુરુષો સર્વે પાપોથી છૂટકારો પામે છે. જે પાપી પુરુષો પોતાને માટે રાંધે છે, તેઓ તો પાપને ભોગવે છે. ॥૧૩॥

અરે, પહેલાં યજ્ઞ વગર જેમ આપ્યું તેમ જ હવે પછી પણ આપશે જ, તો યજ્ઞ કરવાથી શું ? તેના જવાબમાં 'યજ્ઞશિષ્ટાશિનઃ' વગેરે શબ્દોથી કહે છે.

પહેલાં અપાયેલાના સ્વરૂપને જાણનાર બુદ્ધિમાન જનો યજ્ઞ કરતાં બચેલું હોય તેને ખાઈને બધા પાપોથી મુક્ત થઇ જાય છે. અહીં આ ભાવ છે :– વૃષ્ટિ વગેરેથી ઉત્પન્ન થયેલ અન્નાદિનું પ્રથમ રૂપાંતર તો ભગવાનના ભોગ માટે છે, પણ તેને પોતે ભોગવવું તે પાપરૂપ છે. આથી જેઓ સત્પુરુષ છે એટલે કે જેઓ ભકત છે, અથવા તેની ઉત્પત્તિના પ્રયોજનને જાણનારા છે, તેઓ ભગવાનને માટે, પકવવું વગેરે ક્રિયા કરીને, ભગવાનને તે બધું સમર્પણ કરીને, તેમના ઉપભોગથી બચેલું ખાનાર, બધાં પાપોથી મુકત થાય છે, એટલે કે સેવામાં પ્રતિબંધરૂપ પાપોથી મુક્ત થાય છે, પરંતુ જે પાપી જનો પોતાને માટે જ રાંધે છે તેઓ તો પાપનું જ ભક્ષણ કરે છે. ॥૧૩॥

અન્નાદ્ભવન્તિ ભૂતાનિ પર્જન્યાદન્નસંભવઃ ।
યજ્ઞાદ્ભવતિ પર્જન્યો યજ્ઞઃ કર્મસમુદ્ભવઃ ॥૧૪॥

પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે. અન્નની ઉત્પત્તિ વરસાદથી થાય છે. વરસાદ યજ્ઞથી થાય છે અને યજ્ઞ (વૈદિક) કર્મથી ઉત્પન્ન થનાર છે. ॥૧૪॥

અરે, ભગવાન રસરૂપ છે, તેમને માટે કેવળ અન્નથી શી રીતે ભોગ સિદ્ધ થાય ? તેના જવાબમાં 'અન્નાત્' વગેરે શબ્દોથી કહે છે.

અન્નથી સજીવ શરીરો ઉત્પન્ન થાય છે. તેઓથી ભગવાનનો ભોગ ઉત્તમ પ્રકારે સિદ્ધ થાય છે. જો અન્નથી જ સજીવ પ્રાણીઓની ઉત્પત્તિ થતી હોય તો વૃષ્ટિ વગેરેનું શું પ્રયોજન છે ? તેના જવાબમાં 'પર્જન્યાત્' વગેરે શબ્દોથી કહે છે.

અન્નની ઉત્પત્તિ વરસાદથી થાય છે, એમ અર્થ છે. જો અન્ન ઉત્પન્ન કરનાર વરસાદ હોય તો યજ્ઞ કરવાથી શું ? તેના જવાબમાં 'યજ્ઞાત્' વગેરે શબ્દોથી કહે છે.

ભગવાનની પ્રસન્નતા માટે યજ્ઞ કરવાથી વરસાદ થાય છે. અરે, યજ્ઞ ભગવદાત્મક જ છે, જો એમ હોય તો અન્ય દેવ વગેરે માટે કર્મ કરવાનો ઉપદેશ શા માટે ? તેના જવાબમાં 'યજ્ઞઃ' વગેરે શબ્દોથી કહે છે.

યજ્ઞાત્મક ભગવાનનું સ્વરૂપ કર્મથી ઉત્તમ પ્રકારે કરાય છે. અહીં આ ભાવ છે :– ભગવાનનો અંશ છે એમ માનીને અથવા ભગવાનની વિભૂતિ છે એમ માનીને કર્મ કરવાથી યજ્ઞાત્મક ભગવાનનું પ્રાકટ્ય થાય છે, એમ અર્થ છે. ॥૧૪॥

કર્મબ્રહ્મોદ્ભવં વિદ્ધિ બ્રહ્માક્ષરસમુદ્ભવમ્ ।
તસ્માત્સર્વગતં બ્રહ્મ નિત્યં યજ્ઞે પ્રતિષ્ઠિતમ્॥

કર્મ વેદથી ઉત્પન્ન થયેલ તું જાણ, વેદ બ્રહ્મથી ઉત્પન્ન થયેલ છે, તેથી સર્વ સ્થળે રહેલ બ્રહ્મ હંમેશાં યજ્ઞમાં રહેલ છે. ॥૧૫॥

ખરેખર દેવો વિભૂતિરૂપ છે, તો પણ સાક્ષાત્ પુરુષોત્તમના ભજનના અભાવમાં (યજ્ઞ)

અનુચિત જ છે, એમ શંકા કરીને 'કર્મ' વગેરે શબ્દોથી કહે છે.

કર્મ બ્રહ્મથી ઉદ્દ્ભવેલ છે એટલે કે વેદથી પ્રકટ થયેલ તેને તું જાણ અહીં આ ભાવ છે :– કર્મની ઉત્પત્તિ વેદથી છે અને વેદ બ્રહ્મનો નિઃશ્વાસ છે, તેથી તે પ્રમાણે કહ્યું. બ્રહ્મનું પુરુષોત્તમપણું દર્શાવવાને માટે 'અક્ષર સમુદ્ભવમ્' વગેરે શબ્દોથી વિશેષ કહે છે. તે વેદ અક્ષરબ્રહ્મથી ઉદ્ભવેલ છે, અક્ષરબ્રહ્મની ઉત્પત્તિ જેનાથી છે તેવા હોવાથી વેદને બ્રહ્મ કહેલ છે. અક્ષરબ્રહ્મ પુરુષોત્તમના ચરણાત્મક છે, તેથી સર્વમાં રહેલ, સર્વત્ર વ્યાપી રહેલ, એમ હોવાથી ઉપર કહેવાયેલા દોષની શકયતા નથી. એવો ભાવ છે. ॥૧૫॥

એવં પ્રવર્તિતં ચક્રં નાનુવર્તયતીહ યઃ ।
અઘાયુરિંદ્રિયારામો મોઘં પાર્થ સ જીવતિ ॥૧૬॥

હે અર્જુન, જે પુરુષ આ જગતમાં એ પ્રમાણે પ્રવર્તાવેલ ચક્રને અનુકૂળ રીતે વર્તતો નથી, તે વિષયાસકત, પાપરૂપ આયુષ્યવાળો વ્યર્થ જીવે છે. ॥૧૬॥

એ પ્રમાણે ભગવદાત્મક કર્મ જે નથી કરતો, તેનું જીવન વ્યર્થ છે, એમ 'એવમ્' વગેરે શબ્દોથી કહે છે.

એ પ્રમાણે સ્વતઃ શરૂ થયેલું કર્મચક્ર, મારી ઇચ્છાથી મારી ક્રીડાને અર્થે શરૂ થયું છે, તેને જે અનુસરતો નથી, તે પાપમય આયુષ્યવાળો પાપી છે. તે ઇંદ્રિયારામ છે, એટલે કે ઇંદ્રિયોમાં અથવા ઇંદ્રિયોને માટે રમણ કરનાર છે, પરંતુ તે મારે માટે કે મારામં રમમાણ નથી, તેથી તે વ્યર્થ જીવે છે.

હે પાર્થ, એવા સંબોધનથી, તારું જ્ઞાન તેવું હોવાનું અનુચિત છે, એમ દર્શાવાયું છે: કારણ કે અર્જુન પોતાનો ભકત છે. ॥૧૬॥

યસ્ત્વાત્મરતિરેવ સ્યાદાત્મતૃપ્તશ્ચ માનવઃ ।
આત્મન્યેવ ચ સંતુષ્ટસ્તસ્ય કાર્યં ન વિદ્યતે ॥૧૭॥
નૈવ તસ્ય કૃતેનાર્થો નાકૃતેનેહ કશ્ચન ।
ન ચાસ્ય સર્વભૂતેષુ કશ્ચિદર્થવ્યપાશ્રયઃ ॥૧૮॥

પરંતુ જે માણસ ભગવાનમાં પ્રીતિવાળો અને ભગવાનમાં જ ખુશીવાળો અને ભગવાનમાં જ સંતુષ્ટ હોય તેને કાંઇ કરવાનું રહેતું નથી. ॥૧૭॥

તેને આ લોકમાં કરાયેલા કર્મથી કોઇ હેતુ નથી જ, ન કરાયેલા કર્મથી પણ નહિ પ્રાણીમાત્રમાં એને કોઇ અભિલાષ માટે કોઇનો આશ્રય નથી. ॥૧૮॥

'અરે જો એમ હોય તો આપના બધા જ ભકતો એ પ્રમાણે શા માટે વર્તતા નથી? તેના જવાબમાં 'યઃ તુ આત્મરતિઃ એવ'થી શરૂ કરીને બે શ્લોકથી કહે છે.

જે મારામાં જ પ્રીતિવાળો છે અને જે ભગવદાનંદથી ખુશી છે અને ભગવાનમાંજ સંતુષ્ટ છે, એટલે કે પોતાના ભોગની અપેક્ષા વગરનો છે, તેને કાંઇ કર્તવ્ય રહેતું નથી, એમ અર્થ છે તેવા પ્રકારના ભકતને કરેલા કર્મથી પણ પુણ્યની પ્રાપ્તિરૂપ કાંઇ પ્રયોજન નથી, અને ન કરવાથી પણ કોઈ પાપ વગેરે રૂપ દોષ નથી. આ ભકતને ભકિત કે મોક્ષ વગેરે મેળવવા માટે કોઇ પણ પ્રાણી કે કોઇ દેવનો આશ્રય પણ નથી એમ અર્થ છે.

॥ ૧૭, ૧૮ ॥

તસ્માદસકતઃ સતતં કાર્યં કર્મ સમાચર ।
અસકતો હ્યાચરન કર્મ પરમાપ્નોતિ પુરુષઃ ॥૧૯॥

તેથી આસકિત રહિત થઇને, કરવા યોગ્ય નિત્યકર્મ તું સારી રીતે કર, આસકિત રહિત

પુરુષ જ કર્મ કરતાં કરતાં મોક્ષને પ્રાપ્ત કરે છે. ।।૧૯।।

એમ હોવાથી ભકતોનો કર્મ વગેરે કરવામાં કે ન કરવામાં કોઈ પુરુષાર્થ (પ્રયત્ન) હોતો નથી, અથવા ભકતોને કંઇ ગુમાવવાનું પણ હોતું નથી. આથી તું પણ મારી આજ્ઞા રૂપ અવશ્ય કરવા જેવું કર્મ કર, એમ 'તસ્માત્' વગેરે શબ્દોથી કહે છે.

ભગવાનના ભકતોને કર્મ કરવામાં કોઇ લાભ નથી, અને કર્મ ન કરવામાં કોઇ દોષ નથી, તેથી તેમાં આસકિત રાખ્યા વિના નિરંતર કરવા યોગ્ય એવું નિત્યકર્મ તું કર. અનાસકિતથી કરેલું કર્મ પણ બાધક થાય છે, જો એમ હોય તો તેના જવાબમાં 'અસકતઃ' વગેરે શબ્દોથી કહે છે.

'પુરુષ' એટલે પુરુષનો અંશ, અધિકારી ભોકતા, 'હિ' એટલે નિશ્ચયપુર્વક, આસકિત રહિત છતાં કાપટયથી કર્મ કરનાર મોક્ષને પામતો નથી, એમ અર્થ છે. ।।૧૯।।

કર્મણૈવ હિ સંસિદ્ધિમાસ્થિતા જનકાદયઃ ।
લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્ કર્તુમર્હસિ ॥૨૦॥

જનક વગેરે કર્મ વડે જ મુકિતને પામેલા છે; લોકહિતને જોતાં પણ ખરેખર કર્મ કરવાને જ તું યોગ્ય છે. ॥૨૦॥

એ પ્રમાણે આસકિત રહિત કર્મ કરનારાઓ મોક્ષને પામેલા છે, એમ 'કર્મણા એવ' વગેરે શબ્દોથી કહે છે. 'હિ' એટલે નિશ્ચયપુર્વક કર્મથી એટલે કે આસકિત રહિત કર્મથી જનક વગેરે મુકિતને પામ્યા છે. પરંતુ જનક વગેરેએ આપને સાક્ષાત્ પ્રાપ્ત કર્યા નથી, એ પ્રમાણે અનાસકિતથી પણ તેઓએ કર્મ કરવુ યોગ્ય છે, પરંતુ આપને પ્રાપ્ત કરેલા એવા મને યોગ્ય નથી, એવી શંકા કરીને લોકસંગ્રહ વગેરે શબ્દોથી કહે છે:

લોકહિતને જોતાં પણ કર્મ કરવું જ યોગ્ય છે. અહીં આ ભાવ છે. જોકે મારા ભકતને આવશ્યક નથી, તો પણ મારી આજ્ઞાથી, સિદ્ધિની પ્રાપ્તિ માટે નહિ, પરંતુ લોકકલ્યાણને માટે કર્મ કરવું જ યોગ્ય છે. આ જ અર્થ 'એવ' શબ્દથી નિશ્ચિત છે. ॥૨૦॥

યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ ।
સયત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥૨૧॥

શ્રેષ્ઠ જનો જે જે આચરણ કરે છે, અન્ય લોકો પણ તે તે જ અચારે છે. તે જેને પ્રમાણ ગણે છે, લોકો તેને અનુસરે છે. ।।૨૧।।

ખરેખર તો લોકહિત પણ ભકતોને અનુચિત જ છે, એવી શંકાના જવાબમાં 'યદ્યદા' વગેરે શબ્દોથી કહે છે.

શ્રેષ્ઠ જન એટલે કે મારો ભકત જે જે આચરે છે. તે તે જ અન્ય જનો આચરે છે. તે મારો ભકત જેને પ્રમાણભૂત ગણે છે, તેને જ પ્રમાણભૂત હોવાથી લોકો સ્વીકારે છે. ભાવ એમ છે કે, મારી આજ્ઞાથી લોકહિત ભકતોનું કર્તવ્ય છે. કારણ કે તેમનું આચરણ જોઇને લોકો પણ તે પ્રમાણે જ કરે.

તેના સ્વરૂપના અજ્ઞાનથી અને તેનો અધિકાર નહિ હોવાથી જોકે ફળ ન જ મળે, એટલે કે ફલદાન કરવાની મારી ઇચ્છા હોતી નથી. કારણ કે ભકિત પરમ કૃપાથી જ અને કોઇકને જ અપાય છે, બધાયને નહિ. બધાને ભકિત આપવાથી સૃષ્ટિનું જ અસ્તિત્વ ન રહે આથી તેને છુપાવીને સૃષ્ટિની પ્રવૃત્તિ માટે બાહ્ય રીતે કાપટયથી કર્મ કરવું જોઇએ, એવો ભાવ છે. ।।૨૧।। (ક્રમશઃ)

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

અનુવાદક : પ. ભ. શ્રી મગનભાઇ તન્ના
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક પહેલો)

[ગતાંકમાં સિદ્ધાંત મુકતાવલી ઉપર પૂ. પા. શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ રચિત વિવૃતિ અને તેના ઉપરનાં પુ. પા. શ્રી કલ્યાણરાયજીની ટિપ્પણીનું ગુજરાતી ભાષાંતર તેમજ તે પછી પુ. પા. શ્રી દ્વારકેશજી વિરચિત ટિપ્પણીનું ગુજરાતી ભાષાંતર પુરાં થયાં. હવે ષોડશ ગ્રંથમાંના ચોથા ગ્રંથ ‘પુષ્ટિપ્રવાહમર્યાદા’ ઉપરના પૂ. પા. શ્રી પીતાંબરજીના વિવરણનો પ્રારંભ કરતાં પહેલાં પુ. પા. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી દ્વારા સંપાદિત મૂળ સંસ્કૃત પુષ્ટિપ્રવાહમર્યાદા ટીકા સહિત પુસ્તકના પ્રારંભમાં એટલે કે જે વિ. સં. ૧૯૮૧માં પ્રકાશિત સંસ્કરણનું ઓફસેટ પ્રોસેસ દ્વારા પુનર્મુદ્રિત રૂપ છે, અને તેના સંપાદક તથા પ્રકાશક શ્રી મૂલચંદ તુલસીદાસ તેલીવાળા તથા શ્રી ધીરજલાલ વ્રજદાસ સાંકળિયા હતા, તેના પ્રારંભમાં પુ. પા. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીએ આલેખેલ ગ્રંથપરિચયનું ગુજરાતી ભાષાંતર અહીં આપેલ છે. – સંપાદક]

ગ્રંથપરિચય

કેટલાક વિદ્વાનોની ધારણા છે કે, પ્રારંભમાં શ્રી મહાપ્રભુજી દૈવી અને આસુરી જીવો ભિન્ન ભિન્ન હોવાના ગીતા પ્રતિપાદિત સિદ્ધાંતને માન્ય કરતા હતા, પરંતુ દૈવી જીવોના અવાંતર ભેદ–પુષ્ટિજીવ અને મર્યાદા જીવ ભિન્ન ભિન્ન હોવાના સિદ્ધાંતને શ્રીમહાપ્રભુજીએ પોતાની વયના ઉતરાર્ધમાં સ્થાપિત કર્યો હતો. આથી જ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથનો રચનાકાળ શ્રીમહાપ્રભુજીએ અડૈલમાં સ્થિર નિવાસ કર્યો તે સમયની આસપાસ નકકી કરાય છે.

આમાં એ પણ વિચારવું જોઇએ કે, નિબંધનું શાસ્ત્રાર્થ પ્રકરણ શ્રી મહાપ્રભુજીની પ્રથમ રચના છે, એ તો મોટે ભાગે સર્વમાન્ય છે; આ ગ્રંથની કારિકા ૪૫–૫૨નું અવલોકન કરવાથી એ સ્પષ્ટ થઇ જાય છે કે, નિબંધના રચનાકાળે પણ પુષ્ટિજીવ, મર્યાદાજીવ અને પ્રવાહજીવો ભિન્ન ભિન્ન હોવાની ધારણા શ્રીમહાપ્રભુજીની દાર્શનિક માન્યતાઓમાં સ્થાન પામી ચૂકી હતી. આને માટે કેટલાક શબ્દ પ્રયોગો ઉપર ધ્યાન દેવું જરૂરી છે, જેમ કે.

(૧) તત્ત્વસૃષ્ટિ પ્રવૃત્તાનાં દેવાનાં મુકિત યોગ્યતા । (કા. ૪૬)

(૨) બ્રહ્માનંદે પ્રવિષ્ટાનામાત્મનૈવ સુખપ્રમા, સંઘાતસ્ય વિલીનત્વાદ્, ભકતાનાં તુ વિશેષતઃ, સર્વેન્દ્રિયૈસ્તથા ચાન્તઃ

> કરણૈરાત્મનાપિ હિ બ્રહ્મભાવાત્તુ
> ભક્તાનાં ગૃહ એવ વિશિષ્યતે ।
> (કા. ૫૦–૫૧)

> (૩) તીર્થાદાવપિ યા મુક્તિઃ કદાચિત્
> કસ્યચિદ્ ભવેત્ કૃષ્ણપ્રસાદ યુક્તસ્ય
> નાન્યસ્યેતિ વિનિશ્ચયઃ । (કા. ૪૭)

અહીં સ્પષ્ટતાથી મુક્તિ યોગ્ય જીવોમાંથી કોઇને બ્રહ્માનંદ અને કોઇને ભજનાનંદ મળે છે, એ નિશ્ચિત થયું છે. મર્યાદાવિધિ પ્રમાણે તીર્થ વગેરે દ્વારા જેને મુક્તિ મળે છે તે પણ શ્રીકૃષ્ણની 'મુક્તિદાનની ઇચ્છા પર આધારિત છે, તે પણ કહેવાયું છે. આ કારિકાઓ ઉપર લખાયેલા પ્રકાશનું અધ્યયન કરવાથી પણ મર્યાદાજીવ અને પુષ્ટિજીવોની ભિન્નતાની ધારણા સ્પષ્ટ થઇ જાય છે. જેમ કે, “યે સાત્ત્વિકા દૈવ્યાં સંપદિ જાતા વિધ્યુપજીવિનઃ સર્વદા તેષાં મુક્તિર્ભવિષ્યતિ’ (પ્રકા. ૪૬) તથા “સ્વતંત્રભક્તાનાં તુ ગોપિકાદિતુલ્યાનાં સર્વેન્દ્રિયૈસ્તથાન્તઃ કરણૈઃ સ્વરૂપેણ ચાનંદાનુભવઃ અતો ભક્તાનાં જીવન્મુક્ત્યપેક્ષયા ભગવત્કૃપાસહિતગૃહાશ્રમ એવ વિશિષ્યતે” (પ્રકા. ૫૦–૫૧)

આ ઉતારાઓથી એમ સિદ્ધ થઇ જાય છે કે, દૈવીજીવ તથા આસુરી જીવનો ભેદ અને તેવી જ રીતે વિધ્યુપજીવી મર્યાદાજીવ તથા સ્વતંત્ર પુષ્ટિજીવના અવાંતર ભેદ શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં પણ કહેવા ધારેલ છે. આવી સ્થિતિમાં પહેલા કહેલ આધાર પર ગ્રંથનો રચનાકાળ નિશ્ચિત કરવો મુશ્કેલ છે. આ ગ્રંથ કયા અવસર પર તથા કયા અનુયાયીને માટે લખવામાં આવ્યો હતો, તેનો પત્તો લાગતો નથી. એના વિના આ ગ્રંથ પુર્ણપણે પ્રાપ્ત થતો નથી, એમ ગ્રંથના પ્રારંભમાં કરાયેલી પ્રતિજ્ઞાથી સ્પષ્ટ થઇ જાય છે. ભિન્ન ભિન્ન વ્યાખ્યા કરનારાઓ પણ આ વાતનો ઉલ્લેખ કરે છે.

સર્ગભેદ–કારણભેદ, ફલભેદ, માર્ગભેદ અથવા સાધનભેદ તથા સ્વરૂપાદિ ભેદના આધારે પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગ એકબીજાથી જુદા જુદા છે, એમ શ્રી મહાપ્રભુજી આ ગ્રંથ દ્વારા આપણને સમજાવવા ઇચ્છે છે. પ્રાપ્ત ગ્રંથ પુર્ણ ન હોવાથી એમ કહેવું અત્યારે મુશ્કેલ છે કે, આ આ રીતે છે, એમ શ્રી મહાપ્રભુજીએ કયા પ્રકારે પહેલાં કહેવાયેલ માર્ગોનું પૃથક્કરણે, વિશ્લેષણ તેમ જ વર્ગીકરણ કર્યું હતું ? જેટલો ભાગ પ્રાપ્ત થયો છે, તેના અધ્યયનથી ત્રણ પ્રકારની કલ્પના પ્રકટ થાય છે. આ બધી સામાન્ય ન્યાયની સામાન્ય યુક્તિ ઉપર કરાયેલી કલ્પનાઓ છે, જેનું તુલનાત્મક પ્રમાણ અન્ય ગ્રંથોમાં શ્રી મહાપ્રભુજી દ્વારા આ વિષયની બાબતમાં કરાયેલાં વિધાનોની સાથેના સુમેળ ઉપર આધારિત છે.

અનુકરણીય : પ. ભ. ઠા. ત્રીભોવનદાસ દેવકરણભાઇ કેશરીયા રાજકોટ વાળાના પૌત્ર ચિ. **વિનોદકુમાર**ના શુભ લગ્ન પ્રસંગે શ્રી વલ્લભ સુધા પ્રકાશન કાર્યમાં રૂ. ૧૦૧/ ભેટ આપેલ છે.

પ્રથમ સંભાવિત વર્ગીકરણ :-


જીવ
દૈવી
આસુરી
માર્ગાધિકૃત
ચર્ષણી
ચર્ષણી
માર્ગાધિકૃત
અજ્ઞ
દુર્જ્ઞ
પુષ્ટિ
મર્યાદા
શુદ્ધ
મિશ્ર
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
કુલ : ૧૦

દ્વિતીય સંભાવિત વર્ગીકરણ :-


જીવ
પુષ્ટ
મર્યાદા
પ્રવાહ
શુદ્ધ
મિશ્ર
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહ
કુલ : ૧૦

તૃતિય સંભાવિત વર્ગીકરણ :-



કુલ : ૧૨

આમાંથી કયું વર્ગીકરણ શ્રીમહાપ્રભુજીને ઇષ્ટ છે, તે માત્ર પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથના આધારે નિર્વિવાદ રીતે નક્કી થઇ શકતું નથી.

ઉપર દર્શાવેલા જીવોના વર્ગીકરણ સિવાય માર્ગભેદ, સર્ગભેદ તેમ જ ફલભેદના આધારે અન્ય વિશેષતાઓનું પણ નિરૂપણ અહીં શ્રીમહાપ્રભુજીને ઇષ્ટ છે.

(૧) માર્ગભેદ

પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ તથા પ્રવાહમાર્ગ એ ત્રણેય માર્ગોની પોતપોતાની કેટલીક વિશેષતાઓ છે, તે પ્રમાણે આ ત્રણેય માર્ગ પરસ્પર જુદા જુદા છે. તે તે માર્ગમાં જીવોનું સ્વરૂપ, તેઓના દેહ, તેઓની રુચિ, તેઓનો વ્યવહાર તથા અંતમાં તેઓને મળનારા ફળના તુલનાત્મક મૂલ્યને ધ્યાનમાં લેવાથી માર્ગભેદને સારી રીતે સમજી શકાય છે.

આ માર્ગભેદની ધારણા શાસ્ત્રીય પ્રમાણો ઉપર આધારિત છે. શાસ્ત્ર અનુસાર સમગ્ર લૌકિક કર્મોનું ઝરણું કર્મ કરનાર જીવના પ્રાકૃત સ્વભાવમાં તથા લૌકિક પ્રયોજનોની પુર્તિના પ્રયાસમાં ગૂઢ રીતે રહેલું હોય છે. વૈદિક કર્મોનું અનુષ્ઠાન પ્રાકૃતિક વલણથી પ્રાપ્ત નહિ થાય, પરંતુ શાસ્ત્રીય આજ્ઞાંઓને અનુસરવાની મનોવૃત્તિથી પ્રાપ્ત થાય છે. તેમ છતાં શાસ્ત્રીય આજ્ઞાઓ સ્ત્રી-પુરુષ, બાલક વૃદ્ધ કે બ્રાહ્મ-શૂદ્ર વગેરેના દેહ અને દેહની સાથે સંબંધવાળી ભાવનાઓને લક્ષમાં રાખીને આપવામાં આવી છે. આથી જ "ત્રૈગુણ્યવિષયાઃ વેદાઃ" (ગીતા, ૨-૪૫) એમ કહેવાયું છે.

એ લૌકિક તથા વૈદિક કર્મોથી ઊંચે ચડવાની જ્ઞાનમાર્ગમાં જેવી સંન્યાસની એક શાસ્ત્રીય પ્રક્રિયા છે, તેવી જ નિર્ગુણ ભક્તિમાર્ગીય સર્વસમર્પણની પણ એક શાસ્ત્રમાં વર્ણવેલી પ્રક્રિયા છે. એ જ અલૌકિક નિર્ગુણા ભક્તિના પ્રકારને "પુષ્ટિમાર્ગ" કહેવાય છે.

ગીતામાં દૈવી સૃષ્ટિથી ભિન્ન એક આસુરી સૃષ્ટિ બતાવવામાં આવી છે, જે પ્રવાહમાર્ગ છે. વેદોમાં વૈદિક ધર્મની ભિન્ન ભિન્ન મર્યાદાઓનું નિરૂપણ થયેલું જોવામાં આવે જ છે, અને તે મર્યાદામાર્ગ છે.

એનાથી સિદ્ધ થાય છે કે, જેવી રીતે પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગ એકબીજાથી ભિન્ન છે, તેવી રીતે એ બંનેથી ભિન્ન પુષ્ટિમાર્ગ પણ એક ભિન્ન માર્ગ જ છે. આથી બધા જીવ પુષ્ટિમાર્ગીય માની શકાતા નથી. લૌકિક કે વૈદિક બધી જાતની કામનાઓથી અને પ્રયોજનોથી પર થઇને જે જીવાત્મા કેવળ ભગવાનની જ ભકિતમાં અત્યંત આસકત થઇ જાય છે, તેને પ્રવાહમાર્ગીય કે મર્યાદામાર્ગીય ગણવામાં આવતા નથી. “આત્મભાવિત ભગવાન જે જીવ ઉપર અનુગ્રહ કરે છે, તે જીવ લોક અને વેદમાં પોતાની અત્યંત નિષ્ઠાવાળી બુદ્ધિથી છુટકારો પામી શકે છે.” (ભાગવત) તથા “વેદ, તપ, દાન, યાગ આદિ કોઇ પણ સાધનથી મારાં દર્શન, જેવી રીતે તેં કર્યાં છે તેવી રીતે કરવાં શકય નથી. હે અર્જુન, કેવળ અનન્ય ભકિતથી જ મને આ રીતે જાણી શકાય છે, તત્ત્વતઃ જોઇ શકાય છે અને અંતમાં મારામાં પ્રવેશ પણ પામી શકાય છે.” (ગીતા, ૧૧-૪૭,૪૮). આ બે વચનોથી ક્રમશઃ વિશેષ અનુગ્રહ અને અને તેથી પ્રકટતી ભકિતનું અત્યંત સ્પષ્ટ નિરૂપણ આપણને મળે છે. આવી રીતે અન્યત્ર પણ એવી ઉત્કૃષ્ટ ભકિતના નિરૂપણને આધારે, તેના કારણભૂત અનુગ્રહનું કે પુષ્ટિમાર્ગનું અનુમાન કરી શકાય છે.

અહીં એ શંકા થઇ શકે છે કે, માર્ગ ભિન્ન ભિન્ન માનવો ન જોઇએ, પરંતુ તેમાં ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ હોવાનો ક્રમિક પગથિયાં જેવો સંબંધ માનવો જોઈએ. પ્રવાહના પગથિયા કરતાં મર્યાદાનું પગથિયું ઉત્કૃષ્ટ છે, અને સર્વથી ઉત્કૃષ્ટ પગથિયું નિર્ગુણાવસ્થાનું છે. આ શંકા યોગ્ય નથી; કારણ કે, કહેવાયેલી ધારણા શ્રૌત યુકિત તથા બ્રહ્મસૂત્ર બંનેથી વિપરીત છે.

જેવી રીતે આસુરી જીવ અને દૈવી જીવનો નિશ્ચિત ભેદ શ્રુતિસિદ્ધ છે, તેનાં દેહ અને કર્મોની ભિન્નતા શ્રુતિઓમાં વર્ણવાયેલી છે, તેવી જ રીતે દૈવી જીવોની અંતર્ગત પુષ્ટિજીવ અને મર્યાદાજીવોનાં સ્વરૂપ, દેહ તથા કર્મોમાં પણ રહેલી પરસ્પર ભિન્નતા સ્વીકારવી જોઇએ. આથી પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ તથા પ્રવાહ માર્ગમાં રહેલો ભેદ પ્રમાણ સિદ્ધ જ છે. (ક્રમશઃ)

અનુકરણીય : જેતપુર નિવાસી શ્રી ચંપકલાલ વલ્લભદાસ તરફથી તેમના સુપુત્ર ચિ. **અભયકુમાર**ના લગ્ન પ્રસંગે શ્રી વલ્લભ સુધા પ્રકાશન કાર્યમાં રૂ. ૧૦૧/ ભેટ આપેલ છે.

શ્રી વલ્લભ અને પુષ્ટિમાર્ગ

લેખક :– **નગીનદાસ માણેકલાલ શેઠ (વેજલપુરવાળા)**
(બી.એ) સાહિત્યરત્ન

૧૯મી સદી એટલે ધર્માંધતા અને વિતંડાવાદનોસમય, ધર્મ વાદવિવાદ અને પાખંડમાં નષ્ટ થવા આવ્યો હતો. વૈદિક ધર્મના હાર્દને પિછાનવાની કોઇને પડી ન હતી. ધર્માચાર્યો વેદના મન ફાવે તેવા અર્થ કરી જીવોને અવળે માર્ગે દોરી જતા હતા. સમાજમાં પાખંડીઓ પુજાતાં હતા. આચાર્યશ્રી મહાપ્રભુજીએ આ સમયનો તાદૃશ્ય ચિતાર श्री कृष्णाश्रयः ગ્રંથમાં આપ્યો છે. આપે જણાવ્યું છે કે–

सर्व मार्गेषु, नष्टेषु, कलौ च खलधर्मिणि ।
पाषण्ड प्रचुर लोक क्रष्ण एव गतिर्मम ।।१।।

માયાવાદીઓનું જોર વધી ગયું હતું. "બ્રહ્મ સત્ય જગત મિથ્યા"ના સિદ્ધાંતના પ્રચારથી લોકોમાં જગત તરફ ઈતરાજી થઇ હતી. સંસાર અને માયાને ભકિતના અવરોધક માની તેનાથી દૂર ભાગતા હતા. હૃદયની શુદ્ધતા વગર વૈરાગ્ય આવતાં સાચા ધર્મને ઓળખી શકતા ન હતા. આવા વૈરાગીઓ અહંકારી બની ગયા હતા. લાભને માટે જ પ્રભુ કાર્યો થવા લાગ્યાં હતાં જેથી સાચી ભકિતનો ભાવ અદ્રશ્ય થયો હતો. આચાર્યશ્રી મહાપ્રભુજીએ श्री कृष्णाश्रयः ગ્રંથમાં આ વાત સ્પષ્ટ કરી કહ્યું છે કે :–

अहंकार विमूढेषु सत्सूपापानुवर्तिषु ।
लाभ पूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ।।४।।

યવનોનું જોર વધતું જતું હતું. હિન્દુ ધર્મના સ્થાનો ભ્રષ્ટ થતાં જતાં હતાં પણ કોઈ હિન્દુધર્મને બચાવવા પ્રયત્નશીલ ન હતા. હિન્દુઓમાં મતમતાંતર અને સંકુચિત વૃત્તિ હોવાથી તેઓમાં ઐકય હતું નહિ. ધર્માચાર્યો પોતાના મઠો સ્થાપી તેને સાચવવામાં રચ્યા પચ્યા રહેતા હતા અને પાખંડો પુજાતા હતા. ઘોર અંધકારનો યુગ હતો. સત્પુરુષો પીડિત હતા. આવે વખતે ધર્મના ઉત્થાન માટે ખુદ પ્રભુને જ અવતાર લેવો પડે છે. ભગવાન કૃષ્ણે ગીતાના ચોથા અધ્યાયના સાત અને આઠમાં શ્લોકમાં સ્પષ્ટ કહ્યું છે કે :–

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानम धर्मस्य तदाऽत्मानं सृजाम्यहम ।। ७ ।।
परित्राणाय साधुनाम विनाशाय च दुष्कृताम ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।। ८ ।।

સાક્ષાત્પુર્ણપુરુષોતમ અગ્નિસ્વરૂપે સં. ૧૫૩૫ના ચૈત્ર વદ-૧૧ના રોજ ચંપારણ્ય જેવા પવિત્ર તીર્થમાં શ્રીમદ્ વલ્લભાચાર્યરૂપે આ ભૂતળ ઉપર પધાર્યાં મહાપ્રભુજી ખુદ ભગવાનનો જ અવતાર હોવાથી નાની વયેજ સર્વ શાસ્ત્રોનો અભ્યાસ પુર્ણ કર્યો હતો. અગિયાર વર્ષની ઉંમરે તો તેઓ શાસ્ત્રાર્થ કરવાને શકિતમાન થયા હતા. ખુદ પૂર્ણ પુરુષોત્તમ હોવાથી આપનાં દિવ્યતાનાં દર્શન બચપનથી થવા લાગ્યાં હતાં.

જયારે આપના પિતાશ્રી શ્રી લક્ષ્મણભટ્ટજી પોતાની વ્હાલી ગાય માંદી પડતાં ખુબજ શોકાતુર થયા હતા ત્યારે પિતા પ્રેમી શ્રી વલ્લભે પોતાની દિવ્ય શકિતથી ગાયને મૃત્યુના મુખમાંથી બચાવી હતી.

અગિયાર વર્ષની ઊંમરે તો કૃષ્ણદેવરાયની સભામાં શાસ્ત્રાર્થ કરી ભકિતમાર્ગને શ્રેષ્ઠ સ્થાપિત કર્યો હતો. બ્રહ્મ સત્ય છે અને જગત પણ સત્ય છે આ વાત પુરવાર કરી બતાવી આપે માયાવાદનું ખંડન કર્યું હતું સિદ્ધાંતમુકતાવલિમાં પોતાનો આ વિચાર સ્પષ્ટ કરી કહયું છે કે :–

यथा जलं तथा सर्बं यथा शकता तथा बृहत ।
यथा देवि तथा कृष्णस्तत्राप्यतदिहोच्वते ॥ ९ ॥

ભકિતવર્ધિનીમાં આપે જણાવ્યું છે કે સંસારમાં રહીને પ્રભુની પ્રાપ્તિ થઇ શકે છે. માયાનું ઉર્ધ્વીકરણ કરવામાં આવે તો એજ માયા પ્રભુની પ્રાપ્તિ કરવામાં સહાયક બને છે.

बीजदाढर्यप्रकारस्तु ग्रहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृतोभजेत्कृष्णं पूजयाश्रवणादिभि ॥ २ ॥

શ્રી મહાપ્રભુજીએ શુદ્ધાદ્વૈતવાદનો પ્રચાર કર્યો હતો. આપે સ્થાપેલ માર્ગ એજ પુષ્ટિ માર્ગ આ માર્ગમાં પ્રભુનો અનુગ્રહ મુખ્ય છે. માનવ ગમે તેટલા પ્રયત્ન કરે પણ જો ઈશકૃપા નહિ હોય તો તેને કરેલા પ્રયત્નો નિષ્ફળ જશે આ સિદ્ધાંત આપે સિધ્ધાંતમુકતાવલિમાં સ્પષ્ટ કરી કહ્યું છે કે

अनुग्रहः पुष्टिमार्गं नियामक ईति रिथति

જીવોના ઉધ્ધાર માટે ચિંતત મહાપ્રભુજીને ભગવાને જાતે આવીને ગોકુલમાં ગોવિંદ ઘાટ ઉપર દર્શન આપ્યાં અને જીવોને શરણે લેવાનો આદેશ આપ્યો પરમકૃપાળુ પરમાત્માએ મહાપ્રભુજીને એવું વચન આપ્યું કે આપ જે જીવોને શરણે લેશો તે બધાજ જીવોનાં પાપ હું નષ્ટ કરીશ અને મારે શરણે રાખીશ. આપશ્રીએ બ્રહ્મ સંબંધ મંત્ર આપી પુષ્ટિ જીવોનો સંબંધ પ્રભુ સાથે કરી આપ્યો. પુર્ણ પુરુષોત્તમે શ્રાવણ સુ-૧૧ ને દિવસે જે વચનો મહાપ્રભુજીને કહ્યાં હતાં ત અક્ષરે અક્ષર સિધ્ધાંત રહસ્યમાં આપે જણાવ્યાં છે. આપે કહ્યું છે કે

ब्रह्म संम्बंध करणात्सर्वेषां देहजीवयोः ।
सर्वदोष निवृत्तिर्हि दोषाः पञ्चविधा स्मृताः ॥२॥

પુષ્ટિમાર્ગનો મુખ્ય સિધ્ધાંત સમર્પણનો છે આ બધુંજ પ્રભુનું છે એટલે બધીજ વસ્તુઓ પ્રભુને સમર્પણ કરીનેજ તેનો ઉપભોગ કરવો આમ કરવાથી શરીર મન અને બુદ્ધિ શુદ્ધ થશે, અને આવી શુધ્ધતા જયારે થશે ત્યારે ઈશ્વર આજ જન્મમાં મળશે સમર્પણ કરવાથી કર્મના બધાજ દોષો દૂર થાય છે. સિધ્ધાંત રહસ્યમાં આ વાત સ્પષ્ટ કરતાં કહ્યું છે કે

अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथचन ।
असमर्पित वस्तुनां तस्माद्वर्जन माचरेत ॥८॥

શ્રી મહાપ્રભુજીએ ખુબજ વિચારીને બાળભાવની સેવાને મહત્વ આપ્યું છે. બાળભાવ હશે તોજ પ્રભુ સાથેનો પ્રેમ નિસ્વાર્થ બનશે. પ્રભુ પાસે દીનતાનો ભાવ જાગશે માગવાની વૃત્તિ રહેશે નહિ કારણકે બાળક પાસે માગવાથી નહિ પણ બાળકને આપવાથી તે ખુશ રહેશે. બાળભાવની ભકિતમાં દીનતા અને નિસ્વાર્થ પ્રેમ મુખ્ય બાબત છે. લૌકિક ફળ માટે આપણે પ્રભુ પાસે માગીએ તો તે પુષ્ટિમાર્ગની ભાવના નથી પ્રભુને કોઇ વસ્તુ માટે પ્રાર્થના કરી પ્રભુને શ્રમ આપવો ન જોઈએ પ્રાર્થના કરવાથી કોઇ ફાયદો નથી કારણ કે આપણને ગમતી વસ્તુ પ્રભૂને આપવાની ઇચ્છા છે કે નહિ તે પણ જાણી શકાતું નથી. પ્રાર્થના કરીએ તો પણ પ્રભુને આપવાની ઇચ્છા નહિ હોય તો પ્રાર્થનાથી શો ફાયદો ? विवेक धैर्याश्रयः માં મહાપ્રભુજીએ સ્પષ્ટ નિરૂપણ કર્યું છે કે.

प्राथिते वा ततः किं स्यात् स्वाम्यभिप्राय संशयात्
सर्वत्र तस्य सर्वँ हि सर्व सामर्थ्यंयमेवच !

સંસારના ગમે તેટલા અવરોધો હોય તો પણ જ્યાં સુધી તાદૃશી વૈષ્ણવ ન થાવ ત્યાં સુધી સંસારને છોડીને વૈરાગી બનવાનું નથી. મહાપ્રભુજીએ ભકિત વર્ધિનીમાં સ્પષ્ટ કહ્યું છે કે પ્રભુમાં જેનું મન છે તેને પ્રભુ કદી છોડતા નથી. માટે પ્રભુ ઉપર પુર્ણ શ્રદ્ધા રાખી સેવા જ કરવી.

बाधसंभावनायांतु नैकांते वास ईष्यते ।
हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ॥१०॥

પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો વ્યાહારિક અને વૈજ્ઞાનિક છે. પુષ્ટિમાર્ગમાં અન્યાશ્રય બાધક છે. અન્યાશ્રયનો અર્થ આજે કેટલાક ખુબ વિચિત્ર રીતે કરી રહ્યા છે. સંસારમાં જે પતિવ્રતાનો સિદ્ધાંત છે તેજ સિદ્ધાંત અન્યાશ્રય. પોતાના ઈષ્ટદેવમાં પુર્ણ શ્રદ્ધા રાખવી. કોઇ પણ સંજોગોમાં પોતાના ઇષ્ટદેવનો આશ્રય છોડવો નહિ. મહાપ્રભુજીનો આ સિદ્ધાંત ખુબ જ વૈજ્ઞાનિક છે, એક જ સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે તો જ મન સ્થિર

થાય અને ભાવ જાગે. સ્વરૂપો બદલવાથી મન સ્થિર થતું નથી અને ભાવ જાગતો નથી. આથી ભકિતનો સાચો આનંદ મળતો નથી. આ સિદ્ધાંતમાં મહાપ્રભુજીએ કદીયે બીજા દેવોને અનાદર કરવાનું જણાવ્યું નથી. બધા જ દેવો વંદનીય છે. પણ આશ્રય ન લેવો. આશ્રય લેવાથી સ્વામીત્વનો ભાવ રહેશે નહિ.

વિષ્ણુપુરાણમાં શ્રીકૃષ્ણનેજ પુર્ણ પુરુષોતમ કહયા છે અને એજ વાત મહાપ્રભુજીએ કરી છે. દેવો ગણિતાનંદ છે જયારે પુર્ણ પુરુષોત્તમ અગણિતાનંદ છે. દેવો ભોગો આપી શકે છે પણ પરમ આનંદ આપી શકતા નથી. શ્રી બાલબોધ ગ્રંથમાં આપશ્રીએ જણાવ્યું છે કે:–

भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः ।

મહાપ્રભુજીએ સિદ્ધાંત મુકતાવલિમાં દેવો અને પુર્ણ પુરુષોત્તમાં શો તફાવત છે તે સ્પષ્ટ કર્યું છે :–

परं ब्रह्म तु कृष्णोहि सचिदानंदकं बृहत ।

મહાપ્રભુજીએ બધીજ કોમના તાદશી વૈષ્ણવોને સમાન ગણ્યા છે. તાદશી વૈષ્ણવોની જાતિ જોવામાં આવતી નથી બધાજ દેવી જીવો એક સમાન ગણાય છે. પદ્મનાભ દાસે આ માટે જ પોતાની પુત્રીના લગ્ન બીજી જ્ઞાતિના તાદશી વૈષ્ણવ સાથે કર્યા હતાં.

અનેક જ્ઞાતિના જીવોને મહાપ્રભુજીએ તથા ગુંસાઇજીએ શરણે લીધા છે રૂપા પોરીઆ, રસખાન, યાદવેન્દ્રકુંભાર, ચાંદબીબી, અલિખાન પઠાણ જેવાઓને શરણે લઇ તેઓને પ્રભુનો સ્વાનુભાવ કરાવ્યો છે.

કળિયુગમાં તપથી પ્રભુ મળવા કઠિન છે કારણકે આજે મંત્રોની શકિત રહી નથી. મહાપ્રભુજીએ તેથીજ કહ્યું છે કે પ્રભુને મેળવવા હોય તો સેવા અને સ્મરણની જરૂર છે. અહર્નિશ પ્રભુનું રટન કરવાથી પ્રભુનાપ્રિય બનીશું અને પ્રભુ પ્રેમ પ્રાપ્ત કરીશું चतुःश्लोकी માં મહાપ્રભુજીએ જણાવું છે કે

अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वर पादयोः ।
स्मरणं भजन चापि न त्याज्य मिति मे मतिः ॥८॥

મહાપ્રભુજીએ યમુનાજીનું સ્વરૂપ આધ્યાત્મિક માન્યું છે પૂર્ણ શ્રધ્ધાથી યમુનાજીનું સ્મરણ કરવાથી યમુનાજીની ચોકકસ કૃપા મળે છે. યમુનાજીની કૃપાથીજ કિશોરીબાઈનાં સઘળાં દુઃખો દૂર થયાં હતાં. આપશ્રીએ यमुनाष्टकम् ગ્રંથ લખી યમુનાજીની મહત્તા બતાવી છે.

तवाष्टकमिदं मुदा पठति सूरसूते सदा ।
समस्तदुरितक्षयो भवति वै मुकुंदे रतिः ॥

આચાર્ય મહાપ્રભુજી તો ભકિતના રાજા ગણાય છે. નવધા ભકિત દ્વારા આપણે પ્રભુના કૃપાપાત્ર બનીશું તેવું આપે જણાવ્યું છે. પ્રભુના અનુગ્રહથી પ્રેમ દઢ થાય છે. આવો પ્રેમ દઢ થયા પછી વાસના સહિત સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો અને પછી પ્રભુનું

સ્વરૂપ, ગુણ અને લીલાનું શ્રવણ સહિત કીર્તન કરવું આમ કરવાથી ભક્તિ વૃદ્ધિને પામે છે. ભક્તિની વૃદ્ધિ કેવી રીતે થાય તેની સમજ આપવા આપશ્રીએ ભક્તિવર્ધિની ગ્રંથ લખ્યો છે.

નવધાભક્તિનું પ્રથમ પગથિયું શ્રવણ છે અને છેલ્લું પગથિયું આત્મનિવેદન છે. શ્રેષ્ઠ શ્રવણનો ખ્યાલ આપવા માટે આપશ્રીએ पञ्चपद्यः ગ્રંથ લખ્યો છે. આપશ્રીએ આ ગ્રંથમાં ઉપદેશ આપ્યો છે કે :–

अनन्यमनसो मर्त्या उत्तमाः श्रवणादिषु ।
देशकाल द्रव्यंकर्तुं मंत्र कर्म प्रकारतः ।।५।।

પુષ્ટિમાર્ગમાં ગુરૂની આજ્ઞાનું મહત્વ વિશેષ છે. પુષ્ટિમાર્ગીય સેવા ગુરૂની આજ્ઞા વિના થઈ શકતી નથી. ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘ કરવાથી જીવને મોટો દોષ લાગે છે. મંગલાચરણમાં પ્રથમ શ્રી મહાપ્રભુજીને પછી પરમ દયાળુ શ્રી ગુંસાઇજીને અગર ગોપીનાથજીને અને પછી ઇષ્ટદેવને વંદન કરવાનું જણાવ્યું છે.

મહાપ્રભુજીએ સેવકોને જણાવ્યું હતું કે જો ગુરૂ શરણે આવેલ જીવોનો ઉધ્ધાર ન કરી શકે તો તેને ગુરૂ થવાનો હક્ક નથી ગહરવનમાં અજગર અને કીડીઓના પ્રસંગથી દામોદરદાસને આ વાત આપશ્રીએ સ્પષ્ટ કરી હતી.

આ દેહ ઇશ્વરે આપેલ છે એટલે એના ઉપર પ્રભુનો જ અધિકાર છે દેહ ઉપર સ્નેહ કરી જો તેનો ઉપયોગ પ્રભુના કાર્યમાં નહિ કરીએ તો પ્રભુ અસંતુષ્ટ થશે. શ્રી મહાપ્રભુજીએ अन्तःकरण प्रबोध ગ્રંથમાં ઉપદેશ આપ્યો છે કે આપણે બ્રહ્મ સંબંધ લઈ બધું પ્રભુને સમર્પણ કરીએ છીએ, સમર્પણ કરવાથી જ ભક્તિ માર્ગમાં (પુષ્ટિમાર્ગમાં) આપનો અંગિકાર થાય છે. જેવી રીતે પુત્રીનાં લગ્ન થયા પછી સ્નેહને કારણે જો તેને તેના પતિ પાસે નહિ મોકલીએ તો તેનો પતિ સંતુષ્ટ થશે નહિ તેવી રીતે બ્રહ્મ સંબંધ લીધા પછી સ્નેહના કારણે આ દેહ ઉપર મમત્વ રાખી પ્રભુ કાર્યમાં તેનો ઉપયોગ ન કરીએ તો તેથી ઇશ્વર પ્રસન્ન થશે નહિ તેથી જ अंतःकरणप्रबोध માં મહાપ્રભુજીએ ઉપદેશ આપ્યો છે કે :–

सर्वं समर्पित भक्त्त्या कृतार्थोऽसि सुखी भव ।
प्रौढाऽपि दुहिता यद्वत्स्नेहान्न प्रेष्यते वरे ।।
तथा देहं न कर्तव्यं वरस्तुष्यति नान्यथा ।

પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોને સમજવા માટે અલૌકિક ભાવની જરૂર છે. આ માર્ગના દિવ્ય સિદ્ધાંતો સાચી સમજથી સમજવા પ્રયત્ન કરીએ તોજ તેની દિવ્યતાનો આપણને આનંદ મળે. આચાર્યશ્રીએ આપણા જેવા પામર જીવોના ઉદ્ધાર માટે ખુબ જ ચિંતા કરી અને અનેક કષ્ટો વેઠયાં હતાં. આપશ્રીને પ્રભુની દિવ્ય વાણી દ્વારા મળેલ સંદેશાથી આપણને સનાથ કર્યા. આપણે ખુબ જ ભાગ્યશાળી છીએ કે આવા દિવ્ય માર્ગમાં આપણો અંગિકાર થયો છે. આ માર્ગની દિવ્યતા આજેય જોવામાં આવે છે આ માટે બે ત્રણ ઉદાહરણ બસ છે.

તા. ૧૧-૮-૭૯ ને શનિવારે મચ્છુ બંધ નં.-૨ માં ગાબડું પડયું અને તેથી મોરબીનો વિનાશ થયો. આ વિનાશમાં મહાપ્રભુની બેઠક પણ બચી ન હતી. પણ આ બેઠકની અલૌકિકતા એ છે કે છોકરના અને કદમના વૃક્ષ તથા તુલસીના કયારાને કોઇ નુકશાન થયું નથી. અરે કદમના વૃક્ષ ઉપર આસરો લઇ રહેલ જૈનભાઈ પણ આબાદ રીતે બચી ગયા હતા. પ્રભુની કાચની સુખશૈયાને પણ કોઈ નુકશાન થયું નથી. અહીંની ગાયો ત્રણ દિવસ પછી હેમખેમ પાછી આવી હતી.

સંવત ૨૦૩૫માં ઉજજેનમાં પુષ્કળ વાવાઝોડું આવ્યું આવા વાવાઝોડાથી સાંદિપની ઋષિના આશ્રમ પાસે આવેલી મહાપ્રભુજીની બેઠકમાં જે જુનું પિપળાનું વૃક્ષ હતું તે પડી ગયું. આ જગ્યાએ સાત દિવસ સુધી સર્વોત્તમ સ્ત્રોત્રનો જપ કરવામાં આવ્યો અને આશ્ચર્યની સાથે આ પિપળો ૮ ફૂટ જેટલો ફુટયો. આ બાબતનો લેખ આ પિપળા પાસે છે.

વડોદરામાં મહેતા પોળમાં આવેલ શ્રી ગોવર્ધનનાથજીના મંદિરનાં આગ લાગી હતી. આ આગથી મંદિરને ઘણુંજ નુકશાન થયું છે. પણ આ મંદિરની દિવ્યતા એ છે કે નીજ મંદિરને અને કોઠાર ઘરને આગની કોઈ અસર થઇ નથી.

આવા દિવ્ય માર્ગની સુવાસ પ્રસરિત રાખવાનો સમય હવે પાકી ગયો છે. વૈષ્ણવોએ હવે જાગૃત થવું પડશે. આજે મંદિરોમાં વધુ પ્રમાણમાં બહેનોની અને પાકટ ઉંમરે પહોંચેલા ભાઈઓનીજ ભીડ જોવા મળે છે. પણ થનગનતી યુવાની જેની પાસે છે તેવા યુવાનો ઓછા જોવા મળે છે આનું કારણ શોધવું પડશે. યુવાશકિતને આ માર્ગની દિવ્યતાનાં દર્શન કરાવીશું તો તેઓ જ આ માર્ગના દીપક બની માર્ગને વધુ તેજસ્વી બનાવશે, વિજ્ઞાન અને મનોવિજ્ઞાનના સિદ્ધાંત ઉપર રચાયેલ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોનું અર્થઘટન કેટલાક મન ફાવે તેમ કરે છે. અને તેથી યુવાન પેઢીના માનસમાં સંકુચિતતાનાં બીજં રોપાય છે. વૈષ્ણવો જાગો યુવા પેઢીને પ્રોત્સાહિત કરો. મહાપ્રભુજીના કાર્યને દીપાંવી મહાપ્રભુજીના અને પ્રભુના આશીર્વાદ પ્રાપ્ત કરો. જય શ્રી વલ્લભ, જય શ્રીકૃષ્ણ.

◆

સાચો સમાજવાદ

લે. શ્રી કરંભાકૃષ્ણચંદ્ર ભટ્ટ-નાથદ્વારા

(ફેબ્રુઆરી ૮૪ થી આગળ)

અર્બ ખર્બલોં દ્રવ્ય હૈ ઉદય અસ્તકોં રાજ ।
જો તુલસી નિજ મરણ હૈ તો આવે કિહિ કાજ ॥

અગણિત સંપત્તિ અને પ્રમુખ સત્તા હોવા છતાં જો મરણ નિકટ છે તો આ વસ્તુ બધી કંઇ કામની નથી જ.

આપણે જોઇએ છીએ કે– સાધારણ સ્થિતિનો સંતોષી વ્યક્તિ પેટ ભરીને જમી શકે છે, ચેનથી નિદ્રા લઇ શકે છે, સત્કર્મ કરે છે, સારા વિચારો કરી શકે છે, સદ્વ્યવહાર, વિવેકી જોવામાં આવે છે. જો શરીર સંપત્તિ સારી નથી તો સુન્દર સ્ત્રી, વિવિધ વાનગીવાળા ભોજનના પદાર્થો સુખ આપનાર નહીં પણ સંતાપ આપનારા બને છે. સ્પ્રીંગદાર ગાદલા, પલંગો ઉપર પણ ચેનથી નીંદર આવતી નથી. એ પ્રકૃતિ તરફનો દંડ જ છે.

જગતમાં દરેક રીતે જે બહુ મોટા બન્યા છે, બનવાની લાલસા રાખે છે એનો તો જીવનકાલ તો બગડે છે જ, પણ મરણકાલ અને તેના પછીની સ્થિતિ પણ બગડે છે. કોઇ ઉચ્ચપદાધીશ, એ વિત્તવાન કે સત્તાધીશ હોય એ જરા બીમાર પડે તો પહેલાં તો ચિકિત્સકોની હારમાળાથી જ એ વીંટાયેલો રહે અને મન સંગ્રહીત પ્રાપ્ત વસ્તુઓમાં લાગેલું રહે, બહુ મુશ્કેલીથી પ્રાણ જાય. તે પછી એ મરી ગયો છે કે નહિ એના પરીક્ષણો ચિકિત્સકો કરે, નિશ્ચિત કર્યા પછી જાહેર થાય, તે પછી અમુક દિવસો સુધી તો શબને રાખવામાં આવે, પછી ફુલહાર અને શબયાત્રાઓ થાય, પણ અંતિમ વિધિતો સામાન્યવત્ જ થાય, એમાં ફેર પડે નહીં. માટે સાચો રસ્તો એ બતાવ્યો છે કે જગતમાં બહુ પ્રતિષ્ઠિત બનવામાં લાભ નથી. જગતમાં સેવક બનતા શીખો અને "જનતા જનાર્દન" ની સેવા કરી મનુષ્ય જીવન ધન્ય બનાવો. આપણે વાતું કરીએ છીએ સંકુચિત વૃત્તિ છોડીને વિશાલ બનવાની અને સેવક કહેવરાવવાની, પણ "જનતા" નો અર્થ કેવલ મનુષ્ય પૂરતો કરીને સંકુચિત બની ગયા છીએ. જનતાનો અર્થ છે "પૃથ્વી ઉપર જન્મેલા પ્રાણીઓનો સમૂહ" પશુ, પક્ષી, કીટ પતંગાદિ યાવન્માત્ર પ્રાણીઓ, તે બધાની સેવા કરવા માટે માનવનું સર્જન છે. પણ આજે તો સ્વાર્થી માનવ એટલો ક્રુર બની ગયો છે કે પોતાનુ. પેટ ભરવા માટે, પશુ પક્ષી આદિની નિર્મમ હત્યા કરતાં, ઘૃણિત કર્મો કરતાં જરા પણ અચકાતો નથી, અનેક પવિત્ર ધાર્મિક સ્થાનોમાં હિંસાને ઉદ્યોગ માનીને તેનો વિકાસ કરવામાં આવી રહ્યો છે અને તેને રાષ્ટ્રોન્નતિ સાધવામાં ગણી રહ્યા છીએ. અધઃપતનની પરિસીમા છે.

સત્ય. અહિંસાવૃત્તિ ભગવત્પરાયણ પ્રજાવત્સલરાજર્ષિ ભરતના નામથી વિખ્યાત આ ભારતવર્ષ કે જે દેશને કેવલ સત્ય, અહિંસાના પ્રયોગથી આત્મબલ પ્રાપ્ત

કરી મહાત્મા ગાંધીજીએ સ્વતંત્ર કર્યો છે તે જ દેશમાં તેનાજ અનુયાયિઓ સ્વતંત્રતાનો ઉપયોગ સ્વચ્છંદતામાં કરી સ્વાર્થ પરાયણ, સત્તાલોલુપ, અવિવેકી બની ગયા છે. એમાં **"સાચો સમાજવાદ"** કેમ લાવી શકાય.

આધ્યાત્મિક સાચા સમાજવાદમાં તો પ્રભાતે જાગો ત્યારથી રાત્રે સુવો ત્યાં સુધી પંચ યજ્ઞો દ્વારા સર્વનું સન્માન પ્રાણીમાત્રની સેવા કરતા, જીવન સેવક બનીને ધન્ય બનાવો એ બતાવવામાં આવ્યું છે. આપણે જાગીએ ત્યારે મધુર રવ કરી રહેલા પક્ષીઓને ચણ નાખો, ગોમાતાને ઘાસ ખવડાવો, ગરીબોને ભોજન કરાવો, વડીલોને અભિવાદન કરો, અતિથિનો સત્કાર કરો, પ્રભુને થાળ અર્પણ કરો, તે પછી જ ભોજન કરો, ભોજન કર્યા પછી કુતરાને રોટલો ખવરાવો. બાદ ફરવા જાઓ તો કીટાદિને માટે લોટ વિતરણ કરો, જલ સમીપ જાઓ તો જલચર મચ્છ-કચ્છને ચણા, લોટની ગોળીઓ ખવરાવો, એમ પોતાના સ્વત્વમાં બધાને ભાગીદાર માનો.

નૃગોષ્ટ્ર રવ રમ કરિવુ સરસ્ટિ ખગ મક્ષિકાઃ ।
આત્મનઃ પુત્રવત્ પશ્યેત્ તૈરેષા મન્તરં કિચત્ ॥

આપણે સ્વાથાન્ધ બની સ્વયં અને કુટુંબના ભરણ પોષણાદિમાં જીવન વ્યતીત કરીએ છીએ. **"કુટુમ્બ પોષન્નવિયન્નિયુઃ"** પણ આપણી કમાણીમાં આપણા પુત્રાદિ જેમ જ યાવન્માત્ર પશુ-પક્ષી આદિ પ્રાણીનો પણ ભાગ રહેલો છે. પ્રભુ જે કાંઈ પણ આપણને આપે છે તે કેવલ આપણા માટે નહીં, પણ બીજાને આપણા દ્વારા વાંટવા માટે આપણને નિમિત્ત બનાનીને, કૃપા કરીને યશસ્વી બનાવવા માટે આપે છે. માટે ગરીબોને અન્નવસ્ત્ર આપતી વખતે અહંકાર કરવાનો નથી કે હું એમનું ભરણ પોષણ કરું છું પણ એમ સમજવાનું છે કે પ્રભુએ મારા ઉપર કૃપા કરી છે, મને નિમિત્ત બનાવીને એમની સેવા કરવાનો લાભ આપી રહ્યા છે માટે થોડું ઘણું જે કાંઇ પણ કરું છું તેનાથી આ પ્રાણીઓમાં રહેલા જનાર્દન પ્રસન્ન થાઓ, એમ સર્વ પ્રાણીઓ (જનતા)માં રહેલા જનાર્દન માનીને યથાયોગ્ય બધાની સેવા નિઃસ્વાર્થ ભાવની કરવાની છે, કોઈ પ્રત્યુપકારની ભાવના કદાપિ કરવાની નહીં.

આજ **"સાચો આધ્યાત્મિક સમાજવાદ"** છે. શું આપણો આવો સમાજવાદ પશ્ચિમ પુર્વના સામ્રાજ્યવાદી, સામ્યવાદી, કેવલ ભૌતિકવાદી, દેશોના કાયદા કાનુનોની નકલ કરી, એમનું અનુસરણ કરી, આપણા દેશમાં લાવી શકીશું ખરા ?

આપણે મોટા મોટા મહેલ-પ્રાસાદ, બંગલાઓ બનાવ્યા પણ-આપણે રહેવા માટે તો ૫-૬ ફૂટ જેટલી જ જગ્યા જોઇએ. છીએ. એમાં પારેવા ચિડિયા મૂષકાદિ અનેક પ્રાણીઓ પણ વસીને સહભાગી બની ગયા, ભાડાની આવકથી સુખ પુર્વક જીવન વ્યતીત થશે, એ આશાએ ભાડૂતો રાખ્યા, સમય જતા તેજ હકદાર બની ગયા. સુખ ઉપાધિરૂપ

બની ગયું. અર્થ અને શારીરિક પરિશ્રમના સહયોગથી ઉદ્યોગાદિ પ્રગતિ કરે, અર્થ પરિશ્રમ અન્યોન્યાશ્રયો છે, પણ અર્થ આપનાર પોતાનું સ્વત્વ અને પરિશ્રમ કરનારા પોતાનું સ્વત્વ જમાવવા જાય તો પરસ્પર સહયોગથી થઈ રહેલી ઉન્નતિ વૈમનસ્ય અને કલહથી અવનતિમાં પરિણમે, માટે જનતા જનાર્દનને પ્રસન્ન કરવાનું એક જ સૂત્ર નારદ મુનિએ બતાવ્યું છે કેઃ—

દયયા સર્વભૂતેષુ સંતુષ્ટયા યેનકેન વા ।
સર્વેન્દ્રિયયોપશાન્ત્યા ચતુષ્ય ત્યાશુજનાર્દનઃ ॥
(શ્રી ભા. સ્ક. અ. શ્લો.)

પ્રાણી માત્ર ઉપર દયા, સદ્‌ભાવના, મૈત્રી, અત્યાવશ્યક પદાર્થથી જીવન નિર્વાહ કરતાં સંતુષ્ટિ અને સર્વ ઇન્દ્રિયોની ઘોટાદોડને કાબૂમાં રાખવી. એનાથી જ જનાર્દન પ્રભુ પ્રસન્ન થાય છે. સેવકનો એજ સાચો ધર્મ છે. એજ **"સાચો સમાજવાદ"** છે. એજ સાચી પ્રગતિ છે. એજ નિરાપદ માર્ગ છે.

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી

અનુવાદક : શ્રી ધીરજરામ શાસ્ત્રી

અદ્વૈતાભિમત જીવનિરૂપણનું ખંડન

(ફેબ્રૂઆરીના અંકથી આગળ)

માટે પ્રતિબિંબ પક્ષમાં ચતુર્થ પુરૂષાર્થનો જ નાશ થઇ જાય છે. વળી પ્રતિબિંબ પક્ષ સ્વીકારવાથી જીવ એક પ્રકારે અસત્ય થયો કારણ કે લોકમાં પ્રતિબિંબ અસત્ય જ પ્રસિદ્ધ છે તો પછી પરલોક માટે કોઇ પણ પ્રયત્ન કરશે નહિ કારણ કે જેને મોક્ષની ઇચ્છા છે તે મોક્ષ તથા પોતાના સ્વરૂપને જાણીને જ મોક્ષ માટે પ્રયત્ન કરશે. અર્થાત્ હું બદ્ધ છું માટે જ દુઃખી છું. મોક્ષ સુખ સ્વરૂપ છે. તેમાં સર્વ દુઃખોની નિવૃત્તિ થઇ જાય છે. આવું સમજી જીવ મોક્ષ મોક્ષસાધન સન્માર્ગનું અવલમ્બન કરે છે. પરંતુ માયાવાદી અનુસાર મોક્ષ, બંધ તથા મોક્ષ સાધન વિગેરે બધાને જ જ્યારે મિથ્યા સાંભળશે અને સમજશે ત્યારે મુમુક્ષ વિચાર કરશે કે જ્યારે મોક્ષ, બંધાદિ બધું કલ્પનામાત્ર છે. તો મોક્ષ પણ એક પ્રકારે બુર (કુસકા)નો જ લાડુ થયો. તેને માટે પ્રયત્ન કરવો પણ મૂર્ખતા છે. હું મોક્ષ મેળવી શું કામ આત્મનાશ કરાવું આવી રીતે મોક્ષની તરફ બધાની જ પ્રવૃત્તિ ન થવાથી સર્વ સન્માર્ગનો ઉચ્છેદ જ આવી પડશે. જેમ સ્વાપ્નિક ભોજન, તેનાં સાધનો

તથા તત્સંબંધી તૃપ્તિને માટે કોઇ પણ ડાહ્યો માણસ પ્રયત્ન કરતો નથી. તેમજ મિથ્યાવાદીઓનાં મોક્ષ તથા તદુકત સાધનોને માટે પણ કોઇ યત્ન કરશે નહિં. એ માટે પ્રતિબિંબવાદ માનવો અને વેદોકત સત્કર્મનું પિંડશ્રાદ્ધ કરવું એ બરોબર છે.

બીજું નદીતટસ્થ આમ્રવૃક્ષોનાં જળમાં પ્રતિબિંબિત આમ્ર ફલોને દેખીને ‘આ માત્ર ફળોનું પ્રતિબિંબ જ છે. વાસ્તવમાં કંઈ પણ નથી.’ આમ સમજનારો માણસ તે ફળોને કાઢવા માટે જળમાં હાથ નથી નાખતો અથવા તેઓને કાઢવા માટે અન્ય ઉપાય પણ આચરતો નથી. તેવી જ રીતે મુમુક્ષુ પણ જીવસ્વરૂપને તથા મોક્ષ સ્વરૂપને કલ્પના માત્ર સમજી તેને માટે કદાપિ ઉદ્યોગ કરશે નહિ. હા, અગર એ ઉત્તર આપો કે જેમ સ્વપ્નમાં સ્વાપ્નિક ફળોને ગ્રહણ કરવા વાસ્તે પ્રત્યેક મનુષ્ય ઉદ્યોગ કરે છે, તેમ અહીં પણ તેની માફક મોક્ષને માટે ઉદ્યોગ સંભવે છે તો એનો એટલો જ પ્રત્યુત્તર છે કે હા, સ્વપ્નમાં મનુષ્ય સ્વાપ્નિક ફળો માટે પ્રયત્ન કરે છે ખરો, પરંતુ ત્યાં સુધી જ તે પ્રયત્ન કરે છે. કે, જ્યા સુધી એ ફળોને સત્ય સમજી રહ્યો છે. અગર સ્વપ્નમાં જ તે તે ફળોને સ્વાપ્નિક સમજી લેય તો કદાપિ ઉદ્યોગ કરે નહિં માટે પ્રતિબિંબવાદ માનવામાં યજ્ઞયાગાદિ સત્કર્મોનો વિધ્વંસ થઇ જાય છે.

બીજુ અગર જીવને પ્રતિબિંબ માનીએ તો જીવન–મુકિત કોઇપણ પ્રકારે થઇ શકતી નથી. કારણકે પ્રતિબિંબને કયાં તો અંતઃકરણમાં માનો અથવા અવિદ્યામાં સમજો. અગર અંતઃકરણમાં પ્રતિબિંબ જ જીવ છે. આવું માનો તો જીવન્મુકતને પણ અંતઃકરણ હોવાથી તેને પણ સંસારી કહેવો જોઇએ મુકત નહિ. કદાચ કહો કે જ્યારે અંતઃકરણ નહિં રહેશે ત્યારે તેને મુકત કહીશું તો એ વાત તો જ્યાં સુધી તે જીવતો રહેશે ત્યાં સુધી તો સંભવે નહિ. દેહપાત થયા બાદ તો તેને પરમ મુકત જ કહીશું, પણ જીવ મુકત નહિ, યદિ કહો કે જીવન્મુકતાવસ્થામાં પ્રારબ્ધ રૂપ થોડીક અવિદ્યા બાકી રહે છે. એ માટે તેના દેહાંતઃકરણાદિ રહેતાં છતાં પણ બ્રહ્મસાક્ષાત્કાર હોવાથી તે જીવન મુકતજ કહી શકાય છે. તો પણ ઠીક નહિ કારણકે માયાવાદીઓનાં મતમાં બ્રહ્મસાક્ષાત્કારથી અવિદ્યાનો સમૂળગો નાશ માન્યો છે તો જ્યારે જીવન્મુકતને બ્રહ્મસાક્ષાત્કાર થઇ ચૂકયો તો પછી અવિદ્યા પણ કયાં રહી ? અને અંતઃકરણાદિ પણ કયાં રહ્યાં ?

જીવનમુકત્યનુપપત્તિશ્ચ । તથાહિ અન્તઃકરણે અવિદ્યાયાં વા ત્વયા પ્રતિબિંબો વાચ્યઃ । અન્તઃકરણ પક્ષે જીવન્મુકતસ્ય તત્સત્વે સંસારિત્વમેવ સ્યાત્ । તદસત્ત્વે પરમમુકિતરેવ કક જીવન્મુકિતઃ । અવિદ્યાપક્ષસ્તુ સુતરામ સંગતઃ । તસ્ય અપરોક્ષજ્ઞાનવત્ત્વેન અજ્ઞાનસ્ય નિવૃત્યા તત્પ્રતિબિંબરૂપજીવરૂપસ્યાપિ નિવૃત્તત્વાત્ જીવન્મુકતસ્ય દેહઃ સ્પન્દિતુમપ્યસમર્થઃ સ્યાત્ । ન ચ પ્રારબ્ધમાત્રશેષાઅવિદ્યાતદાઅસ્તીતિ સર્વમુપપદ્યત ઇતિ વાચ્યમ્ । બ્રહ્મસાક્ષાત્કારૈકનાશ્યાયાસ્તસ્યાસ્તસ્યાસ્તાસ્મિનઇતિ વકતુમ શકયત્વાત્ પ્રતિબન્ધકાભાવાત્ । તેના નિવૃત્તો કદાપ્યનિવૃત્તિપ્રસંગશ્ચ । ભોગૈકનાશ્યં તદિતિ ચેત । તદ્યર્વિદ્યાતત્કાર્યાતિરિકતં તદિતિ ચેદ્વકતુમુદ્યતોસી ન હિ રજ્જુ જ્ઞાનાનન્તરં કેનાપ્યંશેન તસ્મિન્ સર્પજ્ઞાનં તત્કૃતભયાદિકં ચાનુવર્તતે । ચનુવર્તતે

કમ્પાદિરિતિ ચેત્ અનુવર્તતાં નામ પુર્વં કારણ જઃ સ્વરૂપ સત્કમ્પો ન તું તેના અન્યત્કિંચિત્કતું શક્યમ્। એવં પ્રારબ્ધેનાપિ દેહ વિદ્યમાનતૈવ સંપાદયિતું શક્યા ન તુ ભોગાદિરપિ, અધ્યાસાભાવાત્ સુષુપ્તા તથોપલભાત્ । વિદ્વન્મંડનમ્ । (ક્રમશઃ)

આ માસના વ્રતોત્સવ

ચૈત્ર સુદ ૬ તા. ૭-૪- ૮૪ શનિ શ્રી ગુસાંઈજીના છઠ્ઠાલાલ શ્રી યદુનાથજીનું પ્રાકટ્ય (સંવત ૧૬૧૫) શ્રી યમુનાજીનું પ્રાકટ્ય.

ચૈત્ર સુદ ૯ તા. ૧૦-૪-૮૪ મંગળ શ્રી રામ નવમી વ્રત.

ચૈત્ર સુદ ૧૨ તા. ૧૨-૪-૮૪ ગુરુ કામદા એકાદશી વ્રત, શ્રી મહા પ્રભુજીની વધાઇ બેઠી.

ચૈત્ર સુદ ૧૫ તા. ૧૫-૪-૮૪ રવિ મહારાસની સમાપ્તિ, ગૈશાખ સ્નાનારંભ, મન્વાદિ તિથિ.

ચૈત્ર વદ ૭ તા. ૨૨-૪-૮૪ રવિ શ્રી વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા)

ચૈત્ર વદ ૧૦ તા. ૨૫-૪-૮૪ બુધ શ્રી ગોવર્ધનલાલજી કૃત પાંચ સ્વરૂપનો ઉત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૨૬-૪-૮૪ ગુરુ વરૂથીની એકાદશી એકાદશી વ્રત. શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું અને શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાકટ્ય (સં. ૧૫૩૫) શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫)

વૈશાખ સુદ ૧ તા. ૨-૫-૮૪ બુધ વસંત ઋતુ પૂરી થઈ

વૈશાખ સુદ ૩ તા. ૪-૪-૮૪ શુક્ર અક્ષય તૃતીયા, ચંદન યાત્રા, જલ કુંભદાન ત્રેતાયુગાદિ મન્વાદિ કલ્પાદિ તિથિ. શ્રી પરશુરામ જયંતિ. ગીષ્મ ઋતુની શરૂઆત થઇ તે અષાડ સુદ ૫ સુધી.

ગૈશાખ સુદ ૫ તા. ૬-૫-૮૪ રવિ શ્રી સુરદાસજીનો જન્મદિન (સં. ૧૫૩૫) શ્રી નટવરલાલજી (અમદાવાદ) નો પાટોત્સવ (સં. ૧૮૫૧)

ગૈશાખ સુદ ૭ તા. ૮-૫-૮૪ મંગળ રામરાજ્ય. શ્રી જાનકીજીનો જન્મદિન. શ્રી સ્વામિનીજીનો વિવાહોત્સવ. ગંગા સપ્તમી.

ગો. શ્રી મટુલાલજી મહારાજના વચનામૃત

પુષ્ટિમાર્ગના ઠાકોરજીનું સ્વરૂપ

પુષ્ટિમાર્ગના શ્રી ઠાકોરજી કેવા છે કે જેમ કોઈ પોતાના છોકરાને ઘરમાં રમાડે છે અને મુખચુંબન કરે છે અને અતિદીનતાએ કરીને બોલે છે અને જેમ ઘેલો થઈ જાય તેમ છોકરાની સાથે બોલે છે ત્યારે પોતાના શરીરનું ભાન રહેતું નથી. તો એવા ભાવે કરીને પુષ્ટિમાર્ગના શ્રી ઠાકોરજીનું સ્વરૂપ જાણવું.

તેજ પુરુષ જ્યારે રાજાની સભામાં જાય છે ત્યારે પોતાના છોકરાને ખીજે છે કે તમે અહિં કેમ આવ્યા? એમ બોલે છે તેનું કારણ કે ત્યાં મર્યાદા આવે છે માટે એ રીતે મર્યાદા માર્ગના શ્રી ઠાકોરજીનું સ્વરૂપ જાણવું.

* * *

સમાચાર

કોટા (રાજસ્થાન) મુકામે શ્રી સોમયાગ

પ્રથમ પીઠાધીશ પુ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ શ્રી પ્રથમેશજી કોટા મુકામે સં. ૨૦૪૦ ચૈત્ર સુદ ૯ થી ૧૫ તા. દશ એપ્રીલથી સોળ એપ્રીલ સુધી **"આપ્તોર્યામ" સોમયજ્ઞ** કરશે આ પ્રસંગે આં. રા. પુ. વૈ. પરિષદનું પ્રચાર સંમેલન પણ યોજવામાં આવ્યું છે. ઉપરોક્ત કાર્યક્રમનો લાભ લેવા સર્વે વૈષ્ણવોને પૂ. પા. આચાર્યશ્રી તરફથી આમંત્રણ અપાએલ છે અગાઉથી સુચના મોકલ્યેથી ઉતારા–મહાપ્રસાદ લેવાની સર્વે વ્યવસ્થા થશે.

પત્ર વ્યવહારનું સરનામું
શ્રી બડે મથુરેશજીનું મંદિર
શ્રી વલ્લભાચાર્યજી માર્ગ **કોટા** (રાજસ્થાન)
પીન ૩૨૪૦૦૬
તાર "પ્રથમેશ" ફોન નં. ૩૫૨૬

* * *

પોરબંદરમાં અલૌકિક આનંદ

અ. ભા. પુ. વૈ. પરિષદના ભૂ. પૂ. અધ્યક્ષ પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના **જન્મ દિવસ** ઉપર મહાવદ ૧૨ થી મહાવદ અમાસ સુધી, શ્રી ગુલાલકુંડ, યા ગોકુલકે ચોહટે, નંદગામ બરસાના હોરીખેલ, સુકામેવાના પલના, બંગલા, વધાઈ કીર્તન ઢાઢીલીલા, આદિ અલૌકિક મનોરથોનું આયોજન થયેલ.

અનેક સ્થળોએથી વૈષ્ણવોએ બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહી આનંદ લીધેલ.

શ્રી મહાપ્રભુજીનું ધોળ

શ્રી વલ્લભ આનંદધામ જો,
 ઓ બેની–શ્રીવલ્લભ આનંદધામ જો.
રમે રોમ રોમે આનંદમય શ્યામ જો–ઓ બેની ૧
અંગ અંગે ભર્યાં આનંદ કૂપ જો,
એમના આનંદનો સ્વાદ છે અનુપ જો–ઓ બેની ૨
નિરખતાં માત્રમાં મોહ્યા મોટા ભૂપતિ,
એ વલ્લભ છે કોટિ કામરૂપ જો–ઓ બેની ૩
મૈયા યશોદાના એ પ્રિયબાલ છે,
વ્રજગોપી પર એમને ઘણું વહાલ જો–ઓ બેની ૪
રાસ રમી દીધો આનંદ અપાર જો,
દહી દૂધ ચોર લૂટી બન્યા ગિરિધાર જો–ઓ બેની ૫
આપ્યો આનંદ બહુ ગાય ગોપ ગ્વાલને,
દુષ્ટ દૈત્યો પણ થઈ ગયા ન્યાલ જો–ઓ બેની ૬
શ્રી લક્ષ્મણ ભટ ગૃહે દ્વિજ દેહ ધારીને,
શરણસ્થને સોંપ્યા શ્રીકૃષ્ણ મોરાર જો–ઓ બેની ૭
પ્રાણપતિ કૃષ્ણને પધરાવી ઘેર ઘેર,
દીધો આનંદ આનંદ અપાર જો–ઓ બેની ૮
શ્રી વિઠ્ઠલેશે કહ્યો સર્વોત્તમે ભાવએ,
આનંદે 'દીનદાસ' જીતી લેવો લ્હાવ જો–ઓ બેની ૯

–પ. ભ. શ્રી પુનમચંદ સાકલચંદ દોશી
સોઢાસા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક,
અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

अन्तर-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेहिसन्मार्गरक्षका:

શ્રી વલ્લભ સુધા

ગોપિયોં કા ઉલાહના

મેરી દધિકી મટુકિયા લૈ ગયૌ રી,
આપ ખાય ઔર ગ્વાલ ખવાવૈ,
રીતી કર લુડકાય ગયૌરી-૧

છોટે-છોટે હાથ, જાકી બહિયાં હૂ છોટી,
છીંકૌ હાથ કૈસે આય ગયૌરી;
દધિ કૌ તો દધિ મેરૌ વાનેં ખાયૌ,
ઇંડુરી [illegible] બહાય્ ગયૌરી-૨

વૃંદાબનકી કુંજ-ગલિન મે,
તિરછી નજરિયા દિખાય ગયૌરી;
"ચંદ સખી" ભજ બાલકૃષ્ણ છબિ,
હંસ-હંસ કર બતરાય ગયૌરી-૩

-ભકત કવિ શ્રી ચંદ

વર્ષ ૩ : અંક ૨ * મે, ૧૯૮૪ * શ્રી વલ્લભાબ્દ ૫૦૬

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेहिसन्मार्गरक्षका

શ્રી વલ્લભ સુધા

ગોપિયોં કા ઉલાહના

મેરી દધિકી મટુકિયા લૈ ગયૌ રી,
આપ ખાય ઔર ગ્વાલ ખવાવે,
રીતી કર લુડકાય ગયૌરી–૧

છોટે–છોટે હાથ, જાકી બહિયાં હૂ છોટી,
છીંકૌ હાથ કૈસે આય ગયૌરી;
દધિ કૌ તો દધિ મેરૌ વાનેં ખાયૌ,
ઇંડુરી [illegible] બહાય્ ગયૌરી–૨

વૃંદાબનકી કુંજ–ગલિન મે,
તિરછી નજરિયા દિખાય ગયૌરી;
"ચંદ સખી" ભજ બાલકૃષ્ણ છબિ,
હંસ–હંસ કર બતરાય ગયૌરી–૩

–ભકત કવિ શ્રી ચંદ

વર્ષ ૩ : અંક ૨ * મે, ૧૯૮૪ * શ્રી વલ્લભાબ્દ ૫૦૬

"લગ્ન પ્રસ્તાવ"

રાજકોટ ચાંપાસેનીવાળા ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજાત્મજ ગો. શ્રી વ્રજનાથલાલજી મહારાજ સુત ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના તૃતીય લાલબાવા ચિ. **ગો. શ્રી ગોપિકાલંકારજીબાવા (ગોપીબાવા)**ના શુભ વિવાહ પ્રસ્તાવ સં. ૨૦૪૦ના વૈશાખ સુદી ૯ બુધવાર તા. ૯–૫–૮૪ના રોજ નિશ્ચિત થયેલ છે.

આ શુભ પ્રસંગે શ્રીના વિવિધ મનોરથો તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવચનો થશે.

બાલીસના– પંચમ પીઠાધીશ્વર ગો. શ્રી ગોવિન્દલાલજી મહારાજશ્રીના લઘુભ્રાતા વિરમગામસ્થ ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રીના તૃતીય લાલજી ચિ. ગો. શ્રી કલ્યાણરાયજી (કન્હૈયા બાવા)ના શુભવિવાહ પ્રસ્તાવ સં. ૨૦૪૦ વૈશાખ શુકલ તા. ૯–૫–૮૪ બુધવારના નિશ્ચિત થયા છે.

સમાચાર

જુનાગઢ મોટી હવેલીમાં પૂ. ગો. શ્રી ચંદ્રપ્રભાવહુજીએ શ્રી યમુનાજીના લોટીજીઓ પધારના સંવત ૨૦૪૦ના ફાગણ સુદ ૭ તા. ૨૩–૩–૮૪ના રોજ **"શ્રી યમુનાજીનો મહોત્સવ"** ભવ્ય શોભાયાત્રા તથા કીર્તન સમાજ, બિલખા પાઠશાળાની બહેનોના રાસ ગરબા, ઢાઢીલીલા વગેરે કાર્યક્રમથી વૈષ્ણવોની બહોળી હાજરીમાં ઉજવેલ હતો.

બોડેલી તા. ૨૪–૩–૮૪ના રોજ આ. રા. પુ. વૈ. પરિષદના ઉપક્રમે ભરાયેલ સભામાં મંત્રીશ્રી ચીમનલાલ શેઠે તથા છોટા ઉદેપુરના શ્રી વિઠ્ઠલદાસભાઈ શાહે સંગઠીત થવા સંબંધમાં પ્રેરક ઉદ્‌બોધન કરેલ તેમજ પાનવડ, કવાંટ, છોટા ઉદેપુર, તેજગઢ, પાવી જેતપુર વગેરે ગામોના વૈષ્ણવો પરિષદના સભ્ય તરીકે તેમજ **"શ્રી વલ્લભ સુધા"** માસિકનાં ગ્રાહકો નોંધાયા હતા. વિશેષમાં આ વિભાગના મુખ્ય સંયોજક તરીકે શ્રી વિઠ્ઠલદાસભાઈ શાહની નિયુક્તિ કર્યાની જાહેરાત કરી એડહોક કમિટિની રચના કરવામાં આવી.

કેશોદ આં. રા પુ. વૈ. પરિષદના ઉપક્રમે તા. ૨–૪–૮૪ની યોજાયેલ સભામાં પૂ. પા. ગો. શ્રી માધવરાયજી મહારાજશ્રી (વેરાવળ–મુંબઈ–પોરબંદર) એ વર્તમાન પરિસ્થિતિમાં વૈષ્ણવોની ફરજ અને સંગઠીત થઈ પરિષદમાં જોડાય જવા સંબંધમાં પ્રેરણાદાયી વચનામૃત કરેલ. તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી ચિમનલાલ શેઠે પરિષદની કાર્યવાહીની વિસ્તૃત સમજુતિ આપીને સંગઠીત થવા અપીલ કરી હતી.

જુનાગઢ આં. રા. પુ. વૈષ્ણવ પરિષદની શાખાની સભા શ્રી હરસુખલાલ રાજપરાના પ્રમુખસ્થાને તા. ૨–૪–૮૪ના રોજ ભરાયેલ હતી તેમાં કેન્દ્રીય મંત્રી શ્રી ચીમનલાલ શેઠે, કલકત્તાના આગેવાન કાર્યકર શ્રી દ્વારકાદાસભાઈ રાણા તેમજ રાજકોટ શાખાના મંત્રી અને [illegible]ટ્ર વિભાગના કન્વીનર શ્રી ડાયાભાઈ કંસારાએ સંબોધી હતી. તેમજ સંગઠન, સોમયજ્ઞ તેમજ વેરાવળ મુકામે યોજાનાર સંસ્કાર શિબિર સંબંધમાં વિસ્તૃત માહિતી આપેલ હતી આ પ્રવાસમાં રાજકોટ શાખાના ઉપપ્રમુખશ્રી જીવણલાલ લાલજીભાઈ રાણપરા જોડાયેલ હતા.

શાખાના ઉપપ્રમુખ શ્રી રતિભાઈ જીવરાજભાઈ (મસાલવાળા)એ પરિષદના સભ્ય નોંધાયને સંગઠનને મજબુત કરવા અનુરોધ કરેલ અને શ્રી પોપટલાલ જમનાદાસભાઈએ શાખાની કાર્યવાહીની આછી રૂપરેખાની રજુઆત કરી હતી.

શ્રી જયેન્દ્રભાઈ રાજપરાના આભાર દર્શનબાદ કેન્દ્રીય મંત્રીશ્રી ચિમનલાલભાઈ શેઠે શ્રી જયેન્દ્રભાઈ રાજપરાને જુનાગઢ જીલ્લાના કન્વીનર તરીકેની નિયુક્તિ કર્યાની જાહેરાત કરી હતી.

"લગ્ન પ્રસ્તાવ"

રાજકોટ ચાંપાસેનીવાળા ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજાત્મજ ગો. શ્રી વ્રજનાથલાલજી મહારાજ સુત ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના તૃતીય લાલબાવા ચિ. **ગો. શ્રી ગોપિકાલંકારજીબાવા (ગોપીબાવા)**ના શુભ વિવાહ પ્રસ્તાવ સં. ૨૦૪૦ના વૈશાખ સુદી ૯ બુધવાર તા. ૯-૫-૮૪ના રોજ નિશ્ચિત થયેલ છે.

આ શુભ પ્રસંગે શ્રીના વિવિધ મનોરથો તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવચનો થશે.

બાલીસના– પંચમ પીઠાધીશ્વર ગો. શ્રી ગોવિન્દલાલજી મહારાજશ્રીના લઘુભ્રાતા વિરમગામસ્થ ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રીના તૃતીય લાલજી ચિ. ગો. શ્રી કલ્યાણરાયજી (કન્હૈયા બાવા)ના શુભવિવાહ પ્રસ્તાવ સં. ૨૦૪૦ વૈશાખ શુકલ તા. ૯-૫-૮૪ બુધવારના નિશ્ચિત થયા છે.

સમાચાર

જુનાગઢ મોટી હવેલીમાં પૂ. ગો. શ્રી ચંદ્રપ્રભાવહુજીએ શ્રી યમુનાજીના લોટીજીઓ પધારતા સંવત ૨૦૪૦ના ફાગણ સુદ ૭ તા. ૨૩-૩-૮૪ના રોજ **"શ્રી યમુનાજીનો મહોત્સવ"** ભવ્ય શોભાયાત્રા તથા કીર્તન સમાજ, બિલખા પાઠશાળાની બહેનોના રાસ ગરબા, દાઢીલીલા વગેરે કાર્યક્રમથી વૈષ્ણવોની બહોળી હાજરીમાં ઉજવેલ હતો.

બોડેલી તા. ૨૪-૩-૮૪ના રોજ આ. રા. પુ. વૈ. પરિષદના ઉપક્રમે ભરાયેલ સભામાં મંત્રીશ્રી ચીમનલાલ શેઠે તથા છોટા ઉદેપુરના શ્રી વિઠ્ઠલદાસભાઈ શાહે સંગઠીત થવા સંબંધમાં પ્રેરક ઉદ્‌બોધન કરેલ તેમજ પાનવડ, કવાંટ, છોટા ઉદેપુર, તેજગઢ, પાવી જેતપુર વગેરે ગામોના વૈષ્ણવો પરિષદના સભ્ય તરીકે તેમજ **"શ્રી વલ્લભ સુધા"** માસિકનાં ગ્રાહકો નોંધાયા હતા. વિશેષમાં આ વિભાગના મુખ્ય સંયોજક તરીકે શ્રી વિઠ્ઠલદાસભાઈ શાહની નિયુક્તિ કર્યાની જાહેરાત કરી એડહોક કમિટિની રચના કરવામાં આવી.

કેશોદ આં. રા પુ. વૈ. પરિષદના ઉપક્રમે તા. ૨-૪-૮૪ની યોજાયેલ સભામાં પૂ. પા. ગો. શ્રી માધવરાયજી મહારાજશ્રી (વેરાવળ–મુંબઈ–પોરબંદર) એ વર્તમાન પરિસ્થિતિમાં વૈષ્ણવોની ફરજ અને સંગઠીત થઈ પરિષદમાં જોડાય જવા સંબંધમાં પ્રેરણાદાયી વચનામૃત કરેલ. તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી ચિમનલાલ શેઠે પરિષદની કાર્યવાહીની વિસ્તૃત સમજુતિ આપીને સંગઠીત થવા અપીલ કરી હતી.

જુનાગઢ આં. રા. પુ. વૈષ્ણવ પરિષદની શાખાની સભા શ્રી હરસુખલાલ રાજપરાના પ્રમુખસ્થાને તા. ૨-૪-૮૪ના રોજ ભરાયેલ હતી તેમાં કેન્દ્રીય મંત્રી શ્રી ચીમનલાલ શેઠે, કલકત્તાના આગેવાન કાર્યકર શ્રી દ્વારકાદાસભાઈ રાણા તેમજ રાજકોટ શાખાના મંત્રી અને [illegible]ટ્ર વિભાગના કન્વીનર શ્રી ડાયાભાઈ કંસારાએ સંબોધી હતી. તેમજ સંગઠન, સોમયજ્ઞ તેમજ વેરાવળ મુકામે યોજાનાર સંસ્કાર શિબિર સંબંધમાં વિસ્તૃત માહિતી આપેલ હતી આ પ્રવાસમાં રાજકોટ શાખાના ઉપપ્રમુખશ્રી જીવણલાલ લાલજીભાઈ રાણપરા જોડાયેલ હતા.

શાખાના ઉપપ્રમુખ શ્રી રતિભાઈ જીવરાજભાઈ (મસાલવાળા)એ પરિષદના સભ્ય નોંધાયને સંગઠનને મજબુત કરવા અનુરોધ કરેલ અને શ્રી પોપટલાલ જમનાદાસભાઈએ શાખાની કાર્યવાહીની આછી રૂપરેખાની રજુઆત કરી હતી.

શ્રી જયેન્દ્રભાઈ રાજપરાના આભાર દર્શનબાદ કેન્દ્રીય મંત્રીશ્રી ચિમનલાલભાઈ શેઠે શ્રી જયેન્દ્રભાઈ રાજપરાને જુનાગઢ જીલ્લાના કન્વીનર તરીકેની નિયુક્તિ કર્યાની જાહેરાત કરી હતી.

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઈ શા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

❀

વર્ષ ૩ : અંક ૨
મે, ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૨

આદરણીય વાંચક બંધુઓ તથા ભગિનીઓ

સસ્નેહ ભગવદ્ સ્મરણ

દિવસે દિવસે પરિસ્થિતિ કથળતી જાય છે, માનવી ધર્મથી વિમુખ થતો જાય છે. વડીલો અને યુવાનો સતત સંઘર્ષમય વાતાવરણમાં જીવન વીતાવતાં હોય તેવું ભાસે છે.

દુસંગની અસર ડગલેને પગલે થઈ રહી છે, સ્વકર્તવ્ય ભુલી અન્યને કર્તવ્યની યાદ અપાવતું આપણા સૌનું જીવન થઈ ગયેલ છે. મંદિરો, હવેલી તેમજ યાત્રા ધામોમાં દર્શન કરી આવ્યા એટલે આપણે સમગ્ર કર્તવ્ય બજાવી ચુકયા તેવું માનતા થઇ ગયા છીએ.

આપણામાં રહેલ દોષ ઉપર દૃષ્ટિપાત નહિ કરતાં અન્યમાં રહેલ ઉણપ પ્રત્યે આપણું ધ્યાન વિશેષ રહે છે.

જીવનમાં સાશ્વત શાંતિ મલે અને શ્રી ઠાકોરજીની આપણા ઉપર કૃપા ઉત્તરે તેમ સૌ ઈચ્છીએ છીએ પરંતુ તે તરફ જવા કદી પ્રયત્ન કરતાં નથી.

આચાર્ય ચરણ શ્રીમદ્ વલ્લભાચાર્ય સ્થાપીત શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનાં સેવકો ગણાવીએ છીએ. પરંતુ આચાર્ય ચરણે ચીંધેલ માર્ગ ઉપર ચાલવાની તત્પરતાં નથી, આપશ્રીએ બતાવેલ આચાર વિચારનું જીવનમાં આચરણ નથી; આચરણની તો પછીની વાત ગણાય અરે મૂળભુત સિદ્ધાંતો જાણવા કે સમજવા આપણે કદી પ્રયત્ન કરતાં નથી.

પુષ્ટિમાર્ગના મૂળભુત સિદ્ધાંતો ઉપર દૃષ્ટિપાત કરીએ તો તેમાં જીવ માત્રનું કલ્યાણ જ સમાયેલ છે. જીવમાં આપણે પણ આવ્યા એટલે આપણે આપણા જ કલ્યાણ માટે સ્વમાર્ગીય સિદ્ધાંતો જાણવા તે અતિ જરૂરનું છે.

સદ્વાંચન અને સત્સંગ દ્વારા સ્વમાર્ગીય સિદ્ધાંતો સમજી શકાય છે.

(જુઓ ટાઈટલ ત્રીજુ)

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઈ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**
❋
વર્ષ ૩ : અંક ૨
મે, ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ–૩૬૦૦૦૨

આદરણીય વાંચક બંધુઓ તથા ભગિનીઓ

સસ્નેહ ભગવદ્ સ્મરણ

દિવસે દિવસે પરિસ્થિતિ કથળતી જાય છે, માનવી ધર્મથી વિમુખ થતો જાય છે. વડીલો અને યુવાનો સતત સંઘર્ષમય વાતાવરણમાં જીવન વીતાવતાં હોય તેવું ભાસે છે.

દુસંગની અસર ડગલેને પગલે થઈ રહી છે, સ્વકર્તવ્ય ભુલી અન્યને કર્તવ્યની યાદ અપાવતું આપણા સૌનું જીવન થઈ ગયેલ છે. મંદિરો, હવેલી તેમજ યાત્રા ધામોમાં દર્શન કરી આવ્યા એટલે આપણે સમગ્ર કર્તવ્ય બજાવી ચુકયા તેવું માનતા થઇ ગયા છીએ.

આપણામાં રહેલ દોષ ઉપર દૃષ્ટિપાત નહિ કરતાં અન્યમાં રહેલ ઉણપ પ્રત્યે આપણું ધ્યાન વિશેષ રહે છે.

જીવનમાં સાશ્વત શાંતિ મલે અને શ્રી ઠાકોરજીની આપણા ઉપર કૃપા ઉત્તરે તેમ સૌ ઈચ્છીએ છીએ પરંતુ તે તરફ જવા કદી પ્રયત્ન કરતાં નથી.

આચાર્ય ચરણ શ્રીમદ્ વલ્લભાચાર્ય સ્થાપીત શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનાં સેવકો ગણાવીએ છીએ. પરંતુ આચાર્ય ચરણે ચીંધેલ માર્ગ ઉપર ચાલવાની તત્પરતાં નથી, આપશ્રીએ બતાવેલ આચાર વિચારનું જીવનમાં આચરણ નથી; આચરણની તો પછીની વાત ગણાય અરે મૂળભુત સિદ્ધાંતો જાણવા કે સમજવા આપણે કદી પ્રયત્ન કરતાં નથી.

પુષ્ટિમાર્ગના મૂળભુત સિદ્ધાંતો ઉપર દૃષ્ટિપાત કરીએ તો તેમાં જીવ માત્રનું કલ્યાણ જ સમાયેલ છે. જીવમાં આપણે પણ આવ્યા એટલે આપણે આપણા જ કલ્યાણ માટે સ્વમાર્ગીય સિદ્ધાંતો જાણવા તે અતિ જરૂરનું છે.

સદ્વાંચન અને સત્સંગ દ્વારા સ્વમાર્ગીય સિદ્ધાંતો સમજી શકાય છે.

(જુઓ ટાઈટલ ત્રીજું)

સ્વસિદ્ધાન્ત પ્રબોધક ગ્રંથ

રચયિતા : નિ. લી. ગો. શ્રી રમણલાલજી મહારાજ (મથુરા)
અનુવાદ : પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર)

(લેખાંક ત્રીજો)

તુલસી માલા નિરૂપણ

મુખ્ય વૈષ્ણવી ચિહનો સહિત ભગવદ્સેવા કરવી શાસ્ત્રોમાં કહી છે. તેમાં મુખ ચિહન તુલસીકાષ્ટ માલા અને તિલક સદા ધારણ કરવી તથા ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાનું કહ્યું છે તેથી માલા અને તિલક સદા ધારણ આપણે કરીયે છિયે. તેમાં પ્રમાણ "જેના કંઠમાં તુલસીની માલા બિરાજે છે તે પુરૂષ કદાચ અવશ્યતા કરીને અંત સમય સુધી અસુધ અનાચારી પણ હોય છે તો પણ તે ભગવાનના વૈકુણ્ઠધામમાં નિશ્ચયે કરીને પહોંચે છે તેમાં સંદેહ નથી." બીજુ વાકય, "તુલસીકાષ્ટની માળા (તથા આમરાની માળા) જે પુરૂષ દેહધારીના કંઠમાં દેખાય છે તે પુરૂષને વૈષ્ણવો માં ઉત્તમ જાણવો." બીજુ વાકય, ત્રીજું વચન, "જે પુરૂષના કંઠમાં તુલસીકાષ્ટની માળા નિત્ય બિરાજે છે તે પોતાના કુળને તારે છે, જ્યાં સુધી ભગવત્ કથામૂલમાં સ્થિત છે." ચોથું વચન "તુલસીકાષ્ટની માળા જે ભકત ભગવાનની પ્રસાદિ નિત્ય ધારણ કરે છે તેની ભક્તિને લીધે તેના પાતક બધાં દૂર થાય છે." પાંચમું વચન "તુલસીકાષ્ટની માલા જે કંઠમાં તથા બાંહોમાં ભૂષણ કરીને ધારણ કરે છે તેના દેહધાં પ્રાયશ્ચિત તથા આશૌચ ન રહી શકે." છઠુ વચન "તુલસીકાષ્ટની માળા જે પુરૂષ અશૌચમાં તથા અનાચારમાં, કાલમાં, અકાલમાં, સર્વદા ધારણ કરી રાખે છે તે ભગવાનનું પરમ પદ વૈકુણ્ઠ ધામની પ્રાપ્તિ કરે છે." વચન સાતમું "જે વૈષ્ણવ તુલસીની માલા કંઠમાં ધારણ કરીને ઘરમાં નિત્ય સ્નાન કરે છે તેને પુષ્કર તથા પ્રયાગના સ્નાનનું ફલ નિત્ય મલે છે." વચન આઠમું જે "પુરૂપ શુભસ્વરૂપ તુલસીકાષ્ટની માળા સ્નાનકાળમાં પહેરે છે તેને ગંગાદિક સર્વતીર્થોના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે એમાં સંદેહ નથી." વચન નવમું. "જે મનુષ્ય તુલસીની માલા ધારણ કરીને પ્રસાદ લે છે (જમે છે) તેને એક એક ગ્રાસ (કોળીયે) વાજીમેધ યજ્ઞનું ફલ સદા પ્રાપ્ત થાય છે." વંચન દશમું "જે પુરૂષને અંગે અન્તકાલમાં જો તુલસીમાલાનો સ્પર્શ કરે તો તેના દેહથી ઉત્પન્ન થયેલ પાપ એજ ક્ષણે નાશ પામે છે.

હવે જે તુલસીની માલાની નિંદા કરે છે તેને દોષ શું લાગે ? તે માટે વાકય અગિયારમું "કંઠમાં રહેલી તુલસીમાલાને જોઇને જે નિંદા કરે છે તે મૂઢ અને અજ્ઞાની છે તેમાં સંદેહ નથી." વચન બારમું "જે પુરૂષ તુલસીની માલા ધારણ કરતો નથી તે પાપ

સ્વસિદ્ધાન્ત પ્રબોધક ગ્રંથ

રચયિતા : નિ. લી. ગો. શ્રી રમણલાલજી મહારાજ (મથુરા)
અનુવાદ : પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)

(લેખાંક ત્રીજો)

તુલસી માલા નિરૂપણ

મુખ્ય વૈષ્ણવી ચિહ્નો સહિત ભગવદ્‌સેવા કરવી શાસ્ત્રોમાં કહી છે. તેમાં મુખ ચિહ્ન તુલસીકાષ્ટ માલા અને તિલક સદા ધારણ કરવી તથા ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવાનું કહ્યું છે તેથી માલા અને તિલક સદા ધારણ આપણે કરીયે છિયે. તેમાં પ્રમાણ "જેના કંઠમાં તુલસીની માલા બિરાજે છે તે પુરૂષ કદાચ અવશ્યતા કરીને અંત સમય સુધી અસુધ અનાચારી પણ હોય છે તો પણ તે ભગવાનના વૈકુણ્ઠધામમાં નિશ્ચયે કરીને પહોંચે છે તેમાં સંદેહ નથી." બીજુ વાકય, "તુલસીકાષ્ટની માળા (તથા આમરાની માળા) જે પુરૂષ દેહધારીના કંઠમાં દેખાય છે તે પુરૂષને વૈષ્ણવો માં ઉત્તમ જાણવો." બીજુ વાકય, ત્રીજું વચન, "જે પુરૂષના કંઠમાં તુલસીકાષ્ટની માળા નિત્ય બિરાજે છે તે પોતાના કુળને તારે છે, જયાં સુધી ભગવત્ કથામૂલમાં સ્થિત છે." ચોથું વચન "તુલસીકાષ્ટની માળા જે ભકત ભગવાનની પ્રસાદિ નિત્ય ધારણ કરે છે તેની ભકિતને લીધે તેના પાતક બધાં દૂર થાય છે." પાંચમું વચન "તુલસીકાષ્ટની માલા જે કંઠમાં તથા બાંહોમાં ભૂષણ કરીને ધારણ કરે છે તેના દેહધાં પ્રાયશ્ચિત તથા આશૌચ ન રહી શકે." છઠુ વચન "તુલસીકાષ્ટની માળા જે પુરૂષ અશૌચમાં તથા અનાચારમાં, કાલમાં, અકાલમાં, સર્વદા ધારણ કરી રાખે છે તે ભગવાનનું પરમ પદ વૈકુણ્ઠ ધામની પ્રાપ્તિ કરે છે." વચન સાતમું "જે વૈષ્ણવ તુલસીની માલા કંઠમાં ધારણ કરીને ઘરમાં નિત્ય સ્નાન કરે છે તેને પુષ્કર તથા પ્રયાગના સ્નાનનું ફલ નિત્ય મલે છે." વચન આઠમું જે "પુરૂપ શુભસ્વરૂપ તુલસીકાષ્ટની માળા સ્નાનકાળમાં પહેરે છે તેને ગંગાદિક સર્વતીર્થોના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે એમાં સંદેહ નથી." વચન નવમું. "જે મનુષ્ય તુલસીની માલા ધારણ કરીને પ્રસાદ લે છે (જમે છે) તેને એક એક ગ્રાસ (કોળીયે) વાજીમેધ યજ્ઞનું ફલ સદા પ્રાપ્ત થાય છે." વચન દશમું "જે પુરૂષને અંગે અન્તકાલમાં જો તુલસીમાલાનો સ્પર્શ કરે તો તેના દેહથી ઉત્પન્ન થયેલ પાપ એજ ક્ષણે નાશ પામે છે.

હવે જે તુલસીની માલાની નિંદા કરે છે તેને દોષ શું લાગે ? તે માટે વાકય અગિયારમું "કંઠમાં રહેલી તુલસીમાલાને જોઇને જે નિંદા કરે છે તે મૂઢ અને અજ્ઞાની છે તેમાં સંદેહ નથી." વચન બારમું "જે પુરૂષ તુલસીની માલા ધારણ કરતો નથી તે પાપ

યુકત છે જેની બુદ્ધિ હરિની કોપરૂપ જે અગ્નિ તેનાથી દગ્ધ છે. બળે છે અને તેનું નરકભોગથી નિવર્તન નથી થતું." વચન તેરમું "જેના ગળામાં તુલસીની માલા નથી તે મૂઢ બુદ્ધિને અન્ન-જલ દૂધ પાનાદિક કરે છે તે અપવિત્ર પદાર્થનું ભોજન કરે છે." હવે અવધારણને માટે ચૌદમું વચન, શ્રુતિ કહે છે "તુલસીમાલા જે ધારણ કરે છે એ જીવન્મુકત છે." પ્રહલાદ સંહિતામાં કહ્યું છે કે "જે પુરૂષ કંઠમાં તુલસીમાલા પહેરે છે તેની પ્રીતિ સદા શ્રીકૃષ્ણમાં થાય છે. અને તેનું પ્રાયશ્ચિત દૂર થાય છે તેના શરીરમાં કોઇ પ્રકારની અપવિત્રતા (આશૌચ) નથી રહેતી. જેના કંઠમાં સદા તુલસી માલા બિરાજે છે અને ઉર્ધ્વ પુણ્ડ તિલક મુદ્રા ધારણ કરે તે વૈષ્ણવ ભુવન (સ્વર્ગ)ને પવિત્ર કરે છે જે પુરૂષ તુલસીની માલા (આમરાની માલા) ધારણ કરે છે તે મહા ઘોર પાતકને માલા દૂર કરે છે અને ધર્મ, અર્થ, કામના દેનારી છે અને તુલસીની માલા જેના કંઠમાં છે તેને અન્ત સમયે યમદૂત જુવે છતાં દૂર ભાગી જાય છે, જેમ પવનનાં વેગથી પાંદડું ઉડે."

સ્કંદ પુરાણમાં કહ્યું છે કે "તુલસી આમરાની માળા જે ધારણ નથી કરતો તે અવૈષ્ણવ છે. પછી ભલે તે વિષ્ણુ પુજામાં રત હોય" ગરૂડ પુરાણમાં કહ્યું છે કે "તિલક મુદ્રા, તુલસીની માળા જે ધારણ કરે છે તેને જોઇને કોઇ પુરૂષ તેની નિંદા કરે એ વૈષ્ણવ નહીં નાસ્તિક છે" તેથી આપણી તુલસી માળા યજ્ઞોપવિત (જનોઇ)ની જેમ ધારણ કરી રાખવી જોઇએ. આશોચમાં અનાચારમાં પણ કાલાકાલ સર્વે કાલમાં સર્વદા ધારણ કરવી ઇત્યાદિક વચન તથા વેદની શ્રુતિ તથા નિબંધ તથા સ્વમાર્ગીય ગ્રંથ તથા પ્રાચિન પરંપરા અનુસારજ વૈષ્ણવો-આચાર્યો (ગુરૂ) તથા સેવકો તુલસીની માલા આદર સહિત, હઠ સહિત ધારણ કરે છે.

તિલક

હવે વૈષ્ણવોનું બીજું ચિન્હ ઉર્ધ્વપુંણ્ડ તિલક છે તે ધારણ કરે છે તેમાં પ્રમાણ એ છે કે "દશ આંગળીનું તિલક તે ઉત્તમોત્તમ છે, નવ આંગળનું મધ્યમ છે, આઠ આંગળનું પણ મધ્યમ છે, સાત, છ, પાંચ આંગળનું તો તેનાથી પણ નિમ્ન (મધ્યમ) છે. અને ઊર્ધ્વ પુંડને ઉંચુ તિલક સીધું સુશોભિત કનિષ્ઠ આંગળી વત્ નાસિકાથી લઇને કેશ પર્યન્ત પ્રયત્નથી ધારણ કરવુ" વચન ત્રીજું "ઊર્ધ્વપુંડ તિલક ઉંચુ સીધું સુશોભિત મનોહર દંડાકાર સુંદર શોભાયુકત મધ્યમાં છીદ્ર સહિત ધારણ કરવું 'શતપથબ્રાહ્મણ-વેદનીશ્રુતિ" જે બેરેખાવાળુ જોવામાં અતી સુંદર લાગે એવું ઉર્ધ્વપુંડ ઉંચું દંડાકાર તિલક ધારણ કરે તે સર્વોત્કર્ષ સહિત તેનું સાયુજય થાય, ભગવદ્ લોકની પ્રાપ્તિ થાય છે. ભાગવત મહાત્મ્યમાં પણ "શુદ્ધ વૈષ્ણવ તે છે જે હરિના ચારણની આકૃતિવાળુ અથવા દંડાકાર તિલક ધારણ કરે, ઉપરથી પહોળું નીચેથી સાંકડું પદાકૃત અને સમાનસીધું આ બન્ને તિલક (અર્થાત નીચેથી બન્ને રેખા ભેગી કરેલ અને નીચેથી છુટ્ટી રેખાઓ રહે તે) એકજ છે તેમાં ભેદ નથી વૈષ્ણયોને માટે તો આ બે પ્રકારના તીલકજ ધારણ કરવા યોગ્ય છે. નિષ્કામ પુષ્ટિમાર્ગીય ભકતને માટે આ બન્ને પ્રકારના

યુકત છે જેની બુદ્ધિ હરિની કોપરૂપ જે અગ્નિ તેનાથી દગ્ધ છે. બળે છે અને તેનું નરકભોગથી નિવર્તન નથી થતું.” વચન તેરમું “જેના ગળામાં તુલસીની માલા નથી તે મૂઢ બુદ્ધિને અન્ન-જલ દૂધ પાનાદિક કરે છે તે અપવિત્ર પદાર્થનું ભોજન કરે છે.” હવે અવધારણને માટે ચૌદમું વચન, શ્રુતિ કહે છે “તુલસીમાલા જે ધારણ કરે છે એ જીવન્મુકત છે.” પ્રહલાદ સંહિતામાં કહ્યું છે કે “જે પુરૂષ કંઠમાં તુલસીમાલા પહેરે છે તેની પ્રીતિ સદા શ્રીકૃષ્ણમાં થાય છે. અને તેનું પ્રાયશ્ચિત દૂર થાય છે તેના શરીરમાં કોઇ પ્રકારની અપવિત્રતા (આશૌચ) નથી રહેતી. જેના કંઠમાં સદા તુલસી માલા બિરાજે છે અને ઉર્ધ્વ પુણ્ડ તિલક મુદ્રા ધારણ કરે તે વૈષ્ણવ ભુવન (સ્વર્ગ)ને પવિત્ર કરે છે જે પુરૂષ તુલસીની માલા (આમરાની માલા) ધારણ કરે છે તે મહા ઘોર પાતકને માલા દૂર કરે છે અને ધર્મ, અર્થ, કામના દેનારી છે અને તુલસીની માલા જેના કંઠમાં છે તેને અન્ત સમયે યમદૂત જુવે છતાં દૂર ભાગી જાય છે, જેમ પવનનાં વેગથી પાંદડું ઉડે.”

સ્કંદ પુરાણમાં કહ્યું છે કે “તુલસી આમરાની માળા જે ધારણ નથી કરતો તે અવૈષ્ણવ છે. પછી ભલે તે વિષ્ણુ પુજામાં રત હોય” ગરૂડ પુરાણમાં કહ્યું છે કે “તિલક મુદ્રા, તુલસીની માળા જે ધારણ કરે છે તેને જોઇને કોઇ પુરૂષ તેની નિંદા કરે એ વૈષ્ણવ નહીં નાસ્તિક છે” તેથી આપણી તુલસી માળા યજ્ઞોપવિત (જનોઇ)ની જેમ ધારણ કરી રાખવી જોઇએ. આશોચમાં અનાચારમાં પણ કાલાકાલ સર્વે કાલમાં સર્વદા ધારણ કરવી ઇત્યાદિક વચન તથા વેદની શ્રુતિ તથા નિબંધ તથા સ્વમાર્ગીય ગ્રંથ તથા પ્રાચિન પરંપરા અનુસારજ વૈષ્ણવો-આચાર્યો (ગુરૂ) તથા સેવકો તુલસીની માલા આદર સહિત, હઠ સહિત ધારણ કરે છે.

તિલક

હવે વૈષ્ણવોનું બીજું ચિન્હ ઉર્ધ્વપુંણ્ડ તિલક છે તે ધારણ કરે છે તેમાં પ્રમાણ એ છે કે “દશ આંગળીનું તિલક તે ઉત્તમોત્તમ છે, નવ આંગળનું મધ્યમ છે, આઠ આંગળનું પણ મધ્યમ છે, સાત, છ, પાંચ આંગળનું તો તેનાથી પણ નિમ્ન (મધ્યમ) છે. અને ઊર્ધ્વ પુંડને ઉંચુ તિલક સીધું સુશોભિત કનિષ્ઠ આંગળી વત્ નાસિકાથી લઇને કેશ પર્યન્ત પ્રયત્નથી ધારણ કરવુ” વચન ત્રીજું “ઊર્ધ્વપુંડ તિલક ઉંચુ સીધું સુશોભિત મનોહર દંડાકાર સુંદર શોભાયુકત મધ્યમાં છીદ્ર સહિત ધારણ કરવું ‘શતપથબ્રાહ્મણ-વેદનીશ્રુતિ” જે બેરેખાવાળું જોવામાં અતી સુંદર લાગે એવું ઉર્ધ્વપુંડ ઉંચું દંડાકાર તિલક ધારણ કરે તે સર્વોત્કર્ષ સહિત તેનું સાયુજય થાય, ભગવદ્ લોકની પ્રાપ્તિ થાય છે. ભાગવત મહાત્મ્યમાં પણ “શુદ્ધ વૈષ્ણવ તે છે જે હરિના ચારણની આકૃતિવાળુ અથવા દંડાકાર તિલક ધારણ કરે, ઉપરથી પહોળું નીચેથી સાંકડું પદાકૃત અને સમાનસીધું આ બન્ને તિલક (અર્થાત નીચેથી બન્ને રેખા ભેગી કરેલ અને નીચેથી છુટ્ટી રેખાઓ રહે તે) એકજ છે તેમાં ભેદ નથી વૈષ્ણયોને માટે તો આ બે પ્રકારના તીલકજ ધારણ કરવા યોગ્ય છે. નિષ્કામ પુષ્ટિમાર્ગીય ભકતને માટે આ બન્ને પ્રકારના

તિલકજ ધારણ કરવા સાર્થક છે. હવે કેવલ પ્રસાદી વસ્તુજ ગ્રહણ કરવી એ વિષય પર કહિયે છીએ.

મહાપ્રસાદ

ગરૂડ પુરાણમાં કહ્યું છે કે "શ્રી હરિનું ચરણામૃત પાન કરીને મસ્તક પર ધારણ કરવું નિત્ય મહાપ્રસાદ લેવો" બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે કે "જે પુરૂષ શ્રીકૃષ્ણનું ઉચ્છિષ્ટ (મહાપ્રસાદ)નું નિત્ય ભોજન કરે છે તેને એક એક કોળીયે અસંખ્યાત ચંદ્રાયણ વૃતથી પણ અધિક પુણ્ય ફલ પ્રાપ્ત થાય છે." બ્રહ્મપુરાણમાં કહ્યું છે કે "અગ્નિષ્ટોમયજ્ઞ હજાર અને વાજપેય યજ્ઞ સો, તેનાથી જે ફલ પ્રાપ્ત થાય છે તે ફલ કેવળ શ્રીકૃષ્ણના મહાપ્રસાદથી એજ ક્ષણે પ્રાપ્ત થાય છે" વળી બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે કે "પત્ર, પુષ્પ, ફલ, જલ. અન્ન, દુધ, ઔષધી વસ્ત્ર ભૂષણાદિક શ્રીકૃષ્ણને સમર્પીને જ પ્રસાદી ગ્રહણ કરવા અનિવેદિત સર્વથા ન લેવુ" આજ પ્રકાર શ્રુતિમાં પણ કહયો છે "વિષ્ણુ (શ્રીકૃષ્ણ) તેનો જ પ્રસાદ લેવો" અનિવેદિતની શાસ્ત્રોમાં નિંદા કરી છે કે "જે પુરૂષ અસમર્પિત ખાય છે તેની સ્થિતિ સદા પ્રાયશ્ચિતનીજ રહે છે, તેથી સર્વ નિવેદન કરીને જ લેવુ, અસમર્પિત ખાય છે તે સાત જન્મ સુધી નરકની યોનિ પ્રાપ્ત કરે છે" પદ્મપુરાણમાં કહ્યુ છે કે "પરમાત્માં જે હરિ છે તેમને નિવેદિત કર્યા વિના જે પદાર્થ અન્નાદિક લ્યે છે તેમના પિતૃઓને અને વર્ષો સુધી નરકમાં રહેવું પડે છે" સિદ્ધાન્ત રહસ્યમાં શ્રી મહાંપ્રભુજીની આજ્ઞા છે કે "એ સમર્પિત વસ્તુ કદી ન લેવી" અને સર્વ દેવતા, સર્વ પિતૃ, સર્વ મનુષ્ય ભગવાન વિષ્ણુ (શ્રીકૃષ્ણ) તેનો જ પ્રસાદ લે પ્રસાદિ માળા આદિથી સુગંધ તેનીજ લ્યે, જલ આદિ પણ તેમનું પ્રસાદી જ લ્યે સર્વ પદાર્થ ભગવત્પ્રસાદના સ્વરૂપમાંજ ગ્રહણ કરવો.

(ક્રમશઃ)

જુના ગ્રાહકોને નમ્ર વિનંતિ

નવું વર્ષ પ્રારંભ થયાને બે માસ થવા આવ્યા છતાં ઘણા ગ્રાહકોના લવાજમ આવેલા નથી. તો વ્યકિતગત જાણ થવાની રાહ નહિ જોતાં તુરત જ નવા વર્ષનું લવાજમ મોકલવા કૃપા કરે.

તિલકજ ધારણ કરવા સાર્થક છે. હવે કેવલ પ્રસાદી વસ્તુજ ગ્રહણ કરવી એ વિષય પર કહિયે છીએ.

મહાપ્રસાદ

ગરૂડ પુરાણમાં કહ્યું છે કે "શ્રી હરિનું ચરણામૃત પાન કરીને મસ્તક પર ધારણ કરવું નિત્ય મહાપ્રસાદ લેવો" બ્રહ્માંડ પુરાણમાં કહયું છે કે "જે પુરૂષ શ્રીકૃષ્ણનું ઉચ્છિષ્ટ (મહાપ્રસાદ)નું નિત્ય ભોજન કરે છે તેને એક એક કોળીયે અસંખ્યાત ચંદ્રાયણ વૃતથી પણ અધિક પુણ્ય ફલ પ્રાપ્ત થાય છે." બ્રહ્મપુરાણમાં કહ્યું છે કે "અગ્નિષ્ટોમયજ્ઞ હજાર અને વાજપેય યજ્ઞ સો, તેનાથી જે ફલ પ્રાપ્ત થાય છે તે ફલ કેવળ શ્રીકૃષ્ણના મહાપ્રસાદથી એજ ક્ષણે પ્રાપ્ત થાય છે" વળી બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે કે "પત્ર, પુષ્પ, ફલ, જલ. અન્ન, દુધ, ઔષધી વસ્ત્ર ભૂષણાદિક શ્રીકૃષ્ણને સમર્પીનેજ પ્રસાદી ગ્રહણ કરવા અનિવેદિત સર્વથા ન લેવુ" આજ પ્રકાર શ્રુતિમાં પણ કહયો છે "વિષ્ણુ (શ્રીકૃષ્ણ) તેનો જ પ્રસાદ લેવો" અનિવેદિતની શાસ્ત્રોમાં નિંદા કરી છે કે "જે પુરૂષ અસમર્પિત ખાય છે તેની સ્થિતિ સદા પ્રાયશ્ચિતનીજ રહે છે, તેથી સર્વ નિવેદન કરીને જ લેવુ, અસમર્પિત ખાય છે તે સાત જન્મ સુધી નરકની યોનિ પ્રાપ્ત કરે છે" પદ્મપુરાણમાં કહ્યુ છે કે "પરમાત્માં જે હરિ છે તેમને નિવેદિત કર્યા વિના જે પદાર્થ અન્નાદિક લ્યે છે તેમના પિતૃઓને અને વર્ષો સુધી નરકમાં રહેવું પડે છે" સિદ્ધાન્ત રહસ્યમાં શ્રી મહાંપ્રભુજીની આજ્ઞા છે કે "એ સમર્પિત વસ્તુ કદી ન લેવી" અને સર્વ દેવતા, સર્વ પિતૃ, સર્વ મનુષ્ય ભગવાન વિષ્ણુ (શ્રીકૃષ્ણ) તેનો જ પ્રસાદ લે પ્રસાદિ માળા આદિથી સુગંધ તેનીજ લ્યે, જલ આદિ પણ તેમનું પ્રસાદી જ લ્યે સર્વ પદાર્થ ભગવત્પ્રસાદના સ્વરૂપમાંજ ગ્રહણ કરવો.

(ક્રમશઃ)

જુના ગ્રાહકોને નમ્ર વિનંતિ

નવું વર્ષ પ્રારંભ થયાને બે માસ થવા આવ્યા છતાં ઘણા ગ્રાહકોના લવાજમ આવેલા નથી. તો વ્યકિતગત જાણ થવાની રાહ નહિ જોતાં તુરત જ નવા વર્ષનું લવાજમ મોકલવા કૃપા કરે.

અથ ત્રિવિધ રસાત્મક સ્વરૂપ

લેખક : **શ્રી ગોવિંદ 'કોવિદ' જતીપુરા**

શિખ કટિ કૃષ્ણા ભાવમય, કટિનખ કૃષ્ણ સ્વરૂપ,
યુગલ ભાવરસ રૂપ સદા, શ્રીમદ્ વલ્લભરૂપ. ૧

ચોટીથી લઈને કમર સુધી કૃષ્ણા સ્વરૂપનો ભાવ છે. ક કમલારૂપા શ્રીરાધિકાજી, ૨–રસરૂપ ઋષિરૂપા કુમારિકાજી,ષ–શ્રુતિરૂપા ગોપીજનો,ણ–આનંદ રૂપા શ્રીયમુનાજી એ ચારે યુથાધિપતિનું કૃષ્ણા સ્વરૂપ છે. કમરથી લઈને ચરણના નખ સુધી સ્વામિનીજીનો ભાવ છે. યુગલ ભાવ શ્રીમહાપ્રભુજી છે. ૧

અંતર ભાવ સુરાધિલ, પ્રગટ કૃષ્ણ મુખ રૂપ;
યુગલાત્મક આચાર્યવર શ્રીમદ્ વલ્લભરૂપ. ૨

અંતરનો ભાવ રાધિકા ભાવ છે. પ્રગટ કૃષ્ણના મુખારવિંદનું સ્વરૂપ, યુગલભાવ શ્રી મહાપ્રભુજી છે.

યુગલભાવ ભાવિત સદા, શ્રીવિઠ્ઠલ સુખધામ;
ઉત્તરાવસ્થા ગૌરતનું, પુર્વાવસ્થા શ્યામ. ૩

શ્રી ગુસાંઇજીની પહેલી અવસ્થા શ્યામ સ્વરૂપ છે, ઉત્તરાવસ્થામાં ગૌર સ્વરૂપ શ્રી ગુસાઈજી પણ યુગલ ભાવાત્મક છે. ૩

યુગલ ભાવના રસપ્રદ વલ્લભ અગ્નિકુમાર,
સકલ પુષ્ટિ પંથ ભકત હિત શ્રીવિઠ્ઠલ અવતાર.૪

યુગલ સ્વરૂપની ભાવના દાન કરવા માટે શ્રીગુસાંઇજી અગ્નિકુમાર છે. સકલ પુષ્ટિ માર્ગના ભકતોને સુખ દેવા માટે શ્રી વિઠ્ઠલ અવતાર છે. ૪

વયોવૃધ્ધ વહ્નિવપુ યુવારૂપ ઘનસ્યામ;
પુષ્ટિ ભકત પોષક સદા ગોકુલેશ ગુણગ્રામ. ૫

અથ ત્રિવિધ રસાત્મક સ્વરૂપ

લેખક : **શ્રી ગોવિંદ 'કોવિદ' જતીપુરા**

શિખ કટિ કૃષ્ણા ભાવમય, કટિનખ કૃષ્ણુ સ્વરૂપ,
યુગલ ભાવરસ રૂપ સદા, શ્રીમદ્ વલ્લભરૂપ. ૧

ચોટીથી લઈને કમર સુધી કૃષ્ણા સ્વરૂપનો ભાવ છે. ક કમલારૂપા શ્રીરાધિકાજી, ૨–રસરૂપ ઋષિરૂપા કુમારિકાજી,ષ–શ્રુતિરૂપા ગોપીજનો,ણુ–આનંદ રૂપા શ્રીયમુનાજી એ ચારે યુથાધિપતિનું કૃષ્ણા સ્વરૂપ છે. કમરથી લઈને ચરણના નખ સુધી સ્વામિનીજીનો ભાવ છે. યુગલ ભાવ શ્રીમહાપ્રભુજી છે. ૧

અંતર ભાવ સુરાધિલ, પ્રગટ કૃષ્ણ મુખ રૂપ;
યુગલાત્મક આચાર્યવર શ્રીમદ્ વલ્લભરૂપ. ૨

અંતરનો ભાવ રાધિકા ભાવ છે. પ્રગટ કૃષ્ણના મુખારવિંદનું સ્વરૂપ, યુગલભાવ શ્રી મહાપ્રભુજી છે.

યુગલભાવ ભાવિત સદા, શ્રીવિઠ્ઠલ સુખધામ;
ઉત્તરાવસ્થા ગૌરતનું, પુર્વાવસ્થા શ્યામ. ૩

શ્રી ગુસાંઇજીની પહેલી અવસ્થા શ્યામ સ્વરૂપ છે, ઉત્તરાવસ્થામાં ગૌર સ્વરૂપ શ્રી ગુસાઈજી પણ યુગલ ભાવાત્મક છે. ૩

યુગલ ભાવના રસપ્રદ વલ્લભ અગ્નિકુમાર,
સકલ પુષ્ટિ પંથ ભકત હિત શ્રીવિઠ્ઠલ અવતાર.૪

યુગલ સ્વરૂપની ભાવના દાન કરવા માટે શ્રીગુસાંઇજી અગ્નિકુમાર છે. સકલ પુષ્ટિ માર્ગના ભકતોને સુખ દેવા માટે શ્રી વિઠ્ઠલ અવતાર છે. ૪

વયોવૃધ્ધ વહનિવપુ યુવારૂપ ઘનસ્યામ;
પુષ્ટિ ભકત પોષક સદા ગોકુલેશ ગુણગ્રામ. ૫

વૃધ્ધાવસ્થામાં અગ્નિ સ્વરૂપ, યુવાવસ્થામાં શ્યામ સ્વરૂપ, પુષ્ટિ ભક્તોનું સદા પોષણ કરવાવાળા શ્રી ગોકુલનાથજી ગુણોના ધામ છે. ૫

શ્રી વલ્લભ સમ નામવર, વિઠ્ઠલ સમ ગુણ ધામ;
કૃષ્ણચંદ્ર સમરૂપ ધર, ગોકુલેશ છબિ ધામ. ૬

શ્રી મહાપ્રભુજીનું નામ છે. શ્રીગુંસાજીના સમાન તેમાં સકલ ગુણ છે, શ્રીકૃષ્ણના સમાન તેમનું સ્વરૂપ છે, એવા શ્રી ગોકુલનાથજી સુંદરતાના ધામ છે. ૬

શ્રી ગોકુલેશ દામોદરં વલ્લભ વિઠ્ઠલરૂપ,
ગોસ્વામી હરિરાયજી, ચારહુ ભાવ સ્વરૂપ ૭

શ્રી ગોકુલનાથજી, દામોદરદાસ હરસાનીજી, શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈજીએ ચારે સ્વરૂપના ભાવાત્મક સ્વરૂપ શ્રી હરિરાયજી છે. ૭

વિઠ્ઠલ વેણુ સ્વરૂપ કે સપ્તમ ધર્મી સ્વરૂપ;
ષટગુણ સંપન્નં સદા શ્રી ગિરિધર રસરૂપ ૮

શ્રી ગુસાંઈજી બંશીનું સ્વરૂપ છે, વેણુંના સાતમાં સ્વર ધર્મી છ ગુણોથી સંપુર્ણ શ્રી ગિરિધરજી આનંદરૂપ છે. ૮

વલ્લભ વિઠ્ઠલ ગિરિધરં ત્રિવિધ સુધા રસરૂપ;
બ્રહ્મ સચ્ચિદાનંદ ઘન ત્રિવિધ ભક્ત હિત રૂપ. ૯

શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈજી અને શ્રી ગિરિધરજી આ ત્રણ પ્રકારના વેણુના સુધાના સ્વરૂપ છે. ત્રણ પ્રકારના ભક્તોને સુખ દેવા માટે રસાત્મક સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ છે. ૯

ઇતિ ત્રિવિધ રસાત્મક ભાવાર્થ સહ સંપુર્ણ.

* * *

ગ્રાહકોને નમ્ર વિનંતિ

લવાજમ મ. ઓ. થી મોકલતી વખતે મ. ઓ. ફોર્મના નીચેની કાપલીમાં ગ્રાહક નંબર તથા પુરૂં સરનામું લખતા રહેવા વિનંતિ છે.

વૃધ્ધાવસ્થામાં અગ્નિ સ્વરૂપ, યુવાવસ્થામાં શ્યામ સ્વરૂપ, પુષ્ટિ ભકતોનું સદા પોષણ કરવાવાળા શ્રી ગોકુલનાથજી ગુણોના ધામ છે. ૫

શ્રી વલ્લભ સમ નામવર, વિઠ્ઠલ સમ ગુણ ધામ;
કૃષ્ણચંદ્ર સમરૂપ ધર, ગોકુલેશ છબિ ધામ. ૬

શ્રી મહાપ્રભુજીનું નામ છે. શ્રીગુંસાજીના સમાન તેમાં સકલ ગુણ છે, શ્રીકૃષ્ણના સમાન તેમનું સ્વરૂપ છે, એવા શ્રી ગોકુલનાથજી સુંદરતાના ધામ છે. ૬

શ્રી ગોકુલેશ દામોદરં વલ્લભ વિઠ્ઠલરૂપ,
ગોસ્વામી હરિરાયજી, ચારહુ ભાવ સ્વરૂપ. ૭

શ્રી ગોકુલનાથજી, દામોદરદાસ હરસાનીજી, શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈજીએ ચારે સ્વરૂપના ભાવાત્મક સ્વરૂપ શ્રી હરિરાયજી છે. ૭

વિઠ્ઠલ વેણુ સ્વરૂપ કે સપ્તમ ધર્મી સ્વરૂપ;
ષટગુણ સંપન્નં સદા શ્રી ગિરિધર રસરૂપ ૮

શ્રી ગુસાંઈજી બંશીનું સ્વરૂપ છે, વેણુંના સાતમાં સ્વર ધર્મી છ ગુણોથી સંપુર્ણ શ્રી ગિરિધરજી આનંદરૂપ છે. ૮

વલ્લભ વિઠ્ઠલ ગિરિધરં ત્રિવિધ સુધા રસરૂપ;
બ્રહ્મ સચ્ચિદાનંદ ઘન ત્રિવિધ ભકત હિત રૂપ. ૯

શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈંજી અને શ્રી ગિરિધરજી આ ત્રણ પ્રકારના વેણુના સુધાના સ્વરૂપ છે. ત્રણ પ્રકારના ભકતોને સુખ દેવા માટે રસાત્મક સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ છે. ૯

ઇતિ ત્રિવિધ રસાત્મક ભાવાર્થ સહ સંપુર્ણ.

❖

ગ્રાહકોને નમ્ર વિનંતિ

લવાજમ મ. ઓ. થી મોકલતી વખતે મ. ઓ. ફોર્મના નીચેની કાપલીમાં ગ્રાહક નંબર તથા પુરૂં સરનામું લખતા રહેવા વિનંતિ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૧૯મો)

ન મે પાર્થાસ્તિ કર્તવ્ય ત્રિષુ લોકેષુ કિંચન ।
નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ॥૨૨॥

હે પાર્થ, મારે ત્રણે લોકમાં કાંઇ પણ કર્તવ્ય નથી, પ્રાપ્ત કરવા યોગ્ય અપ્રાપ્ત તો પણ હું કર્મમાં જ વર્તું છું. ॥૨૨॥

હું પણ તેમ જ કરું છું, એમ 'ન મે પાર્થ' વગેરે શબ્દોથી કહે છે. હે પાર્થ હે મારા પરમ અનુગ્રહવાળા, મારે ત્રણેય લોકમ કાંઈ પણ કર્તવ્ય નથી, અથવા અપ્રાપ્ત એવું પ્રાપ્ત કરવા યોગ્ય કાંઇ નથી છતાંય લોકહિતાર્થે હું કર્મ કરું છું, એમ છે. ॥૨૨॥

યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતંદ્રિતઃ ।
મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥૨૩॥

કારણ કે, હે પાર્થ જો આળસ વગરનો થઇને હું કર્મમાં ન વર્તું તો મનુષ્યો બધી રીતે મારા માર્ગને અનુસરે. ॥૨૩॥

અરે, કર્મ ન કરવાથી શું થાય ? એવી શંકાના જવાબમાં 'યદિ' વગેરે શબ્દોથી કહે છે.

હું આળસ વગરનો થઇને ક્યારેય કર્મમાં પ્રવૃત્ત ન થાઉં તો મનુષ્યો બધી રીતે મારા માર્ગને એટલે કે ભક્તિમાર્ગને અનુસરે, એમ અર્થ છે. આથી તેઓથી તેમાંથી નિવૃત્તિ અર્થે એટલે કે માર્ગમાં પ્રવૃત્તિ હું કર્મ કરું છું, એવો ભાવ છે. ॥૨૩॥

ઉત્સીદેયુરિમે લોકા ન કુર્યાં કર્મ ચેદહમ્ ।
સંકરસ્ય ચ કર્તા સ્યામુપહન્યામિમાઃ પ્રજાઃ ॥૨૪॥

જો હું કર્મ ન કરું તો આ લોકો નાશ પામે, વર્ણસંકરનો કરનાર હું થાઉં અને આ પ્રજાઓને નષ્ટ કરનાર હું થાઉં. ॥૨૪॥

અરે, આપે એ પ્રમાણે કરવાનું શું પ્રયોજન છે ? આવા પ્રશ્નના જવાબમાં 'ઉત્સીદેયુઃ' વગેરે શબ્દોથી કહે છે.

જો હું કર્મ ન કરું તો આ લોકો નાશ પામે. અહીં આ ભાવ છે :– બધાની ભક્તિમાં પ્રવૃત્તિ થાય તો ભગવાનનો સાક્ષાત્કાર અથવા મુક્તિ બધાને મળે, તેથી આ મનુ વગેરે સર્જનના અભાવે નાશ પામે.

આથી જ ભગવાનને વૃષભધ્વજ પ્રત્યે પદ્મપુરાણમાં "ત્વં ચ રુદ્ર મહાબાહો"થી આરંભીને 'સૃષ્ટિરેષોત્તરોત્તરા' સુધીમાં આજ્ઞા કરી છે કે, "અને વળી આ પ્રજાઓનો નાશ કરનાર હું થાઉં. તેથી સંકરનો એટલે કે નરકના સાધનનો કરનાર હું જ થાઉં." એનો આ અર્થ છે :– મારી આજ્ઞાથી બ્રહ્મા વગેરે

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– પ. ભ. શ્રી મગનભાઇ તન્ના

બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૧૯મો)

ન મે પાર્થાસ્તિ કર્તવ્ય ત્રિષુ લોકેષુ કિંચન ।
નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ॥૨૨॥

હે પાર્થ, મારે ત્રણે લોકમાં કાંઇ પણ કર્તવ્ય નથી, પ્રાપ્ત કરવા યોગ્ય અપ્રાપ્ત તો પણ હું કર્મમાં જ વર્તું છું. ॥૨૨॥

હું પણ તેમ જ કરું છું, એમ ‘ન મે પાર્થ’ વગેરે શબ્દોથી કહે છે. હે પાર્થ હે મારા પરમ અનુગ્રહવાળા, મારે ત્રણેય લોકમ કાંઈ પણ કર્તવ્ય નથી, અથવા અપ્રાપ્ત એવું પ્રાપ્ત કરવા યોગ્ય કાંઇ નથી છતાંય લોકહિતાર્થે હું કર્મ કરું છું, એમ છે. ॥૨૨॥

યદિ લહં ન વર્તેયં જાતુ કર્મણ્યતંદ્રિતઃ ।
મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥૨૩॥

કારણ કે, હે પાર્થ જો આળસ વગરનો થઇને હું કર્મમાં ન વર્તું તો મનુષ્યો બધી રીતે મારા માર્ગને અનુસરે. ॥૨૩॥

અરે, કર્મ ન કરવાથી શું થાય ? એવી શંકાના જવાબમાં ‘યદિ’ વગેરે શબ્દોથી કહે છે.

હું આળસ વગરનો થઇને ક્યારેય કર્મમાં પ્રવૃત્ત ન થાઉં તો મનુષ્યો બધી રીતે મારા માર્ગને એટલે કે ભક્તિમાર્ગને અનુસરે, એમ અર્થ છે. આથી તેઓથી તેમાંથી નિવૃત્તિ અર્થે એટલે કે માર્ગમાં પ્રવૃત્તિ હું કર્મ કરું છું, એવો ભાવ છે. ॥૨૩॥

ઉત્સીદેયુરિમે લોકા ન કુર્યાં કર્મ ચેદહમ્ ।
સંકરસ્ય ચ કર્તા સ્યામુપહન્યામિમાઃ પ્રજાઃ ॥૨૪॥

જો હું કર્મ ન કરું તો આ લોકો નાશ પામે, વર્ણસંકરનો કરનાર હું થાઉં અને આ પ્રજાઓને નષ્ટ કરનાર હું થાઉં. ॥૨૪॥

અરે, આપે એ પ્રમાણે કરવાનું શું પ્રયોજન છે ? આવા પ્રશ્નના જવાબમાં ‘ઉત્સીદેયુઃ’ વગેરે શબ્દોથી કહે છે.

જો હું કર્મ ન કરું તો આ લોકો નાશ પામે. અહીં આ ભાવ છે :– બધાની ભક્તિમાં પ્રવૃત્તિ થાય તો ભગવાનનો સાક્ષાત્કાર અથવા મુક્તિ બધાને મળે, તેથી આ મનુ વગેરે સૃજનના અભાવે નાશ પામે.

આથી જ ભગવાનને વૃષભધ્વજ પ્રત્યે પદ્મપુરાણમાં “ત્વં ચ રુદ્ર મહાબાહો”થી આરંભીને ‘સૃષ્ટિરેષોત્તરોત્તરા’ સુધીમાં આજ્ઞા કરી છે કે, “અને વળી આ પ્રજાઓનો નાશ કરનાર હું થાઉં. તેથી સંકરનો એટલે કે નરકના સાધનનો કરનાર હું જ થાઉં.” એનો આ અર્થ છે :– મારી આજ્ઞાથી બ્રહ્મા વગેરે

પ્રજાઓને સરજે છે. તે પ્રજાઓને જો હું નષ્ટ કરું તો તેને પ્રતિકુળ હું થઇ રહું તો સંકર એટલે કે કૃત્રિમતાનો કર્તા હું થાઉં અને પ્રજાઓનું ભકિતના સ્વરૂપનું અજ્ઞાન હોવા છતાં, મારી ઇચ્છા વગરની પ્રવૃત્તિમાં સંકરપણું આવે ફળના અભાવે ભકિતના ફળનો વ્યભિચાર પણ થાય. તેમાં પણ તેનો કર્તા હું જ થાઉં. ॥૨૪॥

સકતાઃ કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત ।
કુર્યાદ્વિદ્વાંસ્તથાડસકતશ્ચિકીર્ષુર્લોક સંગ્રહમ્
॥ ૨૫ ॥

હે ભારત, કર્મમાં આસકત અજ્ઞાનીઓ જેવી રીતે કર્મ કરે છે, તેમજ લોકહિત કરવાની ઇચ્છાવાળો, આશકિત રહિત, વિદ્વાન તે પ્રમાણે કર્મ કરે. ॥ ૨૫ ॥

આથી ભગવાનના સ્વરૂપના જ્ઞાનપૂર્વક લોકહિતાર્થે, કર્મમા આસકિત રહિત થઇને કર્મ કરવું, એમ 'સકતાઃ' વગેરે શબ્દોથી કહે છે.

જેવી રીતે અજ્ઞાનીઓ કર્મમાં આસકત થઇને તેના ફળની અભિલાષાવાળા હોય છે, તેઓ વિષયો વગેરેને ત્યજવા શકિતમાન હોતા નથી અને કર્મ કરે છે, તેવી જ રીતે વિદ્વાન એટલે કે મારા સ્વરૂપને જાણનાર પંડિત પણ લોકકલ્યાણ કરવાની ઇચ્છાથી, કર્મમાં આશકિત રહિત થઇને, મારી આજ્ઞાથી કર્મ કરે, એમ અર્થ છે. ॥ ૨૫ ॥

ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનાં કર્મસંગિનામ્ ।
જોષયેત્સર્વકર્માણિ વિદ્વાન્યુકતઃ સમાચરન્ ॥૨૬॥

જ્ઞાની પુરૂષ કર્મમાં આશકિતવાળા અજ્ઞાનીઓની બુદ્ધિમા ભેદ ઉત્પન્ન કરાવે નહિ. (મારામાં) જોડાયેલો પુરૂષ બધાં કર્મોને સારી રીતે કરતો, બીજાઓને કર્મ કરાવે. ॥ ૨૬ ॥

લોકહિતાર્થે જ કર્મ કરવું જોઇએ, એમ હોય તો કોઇ ને કોઈ પ્રકારે કર્મ કરવુ., એટલે કે જેવી રીતે તેઓ અજ્ઞાનતાથી કરે છે તેવી રીતે કર્મ કરવું, તેમાં શો હેતુ છે? એવી આકાંક્ષાના જવાબમાં 'ન બુદ્ધિભેદં જનયેત્' વગેરે શબ્દોથી કહે છે.

કર્મમાં આશકિતવાળાઓની બુદ્ધિમાં ભેદ ઉત્પન્ન કરવો નહિ. એમ કરવાથી તેઓમાં ભ્રમ ઉત્પન્ન થશે. ભ્રમ ઉત્પન્ન થાય તો કર્મ કરે જ નહિ. અરે, કર્મથી ચિત્તશુદ્ધિ થતાં શી રીતે ભ્રમ થાય? તેવા પ્રશ્નના જવાબમાં 'અજ્ઞાનમ્' વગેરે શબ્દોથી કહે છે.

અજ્ઞાનીઓ ચિત્તની શુદ્ધિને માટે કર્મ કરતા જ નથી, પરંતુ કર્મ જ ઇશ્વર છે, એમ માનનારા તેઓ, ફલરૂપે અન્ય પંડિતને કર્મ કરતાં જોઇને પોતે કર્મ કરે છે. આથી જ 'કર્મમાં આશકિતવાળાની' એમ કહ્યું, પરંતુ 'કર્મકરનારની' એમ કહ્યું નથી.

વિદ્વાન, મને હૃદયમાં સ્થાપીને, મારામાં જોડાઇને સ્વયં ઉત્તમ પ્રકારે આચરતો એટલે કે મારી સેવા આદિ કરતો, બીજાઓનાં તેવાં વલણ માટે અન્ય અજ્ઞાનીઓને કર્મ કરવામાં જોડે, એટલે કે કર્મ કરાવે, એમ અર્થ છે. ॥ ૨૬ ॥

પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।
અહંકારવિમૂઢાત્મા કર્તાહમિતિ મન્યતે ॥૨૭॥

પ્રજાઓને સરજે છે. તે પ્રજાઓને જો હું નષ્ટ કરું તો તેને પ્રતિકુળ હું થઇ રહું તો સંકર એટલે કે કૃત્રિમતાનો કર્તા હું થાઉં અને પ્રજાઓનું ભકિતના સ્વરૂપનું અજ્ઞાન હોવા છતાં, મારી ઇચ્છા વગરની પ્રવૃત્તિમાં સંકરપણું આવે ફળના અભાવે ભકિતના ફળનો વ્યભિચાર પણ થાય. તેમાં પણ તેનો કર્તા હું જ થાઉં. ॥૨૪॥

સકતાઃ કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત ।
કુર્યાદ્વિદ્વાંસ્તથાઽસકતશ્ચિકીર્ષુર્લોક સંગ્રહમ્
॥ ૨૫ ॥

હે ભારત, કર્મમાં આસકત અજ્ઞાનીઓ જેવી રીતે કર્મ કરે છે, તેમજ લોકહિત કરવાની ઇચ્છાવાળો, આશકિત રહિત, વિદ્વાન તે પ્રમાણે કર્મ કરે. ॥ ૨૫ ॥

આથી ભગવાનના સ્વરૂપના જ્ઞાનપૂર્વક લોકહિતાર્થે, કર્મમા આસકિત રહિત થઇને કર્મ કરવું, એમ 'સકતાઃ' વગેરે શબ્દોથી કહે છે.

જેવી રીતે અજ્ઞાનીઓ કર્મમાં આસકત થઇને તેના ફળની અભિલાષાવાળા હોય છે, તેઓ વિષયો વગેરેને ત્યજવા શકિતમાન હોતા નથી અને કર્મ કરે છે, તેવી જ રીતે વિદ્વાન એટલે કે મારા સ્વરૂપને જાણનાર પંડિત પણ લોકકલ્યાણ કરવાની ઇચ્છાથી, કર્મમાં આશકિત રહિત થઇને, મારી આજ્ઞાથી કર્મ કરે, એમ અર્થ છે. ॥ ૨૫ ॥

ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનાં કર્મસંગિનામ્ ।
જોષયેત્સર્વકર્માણિ વિદ્વાન્યુકતઃ સમાચરન્ ॥૨૬॥

જ્ઞાની પુરૂષ કર્મમાં આશકિતવાળા અજ્ઞાનીઓની બુદ્ધિમા ભેદ ઉત્પન્ન કરાવે નહિ. (મારામાં) જોડાયેલો પુરૂષ બધાં કર્મોને સારી રીતે કરતો, બીજાઓને કર્મ કરાવે. ॥ ૨૬ ॥

લોકહિતાર્થે જ કર્મ કરવું જોઇએ, એમ હોય તો કોઇ ને કોઈ પ્રકારે કર્મ કરવુ., એટલે કે જેવી રીતે તેઓ અજ્ઞાનતાથી કરે છે તેવી રીતે કર્મ કરવું, તેમાં શો હેતુ છે? એવી આકાંક્ષાના જવાબમાં 'ન બુદ્ધિભેદં જનયેત્' વગેરે શબ્દોથી કહે છે.

કર્મમાં આશકિતવાળાઓની બુદ્ધિમાં ભેદ ઉત્પન્ન કરવો નહિ. એમ કરવાથી તેઓમાં ભ્રમ ઉત્પન્ન થશે. ભ્રમ ઉત્પન્ન થાય તો કર્મ કરે જ નહિ. અરે, કર્મથી ચિત્તશુદ્ધિ થતાં શી રીતે ભ્રમ થાય? તેવા પ્રશ્નના જવાબમાં 'અજ્ઞાનમ્' વગેરે શબ્દોથી કહે છે.

અજ્ઞાનીઓ ચિત્તની શુદ્ધિને માટે કર્મ કરતા જ નથી, પરંતુ કર્મ જ ઇશ્વર છે, એમ માનનારા તેઓ, ફલરૂપે અન્ય પંડિતને કર્મ કરતાં જોઇને પોતે કર્મ કરે છે. આથી જ 'કર્મમાં આશકિતવાળાની' એમ કહ્યું, પરંતુ 'કર્મકરનારની' એમ કહ્યું નથી.

વિદ્વાન, મને હૃદયમાં સ્થાપીને, મારામાં જોડાઇને સ્વયં ઉત્તમ પ્રકારે આચરતો એટલે કે મારી સેવા આદિ કરતો, બીજાઓનાં તેવાં વલણ માટે અન્ય અજ્ઞાનીઓને કર્મ કરવામાં જોડે, એટલે કે કર્મ કરાવે, એમ અર્થ છે. ॥ ૨૬ ॥

પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।
અહંકારવિમૂઢાત્મા કર્તાહમિતિ મન્યતે ॥૨૭॥

કર્મો દરેક રીતે પ્રકૃતિના ગુણો વડે કરાતાં હોય છે. અહંકારથી અત્યંત મૂઢ થયેલ પુરુષ, તેનો કર્તા હું છું, એમ માને છે. ।।૨૭।।

અરે વિદ્વાન પણ જો તે પ્રમાણે કરે તો અજ્ઞાનીઓને જ્ઞાનીઓમાં ભેદ ક્યાં રહ્યો? તેમના જ્ઞાનનો શો ઉપયોગ? બધો જ સમય કર્મમાં પ્રવૃત્ત રહેવાથી સેવાદિ કરવાનો અવસર મળતો નહિ હોવાથી અજ્ઞાનીઓથી જ્ઞાનીઓનો ભેદ 'પ્રકૃતેઃ' વગેરે શબ્દોથી કહે છે.

અહંકારને કારણે અત્યંત મૂઢ જન એટલે કે અજ્ઞાની, દરેક રીતે પ્રકૃતિના ગુણોથી ઇંદ્રિયો વડે કરાતાં કર્મો કરનાર હું જ છું, એમ માને છે, પરંતુ ભગવદિચ્છાથી કરાય છે, એમ માનતો નથી, ભગવાન કર્મોને વ્યામોહ અર્થે કરાવે છે. ।।૨૭।।

તત્ત્વવિત્તુ મહાબાહો ગુણકર્મવિભાગયોઃ ।
ગુણા ગુણેષુ વર્તન્ત ઇતિ મત્વા ન સજ્જતે ।।૨૮।।

હે મહાબાહુ અર્જુન, ગુણ અને કર્મના વિભાગના તત્ત્વને જાણનાર (જ્ઞાની પુરુષ) તો ગુણો ગુણોમાં પ્રવર્તે છે, એમ સમજીને તેમાં આસક્ત થતો નથી. ।।૨૮।।

એ પ્રમાણે અજ્ઞાનીઓનું સ્વરૂપ કહીને, હવે વિદ્વાનનું સ્વરૂપ 'તત્ત્વવિત્' વગેરે શબ્દોથી કહે છે.

હે મહાબાહુ, હે સમજીને ક્રિયા કરવા સમર્થ, ગુણ અને કર્મના વિભાગના તત્ત્વને જાણીને કર્મ કરનાર, ગુણો ગુણોમાં પ્રવર્તે છે એમ માનીને કર્મમાં આસક્ત થતો નથી. અહીં આ ભાવ છે :– સાત્ત્વિક આદિ ભાવથી ભિન્ન ભિન્ન અને વિલક્ષણ ગુણો ભગવાને પોતાના રસભોગને માટે પ્રકટ કર્યા છે. આથી જ વ્રજવિલાસિનીઓ પ્રત્યે સાત્ત્વિક આદિ ગુણોનું નિરૂપણ શ્રીભાગવતજીમાં કરાયું છે. કર્મ તો લોકહિતાર્થે કરાય છે, તે પ્રમાણે આ ગુણોના વિભાગના તત્ત્વને જાણનાર, જીવમાં રહેલા ગુણો, ગુણોમાં એટલે કે ભગવદ્ગુણોમાં પ્રવર્તે છે, પ્રભુ પોતાના રસભોગ અર્થે, ગુણના ભાવ પ્રમાણે તેને યોગ્ય કર્મો કરાવે છે, અન્ય કર્મો તો લોકોને માટે કરાવે છે, એમ માનીને મૂઢની જેમ હું જ તેનો કર્તા છું, તેનું ફળ મને મળશે, એમ માનીને વિદ્વાન તેમાં આસક્ત થતો નથી, એવો ભાવ છે. ।।૨૮।।

પ્રકૃતેર્ગુણસંમૂઢાઃ સજ્જન્તે ગુણકર્મસુ ।
તાનકૃત્સ્નવિદો મંદાન કૃત્સ્નવિન્ન વિચાલયેત્
।।૨૯।।

પ્રકૃતિના ગુણોથી અત્યંત મોહ પામેલાઓ ગુણો અને કર્મમાં આસક્ત થાય છે, તે અજ્ઞાની અને મંદ બુદ્ધિવાળાઓને સંપૂર્ણ જાણનારે ચલાયમાન કરવા નહિ ।।૨૯।।

અરે, તેઓ અજ્ઞાનથી તે પ્રમાણે કરે છે, તેઓને બોધ આપવો જોઇએ, પરંતુ વિપરીત દિશામાં તે પ્રમાણે પ્રેરવા ન જોઇએ, એમ હોય તો 'પ્રકૃતઃ' વગેરે શબ્દોથી કહે છે.

પ્રકૃતિના ગુણો વડે અત્યંત મૂઢ થયેલાઓ એટલે કે કર્મના ફળની અભિલાષાવાળાઓ ગુણ અને કર્મરૂપ દેહના ધર્મોમાં ફળને માટે આસક્ત થાય છે, કારણ કે તેઓ પૂરેપૂરું જાણનાર નથી, અને તેથી ભગવાનની પ્રાપ્તિ રૂપ સંપૂર્ણ ફલરૂપતાને તેઓ જાણતા નથી. કર્મના ફળને લૌકિક સુખના ફળરૂપ તેઓ

કર્મો દરેક રીતે પ્રકૃતિના ગુણો વડે કરાતાં હોય છે. અહંકારથી અત્યંત મૂઢ થયેલ પુરુષ, તેનો કર્તા હું છું, એમ માને છે. ।।૨૭।।

અરે વિદ્વાન પણ જો તે પ્રમાણે કરે તો અજ્ઞાનીઓને જ્ઞાનીઓમાં ભેદ ક્યાં રહ્યો? તેમના જ્ઞાનનો શો ઉપયોગ? બધો જ સમય કર્મેમાં પ્રવૃત્ત રહેવાથી સેવાદિ કરવાનો અવસર મળતો નહિ હોવાથી અજ્ઞાનીઓથી જ્ઞાનીઓનો ભેદ 'પ્રકૃતેઃ' વગેરે શબ્દોથી કહે છે.

અહંકારને કારણે અત્યંત મૂઢ જન એટલે કે અજ્ઞાની, દરેક રીતે પ્રકૃતિના ગુણોથી ઇંદ્રિયો વડે કરાતાં કર્મો કરનાર હું જ છું, એમ માને છે, પરંતુ ભગવદિચ્છાથી કરાય છે, એમ માનતો નથી, ભગવાન કર્મોને વ્યામોહ અર્થે કરાવે છે. ।।૨૭।।

તત્ત્વવિત્તુ મહાબાહો ગુણકર્મવિભાગયોઃ ।
ગુણા ગુણેષુ વર્તન્ત ઇતિ મત્વા ન સજ્જતે ।।૨૮।।

હે મહાબાહુ અર્જુન, ગુણ અને કર્મના વિભાગના તત્ત્વને જાણનાર (જ્ઞાની પુરુષ) તો ગુણો ગુણોમાં પ્રવર્તે છે, એમ સમજીને તેમાં આસક્ત થતો નથી. ।।૨૮।।

એ પ્રમાણે અજ્ઞાનીઓનું સ્વરૂપ કહીને, હવે વિદ્વાનનું સ્વરૂપ 'તત્ત્વવિત્' વગેરે શબ્દોથી કહે છે.

હે મહાબાહુ, હે સમજીને ક્રિયા કરવા સમર્થ, ગુણ અને કર્મના વિભાગના તત્ત્વને જાણીને કર્મ કરનાર, ગુણો ગુણોમાં પ્રવર્તે છે એમ માનીને કર્મમાં આસક્ત થતો નથી. અહીં આ ભાવ છે :– સાત્ત્વિક આદિ ભાવથી ભિન્ન ભિન્ન અને વિલક્ષણ ગુણો ભગવાને પોતાના રસભોગને માટે પ્રકટ કર્યો છે. આથી જ વ્રજવિલાસિનીઓ પ્રત્યે સાત્ત્વિક આદિ ગુણોનું નિરૂપણ શ્રીભાગવતજીમાં કરાયું છે. કર્મ તો લોકહિતાર્થે કરાય છે, તે પ્રમાણે આ ગુણોના વિભાગના તત્ત્વને જાણનાર, જીવમાં રહેલા ગુણો, ગુણોમાં એટલે કે ભગવદ્ગુણોમાં પ્રવર્તે છે, પ્રભુ પોતાના રસભોગ અર્થે, ગુણના ભાવ પ્રમાણે તેને યોગ્ય કર્મો કરાવે છે, અન્ય કર્મો તો લોકોને માટે કરાવે છે, એમ માનીને મૂઢની જેમ હું જ તેનો કર્તા છું, તેનું ફળ મને મળશે, એમ માનીને વિદ્વાન તેમાં આસક્ત થતો નથી, એવો ભાવ છે. ।।૨૮।।

પ્રકૃતેર્ગુણસંમૂઢાઃ સજ્જન્તે ગુણકર્મસુ ।
તાનકૃત્સ્નવિદો મંદાન કૃત્સ્નવિન્ન વિચાલયેત્ ।।૨૯।।

પ્રકૃતિના ગુણોથી અત્યંત મોહ પામેલાઓ ગુણો અને કર્મમાં આસક્ત થાય છે, તે અજ્ઞાની અને મંદ બુદ્ધિવાળાઓને સંપૂર્ણ જાણનારે ચલાયમાન કરવા નહિ ।।૨૯।।

અરે, તેઓ અજ્ઞાનથી તે પ્રમાણે કરે છે, તેઓને બોધ આપવો જોઈએ, પરંતુ વિપરીત દિશામાં તે પ્રમાણે પ્રેરવા ન જોઈએ, એમ હોય તો 'પ્રકૃતઃ' વગેરે શબ્દોથી કહે છે.

પ્રકૃતિના ગુણો વડે અત્યંત મૂઢ થયેલાઓ એટલે કે કર્મના ફળની અભિલાષાવાળાઓ ગુણ અને કર્મરૂપ દેહના ધર્મોમાં ફળને માટે આસક્ત થાય છે, કારણ કે તેઓ પૂરેપૂરું જાણનાર નથી, અને તેથી ભગવાનની પ્રાપ્તિ રૂપ સંપૂર્ણ ફલરૂપતાને તેઓ જાણતા નથી. કર્મના ફળને લૌકિક સુખના ફળરૂપ તેઓ

માને છે, તેથી તેઓ તેમાં આસક્તિવાળા છે અને તે કારણે તેઓનું મન ભગવાનમાં ચોંટતું નથી. તેવા મંદ જનોને એટલે કે અજ્ઞાનીઓને, ફળમાં અત્યંત આસક્તિવાળાઓને, ભગવાનની પ્રાપ્તિરૂપ અશેષ આનંદને જાણનારાએ તેમાંથી વિચલિત કરવા નહિ, ભગવાનને માર્ગે પ્રેરવા નહિ, અથવા કર્મયોગથી પણ તેઓને ચલાયમાન કરવા નહિ. દુષ્ટ સંગથી પોતે દુર રહેવું, એવો ભાવ છે. ।।૨૯।।

મયિ સર્વાણિ કર્માણિ સન્યસ્યાધ્યાત્મચેતસા ।
નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજવરઃ ।।૩૦।।

અધ્યાત્મ મન વડે બધાં કર્મોને મારે વિષે સમર્પણ કરીને, આશા રહિત અને મમતા રહિત થઇને, સંતાપ કર્યા વગરનો તું યુદ્ધ કર. ।।૩૦।।

અરે, તેઓને કર્મ કરાવવાને માટે પોતે કર્મ કરવામાં જેટલો સમય જાય તેટલો સમય વ્યર્થ જવાના ભાવરૂપ અપરાધ પોતાને લાગે એમ હોય તો 'મયિ સર્વાણિ' વગેરે શબ્દોથી કહે છે.

મારા વિષે છોડીને, એટલે કે આધિદૈવિક ભાવે બધું છોડીને, અધ્યાત્મ ભાવથી, મારી આજ્ઞારૂપે બધાં કર્મો તું કર, એમ અર્થ છે. મારી આજ્ઞાથી કરવામાં કાળની વ્યર્થતા થશે નહિ, એવો ભાવ છે.

'સર્વ' એટલે બધાં, એવા પદથી લૌકિક કાર્યો પણ તું કર, એમ અર્થ છે. લૌકિક કર્મ અવશ્ય કરવાનું 'નિરાશી' વગેરે શબ્દોથી કહે છે. 'નિરાશીઃ' એટલે આશા વગરનો, યુદ્ધથી મળતાં સ્વર્ગ વગેરે ફળની આશા વગરનો; 'નિર્ગૃહ' એટલે મમતા રહિત, રાજ્ય વગેરેની પ્રાપ્તિ થાય એવા ભાવ રહિત, પોતાનામાં અને પરાયામાં ભાઈ, ગુરુ એવી બુદ્ધિ રહિત; 'વિગતજવર; એટલે સંતાપ રહિત, લૌકિક તાપ રહિત. એવો થઇને મારી આજ્ઞાથી તું યુદ્ધ કર, એમ અર્થ છે. તને ઉદ્દેશીને તો યુદ્ધરૂપી ક્ષાત્રકર્મ મારાથી કહેવાયું છે. પરંતુ પહેલાં કહેવાયેલ અન્ય કર્મ કરવાનું કહેવાયું નથી. આથી તું યુદ્ધ અવશ્ય કર, એમ અર્થ છે. ।।૩૦।।

* * *

પૃષ્ઠ પ્રકાશન સહાયક :
ગો. વા. શ્રી પાસી ત્રિકમદાસ
સુરતવાળાના જયશ્રી કૃષ્ણ હ. શ્રીમતિ
ગંગાબેન

માને છે, તેથી તેઓ તેમાં આસક્તિવાળા છે અને તે કારણે તેઓનું મન ભગવાનમાં ચોંટતું નથી. તેવા મંદ જનોને એટલે કે અજ્ઞાનીઓને, ફળમાં અત્યંત આસક્તિવાળાઓને, ભગવાનની પ્રાપ્તિરૂપ અશેષ આનંદને જાણનારાએ તેમાંથી વિચલિત કરવા નહિ, ભગવાનને માર્ગે પ્રેરવા નહિ, અથવા કર્મયોગથી પણ તેઓને ચલાયમાન કરવા નહિ. દુષ્ટ સંગથી પોતે દુર રહેવું, એવો ભાવ છે. ॥૨૯॥

મયિ સર્વાણિ કર્માણિ સન્યસ્યાધ્યાત્મચેતસા ।
નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ॥૩૦॥

અધ્યાત્મ મન વડે બધાં કર્મોને મારે વિષે સમર્પણ કરીને, આશા રહિત અને મમતા રહિત થઇને, સંતાપ કર્યા વગરનો તું યુદ્ધ કર. ॥૩૦॥

અરે, તેઓને કર્મ કરાવવાને માટે પોતે કર્મ કરવામાં જેટલો સમય જાય તેટલો સમય વ્યર્થ જવાના ભાવરૂપ અપરાધ પોતાને લાગે એમ હોય તો 'મયિ સર્વાણિ' વગેરે શબ્દોથી કહે છે.

મારા વિષે છોડીને, એટલે કે આધિદૈવિક ભાવે બધું છોડીને, અધ્યાત્મ ભાવથી, મારી આજ્ઞારૂપે બધાં કર્મો તું કર, એમ અર્થ છે. મારી આજ્ઞાથી કરવામાં કાળની વ્યર્થતા થશે નહિ, એવો ભાવ છે.

'સર્વ' એટલે બધાં, એવા પદથી લૌકિક કાર્યો પણ તું કર, એમ અર્થ છે. લૌકિક કર્મ અવશ્ય કરવાનું 'નિરાશી' વગેરે શબ્દોથી કહે છે. 'નિરાશીઃ' એટલે આશા વગરનો, યુદ્ધથી મળતાં સ્વર્ગ વગેરે ફળની આશા વગરનો; 'નિર્ગહ' એટલે મમતા રહિત, રાજ્ય વગેરેની પ્રાપ્તિ થાય એવા ભાવ રહિત, પોતાનામાં અને પરાયામાં ભાઈ, ગુરુ એવી બુદ્ધિ રહિત; 'વિગતજ્વર; એટલે સંતાપ રહિત, લૌકિક તાપ રહિત. એવો થઇને મારી આજ્ઞાથી તું યુદ્ધ કર, એમ અર્થ છે. તને ઉદ્દેશીને તો યુદ્ધરૂપી ક્ષાત્રકર્મ મારાથી કહેવાયું છે. પરંતુ પહેલાં કહેવાયેલ અન્ય કર્મ કરવાનું કહેવાયું નથી. આથી તું યુદ્ધ અવશ્ય કર, એમ અર્થ છે. ॥૩૦॥

* * *

પૃષ્ઠ પ્રકાશન સહાયક :
ગો. વા. શ્રી પાસી ત્રિકમદાસ
સુરતવાળાના જયશ્રી કૃષ્ણ હ. શ્રીમતિ
ગંગાબેન

ભગવદ્‌ વદનાવતાર શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

અનુવાદક : પ. ભ. શ્રી મગનભાઇ તન્ના
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક બીજો)

(૨) સર્ગભેદ :–

પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગમાં રહેલા પ્રમાણસિદ્ધ ભેદ વિચાર્યા પછી હવે એ માર્ગોની સૃજનક્રિયામાં રહેલો ભેદ પણ વિચારી લેવો જોઇએ.

ભગવાન પોતાના મન દ્વારા પ્રવાહમાર્ગનું સૃજન, પ્રવર્તન અને નિયમન કરે છે. આથી પ્રવાહમાર્ગીય જીવોનાં વિશિષ્ટ સ્વરૂપ, દેહ અને વ્યવહારનું નિયંત્રણ કેવળ બ્રહ્મની ઇચ્છા ઉપર આધારિત છે. વૈદિક મર્યાદામાર્ગીય જીવોનાં વિશિષ્ટ સ્વરૂપ, દેહ અને વ્યવહારનું સૃજન, પ્રવર્તન અને નિયમન, ભગવાન વેદરૂપા વાણી દ્વારા કરે છે. પુષ્ટિમાર્ગીય જીવોનાં વિશિષ્ટ સ્વરૂપ, દેહ અને વ્યવહારનું સૃજન, પ્રવર્તન અને નિયમન શ્રીકૃષ્ણ પોતાના પ્રકટ આધિદૈવિક સ્વરૂપ દ્વારા કરે છે.

એવી રીતે આ માર્ગોમાં સર્ગભેદ અથવા સૃજનની પ્રક્રિયામાં પણ ભેદ છે.

(૩) ફલભેદ :–

પ્રવાહમાર્ગીય જીવોની કામનાઓ તેમ જ આચરણને અનુકૂળ કે પ્રતિકૂળ ફળ, સ્વયં પ્રભુ પોતાની ઇચ્છા પ્રમાણે નક્કી કરે છે અને તેઓને ફળદાન કરે છે. મર્યાદામાર્ગીય જીવોને વેદમાં કહ્યા પ્રમાણે ધર્મ, અર્થ અને કામરૂપી પુરુષાર્થોના અનુષ્ઠાનનું ફળ મોક્ષના રૂપમાં પ્રભુ આપે છે. પુષ્ટિમાર્ગીય જીવોને ભજનાનંથ સંબંધી મનોરથોની પૂર્તિ શ્રીકૃષ્ણ પોતાના આધિદૈવિક સ્વરૂપ દ્વારા કરે છે,

"હું એ આસુરી જીવોને નિરંતર અશુભ યોનિમાં નાખતો રહું છું." (ગીતા, ૧૬–૧૯) આ વચનને આધારે નિરંતર અશુભ ભવપ્રવાહ તણાતા જતા પ્રવાહી જીવોથી મર્યાદા માર્ગીય જીવોનાં ફળને જુદાં માનવાં પડે છે, કારણ કે તેઓને ભવપ્રવાહમાંથી છોડાવાય છે અને મોક્ષ અપાવાય છે.

(ક–૧) પુષ્ટિમાર્ગ :

એ રીતે માર્ગ, સર્ગભેદ તેમજ ફલભેદના આધારે પુષ્ઠિમાર્ગીય જીવોને અન્ય જીવોથી જુદા માનવા જ જોઇએ.

આ પુષ્ટિસૃષ્ટિ ભગવાનના આધિદૈવિક સ્વરૂપની સેવા માટે પ્રકટ કરાયેલી છે. આથી ભગવત્સેવા સિવાયના બીજા કોઈ કર્મમાં અથવા કોઇ પ્રયોજનમાં પુષ્ટિસૃષ્ટિના જીવોએ આશકત થવું તે ભગવાનને પ્રિય નથી. બાહ્ય દૃષ્ટિથી જોતા પુષ્ટિમાર્ગીય જીવોનાં સ્વરૂપ, દેહ, સ્વભાવ તેમજ વ્યવહાર પણ બધા જીવોની સમાન જ દેખાય છે; પરંતુ અંતે તો આધિદૈવિક સ્વરૂપના ભજનાનંદમાં જ આ પુષ્ટિજીવોને આકર્ષણ અને સંતોષનો અનુભવ

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

અનુવાદક : પ. ભ. શ્રી મગનભાઇ તન્ના
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક બીજો)

(૨) સર્ગભેદ :-

પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગમાં રહેલા પ્રમાણસિદ્ધ ભેદ વિચાર્યા પછી હવે એ માર્ગોની સૃજનક્રિયામાં રહેલો ભેદ પણ વિચારી લેવો જોઇએ.

ભગવાન પોતાના મન દ્વારા પ્રવાહમાર્ગનું સૃજન, પ્રવર્તન અને નિયમન કરે છે. આથી પ્રવાહમાર્ગીય જીવોનાં વિશિષ્ટ સ્વરૂપ, દેહ અને વ્યવહારનું નિયંત્રણ કેવળ બ્રહ્મની ઇચ્છા ઉપર આધારિત છે. વૈદિક મર્યાદામાર્ગીય જીવોનાં વિશિષ્ટ સ્વરૂપ, દેહ અને વ્યવહારનું સૃજન, પ્રવર્તન અને નિયમન, ભગવાન વેદરૂપા વાણી દ્વારા કરે છે. પુષ્ટિમાર્ગીય જીવોનાં વિશિષ્ટ સ્વરૂપ, દેહ અને વ્યવહારનું સૃજન, પ્રવર્તન અને નિયમન શ્રીકૃષ્ણ પોતાના પ્રકટ આધિદૈવિક સ્વરૂપ દ્વારા કરે છે.

એવી રીતે આ માર્ગોમાં સર્ગભેદ અથવા સૃજનની પ્રક્રિયામાં પણ ભેદ છે.

(૩) ફલભેદ :-

પ્રવાહમાર્ગીય જીવોની કામનાઓ તેમ જ આચરણને અનુકૂળ કે પ્રતિકૂળ ફળ, સ્વયં પ્રભુ પોતાની ઇચ્છા પ્રમાણે નક્કી કરે છે અને તેઓને ફળદાન કરે છે. મર્યાદામાર્ગીય જીવોને વેદમાં કહ્યા પ્રમાણે ધર્મ, અર્થ અને કામરૂપી પુરુષાર્થોના અનુષ્ઠાનનું ફળ મોક્ષના રૂપમાં પ્રભુ આપે છે. પુષ્ટિમાર્ગીય જીવોને ભજનાનંદ સંબંધી મનોરથોની પૂર્તિ શ્રીકૃષ્ણ પોતાના આધિદૈવિક સ્વરૂપ દ્વારા કરે છે,

"હું એ આસુરી જીવોને નિરંતર અશુભ યોનિમાં નાખતો રહું છું." (ગીતા, ૧૬-૧૯) આ વચનને આધારે નિરંતર અશુભ ભવપ્રવાહ તણાતા જતા પ્રવાહી જીવોથી મર્યાદા માર્ગીય જીવોનાં ફળને જુદાં માનવાં પડે છે, કારણ કે તેઓને ભવપ્રવાહમાંથી છોડાવાય છે અને મોક્ષ અપાવાય છે.

(ક-૧) પુષ્ટિમાર્ગ :

એ રીતે માર્ગ, સર્ગભેદ તેમજ ફલભેદના આધારે પુષ્ટિમાર્ગીય જીવોને અન્ય જીવોથી જુદા માનવા જ જોઇએ.

આ પુષ્ટિસૃષ્ટિ ભગવાનના આધિદૈવિક સ્વરૂપની સેવા માટે પ્રકટ કરાયેલી છે. આથી ભગવત્સેવા સિવાયના બીજા કોઈ કર્મમાં અથવા કોઇ પ્રયોજનમાં પુષ્ટિસૃષ્ટિના જીવોએ આશક્ત થવું તે ભગવાનને પ્રિય નથી. બાહ્ય દૃષ્ટિથી જોતા પુષ્ટિમાર્ગીય જીવોનાં સ્વરૂપ, દેહ, સ્વભાવ તેમજ વ્યવહાર પણ બધા જીવોની સમાન જ દેખાય છે; પરંતુ અંતે તો આધિદૈવિક સ્વરૂપના ભજનાનંદમાં જ આ પુષ્ટિજીવોને આકર્ષણ અને સંતોષનો અનુભવ

થશે; કેમકે તેઓની પાસેથી પ્રભુ આ જ કામ લેવા ઇચ્છે છે.

(ક–૨) પુષ્ટિસર્ગ :

આ પુષ્ટિજીવના વળી બે અવાંતર ભેદ થાય છે:

(૧) શુદ્ધ પુષ્ટિસૃષ્ટિ
(૨) મિશ્ર પુષ્ટિસૃષ્ટિ

મિશ્ર પુષ્ટિસૃષ્ટિના ત્રણ આવંતર ભેદ છે જેમ કે,

(૧) પુષ્ટિ–પુષ્ટિસૃષ્ટિ
(૨) મર્યાદા–પુષ્ટિસૃષ્ટિ
(૩) પ્રવાહ–પુષ્ટિસૃષ્ટિ

(૧) પુષ્ટિ–પુષ્ટિસૃષ્ટિનો જીવ દરેક પ્રકારના મહાત્મ્યના જ્ઞાનવાળો અને સુદૃઢ સર્વતોધિક કૃષ્ણસેવામાં અત્યંત પરાયણ હોય છે.

(૨) મર્યાદા–પુષ્ટિ સૃષ્ટિનો જીવ ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓની કથાઓ દ્વારા ભગવાનના ગુણોનું પ્રેમપુર્વક ચિંતન કરવામાં (શ્રવણ, સ્મરણ, કીર્તનમાં) અત્યંત લીન થઇ જાય છે.

(૩) પ્રવાહ પુષ્ટિ સૃષ્ટિના જીવોમાં સારું એવું મહાત્ત્યજ્ઞાન હોતું નથી કે નથી હોતો ઉત્કટ સ્નેહ. તેમ છતાં કૃષ્ણભજનના ક્રિયાત્મક બાહ્યરૂપમાં તેઓની રુચિ તેમ જ તત્પરતા હોય છે.

મિશ્ર પુષ્ટિ સૃષ્ટિના આ ત્રણેય પ્રકારોથી અનોખો શુદ્ધ પુષ્ટિ સૃષ્ટિનો જીવ હોય છે. તેમને ભગવાન પ્રત્યે સ્નેહ કોઇ પ્રમાણબળના આધારે નથી હોતો, પરંતુ ભગવાન તેમની સમક્ષ સ્વયં પ્રકટ થઇને પોતાના આધિદૈવિક સ્વરૂપના પ્રમેયબળથી તેમને પોતાની તરફ આકર્ષી લે છે, તેમનો ભગવાન પ્રત્યેનો સ્નેહ ઉત્કૃષ્ટ, સહજ તેમ જ શુદ્ધ એટલે કે અન્ય કોઇ પણ ભાવ કે પ્રયોજનથી નિર્ભેળ રહે છે. આ અતિ દુર્લભ પ્રકારની પુષ્ટિસૃષ્ટિ છે.

(ક–૩) પુષ્ટિફલ

પુષ્ટિમાર્ગીય જીવોનું સાધન જેવી રીતે ભગવાનની પુષ્ટિ એટલે કે અનુગ્રહ ઉપર છે, તેમ જ ફળ એક માત્ર સ્વયં ભગવાન જ છે.

તે તે ભક્તોને માટે ગુણ અને સ્વરૂપના ભેદ પ્રમાણે જેવું જેવું રૂપ ધારણ કરીને ભગવાન પ્રકટ થાય છે, તે તે પોતાનાં ભગવદ્–રૂપોની સાથે પુષ્ટિસૃષ્ટિના ભિન્ન ભિન્ન જીવોને ફળની પ્રાપ્તિનો અનુભવ થાય છે. આ પોતાનાં ભગવદ્–રૂપો સિવાય બીજે ક્યાંય પણ પુષ્ટિમાર્ગીય જીવની આસક્તિ ભગવાન જુએ છે ત્યારે તો શાપ પણ દેવડાવી દે છે. ક્યારેક ક્યારેક તેમને અહંકારવાળા જોઇને પણ ભગવાન શાપ દેવડાવે છે. અને ત્યારે આ પુષ્ટિ જીવો ભૂતલ ઉપર જન્મે છે. ક્યારેક ક્યારેક ભૂતલ ઉપર પુષ્ટિમાર્ગને પ્રકટ કરવાને માટે પણ પુષ્ટિજીવોને ભૂતલ ઉપર પ્રકટ કરાય છે. લોકમાં આવીને પણ દૈહિક રોગાદિ ઉપદ્રવો કે માનસિક પાખંડતા વગેરે ઉપદ્રવોથી તેઓ ઘેરાતા નથી. એ મહાનુભાવોનું ભૂતલ ઉપર પ્રાકટ્ય ભલેને શાપને કારણે થયું હોય, તો પણ તેઓનું પ્રાકટ્ય મોટે ભાગે શુદ્ધતાને માટે જ હોય છે. ભગવાન આ જીવોને માટે પોતાના સ્વરૂપમાં તથા પોતાની લીલાઓમાં જેવી વિશિષ્ટતા પ્રકટ કરે છે, તે પ્રમાણે આ ભક્તોમાં પણ તેવી વિશિષ્ટતા બંધબેસતી થઇ જાય છે. આ મહાનુભાવો લોકમાં ભેદબુદ્ધિ પેદા ન થઇ જાય એટલા માટે લૌકિક વ્યવહારનો નિર્વાહ અને વૈદિક કર્તવ્યોનું પાલન કરે છે, અર્થાત્ લોકહિતાર્થે

થશે; કેમકે તેઓની પાસેથી પ્રભુ આ જ કામ લેવા ઇચ્છે છે.

(ક–૨) પુષ્ટિસર્ગ :

આ પુષ્ટિજીવના વળી બે અવાંતર ભેદ થાય છે:

(૧) શુદ્ધ પુષ્ટિસૃષ્ટિ
(૨) મિશ્ર પુષ્ટિસૃષ્ટિ

મિશ્ર પુષ્ટિસૃષ્ટિના ત્રણ આવંતર ભેદ છે જેમ કે,

(૧) પુષ્ટિ–પુષ્ટિસૃષ્ટિ
(૨) મર્યાદા–પુષ્ટિસૃષ્ટિ
(૩) પ્રવાહ–પુષ્ટિસૃષ્ટિ

(૧) પુષ્ટિ–પુષ્ટિસૃષ્ટિનો જીવ દરેક પ્રકારના મહાત્મ્યના જ્ઞાનવાળો અને સુદૃઢ સર્વતોધિક કૃષ્ણસેવામાં અત્યંત પરાયણ હોય છે.

(૨) મર્યાદા–પુષ્ટિ સૃષ્ટિનો જીવ ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓની કથાઓ દ્વારા ભગવાનના ગુણોનું પ્રેમપુર્વક ચિંતન કરવામાં (શ્રવણ, સ્મરણ, કીર્તનમાં) અત્યંત લીન થઇ જાય છે.

(૩) પ્રવાહ પુષ્ટિ સૃષ્ટિના જીવોમાં સારું એવું મહાત્ત્યજ્ઞાન હોતું નથી કે નથી હોતો ઉત્કટ સ્નેહ. તેમ છતાં કૃષ્ણભજનના ક્રિયાત્મક બાહ્યરૂપમાં તેઓની રુચિ તેમ જ તત્પરતા હોય છે.

મિશ્ર પુષ્ટિ સૃષ્ટિના આ ત્રણેય પ્રકારોથી અનોખો શુદ્ધ પુષ્ટિ સૃષ્ટિનો જીવ હોય છે. તેમને ભગવાન પ્રત્યે સ્નેહ કોઇ પ્રમાણબળના આધારે નથી હોતો, પરંતુ ભગવાન તેમની સમક્ષ સ્વયં પ્રકટ થઇને પોતાના આધિદૈવિક સ્વરૂપના પ્રમેયબળથી તેમને પોતાની તરફ આકર્ષી લે છે, તેમનો ભગવાન પ્રત્યેનો સ્નેહ ઉત્કૃષ્ટ, સહજ તેમ જ શુદ્ધ એટલે કે અન્ય કોઇ પણ ભાવ કે પ્રયોજનથી નિર્ભેળ રહે છે. આ અતિ દુર્લભ પ્રકારની પુષ્ટિસૃષ્ટિ છે.

(ક–૩) પુષ્ટિફલ

પુષ્ટિમાર્ગીય જીવોનું સાધન જેવી રીતે ભગવાનની પુષ્ટિ એટલે કે અનુગ્રહ ઉપર છે, તેમ જ ફળ એક માત્ર સ્વયં ભગવાન જ છે.

તે તે ભકતોને માટે ગુણ અને સ્વરૂપના ભેદ પ્રમાણે જેવું જેવું રૂપ ધારણ કરીને ભગવાન પ્રકટ થાય છે, તે તે પોતાનાં ભગવદ્–રૂપોની સાથે પુષ્ટિસૃષ્ટિના ભિન્ન ભિન્ન જીવોને ફળની પ્રાપ્તિનો અનુભવ થાય છે. આ પોતાનાં ભગવદ્–રૂપો સિવાય બીજે કયાંય પણ પુષ્ટિમાર્ગીય જીવની આસકિત ભગવાન જુએ છે ત્યારે તો શાપ પણ દેવડાવી દે છે. કયારેક કયારેક તેમને અહંકારવાળા જોઇને પણ ભગવાન શાપ દેવડાવે છે. અને ત્યારે આ પુષ્ટિ જીવો ભૂતલ ઉપર જન્મે છે. કયારેક કયારેક ભૂતલ ઉપર પુષ્ટિમાર્ગને પ્રકટ કરવાને માટે પણ પુષ્ટિજીવોને ભૂતલ ઉપર પ્રકટ કરાય છે. લોકમાં આવીને પણ દૈહિક રોગાદિ ઉપદ્રવો કે માનસિક પાખંડતા વગેરે ઉપદ્રવોથી તેઓ ઘેરાતા નથી. એ મહાનુભાવોનું ભૂતલ ઉપર પ્રાકટય ભલેને શાપને કારણે થયું હોય, તો પણ તેઓનું પ્રાકટય મોટે ભાગે શુદ્ધતાને માટે જ હોય છે. ભગવાન આ જીવોને માટે પોતાના સ્વરૂપમાં તથા પોતાની લીલાઓમાં જેવી વિશિષ્ટતા પ્રકટ કરે છે, તે પ્રમાણે આ ભકતોમાં પણ તેવી વિશિષ્ટતા ખંધબેસતી થઇ જાય છે. આ મહાનુભાવો લોકમાં ભેદબુદ્ધિ પેદા ન થઇ જાય એટલા માટે લૌકિક વ્યવહારનો નિર્વાહ અને વૈદિક કર્તવ્યોનું પાલન કરે છે, અર્થાત્ લોકહિતાર્થે

જ કરતા હોય છે. તેઓની સહજ અને પ્રબળ રુચિ તો પોતાની વૈષ્ણવતાનું પરિપાલન કરવા માટે હોય છે, પરંતુ લૌકિકતાને કે વૈદિકતાને નિભાવવા માટે હોતી નથી.

એ પ્રમાણે પુષ્ટિજીવોનાં, સર્ગ તેમ જ ફળનું નિરૂપણ પૂરું થયું.

ક્યારેક ક્યારેક આ પુષ્ટિજીવોની સાથે સદા–સર્વદા ભટકતા રહેનારા ચર્ષણી જીવ પણ મેળાપ પામતા હોય છે. આથી તેના સ્વરૂપનું પણ થોડું ઘણું નિરૂપણ અહીં પ્રસંગોપાત્ત જ ગણાશે.

ચર્ષણી જીવ :–

દૈવી જીવોના સંગને કારણે કેટલાક અદૈવી જીવોમાં પણ ક્યારેક તે સમયે અને તેટલા સમય પુરતાં તેના રૂપમાં દૈવી લક્ષણો દેખાવા માંડતા હોય છે, પરંતુ તે લક્ષણો તેમનામાં ચિરસ્થાયી હોતાં નથી. એવા જીવોને 'ચર્ષણી જીવ' કહેવાય છે. ચર્ષણી જીવો પ્રતિદિન નવા નવા માર્ગો ઉપર ભટકતા રહે છે અને નવા નવા રંગ બદલતા રહે છે. તેમનો પોતાનો કોઇ સ્થાયી રંગ કે સ્થાયી સ્વભાવ હોતા નથી. જેની સાથે મેળાપ થતો હોય છે, તેટલો સમય તેના ગુણધર્મોને તેઓ અપનાવી લે છે. પોતાના નિત્ય નવા અને બદલાતા રંગોમાં કાંઇ ને કાંઇ તેટલા સમય પુરતાં તેમને ફળ મળતાં હોય છે અથવા અનુભવો થતા રહે છે. દૈવી જીવોનો સંગ પામીને દૈવી શીલ પ્રકટ કરે છે અને આસુરી જીવોનો સંગ પામીને તેઓ આસુરી શીલ પ્રકટ કરે છે. આમ ક્યાંય પણ તેઓ સ્થિરતાને પામતા નથી.

(ખ–૧) પ્રવાહમાર્ગ

હવે પ્રવાહમાર્ગીય જીવોનાં સ્વરૂપ, દેહ તેમ જ વ્યવહારનું નિરૂપણ કરવામાં આવે છે.

બધા જ આસુરી સૃષ્ટિના જીવોને પ્રવાહમાર્ગીય સમજવા, ગીતાજીમાં (૧૬ . ૭) "તેમને યોગ્ય પ્રવૃત્તિનું કે યોગ્ય નિવૃત્તિનું જ્ઞાન હોતું નથી." એમ કહીને નિરૂપણ કરાયું છે. પ્રવાહી જીવોમાં બે અવાંતર ભેદ હોય છે. જેમ કે,

અજ્ઞ પ્રવાહી જીવ
દુર્જ્ઞ પ્રવાહી જીવ

(૧) આસુરી સૃષ્ટિના તે જીવોનું વર્ણન ભગવાને ગીતાજીમાં (સોળમા અધ્યાયમાં) કર્યું છે, તેને દુર્જ્ઞ પ્રવાહી જીવ સમજવા.

(૨) એવા દુર્જ્ઞ પ્રવાહી જીવોના સંગને કારણે પ્રવાહી સ્વભાવ કે પ્રવાહી લક્ષણ પ્રકટ કરનારા જીવોને 'અજ્ઞ પ્રવાહી જીવ' કહેવાય છે.

પુષ્ટિજીવ જેવી રીતે પ્રવાહમાર્ગીય કુળમાં જન્મ લઇને પણ પ્રવાહમાર્ગીય વાતાવરણમાં પોતાનો તાળમેળ બેસાડી શકતા નથી, બરાબર તેવી જ રીતે પ્રવાહમાર્ગીય જીવ પુષ્ટિમાર્ગીય વાતાવરણ સાથે તે પોતાનો તાળમેળ બેસાડી શકતા નથી. (અહીંથી ગ્રંથ તૂટે છે.)

ગ્રંથના પૂર્વરૂપ અનુસાર નીચે દર્શાવેલ વિષયો ઉપર પ્રકાશની અપેક્ષા રહે છે :–

(ખ–૧) પ્રવાહમાર્ગીય જીવોના દેહ તેમજ વ્યવહારનું નિરૂપણ
(ખ–૨) પ્રવાહમાર્ગ
(ખ–૩) પ્રવાહફલ
(ગ–૧) મર્યાદામાર્ગ
(ગ–૨) મર્યાદાસર્ગ
(ગ–૩) મર્યાદાફલ
(ઘ) તથા ઉપસંહાર

પૂ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી

જ કરતા હોય છે. તેઓની સહજ અને પ્રબળ રુચિ તો પોતાની વૈષ્ણવતાનું પરિપાલન કરવા માટે હોય છે, પરંતુ લૌકિકતાને કે વૈદિકતાને નિભાવવા માટે હોતી નથી.

એ પ્રમાણે પુષ્ટિજીવોનાં, સર્ગ તેમ જ ફળનું નિરૂપણ પૂરું થયું.

ક્યારેક ક્યારેક આ પુષ્ટિજીવોની સાથે સદા–સર્વદા ભટકતા રહેનારા ચર્ષણી જીવ પણ મેળાપ પામતા હોય છે. આથી તેના સ્વરૂપનું પણ થોડું ઘણું નિરૂપણ અહીં પ્રસંગોપાત્ત જ ગણાશે.

ચર્ષણી જીવ :–

દૈવી જીવોના સંગને કારણે કેટલાક અદૈવી જીવોમાં પણ ક્યારેક તે સમયે અને તેટલા સમય પુરતાં તેના રૂપમાં દૈવી લક્ષણો દેખાવા માંડતા હોય છે, પરંતુ તે લક્ષણો તેમનામાં ચિરસ્થાયી હોતાં નથી. એવા જીવોને 'ચર્ષણી જીવ' કહેવાય છે. ચર્ષણી જીવો પ્રતિદિન નવા નવા માર્ગો ઉપર ભટકતા રહે છે અને નવા નવા રંગ બદલતા રહે છે. તેમનો પોતાનો કોઇ સ્થાયી રંગ કે સ્થાયી સ્વભાવ હોતા નથી. જેની સાથે મેળાપ થતો હોય છે, તેટલો સમય તેના ગુણધર્મોને તેઓ અપનાવી લે છે. પોતાના નિત્ય નવા અને બદલાતા રંગોમાં કાંઇ ને કાંઇ તેટલા સમય પુરતાં તેમને ફળ મળતાં હોય છે અથવા અનુભવો થતા રહે છે. દૈવી જીવોનો સંગ પામીને દૈવી શીલ પ્રકટ કરે છે અને આસુરી જીવોનો સંગ પામીને તેઓ આસુરી શીલ પ્રકટ કરે છે. આમ ક્યાંય પણ તેઓ સ્થિરતાને પામતા નથી.

(ખ–૧) પ્રવાહમાર્ગ

હવે પ્રવાહમાર્ગીય જીવોનાં સ્વરૂપ, દેહ તેમ જ વ્યવહારનું નિરૂપણ કરવામાં આવે છે.

બધા જ આસુરી સૃષ્ટિના જીવોને પ્રવાહમાર્ગીય સમજવા, ગીતાજીમાં (૧૬.૭) "તેમને યોગ્ય પ્રવૃત્તિનું કે યોગ્ય નિવૃત્તિનું જ્ઞાન હોતું નથી." એમ કહીને નિરૂપણ કરાયું છે. પ્રવાહી જીવોમાં બે અવાંતર ભેદ હોય છે. જેમ કે,

અજ્ઞ પ્રવાહી જીવ
દુર્જ્ઞ પ્રવાહી જીવ

(૧) આસુરી સૃષ્ટિના તે જીવોનું વર્ણન ભગવાને ગીતાજીમાં (સોળમા અધ્યાયમાં) કર્યું છે, તેને દુર્જ્ઞ પ્રવાહી જીવ સમજવા.

(૨) એવા દુર્જ્ઞ પ્રવાહી જીવોના સંગને કારણે પ્રવાહી સ્વભાવ કે પ્રવાહી લક્ષણ પ્રકટ કરનારા જીવોને 'અજ્ઞ પ્રવાહી જીવ' કહેવાય છે.

પુષ્ટિજીવ જેવી રીતે પ્રવાહમાર્ગીય કુળમાં જન્મ લઇને પણ પ્રવાહમાર્ગીય વાતાવરણમાં પોતાનો તાળમેળ બેસાડી શકતા નથી, બરાબર તેવી જ રીતે પ્રવાહમાર્ગીય જીવ પુષ્ટિમાર્ગીય વાતાવરણ સાથે તે પોતાનો તાળમેળ બેસાડી શકતા નથી. (અહીંથી ગ્રંથ તૂટે છે.)

ગ્રંથના પૂર્વરૂપ અનુસાર નીચે દર્શાવેલ વિષયો ઉપર પ્રકાશની અપેક્ષા રહે છે :–

(ખ–૧) પ્રવાહમાર્ગીય જીવોના દેહ તેમજ વ્યવહારનું નિરૂપણ
(ખ–૨) પ્રવાહમાર્ગ
(ખ–૩) પ્રવાહફલ
(ગ–૧) મર્યાદામાર્ગ
(ગ–૨) મર્યાદાસર્ગ
(ગ–૩) મર્યાદાફલ
(ઘ) તથા ઉપસંહાર

પૂ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

(ગતાંકથી આગળ)

અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિંબ જ જીવ કહેવાય છે. આ પક્ષ તો જીવન્મુક્તિમાં બિલકુલ અસંગત કહે છે. અને અપરોક્ષ બ્રહ્મજ્ઞાન થઈ ચૂકયું તો તે જ ક્ષણે તેના દેહાદિનું ક્રિયાશાળીપણું તો દૂર રહ્યું પણ તે દેહાદિ પોતે રહેવા જ ન જોઈએ અથાત્ દેહપાત થઈ જવો જોઇએ. કારણ કે અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવ, જ્ઞાનદ્વારા નષ્ટ થઇ ચુકયો છે. અગર અહીં પણ એમ કહો કે પ્રારબ્ધમાત્ર અવિદ્યા બાકી રહી ગઇ છે. માટે બધુંય સંભવે છે તો પણ ઠીક નથી. કારણ કે બ્રહ્મજ્ઞાન થવાથી તેની (અવિદ્યાની) જરાય સ્થિતિ સંભવતી નથી. અને બ્રહ્મજ્ઞાનથી તેનો નાશ થઇ શકશે નહિ, યદિ પ્રારબ્ધરૂપ અવિદ્યાનો ભોગથી નાશ થઇ જશે એમ કહો તો પણ યુકત નથી. કારણ કે ભોગ પણ ત્હમારા મતમાં એક પ્રકારનું અજ્ઞાન કે અજ્ઞાન કાર્ય જ છે. તો પછી પ્રારબ્ધરૂપ અવિદ્યાને ભોગરૂપ અવિદ્યાથી નાશ થવો અસંભવિત છે. રજ્જુમાં સર્પભ્રમની જગ્યાએ બરોબર રજ્જુનું જ્ઞાન થઇ ગયા પછી કોઇ પણ અંશમાં સર્પજ્ઞાન અથવા તેનાથી થતા ભયાદિ નથી રહેતાં. અગર કહો કે કંપાદિ તો પછી પણ રહે છે, તો ભલે રહે પણ તેના રહેવાથી તે મનુષ્ય કોઇને પોકારતો નથી તેમ ત્યાંથી ભાગવાની પણ કોઇ ચેષ્ટા કરતો નથી, એવી જ રીતે જીવન મુકતનો દેહ ભલે રહો, પરંતુ તે ભોગાદિ તો કરી શકતો નથી. જેમ સુષુપ્તિમાં દેહમાત્ર રહે છે પરંતુ કંઇ તેનાંથી ખાવું, પીવું કે ચાલવું વિગેરે કોઇપણ ભોગ થતો નથી, તેમજ જીવનમુકતના દેહાદિ ભલે રહે, પરંતુ ચેષ્ટા અને ભોગાદિ ન થવાં જોઇએ, કારણ કે અધ્યાસ (અજ્ઞાન, અવિદ્યા) નો નાશ થઇ ચૂકયો છે. પરંતુ ઋષભદેવ, શુકદેવ, વામદેવ, વિગેરે જીવન્મુકતોને બધીએ ક્રિયા કરતા સાંભળ્યા છે અગર જીવન મુકિત ન માનો તો 'બ્રહ્મવેદ બ્રહ્મૈવ ભવતિ તમેતં વિદ્વાનમૃત ઇહ ભવતિ બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ અર્થાત્' બ્રહ્મજ્ઞાની, બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે, નિરંજનાત્મા બ્રહ્મસ્વરૂપ જીવનમુકત શોક અને આ કાંક્ષાઓથી રહિત થઇ જાય છે. ઇત્યાદિ જીવન્મુકત પ્રતિપાદક શ્રુતિ તથા સ્મૃતિઓ વ્યર્થ થઇ જશે માટે પ્રતિબિંબ પક્ષ અનેક દૂષણોથી ગ્રસ્ત થયેલો હોવાથી કોઇકામનો નથી અને વેદાંદિમાં ન હોવાથી અવૈદિક પણ છે.

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

(ગતાંકથી આગળ)

અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિંબ જ જીવ કહેવાય છે. આ પક્ષ તો જીવન્મુક્તિમાં બિલકુલ અસંગત કહે છે. અને અપરોક્ષ બ્રહ્મજ્ઞાન થઈ ચૂક્યું તો તે જ ક્ષણે તેના દેહાદિનું ક્રિયાશાળીપણું તો દૂર રહ્યું પણ તે દેહાદિ પોતે રહેવા જ ન જોઈએ અથાત્ દેહપાત થઈ જવો જોઇએ. કારણ કે અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવ, જ્ઞાનદ્વારા નષ્ટ થઇ ચુક્યો છે. અગર અહીં પણ એમ કહો કે પ્રારબ્ધમાત્ર અવિદ્યા બાકી રહી ગઇ છે. માટે બધુંય સંભવે છે તો પણ ઠીક નથી. કારણ કે બ્રહ્મજ્ઞાન થવાથી તેની (અવિદ્યાની) જરાય સ્થિતિ સંભવતી નથી. અને બ્રહ્મજ્ઞાનથી તેનો નાશ થઇ શકશે નહિ, યદિ પ્રારબ્ધરૂપ અવિદ્યાનો ભોગથી નાશ થઇ જશે એમ કહો તો પણ યુક્ત નથી. કારણ કે ભોગ પણ તહમારા મતમાં એક પ્રકારનું અજ્ઞાન કે અજ્ઞાન કાર્ય જ છે. તો પછી પ્રારબ્ધરૂપ અવિદ્યાને ભોગરૂપ અવિદ્યાથી નાશ થવો અસંભવિત છે. રજ્જુમાં સર્પભ્રમની જગ્યાએ બરોબર રજ્જુનું જ્ઞાન થઇ ગયા પછી કોઇ પણ અંશમાં સર્પજ્ઞાન અથવા તેનાથી થતા ભયાદિ નથી રહેતાં. અગર કહો કે કંપાદિ તો પછી પણ રહે છે, તો ભલે રહે પણ તેના રહેવાથી તે મનુષ્ય કોઇને પોકારતો નથી તેમ ત્યાંથી ભાગવાની પણ કોઇ ચેષ્ટા કરતો નથી, એવી જ રીતે જીવન મુક્તનો દેહ ભલે રહો, પરંતુ તે ભોગાદિ તો કરી શકતો નથી. જેમ સુષુપ્તિમાં દેહમાત્ર રહે છે પરંતુ કંઇ તેનાંથી ખાવું, પીવું કે ચાલવું વિગેરે કોઇપણ ભોગ થતો નથી, તેમજ જીવનમુક્તના દેહાદિ ભલે રહે, પરંતુ ચેષ્ટા અને ભોગાદિ ન થવાં જોઇએ, કારણ કે અધ્યાસ (અજ્ઞાન, અવિદ્યા)નો નાશ થઇ ચૂક્યો છે. પરંતુ ઋષભદેવ, શુકદેવ, વામદેવ, વિગેરે જીવન્મુક્તોને બધીએ ક્રિયા કરતા સાંભળ્યા છે અગર જીવન મુક્તિ ન માનો તો 'બ્રહ્મવેદ બ્રહ્મૈવ ભવતિ તમેતં વિદ્વાનમૃત ઇહ ભવતિ બ્રહ્મભુતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ અર્થાત્' બ્રહ્મજ્ઞાની, બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે, નિરંજનાત્મા બ્રહ્મસ્વરૂપ જીવનમુક્ત શોક અને આકાંક્ષાઓથી રહિત થઇ જાય છે. ઇત્યાદિ જીવન્મુક્ત પ્રતિપાદક શ્રુતિ તથા સ્મૃતિઓ વ્યર્થ થઇ જશે માટે પ્રતિબિંબ પક્ષ અનેક દૂષણોથી ગ્રસ્ત થયેલો હોવાથી કોઇકામનો નથી અને વેદાંદિમાં ન હોવાથી અવૈદિક પણ છે.

કેટલાક માયાવાદીઓનો મત છે કે અગર જીવ પ્રતિબિંબ નહિ તો આભાસ છે અર્થાત્ જેમ અંગુલિ (આંગળી) ના સંબંધથી એક ચંદ્રને ઠેકાણે બે ત્રણ ચંદ્રો જણાવા લાગે છે, એક દીપકને ઠેકાણે અનેક દીપકો દેખાવા લાગે છે. ખરી રીતે તો અનેક ચંદ્ર કે દીપક કંઈ નથી પણ માત્ર એકજ ચંદ્ર છે. એવી રીતે બ્રહ્મ જ અવિદ્યાના સંબંધથી જીવરૂપે અનેક પ્રકારે ભાસમાન થવા લાગે છે. વાસ્તવમાં જીવ બ્રહ્મભાસ છે, બીજું કંઈ નથી. આ પણ માયાવાદીઓનો એક માત્ર મનોરથ જ છે. અમે પૂછીએ છીએ કે આ અવિદ્યાનો સંબંધ કોને થયો અથવા એ ભ્રમ કોને થયો ? (ક્રમશઃ)

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૧૧ તા. ૧૧-૫-૮૪ શુક્ર મોહિની એકાદશી વ્રત શ્રી હરિવંશજીનો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૧૪-૫-૮૪ સોમ શ્રી નૃસિંહ જયંતિ વ્રત.

વૈશાખ સુદ ૧૫ તા. ૧૫-૫-૮૪ મંગળ પૂર્ણિમા, વૈશાખ સ્નાન સમાપ્તિ કૂર્મ જયંતિ, બુદ્ધ જયંતિ, શ્રી રાધા રમણનું પ્રાકટ્ય, શ્રી નરસિંહ મહેતાનો જન્મદિન

વૈશાખ વદ ૧ તા. ૧૬-૫-૮૪ બુધ શ્રી નારદ જયંતિ.

વૈશાખ વદ ૨ તા. ૧૭-૫-૮૪ ગુરુ શ્રી દાઉજી મહારાજકૃત ચાર સ્વરૂપનો ઉત્સવ શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ (સં. ૧૯૬૭)

વૈશાખ વદ ૧૧ તા. ૨૬-૫-૮૪ શનિ અપરા એકાદશી વ્રત

જેઠ સુદ ૧ તા. ૩૧-૫-૮૪ ગુરુ શ્રી ગંગા દશહરા પ્રારંભ, પનઘટ, જલક્રીડા. આજથી પુનમ સુધી શ્રી યમુનાજીના પદ બોલાય.

જેઠ સુદ ૫ તા. ૪-૬-૮૪ સોમ રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સં. ૧૮૩૬)

જેઠ સુદ ૯ તા. ૮-૬-૮૪ શુક્ર દશમનો ક્ષય છે. શ્રી યમુનાજીનો ઉત્સવ. શ્રી ગંગા જયંતિ શ્રી ગંગા દશહરા સમાપ્તિ.

કેટલાક માયાવાદીઓનો મત છે કે અગર જીવ પ્રતિબિંબ નહિ તો આભાસ છે અર્થાત્ જેમ અંગુલિ (આંગળી) ના સંબંધથી એક ચંદ્રને ઠેકાણે બે ત્રણ ચંદ્રો જણાવા લાગે છે, એક દીપકને ઠેકાણે અનેક દીપકો દેખાવા લાગે છે. ખરી રીતે તો અનેક ચંદ્ર કે દીપક કંઈ નથી પણ માત્ર એકજ ચંદ્ર છે. એવી રીતે બ્રહ્મ જ અવિદ્યાના સંબંધથી જીવરૂપે અનેક પ્રકારે ભાસમાન થવા લાગે છે. વાસ્તવમાં જીવ બ્રહ્મભાસ છે, બીજું કંઈ નથી. આ પણ માયાવાદીઓનો એક માત્ર મનોરથ જ છે. અમે પૂછીએ છીએ કે આ અવિદ્યાનો સંબંધ કોને થયો અથવા એ ભ્રમ કોને થયો ? (ક્રમશઃ)

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૧૧ તા. ૧૧-૫-૮૪ શુક્ર મોહિની એકાદશી વ્રત શ્રી હરિવંશજીનો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૧૪-૫-૮૪ સોમ શ્રી નૃસિંહ જયંતિ વ્રત.

વૈશાખ સુદ ૧૫ તા. ૧૫-૫-૮૪ મંગળ પૂર્ણિમા, વૈશાખ સ્નાન સમાપ્તિ કૂર્મ જયંતિ, બુદ્ધ જયંતિ, શ્રી રાધા રમણનું પ્રાકટય, શ્રી નરસિંહ મહેતાનો જન્મદિન

વૈશાખ વદ ૧ તા. ૧૬-૫-૮૪ બુધ શ્રી નારદ જયંતિ.

વૈશાખ વદ ૨ તા. ૧૭-૫-૮૪ ગુરુ શ્રી દાઉજી મહારાજકૃત ચાર સ્વરૂપનો ઉત્સવ શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ (સં. ૧૯૬૭)

વૈશાખ વદ ૧૧ તા. ૨૬-૫-૮૪ શનિ અપરા એકાદશી વ્રત

જેઠ સુદ ૧ તા. ૩૧-૫-૮૪ ગુરુ શ્રી ગંગા દશહરા પ્રારંભ, પનઘટ, જલક્રીડા. આજથી પુનમ સુધી શ્રી યમુનાજીના પદ બોલાય.

જેઠ સુદ ૫ તા. ૪-૬-૮૪ સોમ રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સં. ૧૮૩૬)

જેઠ સુદ ૯ તા. ૮-૬-૮૪ શુક્ર દશમનો ક્ષય છે. શ્રી યમુનાજીનો ઉત્સવ. શ્રી ગંગા જયંતિ શ્રી ગંગા દશહરા સમાપ્તિ.

ગોપીઓની યશોદા માતાને ફરીયાદ

સંયોજક-પ.ભ. શ્રી અશ્વિન સી. શાહ
અંધેરી-મુંબઇ ૫૮

વ્રજની ગોપીઓ યશોદામાતા પાસે જઇ ફરીયાદ કરે છે કે તમારો કનૈયો ગોપ બાલકો સાથે અમારે ઘરે આવી ખુબ જ ઉત્પાત કરે છે. અમારા ઘરમાં, કોઇ નહીં હોય ત્યારે છાનોમાનો આવી ગોપ બાલકો સાથે ઘુસી જાય છે અને ગોરસની ગાગરડીઓ ફોડી નાખે છે. પોતે તો માખણ ખાય જ છે પણ બીજા ગોવાળીઆઓને પણ ખવડાવે છે. એટલું જ બસ ન થતાં, બાકી રહેલું માખણ અને દહીં માકડાઓને ખવડાવી દે છે. અને છેલ્લે ખાલી મટકીઓ ફોડીને પાછલે બારણેથી એની વાનર સેના લઇ ભાગી જાય છે. અમે બધા એને પકડવા એની પાછળ દોડીએ છીએ, પણ એ અમને બધાને પાછળ મૂકીને તમારા ઘરમાં ડાહ્યો ડમરો બનીને સંતાય જાય છે. આમ રોજરોજ આવું નુકશાન કરે તે અમો કેવી રીતે સહન કરીએ ? અમે તમને હાથ જોડીને વિનંતિ કરીએ છીએ કે તમે લાલાને સમજાવો.

ગોપી

નટખટ તારો લાલ, યશોદા નટખટ તારો લાલ.
ગ્વાલ-બાલને સાથે લાવે, છાનો માનો ઘરમાં આવે;
માખણ ખાયને, દહીં ઉડાવે, કરી નાખે બધું બેહાલ,
નટખટ તારો લાલ, યશોદા ! નટખટ તારો લાલ.
આંખો કાઢે, અટકચાળા કરે, માટલી ફોડી તરત જ ભાગે.
ખૂબ સતાવે, પછી રીઝાવે, નિત નવીન જાળ બિછાવે,
નટખટ તારો લાલ, યશોદા ! નટખટ તારો લાલ.

(યશોદા માતા ગોપીઓની ફરીઆદનો જવાબ આપે છે.)

યશોદા—મારો કનૈયો તો હજી નાનો છે. કેટલો ભોળો છે, કેવો નિર્દોષ છે. તમારા ઘરમાં આવી શીકા ઉપર મૂકેલા દૂધ-દહીં-માખણ એ કેવી રીતે ઉતારે ? એના

ગોપીઓની યશોદા માતાને ફરીયાદ

સંયોજક-પ.ભ. શ્રી અશ્વિન સી. શાહ
અંધેરી-મુંબઇ ૫૮

વ્રજની ગોપીઓ યશોદામાતા પાસે જઇ ફરીયાદ કરે છે કે તમારો કનૈયો ગોપ બાલકો સાથે અમારે ઘરે આવી ખુબ જ ઉત્પાત કરે છે. અમારા ઘરમાં, કોઇ નહીં હોય ત્યારે છાનોમાનો આવી ગોપ બાલકો સાથે ઘુસી જાય છે અને ગોરસની ગાગરડીઓ ફોડી નાખે છે. પોતે તો માખણ ખાય જ છે પણ બીજા ગોવાળીઆઓને પણ ખવડાવે છે. એટલું જ બસ ન થતાં, બાકી રહેલું માખણ અને દહીં માકડાઓને ખવડાવી દે છે. અને છેલ્લે ખાલી મટકીઓ ફોડીને પાછલે બારણેથી એની વાનર સેના લઇ ભાગી જાય છે. અમે બધા એને પકડવા એની પાછળ દોડીએ છીએ, પણ એ અમને બધાને પાછળ મૂકીને તમારા ઘરમાં ડાહ્યો ડમરો બનીને સંતાય જાય છે. આમ રોજરોજ આવું નુકશાન કરે તે અમો કેવી રીતે સહન કરીએ ? અમે તમને હાથ જોડીને વિનંતિ કરીએ છીએ કે તમે લાલાને સમજાવો.

ગોપી

નટખટ તારો લાલ, યશોદા નટખટ તારો લાલ.
ગ્વાલ-બાલને સાથે લાવે, છાનો માનો ઘરમાં આવે;
માખણ ખાયને, દહીં ઉડાવે, કરી નાખે બધું બેહાલ,
નટખટ તારો લાલ, યશોદા ! નટખટ તારો લાલ.
આંખો કાઢે, અટકચાળા કરે, માટલી ફોડી તરત જ ભાગે.
ખૂબ સતાવે, પછી રીઝાવે, નિત નવીન જાળ બિછાવે,
નટખટ તારો લાલ, યશોદા ! નટખટ તારો લાલ.

(યશોદા માતા ગોપીઓની ફરીઆદનો જવાબ આપે છે.)

યશોદા—મારો કનૈયો તો હજી નાનો છે. કેટલો ભોળો છે, કેવો નિર્દોષ છે. તમારા ઘરમાં આવી શીકા ઉપર મૂકેલા દૂધ-દહીં-માખણ એ કેવી રીતે ઉતારે ? એના

હાથ હજી નાના–નાના છે, એના પગ પણ હજી નાના–નાના છે. હજી તો એ ઠમક ઠમક ચાલે છે. તે એ વળી કેવી રીતે દોડી જાય અને તમો બધીઓ એને પકડી ન શકો ! માટે તમો બધા ખોટી ફરીયાદ ન કરો અને મારા લાલને બદનામ ન કરો.

મારો લાલો સવારે વ્હેલો ઊઠી, તૈયાર થઇ ખભે કાળી કામળી અને હાથમાં લાકડી લઇ વૃંદાવનમાં ગાયો ચરાવવા જાય છે. સાંજે ગોધૂલીએ ઘરમાં આવે છે, ત્યારે સાવ થાકીને લોથ–પોથ થઇ જાય છે. રોજ સવારે હું એને અહીંથી માખણ અને રોટી બાંધીને આપું છું. મારા ઘરમાં દૂધ–દહીંની શું ખોટ પડી તે મારો લાલો તમારા ઘરે આવી ચોરી કરી માખણ ખાય ? માટે તમે બરાબર તપાસ કરી ચોરને શોધી કાઢો અને મારા કાનાને હેરાન ન કરો. ઉલ્ટાનો કાલે મારો કાનો કહેતો હતો કે વ્રજની ગોપીઓ ભેગી થઇ મને ચીડવે છે કે તું તો કાળો કનૈયો છે. યશોદા–નંદરાય તો ગોરા ગોરા છે, ભૈયા બલરામ પણ ગોરા ગોરા છે, આવું કંઇ કંઇ બોલી તમે મારા લાલાના કુમળા મનને દુભવો છે, તેથી ઘરમાં આવી કેવો ઉદાસ થઇ રહે છે. માટે તમે બધા અહીંથી ચાલી જાઓ અને મારા લાલાને સતાવો નહીં

(કૃષ્ણ ગોપીઓની ફરીયાદને જવાબ માતા યશોદાને આપે છે.)

કૃષ્ણ

ભોંળો તારો લાલ, મૈયા ! ભોળો તારો લાલ.
રોજ સવારે વનમાં જાયે, ખેલખેલને, ગાય ચરાવે
બધાયની સાથે સાંજે આવે, કેમ કરીને કોઇને સતાવે !
ભોળો તારો લાલ, મૈયા ! ભોળો તારો લાલ.
કાળો કનૈયો, કહી બધા ચીડવેને ઉપરથી બધે બદનામ કરે;
જાત–જાતની અફવા ફેલાવે, ખોટું હોય તો, પૂછગ્વાલ બાલને.
ભોળો તારો લાલ, મૈયા ! ભોળો તારો લાલ.

હાથ હજી નાના–નાના છે, એના પગ પણ હજી નાના–નાના છે. હજી તો એ ઠમક ઠમક ચાલે છે. તે એ વળી કેવી રીતે દોડી જાય અને તમો બધીઓ એને પકડી ન શકો ! માટે તમો બધા ખોટી ફરીયાદ ન કરો અને મારા લાલને બદનામ ન કરો.

મારો લાલો સવારે વ્હેલો ઊઠી, તૈયાર થઇ ખભે કાળી કામળી અને હાથમાં લાકડી લઇ વૃંદાવનમાં ગાયો ચરાવવા જાય છે. સાંજે ગોધૂલીએ ઘરમાં આવે છે, ત્યારે સાવ થાકીને લોથ–પોથ થઇ જાય છે. રોજ સવારે હું એને અહીંથી માખણ અને રોટી બાંધીને આપું છું. મારા ઘરમાં દૂધ–દહીંની શું ખોટ પડી તે મારો લાલો તમારા ઘરે આવી ચોરી કરી માખણ ખાય ? માટે તમે બરાબર તપાસ કરી ચોરને શોધી કાઢો અને મારા કાનાને હેરાન ન કરો. ઉલ્ટાનો કાલે મારો કાનો કહેતો હતો કે વ્રજની ગોપીઓ ભેગી થઇ મને ચીડવે છે કે તું તો કાળો કનૈયો છે. યશોદા–નંદરાય તો ગોરા ગોરા છે, ભૈયા બલરામ પણ ગોરા ગોરા છે, આવું કંઇ કંઇ બોલી તમે મારા લાલાના કુમળા મનને દુભવો છે, તેથી ઘરમાં આવી કેવો ઉદાસ થઇ રહે છે. માટે તમે બધા અહીંથી ચાલી જાઓ અને મારા લાલાને સતાવો નહીં

(કૃષ્ણ ગોપીઓની ફરીયાદને જવાબ માતા યશોદાને આપે છે.)

કૃષ્ણ

ભોળો તારો લાલ, મૈયા ! ભોળો તારો લાલ.
રોજ સવારે વનમાં જાયે, ખેલખેલને, ગાય ચરાવે
બધાયની સાથે સાંજે આવે, કેમ કરીને કોઇને સતાવે !
ભોળો તારો લાલ, મૈયા ! ભોળો તારો લાલ.
કાળો કનૈયો, કહી બધા ચીડવેને ઉપરથી બધે બદનામ કરે;
જાત–જાતની અફવા ફેલાવે, ખોટું હોય તો, પૂછગ્વાલ બાલને.
ભોળો તારો લાલ, મૈયા ! ભોળો તારો લાલ.

॥ શ્રી·હરિ ॥

"શ્રી વલ્લભાયન–મહાકાવ્યના પ્રકાશન માટે"

શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ જોગ નિવેદન

શ્રીમદ્ વલ્લભાચાર્ય – શ્રી મહાપ્રભુજીના દિવ્ય ચરિત્રની કથા શ્રી વલ્લભાયન–મહાકાવ્ય રૂપે શ્રી વલ્લભ પ્રભુની સમસ્ત ભારતમાં ત્રણ વખત પદયાત્રા, અગીયાર વખત વ્રજ પરિક્રમા, ગ્રંથોની રચના, છ સોમયાગ, શ્રી ગોવર્ધનેશજીની કથા, કનકાભિષેક, લગ્નોત્સવ, શ્રી ગોપીનાથજી, શ્રી વિઠ્ઠલેશ પ્રભુના પ્રાકટય અને ચરિત્રો, અનેક પ્રસંગો માનવધર્મ, ભાગવત ધર્મનું પદે પદે પ્રતિપાદન કરતાં આ દિવ્ય ચરિત્ર છંદો બદ્ધ રચના ધમ્બોલા (રાજસ્થાન) નિવાસી **શ્રીમાન્** ગણપતભાઈ શાસ્ત્રીજીએ કરેલ છે.

અત્યાર સુધીમાં શ્રી વલ્લભાયન–મહાકાવ્યની ૪૦૦ ઉપરાંત કથાઓ ભારતભરમાં શાસ્ત્રીજી છેલ્લા પાંત્રીસ વર્ષ દરમ્યાન કરી ચૂકયા છે. અને આ કથા સર્વતોમુખી બનેલ છે.

"આ ગ્રંથ સંબંધમાં પૂ. પા. ગો. શ્રી દિક્ષિતજી મહારાજશ્રીના ઉદ્ગારો—

"આ ગ્રંથ મુદ્રિત થવાની ખાસ જરૂર છે, જેથી ભવિષ્યમાં લગભગ ૩૦૦ ગ્રંથોને આવરી લેતું **'શ્રી વલ્લભ દર્શન શાસ્ત્ર'** તરીકે સંપ્રદાયમાં એક પ્રમાણરૂપ ગ્રંથ બનશે અને આવા પ્રકારનો પ્રયાસ અત્યાર સુધીમાં કાવ્યરૂપથી ન બનેલ હોવાથી ભવિષ્યના સાંપ્રદાયિક પ્રજાને ઘણો ઉપયોગી, પઠન, પાઠન અને વાદ્યગીત સાથે ગાતાં આનંદદાયી તુલસીકૃત રામાયણની માફક સંપ્રદાયમાં અદ્વિતીય મહાકાવ્ય બની રહેશે."

ઉપરોક્ત ઉદ્ગારો — આજ્ઞા સંપ્રદાયના અનુયાયીઓ માન્ય રાખી છપાવવામાં સહાયરૂપ થવા ઇચ્છતા વૈષ્ણવ સદ્ગૃહસ્થોએ નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતિ છે.

નિવેદક

દા. દા. રવજી પ. પટેલના

સદૈન્ય જયશ્રીકૃષ્ણ

સરનામું :–

શાસ્ત્રી ગણપતરામ એસ. પંડયા
(જીલ્લો–ડુંગરપુર), **ધમ્બોલા**–૩૧૪૪૦૨ (રાજસ્થાન)

કોટામાં શ્રી બડેમહાપ્રભુજીના મંદિરમાં બીરાજતાં પુ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રીના બેટીજીના લગ્નનો પ્રસ્તાવ ચૈ સુ. ૧૨ના યોજાએલ એ પ્રસંગેશ્રીનો કુનવાડો તથા વિવિધ મનોરથો થયેલ સૌરાષ્ટ્ર ગુજરાત રાજસ્થાન દિલ્હી મ. પ્ર. આદિ સ્થળોએથી હજારો વૈષ્ણવો પ્રસ્તાવના દર્શને આવેલ અનેક પુ. ગો. આચાર્યશ્રીઓ સજાતિય ભટ્ટવર્ગ અને વૈષ્ણવોના અપાર સમુહવચ્ચે ઉલ્લાસપુર્ણ વાતાવરણમાં પ્રસ્તાવ સંપન્ન થયેલ.

॥ શ્રી·હરિ ॥

"શ્રી વલ્લભાયન–મહાકાવ્યના પ્રકાશન માટે"

શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ જોગ નિવેદન

શ્રીમદ્ વલ્લભાચાર્ય – શ્રી મહાપ્રભુજીના દિવ્ય ચરિત્રની કથા શ્રી વલ્લભાયન–મહાકાવ્ય રૂપે શ્રી વલ્લભ પ્રભુની સમસ્ત ભારતમાં ત્રણ વખત પદયાત્રા, અગીયાર વખત વ્રજ પરિક્રમા, ગ્રંથોની રચના, છ સોમયાગ, શ્રી ગોવર્ધનેશજીની કથા, કનકાભિષેક, લગ્નોત્સવ, શ્રી ગોપીનાથજી, શ્રી વિઠ્ઠલેશ પ્રભુના પ્રાકટય અને ચરિત્રો, અનેક પ્રસંગો માનવધર્મ, ભાગવત ધર્મનું પદે પદે પ્રતિપાદન કરતાં આ દિવ્ય ચરિત્ર છંદો બદ્ધ રચના ધમ્બોલા (રાજસ્થાન) નિવાસી શ્રીમાન્ ગણપતભાઈ શાસ્ત્રીજીએ કરેલ છે.

અત્યાર સુધીમાં શ્રી વલ્લભાયન–મહાકાવ્યની ૪૦૦ ઉપરાંત કથાઓ ભારતભરમાં શાસ્ત્રીજી છેલ્લા પાંત્રીસ વર્ષ દરમ્યાન કરી ચૂકયા છે. અને આ કથા સર્વતોમુખી બનેલ છે.

"આ ગ્રંથ સંબંધમાં પૂ. પા. ગો. શ્રી દિક્ષિતજી મહારાજશ્રીના ઉદ્ગારો—

"આ ગ્રંથ મુદ્રિત થવાની ખાસ જરૂર છે, જેથી ભવિષ્યમાં લગભગ ૩૦૦ ગ્રંથોને આવરી લેતું **'શ્રી વલ્લભ દર્શન શાસ્ત્ર'** તરીકે સંપ્રદાયમાં એક પ્રમાણરૂપ ગ્રંથ બનશે અને આવા પ્રકારનો પ્રયાસ અત્યાર સુધીમાં કાવ્યરૂપથી ન બનેલ હોવાથી ભવિષ્યના સાંપ્રદાયિક પ્રજાને ઘણો ઉપયોગી, પઠન, પાઠન અને વાદ્યગીત સાથે ગાતાં આનંદદાયી તુલસીકૃત રામાયણની માફક સંપ્રદાયમાં અદ્વિતીય મહાકાવ્ય બની રહેશે."

ઉપરોક્ત ઉદ્ગારો — આજ્ઞા સંપ્રદાયના અનુયાયીઓ માન્ય રાખી છપાવવામાં સહાયરૂપ થવા ઇચ્છતા વૈષ્ણવ સદ્ગૃહસ્થોએ નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતિ છે.

નિવેદક
દા. દા. રવજી પ. પટેલના
સદૈન્ય જયશ્રીકૃષ્ણ

સરનામું :–
શાસ્ત્રી ગણપતરામ એસ. પંડયા
(જીલ્લો-ડુંગરપુર), **ધમ્બોલા**–૩૧૪૪૦૨ (રાજસ્થાન)

કોટામાં શ્રી બડેમહાપ્રભુજીના મંદિરમાં બીરાજતાં પુ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રીના બેટીજીના લગ્નનો પ્રસ્તાવ ચૈ સુ. ૧૨ના યોજાએલ એ પ્રસંગેશ્રીનો કુનવાડો તથા વિવિધ મનોરથો થયેલ સૌરાષ્ટ્ર ગુજરાત રાજસ્થાન દિલ્હી મ. પ્ર. આદિ સ્થળોએથી હજારો વૈષ્ણવો પ્રસ્તાવના દર્શને આવેલ અનેક પુ. ગો. આચાર્યશ્રીઓ સજાતિય ભટ્ટવર્ગ અને વૈષ્ણવોના અપાર સમુહવચ્ચે ઉલ્લાસપુર્ણ વાતાવરણમાં પ્રસ્તાવ સંપન્ન થયેલ.

॥ શ્રી વલ્લભઃ ॥

અથ સાર-સ્મૃતિનું ધોળ

વિરચિત ભક્ત **કવિશ્રી દયારામભાઇ**
સં. પ્રો. **જીવનલાલ જોશી**

(શ્રી દયારામભાઇએ પોતાના શ્રી હસ્તે પોતાની ગુજરાતી અને વ્રજ-ભાષાદિની રચનાઓને નાગરી લિપિમાં લખેલી છે, તેમાં તેમણે "સાર સ્મૃતિ"નું ધોળ (શ્રી વલ્લભનો પરિવાર) નાગરી લિપિમાં લખેલું છે. તેનું સર્જકની માનીતી જોડણીને ખપ પુરતા વફાદાર રહીને વર્તમાન જોડણીને જરૂર પુરતી અનુસરી સંપાદન કર્યું છે.—સંપાદક)

પ્રથમ પ્રભાતે શ્રીગુરુ-વલ્લભનું લો નામ,
પુરુષોત્તમ પુરણકામ, શ્રી મહાલક્ષ્મી પતિજી;
શ્રી લક્ષ્મણ રાજકુમાર, શ્રી ઇલમ્મા પુત્ર ઉદાર,
શ્રીવલ્લભ-પ્રાણ-આધાર, ચરણ (ચરણે) રાખો રતિજી....૧

"શ્રી વલ્લભનો પરિવાર"

શ્રી ગોપીનાથ અભિધાન, તે તો પુરણ પુરુષ પ્રધાન,
એ યોગીજનને (જોગીજનને), ધ્યાને ધરવા દોહ્યલાજી;
વ્યાપક વિશ્વાધાર, સુખદાયક (શ્રી) નંદકુમાર,
એ અક્ષર બ્રહ્મ-અપાર, તે ક્યાંહાં થકી (ક્યાંહાંથી) સોહલાજી....૨
શ્રી રુક્મિણી-રમણ, (શ્રી-રૂક્મણી-રવન), શ્રી પદ્માવતી પ્રાણજીવન,
શ્રી-વિઠ્ઠલ તન-મન-ધન-થી, અધિકા જાણજોજી;
શ્રી ગોવર્ધનોદ્ધરણ, (શ્રી ગોવરધન ધરણ), શ્રી-રાધિકા-રમણ,
શ્રી-વ્રજવનિતા-સુખકરણ,-સેવી, સુખ માણજોજી....૩

"નમત કૃષ્ણ તુર્ય પ્રિયામ્"

શ્રી કૃષ્ણ-પ્રિયે શ્રી યમુને, શ્રી મહારાણીજી નામ,
એ, સરવે સુખનૂં (સુખનાં) ધામ, શ્રી કાલિંદીજી કહિયેજી;

"નિકુંજ નાયક શ્રી નાથજીનાં નવ નિધિનાં સ્વરૂપ"

લીલા ભેદે સ્વરુપ ભેદ, સ્વરુપ ભેદે ભાવ ભેદ
શ્રી નવનીતપ્રિયે લાલ, શ્રી મથુરાનાથ કૃપાલ,
શ્રી વિઠ્ઠલનાથ દયાલ, 'દયા-સમુદ્ર' લહિયેજી....૪

॥ શ્રી વલ્લભઃ ॥

અથ સાર-સ્મૃતિનું ધોળ

વિરચિત ભક્ત કવિશ્રી **દયારામભાઇ**
સં. પ્રો. **જીવનલાલ જોશી**

(શ્રી દયારામભાઇએ પોતાના શ્રી હસ્તે પોતાની ગુજરાતી અને વ્રજ-ભાષાદિની રચનાઓને નાગરી લિપિમાં લખેલી છે, તેમાં તેમણે "સાર સ્મૃતિ"નું ધોળ (શ્રી વલ્લભનો પરિવાર) નાગરી લિપિમાં લખેલું છે. તેનું સર્જકની માનીતી જોડણીને ખપ પુરતા વફાદાર રહીને વર્તમાન જોડણીને જરૂર પુરતી અનુસરી સંપાદન કર્યું છે.—સંપાદક)

પ્રથમ પ્રભાતે શ્રીગુરુ-વલ્લભનું લો નામ,
પુરુષોત્તમ પુરણકામ, શ્રી મહાલક્ષ્મી પતિજી;
શ્રી લક્ષ્મણ રાજકુમાર, શ્રી ઇલમ્મા પુત્ર ઉદાર,
શ્રીવલ્લભ-પ્રાણ-આધાર, ચરણ (ચરણે) રાખો રતિજી....૧

"શ્રી વલ્લભનો પરિવાર"

શ્રી ગોપીનાથ અભિધાન, તે તો પુરણ પુરુષ પ્રધાન,
એ યોગીજનને (જોગીજનને), ધ્યાને ધરવા દોહ્યલાજી;
વ્યાપક વિશ્વાધાર, સુખદાયક (શ્રી) નંદકુમાર,
એ અક્ષર બ્રહ્મ-અપાર, તે કયાંહાં થકી (કયાંહાંથી) સોહલાજી....૨
શ્રી રુકિમણી-રમણ, (શ્રી-રૂક્ષ્મણી-રવન), શ્રી પદ્માવતી પ્રાણજીવન,
શ્રી-વિઠ્ઠલ તન-મન-ધન-થી, અધિકા જાણજોજી;
શ્રી ગોવર્ધનોદ્ધરણ, (શ્રી ગોવરધન ધરણ), શ્રી-રાધિકા-રમણ,
શ્રી-વ્રજવનિતા-સુખકરણ,-સેવી, સુખ માણજોજી....૩

"નમત કૃષ્ણ તુર્ય પ્રિયામ્"

શ્રી કૃષ્ણ-પ્રિયે શ્રી યમુને, શ્રી મહારાણીજી નામ,
એ, સરવે સુખનૂં (સુખનાં) ધામ, શ્રી કાલિંદીજી કહિયેજી;

"નિકુંજ નાયક શ્રી નાથજીનાં નવ નિધિનાં સ્વરૂપ"

લીલા ભેદે સ્વરુપ ભેદ, સ્વરુપ ભેદે ભાવ ભેદ
શ્રી નવનીતપ્રિયે લાલ, શ્રી મથુરાનાથ કૃપાલ,
શ્રી વિઠ્ઠલનાથ દયાલ, 'દયા-સમુદ્ર' લહિયેજી....૪

શ્રી દ્વારકાનાથ (સનાથ), શ્રી ગોકુલપતિ ગુણગાથ,
એ અનાથ નાથ, શ્રી ગોકુલચંદ્રમાજી;
રાજે શ્રીમદન મોહન્ન, શ્રીનટવર–મનમથમદસૂદન્નજી,
શ્રી બાલકૃષ્ણજી(ના) વદન્ન–તણી નહીં (કો) ઉપમાજી ...૫

"શ્રી વલ્લભનો પરિવાર–શ્રી વલ્લભની બિંદુ-સૃષ્ટિ"

(શ્રી વિઠ્ઠલ કલ્પદ્રુપ ફળ્યો, તેની પ્રસરી શાખા અનેક; રે, રસના)
શ્રી ગિરિધરજી ગુણવંત, જેહેનો કોઇનાં પામે અંત,
શ્રી ભાંમિની વહુજીના ચિત્ત (ચંત)–વિશે, ભલા ભાવિયાજી;
જે જે (જય જય) શ્રી ગોવિંદજી, પુરણ પરમાનંદજી,
શ્રી રાણી વહુજીના આનંદ–દાયક કહાવિયાજી....૩

શ્રી બાલકૃષ્ણ અતિરૂપ, તે તો સ્વરૂપ તણા જ (જે) સ્વરૂપ,
શ્રી-(એ) કમલાકાંત અનૂપ–ની ઉપમાકો નહીં જી;
શ્રી ગોકુલેશ શુભ નામ, જીત્ય, માયિક, રાખી દામ,
શ્રી (એ) પારવતી પતિ કામ–ના પુરણ છે (છો) સહીજી....૭

શ્રી રઘુપતિ તેજ ભંડાર, જેહેના ગુણ–યશનો(જશનો) નહીં પાર,
શ્રી (એ) જાનકી જીવન–સાર, ભકત – ચિંતામણિજી;
શ્રી યદુપતિ જુગ–જીવંન, તે તો પ્રફુલિત (પ્રફુલિત) પ્રસંન વદંન;
શ્રી (જદુપતિ જગજીવંન)
શ્રી (એ) મહારાણી વહુજીધંન, જેહેને શિર એ ધણિજી........૮

શ્રી–ઘનશ્યામજી ગાઓ, પુષ્ટિ પથ ફલજો ચાહાઓ, (ચાહો),
(શ્રી ઘનશામજી ગાઓ)
શ્રી (એ)કૃષ્ણાવતી વહુજીના નાહો, (નાહ), હૃદે–મધ્યે ધરિયે જી;
શ્રી લક્ષ્મી સતભામાજી, શોભા, યમુના, કમલા,
શ્રી દેવકાબેટીજીસહ, નિત (નિત્ય) સમરિયેજી........૯

"શ્રી વલ્લભનો પરિકર– શ્રી વલ્લભની નાદસ્ષ્ટિ–શ્રી વલ્લભના દાસાનુદાસ"

(શ્રી) દામોદરદાસ, (શ્રી) મહાપ્રભુપદ પંકજપાસ, (વાસ),
જગ (જકત) પ્રકાશસૂરદાસ, પરમાનંદદાસ છે જી;
અતિ અનન્ય કુંભનદાસ, હૃદે કૃષ્ણદાસ રસ–રાસ,
એ ચારે મુખ્ય, શ્રી વલ્લભ–ચરણ (શરણ) નિવાસ છે જી........૧૦

શ્રી દ્વારકાનાથ (સનાથ), શ્રી ગોકુલપતિ ગુણગાથ,
એ અનાથ નાથ, શ્રી ગોકુલચંદ્રમાજી;
રાજે શ્રીમદન મોહન્ન, શ્રીનટવર–મનમથમદસૂદન્નજી,
શ્રી બાલકૃષ્ણજી(ના) વદન્ન–તણી નહીં (કો) ઉપમાજી ...૫

"શ્રી વલ્લભનો પરિવાર–શ્રી વલ્લભની બિંદુ-સૃષ્ટિ"

(શ્રી વિઠ્ઠલ કલ્પદ્રુપ ફળ્યો, તેની પ્રસરી શાખા અનેક; રે, રસના)
શ્રી ગિરિધરજી ગુણવંત, જેહેનો કોઇનાં પામે અંત,
શ્રી ભાંમિની વહુજીના ચિત્ત (ચંત)–વિશે, ભલા ભાવિયાજી;
જે જે (જય જય) શ્રી ગોવિંદજી, પુરણ પરમાનંદજી,
શ્રી રાણી વહુજીના આનંદ–દાયક કહાવિયાજી....૩

શ્રી બાલકૃષ્ણ અતિરૂપ, તે તો સ્વરૂપ તણા જ (જે) સ્વરૂપ,
શ્રી-(એ) કમલાકાંત અનૂપ–ની ઉપમાકો નહીં જી;
શ્રી ગોકુલેશ શુભ નામ, જીત્ય, માયિક, રાખી દામ,
શ્રી (એ) પારવતી પતિ કામ–ના પુરણ છે (છો) સહીજી....૭

શ્રી રઘુપતિ તેજ ભંડાર, જેહેના ગુણ–યશનો(જશનો) નહીં પાર,
શ્રી (એ) જાનકી જીવન–સાર, ભકત – ચિંતામણિજી;
શ્રી યદુપતિ જુગ–જીવંન, તે તો પ્રફુલિત (પ્રફુલિત) પ્રસંન વદંન;
શ્રી (જદુપતિ જગજીવંન)
શ્રી (એ) મહારાણી વહુજીધંન, જેહેને શિર એ ધણિજી........૮

શ્રી–ઘનશ્યામજી ગાઓ, પુષ્ટિ પથ ફલજો ચાહાઓ, (ચાહો),
(શ્રી ઘનશામજી ગાઓ)
શ્રી (એ)કૃષ્ણાવતી વહુજીના નાહો, (નાહ), હૃદે–મધ્યે ધરિયે જી;
શ્રી લક્ષ્મી સતભામાજી, શોભા, યમુના, કમલા,
શ્રી દેવકાબેટીજીસહુ, નિત (નિત્ય) સમરિયેજી........૯

"શ્રી વલ્લભનો પરિકર– શ્રી વલ્લભની નાદસૃષ્ટિ–શ્રી વલ્લભના
દાસાનુદાસ"

(શ્રી) દામોદરદાસ, (શ્રી) મહાપ્રભુપદ પંકજપાસ, (વાસ),
જગ (જકત) પ્રકાશસૂરદાસ, પરમાનંદદાસ છે જી;
અતિ અનન્ય કુંભનદાસ, હૃદે કૃષ્ણદાસ રસ–રાસ,
એ ચારે મુખ્ય, શ્રી વલ્લભ–ચરણ (શરણ) નિવાસ છે જી........૧૦

નંદદાસ ચતુર્ભુજદાસનામિ, છીતસ્વામી ગોવિંદસ્વામી,
એમના (એઉના) પ્રભુ અંતરયામી,-શ્રી વિઠ્ઠલઅકલગતિજી;
ચોરાશી સંભારો, વૈષ્ણવ-બેશત બાવન ધારો,
સૌ (શ્રી) વલ્લભ-સૃષ્ટિ વિચારો, ક્ષણુ-પલ નિત (નિત્ય) પ્રતિજી. ૧૧

"નિકુંજ નાયક શ્રીનાથજીની, નિકુંજ-નાયિકા શ્રી-સ્વામિનીજીની, શ્રીવલ્લભ શ્રી-વિઠ્ઠલની, તેમનાં સૌનાં પરિકર-ઉપસ્કરાદિ-લીલા-સ્થલી-તેમનાં સૌના નિત્યલીલાસ્થ સ્થાનાદિ."

શ્રીગોવર્ધન શ્રીગોકુલધન, શ્રીમથુરા મન આણો, શ્રી-વૃંદાવન-વખાણો, સૌ વ્રજદેશનેજી; લીલા શ્રીગિરિવરધારી, લોચાર યુથ (ચારે જૂથ) સંભારી, (શ્રી) વલ્લભીજન લેજો વિચારી, વસ્તુ અશેશનેજી. ૧૨

"શ્રી-દયારામભાઇનું આધિ દૈવિક માનસ-અલૌકિક અંતર"

શ્રીવલ્લભનો પરિવાર, (છે), (તે), સૌ સૃષ્ટિ-શિરોમણિસાર, સમરો સહુ વારંવાર, ધરી નિત (નિત્ય) નેમશુજી.

"શ્રી-દયારામભાઇની અનોખી માગણી અલૌકિક-ઇચ્છા."

હું માગું વ્રજરાય, મુજને (મુને) એ સમ્રણુ નિત (નિત્ય) થાય, જન **'દયારામ'** ગુણ (યશ) ગાય, અતિઉર પ્રેમશુંજી. ૧૩

"ઇતિ શ્રી-સાર-સ્મૃતિનું ઘોળ-સંપુરણ છે."

ટીપ — શ્રી દયારામભાઈના પ્રધાન વિશ્વાસ પાત્ર લહિયા — શ્રી અમીન ઘેલાભાઇ દુલવદાસની હસ્ત પ્રત – સુઘડ, સુવાચ્ય, સુંદર **"અથસાર-સ્મૃતિ"**નું ઘોળ – (પૃ. ૧૨–૧૪) ઉપર છે.

શ્રી ઘેલાભાઈ અમીન ગર્ભ શ્રીમંત પિતાના ગર્ભ શ્રીમંત પુત્ર ડભોઈ અને આજુબાજુનાં ગામડાંની પટેલ જ્ઞાતિના સરપંચ હતા. તેઓના ગુરુદેવ કાંકરોલીવાળા પૂ. પા. ગો. શ્રી પુરુષોતમલાલજી મહારાજ હતા.

ડભોઈમાં એમનાં પાંચ-સાત મકાન હતા. તેમાંથી ઝારોલા વગામાં હિમજા માતા પાસેનું એક મકાન પુરાણી દાજીભાઈ નિર્ભયરામને કૃષ્ણાર્પણ કર્યું હતું. બાકીનામાં પોતે રહેતા હતા.

ડભોઈ, સાઠોદ અને આજુ બાજુના ગામડામાં મળીને એમની આશરે સો એક વિઘા જમીન હતી. ગાયોના દૂઝાણા હતા – ઘી, માખણ ખૂબ થતાં. તેઓ ખૂબ ઠાઠ માઠથી – જાહો જલાલીથી જીવન જીવતા હતા. સેવા તન, મન અને ધનથી કરતાં તેઓ બેઠાં ઘાટના દરિયાવ દિલના, હસમુખા અને પરંગજુ. ગાય, બ્રાહ્મણ અને વૈષ્ણવના ભક્ત, સદાવ્રત ચલાવતા, મન મૂકીને મદદ કરતા. વાર તહેવારે બ્રહ્મભોજન, ભંડારોને ચોરાસી કરતા. પાંચ સાત વૈષ્ણવ જન દરરોજ મહા પ્રસાદ લેતા. ઉત્સવ – મહોત્સવે સેંકડો પાતળો પડતી.

નંદદાસ ચતુર્ભુજદાસનામિ, છીતસ્વામી ગોવિંદસ્વામી,
એમના (એઉના) પ્રભુ અંતરયામી,-શ્રી વિઠ્ઠલઅકલગતિજી;
ચોરાશી સંભારો, વૈષ્ણવ-બેશત બાવન ધારો,
સૌ (શ્રી) વલ્લભ-સૃષ્ટિ વિચારો, ક્ષણુ-પલ નિત (નિત્ય) પ્રતિજી. ૧૧

"નિકુંજ નાયક શ્રીનાથજીની, નિકુંજ-નાયિકા શ્રી-સ્વામિનીજીની, શ્રીવલ્લભ શ્રી-વિઠ્ઠલની, તેમનાં સૌનાં પરિકર-ઉપસ્કરાદિ-લીલા-સ્થલી-તેમનાં સૌના નિત્યલીલાસ્થ સ્થાનાદિ."

શ્રીગોવર્ધન શ્રીગોકુલધન, શ્રીમથુરા મન આણો, શ્રી-વૃંદાવન-વખાણો, સૌ વ્રજદેશનેજી; લીલા શ્રીગિરિવરધારી, લોચાર યુથ (ચારે જૂથ) સંભારી, (શ્રી) વલ્લભીજન લેજો વિચારી, વસ્તુ અશેશનેજી. ૧૨

"શ્રી-દયારામભાઇનું આધિ દૈવિક માનસ-અલૌકિક અંતર"

શ્રીવલ્લભનો પરિવાર, (છે), (તે), સૌ સૃષ્ટિ-શિરોમણિસાર, સમરો સહુ વારંવાર, ધરી નિત (નિત્ય) નેમશુજી.

"શ્રી-દયારામભાઇની અનોખી માગણી અલૌકિક-ઇચ્છા."

હું માગું વ્રજરાય, મુજને (મુને) એ સમ્રણુ નિત (નિત્ય) થાય, જન **'દયારામ'** ગુણ (યશ) ગાય, અતિઉર પ્રેમશુંજી. ૧૩

"ઇતિ શ્રી-સાર-સ્મૃતિનું ધોળ-સંપુરણ છે."

ટીપ — શ્રી દયારામભાઈના પ્રધાન વિશ્વાસ પાત્ર લહિયા — શ્રી અમીન ઘેલાભાઇ દુલવદાસની હસ્ત પ્રત – સુઘડ, સુવાચ્ય, સુંદર **"અથસાર-સ્મૃતિ"**નું ધોળ – (પૃ. ૧૨–૧૪) ઉપર છે.

શ્રી ઘેલાભાઈ અમીન ગર્ભ શ્રીમંત પિતાના ગર્ભ શ્રીમંત પુત્ર ડભોઈ અને આજુબાજુનાં ગામડાંની પટેલ જ્ઞાતિના સરપંચ હતા. તેઓના ગુરુદેવ કાંકરોલીવાળા પૂ. પા. ગો. શ્રી પુરુષોતમલાલજી મહારાજ હતા.

ડભોઈમાં એમનાં પાંચ-સાત મકાન હતા. તેમાંથી ઝારોલા વગામાં હિમજા માતા પાસેનું એક મકાન પુરાણી દાજીભાઈ નિર્ભયરામને કૃષ્ણાર્પણ કર્યું હતું. બાકીનામાં પોતે રહેતા હતા.

ડભોઈ, સાઠોદ અને આજુ બાજુના ગામડામાં મળીને એમની આશરે સો એક વિઘા જમીન હતી. ગાયોના દૂઝાણા હતા – ઘી, માખણ ખૂબ થતાં. તેઓ ખૂબ ઠાઠ માઠથી – જાહો જલાલીથી જીવન જીવતા હતા. સેવા તન, મન અને ધનથી કરતાં તેઓ બેઠાં ઘાટના દરિયાવ દિલના, હસમુખા અને પરંગજુ. ગાય, બ્રાહ્મણ અને વૈષ્ણવના ભક્ત, સદાવ્રત ચલાવતા, મન મૂકીને મદદ કરતા. વાર તહેવારે બ્રહ્મભોજન, ભંડારોને ચોરાસી કરતા. પાંચ સાત વૈષ્ણવ જન દરરોજ મહા પ્રસાદ લેતા. ઉત્સવ – મહોત્સવે સેંકડો પાતળો પડતી.

કોટામાં શ્રી સોમયજ્ઞ તથા પરિષદનું સંમેલન

પુ. પા ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ પ્રથમેશજી દ્વારા છઠ્ઠો સોમયજ્ઞ “આપ્તોર્યામ” ચૈ. સુ. ૯ (રામનવમી) થી ચૈ. સુ. ૧૫ સુધી પ્રથમગૃહના નિધિસ્વરૂપ શ્રી મથુરાધીશજી જ્યાં બીરાજે છે એવા રાજસ્થાનના મુખ્ય ઔદ્યોગિક નગર કોટામાં ખુબજ ઉલ્લાસપુર્વક યોજાએલ.

આજથી ૯૮ વર્ષ પુર્વે શ્રીમથુરાધીશ પ્રભુનો છપ્પન ભોગ જે સ્થળે થયેલ તે ચંબલ નદીને કીનારે આવેલ સ્થળ જે આજે પણ ‘છપ્પન ભોગસ્થળ’ તરીકે જ ઓળખાય છે તેમાં વિશાળ ‘શ્રીવલ્લભાચાર્ય નગર’ નું આયોજન થયેલ તેની પાંસેજ આવેલ દશહરા મેદાનમાં વૈષ્ણવોના આવાસ માટેના તંબુઓનું ‘સુરદાસ નગર’ બનાવેલ જેમાં બહારગામથી આવનાર ગૈષ્ણવો માટે મોટી સાઇઝના ૮૫ જેટલાં તંબુઓ નખાએલ જ્યારે શ્રીવલ્લભાચાર્ય નગરમાં શ્રીમહાપ્રભુજીનું મંદિર, યજ્ઞ શાળા, પ્રવચન મંડપ, પુ પા. આચાર્યશ્રીઓના નિવાસ માટેના તંબુઓ તથા કાર્યકર્તા અને મર્યાદિ વૈષ્ણવોના ઉતારા માટેના ૧૫ તંબુઓ તથા ૧૦ છોલદારી, વૈષ્ણવોને પ્રસાદ લેવા માટેના મંડાણ, કાર્યાલય, ચિત્ર પ્રદર્શની પુષ્ટિમાર્ગીય સાહિત્ય, ચિત્ર, પ્રકાશન આદિના વેંચાણના સ્ટોલ રખાએલ.

રાજસ્થાનમાં આ સહુ પ્રથમજ સોમયજ્ઞ થતો હોઇ રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી, હરિયાણા વગેરે ક્ષેત્રોના વૈષ્ણવો અપાર ઉત્સાહથી યજ્ઞના દર્શનાર્થે ઉમટી પડેલ. સ્થાનિક તેમજ બહાર ગામના અપાર ગૈષ્ણવ સમુહને સ્વમાર્ગીય સંગઠનની પ્રેરણા આપવા માટે આં. રા. પુ. વૈ. પરિષદનુ પ્રચાર સંમેલન તા. ૧૪ તથા ૧૫ એપ્રીલના દિવસે દશહરા મેદાનપર આવેલ ‘શ્રીરામ રંગમંચ’ ઓપન એર થીએટરમાં યોજાએલ. તા. ૧૪ મી ને શનિવારે સાંજે ૭ વાગે તૃતિય પીઠાધીશ્વર પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ કાંકરોલી વાળાના વરદ કરક મલો દ્વારા દીપ પ્રગટાવી સંમેલનનું ઉદ્‌ઘાટન થયેલ ત્યારે શ્રીરામ રંગ મંચ પર હજારોની સંખ્યામાં એકત્ર ગૈષ્ણવોએ હર્ષ નાદો કરેલ. આ પ્રસંગે પરિષદના સંગઠનને આશિર્વાદ પ્રદાન કરવા વિવિધ સ્થળોએથી પુ. પા. ગોસ્વામી આચાર્યશ્રીઓ પધારેલ જેમાં અ. ભા. પુ. વે. પરિષદના ભૂ. પુ. અધ્યક્ષો પુ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર) તથા પુ. પા. ગો. શ્રી વ્રજધીશજી મહારાજ (મુંબઇ) પધારેલ તથા પુ. પા. ગો. શ્રી ચિમનલાલ મહારાજ માંડવીવાળા (શ્રીમદ્‌ગોકુલ) પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ માંડવીવાળા (મુંબઇ–પાર્લા) પુ. પા. ગો. શ્રીગિરધરલાલ બાવાશ્રી (કામવન) પુ. પા. ગો. શ્રી લાલમણી બાવાશ્રી (મુંબઇ) પુ. પા. ગો. શ્રીશ્યામુબાવાશ્રી (જામનગર–ચાંપાસેની) પુ. પા. ગો. મીલનબાવાશ્રી (મુંબઇ) આદિ મંચ પર બીરાજેલ, જેમના દર્શન કરી વૈષ્ણવ જનતા અપુર્વહર્ષનો અનુભવ કરી રહેલ

આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા વિદ્વાનો શ્રીયુત નિરંજન શાસ્ત્રીજી (ઉમરેઠ–મુંબઇ) શ્રીયુત પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી (વડોદરા) શ્રીયુત ઘનશ્યામદાસજી મુખીયા (ઇન્દોર) શ્રીયુત્ ધરણીધર શાસ્ત્રીજી (ઉદયપુર) આદિ મુખ્ય હતાં.

કોટામાં શ્રી સોમયજ્ઞ તથા પરિષદનું સંમેલન

પુ. પા ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ પ્રથમેશજી દ્વારા છઠ્ઠો સોમયજ્ઞ "આપ્તોર્યામ" ચૈ. સુ. ૯ (રામનવમી) થી ચૈ. સુ. ૧૫ સુધી પ્રથમગૃહના નિધિસ્વરૂપ શ્રી મથુરાધીશજી જ્યાં બીરાજે છે એવા રાજસ્થાનના મુખ્ય ઔદ્યોગિક નગર કોટામાં ખુબજ ઉલ્લાસપુર્વક યોજાએલ.

આજથી ૯૮ વર્ષ પુર્વે શ્રીમથુરાધીશ પ્રભુનો છપ્પન ભોગ જે સ્થળે થયેલ તે ચંબલ નદીને કીનારે આવેલ સ્થળ જે આજે પણ 'છપ્પન ભોગસ્થળ' તરીકે જ ઓળખાય છે તેમાં વિશાળ 'શ્રીવલ્લભાચાર્ય નગર' નું આયોજન થયેલ તેની પાંસેજ આવેલ દશહરા મેદાનમાં વૈષ્ણવોના આવાસ માટેના તંબુઓનું 'સુરદાસ નગર' બનાવેલ જેમાં બહારગામથી આવનાર વૈષ્ણવો માટે મોટી સાઇઝના ૮૫ જેટલાં તંબુઓ નખાએલ જ્યારે શ્રીવલ્લભાચાર્ય નગરમાં શ્રીમહાપ્રભુજીનું મંદિર, યજ્ઞ શાળા, પ્રવચન મંડપ, પુ પા. આચાર્યશ્રીઓના નિવાસ માટેના તંબુઓ તથા કાર્યકર્તા અને મર્યાદિ વૈષ્ણવોના ઉતારા માટેના ૧૫ તંબુઓ તથા ૧૦ છોલદારી, વૈષ્ણવોને પ્રસાદ લેવા માટેના મંડાણ, કાર્યાલય, ચિત્ર પ્રદર્શની પુષ્ટિમાર્ગીય સાહિત્ય, ચિત્ર, પ્રકાશન આદિના વેંચાણના સ્ટોલ રખાએલ.

રાજસ્થાનમાં આ સહુ પ્રથમજ સોમયજ્ઞ થતો હોઇ રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી, હરિયાણા વગેરે ક્ષેત્રોના વૈષ્ણવો અપાર ઉત્સાહથી યજ્ઞના દર્શનાર્થે ઉમટી પડેલ. સ્થાનિક તેમજ બહાર ગામના અપાર વૈષ્ણવ સમુહને સ્વમાર્ગીય સંગઠનની પ્રેરણા આપવા માટે આં. શ. પુ. વૈ. પરિષદનુ પ્રચાર સંમેલન તા. ૧૪ તથા ૧૫ એપ્રીલના દિવસે દશહરા મેદાનપર આવેલ 'શ્રીરાંમ રંગમંચ' ઓપન એર થીએટરમાં યોજાએલ. તા. ૧૪ મી ને શનિવારે સાંજે ૭ વાગે તૃતિય પીઠાધીશ્વર પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ કાંકરોલી વાળાના વરદ કરકમલો દ્વારા દીપ પ્રગટાવી સંમેલનનું ઉદ્‌ઘાટન થયેલ ત્યારે શ્રીરામ રંગ મંચ પર હજારોની સંખ્યામાં એકત્ર વૈષ્ણવોએ હર્ષ નાદો કરેલ. આ પ્રસંગે પરિષદના સંગઠનને આશિર્વાદ પ્રદાન કરવા વિવિધ સ્થળોએથી પુ. પા. ગોસ્વામી આચાર્યશ્રીઓ પધારેલ જેમાં અ. ભા. પુ. વૈ. પરિષદના ભૂ. પુ. અધ્યક્ષો પુ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર) તથા પુ. પા. ગો. શ્રી વ્રજધીશજી મહારાજ (મુંબઇ) પધારેલ તથા પુ. પા. ગો. શ્રી ચિમનલાલ મહારાજ માંડવીવાળા (શ્રીમદ્‌ગોકુલ) પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ માંડવીવાળા (મુંબઇ–પાર્લા) પુ. પા. ગો. શ્રીગિરધરલાલ બાવાશ્રી (કામવન) પુ. પા. ગો. શ્રી લાલમણી બાવાશ્રી (મુંબઇ) પુ. પા. ગો. શ્રીશ્યામુબાવાશ્રી (જામનગર–ચાંપાસેની) પુ. પા. ગો. મીલનબાવાશ્રી (મુંબઇ) આદિ મંચ પર બીરાજેલ, જેમના દર્શન કરી વૈષ્ણવ જનતા અપુર્વ હર્ષનો અનુભવ કરી રહેલ

આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા વિદ્વાનો શ્રીયુત નિરંજન શાસ્ત્રીજી (ઉમરેઠ–મુંબઇ) શ્રીયુત પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી (વડોદરા) શ્રીયુત ઘનશ્યામદાસજી મુખીયા (ઇન્દોર) શ્રીયુત ધરણીધર શાસ્ત્રીજી (ઉદયપુર) આદિ મુખ્ય હતાં.

પરિષદના કાર્યકરો, પદાધિકારીઓમાં મુખ્ય, મુખ્ય. ડો. ગજાનનજી શર્મા (કાર્યકારી અધ્યક્ષ,) શ્રીકુંમદાસજી ઝાલાની (મહામંત્રી) શ્રી ચીમનભાઇ શેઠ (મંત્રી) શ્રી પાટોદીયાજી (સંગઠન મંત્રી) શ્રી મુકુંદભાઈ શાહ (કોષાધ્યક્ષ) શ્રી મનોહર ભાઇ શ્રોફ (કેન્દ્રીય કાર્યાલય મંત્રી) શ્રી વ્રજમોહનદાસજી વિજયવર્ગીય (કેન્દ્રીય ઉપાધ્યક્ષ તથા મ. પ્ર. સમિતિના અધ્યક્ષ) સુ.શ્રી રસીકબાળાબેન (અધ્યક્ષ લંડન શાખા) શ્રી અજયકુમાર નેવર (કલકત્તા) ભૂ. પુ. મહામંત્રી શ્રી નંદદાસજી વર્મા (જોધપુર) શ્રી રામ નિવાસજી હુરકટ (પીપરીયા) મ. પ્ર. સમિતિના મંત્રી શ્રી મનુભાઇ (આગર) શ્રી ગોકુલદાસ સોની (રાજકોટ) શ્રી વલ્લભભાઇ ઝવેરી (મુંબઇ) શ્રી બાબુભાઇ તથા બટુકભાઇ જસાણી (મુંબઇ) શ્રી અશોકભાઈ અગરબત્તીવાળા (મુંબઇપાર્લા) બાબા સિયારામદાસજી (ઝાબુઆ) શ્રી હરિદાસ શર્મા (આગ્રા) શ્રી કૃષ્ણદાસ પારેખ (ઉદયપુર) શ્રી ચાવલા (મુંબઇ) શ્રી હરેન્દ્રભાઇ પોપટ (મુંબઇ) સુ. શ્રી હર્ષાબેન કરાંચીવાળા (મુંબઇ) આદિ તથા કોટાના સોમયજ્ઞ સમિતિના સ્વાગતાધ્યક્ષ શ્રી જંબુકુમારજી જૈન (અગ્રણીવ્યાપારી અને સામાજીક કાર્યકર કોટા) શ્રી મદનદાસજી મોહતા. શ્રીન્યાતીજી. શ્રી માંગીલાલજી વિજયવર્ગીય, વિગેરે અગ્રણીઓએ ભાગ લીધેલ.

પ્રારંભમાં શ્રીનિરંજન શાસ્ત્રીએ મંગલાચરણ કરેલ. સ્વાગતાધ્યક્ષશ્રી જંબુકુમાર જૈને પુ. પા. ગો. આચાર્યશ્રીઓને પુષ્પ માલાર્પણ કરી સ્વાગત કરેલ. સંમેલનના પ્રારંભમાં મંગલ પ્રવચન કરતાં પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ શ્રીએ પરિષદ દ્વારા, સ્વધર્મ ભાવનાની વૃધ્ધી થાય તેવા પ્રચાર કાર્યક્રમો વિશેષ યોજવા આજ્ઞા કરેલ.

પૂ. પા. શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીએ પરિષદ દ્વારા અત્યાર સુધી સંપ્રદાયની મર્યાદાના રક્ષણ માટે થયેલ વિવિધ પ્રયત્નો અને કાર્યક્રમોની યાદ આપી પરિષદના ધર્મપ્રચાર વાહન ભકિતવર્ધિનીના કાર્યક્રમને વ્યાપક બનાવવા આજ્ઞા કરેલ. પૂ. પા. શ્રી વ્રજાધીશજી મહારાજશ્રીએ સાંપ્રત સમયમાં સંગઠ્ઠનની આવશ્યકતા સમજાવેલ. પૂ. પા શ્રી લાલમણીજી બાવાશ્રીએ પુષ્ટિમાર્ગની સર્વોપરિતા સિદ્ધ કરતું મનનિય સૈદ્ધાંન્તિક પ્રવચન કરેલ. શ્રી દ્વારકાપ્રસાદજી પાટોદીયાએ પરિષદના ધર્મપ્રચાર વાહન “ભકિત વર્ધીની” ના કાર્યક્રમને કાયમ સુચારુ ચલાવવા વૈષ્ણવો ૧૫૦૦ રૂપીઆ આપી વર્ષમાં એક દિવસ માટેની આજીવન સેવા નોંધાવે તેવો અનુરોધ કરેલ. (એક વખત ૧૫૦૦ રૂપીઆ ભરનાર તરફથી એ રકમના વ્યાજમાંથી દરવર્ષે એક દિવસ ભકિતવર્ધીનીનો પ્રચારપ્રવાસનો ખર્ચ અપાશે આમ આજીવન પ્રચારકાર્યમાં સહયોગી થવાશે) તેમજ “વેદવાહીની” અને “સેવાફલ” નામના બે વાહનોની યોજના સમજાવેલ. તા, ૧૫ મી એપ્રીલે સાંજના સંમેલનના કાર્યક્રમમા કાર્યકર્તાઓના સંગઠ્ઠન સંબધી પ્રવચનો અને પૂ. પા. ગો. શ્રી કીશોરચંદ્રજી મહારાજ માંડવીવાળાનું મનનિય સૈદ્ધાન્તિક સમજ આપતાં વચનામૃતો થયેલ.

તા. ૧૧ થી ૧૩ દરરોજ સાંજના શ્રીરામ રંગમંચ પર પૂ. પા. ગો. આચાર્યશ્રીઓના વચનામૃતોનો કાર્યક્રમ રહેલ જેમાં પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (કડી, કોટા,

પરિષદના કાર્યકરો, પદાધિકારીઓમાં મુખ્ય, મુખ્ય. ડો. ગજાનનજી શર્મા (કાર્યકારી અધ્યક્ષ,) શ્રીકુંમદાસજી ઝાલાની (મહામંત્રી) શ્રી ચીમનભાઇ શેઠ (મંત્રી) શ્રી પાટોદીયાજી (સંગઠન મંત્રી) શ્રી મુકુંદભાઈ શાહ (કોષાધ્યક્ષ) શ્રી મનોહર ભાઇ શ્રોફ (કેન્દ્રીય કાર્યાલય મંત્રી) શ્રી વ્રજમોહનદાસજી વિજયવર્ગીય (કેન્દ્રીય ઉપાધ્યક્ષ તથા મ. પ્ર. સમિતિના અધ્યક્ષ) સુ.શ્રી રસીકબાળાબેન (અધ્યક્ષ લંડન શાખા) શ્રી અજયકુમાર નેવર (કલકત્તા) ભૂ. પુ. મહામંત્રી શ્રી નંદદાસજી વર્મા (જોધપુર) શ્રી રામ નિવાસજી હુરકટ (પીપરીયા) મ. પ્ર. સમિતિના મંત્રી શ્રી મનુભાઇ (આગર) શ્રી ગોકુલદાસ સોની (રાજકોટ) શ્રી વલ્લભભાઇ ઝવેરી (મુંબઇ) શ્રી બાબુભાઇ તથા બટુકભાઇ જસાણી (મુંબઇ) શ્રી અશોકભાઈ અગરબત્તીવાળા (મુંબઇપાર્લા) બાબા સિયારામદાસજી (ઝાબુઆ) શ્રી હરિદાસ શર્મા (આગ્રા) શ્રી કૃષ્ણદાસ પારેખ (ઉદયપુર) શ્રી ચાવલા (મુંબઇ) શ્રી હરેન્દ્રભાઇ પોપટ (મુંબઇ) સુ. શ્રી હર્ષાબેન કરાંચીવાળા (મુંબઇ) આદિ તથા કોટાના સોમયજ્ઞ સમિતિના સ્વાગતાધ્યક્ષ શ્રી જંબુકુમારજી જૈન (અગ્રણીવ્યાપારી અને સામાજીક કાર્યકર કોટા) શ્રી મદનદાસજી મોહતા. શ્રીન્યાતીજી. શ્રી માંગીલાલજી વિજયવર્ગીય, વિગેરે અગ્રણીઓએ ભાગ લીધેલ.

પ્રારંભમાં શ્રીનિરંજન શાસ્ત્રીએ મંગલાચરણ કરેલ. સ્વાગતાધ્યક્ષશ્રી જંબુકુમાર જૈને પુ. પા. ગો. આચાર્યશ્રીઓને પુષ્પ માલાર્પણ કરી સ્વાગત કરેલ. સમેલનના પ્રારંભમાં મંગલ પ્રવચન કરતાં પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ શ્રીએ પરિષદ દ્વારા, સ્વધર્મ ભાવનાની વૃધ્ધી થાય તેવા પ્રચાર કાર્યક્રમો વિશેષ યોજવા આજ્ઞા કરેલ.

પૂ. પા. શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીએ પરિષદ દ્વારા અત્યાર સુધી સંપ્રદાયની મર્યાદાના રક્ષણ માટે થયેલ વિવિધ પ્રયત્નો અને કાર્યક્રમોની યાદ આપી પરિષદના ધર્મપ્રચાર વાહન ભકિતવર્ધિનીના કાર્યક્રમને વ્યાપક બનાવવા આજ્ઞા કરેલ. પૂ. પા. શ્રી વ્રજાધીશજી મહારાજશ્રીએ સાંપ્રત સમયમાં સંગઠ્ઠનની આવશ્યકતા સમજાવેલ. પૂ. પા શ્રી લાલમણીજી બાવાશ્રીએ પુષ્ટિમાર્ગની સર્વોપરિતા સિદ્ધ કરતું મનનિય સૌદ્ધાંન્તિક પ્રવચન કરેલ. શ્રી દ્વારકાપ્રસાદજી પાટોદીયાએ પંરિષદના ધર્મપ્રચાર વાહન “ભકિત વર્ધીની” ના કાર્યક્રમને કાયમ સુચારુ ચલાવવા વૈષ્ણવો ૧૫૦૦ રૂપીઆ આપી વર્ષમાં એક દિવસ માટેની આજીવન સેવા નોંધાવે તેવો અનુરોધ કરેલ. (એક વખત ૧૫૦૦ રૂપીઆ ભરનાર તરફથી એ રકમના વ્યાજમાંથી દરવર્ષે એક દિવસ ભકિતવર્ધીનીનો પ્રચારપ્રવાસનો ખર્ચ અપાશે આમ આજીવન પ્રચારકાર્યમાં સહયોગી થવાશે) તેમજ “વેદવાહીની” અને “સેવાફલ” નામના બે વાહનોની યોજના સમજાવેલ. તા, ૧૫ મી એપ્રીલે સાંજના સંમેલનના કાર્યક્રમમા કાર્યકર્તાઓના સંગઠ્ઠન સંબધી પ્રવચનો અને પૂ. પા. ગો. શ્રી કીશોરચંદ્રજી મહારાજ માંડવીવાળાનું મનનિય સૌદ્ધાન્તિક સમજ આપતાં વચનામૃતો થયેલ.

તા. ૧૧ થી ૧૩ દરરોજ સાંજના શ્રીરામ રંગમંચ પર પૂ. પા. ગો. આચાર્યશ્રીઓના વચનામૃતોનો કાર્યક્રમ રહેલ જેમાં પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (કડી, કોટા,

દિલ્હી) પુ. પા. ગો. શ્રી ગિરધરલાલ બાવાશ્રી (કામવન) પુ. પા. ગો. શ્રીવ્રજેશકુમારજીબાવા પુ. પા. ગો. શ્રી રાજેશબાવા તથા પુ. પા. ગો. શ્રી વિજયબાવા પ્રભૃતી પુ. આચાર્ય બાળકોના વચનામૃતોનો લાભ હજારોની સંખ્યામાં વૈષ્ણવોએ લીધેલ.

સોમયજ્ઞના કાર્યક્રમોના બધા દિવસોએ શ્રી વલ્લભાચાર્ય નગરમાં પ્રાતઃકાલે યોગાસન વર્ગો ત્યારબાદ શ્રી ઘનશ્યામદાસજી મુખીઆ દ્વારા મંગલાચરણ પાઠ, શ્રી નિરંજન શાસ્ત્રીજી દ્વારા શ્રી પુરૂષોત્તમ નામ સહસ્ત્રના શુદ્ધ પાઠનું શિક્ષણ તથા શ્રી ગીતાજી ઉપર પ્રવચન તેમજ સાંજના શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજીના પ્રવચનનો કાર્યક્રમ તેમજ રાત્રીના ૯ થી શ્રી રામ રંગમંચ પર રાસલીલાનો ક્રમ રહેતો.

ચૈત્રવદ ૧ ને સોમવારે સવારે ૮ વાગે શ્રી સોમયજ્ઞની પુર્ણાહુતી પ્રસંગનું અવભૃથ સ્નાન કરવા પુજ્ય પ. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી પધાર્યા તેમની જે ભવ્ય શોભાયાત્રા અત્યંત દર્શનિય હતી આગળ બેન્ડપાર્ટી કીર્તન મંડલી, વૈષ્ણવોના સમુહ વચ્ચે નિશાન છત્ર આદિ લવાજમાંથી શોભતા પુ. પા. શ્રીપ્રથમેશજી મહારાજશ્રીની આગળ વેદમંત્રોચ્ચાર કરતાં દક્ષીણના વિદ્વાન બ્રાહ્મણો યજ્ઞના આચાર્યશ્રી તાતાચાર્યજી આદિ ચાલતાં હતાં. "છપ્પન ભોગથી પ્રારંભ થયેલ શોભાયાત્રા ભીતરીયા કુંડ નામના ચંબલના વિશાળ તટ પર આવી પહોંચતા શ્રીવલ્લભાધિશની જયના ગગનભેદી જયઘોષ અને વેદપાઠી બ્રાહ્મણોના મંગલ વેદોચ્ચાર સાથે પુ. પા. ગો. શ્રીપ્રથમેશજી મહારાજશ્રીએ સજોડે અવભૃથ સ્નાન કરેલ આ શોભાયાત્ર લગભગ એક કીલો મીટર લાંબી હતી જેમાં હજારોની સંખ્યામાં ભાવિક નર નારી આબાલ વૃદ્ધો એ ભાગ લીધેલ.

અવભૂથ સ્નાન બાદ શ્રીવલ્વભાચાર્યજીનગરના સભા મંડપમાં સવારે ૧૧ વાગે પુ. પા. શ્રીપ્રથમેશજી મહારાજશ્રીનું આશિર્વાદ પ્રવચન તથા તેજ સ્થળે સાંજે ૬ થી ૮ શ્રીતાતાચાર્યજીનું સોમયજ્ઞની વૈદિક પરંપરાની સમજણ આપતું અંગ્રેજીમાં પ્રવચન થયેલ જેનો હીન્દી અનુવાદ કરવામાં આવેલ.

આ આયોજન ને સફળ બનાવવામાં કોટાના અગ્રણીઓ સોમયજ્ઞ સમિતિ કોટાના અધ્યક્ષ શ્રીદેવતા શ્રીધરલાલજી સ્વાગતાધ્યક્ષ શ્રીજંબુકુમાર જૈન, સંયોજક શ્રીમાંગીલાલજી વિજયવર્ગીય મંત્રીશ્રી મદનદાસજી મોહતા આવાસ સમિતિના શ્રીરામનારાયણજી પુરોહીત ભોજન સમિતિના શ્રીકૃષ્ણકાંત બાગલા શોભાયાત્રા સમિતિ શ્રીપ્રભુદયાલ માહેશ્વરી પ્રચાર, શ્રીનરેશચંદ્રજી વીજયવર્ગીય, કાર્યાલય શ્રીપુરતચંદજી ગુપ્તા લાઇટીંગ શ્રીસુભાષ ચતુર્વેદી વગેરેએ દિનરાત અખંડ પરિશ્રમ લઇ કાર્યક્રમને ખુબજ સફળ બનાવેલ સ્થાનિક મ્યુ. તથા અન્ય સાશકિય માધ્યમોએ કાર્યક્રમને સફળ બનાવવા જોઇતી સુવીધાઓ લાઇટ, પાણી આરોગ્ય સેવાઓ વગેરેમાં ખુબજ સહકાર આપેલ ગરમીથી બચવા મ્યુની. ના બંબાઓ દિવસના બે વખત બધાં વિસ્તારમાં જલ છાંટી શિતલ કરતાં અને બધા તંત્રે સ્વયં ઉમળકાથી સહકાર આપેલ રેલ્વે તંત્રે પણ મોડી રાત્રીના આવતાં જતાં યાત્રીઓને યોગ્ય માર્ગદર્શન આદિ સહયોગ આપેલ.

દિલ્હી) પુ. પા. ગો. શ્રી ગિરધરલાલ બાવાશ્રી (કામવન) પુ. પા. ગો. શ્રીવ્રજેશકુમારજીબાવા પુ. પા. ગો. શ્રી રાજેશબાવા તથા પુ. પા. ગો. શ્રી વિજયબાવા પ્રભૃતી પુ. આચાર્ય બાળકોના વચનામૃતોનો લાભ હજારોની સંખ્યામાં વૈષ્ણવોએ લીધેલ.

સોમયજ્ઞના કાર્યક્રમોના બધા દિવસોએ શ્રી વલ્લભાચાર્ય નગરમાં પ્રાતઃકાલે યોગાસન વર્ગો ત્યારબાદ શ્રી ઘનશ્યામદાસજી મુખીઆ દ્વારા મંગલાચરણ પાઠ, શ્રી નિરંજન શાસ્ત્રીજી દ્વારા શ્રી પુરૂષોત્તમ નામ સહસ્ત્રના શુદ્ધ પાઠનું શિક્ષણ તથા શ્રી ગીતાજી ઉપર પ્રવચન તેમજ સાંજના શ્રી પ્રધુમ્ન શાસ્ત્રીજીના પ્રવચનનો કાર્યક્રમ તેમજ રાત્રીના ૯ થી શ્રી રામ રંગમંચ પર રાસલીલાનો ક્રમ રહેતો.

ચૈત્રવદ ૧ ને સોમવારે સવારે ૮ વાગે શ્રી સોમયજ્ઞની પુર્ણાહુતી પ્રસંગનું અવભૃથ સ્નાન કરવા પુજ્ય પ. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી પધાર્યા તેમની જે ભવ્ય શોભાયાત્રા અત્યત દર્શનિય હતી આગળ બેન્ડપાર્ટી કીર્તન મંડલી, વૈષ્ણવોના સમુહ વચ્ચે નિશાન છત્ર આદિ લવાજમાંથી શોભતા પુ. પા. શ્રીપ્રથમેશજી મહારાજશ્રીની આગળ વેદમંત્રોચ્ચાર કરતાં દક્ષીણના વિદ્વાન બ્રાહ્મણો યજ્ઞના આચાર્યશ્રી તાતાચાર્યજી આદિ ચાલતાં હતાં. "છપ્પન ભોગથી પ્રારંભ થયેલ શોભાયાત્રા ભીતરીયા કુંડ નામના ચંબલના વિશાળ તટ પર આવી પહોંચતા શ્રીવલ્લભાધિશની જયના ગગનભેદી જયઘોષ અને વેદપાઠી બ્રાહ્મણોના મંગલ વેદોચ્ચાર સાથે પુ. પા. ગો. શ્રીપ્રથમેશજી મહારાજશ્રીએ સજોડે અવભૃથ સ્નાન કરેલ આ શોભાયાત્ર લગભગ એક કીલો મીટર લાંબી હતી જેમાં હજારોની સખ્યામાં ભાવિક નર નારી આબાલ વૃદ્ધો એ ભાગ લીધેલ.

અવભૃથ સ્નાન બાદ શ્રીવલ્વભાચાર્યજીનગરના સભા મંડપમાં સવારે ૧૧ વાગે પુ. પા. શ્રીપ્રથમેશજી મહારાજશ્રીનું આશિર્વાદ પ્રવચન તથા તેજ સ્થળે સાંજે ૬ થી ૮ શ્રીતાતાચાર્યજીનું સોમયજ્ઞની વૈદિક પરપરાની સમજણ આપતું અંગ્રેજીમાં પ્રવચન થયેલ જેનો હીન્દી અનુવાદ કરવામાં આવેલ.

આ આયોજન ને સફળ બનાવવામાં કોટાના અગ્રણીઓ સોમયજ્ઞ સમિતિ કોટાના અધ્યક્ષ શ્રીદેવતા શ્રીધરલાલજી સ્વાગતાધ્યક્ષ શ્રીજંબુકુમાર જૈન, સંયોજક શ્રીમાંગીલાલજી વિજયવર્ગીય મંત્રીશ્રી મદનદાસજી મોહતા આવાસ સમિતિના શ્રીરામનારાયણજી પુરોહીત ભોજન સમિતિના શ્રીકૃષ્ણકાંત બાગલા શોભાયાત્રા સમિતિ શ્રીપ્રભુદયાલ માહેશ્વરી પ્રચાર, શ્રીનરેશચંદ્રજી વીજયવર્ગીય, કાર્યાલય શ્રીપુરતચંદજી ગુપ્તા લાઇટીંગ શ્રીસુભાષ ચતુર્વેદી વગેરેએ દિનરાત અખંડ પરિશ્રમ લઇ કાર્યક્રમને ખુબજ સફળ બનાવેલ સ્થાનિક મ્યુ. તથા અન્ય સાશકિય માધ્યમોએ કાર્યક્રમને સફળ બનાવવા જોઇતી સુવીધાઓ લાઇટ, પાણી આરોગ્ય સેવાઓ વગેરેમાં ખુબજ સહકાર આપેલ ગરમીથી બચવા મ્યુની. ના બંબાઓ દિવસના બે વખત બધાં વિસ્તારમાં જલ છાંટી શિતલ કરતાં અને બધા તંત્રે સ્વયં ઉમળકાથી સહકાર આપેલ રેલ્વે તત્રે પણ મોડી રાત્રીના આવતાં જતાં યાત્રીઓને યોગ્ય માર્ગદર્શન આદિ સહયોગ આપેલ.

'પનઘટ લીલાનું ધોળ'

શ્રીયમુનાજીના ઘાટમાં રે લોલ,
રોકી રાખી છે મુને વાટમાં રે લોલ. ૧

નંણુદલ સૈયરના સાથમાં રે લોલ,
તાળી માં દેશો મારા હાથમાં રે લોલ. ૨

મારો પાલવ પાણ શું સાહો છો રે લોલ,
ડાયા થૈ કાં ઘેલા થાઓ છો રે લોલ. ૩

વ્હાલા વાત કહું તે ધરો ધ્યાનમાં રે લોલ,
તમે સમજી જાઓને પ્રભુ સાનમાં રે લોલ. ૪

કદી વાટમાં તે વાત ન કીજીયે રે લોલ,
વ્હાલાં દુરીજન લોકથી બ્હીજીયે રે લોલ. ૫

મારી સૈયર સહુ જાય છે રે લોલ,
મને મૂકો વ્હાલાજી વિલંબ થાય છે રે લોલ. ૬

મારો પ્રીતમજી પાલવ મૂકીયે રે લોલ,
વ્હાલા ચતુર થઈને કેમ મૂકીયે રે લોલ. ૭

વ્હાલા સાસુડી મારી જાણશે રે લોલ,
વ્હાલા ભવનું મ્હેણું તે મુને થશે રે લોલ. ૮

બોલ બાણ જેઠાણી મુને મારશે રે લોલ,
વ્હાલા શત્રનું કામ પીયૂ સારશે રે લોલ. ૯

દાસ '**દયા**'ના પ્રભુ નરહરિ રે લોલ,
તન મનથી હું તો તમને વરી રે લોલ. ૧૦

ભકત કવિશ્રી દયારામભાઇ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક,
અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

'પનઘટ લીલાનું ધોળ'

શ્રીયમુનાજીના ઘાટમાં રે લોલ,
રોકી રાખી છે મુને વાટમાં રે લોલ. ૧

નંણુદલ સૈયરના સાથમાં રે લોલ,
તાળી માં દેશો મારા હાથમાં રે લોલ. ૨

મારો પાલવ પાણ શું સાહો છો રે લોલ,
ડાયા થૈ કાં ઘેલા થાઓ છો રે લોલ. ૩

વ્હાલા વાત કહું તે ધરો ધ્યાનમાં રે લોલ,
તમે સમજી જાઓને પ્રભુ સાનમાં રે લોલ. ૪

કદી વાટમાં તે વાત ન કીજીયે રે લોલ,
વ્હાલાં દુરીજન લોકથી બ્હીજીયે રે લોલ. ૫

મારી સૈયર સહુ જાય છે રે લોલ,
મને મૂકો વ્હાલાજી વિલંબ થાય છે રે લોલ. ૬

મારો પ્રીતમજી પાલવ મૂકીયે રે લોલ,
વ્હાલા ચતુર થઈને કેમ મૂકીયે રે લોલ. ૭

વ્હાલા સાસુડી મારી જાણશે રે લોલ,
વ્હાલા ભવનું મ્હેણું તે મુને થશે રે લોલ. ૮

બોલ બાણ જેઠાણી મુને મારશે રે લોલ,
વ્હાલા શત્રનું કામ પીયૂ સારશે રે લોલ. ૯

દાસ 'દયા'ના પ્રભુ નરહરિ રે લોલ,
તન મનથી હું તો તમને વરી રે લોલ. ૧૦

ભકત કવિશ્રી દયારામભાઇ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક,
અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
वैदिकमार्ग रक्षक

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

રાગ બીલાવલ

યમુના જલ ઘટ ભર ચલી ચંદ્રાવલી નારી
મારગ મેં ખેલત મીલે ઘનશ્યામ મુરારી
નયનન સોં નયના મીલે મન રહ્યો લુભાય
મોહન મૂરતિ મન વસી પગ ધર્યો ન જાય
તબકી પ્રીતિ પ્રકટભઇ યહ પહેલી ભેટ
પરમાનંદ ચૌ સીમિલી જેસે ગૂડકે ચેટ

વર્ષ ૩ : અંક ૩ ◇ જુન ૧૯૮૪
શ્રી વલ્લભાબ્દ ૫૦૫

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રી વલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી પાસે, રાજકોટ ૩૬૦, ૦૦૧

॥ શ્રી હરિ ॥

આવશ્યક સૂચના

ગો. ૨૦ પ્રથમેશ

આજે ધર્મ સ્વાતંત્ર્ય મળ્યા પછી પણ વ્યવસ્થા કે અન્ય પ્રકારે આપણા ધર્મમાં સરકારી કાયદાઓની દખલગીરી વધતી જાય છે. આપણા સમાજમાં આવી વિષમ પરિસ્થિતિ હોવા છતાં અને નજરે તરી આવતા પણ આપણા સમાજમાં સંગઠન થઈ શકતું નથી. ધાર્મિક આક્ષેપો અને મનસ્વિતા પણ પ્રમાણમાં જરૂર વધી છે.

આજે મધ્ય પ્રદેશ પછી રાજસ્થાનમાં પણ ધર્મ સંસ્થાનોમાં સેવા કરનારની નિમણુંક થવા માંડી છે. આ બાબતમાં લોકો આ વિચાર કરતા હશે કે આમાં આપણું કંઈ જતું નથી. તો આ માન્યતા ખોટી સાબિત થશે અને કાળાન્તરમાં વૈષ્ણવ મંદિરો ઉપર અને આચાર્યો તેમજ અન્ય ઉપર પણ તેમની નિમણુંકનો કાયદો લાગુ થશે ત્યારે આપણા જેમ ધર્મસ્થળો સરકારમાં ગયા તેમજ આપણી ધાર્મિક પરંપરા પણ ખોરંભે ચડશે. અવ્યવસ્થા થશે અને ઘણા આ બાબતમાં રાજી પણ થશે.

આવો વૈષ્ણવ વર્ગ પણ સંપ્રદાયમાં છે. તેવું થવાનું કારણ પણ છે. છતાં આપણી સ્થિતિ તો આપણે જ સંભાળવી જોઈએ અને તેની અગાઉ સાવચેતી સંગઠન કરીને રાખવી અમારી દૃષ્ટિએ યોગ્ય ગણાશે. જ્યાં સુધી આપણા અંદર-સુધારા કે વ્યવસ્થાનો પ્રશ્ન છે તે ઘરમાંજ સમજવાની વાત છે. આમાં જેમ ઘર ભાળી જાય તે બનવું ભયંકર નીવડશે.

અમારા આચાર્યશ્રીઓ અને અન્ય વૈષ્ણવ સમાજ તેમની દોરવણી થકી વહેલીતકે ચેતી જાય તો સારું છે. નહીંતર પ્રભુજ આગળ આ માર્ગનું રક્ષણ કરે તો ભલે? આમ જો બને તો આપણે ફરજ ચૂક્યા તો કહેવાશું અને ઈતિહાસમાં આ નિર્માલ્યતા સ્વર્ણાક્ષરે બીજી રીતે લખાશે.

આચાર્યશ્રીઓના શ્રીચરણોમાં પાઠવેલો પત્ર વૈષ્ણવજનોની જાણ માટે અને તેઓને સાવધ કરવા અહિંઆ પ્રકાશિત કરવામાં આવે છે. આ બાબતમાં કાળજી લઈ બધા જ ગોસ્વામી બાળકો અને સુજ્ઞ વૈષ્ણવજનો જેને સંપ્રદાયનું હિત વ્હાલું છે તે આ દિશા ભણી પ્રયત્ન, સંગઠિત થઈ કરે. આવી નમ્ર સૂચના કરવા પ્રતિબદ્ધ થયો છું.

આ લખાણ પત્રની નીતીને અનુસરતું ન હોવા છતાં સંપ્રદાયના હિતમાં છે. આ વાત સહુએ લક્ષમાં લેવી જોઈએ. આશા છે આ બાબતમાં વૈષ્ણવ પરિષદ અને આચાર્યશ્રીના બાળકો યોગ્ય માર્ગદર્શન આપી આગળની નીતીનો નિર્ધાર કરશે. જો આપણી સંગઠન શક્તિ અને ધર્મરક્ષાની ભાવના એક દિશાભણી નહીં ચાલે તો ભાવી-ભેખડમાં પડવા જેવું છે.

અમોને આશા છે આજે આ મુખ્ય મુદ્દા ઉપર પરિષદ ભરીને તેઓ આચાર્ય અને અનુયાયીઓ આત્મીયતાથી આગળનો વિચાર કરી અક્કલ નિર્ણય લેવા તસ્દી લેશે.

આચાર્યશ્રીઓના શ્રીચરણે પાઠવેલો પત્ર આ સાથે પ્રકાશનાર્થે ઉપસ્થિત કરીએ છીએ. સવાલ પુજારીઓ અને અન્ય પુરતો જ રહેશે નહીં આ ફરી સ્મરણ કરાવવાની ધૃષ્ટતાને દરગુજર કરી મોટું મન રાખી કાર્ય કરવા પ્રાર્થના છે. (ટાઈટલ ૩ ઉપર)

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઈ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

⁂

વર્ષ ૩ : અંક ૩
જુન, ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૬

થાનગઢમાં શ્રી મહાપ્રભુજીનો પાટોત્સવ

આં. રા. પુ. વૈ. પરિષદ થાનગઢ શાખા દ્વારા નિર્મીત શ્રી વલ્લભાશ્રય વેદ મંદિરમાં વૈ. સુ. ૧૧ શુક્રવારે શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનો પાટોત્સવ પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ પ્રથમેશજીના સાન્નિધ્યમાં ધામધુમથી ઉજવાયો.

ભારતભરમાં પરિષદની શાખા દ્વારા તૈયાર થયેલ આ સહુ પ્રથમ શ્રી વલ્લભાશ્રય વેદ મંદિર છે. થાનગઢમાં વૈષ્ણવોના માત્ર ત્રીસ-ચાલીશ કુટુંબો જ રહે છે. એ રીતે થાનગઢ શાખાનું આ કાર્ય ખૂબ જ પ્રેરક છે.

આ શુભ પ્રસંગે પરિષદનું પ્રચાર સંમેલન પણ યોજવામાં આવેલ. તા. ૧૦-૫-૮૪ ના દિવસે પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી વિમાન દ્વારા રાજકોટ પધારતાં ગુજરાત પ્રદેશના સહમંત્રી શ્રી ડાયાભાઈ, કંસારા શ્રી વલ્લભ સુધાના તંત્રી રવજીભાઈ પટેલ, પોરબંદરના શ્રી ભાનુભાઈ પોપટ તેમજ અન્ય વૈષ્ણવ અગ્રણીઓએ આપશ્રીનું સ્વાગત કરેલ. વિમાની મથકેથી મોટર દ્વારા પૂ. પા. શ્રી પ્રથમેશજી થાનગઢ પધારતાં થાનગઢના વૈષ્ણવોએ ઉમળકાભેર ભારી જય ઘોષથી સ્વાગત કરેલ. તે દિવસે સાંજના પરિષદના સંગઠન મંત્રી શ્રી દ્વારકાપ્રસાદ પાટોદિયા, શ્રી ડાયાભાઈ કંસારા વિ. એ સંગઠનની આવશ્યકત દર્શાતા ભાષણો કર્યા બાદ પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજના વચનામૃતો થયેલ. તા. ૧૧-૫-૮૪ના પ્રાતકાળે વાસ્તુ પુજન વિધી બાદ પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના કરકમલો દ્વારા શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને પંચામૃત, અભ્યંગ, કેશરસ્નાન વેદ મંત્રોચ્ચાર અને વધાઈકીર્તના આનંદ સાથે થયેલ. તીલક, પલના અને નંદ મહોત્સવનો આનંદ લેવામાં થાનગઢના સમસ્ત વૈષ્ણવો અને સુરેન્દ્રનગર, વઢવાણ, વાંકાનેર, રાજકોટ, જુનાગઢ, કેશોદ, પોરબંદર, મુંબઈના વૈષ્ણવો સામેલ થયેલ. બહારગામના ૧૦૦ થી ૧૫૦ જેટલાં વૈષ્ણવો પધારેલ. સાંજના શ્રી મહાપ્રભુજીને સુખપાલમાં પધરાવી સુંદર શોભાયાત્રા ધજાપતાકાથી

શણગારેલ નગરના મુખ્ય મુખ્ય માર્ગો પર ફરેલ જેમાં વઢવાણ તથા રાજકોટની કેશરીઆ મંડળીએ ધોળ પદ કીર્તનની રમઝટ બોલાવેલ. પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ ખુલ્લા ચરણારવિંદે શોભાયાત્રામાં સુખપાલની આગળ પધારતાં હતાં. વૈષ્ણવો બહેનો મંગળ કલશ લઈ ધોળ પદ ગાતા શ્રી મહાપ્રભુજીના સુખપાલની પાછળ ચાલનાં હતાં. મહાકારૂણીક શ્રી મહાપ્રભુજીના અતી અલૌકિક દર્શનનો લાભ લેવા સહુ ભાગ્યશાળી બનેલા. શોભાયાત્રા શ્રી વલ્લભાશ્રય વેદ મંદિરે પહોંચીને સભાના રૂપમાં ફેરવાઈ ગયેલ. જેમાં પ્રારંભમાં મંગલાચરણ તથા શ્રી પાટોદિયાજી દ્વારા પરિષદના વિશાળ કાર્યક્રમોની સમજુતિ વગેરે અપાયેલ. બાદમાં આ પ્રચાર સંમેલનમાં એકત્ર કાર્યકરો તથા વૈષ્ણવ જનતાને સંબોધતા પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ આજ્ઞા કરેલ કે" વ્યવહાર અને વાણીપર સંયમ હોવો જરૂરી છે જેથી પરિષદની ગરિમા સુરક્ષીત રહેશે.

આ સ્મરણમાં રહે કે આપણે પવિત્ર અનુષ્ઠાન કરી રહ્યા છીએ જે સ્થાન પર આપણે બેઠા છઈએ તે અધિકાર અને સત્તાનું સ્થાન નથી પરંતુ સેવા ના આસન પર બેઠા છઈએ મૃદુભાષણ અને નમ્ર વ્યવહાર જ દરેકને સાન્ત્વના આપે છે તે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો સિધ્ધાન્ત છે. દૈન્યભાવથી ભગવાન પણ પ્રસન્ન થાય છે, અને આપણા સહુનો સેવા એ મુખ્ય ધર્મ છે તેથી સમજ અને અહિષ્ણુતા સાથે કામ લેવુ જોઈએ.

આજે વ્યકિત, ધર્મ એટલે કે પોતાની ફરજ ચુકેલ છે અને આચાર વિચારનું મહત્વ ભુલી રહ્યો છે જેથી સમાજ કષ્ટ ભોગવિ રહ્યો છે. તમારી ભાષા મધુર અને વ્યવહાર જેટલો નમ્ર હશે તેટલા પ્રેમાણમાં આપ યશસ્વી બનશો. સંગઠ્ન એ મહા તપ છે જેમાં વાણી, મન, કર્મ, દરેક પર નિયંત્રણ કરવું પડે છે. સાથો સાથ વિવેક અને ધિરજની આવશ્યકતા છે જેનાથી આપણી સહન શકિત મજબુત બને છે.

ભગવાન ઉપર ભરોસો રાખી આત્મ બળ પ્રાપ્ત કરવું જોઈએ. કર્તવ્યપાલન સ્વયં આનંદ રૂપ છે આ શિક્ષા આપણને શ્રીમદ્ વલ્લભા ચાર્યજીએ આપેલ છે."

ત્યાર બાદ પરિષદની થાનગઢ શાખાના મંત્રી શ્રી ગોપાલદાસભાઈ મરજાદિ એ શ્રી વલ્લભાશ્રય વેદ મંદિરની પ્રેરણા પૂ. પા. શ્રી પ્રથમેશજી દ્વારા પ્રાપ્ત થઈ ત્યારથી માંડી મંદિર નિર્માણનો સર્વે વૃતાંત અને આગળ હજુ જે કાર્ય બાકી છે જેમકે સભા મંડપ, પુસ્તકાલય વગેરેના નિર્માણ કાર્ય માટે આર્થિક સહાય માટે અનુરોધ કરેલ. શ્રીવલ્લભાશ્રયમાં દર અઠવાડીએ મહીલા મંડળના સત્સંગનો તથા પ્રત્યેક એકાદશીએ શાખાના સર્વે વૈષ્ણવોનો સત્સંગનો કાર્યક્રમ યોજાય છે. તથા પાઠશાળા શરૂ કરવા પ્રયત્ન ચાલુ છે.

થાનગઢના અગ્રણી ડો. શ્રી રાણા સાહેબે પોતાના કુટુંબ પરંપરાના વૈષ્ણવી સંસ્કારથી જીવનમાં જે શાન્તી પ્રાપ્ત થાય છે તે વર્ણવી ધાર્મીક સંસ્કાર સિંચન ના પરિષદના કાર્ય ને વ્યાપક બનાવવા અનુરોધ કરેલ. સંમેલન બાદ વધાઈ કીર્તનનો કાર્યક્રમ થયેલ જેમાં પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી એ ચાર વધાઈ પદ–ગાન કરેલ. આ રીતે ઉલ્લાસ પૂર્વક કાર્યક્રમ સંપન્ન થયેલ. થાનગઢના અગ્રણીઓ શાખાધ્યક્ષ શ્રી દવે સાહેબ મંત્રી શ્રી ગોપાલભાઈ મરજાદિ, શ્રી પ્રેમચંદભાઈ કંસારા, શ્રી મુકુન્દભાઈ કંસારા શ્રી માધુભાઈ તથા દરેક વૈષ્ણવ કુટુંબના યુવક ભાઈ બહેનોએ કાર્યક્રમને સફળ બનાવવા ઉત્સાહ પુર્વક ભાગ લીધેલ.

◆

સ્વસિદ્ધાન્ત પ્રબોધક ગ્રંથ

રચયિતા : **નિ. લી. ગો. શ્રી રમણલાલજી મહારાજ (મથુરા)**
અનુવાદ : **પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)**

(લેખાંક ચોથો)

વ્રત તથા ઉત્સવ

વૈષ્ણવોએ વ્રત અવશ્ય કરવા એમ પુરાણાદિમાં લખ્યું છે અને સ્વમાર્ગમાં પણ પ્રણાલિ રચી છે. જન્માષ્ટમી આદિથી લઇને એકાદશી વ્રત તે બધાં નિયમપૂર્વક, આગ્રહ રાખીને કરવાં તે ન કરવામાં આવે તો દોષ છે એમ પુરાણોમાં કહેલું છે "બ્રહ્મહત્યા સમાન જે પાપ છે તે એકાદશીને દિવસે અન્નમાં પ્રવિષ્ટ થાય છે." સ્કંદપુરાણમાં કહ્યું છે કે :– જે વ્યકિત એકાદશીને દાડે ભોજન કરે છે તેને માતા, પિતા, ભાઇ, ગુરૂનાં વધ સમાન પાપ લાગે છે. અને ઉત્સવ, પર્વ, યાત્રા, સર્વ વિધિપુર્વક કરીએ છીએ, તથા જન્માષ્ટમી, શ્રી મહાપ્રભુજીનો જન્મોત્સવ, શ્રી ગુંસાઇજીનો ઉત્સવ, વિશેષ રીતે કરવા જોઇએ. અન્નકુટાદિક વર્ષોત્સવ સર્વે પ્રકારે કરવાં.

અનન્યતા

અનન્ય વૈષ્ણવને અન્ય દેવની ઉપાસના ન કરવી જોઈએ અને અન્ય પ્રાકૃત દેવને નમસ્કાર ન કરવા જોઈએ રમતરમતમાં પણ ત્યાં ન જવું આવા અનન્ય વૈષ્ણવનાધર્મ પુરાણાદિકમાં કહેલાં છે, અને વિવેક ધૈર્યાશ્રય ગ્રંથમાં પણ કહ્યું છે કે અન્ય દેવનું ભજન જે નવધાભકિત અને ત્યાં તેમના દર્શને સ્વતઃ ચાલીને જવું અને નાના મોટા કાર્યો માટે પ્રાર્થના **વિશેષે કરીને અનન્ય વૈષ્ણવ માટે વર્જીત્ છે.**

અન્ય સંબંધની ગંધ માત્રથી ગળું કપાય છે અને ધ્રુવ પંચરાત્રીમાં પણ કહ્યું છે કે, "ભગવાન જ્યાં સુધી જીવમાં અન્યાશ્રય જુવે છે ત્યાં સુધી અનુગ્રહ નથી કરતાં કેમ કે (આપ) અનન્ય ભકત વત્સલ છે. જે અન્યાશ્રય કરે છે તેનો પ્રભુ ત્યાગ કરે છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે, "કોઇ દુષ્ટ વ્યભિચારિણી અન્ય પુરૂષમાં આસકત થઇને પોતાના પતિની સેવા કરે તો એ પતિ તેની સેવાને ગ્રહણ નથી કરતો. પતિવૃતા સ્ત્રી ભાવથી સેવા કરે તેનો જ પ્રસન્નતાથી અંગીકાર કરે છે તેમજ જે ભકત અનન્યતાપુર્વક પતિવૃતા (અનન્ય) ભાવથી શ્રીકૃષ્ણની ભકિત કરે છે તેમની જ સેવા પ્રભુ અંગીકાર કરે છે અને જે અન્યાશ્રય કરે છે તેમની ભકિત વ્યભિચારિણી ભકિત કહેવાય તેમની સેવા પ્રભુ અંગીકાર કરતા નથી. વિશેષ પણ કહ્યું છે કે વ્યભિચારિણી સ્ત્રી જેમ ઉપર હિત (હેત) બતાવીને પતિ સાથે વાતો કરે છે અને અંતરમાં અન્ય પુરૂષ સાથે વાતો

કરવાનો મનોરથ હોય તો ઉત્તમ પુરૂષ ચતુર હોઇ તેના બોલવાથી પ્રસન્ન નથી થતો તેમજ જે પ્રવાહી ભકિત કામનાનો અર્થ અન્ય દેવની સ્તુતિ કરે છે અને ભજન કીર્તન કરે છે તેવી કીર્તનાદિ સેવાને શ્રીકૃષ્ણ પ્રસન્નતાપુર્વક મુખ્યત્વે અંગીકાર કરતા નથી. શ્રી ગીતાજીમાં પણ કહ્યું છે કે "કેવલ શ્રીકૃષ્ણમાં જ મન રાખે, શ્રીકૃષ્ણનો જ ભકત થાય, શ્રી હરિનું જ ભજન કરે, શ્રી હરિને જ શરણે જાય તો આ (અંહતા–મમતારૂપ સંસારાસકિતરૂપ) માયાને જીતી શકે અને શ્રીકૃષ્ણને પ્રાપ્ત થાય તો જ્યારે આવી અનન્યતા થાય ત્યારે જ પ્રભુની પ્રાપ્તિ થાય છે. જ્યારે પ્રમાણમાં જ આ પ્રકાર છે તો (પ્રમેયમાર્ગ) પુષ્ટિમાર્ગમાં તો અવશ્ય અનન્યતા જોઇએજ નિબંધમાં પણ કહ્યું છે કે ઘણાં માર્ગમાં તથા ઘણા સ્વરૂપોમાં આદર ન રહી શકે તેથી એક માર્ગ અને એક સ્વરૂપ શ્રીકૃષ્ણ વિશેજ (આદર) કરવો જોઇએ. આદિત્ય પુરાણમાં કહ્યું છે કે અનન્ય થઇને શ્રીકૃષ્ણનું ભજન કરે અને શ્રીકૃષ્ણના અનન્ય ભકત હરિદાસવર્ય પ્રભૃતી જે છે તેનું ભજન કરે અન્ય દેવની ભકિત ન કરે સર્વ દેવમય જે જગત્ છે તેને શ્રી હરિદાસવર્ય પવિત્ર કરે છે ઇત્યાદિ વાકયાનુસાર અન્યાશ્રય રહિત અનન્ય ભકિતની (જે) ચાહના કરે છે એ દાન કરવું પ્રભુના (જ) હાથમાં છે.

વૈદિક કર્મ

સર્વ શાસ્ત્રના સિદ્ધાન્તાનુસાર વેદ ગીતા શ્રી ભાગવત મનુસ્મૃતી જે ધર્મશાસ્ત્ર તદનુસાર વર્ણાશ્રમ ધર્મ સહિત ભગવત સેવા કરવી જોઇએ. વર્ણ જે બ્રાહ્મણ અને આશ્રમ જે ગૃહસ્થ એ બન્નેના ધર્મ અવશ્ય કરવાં. પુષ્ટિમાર્ગીય ભાવનાની સમજપુર્વક વેદોકત મંત્રથી સન્ધ્યા, ગાયત્રીજપ, શ્રી ભગવદ્‌ગીતા તથા સ્વમાર્ગીય શોડષ ગ્રંથો આદિનો નિત્ય નિયમપુર્વક અવશ્ય પાઠ કરવો અને શ્રૃતિ સ્મૃત્યાનુસાર સૂત્રથી ગર્ભાધાન, યજ્ઞોપવિત વિવાહિક સંસ્કાર કરવાં જોઇએ.

* * *

પૃષ્ઠ પ્રકાશન સહાયક

વાઇટીંગના પટેલ જુથ વેપારીભાઇઓ હ. શ્રી ડાહ્યાલાલ
રતનશીભાઇ આદિત્યાણાના સદૈન્ય જયશ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ અથ ઉભયાષ્ટકમ્ લિખ્યતે ॥

શ્રીકૃષ્ણ સ્વામિની પ્રિયાય નમઃ ।
શ્રીસ્વામિની કૃષ્ણ પ્રિયાય નમઃ ॥૧॥

શ્રીસ્વામિનીજીના પ્રિય શ્રીકૃષ્ણને નમસ્કાર;
શ્રીકૃષ્ણના પ્રિયા શ્રીસ્વામિનીજીને નમસ્કાર. ૧

શ્રીકૃષ્ણચંદ્રાવલી પ્રિયાય નમઃ ।
શ્રીચંદ્રાવલી કૃષ્ણ પ્રિયાય નમઃ ॥૨॥

શ્રીકૃષ્ણની પ્રિયા ચંદ્રાવલીજીને નમસ્કાર;
શ્રીચંદ્રાવલીજીના પ્રિય શ્રીકૃષ્ણને નમસ્કાર. ૨

શ્રીસ્વામિની લલિતા પ્રિયાય નમઃ ।
શ્રીલલિતા સ્વામિની પ્રિયાય નમઃ ॥૩॥

શ્રીસ્વામિનીજીની પ્રિયા લલિતાજીને નમસ્કાર;
શ્રીલલીતાજીની પ્રિયા શ્રીસ્વામીજીને નમસ્કાર ૩

શ્રીકૃષ્ણ કૃષ્ણા પ્રિયાય નમઃ ।
શ્રીકૃષ્ણા કૃષ્ણ પ્રિયાય નમઃ ॥૪॥

શ્રીકૃષ્ણની પ્રિયા કૃષ્ણાને નમસ્કાર;
કૃષ્ણાના પ્રિય શ્રીકૃષ્ણને નમસ્કાર. ૪

શ્રીકૃષ્ણ કૃષ્ણા રસલીલા પ્રિયાય નમઃ ।
શ્રીકૃષ્ણા કૃષ્ણ રસલીલા પ્રિયાય નમઃ ॥૫॥

રસલીલા કૃષ્ણની પ્રિય કૃષ્ણાને નમસ્કાર;
રસલીલા કૃષ્ણાના પ્રિય શ્રીકૃષ્ણને નમસ્કાર. ૫

સર્વલીલા રસમય અતિ સુન્દરાય નમઃ ।
અતિ સુન્દર સર્વલીલા કરતાય નમઃ ॥૬॥

સર્વલીલા રસમય અતિ સુન્દરને નમસ્કાર;
અતિ સુન્દર સર્વલીલા કરતાય ને નમસ્કાર. ૬

એક કાલા વચ્છિન્ન અનેક લીલા કરતાય નમઃ ।
અનેક રસલીલા સુખ પ્રાપ્ત કરતાય નમઃ ॥૭॥

એક જ સમયમાં અનેક લીલા કરતાયને નમસ્કાર;
અનેક રસલીલાના સુખોને પ્રાપ્ત કરાવનારને નમસ્કાર.

દામોદરલાલસ્ય સર્વ રસલીલા દર્શન ।
અભિલાષા પૂરકાય નમઃ ॥૮॥

દામોદર લાલની બધી રસલીલા દર્શન
અભિલાષા પુરકને નમસ્કાર. ૮

ઇતિશ્રી દામોદરલાલ વિરચિત ઉભયાષ્ટકં
સંપૂર્ણઃ

પૂ. પા. ગો. શ્રી દામોદરલાલજી બાવાશ્રી
કલોલ

પૃષ્ઠ પ્રકાશન સહાયક

વાઇટીંગ પટેલ જુથ વેપારી ભાઇઓ

હ. શ્રી કાળુભાઇ આદિત્યાણાના સદૈન્ય જયશ્રી કૃષ્ણ

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રી પીતાંબરજી કૃત વિવૃત્તિનું ગુજરાતિ ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ત્રીજો)

વાચકોને વિનતી

ધીમે ધીમે ષોડશ ગ્રંથમાંના ત્રણ ગ્રંથોની ટીકાઓનુ. ગુજરાતી ભાષાંતર પુરું થઇ ગયું. હવે ચોથા ગ્રંથ ‘પુષ્ટિપ્રવાહમર્યાદા’ ઉપરની પુ. પા. શ્રી પીતાંબરજીની વિવૃતિનું ગુજરાતી ભાષાંતર શરૂ થાય છે. ષોડશગ્રંથમાંના દરેક ગ્રંથ ઉપર પુ. પા. શ્રી શ્યામમનોહરજીએ આલેખેલ ‘ગ્રંથપરિચય’ તે તે ગ્રંથનો વિશદ પરિચય આપે છે. તેનું સમજપુર્વક વાચન કરી લેવું અત્યંત જરૂરી છે, તેથી દરેક ગ્રંથના પ્રારંભે તેનું ગુજરાતી ભાષાંતર અપાય છે. આ ભાષાંતર વાંચ્યા પછી વિવૃતિનુ ભાષાંતર વાંચવાથી સારી રીતે સમજાશે અને તેથી પુષ્ટિજીવોને ખૂબ ખૂબ આનંદ આવશે. ‘સુજ્ઞેષુ કિં બહુના’ ।

* * *

નમઃ શ્રી વલ્લભાચાર્યચરણાબ્જનખેંદવે ।
પુષ્ટિપ્રવાહમર્યાદાસ્તારકા યેન શોભિતાઃ ।।૧।।
ન ભેદસ્તે કુત્રાપ્યતિરુચિર કિન્તુ પ્રિયતયા
વિભેદોઽતઃ સ્વામિન્ કૃપય મયિ દાસેઽતિવિધુરે ।
વિભેદઃ કેન સ્યાત્ સ્વકૃતનિજપુષ્ટેરિતરથા
પ્રવાહાદેઃ સ્વીયપ્રણતચરણપ્રાપક વિભો ।।૨।।
શ્રીવલ્લભસુતચરણાંભોરુહમકરન્દમત્તમધુપો યઃ ।
જયતિ નિગૂઢત્રિસરણિમાલત્યાં તસ્ય ઝંકાર :
।। ૩ ।।

શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં ચરણકમળના નખચંદ્રને નમસ્કાર હો, જે નખચંદ્રની છટાથીં પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદારૂપી તારાઓ પ્રકાશવંતા થયા છે. ।।૧।।

હે સદાય પ્રસન્ન પુ. પા. શ્રીવલ્લભાચાર્યજી આપને તો કયાંય પણ ભેદ નથી, પરંતુ પ્રિયપણાથી વિવિધતા છે. આથી હે પ્રભુ. આપનો આ દાસ કે જે અતિ અશકત છે, તેવા મારા ઉપર કૃપા કરો. પોતાનાંને અને નમસ્કાર કરી રહેલાંઓને ભગવચ્ચરણની પ્રાપ્તિ કરાવનારે હે પ્રભુ, પોતાના કરેલા નિજ પુષ્ટિજીવોથી ભિન્ન રીતે પ્રવાહ આદિ જીવોનો વિષેશ ભેદ શાથી છે ? ।।૨।।

શ્રીવલ્લભસુતનાં ચરણકમળના રસપાનથી મત્ત થયેલા ભ્રમરનો ઝણકાર અગમ્ય એવા ત્રણ માર્ગરૂપી માલતીના ફુલ ઉપર વિજય પ્રાપ્ત કરે છે. ।।૩।।

આ લોકમાં જ ચિદ્રુપતાથી અને ભગવદંશ હોવાથી સમાન જીવોમાંના કેટલાકને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ, કેટલાકને સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ અને કેટલાકને ગાઢ અંધકારની (પુર્ણ અજ્ઞાનની) પ્રાપ્તિ થાય છે, એવું સંભળાય છે. એ પ્રમાણેનો ફળમાં ભેદ શાથી છે ? અથવા કેટલાકનાં દેહ અને ક્રિયા વિરુદ્ધ

સ્વભાવનાં છે, એ રીતે અને સેવાફલ તેમજ તેના ઉપરનું વિવરણ અને અન્ય ગ્રંથોના શ્રવણથી સંશય કરનારાઓની શંકાના નિવારણ માટે, તેમ જ તેના ઉપાયરૂપ માર્ગનો અને તેની સેળભેળનો નિશ્ચય કરવા માટે, ઘણી શંકાઓના અને તેના ભેદના માત્ર જ્ઞાનથી થતા નિવારણને હૃદયમાં ધારણ કરીને, ત્રણ માર્ગના ભેદનું નિરૂપણ 'પુષ્ટિ' વગેરે શબ્દોથી શ્રીમદ્ વલ્લભાચાર્યજી નિશ્ચયપુર્વક કહે છે.

પુષ્ટિપ્રવાહમર્યાદા વિશેષણ પૃથક પૃથક ।
જીવદેહક્રિયાભેદે પ્રવાહેણ ફલેન ચ ॥૧॥
વક્ષ્યામિ સર્વસંદેહા ન ભવિષ્યન્તિ યચ્છ્રુતેઃ ।

પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા સૃષ્ટિ જીવ, દેહ અને ક્રિયાના ભેદથી તેમજ પરંપરાથી અને ફળના ભેદથી અસાધારણ રીતે ભિન્ન ભિન્ન છે. ॥૧॥ તેને હું વર્ણવીશ, જેને સાંભળવાથી કોઇપણ જાતની શંકા રહેશે નહિ.

આ ત્રણ પ્રકારના માર્ગને ઉત્કર્ષ વગેરે રૂપ ભિન્નતા દર્શાવનારા વિશિષ્ટ ગુણધર્મથી, જીવ-દેહ-ક્રિયા વગેરેના ભેદથી, સર્જનની પરંપરાથી અને જુદું પાડી શકાય નહિ તેવા ફળથી, જેવી રીતે ભિન્ન ભિન્ન છે તેવી રીતે હું કહીશ, એમ અર્થ છે. ભેદને વર્ણવવાનું ફળ 'સર્વ' વગેરે શબ્દોથી કહે છે. જેને સાંભળવાથી, એટલે કે ચાર પ્રકારના ભેદ કહેવાયેલા છે, તેને સાંભળવાથી એથી તો જગતમાં અનેક માર્ગો છે, શા માટે ત્રણ જ કહેવાય છે ? એવી પણ શંકા થાય, તો તે બધાય ભેદ આને સાંભળવાથી નષ્ટ થશે, એમ જણાવાયું છે. સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે અન્ય આંતરિક ભાવોનું પણ સરળતાથી જ્ઞાન થઇ જાય છે, એમ હોવાથી એક જ ભેદ સિદ્ધ કરવામાં અન્ય ભેદોની વ્યર્થતા છે, એવી શંકાને સ્થાન રહેતું નથી; કારણ કે સ્વરૂપ, સાધન અને ફળનું અભિન્નપણું હોવાથી એકનું નિરાકરણ થવાથી બધાનું નિરાકરણ થઇ જાય છે. અત્યંત અલગતાના જ્ઞાનમાં જ બધી શંકાઓનું નિરાકરણ રહેલું છે. ॥૧॥

અરે, જેનો આધાર છે તેની સિદ્ધિમાં, જેથી ભેદ થાય છે તેને કહેવું જોઇએ. પ્રસ્તુત બાબતમાં તો પુષ્ટિ વગેરે શબ્દથી કહેવા ધારેલ માર્ગો પ્રસિદ્ધ નહિ હોવાથી તેના ભેદનું નિરૂપણ ગગનપુષ્પની સુગંધને અનુસરે છે. એવી શકા કરીને, જેનો આધાર છે તેને સાધવાની ઇચ્છાવાળાઓએ પુષ્ટિ પહેલાં તેને વિશેષરૂપે કહેલ હોવાથી, તે બાબતમાં પહેલાં 'ભકિત' વગેરે શબ્દોથી પ્રમાણ દર્શાવે છે.

ભકિતમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચય ॥૨॥

ભકિતમાર્ગનું વર્ણન હોવાથી તેમાં ભગવાનની કૃપા રહેલી છે, એ નકકી છે. ॥૨॥

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધમાં ભ્રમર ગીતમાંના સંદેશામાં 'યા મયા ક્રીડતા'થી શરૂ કરીને 'અચિરાન્મામવાપ્સ્યથ સુધીમાં હંમેશાં મારું સ્મરણ કરતી તમે બધીજ ગોપીઓ તુર્ત જ મને પ્રાપ્ત કરશો; આ વૃંદાવનમાં શરદપુનમની રાત્રિએ મેં રાસક્રીડા કરેલી ત્યારે જે ગોપીઓ વ્રજમાં રહી ગઇ હતી અને રાસક્રીડામાં સંમિલિત થઇ શકી નહોતી, તેઓ પણ, હે કલ્યાણીઓ, મારા સામર્થ્યનું સ્મરણ કરવાથી મને પ્રાપ્ત થઇ હતી. ભાગ૦

૧૦–૪૭–૩૬, ૩૭) અને ‘યુવામાં પુત્રભાવેન બ્રહ્મભાવેન’ (તમે બંને મારું પુત્રભાવથી અને બ્રહ્મભાવથી સ્મરણ કરતાં મારા ઉપર સ્નેહવાળાં તમે મારી પરમ ગતિને પામશો. ભાગ ૧૦–૩–૪૫) વગેરેથી કૃપાજ દર્શાવેલી છે અને ‘દિષ્ટયા ગૃહેશ્વર્યસકૃન્મયિત્વયા કૃતાનુ વૃત્તિ (‘હેગૃહેશ્વરી, હું અત્યંત પ્રસન્ન છું કે તેં સંસારમાં બંધનથી છોડાવનારી મારી સેવા નિરંતર કરી છે. દુષ્ટ જનોથી આવી સેવા થવી અત્યંત મુશ્કેલ છે. જે સ્ત્રીઓનાં મન દૂષિત કામનાવાળા છે અને ઇંદ્રિયતૃપ્તિમાં આનંદ માનનારાં છે, તેવી સ્ત્રીઓને માટે આવી સેવા અત્યંત મુશ્કેલ છે. ભાગ૰ ૧૦–૬૦–૫૪) વગેરેથી કૃપાજ વર્ણવેલી છે. અને એકાદશ સ્કંધમાં ‘અથૈતત્પરમ ગુહ્યં શૃણ્વતો યદુનંદન ‘સુગોપ્યમપિ વક્ષ્યામિ’થી શરૂ કરીને અને ‘તસ્માત્વમુદ્ધવોત્સૃજ્ય’ એ બે શ્લોકથી (હે ઉધ્ધવ, હવે હું તને આ પરમ રહસ્યયુક્ત અને અત્યંત ગોપનીય પણ કહી સંભળાવું છું, તેથી તેને તું સાંભળ. ભાગ૰ ૧૧–૧૧–૪૯ અને તેથી કરીને હે ઉધ્ધવ, તું શાસ્ત્રોનાં વિધિ અને નિષેધને, તેમ જ પ્રવૃત્તિ માર્ગને અને નિવૃત્તિમાર્ગને, સાંભળેલાને અને સાંભળવા યોગ્યને બધાંને છોડીને મારે એકને જ શરણે આવ. ભાગ. ૧૧–૧૨–૧૪) અને ‘ભક્તિયોગઃ પુરૈવોક્તઃ પ્રીયમાણાય તેઽનઘ । પુનશ્ચ કથયિષ્યામિ મદ્ભક્તેઃ કારણં પરમ્ ॥ (હે નિષ્પાપ ઉદ્ધવ, પ્રસન્ન એવા તને મેં ભક્તિયોગ પહેલાં કહેલો છે, છતાં ફરીને પણ મારી ભક્તિનું પરમ સાધન હું તને કહી સંભળાવીશ. ભાગ ૧૧–૧૯–૧૯) વગેરેથી ભગવાને ભક્તિમાર્ગનું વર્ણન કરેલુ છે, તેથી તે બધાંમાં કૃપા રહેલી છે. ‘સાલોક્યસાર્ષ્ટિ સામીપ્યસારૂપ્યૈકત્વમપ્યુત । દીયમાન ન ગૃહ્ણન્તિ વિના મત્સેવનં જનાઃ । સ એવ ભક્તિયોગાખ્ય આત્યંતિક ઉદાહૃતઃ ॥ (સાલોક્ય ભગવાનના ધામમાં નિવાસ, સાર્ષ્ટિ ભગવાનના જેવું ઐશ્વર્ય, સામીપ્ય–ભગવાનની સમીપમાં નિત્ય વાસ, સારૂપ્ય–ભગવાનના જેવું રૂપ અને સાયુજ્ય–ભગવાનના શ્રીવિગ્રહમાં જોડાઈ જવું. એવા પ્રકારના મોક્ષની પ્રાપ્તિ આપવા છતાં પણ મારી સેવા સિવાય બીજું કાંઈ પણ મારા ભક્તો ગ્રહણ કરતાં નથી, એવો ભક્તિયોગ નામનો સર્વશ્રેષ્ઠ પુરુષાર્થ જ સાધ્ય કહેવાયો છે. ભાગ૰ ૩–૨૯–૧૩,૧૪), એમ ત્રીજા સ્કંધમાં કહેવાયેલી અને ‘ભક્તિરસ્ય ભજનં તદિહામુત્રોપાધિનૈરાસ્યેનૈવામુષ્મિન્મનઃકલ્પનમ્ ।’ (આ લોકમાં કે પરલોકમાં કોઈ પણ જાતના પ્રયોજનની અપેક્ષા વગર ભગવાનમાં મનને સ્થિર કરવું તે ભક્તિ છે, તે જ ભગવાનનું ભજન છે.) એમ આથર્વણ ઉપનિષદમાં સંભળાવાયેલી ભક્તિનો માર્ગ, તેનો ઉપાય અને તેના પ્રકારનું વર્ણન છે, તેથી તે બધાંમાં કૃપા રહેલ છે. પુષ્ટિ એટલે પોષણ, ભગવાનનો અનુગ્રહ, પોષણં તદનુગ્રહઃ એવા વાક્યથી અનુગ્રહનો પર્યાય કૃપા થાય છે. એવી ભક્તિના મૂળમાં રહેલી કૃપા ભગવાનમાં રહેલી છે, એ નિશ્ચિત છે, નહિ તો ભગવાને એ પ્રમાણે ભક્તિમાર્ગનું વિધાન કર્યું ન હોત. વૈરાગ્ય વાળાને જ્ઞાનયોગ અને કામનાવાળાઓને કર્મયોગ એવા વાક્યથી વૈરાગ્ય અને કામનાની જ્ઞાનયોગ અને કર્મયોગથી ફળમાં સિદ્ધિ કહેલી

છે, તેથી 'વૈરાગ્ય રહિત અને અતિ આસક્તિ વગર' એમ કહેવાયેલા થોડી આસક્તિવાળાને કામનાની સફળતા છે, અને કર્મથી કોઇ વાર જેમ તેમ કરીને તેની અપૂર્ણતામાં વૈરાગ્ય અને જ્ઞાનથી કોઇ ને કોઇ રીતે, કોઇ વાર ફળસિદ્ધિનો સંભવ છે, તેથી તેમાં કૃપા રહેલી છે. લોકમાં પણ સ્વલ્પ ધનવાનને, દેવાદારને થોડુંક ધન ગ્રહણ કરવાથી મહાન ઋણમાંથી છુટકારો પામેલને અને લેણદારને અનુગ્રહથી કળસિદ્ધિંનો સંભવ શાસ્ત્રસિદ્ધ છે, તેથી તેમાં કૃપા રહેલી છે.

શ્રમથી સાધી શકાય તેવા પ્રાયશ્ચિત્ત વગેરેમાં, ધર્મસભાના ખરેખર અનુગ્રહથી, સરળ ઉપાયનો ઉપદેશ સ્મૃતિ વગેરેમાં પ્રસિદ્ધ છે. 'તમે બે કૃપાને પ્રાપ્ત કરો, આપની કૃપાથી સ્વર્ગને પામેલા' વગેરેમાં ભગવાનની પ્રાર્થના દર્શાવેલી હોવાથી, સરળ સાધનના ઉપદેશના મૂળ રૂપ અનુગ્રહ સિદ્ધ થાય છે ત્યારે તેમાં ભગવાનની કૃપા રહેલી છે. ભક્તિ માર્ગ સરળ સાધનરૂપ કહેવાયો છે. જ્યાં જ્યાં મંગલમય સરળ સાધનનું કથન છે ત્યાં ત્યાં વક્તામાં અનુગ્રહનું અસ્તિત્વ છે; જેમ કે, ઉપર કહેલી સભામાં જ્યાં અનુગ્રહ નથી, ત્યાં મંગલ નથી. જેમ કે, નૃગ, વૈવસ્વત મનુનો પુત્ર, બ્રાહ્મણના શાપથી ગરોળીનો અવતાર પામ્યો, વગેરે દૃષ્ટાંતોથી ભક્તિરૂપી સરળ સાધનના ઉલ્લેખથી ભગવાનમાં કૃપા રહેલી જ છે, એમાં શંકા નથી, એમ અર્થ છે. તે ઉપદેશ અસાધારણ ધર્મની સાથે જ સંબંધિત છે, પરંતુ ફળ આપવાની ઇચ્છા સાથે સંબંધિત નથી. 'જેનો અનુગ્રહ હું ઇચ્છું છું' એ વાક્યથી આપવાની ઇચ્છામાં ફળની ઈચ્છા સાથે સંબંધ નથી. આથી જ બીજાનાં દુઃખો ટાળવાની ઈચ્છા પણ નથી, અને તે માટે પ્રયત્ન પણ નથી. હું કૃપા કરું છું, પરંતુ હું પ્રયત્ન કરતો નથી, એમ તે પછીનું કાર્ય બતાવે છે; 'કૃપયા' (કૃપાથી) 'યતે' (હું યત્ન કરું છું), 'દિત્સે' (હું આપવા ઇચ્છું' છું. વગેરે પ્રયોગો પણ એમ જ દર્શાવે છે; જ્ઞાન સાથે પણ સંબંધ નથી. દુઃખને જાણવા છતાં પાપાસક્ત પ્રત્યે તે કૃપા દર્શાવતો નથી, આ દુરાચારીને દુઃખ છે, એમ જાણવા છતાં તે તેના ઉપર કૃપા કરતો નથી, વગેરે શબ્દપ્રયોગો પણ છે. જોયેલાથી ન જોવાયેલામાં વિશેષ ભેદ નથી. દ્વષ આદિથી વિરોધ થવામાં પણ દ્વેષ નથી. તે કૃપા કરે છે, તે અનુગ્રહ કરે છે, એમ ભિન્ન શબ્દ ઇચ્છવા યોગ્ય હોવાથી 'અનુ' પ્રયત્નથી પ્રાપ્ત થાય છે, એવા અર્થમાં હોવાથી કૃપા અને અનુગ્રહ એ બે શબ્દમાં ભેદ હોવાથી શંકા કરવી નહિ. લોકમાં કૃપા શબ્દથી ભિન્ન એવા અનુગ્રહ શબ્દની પ્રસિદ્ધિનો અભાવ હોવાથી અને ભિન્ન ધાતુનો પ્રયોગ છે વગેરે કારણે તેમાં ભેદ જોવો ગોગ્ય નથી. તેથી સ્વીકાર, ફળ આપવાની ઈચ્છા વગેરેનો પ્રયોજક અને ભિન્ન વિશિષ્ટતાવાળો અનુગ્રહ શબ્દ કૃપા શબ્દનો બીજો પર્યાય છે, એ નક્કી છે. અનુગ્રહ ભક્તિના ઉપદેશની જેમ ભક્તિનું પણ કારણ છે. જેના ઉપર અનુગ્રહનો અભાવ હોય તેને ભક્તિની પ્રાપ્તિ થતી નથી; કારણ કે 'આરાધના કરનારને ભગવાન મુકુંદ (શ્રીકૃષ્ણ) મુક્તિ આપે છે, પરંતુ ભક્તિયોગ કદીય આપતા નથી, એવું વાક્ય છે. એના વિષે જેમ છે તેમ પ્રભુચરણશ્રી એ ભક્તિહેતુ-

✓

નિર્ણયમાં સ્પષ્ટતાથી વર્ણન કર્યું છે એમ છે ત્યારે ભજન કરનાર પ્રત્યે અનુગ્રહપુર્વકનો ઉપદેશ, એ સરળ સાધનનો ઉપદેશ છે. ધર્મસભામાં કહેવાયેલ પાપ ધોવાના સરળ તપની જેમ, 'આ ન હોય તો આ પણ ન હોય,' એવી વ્યતિરેક પ્રમાણે કષ્ટસાધ્ય દિતિપયોવ્રતના ઉપદેશની જેમ આ અનુગ્રહનો વિષય છે; કારણ કે તે ભકિતથી યુકત છે, નારદજીની જેમ 'આ ન હોય તો આ પણ ન હોય, એવી વ્યતિરેક વ્યાપ્તિ પ્રમાણે સાલ્વાદિની જેમ, એવું અનુમાન પણ તેમાં પ્રમાણ છે, એમ જાણવું. જોકે 'આ ભગવાન જેનો સ્વીકાર કરે છે, તેનાથી તે પ્રાપ્ત થવાને યોગ્ય છે.' એવી શ્રુતિ છે, તે ભગવાનની પ્રાપ્તિનું સ્વીકાર એ જ એક સાધન છે, એમ કહે છે. 'તેણીએ તે વરની પસંદગી કરી,' 'તે કન્યાને પસંદ કરે છે,' વગેરે પ્રયોગો સસજવાંથી સ્વીકાર્યતાથી સિદ્ધ થયેલી પસંદગી અનુગ્રહજન્ય હોવાનું તેમાં પ્રમાણરૂપ છે. તોપણ 'તેના પ્રતિ આ પરમાત્મા પોતાનાં સ્વરૂપને પ્રકટ કરે છે,' એમ કહેવાયેલ વિવરણ ભગવાન પોતાના સ્વરૂપનું પ્રાકટ્ય બતાવે છે. તેમાં તેનું લાભદાયી જે ફળ છે, તેનો સ્વીકાર તે તેની 'હું માત્ર એક ભકિતથી જ ગ્રહણ કરવા યોગ્ય છું,' વગેરે સ્મૃતિથી ભકિત સાધ્યતા દર્શાવે છે, નિશ્ચયપુર્વક ભકિત દ્વારા જ થયેલ સ્વીકાર, તે તેનું નિશ્ચિત જ્ઞાન સૂચવે છે. ભકિત તેના સાધન વડે જ સિદ્ધ થાય છે. તે સાધનને આજ્ઞાથી હૃદયસ્થ કરીને ભકિત પ્રાપ્ત કરી શકાય છે, એમ આચાર્યશ્રીએ કહ્યું છે. શ્રવણ કર્યું હોય તેનું, તે સમયથી જ વારંવાર મનન કરવાના પ્રયત્નથી ભકિત પ્રકટ થાય છે. ॥૧, ૨॥

* * *

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– પ. ભ. શ્રી મગનભાઇ તન્ના

બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૧૭મો)

અધ્યાય ત્રીજો

યે મે મતમિદં નિત્યમનુતિષ્ઠન્તિ માનવાઃ ।
શ્રધ્ધાવંતોડનસુયંતો મુચ્યન્તે તેડપિ કર્મભિઃ॥૩૧॥
યે ત્વેતદભ્યસૂયન્તો નાનુતિષ્ઠન્તિ મે મતમ્ ।
સર્વજ્ઞાનવિમૂઢાંસ્તાન્ વિદ્ધિ નષ્ટાનચેતસ॥૩૨॥

જે ઇર્ષ્યા વગરના, શ્રધ્ધાવાળા માણસો મારા આ મતને હંમેશાં અનુસરે છે, તેઓ પણ કર્મોથી છુટકારો પામે છે. ॥૩૧॥

પરંતુ જે ઈર્ષ્યા કરનારાઓ મારા આ મતને અનુસરતા નથી, તેઓને બધાં જ્ઞાનથી અત્યંત મૂઢ, શૂન્ય હૃદયના અને નાશ પામેલા તું જાણ. ॥૩૨॥

જો ભગવાને અર્જુનને માટે કહ્યું હોય તો અર્જુનની તેમાં જ આસકિત થાય, અને તો હવે પછી કહેવાયેલ પુષ્ટિરૂપ સર્વ ત્યા-

ગનો ઉપદેશ અસંગત થાય. અર્જુનનો પણ અન્યત્ર અધિકાર ન હોવાથી ભગવાને કહેલા ધર્મોમાં પ્રવૃત્તિ પણ ન થાય. પોતાને યોગ્ય ઉપદેશ કરવા માટે અર્જુને ફરી ફરીને પ્રશ્નો પણ કર્યા છે. અરે, જો તેને માટે ન કહેવાયું હોય તો શા માટે કહેવાયું છે ? તે અર્જુન દ્વારા બધું સન્માર્ગે પ્રવૃત્તિ માટે કહેવાયું છે, તે જ કહે છે.

પરંતુ બીજો કોઇ પણ એ પ્રમાણે કરે, તેનું પણ કર્મથી થતું બંધન નહિ થાય, એમ 'યે મે મતમિદમ્' વગેરે શબ્દોથી કહે છે.

તે મનુષ્યો કે જેમનામાં સદ્ધર્મ પ્રગટયો છે તેઓ, પહેલાં કહેવાયેલા મારા આ મતને શ્રદ્ધાળુ થઇને, મેં કહેલું હોવાથી અસહિષ્ણુતા વગરના થઇને અનુસરે તો તેઓ પણ કર્મોથી એટલે કે કર્મથી થતા ફળના ભોગોથી છુટકારો પામે છે. મારી આજ્ઞાથી કરાયેલું હોવાથી એટલે કે મારા કહેવામાં વિશ્વાસ હોવાથી અન્ય કર્મો પણ મોક્ષસાધક જ થાય છે, એમ અર્થ છે. જેઓ મારી આજ્ઞારૂપ કહેલું છોડીને, કર્મ જ ફળને સાધી આપનાર છે, એમ જાણીને કર્મ કરે છે તેઓ નાશ પામે છે, એમ 'યે તુ એતત્' વગેરે શબ્દોથી કહે છે. પરંતુ જેઓ મારા આ મતને કુટિલતાથી જાણનારા અનુસરતા નથી, તેઓને તું બધાજ જ્ઞાનમાં અત્યંત મૂઢ, શૂન્યહૃદયી, નાશને પામેલા જાણ. મારી આજ્ઞા સિવાયનું કર્મ કરનારાઓ નાશને પામે છે, એવો ભાવ છે. ॥ ૩૧, ૩૨ ॥

સદશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ ।
પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ॥૩૩॥

જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે છે. પ્રાણીઓ પ્રકૃતિને અનુસરે છે, તેમાં નિગ્રહ શું કરી શકશે ? ॥૩૩॥

અરે, આપનો મત છોડીને, નાશના સાધનમાં જનો શા માટે પ્રવૃત્ત થતાં હશે ?

એવી શંકાના જવાબમાં 'સદશમ્' વગેરે શબ્દોથી કહે છે.

જ્ઞાની જનો પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે છે. અહીં આ ભાવ છે :–

પ્રકૃતિના અંશવાળો જીવ ભગવાને કહ્યું છે તેમાં પ્રવૃત થતો નથી; કારણ કે જીવ પ્રકૃતિના અંશવાળો છે. આથી યાદ અપાય છે કે, “જે જેનો અંશ હોય, તે તેને ભજે.” માયા તો ભગવાને આપેલા સામર્થ્યથી જ્ઞાનીઓને પણ મોહ પમાડે છે. આથી જ માર્કંડ પુરાણમાં કહ્યું છે કે,

દેવી ભગવતી તે જ મહામાયા છે. તે જ્ઞાનીઓના મનને પણ બળપુર્વક ખેંચીને મોહમાં નાખી દે છે.

અરે, સત્સંગથી અને ભગવાનનાં વાક્યથી તેઓ શા માટે યજન કરતા નથી ? તેના જવાબમાં કહે છેઃ– પ્રાણીઓ પ્રકૃતિને એટલે કે પોતાની સ્વભાવિકતાને પ્રાપ્ત કરે છે. આ અર્થમા નપુંસકમાં (ભૂતાની) કહેવાયેલ છે. શું તેથી સત્સંગ વગેરેનો નિગ્રહ થઇ શકે ? ના, સત્સંગ ઉપર પ્રકૃતિનું કાંઇ ચાલતું નથી. ॥૩૩॥

ઇંદ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ ।
તયોર્ન વશમાગચ્છેત્તૌ હ્યસ્ય પરિપન્થિનૌ ।૩૪।

પ્રત્યેક ઇંદ્રિયના વિષયમાં રાગ અને દ્વેષ નિશ્ચિતતાથી રહેતા છે. તે બંનેને વશ થવું

નહિ; કારણ કે તેઓ બે આ પુરુષના માર્ગમાં લુંટારા છે. ॥૩૪॥

અરે, ભગવાને સામર્થ્ય આપેલું હોવાથી પ્રકૃતિનો નિગ્રહ વગેરે અસાધ્ય છે, તો પછી પુરુષોની એટલે કે સત્ જીવોની ફલસિદ્ધિ શી રીતે થાય ? તેના જવાબમાં 'ઇંદ્રિયસ્ય ઇંદ્રિયસ્યાર્થે' વગેરે શબ્દોથી કહે છે. ઇંદ્રિયનો એટલે કે ઇંદ્રિયોનો, અહીં ઇંદ્રિયોનો વર્ગ, એમ કહેવાના હેતુથી એકવચનમાં છે. ઇંદ્રિયોના વિષયોમાં, એટલે કે રૂપ વગેરેમાં રાગ અને દ્વેષ નિશ્ચિતતાથી રહેલા છે. પ્રિય હોય તેમાં રાગ અને અપ્રિય હોય તેમાં દ્વેષ રહેલ છે. આ બંને એટલે કે રાગ અને દ્વેષ અવશ્ય રહેલા છે. તે બંનેને એટલે કે પ્રિય અને અપ્રિયને અથવા રાગ અને દ્વેષને વશ થઇ જવું નહિ; કારણ કે તે બેય પુરુષના માર્ગમાં લુટારા છે, દ્વેષી છે, માર્ગને રોકનારા છે. અહીં આ અર્થ છે :-

માયામાં ફસાયેલાઓને અને માયાના સંબંધમાં આવનારાઓને મોહમાં નાખવાનું સામર્થ્ય ભગવાને માયાને આપેલું છે. આથી પુરુષનો અંશ એટલે જીવ ઇંદ્રિયો વગેરેના વશમાં ન આવે તો મોહ ન પામે. પોતાના સંબંધમાં આવેલાને મોહમાં નાખવાનું સામર્થ્ય માયામાં છે, એમ દર્શાવવાને માટે આગળના શ્લોકમાં 'ભૂતાનિ' એમ નપુંસક લિંગમાં કહ્યું છે અહીં ઉપદેશમાં 'અસ્ય' એવા શબ્દ વડે પુંલ્લિંગમાં કહ્યું છે. વિષયો વગેરેમાં આસક્તિ પીડારૂપ છે, તેથીજ શ્રીમદ્ ભાગવંતમાં (૧૧-૧૪-૩૦) કહ્યું છે કે, "સ્ત્રીઓના સંગથી અને સ્ત્રીસંગી હોય તેઓના સંગથી પુરુષને જેટલાં કલેશ અને બંધન થાય છે, તેટલાં કલેશ અને બંધન અન્ય કોઇ પ્રસંગથી થતાં નથી ॥૩૪॥

શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।
સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥૩૫॥

સારી રીતે આચરેલા પરધર્મથી ગુણ રહિત પણ પોતાનો ધર્મ વધુ સારો છે. સ્વધર્મમાં મૃત્યુ મોક્ષસાધક છે. પરધર્મ ભયજનક છે. ॥૩૫॥

અરે, બધી રીતે ભગવાને કહેલા ધર્મની કઠિનતા છે, તેથી સિદ્ધિ શી રીતે મળે ? એવી શંકાના જવાબમાં 'શ્રેયાન્' વગેરે શબ્દોથી કહે છે.

વિગુણ એટલે સહાયક સાધનના ભાવ વગરનો સ્વધર્મ એટલે કે ભગવદ્ધર્મ, સારી રીતે આચરેલા પરધર્મથી એટલે કે મોહક ધર્મ કરતાં ઉત્તમ છે. ઉપર્યુક્ત સહાયક સાધનના ભાવ વગરનો છતાં ભગવદ્ધર્મ મરણ સમયે ભગવાનનું સ્મરણ કરાવનાર હોવાથી ઉપયોગી થાય છે. તેથી સ્વધર્મનું પાલન કરતાં મરણ થાય તે મોક્ષની પ્રાપ્તિ કરવનાર છે, એમ અર્થ છે.

મરણ સમયે પહેલાં આચરેલો પરધર્મ, તે સંબંધી વિષયનું સ્મરણ કરાવનાર થાય છે પરધર્મ તેવે સમયે યમદૂત વગેરેનું દર્શન કરાવનાર હોવાથી અને પછી નરક વગેરેની યાતનામાં તે નરકનો સાધક હોવાથી ભયજનક છે, એમ અર્થ છે, ॥૩૫॥

અર્જુન ઉવાચ-

અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પૂરુષઃ ।
અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિતઃ ૩૬॥

અર્જુને કહ્યું, હે વાર્ષ્ણેય, તો પછી આ પુરુષ ન ઇચ્છતો હોવા છતાંયે, પરાણે જોડાયેલો હોય તેમ, કોનાથી પ્રેરાયેલો પાપને આચરે છે? ॥૩૬॥

તો પછી, પુરુષ-અંશોના અધિષ્ઠાતા તો ભગવાન છે, અને તે એ પ્રમાણે ઉપદેશે છે. માયા કોને મોહ પમાડવાને કહેવાયેલી છે? તેમાં કોનાથી પ્રેરાઇને 'આ પુરુષ પાપને આચરવામાં પ્રવૃત્ત થાય છે? એમ જિજ્ઞાસુ અર્જુન વિનતિ પુર્વક પુછે છે.

અર્જુને કહ્યું, હે વાર્ષ્ણેય, પુરુષના સંબંધવાળો હોવાથી ન ઇચ્છવા છતાં ભક્તિધર્મમાં પ્રવૃત્તિ માટે સત્કુલમાં જન્મેલો આ પુરુષ પરાણે જોડાયો હોય તેમ, અધિષ્ઠાતાથી પ્રેરાયો હોય તેમ, કોનાથી પ્રેરાઇને પાપને આચરે છે? અને તેનાં ફળને ભોગવે છે? ॥૩૬॥

શ્રી ભગવાનુવાચ–

કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ ।
મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યેનમિહ વૈરિણમ્ ॥ ૩૭ ॥

શ્રી ભગવાને કહ્યું, રજોગુણથી ઉત્પન્ન થયેલો આ કામ છે, આ ક્રોધ છે. તે તૃપ્ત ન થાય તેવો મહાપાપી છે. આ જગતમાં એને તું શત્રુ જાણ. ॥ ૩૭ ॥

ભગવાન પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપે છેઃ–

સંસારની વિચિત્રતા માટે પ્રકટ કરાયેલા ત્રણ ગુણોમાંથી વચલો ગુણ એટલે કે રજોગુણ વ્યાકુળ કરવાના સ્વભાવવાળો છે. ભગવાનના અંશરૂપ રજોગુણાત્મક જીવને તે મોહમાં નાખે છે, અને તેથી તે પ્રવૃત્ત થાય છે. તેમ હોવાથી રજોગુણથી વ્યગ્ર કરનારાં કર્મોને, તેના સ્વરૂપના જ્ઞાનપુર્વક ત્યજવાં જોઇએ, એમ 'કામઃ એષઃ' વગેરે શબ્દોથી કહે છે.

આ કામ લૌકિક કામ છે. તે રજોગુણથી ઉત્પન્ન થયેલો છે. તે બધાનો દ્વેષી છે, શત્રુ છે. આ કામ જ અન્ય દશાને પામેલો ક્રોધ બને છે, તે પણ રજોગુણથી ઉત્પન્ન થયેલો છે. તે કામ તૃપ્ત ન થાય તેવો છે. આથી જ શ્રીમદ્ ભાગવતમાં (૯–૧૯–૧૪) કહ્યુ છે કે, "વિષયોને ભોગવવાથી ભોગવાસના કદી શાંત થતી નથી, પરંતુ ઘી હોમવાથી જેમ અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ ભોગથી કામવાસના ઊલટાની અત્યંત વૃદ્ધિને પામે છે.

વિશેષ શું ? તે 'મહાપાપરૂપ છે અને ભગવાનના ભજનમાં પ્રતિબંધરૂપ છે.

આ સંસારમાં દેહ ધારણ કરીને તું એને વૈરી જાણ 'ઇહ' એવા પદથી આ દેહનું અવસાન થતાં આ (કામ અને ક્રોધનો ત્યાગ) જ અલૌકિકમાં પ્રયોજનને સાધી આપનાર થશે, એવો ભાવ છે. ॥૩૭॥

ધૂમેનાવિયતે વહ્નર્યથાઽદર્શો મલેન ચ ।
યથોલ્બેનાવૃતો ગર્ભસ્ તથા તેનેદમાવૃતમ્ ।૩૮।

જેવી રીતે ધુમાડાથી અગ્નિ, રજથી દર્પણ ઢંકાઇ જાય છે, જેમ ઓરથી ગર્ભ ઢંકાયેલો હોય છે, તેવી જ રીતે તેના વડે (કામથી) જ્ઞાન ઢંકાયેલું છે. ॥૩૮॥

કારણ કે, આ કામ વૈરી છે, તેથી તે જ્ઞાનને ઢાંકી દે છે. તેથી મોહ ઉત્પન્ન થાય છે, એમ 'ધૂમેન' વગેરે શબ્દોથી ત્રણ શ્લોકથી કહે છે.

જેવી રીતે ધુમાડાથી અગ્નિ ઢંકાઇ જાય છે, રજથી દર્પણ ઢંકાઇ જાય છે, ઓરથી ગર્ભ ઢંકાઇ જાય છે, તેમ તે કામ વડે આ જ્ઞાન ઢંકાઇ જાય છે.

અહીં અગ્નિ આદિ ત્રણ દ્રષ્ટાંતો કહેવાનો આ ભાવ છે :–

પહેલા (અગ્નિના) દષ્ટાંતથી ભગવત્તાપાત્મક જ્ઞાન વ્યકત કર્યું છે, બીજા (દર્પણના) દષ્ટાંતથી સેવા યોગ્ય પોતાના સ્વરૂપની પ્રાપ્તિરૂપ જ્ઞાન વ્યકત થયું છે. અને ત્રીજા (ગર્ભના) દષ્ટાંતથી બીજભાવની ઉત્પત્તિરૂપ જ્ઞાન કહેવાયું છે. ॥૩૮॥ (ક્રમશઃ)

આ માસના ઉત્સવ

જેઠ સુદ ૧૨ તા. ૧૦-૬-૮૪ રવિ. નિર્જલા એકાદશી વ્રત (ભીમ અગીયારસ).

જેઠ સુદ ૧૪ તા. ૧૨-૬-૮૪ મંગળ. શિક્ષાપત્રના ટીકાકાર શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સં. ૧૬૪૯). સ્નાનનું જળ ભરવું તેનું અધિવાસન કરવું.

જેઠ સુદ ૧૫ તા. ૧૩-૬-૮૪ બુધ. પુર્ણિમા, જયેષ્ટાભિષેક-સ્નાનયાત્રા, વટ સાવિત્રી વ્રત. મન્વાદિ તિથિ.

જેઠ વદ ૧૧ તા. ૨૫-૬-૮૪ સોમ. યોગિની એકાદશી વ્રત.

અષાડ સુદ ૩ તા. ૧-૭-૮૪ રવિ. બીજનો ક્ષય છે. રથ યાત્રા. શ્રીમદ્ વલ્લભાચાર્યજીની આસુરવ્યા મોહલીલા (સાં. ૧૫૮૭).

અષાડ સુદ ૫ તા. ૩-૭-૮૪ મંગળ. શ્રી દ્વારકાધીશજીનો પાટોત્સવ (કાંકરોલી).

અપાડ સુદ ૬ તા. ૪-૭-૮૪ બુધ. કસુંબા છઠ્ઠ. શ્રી લક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ દક્ષિણના શ્રી વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ. વર્ષાઋતુની શરૂઆત થઇ ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૧૦ તા. ૮-૭-૮૪ રવિ. બેંગણ દશમ.

ગો. શ્રી મટ્ટુલાલજી મહારાજના વચનામૃત

ભગવદીયના લક્ષણ

જેણે પોતાનો સ્વાર્થ જીત્યો છે તે ભગવદીય અને જેને સ્વાર્થ રહ્યો છે તે સંસારી જાણવા.

જેમકે દધિચિ ઋષિ પાસે દેવતાઓએ આવીને તેમના શરીરના અસ્થિ માગ્યાં ત્યારે દધિચિ ઋષિએ દેહનો ત્યાગ કરી પોતાનાં શરીરનાં અસ્થિ દેવતાઓને આપ્યાં અને પોતે શરીરનો ત્યાગ કર્યો. જેણે જીવવાની પણ આશા રાખી નહીં માટે તેનું નામ ભગવદીય. તે દેવતા પોતાના સ્વાર્થને લીધે માગવા આવ્યા તેમને સંસારી જાણવા. કેમ કે વૃત્રાસુરને મારવા સારુ તથા તુચ્છ પદાર્થ એવું જે સ્વર્ગનું રાજ્ય તે ભોગવવાને અર્થે દેવતાએ દધિચિ ઋષિ પાસે શરીરનાં અસ્થિ માગ્યાં હતાં. એ રીતે ભગવદીય પાસે માગ્યું તો આપ્યું. માટે ભગવદીય પાસે પ્રાણ માગે તો પ્રાણની પણ ના પાડે નહીં તેનું નામ ભગવદીય.

॥ શ્રી હરિઃ ॥

અથ પુષ્ટિ શોડષોપચાર પૂજા

રચયિતા – **શ્રી ગોવિંદ કોવિદ, જતિપુરા**

શ્રી ગોકુલેશ પ્રભુવર કથિત હાસ્ય પ્રસંગ નિબંધ;

પૂજા ષોડશ પુષ્ટિકી ગોવિંદ પદ્ય પ્રબંધ ૧
આવાહન આસન અરઘ સેવન પાદ સુજાન;
આચમન સ્નાન સુવસ્ત્ર અરુ ભૂષણ માલા માન. ૨
ધૂપ દિપ ભોજન રુચિર અરુ પ્રણામ સાષ્ટાંગ;
પ્રદક્ષિણા સ્તુતિ વિસર્જન પૂજા ષોડશ અંગ. ૩
આવાહન સુ જગાય કે પ્રિય આસન સુખદંગ;
અરઘ દરસ કર વારણે પદ સેવન અભ્યંગ. ૪
અચમન સ્નાન સુવસ્ત્ર ધર ભૂષણ વિવિધ શૃંગાર;
ફૂલમાલ ધૂપં તિલક ધર દિપ આરતિ વાર. ૫
ભોજન ભોગ સમર્પકે કરી દંડવત્ પ્રણામ;
પ્રદક્ષિણા સ્તુતિ વિસર્જન વિનય શયત સુખધામ. ૬
પૂજા પથ પ્રભુ વિભૂતિ આવત મંત્રાધીન;
પુષ્ટિમાર્ગ પુરુષોત્તમ ભકતભાવનાધીન. ૭
પૂજા પથ આસન કુશા તાપર દેવ સુરાજ;
પુષ્ટિમાર્ગ આસન કમલ દૃગ સંકેત વિરાજ. ૮
ઉતહિ અર્ઘ જલ પુષ્પ યુત પૂજક કૃત સંખોદ;
ઈતહિ અર્ઘ હર્ષાશ્રુજલ પુલક સ્નેહ સંખોદ. ૯
પદ પ્રક્ષાલન જલહિંસોં કરત સુપૂજા માર્ગ;
પદ પ્રક્ષાલન પ્રેમજલ પ્રગટત પુષ્ટિમાર્ગ. ૧૦
આચમન જુ અંજુલિ કરત ચરણામૃત મર્યાદ;
પુષ્ટિપથ પદ પરસ કર પ્રેમામૃત સુખ સ્વાદ. ૧૧
સ્નાન સલિલ ઉતહી કરત ઈત સનેહ રસલીન.
વસનાવરણ ઉતે કરત ઈત લજ્જા રસભીન ૧૨
ઉત ભુષણ ધર મુકિતકા ઈત ભૂષણ ભકતષ્ટ;
ઉત માલા ધર કંઠમેં, ઈત માલા ગલ વેસ્ટ. ૧૩
ઉતે ધુપ ધર અગરકી ઈતે વિરહ અરધાય:
ઉતે દીપ કર પ્રકાશન ઉત મુખ હાસ્ય દીપાય. ૧૪
ઉતભોજન વ્યંજંન વિવિધ કર અચમન જલપાન;
ઈતભોજન આત્માર્પણં અચમન અધર સુપાન ૧૫
મર્યાદા હિ પ્રદક્ષિણા પુષ્ટિ પ્રેમ પરિરંભ;
ઉત સાષ્ટાંગ દંડવત ઈતહી સુરતિ રસરંભ ૧૬
ગદ્ય પદ્ય કર સ્તુતિ ઉત્ત ઈત અનુરાગ સુજાન;
ઉતે વિસર્જન મંત્રસો ઈતે માનસી ગાન ૧૭
એ ષોડશ ઉપચારકી પૂજા પુષ્ટિ વિલાસ,
ગોકુલેસ પ્રભુ પ્રકાશિત જનગોવિંદ રસરાસ ૧૮
પૂજા પથ ચોકોન પે ચોકી વસ્ત્ર બિછાય;
ગાદી તકીયા પુષ્ટિ પથ પઢત પ્રબોધ જગાય ૧૯
મર્યાદા પથ પ્રભુ વિભૂ આવત મંત્રાધીન,
પુષ્ટિ પથ પુરુષોત્તમં ભકત સુભાવાધીન ૨૦
ઉત હિ અર્ઘ જલ મંત્ર યુત અર્પત અંજુલિ જાન,
ઈત મુખ પ્રક્ષાલન સુકર ભાવ સહિત શિશુમાન ૨૧
પદ પ્રક્ષાલન કરત ઉત જલ ફલ ચરન ચઢાય,
ઈતિ બહુ વિધ સુગંધીન તેલ ફુલેલ લગાય ૨૨
ઉતહિ શીતલ જલ મંત્ર યુત સ્નાન કરાવત જાન,
ઈતહિ ઉષ્ણજલ સ્નેહયુત સ્નાન કરાવત ગાન ૨૩
ઉત અંગોછા વસ્ત્રાદિ ધર પીઢાપર બેઠાય,
ઈત અંગોછા વસ્ત્રાદિ ધર સિંહાસન પધરાય ૨૪
ઉત ભૂષણ મન માનધર અંગ ચઢાવત ભાર,
ઈત ભુષણ સુખસાંન ધર કરત વિવિધ શૃંગાર ૨૫
મર્યાદા મારગ વિષે ફુલ ચઢાવત માલ,
પુષ્ટિ માર્ગ પુષ્પાવલિ વૈજયંતિ વનમાલ ૨૬
ઉતહિ ધુપ ધૃત અગરકી યહુ સુગંધ ફેલાય,
ઈતહિ ધુપે ચંદન અગર ધૃત વાતી ચમકાય ૨૭
ઉત ભોજન નૈવેદ્યકો લેત સુગંધન ખાય,
ઈત ભોજત બહુ વિધ કરત લેત હંસત મુખમાય ૨૮
ઉત તુલસી વૃંદન ધરત ઈત તુલસીદલ ફુલ,
ઉત અચમન પુંગી ફલં ઈત અચમન તાંબુલ ૨૯
ઉત દીપક નિરાજનં ચહુ દિસ ફેરત વાર,
ઈત દીપક નિરાંજનં નિજ આરતિ નિરવાર ૩૦
ઈત સન્મુખ મે દંડવત કરતન હી સાષ્ટાંગ,
ઈત સન્મુખ મે દંડવત કરત સદા સાષ્ટાંગ ૩૧

ઉત પૂજાવિધિમેં સ્તુતિ દેવ સહિત વિશ્વેશ,
ઈત સેવા વિધિમેં સ્તુતિ ભકત ન સહિત વ્રજેશ ૩૨
ઉતે વિસર્જન મંત્રસોં કરત સ્વાર્થી જકત,
ઈતે વિનય સિજજા હિ સુખ પધરાવત નિજ ભકત ૩૩
મર્યાદા હિ પ્રદક્ષિણા કરત કામના ધ્યાન,
પુષ્ટિમાર્ગી પ્રદક્ષિણા નિષ્કામી ગુણગાન, ૩૪
વેષોડશ ઉપચારકી પૂજાવિધિ પ્રબંધ,
યે ષોડશ ઉપચારકી સેવા વિધિ નિબંધ ૩૫
નેમ પ્રેમ મર્યાદમેં સંકર્ષણ પદ મુકિત
પ્રેમનેમ હે પુષ્ટિમેં શ્રી શ કૃષ્ણ પદ ભકિત ૩૬
ગોકુલેશ પ્રભુને કહી પૂજા પુષ્ટિ અનન્ય,
યાહિ રીત વલ્લભી કરત સુખ સેવા જન ધન્ય ૩૭

સ્પષ્ટતા

"શ્રીવલ્લભ સુધા" ના વર્ષ ૨: અંક ૧૨ (માર્ચ ૮૪) ના અંકમાં પૂ. પા શ્રી પ્રથમેશજી મહારાજશ્રીનો લેખ "આપણી પરંપરા એક આધુનિક વિવેચના" શીર્ષકથી પાના ૧૮ થી ૨૩ ઉપર પ્રકાશિત થયેલ જેમાં "વૈષ્ણવ પરિવાર" માં છપાયેલ શ્રીમહાપ્રભુજીના શ્રી હસ્તાક્ષર ના ચિત્રજી ને સેવામાં પધરાવવા અંગેના વિધાન ઉપર પૂ. પા. મહારાજશ્રી એ વિધાનોને અનધીકાર ચેષ્ટા ગણાવેલ તે અંગે "વૈષ્ણવ પરિવાર" ના તંત્રી શ્રી રમેશભાઇ પરિખનો વિસ્તૃત સ્પષ્ટતા કરતો પત્ર શ્રીવલ્લભ સુધા કાર્યાલય દ્વારા પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીને પહોંચાડવા પ્રાપ્ત થયેલ. શ્રીવલ્લભ સુધાના કાર્યકર્તા દ્વારા પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ શ્રી ના સન્મુખ તે પત્ર રજુ કરી તે પત્રની વીગતો આપશ્રી સન્મુખ નિવેદન કરતાં. પૂ. પા. મહારાજશ્રીએ ખુલાસ બદ્દલ સંતોષ વ્યકત કરી ધન્યવાદ આપ્યાં છે. અને તે ખુલાસામાંનો મુખ્ય ભાગ નીચે પ્રમાણે છે જે શ્રીવલ્લભ સુધા માં પ્રકટ કરવા સુચના આપેલ છે.

"શ્રી વલ્લભ અને શ્રી વલ્લભ વંશની આજ્ઞા વિના પુષ્ટિમાંર્ગીય વૈષ્ણવોએ સેવા ન કરવી જોઇએ અને સેવાના ક્રમમાં ફેરફાર પણ ન કરવો જોઇએ, એ બાબતનો આગ્રહ હું પણ આપની કૃપાથી રાખું છું એટલે શ્રીવલ્લભ વંશનો અતિક્રમ કરવાનો કોઇ ખ્યાલ ઉપરોકત નોંધ લખતાં કે પ્રકાશિત કરતાં મારા મનમાં ન હોતો અને નથી. હું કંઇક જાણુ છું એવા અહંકારથી પણ આનોંધ મેં લખી નથી વૈષ્ણવોને ગેર રસ્તે દોરવાનો પણ મારો કોઇ ખ્યાલ નથી. વૈષ્ણવો કેવળ એ ચિત્રજીના દર્શન કરે અને તે દ્વારા શ્રી મહાપ્રભુજીના મૂળ અલૌકિક સ્વરૂપનું ચિંતન અને ધ્યાન કરે એટલીજ બાબત તેમાં અભિપ્રેત છે. સેવામાં રાખવાનો આદેશ આપવાની અન અધિકાર ચેષ્ટા મેં કરી નથી.

ઉપર પ્રમાણે શ્રી રમેશભાઈ પરિખની સ્પષ્ટતાથી પૂ. પા. શ્રી૰પ્રમેશજી મહારાજશ્રી એ સંતોષ વ્યકત કર્યો છે.

— સંપાદક

આજના જમાનામાં સોમ–યજ્ઞ કરવાની શું જરૂર છે???

–ગોકુલેન્દ્ર શર્મા (મુંબઇ)

આજના જમાનામાં બધી જ વસ્તુઓની જરૂર છે. જેમ જેમ જમાનો આગળ વધતો જાય છે, માણસો વધતા જાય છે, બધી જ વસ્તુઓની જરૂર વધતી જાય છે. આજનો જમાનો પુનરાવૃત્તિનો જમાનો છે, પ્રયોગો કરવાનો જમાનો છે. શોધનો જમાનો છે. બધી પ્રાચીન સંસ્કૃતિઓની પુનરાવૃત્તિઓ થઇ રહી છે. જૂની વસ્તુઓનું મહત્ત્વ વધી રહ્યું છે, જુની ફેશન પાછી આવી રહી છે. એમાં આપણી પ્રાચીન વસ્તુઓ, પ્રાચીન કળાઓ, પ્રાચીન સંસ્કૃતિના ચિન્હો, પ્રાચીન યજ્ઞોને ભુલી જવાનો???.

"સોમ–યજ્ઞ" જેવા પ્રાચીન મહાયજ્ઞોની જરૂર ખરેખર પૂછો તો આજે જ, આ જમાના જ છે.

સોમ–વલ્લી અને સોમ–રસનું મહત્વ આપણા પ્રાચીન ગ્રંથોમાં કેટલું બધું વર્ણવેલો છે. સોમ એ કઈ સ્વર્ગમાં ઉગતી વસ્તુ નહોતી એ કંઇ એકલા દેવતાઓને ઉપયોગની વસ્તુ નહોતી. શાસ્ત્રોમાં એના પ્રાપ્તિસ્થાન એકલા હિમાલયમાં જ નહિ પરન્તુ ભારતની દરેક પર્વતમાલાઓમાં ઉત્તર થી દક્ષિણ સુધી અને પૂરબ થી પશ્ચિમ સુધી બતાવેલો છે. અર્બુદ, નીલગિરિ, મલયાચલ એ બધા પર્વતો આખા હિન્દુસ્તાનમાં ફેલાયેલા છે જેને આપણે નવા નામોથી અરાવલી, ઉટી, સુલેમાન અને એવા નામોની પર્વતશ્રેણિયો તરીકે જાણીએ છે. હિમાલયની કંદરાઓમાં બૈસી ઋષિમુનિયો સોમ–રસનું પાન કરતા અને વેદપુરાણો લખતા. સોમ–રસ બુદ્ધિને વધારવાવાળું એક પેય છે જે એક સોમ નામની વનસ્પતિમાંથી નિકળે છે એમાં સ્વર્ગ અને દેવતાઓનું જ એકાધિકાર છે એવું તો કોઇ જગ્યાએ વર્ણન નથી. હિમાલય, ઋષિ, વનસ્પતિ એ બધી આજ ધરતીની વસ્તુઓ છે હા એટલું જરૂર કહી શકાય કે ઋષિ મુનિ દેવતા સ્વરૂપ માણસો હતા એમનું સંયમ, એમનું વ્યવહાર, એમની શક્તિની સામે દેવતાઓ પણ ઝુકતા હતા પણ એ શક્તિ એમને પ્રાપ્ત ક્યાંથી થતી હતી આ એક પ્રશ્ન છે ત્યારે આપણને એ માનવું પડે કે ઋષિમુનિયો ઘણા શાસ્ત્રજ્ઞાની હતા એમને આયુર્વેદ જડી–બુટિયોની જાણ હતી અને કઇ વસ્તુ ક્યાં મળે અને કયા ઉપયોગમાં લેવાથી એનું શું અસર થાય એની જાણ એ લોકોને પુરેપુરી હતી એ સિવાય એમના વ્યવહારમાં બ્રહ્મચર્ય, સંયમ અને સમયનો ઉપયોગ હતો જેનાથી એ લોકો ખરી વસ્તુને ખરા સમયમાં ખરા ઉપયોગમાં લેવાથી એનું ખરો પ્રભાવ પ્રાપ્ત કરી શકતા હતા અને એના ઉપયોગથી

એ ઈન્સાનથી દેવતારૂપ બની જતા હતા. આજે ભી જેનામાં આ બધી શક્તિઓ છે અને જેને એનો ઉપયોગ કરતા આવડે છે તેમાં દૈવી શક્તિનો પ્રાદુર્ભાવ થયો છે આમ કહેવાય છે.

વચ્ચે આ બધી પરમ્પરાઓ લુપ્ત થતી ગઇ એટલે આપણે આ બધાને ભુલતા ગયા. ખરેખર જોઇએ તો આજે જ આ બધી વસ્તુઓની ઘણી જરૂર છે. પહેલાં પણ જ્યારે ગામ અથવા દેશ પર સંકટ આવવાનો હોય, પ્રાકૃતિક આપદાઓ, સંહારિક શક્તિઓ અથવા અનીતિથી લડવા માટે, જન-જાગરણ અને જન ઉત્થાન માટે લોકો એકત્રિત થઈ યજ્ઞો કરતા, સામાજીક ઉત્થાન માટે મનોકામના અને પ્રયાસો કરતા શું આજે એ બધી વસ્તુઓની જરૂર નથી ??? કલિકાલ આવ્યો એટલે આ બધાને ભુલી જવાનો હોય ???

ખરું કહિએ તો આજે લોકો લિપ્સામાં લિપ્ત થઈ પોતપોતાની શક્તિઓ ગુમાવી બેઠા છે. આપણને ખરો માર્ગ બતાવવા વાળો કોઇ નથી એટલે આપણે ભ્રમિત થઇ બેઠા છીએ. આજે અમને રાજનીતિક નેતાઓની નહિ પણ આધ્યાત્મિક નેતાઓની જરૂર છે, જે અમારા માનસને સાફ અને પવિત્ર બનાવી શકે. આ બધું આડમ્બર નથી. આજના જમાનામાં એની ખરેખર જરૂર છે. હા એક વાત છે કે જેને આપણે આપણાં નેતા માનીએ છે એનું ચરિત્ર શું છે, એ આપણને માર્ગદર્શન આપવા માટે કેટલો સક્ષમ છે, એનાથી આપણે શું શું ગ્રહણ કરવાનું છે એ બધાની જાણ આપણને હોય ને ખુલી આંખોથી સાચું ખોટું આપણે જોઇ શકતા હોઇએ અને પછી કોઇનું અનુસરણ કરીએ તો આપણે એ રસ્તે જવું જોઇએ. નહિતો આપણે આંખો મીચીને કોઇનું અંધાનુસરણ કરીશું ને માર્ગ ભટકી જઈશું તો એમાં કોઈને દોષ આપવાનો કંઇ અર્થ નથી.

આપણને કેટલો, ક્યાંથી અને શું ગ્રહણ કરવો છે એની સમઝ આપણામાં હોય એના માટે પહેલા આપણને સાધુ બનવું પડશે. સાધુ એટલે બાબાજી નહિ, સાધુ એટલે સજ્જન પુરૂષ, વિચાર-વિવેકવાળા એ બનવા માટે પહેલા આપણે આ કહેવત પર ધ્યાન આપવું જોઇએ. કોઇએ કહ્યું છે કે- "સાંધુ ઐસા ચાહિયે જૈસા સૂપ સુભાય, સાર સારકો ગહિ લહે થોથા દેય ઉડાય" અનાજ સાફ કરવા માટે આપણે સુપડું વાપરિયે છીયે એ સુપડાનું સ્વભાવ કેવું હોય કે સારી સારી વસ્તુ એટલે ખરા અનાજના દાણાને એ રાખી લે છે અને બધો કચરો, કાંકરા બાહર કાઢી દે છે એટલે આપણને પણ એવી પ્રવૃત્તિ રાખવી, સારી વસ્તુઓંને ગ્રહણ કરવી, ખોટી વસ્તુઓને જતી કરવી એ ખ્યાલમાં રાખી સરખા માર્ગ પર વધવું એને જ સમઝદારી કહેવાય.

◆

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

(ગતાંકથી આગળ)

અગર કહો કે બ્રહ્મને જ અવિદ્યા સંબંધ અને ભ્રમ થયો તો તે બની શકતું નથી, કારણ કે વિશુદ્ધ-વિદ્યાત્મક જ્ઞાનસ્વરૂપ બ્રહ્મમાં અવિદ્યા, અજ્ઞાન અથવા ભ્રમનો અવકાશ જ કયાં રહ્યો ? શું કદાપિ સૂર્યને પણ અંધકારનો સંબંધ છે ખરો કે ? કદાપિ નહિ. યદિ કહો કે જીવને જ આ અવિદ્યાના સંબંધથી ભ્રમ થયો છે તો પછી તે આભાસ કોણ ? કદાચ કહો કે જીવ જ આભાસ છે તો પછી ભ્રમ કોને થયો ? ચંદ્રાભાસના દ્રષ્ટાંતમાં તો સત્યચંદ્ર, આભાસ અને દ્રષ્ટા આ ત્રણના હોવાથી કાર્ય સરી શકે છે. પરંતુ અહીં તો એક બ્રહ્મની સિવાય બીજું કંઇ પણ નથી. માટે જીવ આભાસ છે, આ ઉકિત (કથન) માત્ર નિર્યુકિત જ (યુકિત વગરનું) છે.

વળી અહીં બીજો એક પ્રશ્ન ઊભો થાય છે કે બ્રહ્મ અને અવિદ્યાનો સંબંધ અનાદિ છે કે આદિ ? તો "જીવ ઇશો" ઇત્યાદિ માયાવાદી પ્રતિજ્ઞા અનુસાર તે સંબંધ અનાદિ છે આજ કહેવું પડશે, તો પછી અવિદ્યા, બ્રહ્મ અને બન્નેનો સંબંધ આ ત્રણે અનાદિ હોવાથી જીવનો બ્રહ્મથી વિભાગ પણ અનાદિ સિદ્ધ થયો અને એમ સિદ્ધ થવાથી અવિદ્યાના સંબંધથી જીવનો બ્રહ્મથી વિભાગ છે, આવો જે અવિદ્યા સંબંધ અને જીવ વિભાગનો પરસ્પરમાં જ કાર્યકારણભાવ છે તે જતો રહેશે કેમ કે કારણ હંમેશા પહેલાં રહે છે ને પછી કાર્ય પરંતુ અહીં તો બન્ને એક કાલિક છે. માટે બ્રહ્માભાસ જીવ છે. આ પક્ષ પણ યુકિતથી ટકી શકે તેમ નથી.

કિંચ જીવ પરમાત્મનો રીત્યાદિ, (વિ. મં.) કેટલાક અદ્વૈતવાદીઓ કહે છે **વેદમાં** અનેક ઠેકાણે જીવ અને બ્રહ્મનું ઐકય કહ્યું છે અને તે ઐકય (અભેદ) અગર જીવ અને બ્રહ્મ બંને અલગ અલગ હોય તો થઇ શકતું નથી. માટે અમે તે બંનેનો ભેદ (જુદાપણું) અવિદ્યા ઉપાધિથી માનીએ છીએ અને એટલા માટે 'તત્ત્વમસિ' આ મહાવાકયમાં [ભાગત્યાગ લક્ષણા માની છે. અર્થાત્ જેમ કોઇએ દેવદત્તને કાશીમાં જોયો છે તે વખતે તેની અવસ્થા દશ બાર વર્ષની હતી. હજી દાઢીનાં ફણગાંઓ ફુટયાં ન હતા. કંઇક પાતળો પણ હતો, ત્યાર પછી કેટલાક વર્ષો બાદ ફરી તે પ્રયાગમાં જોવામાં આવ્યો તો તે જોનાર માણસ પોતાના સાથીને કહેવા લાગ્યો કે અહા ! આ તેજ દેવદત્ત છે, યદ્યપિ અહીં તે દેવદત્ત કાશીમાં જોયેલો હતો તેમાંથી કંઇક જુદોજ માલુમ પડતો હતો કારણ કે તે સમયે તે પાતળો તથા દુર્બળ હતો. કંઈક નાનો પણ

હતો, મૂછ પણ ફૂટી નહીં હતી, અને હમણાં તો મોટો તથા લાંબો છે મૂછ તથા દાઢી વાળો છે, છતાં અહીં તેનો પહેલાંના દેવદત્તથી અભેદ જ છે, કારણ કે તે અવસ્થાની વાતો તથા આ અવસ્થાની ભેદ દેખાડનારી વાતો બધી માત્ર ઉપાધીહતિ ઉપાધિનો પરિત્યાગ કરી દીધો એટલે તે અને આ દેવદત્ત એકજ છે અને એટલા જ માટે 'સોયં દેવદત્તઃ' આ પ્રયોગ થાય છે, એવીજ રીતે 'તત્વં અસિ' અહીં તત્ તે બ્રહ્મ ત્વં અસી તું છે આવો જીવ અને બ્રહ્મનો ભાગત્યાગ લક્ષણાથી અભેદ કર્યો છે. અર્થાત્ યદ્યપિ બ્રહ્મપિ બ્રહ્મ સર્વજ્ઞ છે અને જીવ તો અલ્પજ્ઞ છે. એ સર્વજ્ઞ અને અલ્પજ્ઞનું ઐકય થઇ શકતું નથી છતાં પણ તે (સર્વજ્ઞતા–અલ્પજ્ઞતા) તેઓની (જીવ–બ્રહ્મની) ઉપાધિ છે. જ્યારે તે સર્વજ્ઞ, અલ્પજ્ઞ, વિગેરે ઉપાધિભાગનો ત્યાગ કરી દીધો તો તે બંન્ને બ્રહ્મ ચિન્માત્ર શુદ્ધ જ્ઞાનસ્વરૂપ હોવાથી એક જ છે આવી રીતે 'તત્ત્વમસિ' આ મહાકાવ્યમાં સર્વજ્ઞત્યાદિ ઉપાધિનો પરિત્યાગ કરી જીવ બ્રહ્મનું ઐકય કહ્યું છે માટે જ અવિદ્યોપાધિ પરિચ્છિન્ન બ્રહ્મ જ જીવ કહેવાય છે. 'વાસ્તવમાં જીવ કોઈ બીજો પદાર્થ નથી.

આવું કહેવું પણ પૂર્વાપર વિચારથી શૂન્ય છે કારણ કે ન તો 'તત્ત્વમસિ' આ મહા વાકય છે અને નથી એમાં ભાગત્યાગ લક્ષણા. આ માત્ર ઉપનિષદ્‌ના અર્થની અપહ્નુતિ (ચોરી) જ છે કારણ કે અસલ વાત તો એ છે કે છાંદોગ્યોપનિષદમાં એક ઇતિહાસ છે. ત્યાં છઠ્ઠા અધ્યાયમાં ૐ શ્વેતકેતુઃ આરૂણેયઃ ઇત્યાદિ શ્રુતિઓ દ્વારા કહ્યું છે કે આરૂણિ ઋષિનો શ્વેતકેતુ નામનો પુત્ર હતો અને સ્તબ્ધ હતો. પિતાએ મહા મુશ્કેલીએ તેને ભણાવ્યો જ્યારે તે વેદ વેદાંગ બધું ભણી ચુકયો ત્યારે પણ સ્તબ્ધ (અભિમાની) જ રહ્યો. ત્યારબાદ એક દિવસ પિતાએ તેને કહ્યું કે હે પુત્ર ! તને અભિમાન તો ઘણું છે પરંતુ તે કોઇને કયારે પણ એવું પૂછયું છે કે જે એકના સાંભળવાથી માનવાથી તથા જાણી લેવાથી આ બધું જાણી, માની, તથા સાંભળી લેવાય છે. આ સાંભળી શ્વેતકેતુને આશ્ચર્ય લાગ્યું અને તે બોલ્યો કે ભગવન તે આજ્ઞા કઈ છે ? ત્યારે આરૂણિ બોલ્યા કે, હે ભોળા પુત્ર ! જેમ એક મૃત્પિંડના જાણવાથી બધાં જ માટીના પાત્રો જાણી લેવાય છે, કારણ કે માટીનાં પાત્રાદિ એ મૃત્તિકાનું જ વાણીથી આરબ્ધ નામ માત્ર છે. અને તે મૃત્યુડ હોવાથી સત્ય જ છે. આવું સાંભળી પુત્ર બોલી ઊઠયો કે હે ભગવન ! આપે મને આવું પહેલેથી કેમ ન કહ્યું ? હવે કૃપા કરી આ વાત ઠીક બરોબર રીતે સમજાવો.

ત્યારે આરૂણિએ આવી રીતે એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞા કરી પુત્રને બ્રહ્મજ્ઞાન કરાવવાનો પ્રારંભ કર્યો છે. અહીં તત્રોપક્મે અપિ વા તમાદેશમપ્રાક્ષો ઇત્યાદિ શ્રુતિદ્વારા એક વિજ્ઞાનેન સર્વં વિજ્ઞાનં પ્રતિજ્ઞાતં તદેકમેવ ચેત્સર્વં ભવેત્ત દોપપદ્યતે ઈત્યાદિ. (વિદ્વન્મંડનમ્) એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞા કરી છે, તે પ્રતિજ્ઞા અગર એક સ્વરૂપ બધું હોય ત્યારેજ બની શકે છે. (ક્રમશઃ)

" પરિષદ સમાચાર "

છોટા ઉદેપુર :– આં. રા. પુ. વૈ. પરિષદની પ્રચાર પ્રવૃત્તિને વેગ આપવા "ભકિત વર્ધિની"નો પ્રવાસ કાર્યક્રમ પંચમહાલ તથા વડોદરા જીલ્લામાં યોજવામાં આવેલ. તા. ૧–૫–૮૪ થી ૭–૫–૮૪ સુધી જેતપુરપાવી, ચલામલી, કલારાણી કવાંટ, પાનવડ, છોટા ઉદેપુર, તેજગઢ, જંબુગામ, બોડેલી, સંખેડા, બહાદરપુર, માંકણી અને નસવાડી ગામોનો કાર્યક્રમ યોજાએલ દરેક ગામે વૈષ્ણવોને સંગઠીત કરી સભ્ય પદે નોંધેલ ઉપરાંત શ્રી વલ્લભ સુધાનઃ સભ્યો પણ મોટી સંખ્યામાં નોંધેલ દરેક ગામોએ વૈષ્ણવોના સભાનું સુંદર આયોજન થયેલ છોટા ઉદેપુરના પ. ભ. શ્રી વિઠ્ઠલદાસ શાહ. અમદાવાદના પ. ભ. શ્રી શાંતીલાલ નાગરદાસ બાંભણીઆ ઈન્દોરના પ ભ. શ્રી ઘનશ્યામદાસજી મુખીયા વગેરે એ સભાઓને સંબોધતાં વૈષ્ણવોમાં એક નવી જાગૃતી આવેલ છે.

શ્રી વિઠ્ઠલદાસ શાહે આ વિભાગમાં અનેક ગામોમાં પરિષદની શાખાઓ શરૂ કરાવી પ્રમુખ, મંત્રી કા. કા. સદસ્યોની સર્વાનુમતી વરણી કરવેલ અને દરેક શાખાને બોર્ડ રબ્બર સ્ટેમ્પ ઠરાવ બુક વગેરે સાહિત્ય આપી વ્યવસ્થિત કાર્ય શરૂ કરાવતાં 'ભકિત વર્ધીની'માં મુખ્ય પ્રચારક શ્રી ઘનશ્યામદાસ મુખીઆ એ વિઠ્ઠલદાસ શાહના આ કાર્યને બીરદાવતાં કહેલ કે છેલ્લાં પાંચ માસથી મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ ગુજરાતના પ્રવાસમાં બધા સ્થળોની કાર્યવાહી જોઈ પણ અત્રે શ્રી વીઠ્ઠલદાસભાઈની શાખા સ્થાપવાની કાર્યવાહી સહુથી વ્યવસ્થીત છે. આ કાર્યવાહીની નોંધ કેન્દ્રમાં લેવડાવી સહુ કાર્યકર્તાઓને આ કાર્ય પદ્ધતી અનુસરવા અનુરોધ કરીશ

શ્રી શાન્તીભાઈ બાંભણીઆ એ પણ સંતોષ વ્યકત કર્યો હતો. અને શ્રી વિઠ્ઠલદાસભાઈની કાર્ય પદ્ધતિને બીરદાવી હતી.

છોટા ઉદેપુર વિભાગમાં અસ્તીત્વમાં આવેલ નવી શાખાઓ

પાવીજેતપુર પ્રમુખ :– શ્રી શાન્તીલાલ ચીમનલાલ ઉપપ્રમુખ શ્રી કંચનલાલ શેઠ. મંત્રી શ્રી કાન્તીલાલ પુરશોતમદાસ સહ મંત્રી શ્રી નરેન્દ્રકુમાર શેઠ તથા અન્ય ૧૩ કા. કા. સદસ્યો.

ચલામલી પ્રમુખ :– શ્રી બીપીનભાઈ ઓચ્છવલાલ શાહ મંત્રી શ્રી રમેશચંદ્ર ચીમનલાલ શાહ તથા અન્ય ૯ કા. કા. સદસ્ય.

કલારાણી પ્રમુખ, શ્રી ગોવિંદલાલ મગનલાલ શાહ મંત્રીશ્રી પ્રબોધકુમાર મોહનલાલ શાહ તથા અન્ય ૭ કા. કા. સદસ્ય.

બહાદરપુર પ્રમુખ શ્રી સુંદરલાલ હીંમતલાલ શેઠ ઉપપ્રમુખ શ્રી શશીકાન્ત કંચનલાલ શાહ. મંત્રી શ્રી હેમંતકુમાર સુંદરલાલ મજમુદાર સહમંત્રી શ્રી પ્રકાશકુમાર મુકુન્દલાલ દેસાઈ તથા અન્ય ૧૫ કા. કા. સદસ્ય.

સંખેડા પ્રમુખશ્રી મોહનલાલ મગનલાલ શાહ ઉપપ્રમુખશ્રી વિઠ્ઠલદાસ સોમાલાલ શાહ મંત્રી શ્રી રમેશચંદ્ર શાહ, સહમંત્રીશ્રી શરદચંદ્ર શાહ તથા અન્ય ૧૩ કા. કા. સદસ્ય.

બોડલી પ્રમુખ ડો, શ્રી નટવરલાલ પરિખ. ઉપપ્રમુખ પ્રા. શ્રી વી. વી. પરિખ મંત્રીશ્રી રજનીકાંત પરિખ સહમંત્રી શ્રી સુંદરલાલ મહેતા તથ અન્ય ૨૨ કા કા. સદસ્ય.

પાનવડ પ્રમુખશ્રી ચંદ્રવદન સાકરલાલ શાહ ઉપપ્રમુખશ્રી રસીકલાલ ચુનીલાલ શાહ મંત્રીશ્રી મનહરલાલ ઓચ્છવલાલ શાહ સહમંત્રીશ્રી નવિનચંદ્ર શાહ તથા અન્ય ૭ કા. કા. સદસ્ય

માંડવીમાં યજ્ઞોપવિત પ્રસ્તાવ તથા પરિષદનું ક્ષેત્રીય સંમેલન

માંડવી (કચ્છ)માં મોટી હવેલીમાં પુ. પા. ગો. શ્રી અનીરૂદ્ધલાલજી મહારાજશ્રીના લાલબાવા. પૂ. ગો. શ્રી રસિકરાયજી બાવાશ્રી તથા પૂ. પા. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના લાલબાવા શ્રી વ્રજેન્દ્રજી બાવાનાં યજ્ઞોપવીતનો શુભ પ્રસ્તાવ તા. ૬–૫–૮૪ના દિને ધામધુમપુર્વક ઉજવાયો. તા. ૫-૫–૮૪ના સાંજના બન્ને લાલ બાવાશ્રીની ભવ્ય શોભાયાત્રામાં બેન્ડ પાર્ટી તથા રાજકોટનાં કીર્તન મંડલી વધાઈગાન કરતાં હતાં બન્ને લાલબાવા શ્રી સુંદર સુશોભિત અશ્વ પર આરૂઢ થઈને બીરાજેલ વૈષ્ણવ મહીલાઓ મંગલ ધવલ ગાન કરતાં ચાલતાં હતાં. આ શુભ પ્રસંગે શ્રી નટવરપ્રભુનો કુનવાડો તથા વિવિધ મનોરથો થયેલ પ્રસ્તાવમાં જામનગરવાળા પૂ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી. મુંબઈ મોટા મંદિર – પાર્લા વાળા. પૂ. પા. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી. પ્રથમગૃહના પૂ. પા. શ્રી લાલમણી બાવાશ્રી (મુંબઈ–કોટા) તથા શ્રીમદ્ ગોકુલ થી પૂ. પા. શ્રી ચિમનલાલજી મહારાજશ્રી તથાં બોરીવલીવાળા મહારાજશ્રી માંડવીના પૂ. પા. શ્રી દામોદરલાલજી મહારાજ પૂ. પા. શ્રી રવિદ્રકુમાર બાવાશ્રી પૂ. પા. અનિરૂદ્ધ લાલજી મહારાજશ્રી પૂ. પા. શ્રી કિશોર ચંદ્રજી મહારાંજશ્રી રાજકોટના શ્રી ગોવિંદ રાયજી બાવાશ્રી તેમજ અનેક પૂ. પા. શ્રી વહુજી બેટીજી. બિરાજેલ તથા સજાતિય ભટ્ટવર્ગ વિદ્વાનો વિ. સારી ઉપસ્થિતી હતિ. કચ્છના ભુજ. અંજાર, મુંદ્રા, વગેરે ગામો તથા મોરબી, રાજકોટ, ધુતારપુર વગેરે સૌરાષ્ટ્રના ગામોથી વૈષ્ણવોએ આ અલૌકિક દર્શનનો લાભલીધેલ.

તા. ૬–૫–૮૪ સાંજના આં. રા. પુ. વૈ. પરિષદ નુ ક્ષેત્રીય સમેલન શ્રીહવેલીના ચોકમાં યોજાયેલ. જેનું સંચાલન પરિષદના માંડવી શાખાના મંત્રી શ્રી જગદીશભાઈ કટારીઆએ કરેલ. પૂ. પા. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રીના વરદ હસ્તે પરિષદ ધ્વજ ફરકવી સંમેલનનો પ્રારંભ થયેલ. રાજકોટના ગોકુલદાસ સોની તથા ભૂજની કોમર્સ કોલેજના પ્રીન્સીપાલ શ્રી ધોળકીઆ સાહેમેં પ્રાસંગિક વકતવ્ય આપેલ. પૂ. પા. શ્રી લાલમણીજી બાવાશ્રીએ પુષ્ટિભકિતની જ્ઞાન, કર્મ આદિ માર્ગોથી વિશેષતા અંગે સદષ્ટાંત મનનિય વચનામૃત કરેલ. પૂ. પા. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીએ પોતાની વિશિષ્ટ મનોહર શૈલીમાં સંસ્થા શબ્દનો વિશદ અર્થ સમજાવી ઉપક્રમ કરી સાંપ્રત વૈષ્ણવ સમાજની સ્થિતિ તેમજ વૈષ્ણવોનું શું કર્તવ્ય છે તે સુંદર રીતે પોતાના વચનામૃતો દ્વારા સમજાવેલ. પુ. પા. શ્રી ચિમનલાલજી મહારાજશ્રી (માંડવી–શ્રીમદ્ ગોકુલ)એ જીવનમાં સ્વધર્માચરણની દઢતા રાખી ભગવત શરણાગતિપુર્વક જીવન વ્યતિત કરવા વચનમૃત કરેલ. પુ. પા. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીએ ઉપસંહારમાં સર્વે વૈષ્ણવોને આશિર્વાદ પ્રદાન કર્યા બાદ આશ્રય પદ ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયેલ.

પ્રસ્તાવ તથા સંમેલનની વ્યવસ્થામાં માંડવીના વૈષ્ણવોએ ખુબજ તત્પરતાથી ભાગ લઈ સુંદર સેવા ભાવનાનો પરિચય કરાવેલ.

મોરબી–આં. રા. પુ. વૈ. પરિષદની મોરબી શાખાના નવા હોદેદાર તા. ૬–૫–૮૪ ની **મીટીંગમાં** નિયુકત થયા. પ્રમુખશ્રી વનેચંદભાઈ પ્રાણજીવનભાઈ સોની ઉપપ્રમુખશ્રી મણીલાલ મગનલાલ સોની સેક્રેટરી શ્રી કીરીટકુમાર ચંદુલાલ દોશી જોઈન્ટ સેક્રેટરી શ્રી મંગળદાસ જગજીવનભાઈ કંસારા ખજાનચી શ્રી વૃજલાલ પાનાચંદભાઈ મણીયાર.

ધોરાજી–જય કિશાન પ્રાથમિક શાળાના સંચાલક શ્રી ભીખાલાલ ભોવાનભાઈની ખાસ વિનંતીથી આં. રા. પુ. વૈ પરિષદના ઉપક્રમે તા. ૨૭–૪–૮૪ના રોજ વડોદરાવાળા પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી કૃપાથી

શાળામાં પધારી ૧૪૦ બાલક બાલિકાઓને નામમંત્ર દાન આપી કંઠી, નાના ચિત્રજી (શ્રી મહાપ્રભુજી, શ્રી નાથજી–શ્રી યમુનાજી સંયુકત) પ્રસાદ તથા સ્વાધ્યાય સુધા પત્રિકા વાંટવામાં આવેલ તથા બાલોચિત ઉપદેશામૃતનું સિંચન કરેલ.

સમાચાર

બોરીવલી–રાજકોટવાળા પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના તૃતીય લાલ બાવા ચિ. ગો. શ્રી ગોપિકાલંકારજી બાવા (ગોપી બાવા) ના શુભ વિવાહ પ્રસ્તાવ નિ. લી. શ્રી પુરુષોત્તમ લાલજી મહારાજ શ્રી (કોટા) ના છોટા બેટીજી અ. સૌ. શ્યામલત્તા બેટીજીના લાલી સૌ. કાં. મમતાલાલી સાથે સંવત ૨૦૪૦ના વૈશાખ સુદ ૯ બુધવાર તા. ૯-૫-૮૪ ના રોજ રાજકોટમાં શ્રી મોઢ વણિક બોર્ડીંગમાં ભવ્ય સુશોભિત મંડપમાં થયો હતો.

આ શુભ પ્રસંગે શ્રીના વિવિધ મનોરથો પુષ્પ મહેલ, વિવાહ ખેલ, ફુલ મંડલી જલ વિહાર વગેરે મનોરથો મનાવ્યા હતા.

તા. ૭–૫-૮૪ સોમવારે બડે ગણેશ-ગ્રહશાંતિ નિશ્ચિત તાંબુલ.

તા. ૮–૫–૮૪ મંગળવારે દેવ સ્થાપન–વૃદ્ધિ સભા, ચક્કી મુશલનો શુભ કાર્યક્રમ ઉપરાંત રાતના શ્રી બાબુભાઈ અંધારીયા તથા વાદ્ય વૃંદનો સાંસ્કૃતિક સંગીતનો કાર્યક્રમ રજુ થયો હતો.

તા. ૯–૫–૮૪ બુધવારે શ્રી ભગવતી પ્રસાદ મુંબઈવાળાનો સંગીતનો કાર્યક્રમ તથા વરઘોડાની ભવ્ય શોભા યાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરીને લગ્ન મંડપ સ્થાને પહોંચી ત્યાં લગ્નવિધિનો કાર્યક્રમ આખી રાત ચાલેલો.

તા. ૧૦–૫–૮૪ ગુરુવારે કલાકાર ગજેન્દ્ર બક્ષી તથા પખાવજી થાણેદારનો કાર્યક્રમ તથા ગ્રહશાંતિ અને બડી પઠોનીનો કાર્યક્રમ હતો.

તા. ૧૧–૫–૮૪ શુક્રવારે કુળદેવતા વિસર્જન તથા ગંગા પૂજન થયા હતા.

આ શુભ લગ્ન પ્રસ્તાવ્ પ્રસંગે પૂ. પા. ગોસ્વામી બાલકો તથા સજાતીય ભટ્ટ વર્ગ મોટી સંખ્યામાં પધાર્યા હતા.

પૂ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ – કોટા. ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી – સુરત. ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કામવન). ગો. શ્રી ગોવિંદરાયજી – કોટા – કડી. ગો. શ્રી રાજેશબાવા – કોટા કડી. ગો. શ્રી ત્રિલોકીભૂષણજી બાવા – કોટા–બાબરા. ગો. શ્રી નટવરગોપાલજી મહારાજ – વેરાવળ – મુંબઈ – પોરબંદર. ગો. શ્રી તાતીજી તથા શ્રી સરલાબેટીજી. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ – ગો. શ્રી વિઠ્ઠલનાથજી બાવા – ગો. શ્રી રસિકરાયજી બાવા – જામનગર. ગો. શ્રી માધવરાયજી મહારાજ – મુંબઈ. ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજ – કામવન. ગો. શ્રી યોગેશ બાવાશ્રી – મુંબઈ. ગો. શ્રી દામોદરલાલજી મહારાજ – ગો. શ્રી રવિન્દ્રબાવાશ્રી – ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ તથા લાલબાવાશ્રી – માંડવી. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ – બોરીવલી. ગો. શ્રી યદુનાથલાલજી મહારાજ – મથુરા. ગો. શ્રી દ્વારકેશલાલજી બાવશ્રી – અમરેલી વગેરે ગોસ્વામી બાલકો પધાર્યા હતા.

આ શુભ પ્રસંગે સ્થાનિક તેમજ બહારગામથી વલ્લભી વૈષ્ણવભાઈઓ તથા બહેનોએ બહોળા પ્રમાણમાં હાજરી આપી હતી. તેમના માટે ઉતારા – પ્રસાદ વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

ધોરાજી – શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ૫૦૬મો પ્રાકટયોત્સવના ઉપલક્ષ્યમાં ધોરાજી સાત સ્વરૂપ હવેલીમાં સુરતવાળા પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રીની અધ્યક્ષતામાં તા. ૧૯–૪–૮૪ થી તા. ૨૫–૪–૮૪ સુધી શ્રી વલ્લભ ગીતા (ષોડશ ગ્રંથ) સપ્તાહનું આયોજન કરવામાં આવેલ હતું. વકતા ઉંઝાવાળા શ્રી વ્રજેશકુમાર શાસ્ત્રીજી હતા. દરરોજ સાંજે એક કલાક પૂજ્ય બાવાશ્રી તથા સૌ. શ્રી વ્રજલાલ બેટીજીનાં મનનીય પ્રવચનો થયા હતા.

દરરોજ રાત્રે યુવક શીબીર, કિર્તન શીબીર, પ્રશ્નોતરી શિબિર, સેવા શિબિર, ના સુંદર કાર્યક્રમ થયો હતો.

સેવા શિબિરમાં અ. સૌ. શ્રી સરલાવહુજી તથા સૌ. શ્રી બેટીજીએ બે દિવસ સુધી શ્રી ઠાકોરજીની સેવા અંગે માર્ગદશન આપી સેવાની રીતો બતાવી હતી.

શ્રી મહાપ્રભુજીના ઉત્સવ દિને વરણાગી, તથા પ્રાસંગીક વચનામૃતો – વધાઇ કીર્તન થયા હતા.

શ્રીમદ્ વલ્લભાચાર્ય – મહાપ્રભુજીનો ૫૦૬મો પ્રાગટય મહોત્સવ, પ્રભાત ફેરી, શોભાયાત્રા, સામુહિક પાઠ, સાંઝી સ્પર્ધા, રાસ–ગરબા, વધાઈ કીર્તન વગેરે વિવિધ કાર્યક્રમો દ્વારા નીચેના ગામોએ ઉજવવામાં આવ્યો હતો.

થાનગઢ, જુનાગઢ, રાજકોટ સિહોર, માંગરોળ.

સુરત – ષષ્ઠ પીઠાધીશ્વર પુ. પા. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના અલૌકિક મનોરથ સ્વરૂપે શ્રી બાલકૃષ્ણ પ્રભુના આરોગવાનો બડો મનોરથ ચૌ. વ. ૦)) ના સમ્પન્ન થયો હજારો વૈષ્ણવોએ દેશભરમાંથી દર્શનનો લાભ લીધો. તથા પૂ. પા. શ્રી બાલકૃષ્ણલાલ બાવાશ્રીના લાલજી શ્રી ગોપેશબાવાના યજ્ઞોપવિત તથા પૂ. પા. શ્રી વલ્લભલાલ બાવાશ્રીના લાલજીશ્રી અનુરાગ રાયજી નામુંડન, તથા શ્રી બાલકૃષ્ણલાલ બાવાશ્રીના બેટીજી સૌ. કાં. શ્રી વ્રજાંગના બેટીજીના શુભવિવાહ પ્રસ્તાવ વૈ સુ. – ૨ – ૩ ના ઉલ્લાસ પૂર્વક સંપન્ન થયા વિશાળ સંખ્યામાં પુ. પા. ગો. આચાર્યશ્રી પધારેલ જેઓના દર્શનાદિનો લાભ હજારો વૈષ્ણવોને મળેલ.

◆

શ્રદ્ધાંજલી

આં. રા. પુ. વૈ. પરિષદના કેન્દ્રીય કાર્યકારીણીનાં સદસ્ય અને પરિષદની મધ્ય પ્રદેશ સમિતિના ઉપાધ્યક્ષ. પીપરીયા (મધ્ય પ્રદેશ) નિવાસી પ. ભ. શ્રી રામનિવાસજી હુરકટ શ્રીનાથદ્વારા મુકામે તા. ૨૨–૪–૮૪ ના ભગવરચરણારવિંદમાં પહોંચ્યાના સમાચાર મલતા તેમના ભૌતિક સ્વરૂપે જે કાર્યકર રૂપે લાભ પ્રાપ્ત થતો તે ગુમાવતાં ઘણો ખેદ થાય છે. પરિષદે એક કર્તવ્યનિષ્ઠ. સિદ્ધાન્તનિષ્ઠ કાર્યકરને ગુમાવ્યા છે. એઓશ્રીની નિષ્ઠાપુર્વકની સંગઠન શક્તિથી પીપરીયા શાખા દેશભરની બધી પરિષદ શાખાઓમાં અગ્રણી બનેલ છે. શ્રીહુરકટજી કોટા મુકામે યોજાએલ સોમયજ્ઞ અને પરિષદના સંમેલનમાં હાજરી આપવા પીપરીયાના વયોવૃદ્ધ ભગવદિય શ્રી રાધાકૃષ્ણજી રાઠી તથા બીજા અનેક વૈષ્ણવોના જથ સાથે આવેલ ત્યાં વિભાગીય સંમેલનમાં તેઓએ સંગઠનના સ્વરૂપ અને પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તની સુસંગતી દર્શાવતું એક કલાકનુ મનનિય વકતવ્ય આપેલ ત્યાંથી કાર્યક્રમ પુર્ણ થયે પીપરીઆના સર્વે ભગવદિઓ શ્રીનાથદ્વારા શ્રીજીના દર્શને ગયેલ જ્યાં ચાર પાંચ દિવસ આનંદપૂર્વક શ્રીજીના દર્શન, સેવા, સત્પંગનો લાભ માણતા સાંજના શ્રીજીના દર્શન કરી આવી શ્રીજીના સ્વરૂપ ધ્યાનમાં મગ્ન થઇ નિદ્રાધીન થયેલ અને નિદ્રાધીન અવસ્થામાં જ હૃદયગતી રોકાઇ જતાં ભગવદ્ ચરણારવિંદમાં પહોંચ્યા. શ્રીવલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ તથા શ્રીવલ્લભ સુધા સંપાદક વ્યવસ્થાપક મંડલ દ્વારા વિનમ્ર શ્રદ્ધાંજલી અર્પીએ છીએ.

ધોળ

ધન્ય ધન્યરે શ્રી ગોકુળગામ અતિ રળીઆમણું ટેક.
કોઈએ દીઠારે શ્રી નંદકુમાર, જમુનાજીમાં ઝીલતા;
વહાલો શરીરે ઉડાડે નીર, ગોપીઓને મન ગમતા. ૧
વહાલો બોલે મધુરાબોલ, મુખમાંથી મોતીડા ઝરે;
વહાલો ચાલે ચમકતી ચાલ, કંકુનાં પગલાં પડે. ૨
ધન ધન જશોદારાણીની કુખ, જેની કુખે રત્ન જડયાં;
એવાં કોઈનાં નથી શ્યામ સ્વરૂપ, થોડે થોડે કનકે ઘડયાં. ૩
એમનાં મુખડાં પુનમચંદ, દેખી મારાં મનડાં ઠર્યાં;
એમનાં અણીઆરાં લોચન, ગાલે રૂડાં ગલીયાં પડે. ૪
વહાલે છૂટા મેલ્યા કેશ, કેસરી તિલક બન્યાં;
વહાલે મોતી કેરા શણગાર, પોતાને અંગે ધર્યાં. ૫
મહારે રહેવું શ્રી ગોકુલ ગામ, સાસરીયું ખોટું;
બેની શું કરીએ સંસાર, એ મ્હેણું મોટું. ૬
બલિહારી જાય 'આશ્વંદાસ' શ્રી વિઠ્ઠલવરને;
રાખજો ચરણ કમળની પાસ, દયા કરી નિજજનને. ૭

—ભક્તકવિ શ્રી આશ્વદાસ
ખંભાત

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક—રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

ઝુલત તેરે નયન હિંડોરે

(રાગ કાન્હારો)

ઝૂલત તેરે નયન હિંડોરે
શ્રવન ખંભ ભ્રૂ ભઇ મયાર દૃષ્ટિ કરણ ડાંડી ચહું ઓરે
પટલી અધર કપોલ સિંઘાસન બૈઠે યુગલ રૂપ રતિ જોરે
કચઘન આડ દામિની દમકત માનોં ઇંદ્ર ધનુષ અનુહોરે
દુર દેખત અલકાવલી અલિકુલ લેત સુગંધ પવન ઝકોરે
બરણી ચમર દુરત ચહું દિશતેં લર લટકન ફુંદના ચિત ચોરે
થકિત ભયે મંડલ યુવતિનકે યુગ તાટંક લાજ મુખ મોરે
રસિક પ્રિતમ રસ ભાવ ઝુલાવત રીઝરીઝ તાનન તૃણ તોરે

⁂

(રાગ કેદારો)

લાલ મુનિન કે ઝુંડન ઝુલન આઇયે હો હિંડોરે
એકરંગ સરસ કસુંભી સારી પહેરે કુંચુકી સોંધે બોરેં
સબ એક વેષ વે છૂટી દામિની જ્યો તન ગોરેં
હસતલસત ઝુલત ઓર ફુલત મન્મથ કો ચિત ચોરેં
મધુરે સ્વર ગાવત કેદારો રસકી ઉઠત ઝકોરેં
કૃષ્ણદાસ ગિરિધરનં કિયે વશ ચપલ નયન કી કોરેં

વર્ષ ૩ : અંક ૪ ◆ જુલાઇ ૧૯૮૪
શ્રી વલ્લભાબ્દ ૫૦૬

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રી વલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦, ૦૦૧

સમાચાર

કાંકરોલી–વૈષ્ણવ સમાજમાં એકતા પ્રસ્થાપિત કરવા વૈષ્ણવ સમાજે હવે આં. રા. પુ. વૈ. પરિષદના નેજા હેઠળ સંગઠિત બનવું જોઈશે. એ પ્રમાણે પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહોદય પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદયે વૈષ્ણવોને અપીલ કરી હતી. વળી વૈષ્ણવ સમાજ સામે આવતા પડકારોને પડકારવાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજે હવે કટિબદ્ધ બનવું જોઈશે એવી પણ તેઓશ્રીએ કાંકરોલી મુકામે યોજાયેલા શ્રી છપ્પન ભોગના શુભ પ્રસંગે આયોજીત આં. રા. પુ. વૈ. પરિષદના પ્રચાર સંમેલનમાં વૈષ્ણવોને અપીલ કરી હતી.

પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી, પુ. પા. ગો. શ્રી વલ્લભરાયજી (સુરત) પુ. પા. ગો. શ્રી વ્રજેશજી બાવાશ્રી (ક્રમવન) પુ. પા. ગો. શ્રી વાગેશ્વરજી (કાંકરોલી) વગેરે આચાર્યશ્રીઓએ પણ આ સંમેલનમાં પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા તેમજ આશીર્વાદ આપ્યા હતા.

વર્તમાન પરિસ્થિતિમાં પુષ્ટિમાર્ગની જરૂરીઆત, તેની બિશિષ્ટતાઓ, સંગઠન મજબૂત બનાવવા અને પરિષદના વિવિધ પ્રકારના પ્રોજેકટસ વિશેની વિસ્તૃત રજુઆત કેન્દ્રીય કારોબારીના કાર્યકારી અધ્યક્ષ પ્રા. શ્રી ગજાનન શર્મા, સંગઠન મંત્રીશ્રી દ્વારકાપ્રસાદ પાટોડિયા પ્રા. ચીમનભાઇ શેઠ, શ્રી ધરનીધરજી શાસ્ત્રી શ્રી યમુના વલ્લભ શાસ્ત્રી વગેરેએ પ્રાસંગિક પ્રવચન કરેલ.

પરિષદ તરફથી શ્રીમદ્ વલ્લભાચાર્યજીના જીવન દર્શનનું પ્રદર્શન ગોઠવ્યું હતું અને સાહિત્યનો પ્રચાર કરવામા આવ્યો હતો.

ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે, પુષ્ટિમાર્ગના પ્રસારાર્થે વૈષ્ણવોમાં એકતા અને મજબૂત બળ ઊભાં કરવાના શુભ આશયથી આં. રા. પુ. વૈ. પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવેલા ધર્મ પ્રચાર વાહન "ભકિત વર્ધિની" નો પ્રવાસ કાર્યક્રમ પંચમહાલ અને વડોદરા જિલ્લામાં કડી, કલોલ, નડિઆદ ખાતે વૈષ્ણવોની સભાઓમાં પુ. પા. ગો. શ્રી ગોવિંદલાલજી મહોદય, પુ. પા. ગો. રાજેશ બાવાશ્રી, પુ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી બાવાશ્રી, પુ. પા. ગો. શ્રી દામોદરલાલજી, બાવાશ્રી પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી વગેરે આચાર્યોએ આવકારમાં જણાવ્યું વર્તમાન પરિસ્થિતિમાં વૈષ્ણવોની એકતા અને સંગઠન તથા પુષ્ટિમાર્ગના પ્રસારાર્થે આવાં બીજાં વાહનો પણ તૈયાર કરવાં જોઇશે. સર્વે આચાર્યશ્રીઓએ પરિષદના સભ્ય બનીને. સંગઠનને મજબૂત કરવા અપીલ કરી હતી. વર્તમાન પરિસ્થિતિમાં હવે વૈષ્ણવ સમાજે કટિબદ્ધ બની પરિષદના નેજા હેઠળ સંગઠીત બનવું જોઇશે. એવું ભાગવત્ કથાકાર પ. ભ. શ્રી નવનીત પ્રિય શાસ્ત્રીજીએ નડીઆદની સભામાં પ્રવચન કરતાં જણાવ્યું હતું.

ધર્મ પ્રચાર વાહન "ભકિતવર્ધિની"નો પ્રવાસ તા. ૨૮મે થી ૫ જુન દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના મોડાસા, ધનસુરા, બાયડ, ડેમાઈ, બાલાસિનોર, કપડવણજ, આણંદ, ભાદરણ, વિરમગામ, વેરાવળ, કેશોદ, બીલખા; નાગલપુર, જુનાગઢ, મોરબી, રાજકોટ. વગેરે સ્થાનો પર વૈષ્ણવોની સભાઓ અને કાર્યકરોની મીટીંગો યોજવામાં આવી હતી. (અનુ- ટા. ૩ ઉપર)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઈ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

વર્ષ ૩ : અંક ૪
જુલાઈ, ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

નમ્ર નિવેદન

શ્રી વલ્લભ સુધાનું પ્રકાશન ભગવત્ કૃપાથી નિયમીત થઈ રહ્યું છે. સભ્ય સંખ્યા પણ હવે ઠીક ઠીક વધી છે. પણ હજુ આપણા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ની જે વિશાળ સૃષ્ટિ છે તેના પ્રમાણમાં સભ્ય સંખ્યા થોડી ગણાય. આપણી વૈષ્ણવોની કરોડોની સંખ્યા જોતા આં. રા. પુ. વૈ. પરિષદ જેવી કેન્દ્રવતી સંસ્થા દ્વારા સંચાલિત માસિક પત્રિકાના વીસ પચીસ હજાર સભ્યો હોવા અપેક્ષીત છે. તેના પ્રમાણમાં હાલની સભ્ય સંખ્યા બહુજ નાની છે.

આપણે આ લક્ષ્યાંક ને પહોંચવા ભગવદ્ભાવયુકત નિરાભિમાની, કર્તવ્યનિષ્ઠ કાર્યકરોની ખુબ જરૂર છે. પ્રભુ કૃપાથી આવા કાર્યકરોનું જુથ એકત્ર થઈ રહ્યું છે, 'પરિષદ' ની અનેક ગતિવિધીઓમાં વિવિધ સ્તરના સેવાભાવવાળા કાર્યકરો પોતાનું પ્રદાન કરી રહ્યા છે.

આવો ! આપણે સહુ આપણા પ્રાણપ્યારા શ્રીવલ્લભપ્રભુ કરૂણાસાગરના આ ભુતલ પર પ્રકટેલ વચનામૃત સાગર માંથી આપણી યોગ્યતાનુસાર કિંચીત્ અમૃતપાન અવગાહન કરવા કરાવવા શ્રીવલ્લભ સુધા ની તન, મન, ધનથી સેવામાં લાગી જઈએ.

ત્રીજુ વર્ષ પ્રારંભ થયાને ત્રણ મહીના વિત્યાં છતાં હજુ ઘણા સભ્યોના નવા વર્ષના લવાજમ આવ્યા નથી તેઓના અંક પર લવાજમ બાકીના સીકા લગાવેલ છે. તેઓ પોતાનું લવાજમ તુરત મોકલાવી આ સત્ પ્રવૃતીમાં પોતાનું યોગદાન કરે એવી નમ્ર વિનતિ.

—સંપાદક

◆

સ્વસિદ્ધાન્ત પ્રબોધક ગ્રંથ

રચયિતા : નિ. લી. ગો. શ્રી રમણલાલજી મહારાજ (મથુરા)
અનુવાદ : પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)

(લેખાંક પાંચમો)

આચાર

પ્રથમ ધર્મનું મૂલ આચાર છે તેથી આચારનો અત્યન્ત આગ્રહ રાખવો જોઇએ તેથી મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય, દ્રવ્યશુદ્ધિ આદિ ગ્રંથોમાં બતાવ્યા પ્રમાણે સકલ આચરણ (શુદ્ધાશુદ્ધનો વિવેક) શુદ્ધ અશુદ્ધ વિચાર, માર્ગપરંપરા અનુસાર કરવા જોઇયે. મનની ગ્લાનિની નિવૃતિ માટે તેમાં પણ ધર્મશાસ્ત્ર સ્મૃતિમાં પ્રમાણ છે. શાસ્ત્રીયરીતિથી આચાર પાલન કરવું. પરંતુ મન જ્યાં સુધી શુદ્ધ ન થાય ત્યાં સુધી (આચાર શુદ્ધ પણ ન થાય) મનની ગ્લાનિ દૂર કરે મન પવિત્ર થાય એવું આચરણ કરે, તેમાં અન્ય પણ પ્રમાણ સમનુ સ્મૃતિનાં તૃતીય અધ્યાયમાં કહ્યું છે ચારેય વેદ ધર્મના મૂલ છે અને વેદસ્મૃતિ જાણવાવાળા મનુષ્યનું વૃતાન્ત છે અને સત્પુરૂષોનો આચાર તથા પોતાના મનનો સંતોષ આ બધું પ્રમાણભૂત છે. વેદાદિથી અવિરૂદ્ધ જે પોતાના આત્માને સંતોષ છે તે પણ પ્રમાણ છે જે યાજ્ઞવલ્કયે પ્રથમ અધ્યાયમાં લખ્યું છે. શ્રુતિ-સ્મૃતિ સદાચાર અને તેથી અવિરૂદ્ધ જે આપણને પ્રિય લાગે (મનને પ્રિય લાગે) અને ઉત્તમ સંકલ્પથી ઉત્પન્ન થયેલ જે કામ (કામના યા ઇચ્છા) એ બધુંય પ્રમાણરૂપ છે.

સદાચાર

આપણે કયાંક જઇએ ત્યારે ઉચિત અનુચિત સ્થલ જોઇને શુદ્ધ અશુદ્ધ સ્પર્શાસ્પર્શનો વિચારપૂર્વક આપણા માર્ગની મર્યાદા અનુસાર કરવી જોઇયે અને ભૂષણવસ્ત્રાદિક પોતાની મર્યાદાની પરંપરા અનુસાર ધારણ કરવા. ભાષણાદિક પણ શાસ્ત્ર તથા માર્ગની પરંપરા અનુસાર કરવા યવનાદિકની ભાષાનો દોષ છે. તેથી વિચારીને બોલવું અને મર્યાદામાર્ગમાં પણ સકામ ભકિત કરવી દોષરૂપ છે. જે વ્યકિત ભકિત કરીને તુચ્છ પદાર્થની કામના યા આશા કરે છે. એ મુખ્ય સેવક ન થઇ શકે, એ તો વળી ભગવાન સાથે પણ વ્યાપારી જેવો સંબંધ કહેવાય આ કોટીના ભકતને તો મર્યાદા માર્ગમાં પણ સાધારણ ગણ્યા છે તો પછી પુષ્ટિમાર્ગીય ભકતો માટે તો સકામ ભકિત અનુચિત હોય એમાં શું સંશય સ્વમાર્ગ પ્રત્યેની નિષ્ઠા શિથિલ ન થાય તેનો ભય રાખવો.

વ્યભિચાર

આ રીતે આજ્ઞાનુસાર શ્રીકૃષ્ણ સેવા કરવામાં પણ જીવને સેવામાં ત્રણ વસ્તુ બાધક છે. ઉદ્વેગ પ્રતિબંધ તથા ભોગ એ સેવાફલમાં બતાવ્યા છે. ભોગ તે લૌકિક ઇન્દ્રિયોનો વિષય-ભોગ, સેવામાં બાધક છે. આજ વિષય પર **સન્યાસ-નિર્ણય**માં પણ કહયું છે કે વિષયાક્રાન્ત દેહમાં હરિનો આવેશ કદાપિ થતો નથી **નિરોધલક્ષણ**માં સંસાર આવેશ દુષ્ટ છે. માટે ઇન્દ્રિયોનાં હિતને માટે ભગવદ્ કાર્યમાં તેનો વિનિયોગ થાય એ માટે સર્વથી

પર શ્રીકૃષ્ણની સેવા સર્વેન્દ્રિયને લૌકિક વિષયથી અનાસકત કરીને પ્રભુમાં વિનિયોગ કરવો. દરેક વિષય–ભોગ કરતા સ્ત્રી સાથેનો વિષય અત્યન્ત બાધક છે, તતક્ષણેજ સદ્‌બુદ્ધિનો નાશ કરે છે. શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણે પણ અનેક ગ્રંથોમાં કહ્યું છે, કે–સ્ત્રી સાથેનો વિષય–સંગ–આસકિત મહાબાધક છે. એ રીતે નિંદા કરી છે. અહિં વધુ વચનનો સંગ્રહ નથી પ્રસ્તુત કરતાં કારણ કે ગ્રંથનો આકાર વધી જાય. આ વિષયનાં અમારી પાસે અસંખ્ય પ્રમાણો છે. જેમને વિશેષ રૂચિ હોય તેને બતાવિશું શ્રીમદ્‌ભાગવતનાં સુબોધિનીજીમાં પણ શ્રીમહાપ્રભુજીએ સ્ત્રી–પ્રસંગને બાધક કહયો છે. અને આ કામ વ્યભિચારની નિંદા કરી છે. જેને વિપરીત કામ ઉત્પન્ન થયો તેનો ધર્મ–કર્મ બધુ નાશ થાય છે. અને વિષયનો જ આવેશ સદા હૃદયમાં રહે છે. ચિત્તનાં વિક્ષેપનું પણ આજ કારણ છે. (વિષયભોગ) એનાથી રજોગુણ પણ ઉત્પન્ન થાય છે. –મુખપર ધૂળ તેને પણ ઉડાડનાર આ કામ છે. ભગવદાવેશનો વિરોધી છે. સદ્‌બુદ્ધિનો બાધક છે સત્કર્મનો નાશક છે અને લૌકિક આસકિત કરાવનાર છે. ચિત્તની અશુદ્ધતાનું આદિ કારણ છે. જ્ઞાનોત્પત્તિમાં બાધક છે. પુષ્ટિ ભકિતમાર્ગમાં ચાલનારનો મહાશત્રુ છે. વૈરાગ્યનાં અભાવનું કારણ છે અને સંતોષનો ઘાતક છે. આનાથીજ અત્યન્ત લોભ ઉત્પન્ન થાય છે. તથા સર્વેન્દ્રિયોને ભગવાનથી બહિર્મુખ કરે છે. શ્રીહરિની પ્રાપ્તિમાં લોભ અને વ્યભિચાર પ્રતિબંધક અન્તરાયરૂપ અંધકારનાં પર્વત છે તેને ઉલંઘીને શ્રીકૃષ્ણ પાસે જઈ ન શકાય. અહંતા મમતારૂપ છે મનને દૂષિત કરવાનું એકમાત્ર સાધન છે. જ્યારે મન બગડી જાય ત્યારે સેવા કાર્ય પણ સિદ્ધ ન થાય ભગવદ્‌સેવા સમયે પણ સ્ત્રીની યાદી આવતી રહે જેથી ભગવદ્‌ સ્વરૂપ પ્રત્યેની એકાગ્રતા નથી રહેતી. ચિત્તવૃત્તિનો નિરોધ પ્રભુમાં ન થવા દે. વ્યભિચારીને સ્ત્રી–સંગની વાતોજ પ્રિય લાગે છે. જેથી ભગવદ્‌ગુણગાનનો પણ આ કામ વૈરી છે. લોભાદિ દોષોતો કોઇ કાર્ય સિદ્ધ થયે દૂર થાય પણ કામદેવકૃત જે વ્યભિચાર છે તે તો વિષય ભોગ કરવાથી અગ્નિમાં ઘી હોમાતાં જેમ જવાલા વધે તેમ કામ વધતો જ જાય છે આ કામદેવ દ્વારા જેની મતિભ્રષ્ટ થઇ હોય તે સત્પુરૂષ હોય તો પણ તેની પ્રવૃત્તિ દુરાચરણ તરફ થાય છે, આ વ્યભિચાર સમાન બીજું કોઇપણ દુરાચરણ નથી આ કામને કારણે વ્યભિચારી પુરૂષ અગમ્યાગમન પણ કરે છે તેથી જ ચોરી પણ કરે છે. અભક્ષાભક્ષણ અને અપેય મદિરા આદિનુ પણ પાન કરે છે તેનાથી જ ક્રોધ ઉત્પન્ન થાય છે. શાસ્ત્રનાં વચનોથી વિપરીત આચરણ કરાવે છે આવો કામી પુરૂષ પરસ્ત્રીને આધીન થઇ જાય છે અને તુચ્છ વિષયને માટે બન્ને હાથ મોઢામાં મુકીને લાચારી કરે છે. આ પ્રમાણેના વિપરીત કામથી ઘણા સાધુ–સત્પુરૂષો પણ નષ્ટ થયા છે. આ કામથી આ લોક–પરલોક બન્ને બગડે છે તેથી વૈષ્ણવે આવા વ્યભિચાર દોષથી સાવધાન રહેવું જોઇએ જે પંડિત છે. સમજદાર છે તે કામદોષ માટે સ્ત્રીનો વિશ્વાસ કદી ન કરે કારણ કે કામી સ્ત્રી–પુરૂષની પરસ્પર પ્રીતિ અનિત્ય છે. ભાગવતમાં શ્રી કપિલદેવજી કહે છે કે "સ્ત્રી જે માયા છે તે એવી પ્રબલ છે

જે પુરૂષે સર્વ દિશાએ વિજય કર્યો હોય તેને પણ એક ભૃકુટિનાં કટાક્ષ વડે પોતાને આધીન કરે છે તેથી સત્પુરૂષોનું કહેવું છે કે જે જીવને પ્રભુની પ્રાપ્તિ કરવી હોય તેણે પર સ્ત્રીથી બચવું જોઇએ પરસ્ત્રી પ્રત્યેનો કામભાવ નરકનુ દ્વાર છે જેથી પુરૂષે તેને મૃત્યુ રૂપ માનવો જોઇએ જેમ ઘાંસથી ઢાંકેલ કૂવામાં પગ મૂકતાં જ પડીને મૃત્યુને આધીન થવાય પર સ્ત્રીનો ભૂલથી પણ સંગ થાય છે તો નિશ્ચયપૂર્વક નરક વાસ જ થાય, સ્ત્રી કેવી છે. જેનું મુખ પ્રકુલ્લિત હોય છે. અને વચન અમૃત જેવુ કર્ણોને પ્રિય લાગે છે અને હૃદય તેનુ તીખા છરાની ધાર જેવું છે. આવા સ્ત્રીના ચરિત્રોને કોણ જાણી શકે. સ્ત્રીનો વિશ્વાસ કયારેય પણ ન કરવો તેના દુષ્ટ સ્વભાવથી એ સ્વાર્થની જ સગી હોય છે, સાચી નિર્વિકાર પ્રીતિ તેનામાં હોતી નથી જો તેની બુધ્ધિ વિપરીત થઇ જાય તો એ પતિનો પુત્રનો, ભાઇનો પણ ઘાત કરે છે તેથી તેની પ્રીતિ સર્વથા ન કરવી. પરસ્ત્રીની તો વાત જ શું કરવી, માતા, બહેન, પુત્રીની સાથે પણ એકાન્તમાં ન બેસવું કેમકે જે પ્રબલ જે ઇન્દ્રિયોનો સમૂહ છે તે વિદ્વાન પુરુષોને પણ વ્યામોહ કરે છે જે પુરૂષનું મન સ્ત્રીએ હરી લીધું છે તેની વિદ્યા, તપ, દાન, અધ્યયન, મૌનાદિક સર્વ વૃથા છે તેથી પરસ્ત્રીના સંગથી સર્વથા બચવું જોઇએ જે પુરૂષ પોતાનું કલ્યાણ ચાહે તેણે આ પ્રતિબંધથી બચવું જોઇએ, શ્રીકૃષ્ણ રક્ષા કરશે. કાયાથી, મનથી. વાણીથી પરસ્ત્રીના સંગથી ડરતા રહેવું આગળ પણ આ વિષયથી ભગવાન બચાવશે, આ પ્રમાણે કામ છે આદિમા જેના એવા જે ક્રોધ, લોભ, મદ, માત્સર્ય, પાખંડ આદિ દોષ છે તે પુષ્ટિ ભકિતમાર્ગમાં પ્રકાશ થવામાં અંધકારરૂપ છે, તેથી પ્રથમ આ દોષથી નિવૃત થઇને પ્રથમ બતાવેલ ને સ્વસિધ્ધાન્ત તેમાં સ્થિત થઇને જેટલું પ્રભુ કરાવે તેટલૂંજ પ્રથમ કહ્યા અનુસાર ભગવત્સ્વરૂપનું સેવન, સ્મરણ, વંદનાદિક કરે છે તથા એતન્માર્ગીય વૈષ્ણવ જીજ્ઞાસુને પણ આ રીતે કરવું જોઇએ. હવે આ ગ્રંથમાં જે અઢાર વિષય છે જે પરમ ફલરૂપ મુકતામણી માલા છે તેનો હેતુ એ છે કે શ્રીમદાચાર્ય ચરણનો સિધ્ધાન્ત મુકતાવલી ગ્રંથ છે તેમાં અઢાર શ્લોક છે. પુરાણ અઢાર છે, તો આ અઢારે પરમ શુધ્ધ છે જે કોઈ જ્ઞાની પુરૂષ પોતાના હૃદયમાં ધારણ કરે તેના પરમ ભાગ્ય છે. અને આ શુધ્ધ મુકતા—માલા કેવી છે તેને પહેરવાથી હૃદયના તાપ દૂર થાય અને પરમ શોભાને પ્રાપ્ત થાય છે, અને જે કોઈ અજ્ઞાની આલસી વ્યકિત છે તે માલાને પેટીમાં ધરીને અને તાળું લગાવે તેનાં દુર્ભાગ્ય છે, અને જો કદાચ કોઇને આ ગ્રંથમાં જે જે વિષયમાં અમને પ્રશ્ન કરશે, તેનું સમાધાન સત્પુરૂષોનાં અનુગ્રહથી સારી રીતે વેદ, ગીતા વ્યાસસૂત્ર અને શ્રીમદ્ભાગવત પુરાણ વ્યાસ સૂત્ર તથા સ્વમાર્ગીય નિબંધ ષોડષ ગ્રંથાદિકનાં વચનો વડે સમાધાન કરીશું કદાચિત ભાષાન્તરમાં તથા લેખનનાં દોષને કારણે જે પદ, અક્ષર, સમ વિષમ આગળ પાછળ લખ્યો હોય તો બુધ્ધિમાન જન વિચાર કરી લેશે.

ઇતિ શ્રી રમણલાલજી મહારાજ કૃત
સ્વસિધ્ધાન્ત પ્રબોધક ગ્રંથ સમ્પૂર્ણ

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૧૮મો)

આવૃતં જ્ઞાનમેતેન જ્ઞાનિનો નિત્યવૈરિણા ।
કામરૂપેણ કૌંતેય દુષ્પુરેણાનલેન ચ ॥૩૯॥

હે કૌંતેય, એવા નિત્યના શત્રુ અને દુ:ખથી પૂરી શકાય તેવા કામરૂપ અગ્નિ વડે જ્ઞાનીનું જ્ઞાન ઢંકાયેલું છે. ॥૩૯॥

હે કૌંતેય, હે મૂલભૂત રીતે ભકત, હે મારા ઉપદેશને યોગ્ય, મારો અંશ હોવાથી સ્વસ્વરૂપના જ્ઞાનવાળા જ્ઞાનીનું જ્ઞાન પણ નિત્યના વૈરી એવા કામથી ઢકાયેલું છે. અને વળી રસના પાચક એવા ઉદરમાં રહેલા જઠરાગ્નિથી કામની વૃદ્ધિ થાય છે, એવા કામરૂપથી જ્ઞાન ઢંકાયેલું છે. તે અગ્નિ મુશ્કેલીથી શાંત થાય તેવો છે. આથી જ 'જેણે સ્વાદ જીત્યા તેમણે બધું જ જીત્યું' એવું વચન છે. વિશેષે કરીને કામ જીત્યો તેણે બધું જીત્યું, એમ છે. ॥૩૯॥

ઇંદ્રિયાણી મનો બુદ્ધિરસ્યાધિષ્ઠાનમુચ્યતે ।
એતૈર્વિમોહયત્યેષ જ્ઞાનમાવૃત્ય દેહિનમ્ ॥૪૦॥

ઇંદ્રિયો, મન અને બુદ્ધિ એ આ કામનાં નિવાસસ્થાન કહેવાય છે. આ કામ એના વડે (ઇંદ્રિયો, મન અને બુદ્ધિ વડે) જ્ઞાનને ઢાંકી દઈને દેહધારીને અધિક મોહિત કરે છે. ॥૪૦॥

તે કામ કયાં રહે છે ? એવી જિજ્ઞાસાથી 'ઇંદ્રિયાણિ' વગેરે શબ્દોથી કહે છે.

શ્રોત્ર વગેરે ઇંદ્રિયો, મન એટલે અંતઃકરણ અને બુદ્ધિ એટલે જ્ઞાન, એ આ કામનાં નિવાસસ્થાન કહેવાય છે. ક્રિયાના સાધનરૂપ એ ઇંદ્રિયો વડે જ્ઞાનને ઢાંકીને આ કામ દેહધારીને વિશેષ કરીને મોહમાં નાખે છે. સ્વયં કામ તો મોહ પમાડે જ છે, ઉપરાંત પોતાના આશ્રયરૂપ આ ઇંદ્રિયોની સાથે અધિક મોહિત કરે છે, એમ 'વિ' ઉપસર્ગથી દર્શાવ્યું છે ॥૪૦॥

તસ્માત્ત્વમિંદ્રિયાણ્યાદૌ નિયમ્ય ભરતર્ષભ ।
પાપ્માનં પ્રજહિ હ્યેનં જ્ઞાનવિજ્ઞાનનાશનમ ।૪૧।

તેથી હે ભરતર્ષભ, પહેલાં તું ઇંદ્રિયોને વશ કરીને જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર એ પાપને જ આત્યંતિક રીતે ત્યજી દે. ॥૪૧॥

એવી અંગભૂત ઇંદ્રિયો વડે કામરૂપી શત્રુ મોહિત કરે છે. તું તેનો નિગ્રહ કરીને તેને નષ્ટ કર, એમ 'તસ્માત્' વગેરે શબ્દોથી કહે છે.

ઇંદ્રિયો વડે કામ મોહમાં નાખે છે, તેથી પ્રથમ તું ઇંદ્રિયોને તેના વિષયોમાંથી પોતાને વશ કરીને, હે ભરતર્ષભ, હે એનું નિયમન કરવાને સમર્થ, તું જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર પાપરૂપ, હજીય મારા સ્વરૂપનો અનુભવ કરવામાં વિઘ્નકર્તા એવા કામને આત્યંતિક રીતે ત્યજી દે. અહીં જ્ઞાનનો અર્થ શાસ્ત્રીય

ભક્તિરૂપ જ્ઞાન અને વિજ્ઞાન એટલે સ્વરૂપનો અનુભવ, એમ અર્થ છે. ।।૪૧।।

ઇંદ્રિયાણિ પરાણ્યાહુરિંદ્રિયેભ્યઃ પરં મનઃ ।
મનસસ્તુ પરા બુદ્ધિર્યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ ।।૪૨।।

(ભક્તો) ઇંદ્રિયોને શ્રેષ્ઠ કહે છે. ઇંદ્રિયોથી મન શ્રેષ્ઠ છે, અને મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે. બુદ્ધિથી પણ જે પર છે તે આત્મા છે. ।।૪૨।।

અરે, ભગવાનનું સ્વરૂપ વગેરે વિષયોનો અનુભવ કરાવનાર ઇંદ્રિયોનું નિયમન કરવાથી શું ફળ ? એવા પ્રશ્નના જવાબમાં 'ઇંદ્રિયાણિ' વગેરે શબ્દોથી કહે છે.

"આંખોવાળાઓનું આ જ ફળ છે," (ભા. ૧૦–૨૧–૭) એ ન્યાયે, ભગવાનના સ્વરૂપનું દર્શન વગેરે વિષયોનો અનુભવ કરાવનાર ઇંદ્રિયોને ઉત્કૃષ્ટ કહેલ છે. ઇંદ્રિયો ઉત્કૃષ્ટ છે, એમ ભક્તો કહે છે.

મારવા યોગ્ય દૈત્યોની જેમ મનથી અન્યત્ર રહેલી ઇંદ્રિયો સાથે જોડાયેલું ભગવાનનું સ્વરૂપ ફળરૂપ નથી. એમ ઇંદ્રિયોથી મનને પરમ ઉત્કૃષ્ટ કહ્યું છે. મન પણ કામ વગેરેની અશુદ્ધ બુદ્ધિથી હણાયેલું હોય ત્યારે ફળ સિદ્ધ થતું નથી, તેથી મન કરતાં બુદ્ધિ ઉત્કૃષ્ટ છે, એમ અર્થ છે. અહીં આ ભાવ છે :– ભગવાન લૌકિક ઇંદ્રિયોથી અનુભવવા યોગ્ય નથી, પરંતુ વિકૃતિ રહિત અલૌકિક ભાવવાળા આત્મસ્વરૂપથી અનુભવવાને યોગ્ય છે. તેથી તે આત્મા જ ઉત્તમ છે. ।।૪૨।।

એવં બુદ્ધેઃ પરં બુદ્ધ્વા સંસ્તભ્યાત્માનમાત્મના ।
જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્ ।।૪૩।।

એ પ્રમાણે આત્માને બુદ્ધિથી પર જાણીને, અવિકૃત સ્વરૂપથી મનને વશ કરીને, હે મહાબાહુ અર્જુન, કામરૂપ દુર્જય શત્રુને તું ત્યજી દે. ।।૪૩।।

આત્મા ઉત્તમ છે, તેથી તેને ઉત્તમ જાણીને લૌકિક કામ ત્યજવો. તેથી ફળની સિદ્ધિ છે, એમ 'એવમ્' વગેરે શબ્દોથી કહે છે.

એ પ્રમાણે મેં કહ્યું તેમ, બુદ્ધિથી પર એવા આત્માને પરમ ઉત્કૃષ્ટ જાણીને, આત્મા વડે એટલે કે અવિકૃત સ્વરૂપથી આત્માને એટલે કે અવિકૃત સ્વરૂપ મનને વશ કરીને કામ રૂપ શત્રુને તું ત્યજી દે.

હે મહાબાહુ, તેનું નિરાકરણ કરવા સમર્થ હે અર્જુન, એ પ્રમાણે ભક્તિનું વિસ્મરણ કરાવનાર, તેમજ મુશ્કેલીથી જીતી શકાય તેવો, ભૂતાત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અને નહિ ભોગવવા યોગ્ય એવા કામરૂપ શત્રુને તું ત્યજી દે, એમ અર્થ છે. ।।૪૩।।

જેમ કરેલા કર્મોને ઇશ્વરાર્પણ કરવાં યોગ્ય છે, તેમ જ શ્રીકૃષ્ણે ઇશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરવાનું આ કર્મયોગમાં દર્શાવ્યું છે.

એ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપરની અમૃત તરંગિણીટીકામાં ત્રીજો અધ્યાય પૂરો થયો. ।।૩।।

* * *

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રી પીતાંબરજી કૃત વિવૃત્તિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ચોથો)

એ પ્રમાણે પુષ્ટિની વાસ્તવિકતા સિદ્ધ કરીને પ્રવાહની સ્વાભાવિકતામાં 'દ્વૌ ભૂતસર્ગૌ' વગેરે શબ્દોથી પ્રમાણ દર્શાવે છે.

'દ્વૌ ભૂતસર્ગૌ' વિત્યુક્તેઃ પ્રવાહોઽપિ વ્યવસ્થિતઃ ।
વેદસ્ય વિદ્યમાનત્વાન્મર્યાદાપિ વ્યવસ્થિતા ॥૩॥

(શ્રીમદ્ ભગવદ્ ગીતામાં) બે પ્રકારની પ્રાણી સૃષ્ટિ છે, એમ કહેવાયેલું હોવાથી પ્રવાહ સૃષ્ટિ હોવાનું નિશ્ચિત છે. વેદ વિદ્યમાન હોવાથી મર્યાદા માર્ગની પણ યથાર્થતા છે. ॥૩॥

પ્રવાહ એટલે પરંપરા, સૃજનની અખંડ પરંપરા તે પણ (શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ૧૬-૫) કહેવાયેલા વાકયથી દૈવ અને આસુર એમ વિશેષ પ્રકારના ભેદથી અલગ અલગ નકકી કરાયેલ છે. જો તે પ્રલય સુધી અખંડ રીતે અસ્તિત્વમાં ન રહે તો તેવા કરાયેલા વિભાગ વ્યર્થ થાય. આથી તે પણ છે, એમ અર્થ છે. મર્યાદા માર્ગના અસ્તિત્વ વિષે 'વેદસ્ય' વગેરે શબ્દોથી પ્રમાણ કહે છે. નિયમનું ઉલ્લંઘન ન કરવું તે મર્યાદા કહેવાય અહી મર્યાદા એટલે કર્મ, જ્ઞાન વગરના તે તે પ્રકારના નિયમો જાણવા. મર્યાદા પણ વેદનાં વિધિ, મંત્ર નામના નિષેધ અર્થવાદાત્મકના અપૌરુષેય નિત્ય શબ્દના વિદ્યમાનપણાથી નકકી છે. 'સ્વર્ગકામો યજેત' (સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો), વગેરેથી વિધિપુર્વક સ્વર્ગને માટે જ્યોતિષ્ટોમ નામે યજ્ઞ કરવો, મંત્રથી દેવનું સ્મરણ કરવું, અગ્નિનું નામ 'સ્વાહા' શબ્દથી ઉચ્ચારવું, બ્રાહ્મણનો વધ થાય નહિ, શીઘ્રગામી દેવને જાણીને જ વાયુનો સ્પર્શ કરવો, બીજી રીતે નહિ વગેરે નિયમથી વિભાજિત કરાયેલી મર્યાદા છે. જો મર્યાદા ન હોત તો વેદ તેને અલગ દર્શાવત નહિ. આથી તેને અલગ દર્શાવનાર વેદ વિદ્યમાન હોવાથી મર્યાદા પણ છે, એમ અર્થ છે. તે પ્રમાણે જો કે પ્રવાહ પણ છે; કારણ કે (શ્રીમદ્ ભાગવદ્ ગીતામાં ૧૬-૫) 'દ્વૌ ભૂતસર્ગૌ' (બે પ્રકારની પ્રાણી સૃષ્ટિ છે) એમ કહેવાયું છે તેથી નકકી છે. જે નિયમબધ્ધ છે, તે છે, દાયાદિવત, એમ હોવાથી મર્યાદા છે; કારણ કે તેની ગોઠવણ કરનાર વેદ વિદ્યમાન છે. જે વ્યવસ્થાપક વેદ વિદ્યમાન છે, તેનું હોવાપણું છે. જેવી રીતે યજ્ઞ વગેરેનું હોવું અનુમાનથી સિદ્ધ થાય છે, તેવી જ રીતે બે અનુમાનથી તે બેનું એટલે કે પ્રવાહ અને મર્યાદા માર્ગનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. તો પણ પ્રવાહનાં પ્રત્યક્ષ પ્રમાણ છે અને મર્યાદામાં પ્રત્યક્ષ પ્રમાણ અથવા વ્યતિરેક ન્યાયે સિદ્ધિ છે. એમ છે તેથી તે બંનેનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે અમે પ્રયાસ કર્યો નથી, એવો ભાવ છે. અહીં એ પ્રમાણે સ્વરૂપની નિશ્ચિતતાથી જેટલા પ્રમાણમાં તે પુષ્ટિમાર્ગની અંતર્ગત છે. જે માર્ગો

લૌકિક છે તે સૃજનની પરંપરાને અખંડ રાખે છે અને તે પ્રવાહમાર્ગની અંતર્ગત છે. જેઓ વેદના નિયમોનું ઉલ્લંઘન કરતા નથી, તે મર્યાદામાર્ગની અંતર્ગત છે, એ પ્રમાણે બુદ્ધિની સરળતાથી ત્રણ માર્ગો જાણના શંકાનું નિરાકરણ કરવાની ઇચ્છાવાળાઓએ એ પ્રમાણે જણાવ્યું છે. 'ત્રણ પ્રકારના યોગ મેં કહેલા છે' એવા ભગવદ્ વાક્ય પ્રમાણે જ્ઞાન, કર્મ અને ભક્તિના સાધનથી એ ત્રણ માર્ગોને દર્શાવેલા છે, તેથી તેનું માર્ગપણું શી રીતે કહેવાય ? એવી શંકા કરવી યોગ્ય નથી.

ભક્તિનો વિચાર કરતાં તેના મૂળમાં રહેલા ભગવાનના અનુગ્રહમાં જ માર્ગની અંતિમતા રહેલી છે તેથી, અને સૃજનની પરંપરાનો વિચાર કરતાં 'તું જન્મને પામ,' 'તું મરણને પામ,' એમ શ્રુતિમાં કહેવાયેલ જન્મદિની પરંપરા એ જ ફળ છે અને એ જ ઉદ્દેશ છે, તેનું પ્રવાહમાં જે પરિણમવું નિશ્ચિત છે તેથી, અને જ્ઞાન, કર્મ તથા ફળના પરિણામરૂપ કહ્યા પ્રમાણેના નિયમથી જ જન્મ છે, તેના ઉદેશના ઉલ્લંઘનનો અભાવ હોવાથી સાર એ નીકળે છે કે, પોતપોતાના માર્ગનું અવિરતપણું છે તેથી 'પ્રવાહ, પુષ્ટિ, મર્યાદા નિઃશંક રીતે કાલ્પનિક શી રીતે કહેવાય ? અથવા કોઇ ગ્રંથમાં તેમ સમજાવાયું હોય તો અહીં તેનું મૂળ વિચારવું જોઇએ.' એ પ્રમાણે ભ્રાંતિયુક્ત સમજ પણ દુર થયેલી જાણવી. ।।૩।।

તે પછી ભેદ સિદ્ધ કરવાને માટે પ્રયત્ન થાય છે. તેમાં પુષ્ટિ આદિનું અસ્તિત્વ નિઃસંદેહ છે જ, પરંતુ તેટલાથી પરસ્પરની સાચી જાણકારી સિદ્ધ નહિ થાય. એમ કહેવાયું છે કે, 'તેનો સંબંધ ફળની સાથે છે.' એવા ન્યાયના વાક્યથી ફળ તો માત્ર ભગવાન પાસેથી જ પ્રાપ્ત થાય છે. બ્રહ્મવાદમાં અને ચૈતન્યમાં ભેદનો અભાવ હોવાથી માત્ર નામનો ભેદ છે, પરંતુ ઉપાસ્યનો ભેદ નથી. આથી લોકો તે તે નામથી ભજવા છતાં તે તે ફળને માટે તેને જ ભજે છે. પરંતુ માર્ગ પ્રમાણે તેઓ લૌકિક કે અલૌકિક ફળને મેળવે છે. એ પ્રમાણે બધાંની ભક્તિમાં સમાનતા હોવાથી અને અનુગ્રહની સાથે સંબંધવાળા ભક્તિમાર્ગનું બધા પ્રત્યે તુલ્યપણું હોવાથી પ્રવાહથી ભેદ હોવાનું કથન શક્ય નથી. મર્યાદા તો વેદોક્ત હોવાથી ભિન્ન છે જ. એમ હોવાથી બે માર્ગો જ માન્ય કરવા યોગ્ય છે. એવી શંકા કરીને 'કશ્ચિત્ એવ હિ' વગેરે શબ્દોથી જવાબમાં કહે છે :–

કશ્ચિદેવ હિ ભક્તો હિ 'યો મદ્ભક્ત'
ઇતીરણાત્ ।
ન સર્વાતઃ પ્રવાહાદ્ધિ ભિન્નો વેદાચ્ચ
ભેદતઃ ।।૪।।

'યદા યસ્યે'તિ વચના'ન્નાહં વેદૈ'રિતીરણાત્ ।
સર્વત્રોત્કર્ષકથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ
।।૫।।

'જે મારો ભક્ત' છે (તે મને પ્રિય છે) (ભ. ગી ૧૨–૧૪માં) એમ કથન હોવાથી કોઇ જ ભક્ત છે, બધાય નહિ. આથી તે પ્રવાહથી ભિન્ન જ છે અને ભિન્નતાપુર્વક વેદથી કહેવાયેલ છે. ।।૪।।

'જ્યારે જેને' (જ્યારે હૃદયમાં મનન કરાયેલા ભગવાન જેના ઉપર અનુગ્રહ કરે છે, ત્યારે તે લોકમાં અને વેદમાં અત્યંત નિષ્ઠાવાળી મતિને ત્યાગી દે છે. (ભાગ ૪–૨૮–૪૬)

એવા વચનથી અને હું વેદોથી નહિ (તેં મને જે રીતે જોયો તે રીતે હું વેદોથી, તપથી, દાનથી, યજ્ઞથી પણ જોવા વાને શક્ય નથી. ભ. ગી. ૧૧–૫૩) એવું કથન હોવાથી અને સર્વત્ર તેની અધિકતા કહેવાયેલી હોવાથી 'પુષ્ટિમાર્ગ' છે, એ નિશ્ચિત છે. ॥૫॥

ગીતાજીમાં (૧૨–૧૪) યો મદ્ભકતઃ સ મે પ્રિયઃ (જે મારો ભકત છે. તે મને પ્રિય છે.) એમ ભગવાને 'યત્' શબ્દના સંબંધથી કોઈકનું જ ભકત પણું છે, એમ જણાવેલું છે. તેથી બધા જ લોકો ભકત નથી. એ પ્રમાણે ભકતોની સંખ્યા મર્યાદિત છે ત્યારે તેનો પ્રેરક માર્ગ પ્રવાહથી ભિન્ન છે અને ભેળસેળ વગરનો છે. વળી માત્ર ભજન એ જ ભકિત નથી, પરંતુ પ્રિયપણાથી પરિપૂર્ણ એ જ ભજન છે. આથી જ અનપેક્ષઃ શુચિ ર્દક્ષઃ (અપેક્ષા રહિત, પવિત્ર અને ચતુર, ભ. ગી. ૧૨–૧૬), 'મય્યર્પિતમનોબુદ્ધિઃ' (મન અને બુદ્ધિ મારામાં જ પરોવ્યાં છે એવો, ભ. ગી. ૧૨–૧૪) વગેરે બીજાઓથી ભિન્ન અને શ્રેષ્ઠ હોવાનું દર્શાવે છે. પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમ્ (જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું, ભ. ગી. ૭–૧૭) એમાં પણ માત્ર જ્ઞાની નહિ, પરંતુ ચતુર્વિધા ભજન્તે મામ્ (ચાર પ્રકારના ભકતો મને ભજે છે, ભ. ગી. ૭–૧૬) એ પ્રમાણે ભકિતને પ્રાધાન્ય આપીને જ્ઞાનીને ભકતનો આત્મા કહેલ છે. તેવી પ્રકારનો ભકિતનો માર્ગ હોવાથી તેનાથી સાધ્ય એવી પુષ્ટિનો માર્ગ પ્રવાહથી ભિન્ન છે, તેથી ત્રણ માર્ગ છે, એમ અર્થ છે.

ભલે, એ પ્રમાણે હોય, તોપણ મર્યાદા સાથે સંકરતા નિવારી ન શકાય તેવી છે. ભકિતમાર્ગ ખરેખર શું શ્રવણાદિ રીતને અનુરૂપ છે ? ઊલટાનું માહાત્મ્યના જ્ઞાનપુર્વક અને સુદૃઢ સર્વથી અધિક સ્નેહ એ ભકિત છે, એમ કહેવાયું છે. એવી ભકિતથી મુકિત છે, બીજી રીતે નહિ પંચરાત્રમાં કહેવાયું છે કે, માહાત્મ્યના જ્ઞાનપુર્વક સ્નેહના માર્ગને અનુરૂપ છે. જો પહેલું વાકય લઈએ તો, 'ધારયતિ' (તે દૃઢ સંકલ્પ કરે છે), 'રસતિ' (તે સ્નેહ કરે છે), 'ભજતિ' (તે ભજે છે) વગેરે શ્રુતિસિદ્ધ છે. જો બીજું વાકય લઈએ તો, સૃષ્ટિ આદિ વાકયો વડે માહાત્મ્યના 'પોતાના સ્વાર્થને માટે બધું પ્રિય લાગે છે, વગેરે વાકયોથી કોઇ પણ હેતુ વગરની પ્રીતિ એવા વિષયના પ્રતિપાદનથી માહાત્મ્યના જ્ઞાન પુર્વકનો સ્નેહ જ શ્રુતિનું તાત્પર્ય છે, અને એ જ તેનો વિષય છે. પુરાણો શ્રુતિનો વિસ્તાર છે, તેમાં કહેલાનું મૂળ શ્રુતિમાં હોવાથી અને પુરાણોનો વિષય ધાર્મિક ક્રિયાઓ હોવાથી મર્યાદાથી તેમાં અધિકતા નથી. અને વળી જે અન્ય દેવોનું ભજન તે પણ, તે એક હોવા છતાં ઋષિમુનિઓ તેને ભિન્ન ભિન્ન રૂપે વર્ણવે છે. એમ શ્રુતિ કહે છે, તે પ્રમાણે ભગવાનનું ભજન જ છે. એમ હોવાથી બે માર્ગ છે. એવી શંકાના જવાબમાં 'વેદમાર્ગથી અને જુદા જુદા ભેદોથી' વગેરે શબ્દોથી કહે છે. કહેવામાં આવનારા હેતુઓથી વેદમાર્ગથી અને વેદમાં કહેવાયેલા મર્યાદામાર્ગથી, લૌકિક રીતે પણ જોતાં પુષ્ટિ છે, એવો અભિપ્રાય છે. પોતાના વિષયનું પોષણ કરે તે પુષ્ટિ એટલે અનુગ્રહ એમ પુષ્ટિ શબ્દ 'સેતુર્વિધૃતિઃ'ની જેમ 'કર્તરિ કિતચ' પ્રકારનો

છે; એટલે કે 'પુષ' ધાતુ ઉપરથી તેનું કર્મણિ ભુતકૃદંતનું રૂપ 'પુષ્ટ' થાય અને તેના ઉપરથી થયેલ 'પુષ્ટિ' શબ્દ ભાવવાચક સ્ત્રીલિંગ નામ છે. 'વેદથી' એમ કહેવામાં જે કહેવાનું છે તેમાં અને વકતામાં અભેદરૂપ સૌજન્યનો નિર્દેશ છે. વળી 'હૃદયમાં મનન કરાયેલા ભગવાન જ્યારે જેના ઉપર અનુગ્રહ કરે છે ત્યારે તે લોકમાં અને વેદમાં અત્યંત નિષ્ઠાવાળી મતિને ત્યાગી દે છે.' (ભાગ ૪–૨૯–૪૬) એ પ્રમાણે લોકનો અને વેદનો જુદો જુદો નિર્દેશ કરીને ભગવાનની કૃપાને પાત્ર થયેલા ભકતની લોકમાં ને વેદમાં રહેલી આસ્થાને છોડવાનું કહે છે. જો લૌકિક કે વૈદિક સાધનોમાં અનુગ્રહને સ્થાન હોત તો એ પ્રમાણે સામાન્યપણાથી અણગમો દર્શાવ્યો નહોત. વળી, તેં જે રીતે મને જોયો તે રીતે હું વેદોથી, તપથી, દાનથી કે યજ્ઞથી જોઇ શકાતો નથી. (ભ. ગ. ૧૧–૫૩) પરંતુ હે, અર્જુન, હે પરંતપ અનન્ય ભકિતથી હું એ પ્રમાણે સત્ય સ્વરૂપે જાણવાને, જોવાને અને પ્રવેશવાને શકય છું. (ભ. ગી. ૧૧–૫૪) એમ અહીં વેદ વગેરેનાં પદાર્થો કહેવાયેલા બ્રહ્મચારીના, વનવાસીના અને ગૃહસ્થના ધર્મોનું 'હે પરંતપ, દ્રવ્યમય યજ્ઞ કરતા જ્ઞાનયજ્ઞ વધુ સારો છે (ભ. ગી. ૪–૩૩), એવા શ્રીગીતાજીના વચનથી અહીં જ્ઞેય એવા પદથી સ્વીકારાયેલા યતિઓના ધર્મનો અને જ્ઞાનનો પણ દર્શન અને સાધનના વિશેષ લક્ષણોની રીતિથી નિષેધ કરીને, પોતાના વિષયની પ્રતીતિ કરાવનાર એવા જ્ઞાનનું અને ફળનું, દર્શનનું અને પ્રવેશનું અનન્ય ભકિત એજ સાધન છે, એમ કહે છે. તેનાથી જણાય છે કે, અનન્ય ભકિતને ઉપર કહેલા ધર્મોમાં સ્થાન નથી.

માત્ર ભકિત ફળને સાધી આપે છે, એમ હોવાથી તેના કારણભૂત પુષ્ટિ પણ તે પ્રમાણે ફળ સાધી આપે છે. વળી 'આ આત્મા નહિ' એ પ્રમાણેની શ્રુતિમાં પણ પ્રવચનાદિના નિષેધપૂર્વક માત્ર 'પસંદગી' જ પ્રાપ્તિને યોગ્ય છે, પસંદગીની તરફેણમાં જ પોતાના સ્વરૂપનું પ્રાકટય વર્ણવેલું છે. તેનાથી 'પસંગી'ની શ્રેષ્ઠતા કહી છે. વરણ એટલે પસંદગી, અનુગ્રહના પરિણામરૂપ તત્ત્વતઃ સ્વીકાર તથા 'હે ઉદ્ધવ, હવે હું તને પરમ રહસ્યયુકત અને અત્યંત ગોપનીય પણ કહી સંભળાવીશ, તેથી તેને તું સાંભળ.' (ભાગ ૧૧–૧૧–૪૯) 'બળરામની સાથે,' 'હરિ વિશુદ્ધ ભકિતથી પ્રસન્ન થાય છે, બીજું બધું છેતરામણું છે,' 'ભકિતને પ્રાપ્ત કરનાર સાધુ પુરુષને બીજું કશું મેળવવાનું રહેતું નથી,' 'પરંતુ જેઓ મને ભકિતથી ભજે છે, તેઓ મારામાં છે અને હું પણ તેઓમાં છું,'

(ભ. ગી. ૯–૨૯) 'કુલીન સ્ત્રી કુળવાન પતિને વશ કરે તેમ તેઓ મને વશ કરે છે,' (ભાગ ૯–૪–૬૬) 'માત્ર ભાવથી જ,' (ભાગ ૧૧–૧૨–૮), 'મારામાં મનવાળી તેઓ (ગોપીઓ) (ભાગ ૧૦–૪૬–૪), વગેરેમાં ભકિતના ઉત્કર્ષના કથનથી તેના કારણરૂપ પુષ્ટિનો જ ઉત્કર્ષ સિદ્ધ છે. આથી વેદના કથનમાં અને વેદના તાત્પર્યની મર્યાદામાં તેમ જ જીવકૃત કર્મકાંડવિષયક સાધનોમાં પ્રવેશનો અભાવ છે તેથી તે તે અસાધ્ય સાધન અને ફળના વિલક્ષણ પણાથી, સ્વરૂપથી કાર્યથી અને ફળ થી પણઅધિકતા હોવાના કારણે વેદમાં કહેવાયેલાં સાધનોથી પણ ભિન્ન તે તે લક્ષણોથી યુકત પુષ્ટિ છે, એ હેતુથી ત્રણ માર્ગ સિદ્ધ છે, એમાં શંકા નથી, એમ અર્થ છે. ।।૪, ૫।। (ક્રમશઃ)

અથ શ્યામ સરસાવલી

લેખક :– **શ્રીગોવિંદ કોવિદ, જતિપુરા**

શ્રી શ્રીકૃષ્ણેન્દુહિ નમન કર નિત્યનિકુંજ વિહાર,
રચત શ્યામ સરસાવલી રસિકન હૃદય સુહાર. ૧

વૃંદાવન વિલસત સદા દિવ્ય રાસ રસ ધામ,
યાહીતે શ્રીકૃષ્ણકો વાસુદેવ નિજ નામ. ૨

કાલિંદી કુલ કેલિમેં સુંદરી સ્નેહ સુધામ,
અંગ અંગ આકર્ષન સંકર્ષન બલરામ. ૩

પ્રિયા પ્રીતિ પ્રત્યંગભર પ્રતિ છિન નૂતન રૂપ,
પુર્ણ પ્રેમ પ્રદ્યુમ્નવર અમિત અનંગ અનુપ. ૪

અંતરંગ અનુરોધ કર અંગના અંગ નિરુધ,
અનુગ્રહાત્મક અનુભવં અનુરાગ અનિરુદ્ધ. ૫

ચારુ ચક્ર ચંદ્રાવલી કલિત કંબુ કૃષ્ણાય.
ગદા કુમારી કલાવૃત કમલ રૂપ રાધાય. ૬

અધર સુધારસ માધુરી મર્દન મન્મથ માન,
મધુરા મથુરા પુરી પ્રિયા મથુરા મંડલ માન. ૭

વ્રજ વનિતા સુવિહાર બહુ બંધન રતિ વિપરીત,
સુરતી શ્રમ સરિતા સલિલ ધારા રસિક સુરીત. ૮

આધિ દૌવ વસુદેવ વપુ શ્રીનંદરાય સુજાન,
આધિ દૈવિકી દેવકી રૂપ યશોદા જાન. ૯

નવરસ નવધા ભક્તિ મય પરમાનંદ નંદરાય,
ષટ ગુનમય વૃષભાનુનૃપ પુરન કલા પ્રભાય. ૧૦

રસમય રમણાનંદની રૂચિર રુકમ રાસાય,
રતિ પ્રિયા રસ રસિકની રુકમણિ શ્રીરાધાય. ૧૧

લઘુ ગુરુ મધ્યમ માનની મહા મોહ મધુરાય,
કૃષ્ણ કલાધર કૌમુદી સતભામા શ્યામાય. ૧૨

કોટિક કામ કલાનિધી કુંજ કુંજ કલનીશ,
જલથલ વિવિધ વિલાસ કર કુંજ દ્વારકાધીસ. ૧૩

કામિનિ કલ્પ લતાવલિ વૃક્ષ સ્થલ ફલનંસ,
મધુર મયુરી માનની સુકટિ કલા કલહંસ ૧૪

અષ્ટ સિદ્ધિ અષ્ટાંગિની અતિ અનંગ અઠ્યામ,
અષ્ટ સખા હી અષ્ટ સખી સુગભ ભવન વિશ્રામ, ૧૫

શ્રી ગોપી સુકુમારિકા સંગ મહા રસ રાસ,
મહિષી શોડષ સહસ્ત્રી ભાવન કુંજ વિલાસ. ૧૬

શ્રુતિ રૂપા શ્રીગોપિકા સત યુથાવલી જાન.
યુગલ સુરસ વિલસત સદા ઉર વૃંદાવન માન. ૧૭

અષ્ટ વિશંત તવાત્મકા અષ્ટાદશ વિધાય,
કૃષ્ણચંદ્ર પુરણ પ્રિયા રોહિણી રૂપ રમાય. ૧૮

જાંબુનદ સ્વર્ણાત્મિકા ભકત સાંબ જનનાય,
રમણ વિગાઢ વિભાવની જાંબુવતિ નામાય. ૧૯

કેલિ કલા કલ નાદની કામ કલા કર કાય,
ત્રિગુણાતીત તુર્ય પ્રિયા કાલિન્દી સુકૃપાય. ૨૦

મધુર મદન મન મોહની મહા માન રંસકંદ,
મિત્ર સુવિંદા માનની મધુ સુદન મનફંદ ૨૧

સ્થાયી ભાવ સંચારની નિરાવરણ રમનાય,
તત્સુખ સુખિની સર્વદા નાગ્નજિતી સત્યાય. ૨૨

ભાવ વિભાવ સુભાવની ભકિત સુધાં સરસાય,
ભવ્ય ભોગ ભગવત્પ્રિયા ભલ ભામિની ભદ્રાય. ૨૩

લલના લોક સુલક્ષણા લલિત લાલ લલચાય,
શ્રીવત્સાત્મિક લક્ષ્મણ નંદલાલ રમણાંય. ૨૪

સુરત સુભટ ઉદ્ભટ સદા નિત્ય નવીન અનુપ,
ઉદ્ધવ ઉત્સવ રૂપ રસ કોવિદ કૃષ્ણ સ્વરૂપ. ૨૫

ઉદ્દીપન રસ ઉન્મદન ઉગપ્રતાપ પ્રભાય,
ઉગ્રસુધર્મા સભાપતિ ઉગ્રસેન નરરાય. ૨૬

શૃંગારક સારંગ નયન સારંગ સુખ મધુ ધાર,
સારંગ યુગ પદ ભકિત રસ સારંગ કર ધનુ ધાર. ૨૭

પંચાધ્યાયી રાસ રસ પંચામૃત પ્રગટાવ,
પંચપ્રાન પ્રદ પંચસર પાંચજન્ય શંખાય ૨૮

સ્નેહી સ્નેહ સુરક્ષક સહસ્ત્રાર સુખ ધામ,
સુરા સુરહિ સાયુજય પ્રદ ચક્ર સુદર્શન નામ. ૨૯

કમલા કમલ કુમોદની કોટિ કલ્પ વૃક્ષાય,
કામી કામિનિ કામદા કૌમોદકી ગદાય. ૩૦

પ્રેમ પ્રીતિ પુરન પ્રગટ પાપ તાપ પ્રશમંક,
પ્રબલ પ્રણત પરિપાલનં પુષ્ટિ પથ પદ્મંક. ૩૧

જીવન્મુકતી ભકિતરસ કૃષ્ણ સુકંઠ વિહાર,
કોટિક કોવિદ કામ પ્રદ કૌસ્તુભમણિ મનહાર. ૩૨

કનક કલા કર કામિની પ્રગટન પરમાનંદ
શ્યામ સુધાકર સદાવ્રત પિતાંબર મનફંદ. ૩૩

વ્રજ વનિતા સુવિભાવના વિવિધ વિલાસ વિશાલ,
ગ્રથિત વિમલ વૃંદાવિપિન વૈજયન્તિ વન માલ. ૩૪

મુદિત મયુર સુમાધુરી માનનિ માન મનાય,
સર્વોપરિ સોભિત સદા મુકુટ મનોહર તાય. ૩૫ ।। ઇતિ ।।

॥શ્રી હરિ॥

ધાર્મીક કાર્યકર્તાઓનું કર્તવ્ય

લે. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ

(મૂલ હિન્દી લેખનું ગુજરાતી ભાષાંતર)

આદરણીય બન્ધુઓ,

પહેલાં ઘણી વખત મેં મારા ભાષણમાં જણાવ્યું છે કે કાર્યકર્તા હોવું એ એક તપસ્વી જીવનનું કામ છે અને તેનાથી આપણે સર્વ શ્રેષ્ઠ વ્યવહારની પ્રેરણા લઇ શકીએ છીએ, કાર્યકર્તા એક એવો સેવા ભાવવાળો સાધક અને તપોધન છે કે જેમની પાસે ભગવદાશ્રયનો દૃઢ વિશ્વાસ અને પોતાની સંસ્થાપ્રતિ અડગ આસ્થા જેમના મનમાં હોય છે. તે સ્વધર્મ (સંસ્થા) ના વિષયમાં પોતાના કર્તવ્યનું હંમેશ (સમય મલતાંજ) ચિંતન કરે છે જેમાંથી ઉપયોગી વિચારોને તે લખી રાખે છે જેથી સંસ્થા સમક્ષ પોતાના વિચાર પ્રસ્તુત કરી શકે.

કાર્યકર્તામાં દુરાગ્રહ નથી હોતો, તે કોઇના પ્રત્યે પુર્વગ્રહ પણ નથી રાખતો. તેમનું મન હમંશા ભગવદિય-નિર્મલમન હોય છે. અને તે સમયને ઓળખનાર તથા બુધ્ધીમાન હોવો આવશ્યક છે, છતાં પણ તે અનુશાસિત હોય છે અતિ બુધ્ધીવાદિતા તેમાં નથી હોતી કેમકે તેનાથી જીવનમાં ભ્રમ પેદા થાય છે અને કર્તવ્યથી વિમુખ થઇ જાય છે. એવી ચર્ચા કે જેનાથી દ્વેષ વધે તે કદિ ન કરવી જોઇએ. સાવધાની માટે જેટલું જરૂરી હોય તેટલુંજ કહેવુ જોઇએ છતાં તેમાં પણ હલકા શબ્દો ન હોવા જોઈએ એવા નિરર્થક શબ્દો બોલ્યા વિના જ બોલવાનો અભ્યાસ કરવો જોઇએ. એ વાણીનું તપ પણ છે અને ભગવદ્ ભાવ તેનાથી અંતઃકરણમાં દૃઢ થાય છે. ધર્મ અને સંસ્થા ને ભિન્ન ન માનવા જોઈએ તેને સેવા સમજીને પવિત્રતાથી કરવાનો પ્રયાસ કરવો જોઇએ આજ આની કમી છે અને તેથી જ સમાજ અશાન્ત છે.

આપણે સાધનોને આધીન ન હોવા જોઇએ જે કંઈ પણ સાધન છે. તેનાથી જ કામ કરવાનો સારી રીતે અભ્યાસ કરો નહીંતર સાધન સાંપેક્ષ બુધ્ધી વિવેકહીન થઇ જાય છે. માટે એ સાધનો નો વિવેકથી ઉપયોગ કરવો જોઇએ. સંસ્થાની સેવા માટે સમય કાઢવો તેમજ તેના મહત્ત્વને પીછાનવું જોઇએ આમાંથી ઘણી બાબતો વ્યવહાર આદિને શ્રી હરિરાયજી મહાપ્રભુએ શિક્ષાપત્રમાં વ્યવહાર અને સેવાના આધાર પર બતાવેલ છે ગીતાજીમાં પણ આનો ઉલ્લેખ આવે છે પણ તેને આદૃષ્ટીથી નથી વિચારાએલ તેજ આપણા માટે ખરાબીનુ કારણ બન્યું છે.

નિત્યના નિયમો આ બધી બાબતોની શીક્ષા આપે છે. ત્યારે જ જીવન પવિત્ર થાય છે અને તેને નિત્ય નિયમ બનાવે છે. કાર્યકર્તાઓનું એ કામ છે કે તે ધર્મને સ્થિરતાથી સમાજોન્મુખ કરે યા સમાજને ધર્મોન્મુખ કરે આપણા આચાર્યો એ આપણને એજ નિર્દેશ આપેલ છે કે આપણે "ભગવત્કાર્ય" ને માટે ઉત્પન્ન થયા દઇએ માટે તેને ભગવત્ કાર્ય માનીને જ ચાલવું જોઇએ આવા પવિત્ર કાર્યમાં શત્રુનું પણ હિત

વિચારવાનુ હોય છે, આમાં જ સેવા ધર્મની મહાનતા છે. આમાંજ રાજનીતિ અને ધર્મનીતિનું અંતર છે. તેથી જ ધર્મનીતિથી જીવન ભગવદિય થાય છે.

કોઈની મજાક ઉડાવવી એ આપણું કામ નથી આપણું કામ તો સહાયતા કરવાનું છે. અહીં સેવામાં સહાયક બનવું પુણ્ય છે એના બહાને આપણે મનુષ્યના સહાયક બનીએ છીએ એથી જ ભગવાનની સેવા માટે પૈસા નથી દેતા. આપણે તો મનુષ્યની સહાયતા, સેવા માટે કરીએ, આ આપણા જીવનનો આનંદ છે, જેનાથી આપણને પરમાનન્દનું સુખ મલે છે. ભુલ્ર માનવ માત્રથી થઇ શકે છે તેને સુધારવી એજ ધર્મ છે કોઇની કમજોરીનો લાભ ન લેવાવો જોઈએ પણ તેને સેવાર્થે સશકત બનાવવા જોઇએ.

કોઇપણ કાર્ય (સેવા) માટે આપણે બેસીએ તો ત્યાંથી ત્યારે જ ખસીએ જયારે આપણે તે સેવા બીજાને સોંપીએ પછી આપણે ત્યાથી હટીએ તો તે પ્રમાદ નહીં ગણાય અને તે શોભનીય તથા સેવા પ્રતિ આદર પણ ગણાશે. જીવન ન તો ખેલ છે ન હાંસી મજાક કિન્તુ એ જીવનમાં આવી જાય છે. એમ સેવા કરવાને પણ એવું ન સમજવું જોઇએ એજ તેના મહાત્મ્યનું જ્ઞાન છે પછી તેનાથી ઉત્પન્ન સ્નેહ જ ભકિતમાં પરિણત થાય છે, જે સ્વયં આનંદ એવું ભગવદ્રૂપ છે. એમાં એજ સેવાથી આપણે પરમાનંદનો અનુભવ કરવાનો છે એજ મહાનતમ સાધના યા આરાધના છે જે માનસીની નિકટ છે. ચિત્તવૃત્તીઓ પર આપણું નિયંત્રણ તેનાથી થાય છે, એનાથી જ નિરોધ પણ સિદ્ધ થવાની વિધિ આચાર્યશ્રીએ આપણને બતાવેલ છે. તેનું વ્યાવહારિક સ્વરૂપ આચરણ કરવાને માટે શોડષ ગ્રંથ, શિક્ષાપત્ર તથા અન્ય સ્થળો પર જોવાથી મલી આવે છે. આથી ધર્મથી વ્યવહાર પણ સીખવો જોઇએ સાથે નિષ્કપટ રહીને સમઝદારીથી કામ લેવું જોઇએ આ વાત અજબ જેવી લાગે છે કિન્તુ આ વિરૂધ્ધ ધર્માશ્રયી હોવા છતાં પરસ્પર વિરોધી નથી.

ચિન્તન કરીને જુઓ પછી અનુભવ કરો કે મનોબળ અને આસ્થા વધારો અને આપ નિર્વૈર રહીને પણ તેવું જ કામ કરી શકશો.

આવેલાનું સ્વાગત કરવું તે આપણો ધર્મ છે. અને તે ઉત્સાહથી કરવું જોઇએ, તેમાં કપટ અથવા સ્વાર્થ ન હોવા જોઇએ. તેમાં સાચો સ્નેહ હોય તો એનો પ્રભાવ સ્વયં બીજા પર પડશે અને આપને યશ અને પુણ્ય બન્ને મલશે. આ હૃદયપરિવર્તન કરવાની સરલ વિધી છે. અને તેનાથી મનની શકિત વધે છે. અને એનાથી વિપરીત થવાથી ઉદ્વેગ અને અવિશ્વાસ વધે છે. જેથી પહેલું કષ્ટ પોતાની જાતને જ થાય છે. જે અનુભવે જણાશે. સહુથી પહેલી સમજી લેવાની વાત એ છે કે ધર્મનું આચરણ વિવેક ઉપર આધાર રાખે છે જે વાત શ્રી વલ્લભાચાર્યજી આપણને સમજાવે છે. જેને સમજીને સાધના કરવાનો અભ્યાસ કરવો જોઇએ, આને માટે સાધના શિબિર યોજવી અને કયારેક કયારેક શનિ, રવિવારે કાર્યકર્તા શિબિર પણ રાખવી જેમાં મનોરંજન સાથે સાથે આનું પ્રશિક્ષણ આપ મેળવો. આનો યથોચિત ઉપયોગ થવાથી

શકિત મલે છે. અન્યથા ક્ષીણ થાય છે, જે આજે પ્રત્યક્ષ છે. આથી દુર્ભાવ લાવ્યા વીના વિચાર કરવાનો આપ અભ્યાસ કરી શકો છો. આ વિધિ વિચારક અને વ્યવહારકની સાથે સાથે ધાર્મિક માટે પણ આવશ્યક છે જેથી સાચા વિચાર અને નિષ્કર્ષ નિકળી શકે છે. નહીતર આપ પોતે જ બહેકી જઇ શકો છો આની ધાર્મિક અને વ્યવહારિક બન્ને પ્રેરણા આપ નવરત્ન ગ્રન્થના મનનથી લઈ શકો છો.

મુંઝવણ ત્યારે આવે છે જ્યારે આપણે ધર્મનો એક પક્ષીય વિચાર કરીએ છીએ અને તેના સ્વરૂપની વ્યાપકતાને નથી સમજતા. આજ રીતે ગ્રંથોમાં પણ ત્રણ પ્રકારની સૃષ્ટિ બતાવેલ છે અને ત્રિવિધાત્મક વિચાર છે ત્યારે વ્યવહારનું રૂપ પણ સેવા અને સ્વધર્મ સાથે એવું જ હશે જેથી તેમાં બધાના બધી પ્રકારના અર્થોના સરલ અને નિષ્કપટ ભાવથી સમન્વય થઇ શકે ત્યારે તો ભગવદિય જીવનમાં પણ ફલાત્મકતા લાવવાનો ઉપદેશ દીધેલો છે. અન્યથા આ જીવન જ નિષ્ફળ થઇ જતું. આપણી માન્યતા અથવા સમજ અલગ વાત છે કિન્તુ સાર્થક જીવનનો અર્થ તો તેનાથી ભીન્ન જ છે.

આગળ ચાલતા એ પણ આવશ્યક હશે કે આપણે સમાજની રચનાના જટિલ પ્રશ્નોને ધર્મ અનુસાર ઉકેલવા પ્રયાસ કરીએ અન્યથા આપણું જીવન અને સમાજ, નિધર્મક–સંસ્કૃતિહીન સભ્યતાથી ભ્રમિત થઇ જશે. આપ આનાપર સ્વયં અનુમાન કરવાનું કષ્ટ કરો. આમા આપણો વ્યવહાર, સંસ્કાર, આપસમાં લેણાદેવી બધું આવી ગયું. આનો વિચાર આવશ્યક છે આને વિચારીને સાહસ પુર્વક કોઇપણ વિધિનું આચરણ કરવું જોશે. બનવા જોગ છે કે સમાજમાં આપણી જ વ્યકિતઓ એને વિરોધ કરે પરંતુ ધર્મ અને સંસ્કૃતિની રક્ષા માટે એવું કરવું જ આવશ્યક હોય તો વિવેકથી એ ધર્માચરણ જ કહેવાશે. છતા પણ જીવનની મૌલિક મર્યાદાઓનો આપણે નિરંતર વિચાર કરવો જોઇશે એમ નહીં કરવાથી ભૂલથી ભટકવાનો સંભવ રહેશે. આ વાત આજે આપણે સામાજિક રીવાજોમાં જોઇ રહ્યા છઇએ.

જેમ આપણે વિચાર કરીએ છીએ તેવીજ રીતે આપણે ભગવાન યા દેવાધિદેવના સુખનો વિચાર કરવો જોઇએ. આ વાત એજ બતાવે છે કે આપણે બીજા પક્ષનો વિચાર કરીને જ પોતાનું કામ કરવાનું છે અને તેમના સુખને પહેલાં વિચારવાનું છે ત્યારે આપણે સાચાં કાર્યકર્તા અથવા ભકત અને સાચા અર્થમાં સેવક બની શકીએ છીએ. એક સાચા કાર્યકર્તા અને ભકતમાં વિશેષ ફરક નથી હોતો એમ સમજીને ચાલવું જોઇએ. એ બન્નેની દિશા એકજ છે. સ્થાન અલગ અલગ છે ભકતની પોતાની આકાંક્ષા શી છે તે જાણો અને ભકતના લક્ષણોને વ્યવહારમાં લાવવાનો વિવેકથી ઉપાય કરો તો આપમાં સહેજે ગુણોનો વિકાસ થઈ જશે. વાર્તા સાહિત્યમાં આવે છે કે ગજન ધાવન શ્રી નવનિત પ્રીયાજીની સાથે ખેલમાં ઘોડો પણ બન્યા અને તેના ગુણ ધર્મ પ્રકટ કરવા લાગ્યા તેનો એજ અર્થ છે કે આપણે કંઇ પણ તેવા બનવું પડી શકે છે ત્યારે પણ તેમાં આપણો મૂલ ઉદ્દેશ્ય તો પોતાને સ્થાને સ્થિર રહે છે, નહીતો તે સ્થાનેથી જ ડગી જાય.

આજે કંઇક એવું થઇ રહ્યું છે તેને માટે સાવધાનીની જરૂરત છે. ત્યારેજ આપણા મૂલ સ્વરૂપ અને અસ્તિત્વની રક્ષા નિર્ભેર ભાવથી થઇ શકે આજે આંતરીક સ્વરૂપ ખોવાઇ જઇ રહ્યું છે અને હવે બાહરી સ્વરૂપના દર્શનથી પણ આપણે સાચી મૌલિકતાનો અંદાજ નથી કરી શકતા આજ વિરોધાભાસ આપણા આચરણથી પ્રકટ થયેલ છે જેને હટાવવાથી આપણું કાર્ય નિશ્ચીત પણે સિદ્ધ થશે. આચાર્યશ્રીની વાણી અને ભગવાન પર આસ્થા રાખીને આપ આનાપર વિચાર કરી સ્વધર્મ સેવામાં તત્પર બનો એજ કામના છે. કંઇક વ્યક્તિગત અનુભવ અને સાધનાઓ આપને સુચિત કરી છે જેને અંગીકૃત કરવાનો પ્રયાસ કરો. શેષ ભગવત્ કૃપા

પુનશ્ચ; શ્રી ગજનધાવન ધાવનની વાર્તામાં શ્રી નવનિત પ્રીયજીની સાથે ખેલતા કયારેક તેઓ ઘોડો બનતા હતા, તે સમયે જેમ બાળકો ઘોડો વિગેરે બનીને તેનો અભિનય ખેલમાં કરે છે ત્યારે તે ખેલમાં તેની વાસ્તવિકતા સાકાર થઇને આનંદ દાયક ખેલ થાય છે એમજ આપણે મનુષ્ય છઇએ અને વૈષ્ણવ કાર્ય કર્તા છઇએ માટે એ વાતોનું સ્વરૂપ આપણી અંદર પ્રકટ થવું જોઇએ ત્યારેજ એ કાર્ય ખીલી ઉઠે છે અને સેવાથી આત્મસુખની પ્રાપ્તિ થાય છે. ▣

આ માસના ઉત્સવ

અષાડ સુદ ૧૧ તા.૯–૭–૮૪ સોમ દેવશયની એકાદશી વ્રત. ચાતુર્માસના વ્રતના નિયમનો આરંભ. ધારણા પારણા વ્રત.

અષાડ સુદ ૧૫ તા. ૧૩–૭–૮૪ શુક્ર વ્યાસ (ગુરુ) પુર્ણિમા કચોરી પુનમ મન્વાદિતિથિ. ચાતુર્માસ નિયમ આરંભ જો એકાદશીએ ન થયો હોય તો આજથી કરવો.

અષાડ વદ ૨ તા. ૧૫–૭–૮૪ રવિ. હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા ૧૭–૭–૮૪ મંગળ શ્રી ગોકુલનાથજીનો પાટોત્સવ (ગોકુલ) શ્રી ગોકુલચંદ્રમાજીનો પાટોત્સવ (કામવન)

અષાડ વદ ૮ તા. ૨૧–૭–૮૪ શનિ. જન્માષ્ટમીની વધાઇનો આરંભ.

અષાડ વદ ૧૦ તા. ૨૩–૭–૮૪ સોમ. શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૨૪–૭–૮૪ મંગળ. કામિની એકાદશી વ્રત. કુંજમાં હિંડોરા.

અષાડ વદ ૩૦ તા. ૨૮–૭–૮૪ શનિ. હરિયાળી અમાસ. દિવાસો.

શ્રાવણ સુદ ૩ તા. ૩૧–૭–૮૪ મંગળ ઠકુરાણી ત્રીજ. મધુસ્રવા–તૃતીયા.

શ્રાવણ સુદ ૫ તા. ૧–૮–૮૪ બુધ. નાગપાંચમ. શ્રીનાથજીની ડાબી ભુજાનું દર્શન (સં ૧૪૬૫)

શ્રાવણ સુદ ૯ તા. ૫–૮–૮૪ રવિ. બગીચા નોમ. નેકનો બગીચો. શ્રી ગોવિંદલાલજી કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

શ્રાવણ સુદ ૧૧ તા. ૭–૮–૮૪ મંગળ. પવિત્રા એકાદશી. પુત્રદા એકાદશી. સંયોગાત્મક મહારાત્રિ.

॥શ્રીનાથજી॥

શ્રીયમુનાજીના ૪૧ પદો (અર્થ સહિત)

શ્રી ગુસાંઇજી, શ્રી ગોકુલનાથજી, શ્રી રઘુનાથજી
પ્રભુતિ મહાનુભાવોનાં વિવેચનને આધારિત
સંગ્રાહક પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ-સુરત

પદ ૧ લું

પિય સંગ, રંગ ભરિ કરિ કલોલે,
સબનકો સુખદેન, પિય સંગ કરત સેન;
ચિત્તમેં તબ પરત ચેન, જબહી બોલે ૧
અતિહિ વિખ્યાત, સબ બાત ઇનકેહાથ,
નામ લેત હી, કૃપા કરિ અતોલેં;
દરસ કર પરસ કર, ધ્યાન હિયમેં ધરે,
સદા બ્રજનાથ, ઇન સંગ ડોલે. ૨
અતિહિ સુખકરન, દુઃખ સબન કે હરન,
યેહી લીનો પરન, દે જુ કોલેં;
એસી શ્રીયમુને જાન, તુમ કરો ગુનગાન,
'રસિક' પ્રીતમ પાયે નગ અમોલેં. ૩

અર્થ શ્રીયમુનાજી પ્રિયતમ શ્રીકૃષ્ણ સાથે ખૂબ આનંદ પુર્વક કલોલ (લીલા વિલાસ) કરી રહ્યા છે. પોતાના ભકતોને પરમ સુખ થાય, એજ આપની અભિલાષા છે, સ્વસુખનીતો આપને કલ્પના જ નથી. પ્રભુને પ્રસન્ન કરી ભકતોને સુખ થાય એ માટે વિનતિ કરે છે શ્રીયમુનાજીની સેવાથી પ્રભુ શ્રી યમુનાજીને વશ થાય છે અને પ્રભુ જ્યારે 'હા' કહે છે ત્યારે જ શ્રીયમુનાજીને ચેન પડે છે. ૧

પ્રસિદ્ધ વાત છે કે જીવનું (પુષ્ટિ ફળ સંબંધી સુખ) શ્રીયમુનાજીની કૃપા ઉપર જ અવલંબે છે. (અને એ સુખની પ્રાપ્તિ માટે) જીવ સ્નેહ અને શ્રદ્ધાપુર્વક શ્રીયમુનાજીનું નામ-સ્મરણ કરે, એટલાથી જ એ જીવ પ્રત્યે શ્રીયમુનાજી અતુલિત કૃપા વિચારે છે, વળી શ્રીયમુનાજીના દર્શન-સ્પર્શ (સ્નાન, પાન અને ચિંતન કરે, એટલાથી પણ શ્રીઠાકુરજી એ જીવની પાછળ-પાછળ ફરે છે. (શ્રીઠાકુરજીને આવો અનહદ સ્નેહ શ્રીયમુનાજી પ્રત્યે છે) ૨

શ્રીયમુનાજી ભકતોને અત્યંત સુખ આપી એના સર્વ પ્રકારના દુઃખો દૂર કરવા માટે સદા તત્પર છે. આપની આવી પ્રતિજ્ઞા છે, એટલે આપના આવા ગુણોને યાદ રાખી હંમેશાં એના ગુણગાન કરો. (પછી કોઇ ચિંતા કરવાની નથી) એટલે શ્રીહરિ રૂપી અમૂલ્ય રત્ન જીવને પ્રાપ્ત થયેલું જ છે. ૩

વિવેચન-શ્રી મહાપ્રભુજીએ ભૂતલ પર પ્રકટ થઇને ઘણા સ્તોત્રો પ્રકટ કર્યા, તેમાં સર્વ પ્રથમ 'શ્રીયમુનાષ્ટક' દ્વારા શ્રીયમુનાજીની સ્તુતિ કરી છે. આમ કરીને આપશ્રીએ જીવોને સાવધાન કર્યા છે, કારણ કે જીવો અનેક દોષોથી ભરેલા છે. "જીવો સ્વભાવતઃ દુષ્ટાઃ" એટલે જ્યાં સુધી જીવો નિર્દોષ બને નહીં ત્યાં સુધી ભગવદ્ પ્રાપ્તિ થઇ શકે નહિ. ॥નિર્દુષ્ટા હિ ભગવાન ગ્રહાતિ॥ ત્યારે જીવ પાસે કોઇ એવું સાધન નથી કે જેનાથી એ નિર્દોષ બની ભગવદ્ પ્રાપ્તિ કરી શકે. વળી પુષ્ટિમાર્ગ તો નિઃસાધનતાનો માર્ગ છે. ત્યાં સાધન એક માત્ર શ્રીયમુનાજીનું શરણ છે. લૌકિકમાં પણ ગમે તેવા ગંદા ખરડાયેલા બાળકને માતા પ્રથમ શુદ્ધ કરીને પછી પિતાને સોંપે છે, એ પ્રમાણે શ્રીયમુનાજી પણ અલૌકિક માતા છે.

જીવને નિર્દોષ બનાવી પ્રભુના શરણમાં સોંપે છે. ઘાસનું એક તણખલું કોઇ સાધારણ નદીમાં પડ્યું હોય, (શરણે ગયું હોય) તેને પણ એ નદી પોતાના સ્વામિ સમુદ્ર પાસે પહોંચાડે છે. તો પછી આપણાં ‘માતા’ શ્રી યમુનાજી પોતાના જીવને દયાના સાગર એવા શ્રીનાથજીના શરણે લઇ જાય એમાં આશ્ચર્ય શું ? ભકતને ભગવદ્ પ્રાપ્તિ કરાવી આપવી એ આપને આનંદ છે. પ્રતિજ્ઞા છે. પછી એનું શરણ છોડી કયાં જઇએ ?

સોરઠો

પ્રિયતમ સંગે રાસ, વ્રજ મંડળમાં ખેલતા,
સદ્‌ભાગી સહુ દાસ, દર્શનથી સુખીયા થયા.

(ક્રમશઃ)

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટેની કેસેટો

અ.સૌ. શ્રી નિકુંજલતા બેટીજી સંસ્થાપિત બૃહદ મુંબઇ વૈષ્ણવ મહિલા સમાજ તથા પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રીની પ્રેરણાથી શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા પુના શાખા દ્વારા પ્રસ્તુત ‘એકસપ્રેસ’ પુષ્ટિમાર્ગીય નિમ્ન કેસેટોને આવકારીએ છીએ.

૧. પુષ્ટિમાર્ગીય નિત્ય કિર્તન (સી–૯૦ રૂ. ૩૫–૦૦) સુપ્રસિદ્ધ કીર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાના કંઠે ગવાયેલ મંગલા થી શયન સુધીના પદોનો સમાવેશ છે.
૨. નિત્યલીલા (શ્રી હરિરાયજી કૃત), (સી–૯૦ રૂ. ૩૫–૦૦) તથા મુલપુરુષ અને આશ્રયના પદોનો સમાવેશ છે. કંઠ શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા અને શ્રીમતિ હાર્દિકા મહેતાનો છે.
૩. પુષ્ટિમાર્ગીય પુષ્પો (સી–૬૦ રૂ. ૩૦) ગોપગીત, અષ્ટાક્ષર ધૂન, શ્રી સર્વોત્તમજીનુ ધોળ, શ્રી યમુનાજીની આરતિ, આશ્રયના પદ વગેરેનો સમાવેશ છે.
૪. અને ૫. શ્રી યમુનાજીના ૪૧ પદ (સી–૯૦ / ૯૦ રૂ. ૭૦–૦૦)

ઉપરોકત ક્રમ ૩–૪ અને ૫ નું પદ્ય સાહિત્ય શ્રીમતિ હાર્દિકા મહેતા (સુતરીયા) ના કંઠે ગવાયેલ છે.

પોસ્ટેજ ફ્રી છે. માટે કીમતની થતી રકમ ડ્રાફટથી કે મ.ઓ. થી મોકલવાથી પોસ્ટ મારફત કેસેટો મેળવી શકાશે.

શ્રી રોહિત એન્ટરપ્રાઈઝેસ, એકસપ્રેસ બુક સર્વીસ
૨૪૩૫/૩ ઇસ્ટ સ્ટ્રીટ, પુના –૪૧૧૦૦૧

રાસ પંચાધ્યાયી : શ્રી નંદદાસજી કૃત–

ગુજરાતી અનુવાદ– શ્રી પ્રેમલાલ ગો. મેવચા.
પ્રકાશક– પ્રાપ્તિસ્થાન, વૈશ્વાનર કાર્યાલય ઝવેરી બજાર, પોરબંદર–૩૬૦ ૫૭૫
નોછાવર રૂા. ૮–૦૦ પોસ્ટેજ પેકીંગ રૂા. ૧–૦૦

શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના અ. ૨૬ થી ૩૦ સુધીના પાંચ અધ્યાયને ‘રાસ પંચાધ્યાયી’ તરીકે આપણે જાણીએ છીએ. મૂળ સંસ્કૃત શ્લોક આધારિત શ્રી નંદદાસજીએ આ રાસલીલાને પદ્યાત્મક રીતે વ્રજભાષામાં રચના કરેલ છે. તેમની આ કૃતિથી વૈષ્ણવ વર્ગ સુપરિચીત છે. તેનું સૌ કોઇ સમજી શકે તેવી શૈલીમાં સરળ ગુજરાતી ભાષામાં શબ્દાર્થ ભાવાર્થ સહ પુસ્તક રૂપે પ્રકાશિત કરવા બદલ શ્રી પ્રેમલાલભાઇને અભિનંદન.

સર્વેને પ્રભુ પ્રાપ્તિ કેમ થતી નથી?

ગો. શ્રી મટુલાલજી મહારાજના વચનામૃત

આ જીવ દેહ આરામી છે તેથી એમ જાણે છે જે દેહને સુખે સુખ અને દેહને દુઃખે દુઃખ એમ માને છે.

જેમકે આપણી સ્ત્રી આપણી સેવા ચાકરી કરે છે, ત્યારે તે આપણને પ્રિય લાગે છે અને છોકરાં પણ આપણું કામ કરે તો વહાલાં લાગે છે. વળી ઘણું દ્રવ્ય ખરચીને સારા સારા ઘર ચણાવે છે તે પણ આ દેહને સુખે કરે છે, અને જે દ્રવ્યનો સંગ્રહ કરે છે તે પણ પોતાના દેહને સુખે કરે છે. તે એમ જાણે છે કે આપણે વૃધ્ધ થઇશું ત્યારે ખાઇશું.

એ રીતે જે જે પદાર્થ પોતાના દેહને સુખ ઉપજાવે છે તે પ્રિય લાગે છે. માટે આ જીવ દેહનો સંબંધી છે તેથી તેને જન્મ મરણ છૂટતું નથી. માટે કેવળ અજ્ઞાનથી દેહના સુખે સુખ માને છે. કેમકે આ દેહ તો ખોટો છે. નાશવંત છે તેને આ જીવ એમ જાણે છે કે ખાધું પીધું તે પોતાનું છે એમ જાણીને જે રીતે દેહ સુખી થાય તે સાધન કરે છે ને આત્મા તથા પ્રભુનું સુખ વિચાર તો નથી માટે તેને દેહારામી જાણવા. હવે જે જીવ આત્મારામી છે તેની દેહને કોઇ મારે અથવા કાપે તો તેને દુઃખ લાગતું નથી, કેમકે તેને દેહને દુઃખે દુઃખ નથી, તેને તો આત્માને દુઃખે દુઃખ છે અને આત્માને સુખે સુખ છે. માટે તે દેહરામી કરતા આત્મારામીને ઉત્તમ જાણવા તે આત્મારામી કરતાં ભગવદીયને ઉત્તમ જાણવા.

હવે ભગવદીય કોને કહેવા તેનાં લક્ષણ કહે–છે જે વસ્તુ પ્રભુ આરોગ્યા હોય તે જ લેવી. વળી પ્રભુના પ્રસાદી શણગાર પહેરવા. પ્રભુને સુખે સુખ માનવું અને પ્રભુ આરોગે ત્યાર પછી પ્રસાદ લેવો, પણ તેની પહેલાં કાંઇ પણ વાંચ્છના રાખે નહી. કેમકે તેને ખાધા પીવાની તથા વિષય ભોગની કંઈ પણ અપેક્ષા નથી કેમકે આ જીવ પ્રભુથી ઉત્પન્ન થયો છે માટે જે વસ્તુ પ્રભુજી આરોગે તેજ લેવી પછી કોઇ વાતની ઇચ્છા રાખે નહી. કેમ જે દેહ, ઇન્દ્રિય, અંતઃકરણ સર્વે સમર્પણ કરીને આત્મ નિવેદની થયો છે, માટે સર્વે વસ્તુ સમર્પણ કરીને દાસ થઇને રહેવું વળી દાસને કોઈ વાતની ફિકર ચિંતા કરવી નહીં પ્રભુને સુખે સુખ અને પ્રભુને દુઃખે દુઃખ માનવું. વળી પોતાને કર્તા માનવો નહીં કર્તા તો એક પ્રભુને જાણે ત્યારે તેનું કામ થાય. માટે શ્રીહરિ વિના બીજો કોઇ કર્તા છે

નહિ. આ જીવ પોતે સ્ત્રી તથા છોકરાંનો ધણી થઈને બેઠો છે, એજ મોટો દોષ છે, કેમકે સર્વેનો ધણી તો શ્રીહરિ છે, તેથી એઓની શરણે જવું. જે હું કર્તા નથી, એક હરિને કર્તા માનવા, એમ નિશ્ચય કરીને હરિનો આશ્રય કરવો. બીજા કોઇનો આશ્રય કરવો નહીં.

તે કોની પેઠે જેમકે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક શેઠ પુરુષોત્તમદાસ તથા એક વિરક્ત મધુસુદનદાસ તેઓ એક પર્વતમાં ગયા હતા, ત્યાં એક સિધ્ધ આવીને તે વિરક્તને મણી દેવા લાગ્યો. ત્યારે વિરક્તે કહ્યું કે હું મણીને શું કરું! મને શેર ચુન જગદીશ આપે છે. પણ આ શેઠ ગૃહસ્થ છે જો તે મણી લે તો તેને પુછો ત્યારે શેઠે કહ્યું કે જો તમને શેર ચુન જગદીશ આપશે ત્યારે દશ શેર ચુન મને નહિ આપે શું? માટે જગદીશનો આશ્રય છોડીને મણીનો આશ્રય કોણ કરે, એ રીતે જો પ્રભુનો આશ્રય રાખે તો કામ થાય. વળી આ જીવ ગમે તેમ વર્તતો હોય તો પણ પોતાને સુખી માનીને બેઠો છે તે કહે છે કે આપણને તો જે મળ્યું તે ખરું, તે કેની પેઠે કે જેમ જુવારનો રોટલો મળે છે, ત્યારે કહે છે જો ભાઇ મારે છે, એવું કોઇનું નથી. કેમકે તેને ઘઉંના સ્વાદની ખબર નથી માટે એમ જાણવું જે સંતોષનું મૂળ તે સુખ, અને તાપનું મૂળ તે ફલ. કેમકે પ્રભુની લીલાનો પાર નથી, તે જેમ જેમ પુષ્ટિમાર્ગમાં પ્રભુને ચાહવાનો તાપ થાય તેમ તેમ તેને વધારે પ્રાપ્તિ થાય.

હવે જેને મકાઈનો રોટલો મળે છે તે એમ જાણે છે કે મારા જેવું સુખ કોઇને નથી. પણ તેને બાજરી તથા ઘઉંના સ્વાદની ખબર નથી. તે કોની પેઠે જેમ કોઇ નિર્ધન હોય તેને એક હજાર રૂપિયા મળે ત્યારે તે એમ જાણે કે મને પ્રભુ મલ્યા, કેમકે તેને લાખ રૂપિયાના સુખની ખબર નથી. તેમ આ જીવ ભગવાનની સેવા કરે છે તે એમ જાણે છે કે મને પ્રભુ મલ્યા. પણ જેની સાથે પ્રભુ સાક્ષાત વાતો કરતા હોય તથા સાનુભાવ જણાવતા હોય તો તેના સુખની ગણત્રી થાય? માટે આ જીવ જો આગળ આગળ ચાલે તો તેને વધુ પ્રાપ્તિ થાય. માટે એમ જાણવું જે આ પુષ્ટિમાર્ગમાં તાપ ભાવ મુખ્ય છે. તાપ ભાવ વિના કામ થાય નહિ.

* * *

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

(ગતાંકથી આગત)

તે પ્રતિજ્ઞા અગર એક સ્વરૂપ બધું હોય ત્યારે જ બની શકે છે...જેમ સુવર્ણ ખંડ અને સુવર્ણના ભૂષણાદિ બધું સુવર્ણ જ હોય તો એક સુવર્ણના જ્ઞાનથી બધાનું જ્ઞાન થઇ શકે છે. એવી જ રીતે આ બધું જગત અગર બ્રહ્માત્મક હોય તો જ એક બ્રહ્મ વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન થઈ શકે છે માટે એક બ્રહ્મ વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન થવાને માટે 'સદેવ સૌમ્યેદ' અહીંથી લઇ 'એતદાત્મ્યમિદ સર્વમ' અહીં સુધી સર્વ પ્રપંચને બ્રહ્માત્મક કહ્યો છે, અર્થાત્ આરૂણિએ પુત્રને બ્રહ્મજ્ઞાન કરાવવા વાસ્તે વડનું એક ફળ મંગાવી ફોડાવ્યું અને પછી પૂછયું કે 'આમાં તું શું જુએ છે ? તો તેણે કહ્યું કે, ન્હાનાં ન્હાનાં બીજ જોઉ છું.' ગુરૂએ ફરી કહ્યું કે 'એમાંથી એકને લઇ તેને ફોડ,' તેણે તેમ કર્યું. ગુરૂએ ફરી પુછયું કે 'હવે તું શું જુએ છે ?' તેણે કહ્યું કે હવે કંઈ દેખાતું નથી.' ત્યારે ગુરૂ બોલ્યા કે હે પુત્ર ! જેમ ન દેખાતાં આ અણુરૂપ બીજથી સમગ્ર વૃક્ષ બન્યું છે, તેમજ અજ્ઞાનીઓથી ન પ્રત્યક્ષ થતા તે પરમાત્માથી જ આ બધું જગત બન્યું છે અને બ્રહ્માત્મક છે, અહીં પુત્રને જડ જગતને વિનાશી જોઇ બ્રહ્મરૂપ ન હોવાની શંકા થઈ આવી ત્યારે તે શંકાને દુર કરવા કાજે આગળ કહ્યું કે 'તત્સત્યં' અર્થાત આ બધું સત્ય છે. આવી રીતે જડ પદાર્થ (પૃથ્વી આદિ) ને બ્રહ્માત્મક કહી જીવને પણ બ્રહ્માત્મક કહે છે. 'તત્ત્વમસિ' અર્થાત હે શ્વેતકેતુ ! ત્વં તુચેતન તત અસિ અર્થાત બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મ છે, બ્રહ્માત્મક છે, જેમ 'એતદાત્મ્યમિદં સર્વે' અહીં લક્ષણા નથી તેમ 'તત્ત્વમસિ' અહીં પણ લક્ષણા નથી અને 'તત્ત્વમસિ' આટલો વાકયનો ટુકડો બ્રહ્મ તથા જીવનો અભેદ કહી રહ્યું છે, માટે બધું સમગ્ર પ્રપાઠક જડ, જીવ, બ્રહ્મનો અભેદ કહી રહ્યું છે, માટે બધું પ્રપાઠક મહાવાકય છે, અગર થોડો ટુકડો જ બ્રહ્માત્મક નિરૂપક તથા મહાવાકય છે. આમ માનો તો વાકય ભેદ તથા ઉપક્રમ વિરોધ આવી પડશે, અને એટલા માટે જીવ બ્રહ્માત્મક હોવાથી આભાસ થઇ

શકતો નથી. યાદિ જીવ આભાસ અલીક હોય તો સત્તાવાચક (હોવું-થવું) 'અસિ' આવું પદ ન કહેત માટે જીવ બ્રહ્માભાસ છે આ કલ્પના પણ આકાશનાં ફુલોનો હાર બનાવવા જેવી છે.

શુદ્ધાદ્વૈત મતમાં જીવનું સ્વરૂપ

અહીં એવો પ્રશ્ન થાય છે કે જ્યારે જીવ આભાસ નથી, ઔપાધિક નથી. પ્રતિબિંબ નથી તો શું છે ? તો એનો ઉત્તર એ છે કે જીવ બ્રહ્મનો અંશ છે, કારણ કે શ્રુતિમાં 'પાદોઅસ્ય વિશ્વા ભૂતાનિ' વિશ્વ માત્ર ભગવાનનો અંશ છે. આ વાકયથી જડજીવાદિને અંશ કહ્યાં છે, અહીં બ્રહ્મ નિરવયવ છે. અર્થાત્ અવયવ વગરનું છે, તો પછી જીવ તેનો અંશ કેમ થઇ શકે ? આવી શંકા પણ ન કરવી, કારણ કે બ્રહ્મ લૌકિક પ્રમાણગમ્ય નથી પરંતુ 'તં ત્વૌપનિષદં પુરૂષં પૃચ્છામિ' સર્વે વેદા યત્પદમામનન્તિ 'વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ' ઇત્યાદિ શ્રુતિ, સ્મૃતિઓની અનુસાર કેવળ વેદ માત્ર જાણી શકાય છે અને તે શ્રુતિ સ્મૃતિઓમાં જીવને બ્રહ્મનો અંશ કહ્યો છે.

શ્રીમદ્‌ભગવત ગીતામાં ભગવાન શ્રીગોકુલેન્દુ પણ આજ્ઞા કરે છે, 'મમૈવાંશો જીવ લોકે, જીવભૂતઃ સનાતનઃ અર્થાત્ જીવત્વને પ્રાપ્ત થયેલો મારો જ સનાતન અંશ જીવલોકમાં છે, જીવો બ્રહ્મણાઅશ એવ, કુતઃ ? નાનાવ્યપદે શાત્, નાનાવિધો યો વ્યપદેશઃ, કવચિદ્ બ્રહ્મત્વેનેત્યાદિ અથવા નાનાવ્યપ દેશાજ્વેદેન વ્યપદેશાત્ તથા શ્રુતિમત્યથાગ્રેઃ ક્ષુદ્રા બિસ્કુ । વિદ્વનમંડનમ્ ભગવાનના જ્ઞાનાવતાર શ્રી વેદ વ્યાસજી પણ સંદેહ નિવારક પોતાની સૂત્રમય ઉત્તરમીમાંસામાં 'અંશો નાનાવ્યપદેશાત્' આ સૂત્રમાં કહે છે કે વેદમાં કોઇ સ્થળે જીવને બ્રહ્મ કહ્યો છે. કયાંક ઉત્પન્ન કહે છે, કોઇ જગ્યાએ અજ્ઞ કહ્યો છે. કયાંય ચિદ્રુપ, દાસ અને જ્યારે કયાંક તો અણું બતલાવ્યો છે. આવી રીતે અનેક પ્રકારે કહેવાથી જીવ બ્રહ્મનો અંશ જ છે. અર્થાત્ પુર્વોકત વિરૂદ્ધ ધર્મો બ્રહ્મને છોડી બીજામાં સંભવે નહિ, અને જીવ બ્રહ્માંશ છે માટે તેને એમજ (અંશ) કહેવો યુકત છે અથવા યથાગ્નેઃ ક્ષુદ્રા વિસ્ફુલિંગા તદેતત્સત્યમ' ઇત્યાદિ પુર્વોકત શ્રુતિઓમાં બ્રહ્મથી અનેક જીવો નિકળે છે અને ફરી કાળાંતરમાં તેમાંજ આવી મળે છે,' આવો નાના વ્યપદેશ કર્યો છે. અર્થાત્ બહુવચન આપી અનેક કહ્યાં છે, માટે જીવ બ્રહ્મનો જ અંશ છે, જેમ અગ્નિનો અંશ વિસ્ફુલિંગ (તણખલો) દાહક હોવાથી અગ્નિ કહેવાય છે, તેમ જ બ્રહ્માંશ હોવાથી જીવ

પણ બ્રહ્મ કહેવાય છે જેમ લોકમાં રાજાના અમાત્ય (પ્રધાન) વીગેરે પણ રાજ કહેવાય છે. તેમ જ જીવમાં પ્રમાતૃત્વ, જ્ઞાતૃત્વ વિગેરે ભગવદ્ધર્મ હોવાથી તે બ્રહ્મ કહેવાય છે.

એ તો અમે પહેલાં જ કહી આવ્યા છીએ કે ભગવદિચ્છાથી આનંદનો તિરોભાવ થયા બાદ આ જીવના ઐશ્વર્યાદિ સ્વાભાવિક ગુણો પણ તિરોભાવને પામે છે. માટે જ વ્યામોહિકા ભગવન્માયા એને (જીવને) મોહિત કરે છે. જે મોહમા આવી આ જીવ પારકી ક્ષણિક વસ્તુઓમાં અહંતા, મમતા, સત્ય નિત્ય પદાર્થોમાં મિથ્યાભાવના પરસ્પર રાગદ્વેષ વિગેરે કરવા મંડી પડે છે. અગર અહીં એવી શંકા થઇ આવે કે જ્યારે ભગવાનના ઐશ્વર્યાદિ ગુણોને તિરોહિત કરી તેને મિથ્યાજ્ઞાન વિગેરે દોષયુકત કરે છે તો ભગવાનમાં 'ઉપસ્થિત હાનિ' અને 'અકૃતાભ્યાગમ્' આ બે દોષો લાગુ પડશે. તો તેનો એટલો જ ઉત્તર છે કે આ દોષો જીવનાં કાર્યમાં જ ગણાય છે. અથવા જીવનાજ કાર્યમાં ગણાય છે અથવા જીવના જ દૂષણ કહેવાય છે, કારણકે લોકમાં એવુંજ જોવામાં આવે છે. સ્વતંત્ર રાજામહારાજા લોક, ઉત્તમ અને વિચિત્ર પ્રાકાર (કોટ) (પુરદ્વારનગર-ફાટક) પ્રાસાદ (મહેલ) વિગેરેને તોડાવી ત્યાં બગીચા મેદાન વિગેરે બનાવી દે છે અને કયારેક તો સેવકના ઐશ્વર્યાદિ ઝૂંટવી લે છે અને વળી પાછા સેવાદિથી સંતુષ્ઠ થઇ તેને તેનાથી બમણુ ને ત્રણગણું પણ આપી દે છે, લોકમાં આ તેનું કર્મ દોષરૂપ લેખાતું નથી પણ ઉલટી તેની બડાઇ કરે છે, જ્યારે થોડી સ્વતંત્રતાવાળા જીવમાં પણ આ કામ દોષરૂપે ટંકાતું નથી તો પછી સકલ ત્રિલોકના નિયંતા, કારણના પણ કારણ, જગદીશ્વર, ભગવાનની આવી અવનવી અને રસમયી ક્રીડાઓમાં આવી શંકા થવી જ અસંભવિત છે, આપશ્રીએ ગીતામાં પણ આજ્ઞા કરી છે કે 'મત્તઃ સ્મૃતિજ્ઞાનમપોહનંચ' અર્થાત્ જગતને મારામાંથીજ જ્ઞાન અને સ્મૃતિ મળે છે અને હું જ કયારેક તેનો તિરોભાવ પણ કરી નાંખું છું, એ માટે જીવ બ્રહ્મનો અંશ છે, આ પક્ષમાં કોઇ પણ જાતનો દોષ આવતો નથી માટે આ જ પક્ષ શ્રુતિ સ્મૃતિ વગેરેથી સંમત છે.

જે લોકો જીવને વ્યાપક માને છે, તેઓના મતમાં વેદવિરોધ સ્પષ્ટ જ ઝળકી ઊઠે છે કારણકે વ્યુચ્ચરણશ્રુતિના વ્યુચ્ચરન્તિ સર્વે આત્મનઃ સર્વે જીવાઃ વિગેરે પદોમાં જીવને બહુવચનનો નિર્દેશ કર્યો છે, અગર જીવ વ્યાપક હોત તો બહુવચન નિર્દેશ ન કરત પરંતુ એકવચન જ કહેત અને યતો વા ઈમાનિ આ કારણ પ્રતિપાદક શ્રુતિમાં પણ કહ્યુ છે કે

અનેક જીવો ભગવાનથીજ પેદા થાય છે અને તેમાંજ લીન થઈ જાય છે. યદિ જીવ વ્યાપક હોય તો અહીં પણ તેને માટે બહુવચન કેમ કહેત? અને વેદમાં જીવના જે ઉત્ક્રમણ, ગમન, આગમન, વિગેરે કહ્યાં છે તે પણ વ્યાપક પક્ષમાં વિરૂધ્ધ પડે છે. અને અંશ માનવાથી તો બધોજ વિરોધ દુર થઇ જાય છે. માટે જ શ્રુતિ, સ્મૃતિ, સૂત્ર, તથા યુકિતઓથી પ્રતિપાદિત અને પોષાયેલો પક્ષ તો 'જીવ બ્રહ્માંશ છે, એજ છે.

જીવ પરિમાણ

અંશ હોવાથી જીવ અણુ પણ છે. વેદમાં કહ્યું છે કે–

એષોઅણુરાત્મા ચેતસા વેદિતવ્યો ।
યસ્મિન્પ્રાણ પંચધા સંવિવેશ ॥ શ્રુતિ
બાલાગ્રશતમણસ્ય શતધા કલ્પિતસ્ય ચ ।
ભાગો જીવઃ સ વિજ્ઞેય! સ ચા અનન્ત્યાય કલ્પતે ॥ શ્રુતિ

બીજુ પણ પ્રમાણ વાકય !–

નિત્યઃ સર્વંગતસ્વશ્ચાસૌઅણુશ્ચ, સ્વર્ંગત સ્થાણુરચલો અયં સનાતન (શ્રીમદ્ ભગવદ્ગીતા) અગર આવો સમાસ માનવામાં ન આવે તો અચલ અને સ્થાણુ આ બે એકાર્થંક શબ્દ હોવાથી પુનરૂકિત થઇ જશે.

અર્થાત્ અણુપરિમાણ જીવ, ભગવત્કૃપાયુકત શુધ્ધ મનથીજ જાણી શકાય છે, જેનો પ્રવેશ થયા પછી પ્રાણ પાંચ પ્રકારે પ્રવેશ કરે છે. વાળના સોમાં ટૂકડાનાં પણ અગર સો ટુકડા કરાય તો તેના એક ભાગની બરાબર જીવનું પરિમાણ થાય છે. આ જીવ નિત્ય છે સર્વ દેહમાં વ્યાપ્ત છે, અણું છે, વિનાશ્ય નથી, તથા ઘણો પ્રાચીન છે. અહીં 'સચાનન્ત્યાય કલ્પતે અર્થાત આનંદાંશનો આવિર્ભાવ થયા પછી આ જીવ વ્યાપકતાને પામે છે.

(ક્રમશઃ)

શ્રી વલ્લભ સુધાનું લવાજમ રૂ. ૧૦/– તુરત મોકલાવો

શ્રી વલ્લભ સુધામાં પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧/– મોકલી સર્વેને આપના ભગવદ્ સ્મરણ પહોંચાડો.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212

ધોળ

મીઠા વલ્લભ ને મીઠા શ્રીનાથજી રે લોલ,
એથી મીઠેરા એના જનંજો ....
વલ્લભીની જોડ સખી નહિ મળે રે લોલ. ટેક
વલ્લભના પ્રેમ તણી પત્રિકા રે લોલ,
જગથી જુદેરી એની જાત જો .... વલ્લભીની જોડ ૧
અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વહાલના ભરેલ એના નેણ જો ... . વલ્લભીની જોડ ૨
હાથ જોડે છે ઘણા પ્રેમથી રે લોલ,
હૈયે આનંદ ઘણો ઉભરાય જો.... .... વલ્લભીની જોડ ૩
ગંગાના નીર તો વધે ઘટે રે લોલ,
સરખો છે પ્રેમનો પ્રવાહ જો .... વલ્લભીની જોડ ૪
જનનો આ સંઘ બેની દોહ્યલો રે લોલ,
વલ્લભે સિંચેલ નીજ રસ જો .... વલ્લભીની જોડ ૫
વરસે ઘડીક નભ વાદળી રે લોલ,
વલ્લભી વરસે બારેં માસ જો .... વલ્લભીની જોડ ૬

卐

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક,
અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेहिसन्मार्गरक्षकः

શ્રી વલ્લભ સુધા

(રાગ સારંગ)

આજ નંદરાય કે આનંદ ભયો
નાચત ગોપી કરત કુલાહલ મંગલ ચાર ઠયો
રાતી પીરી ચોલી પહેરે નૌતન ઝુમક સારી
ચોવાચંદન અંગ લગાયે સેંદુર માંગ સંવારી
માખન દૂધ દહયો ભરી ભાજન સકલગ્વાલ લે આયે
બાજત બેન પખાવજ મહુવર ગાવત ગીત સુહાયે
હરદ દૂબ અક્ષત દધિ કુમકુમ આંગન બાઢી કીચ
હસત પરસ્પર પ્રેમ મુદિત મન લાગ લાગ ભુજ બીચ
ચહું વેદધુનિ કરત મહામુની પંચશબ્દ ઢમ ઢોલ
પરમાનંદ બઢયો ગોકુલ મેં આનંદ હૃદે કલોલ

વર્ષ ૩ : અંક ૫ , * ઓગસ્ટ, ૧૯૮૪ * શ્રી વલ્લભાબ્દ ૫૦૬

ગો. શ્રી વિઠ્ઠલેશજીકૃત ગીતાર્થસંગ્રહઃ

(ગુજરાતી ભાષાંતર)

અનુવાદ : પ. ભ. શ્રી મગનભાઈ તન્ના
બી.એ. (ઓનર્સ), કોવિદ

(શ્રીમદ્ ભગવદ્ પ્રાદુર્ભાવ મહોત્સવ–જન્માષ્ટમી પ્રસંગે વિશેષ લેખ)

ગીતાર્થસંગ્રહઃ એટલે શ્રી ગીતાજીનો વિષય ટૂંકમાં, એમ અર્થ છે.

પ્રવૃત્તિધર્મં ભગવાન્ ઋષિદ્વારા નિરૂપ્યતુ ।
નિવૃત્તિમિષ્ટાં સુદૃઢાં નિઃસંદિગ્ધાં હરિર્જગૌ ॥ ૧ ॥

અત્યંત સ્થિર અને શ્રેયસ્કર નિવૃત્તિધર્મ, શંકા ન રહે તેવી રીતે ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં ગાયો છે. પ્રવૃત્તિધર્મનું પાલન ભગવાન વ્યાસજી દ્વારા અત્યંત ધ્યાનપૂર્વક થાઓ. ॥ ૧ ॥

સાંખ્યં યોગો રહસ્યં ચ રહસ્યતમમેવ ચ ।
અન્યોન્યાધિકયનિર્ધારો જ્ઞાનવિજ્ઞાનયોરપિ ॥ ૨ ॥

સાંખ્ય અને યોગ ઉપરાંત ઉપનિષદો આત્યંતિક રીતે જ ગૂઢ અર્થથી ભરેલાં છે, અને વિજ્ઞાન એકબીજાથી અધિક હોવાનો પણ તેમાં નિર્ધાર છે. ॥ ૨ ॥

સ્વસ્વરૂપનિર્ધારો ભજનેતરનિર્ણયઃ ।
તદ્ધેતુર્ગુણવૈષમ્યં સર્વશાસ્ત્રવિનિર્ણયઃ ।। ૩ ।।

ભગવાનના સ્વરૂપની નિશ્ચિતતા તેમાં વિચારાયેલી છે. ભકિત અને જ્ઞાનનો નિર્ણય તેમાં કરાયો છે. સૃષ્ટિનું કારણ સત્ત્વાદિ ગુણોની વિષમતા છે અને બધાં શાસ્ત્રોનો ચોકસ નિર્ણય તેમાં થયો છે. ।। ૩ ।।

ઇતિ ગીતાર્થં નિર્ધારો યથા ભાગં વિતન્યતે ।
સાંખ્યયોગૌ નિરૂપ્યાદૌ મોહમુત્સાર્ય ફાલ્ગુનમ ।।૪।।

પ્રારંભમાં સાંખ્ય અને યોગનું નિરૂપણ કરીને, અર્જુનનો મોહ નષ્ટ કરીને, એ પ્રમાણે ગીતાજીમાં વર્ણિંત વિષયની નિશ્ચિતતા જે તે સ્થળે સિદ્ધ કરાયેલી છે. ।।૪।।

ભકિતપીયૂષપાતારં કૃતવાનિતિ સંગ્રહઃ ।।૪½।।

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ભકિતરૂપી અમૃતનું પાન કરાવ્યું. એ પ્રમાણે ગીતાજીનો અર્થસંગ્રહ પૂરો થયો. ।।૪½।।

શ્રી વલ્લભ સુધાનું લવાજમ રૂ. ૧૦/– તુરત મોકલાવો

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઈ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

❋

વર્ષ ૩ : અંક ૫
ઓગષ્ટ, ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૬

"પરિષદ" પ્રવૃત્તી

ગોધરા ખાતે આં. રા. પુ. વૈ. પરિષદની ગુજરાત પ્રાંતિય કારોબારી સમિતિની મીટીંગ તા. ૧૫-૭-૮૪ને રવીવારે. પ. ભ. શ્રી ઈન્દ્રકાન્ત ત્રીકમલાલ શેઠ (અમદાવાદ)ના પ્રમુખસ્થાને મળેલ જેમાં ગુજરાતીના આદ્ય કવિ ભક્ત શીરોમણી શ્રી નરસીંહ મહેતાના કાવ્યો જે ગુજરાતી સાતમા-આઠમાં ઘોરણના પાઠયક્રમમાંથી રદ કરવામાં આવ્યાં છે તેનો સખ્ત વિરોધ કરવામાં આવેલ અને સમાજને આંદોલન કરવું પડે તે પહેલાં શ્રીનરસીંહ મહેતાના કાવ્યોનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવા અનુરોધ કરેલ. તથા ભારતમાં વિશિષ્ટ પ્રકારનો સંપ્રદાય સ્થાપિ શુધ્ધાદ્વૈત સિધ્ધાંત રજુ કરનાર શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પાઠને અભ્યાસક્રમમાં દાખલ કરવા રાજ્ય પાઠય પુસ્તક મંડલ તથા સરકારને અનુરોધ કરવામાં આવેલ વળી યુનીવર્સિટી ક્ષેત્રે શુધ્ધાદ્વૈતનો વિષય દાખલ કરવા યુની. કુલપતિશ્રીને વિનતિ કરવામાં આવેલ.

આ સમિતિ તથા શાખાના કાર્યકર્તા સંમેલન પ્રસંગે પ્રથમ પીઠાધિશ્વર પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ પ્રથમેશજીએ જાહેર સભામાં વચનામૃત કરતાં જણાવેલ કે "સ્વધર્મના રક્ષણ માટે વૈદિક પરંપરાને અનુલક્ષીને પ્રસ્થાપિત પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રસાર અર્થે તથા સમાજમાં આત્મીયતાનો ભાવ જાગૃત કરવા હવે વૈષ્ણવ સમાજે સંગઠીત બનવું જોઈશે"

આ પ્રાંતિય કારોબારી તથા શાખા કાર્યકરોની મીટીંગમાં લગભગ સવાસો વૈષ્ણવોએ ભાગ લીધેલ જેમાં મુખ્ય મુખ્ય પ. ભ. સર્વશ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ, (અમદાવાદ) માણેકલાલ ગાંધી (કાલોલ) કલ્યાણદાસ ભાટીઆ પ્રો. શાન્તીભાઈ બાંભણીયા (અમદાવાદ) પ્રો. ચીમનભાઈ શેઠ (કપડવંજ) વિઠ્ઠલદાસ શાહ (છોટાઉદેપુર) કંચનલાલ ગાંધી (વડોદરા) ડાહ્યાભાઈ કંસારા (રાજકોટ) જગદિશભાઈ કટારીયા (માંડવી-કચ્છ) પોપટલાલભાઈ (જુનાગઢ-બીલખા) ઈન્દ્રજીતભાઈ

(કડી) પ્રીન્સીપાલ જે. એ. શાહ (કલોલ) પ્રીન્સીપાલ વી. પી. પરિખ (બોડેલી) ડો. જીવનલાલ શાહ (હાલોલ) હરિભાઈ શાહ (દાહોદ) કંચનલાલ દરૂ (ડભોઈ) વગેરે તથા કેન્દ્રીય સંગઠન મંત્રી શ્રી દ્વારકાપ્રસાદ પાટોદીયાજી વગેરે અગ્રણીઓએ હાજરી આપેલ.

બહારગામથી આવેલ વૈષ્ણવોના સ્વાગતની વ્યવસ્થા પરિષદની ગોધરા શાખાએ સુંદર કરેલ. પ. ભ. શ્રી મહેન્દ્રભાઈ નાથજીભાઈ પરિખે પ્રસાદની સરસ વ્યવસ્થા કરેલ.

શ્રી લક્ષ્મીપ્રસાદ એમ. શાહને આં. રા. પુ. વૈ. પરિષદના કોષાધ્યક્ષ તરીકે નિયુકત કર્યાની જાહેરાત કરવામાં આવી હતી.

આં. રા. પુ. વૈ. પરિષદ ગુજ. પ્રદેશના ઉપપ્રમુખ પ. ભ. શ્રી કાન્તીલાલ મગનલાલ શાહ હરિશરણ થયાના સમાચારથી કારોબારીએ હાર્દિક શ્રદ્ધાંજલી અર્પણ કરેલ શ્રી કૃષ્ણાશ્રયના પાઠ કરવામાં આવેલ.

અનુકરણિય : શ્રી વલ્લભ સુધા પ્રકાશનમાં નિચે મુજબ સહાયતાનો સહર્ષ સ્વીકાર કરીએ છીએ.

રૂા. ૫૧ વઢવાણ સીટી નીવાસી કંસારા ધીરજલાલ અમૃતલાલના સુપુત્ર ચિ. સુભાષભાઈના વેવિશાળ પ્રસંગે.

રૂા. ૫૧ રાજકોટ નિવાસી કંસારા કસ્તુરચંદ ખેતશીભાઈના ચી. ડાયાભાઈની સુપુત્રી ચિ. ચંદ્રીકાબેનના વેવિશાળ પ્રસંગે.

રૂા. ૨૫ વઢવાણ નિવાસી કંસારા ચતુરદાસ કલ્યાણજીભાઈના ચિ. રમણલાલના સુપુત્ર જયસુખલાલના વેવિશાળ પ્રસંગે.

રૂા. ૨૫ રાજકોટ નિવાસી સોની ગોકુલદાસ ગગુભાઈની સુપુત્રી ચી. શ્યામલત્તાબેનના વેવિશાળ પ્રસંગે.

દૃઢાશ્રય

[પોરબંદરવાળા નિ. લી. પૂ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીએ ધોરાજી તા. ૧૦-૧૨-૧૯૫૬ ની સભામાં કરેલ વચનામૃત.]

પરમ ભાગ્યવાન વૈષ્ણવ ભાઇઓ અને બહેનો,

આજે આપણે શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈજીએ કહ્યા મુજબ "શરણસ્થ સમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપ્યામ્યહમ્" એ વિષય ઉપર જઇશું. હે પ્રભુ અમે આપને શરણે આવ્યા છીએ. આ શરણમાર્ગની અંદર જે સિદ્ધિ રહેલી છે, તે આપણે સમજવાનો પ્રયત્ન કરવાની જરૂર છે.

હવે શરણે કોણ આવે? જે ચારે બાજુથી ઘેરાય ગયેલ હોય, જેને બીજો માર્ગ ન મળતો હોય, જે પરવશ થઇ ગયેલ હોય, જે આધિ, વ્યાધિ અને ઉપાધિ તેમ ત્રિવિધ તાપથી બળી રહ્યો હોય તે શરણે આવે. પણ જેને અવલંબન હોય, ધન-દોલત હોય અને મદ અહંતાથી ભરેલ હોય તો મહારાજા પાસે જાય ખરો? પણ જ્યારે કંટાળીને થાકે ત્યારે કહે "હે પ્રભુ! પાહિ મામ - પાહિમામ - હે પ્રભુ મારૂં રક્ષણ કરો." જે રોગથી પીડાતો હોય તે વૈદ પાસે જાય.

જીવને માયારૂપી કાટ લાગી ગયા પછી તે કયું ખરાબ કર્તવ્ય આચરે છે, તેની તેને સુધ હોતી નથી. જેમ ગટરમાં રહેલ કીડો ખૂબ દુર્ગંધ તથા અશુદ્ધિની દરકાર ન કરતાં તેની અંદર રહેવામાં આનંદ માને છે કે તે કીડાને જોવાથીં તમને તાપ થશે અને કહેશો કે હે પ્રભુ ! આ જીવે શા પાપ કર્યા હશે ? તેને અસહ્ય દુર્ગંધ છે અને કચરામાં જ જીંદગી કાઢવાની છે. પરંતુ તે કીડાને ભાન હોતું નથી કે ગંદકી છે. અત્યારે આપણી દશા પણ લગભગ તેવીજ છે, કારણ કે આપણે ગુરુદેવે બતાવેલ માર્ગ ભૂલી રહયા છીએ. આપણી શ્રદ્ધા દિવસે દિવસે અસ્ત પામતી જાય છે. કાંઇ સારૂં કામ થાય તો એ તો મેં કર્યું છે, મહેનત કેટલી કરી છે, કામ સારૂં કેમ ન થાય ? આવો ગર્વ અનુભવવામાં આવે છે. જયારે કામ બગડે ત્યારે હે ! ભગવાન ! આટલું આટલું દુઃખ પડે છે, તો પણ સામું નથી જોતાં ? શું તમારા રાજયમાં આવો ન્યાય છે ? આમ ઇશ્વરને દોષિત કરે છે. તેઓને હું પુછું છું કે તમોએ આત્માના કલ્યાણ માટે કાંઇ કર્યું છે ? દઢાશ્રય છે ? જો તમે દઢ આશ્રય રાખો તો તમારી લાજ એના હાથમાં છે. આપણા પ્રભુ પુર્ણપુરૂષોત્તમ જેણે દુષ્ટ લોકોનો પણ ઉદ્ધાર કર્યો છે. તો પછી તમે એને ભજો તો છો ને ? તો જરૂર એ તમારો ઉદ્ધાર કરશે. પરંતુ તમને એનાં ઉપર ભરોસો છો ? આશ્રય સિદ્ધ કરવા માટે મનને સ્થિર કરવાની જરૂર છે. તમે જોયું હશે કે ઘણા લોકો દોરા ધાગા, મંત્ર જંત્ર વગેરેનો આશ્રય લીએ છે. આ શું બતાવે છે ? આ છે આપણો અત્યારનો વિશ્વાસ !

અર્જુને ગીતાજીના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે **"ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્ દઢમ્; તસ્યા હં નિગહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્"** અને ભગવાને પણ સ્વમુખથી આ નિર્ણયનું સમર્થન કર્યું છે ખરી વાત એ છે કે **"મન એવ મનુષ્યાણાં કારણ બંધ મોક્ષયોઃ"** દયારામભાઇએ પણ કહેવું છે–**"મનજી મુસાફર રે ! ચાલો નિજ દેશ ભણી."**

મન એકાદશ ઇન્દ્રિયોનો ઇન્દ્ર છે. **"ચીફ કમાન્ડર"** છે. શાસ્ત્રકારોએ બતાવ્યું છે કે મન, બુદ્ધિ અને ચિત્ત અને અહંકાર, આ ચારે વસ્તુ દરેક વ્યકિતમાં રહેલ છે. અંતઃકરણ ચતુષ્ટય નામનો પદાર્થ દરેકમાં વસે છે. હવે મન અને બુદ્ધિ એ જુદી વસ્તુ છે. જયારે ચિત્ત પણ જુદી વસ્તુ છે, પણ તે સૂક્ષ્મ છે. તમે કહેશો કે અહંકાર વગેરે શા માટે રાખવામાં આવ્યા છે ? તેનો પ્રત્યુત્તર બહુ સુંદર છે. આ વસ્તુઓ ભગવાને આપણુને વિચારીને આપેલ છે. એનો સદ્ઉપયોગ કરવાનો છે માટે આપેલ છે.

એક દષ્ટાંત છે, તમે સત્સંગ કરેલ હોય, શાસ્ત્રો જોયેલ હોય તેનો અનુભવ તમને જરૂર થાય. હવે તમે કોઇ એક ધોરી માર્ગ ઉપર જઇ રહ્યા છો. ચાલતાં ચાલતાં રસ્તામાં એક વેશ્યાનું મકાન રસ્તા ઉપર આવે છે, તેમાં ખુબ ગાનતાન ચાલે છે અને સંગીતની મહેફીલ જામી છે. ચાલતા ચાલતા તમારૂં મન અટકયું, તમે ઉભા રહ્યા. મનને સમાચાર

મળ્યા કે અહીં ગાનતાન થાય છે. તે માટે એને સાંભળવાનું મન થયું. તે ઇન્દ્રિઓનો **"ચીફ કમાન્ડર"** હોવાથી તેનો ગમે તે રીતે ઉપયોગ કરી શકે છે. એટલે બીજી ઇન્દ્રિયોને ઉભા રહેવા માટે એણે આદેશ આપ્યો. એટલે તમે ઉભા રહ્યા. હવે ઉપર જવાની ઇચ્છા થઇ. સીડીનાં પગથીયા પાસે જઈ પહેલા પગથીયા ઉપર પગ મૂકાય છે, ત્યાં તો મનની પાસે તુરત એક વસ્તુ આવીને ઢીલ કરે છે. આ કઇ વસ્તુ છે ! એ બુદ્ધિ છે. આપણને એમ થશે કે અરે ! આપણે કોણ છીએ ? વૈષ્ણવ કુટુંબમાં ઉછરેલા છીએ. આપણી આબરૂ કેવી છે ? આ સવાલો ઉભા થાય છે અહીં સાચો અહંકાર ઉત્પન્ન થાય છે ધર્મ અભિમાન, જાતિ અભિમાન પ્રગટ થાય છે એટલે મન સાથે બુધ્ધિ ઢસડાતી નથી એટલે મન ઉપર બુધ્ધિનો વિજય થાય છે. પણ આ કયારે થઇ શકે ? જો તમે સત્સંગ કરેલ હોય, ધાર્મિક પુસ્તકો શિક્ષાપત્ર વગેરે વાચેલ હોય, ભગવદ્ ભકતો દ્વારા, તેમનાં જીવન દ્વારા શિક્ષણ મેળવ્યું હોય તો મન ઉપર બુધ્ધિનો વિજય થશે. શાસ્ત્રો, ભગવદ્ ભકતો કહે છે કે તમે મનને કામમાં જોડીદીઓ મન આગળથી કોઇકને કોઇક કામ લેવું જ જોઇએ.

મહાભારતનું એક દૃષ્ટાંત છે એક શેઠ હતા ખુબજ પૈસાદાર હતા તેનું કાર્ય મોજ, શોખ, વૈભવ, વિલાસ, આનંદ, પ્રમોદ આજે શહેરમાં તો કાલે ગામડામાં તો પરમ દિવસે વિમાનમાં ગમે તેમ કરી પૈસા ઉડાવવા, વેડફી નાખવા એજ તેનુ કામ એવામાં રસ્તે ચાલતા ચાલતા એક મકાન જોયું મકાન ઉપર લખેલ હતું કે અહીં ભુત વેંચાય છે શેઠને થયું અરે ! આશું ! અન્ય પ્રકારની વસ્તુઓ વહેંચી શકાય, પણ કાંઈ ભુત વેંચાય એવી કોઇ વસ્તુ હશે ! ચાલ તપાસ કરવા ઉપર જાય છે. મેનેજરને કહે છે ભાઈ અમારે ભુત ખરીદ કરવું છે, બોલો કેટલી કીંમત છે. મેનેજર કહે, અરે શેઠ તમારે કયા પ્રકારનું અથવા કેટલી કીંમતનું ખરીદ કરવું છે, તે કહો અહી તો પાંચ રૂપીયાથી શરૂ કરીને એક લાખ રૂપીયાની કીમત સુધીમાં ભુત મળી શકે છે એમ? જીહા શેઠને તો પૈસાનો મદ હતો. એટલે તેમણે વધારે એટલે. એક લાખની કીંમતનું ભુત ખરીદ કર્યું એટલે એક નાની ડાબલી આપી. લીયો શેઠજી, આની અંદર ભૂત છે. સવારે નાહી ધોઇને પુજા પત્રી કરી ડાબલી ખોલશો એટલે ભૂત બહાર નિકળશે. હા, પણ એક વસ્તુ ખ્યાલમાં રાખજો કે ભૂત બહાર નીકળતાની સાથેજ કામ માગશે. માટે આપવાનું કામ પહેલા તૈયાર કરી પછી ડાબલી ખોલશો. શેઠ કહે અરે ! ભાઇ કામ કરવાનુ કયાં થોડું છે. બાગ, બગીચા, ખેતર વાડી, પેઢી વગેરે બાગ બગીચાને પાણી પાવામાંથી જ નવરો નહિ થાય. એમ કહી શેઠ રવાના થયા.

સવારે નાહી ધોઇ ડાબલી ખોલી ને ભૂત બહાર નિકળ્યું. લાવકામ, લાવકામ, એમ બે વખત કામ આપવા ભૂતે માગણી કરી. શેઠ કહે નવો બગીચો સાફ સુફ કરી આવો થોડીવાર થઇ ત્યાં ભૂત પાછું આવ્યું. લાવકામ, લાવકામ, જાવ બગીચાને પાણી પાઇ આવો.

વળી થોડીવારમાં ભૂત પાછું આવ્યું. પછી તો શેઠ એક પછી એક કામ ચીંધતા ગયા. ખેતરે, વાડીયે, પેઢીએ વગેરે કામ બતાવી માંડ સાંજ પાડી કામ પુરૂં થયું અને સાંજ પડી કે ભૂત ડાબલીમાં પાછું પુરાણું, જેવું ભૂત ડાબલીમાં પુરાણું કે તુરત જ શેઠે છુટકારાનો દમ ખેચ્યો. હાશ ! માંડ બચ્યા. વળી ઉપાધી થઇ હવે કાલ શું કરવું ? પોતાના મિત્ર પાસે ગયો, એને બધી વાત કહી સંભળાવી મિત્રે કહ્યું ફકત કામજ ચિંધવાનું છે ને ઓહો એમાં શું હતું. કાલે મને તેડી જજો. શેઠ કહે અરે ભાઇ સાહેબ આજે એકજ દિવસમાં થાકી ગયો છું. ધ્યાન રાખજે હો, નહિંતર તારા અને મારા બન્નેના ભૂકકા છે.

બીજે દિવસે સવારે મિત્રને પાસે બોલાવી નાહી ધોઇ ડાબલી ખોલી. ભૂત નિકળ્યું "કામલાવ" શેઠે કહ્યું મારો મિત્ર કામ બતાવે તે કામ તમારે કરવાનું છે. આ પછી મિત્રે આજ્ઞા આપી કે સીડી પડી છે, તેના ઉપર ચડી જાવ, પાછા ઉતરો. પાછા ચડો, પાછા ઉતરો. પાછા ચડો–ઉતરો–ચડો વગેરે. તેમ એકજ કામ સાંજ સુધી બતાવ્યે રાખ્યું. આખરે ભૂત કંટાળીને શરણે આવ્યું અને જ્યારે જરૂર પડે ત્યારેજ કામ લેવાનું વચન આપ્યું. કહેવાનું તાત્પર્ય એ છે કે ભૂત રૂપી મનને જો નકામું બેસવા દઇએ તો પણ ઠીક નહિ. આમ શ્રીમહાપ્રભુજી પણ આપણને સેવા–ભગવદ્ વાર્તા વગેરે કામ વડે કરીને આપણાં મનને શ્રીજીનાં ચરણારવિંદમાં દઢ ચિત્ત રાખવાનું કરે છે, અને તેથીજ આપશ્રીએ ૩૬૦ દિવસનો નિત્યક્રમ બાંધી દીધેલ છે.

હવે શ્રોતા અને વકતા વિષે થોડું કહું છું. અત્યારે જે કાંઇ સાંભળો છો, તેમાંથી ઘણાખરાતો બહાર નિકળ્યાને દશેક મિનિટ ગઇ એટલે પત્યું. શું વાત ને શું ચિત્ત બધી વિસ્મૃતિ થઇ જશે. શ્રીમદ્ ભાગવત શ્રવણ કરનાર રાજા પરિક્ષિત અને શ્રવણ કરાવનાર શ્રી શુકદેવજીનો આ પ્રસંગ છે. શુકદેવજી કહે છે કે હે રાજન કથારૂપી અમૃતનું પાન કરતાં ઘણો સમય વિતી ગયો છે. હવે જરા ક્ષુધા અને તૃષાને તૃપ્ત કરો. આ સાંભળી પરીક્ષિત કહે છે, મહારાજ ! ક્ષુધા અને તૃષાનું કહો છો ! ક્ષુધા અને તૃષાનો ખ્યાલ તો આપ કહો છો ત્યારેજ આવે છે. આપના મુખારવિંદથી ભગવદ્ ગુણોનું કથામૃત પીતા મને લૌકિક તૃષા ઉડી ગઇ છે. અત્યારના સમયમાં ભગવદ્ વાર્તા સાંભળવાની આપણને ફુરસદ નથી, અને લોક લજ્જાએ સાંભળવા જઇએ છીએ તો કયારે ઝટ પુરૂં થાય તેની રાહ જોવાય છે. તમે મંદિરની અંદર આવો તો પણ તમારી ચિંતા બહાર છોડીને આવતા નથી. એક ક્ષણ પણ ચિંતાને દૂર કરી ભગવાનનાં દર્શનમાં, તેમના સ્વરૂપમાં તલ્લીન થવાની ઇચ્છા રાખો. આ તલ્લીનતાને પ્રાપ્ત થવાને બદલે અત્યારે ખાસ કરીને બૈરાઓમાં પંચાયતનો વિષય વધી રહ્યો છે. મંદિરની અંદર તમે ભગવાનનાં દર્શન કરવા આવ્યા છો કે દેરાણી જેઠાણીની પંચાય કરવા ? આચાર્ય શ્રી મહાપ્રભુજીએ પણ બતાવ્યું છે કે એક બાજુ ગૃહસ્થાશ્રમ અને બીજી બાજુ પ્રભુ પ્રભુને સાથે રાખીને તમારા કુટુંબનાં વડાઓને માન આપીને કાર્ય કરો. પણ અત્યારે એ ભાવના

બહુ ઓછી છે. અત્યારે તો મહારાજશ્રી મને એક સારામાં સારૂં ભોજપત્ર કરી આપો. અરે પણ શેનું ? મારો પતિ મને વશ રહે. એક દૃષ્ટાંત આપું છું. શ્રીગુસાંઇજીને તેજ રીતે તાજબીબીએ કહ્યું મહારાજ મને ભોજપત્ર કરી આપો. ત્યારે શ્રીગુસાંઇજીએ શું કર્યું ? ભોજપત્રની અંદર લખ્યું **"પતિ કહે સો કીજીયે."**

રાજખટપટ તો તમે સમજો છો. તાજબીબીની વાત બાદશાહ પાસે ગઈ. બાદશાહે બેગમને પૂછયું. તે શું દોરાધાગા કરાવ્યા છે ? બાદશાહ બેગમ પાસેનું ભોજપત્ર જ્યાં ખોલાવીને જુવે છે ત્યાં તો વિસ્મીત થઇ જાય છે. આહા ! શ્રીગુસાંઇજીએ એક શબ્દની અંદર બે અર્થ બતાવ્યા. પહેલો અર્થ "પતિ" એટલે પૂર્ણ પુરૂષોત્તમ, જગતનો નાથ, અને બીજો અર્થ તો તમે જાણો છો. બાદશાહે શ્રીગુસાંઇજીને દંડવત્ કરી માફી માગી.

બીજુ દૃષ્ટાંત આપું છું. હિરણ્ય કશ્યપુનો જ્યારે વધ કરવા માટે નરસિંહ ભગવાને અવતાર ધારણ કર્યો અને એનું ઉદર વિદારણ કર્યું, ત્યારે ભગવાનનો ક્રોધ એટલો બધો વધી ગયો હતો કે પ્રભુ કેમેય શાંત થાય નહિ. દેવતાઓ પણ મૂંઝાયા, પછી શું કરવું. પ્રહલાદજીને મોકલ્યા. પ્રહલાદજી પ્રભુની સન્મુખ હાથ જોડીને ઉભા રહ્યા. ભગવાન તો ભકતને આધીન છે. પોતાના ભકતને સન્મુખ જોતાં જ પ્રભુનો ક્રોધ શાંત થઇ ગયો. જેમ ગાયને પોતાનાં વાછરડા ઉપર પ્રીતિ હોય ને ચાટવા લાગે તેમ પ્રભુ પોતાના ભકતને પંપાળવા લાગ્યા અને હસવા લાગ્યા. કહેવાનું તાત્પર્ય એ છે કે ભકત પ્રહલાદને પ્રભુ ઉપર અચળ વિશ્વાસ હતો અને આજે તો "મુખમેં રામ બગલમાં છૂરી" હે પ્રભુ ! મારા વ્હાલા ! ખમ્મા, ખમ્મા, પણ પેટમાં પાપ હોય. ભગવાન પ્રહલાદજીને કહે છે કે હે પુત્ર ! તું માંગ આ સાંભળી પ્રહલાદજી હસવા લાગ્યા, અને કહ્યું કે હે કૃપા નિધી, ભકત વત્સલ, આપ સાક્ષાત્ સ્વરૂપે જ મારી સન્મુખ છો પછી એથી વધારે શું હોય ? આપનો આશ્રય સદા રહે.

સત્ય નારાયણની માનતા માનો પુજા, કરો. પછી "ગચ્છ ગચ્છ સુર શ્રેષ્ઠ" મેં તમારૂં કામ કર્યું અને તમે મારૂં. આમ જ્યાં સુધી સ્વાર્થ હશે ત્યાં સુધી પ્રભુને યાદ કરશો. પછી કોણ તું ને કોણ હું પણ યાદ રાખજો કે જ્યાં સુધી અન્યાશ્રય નહિ છોડો અને પ્રભુનો દૃઢ આશ્રય નહિ સ્વીકારો ત્યાં સુધી ફાંફા માર્યા છે અને ફાંફા મારવાના રહેશે. પ્રભુએ આપેલ આ અમૂલ્ય મનુષ્ય દેહ તેને તમે એક ક્ષણમાં વેડફી નાખશો. માટે ભગવદ્ ભજનમાં તલ્લીન બનો, કથારૂપી અમૃતનું પાન કરો, જેનાથી બુધ્ધિ પણ નિર્મળ બનશે કારણ કે જ્યાં

ભગવદ્ ગુણગાન થતાં હોય ત્યાં પ્રભુ હંમેશાં આવીને બિરાજે. ઘણાં કહે છે અમને તો ભગવદ્ વાર્તા પ્રત્યે રૂચી નથી. તો હું કહું છું કે આ તમારો પ્રશ્ન વ્યાજબી છે ? ૧૦૫ ડીગ્રી તાવ આવ્યો હોય તો કડવી દવા પીઓ છો કે નહિ ? કડવી દવા ભાવતી નથી, તો પણ આંખો મીંચીને શા માટે પીઓ છો ? ત્યાં રૂચી કયાંથી આવી જાય છે ? તો જેમ તમે તાવ ઉતારવા માટે દવા કે ઈન્જેકશનની જરૂર છે, તેમ પણ આ સંસારમાં ઓત પ્રોત થયેલા અહંતા અને મમતા અને માયાનો તાવ ઉતારવા માટે દૃઢ આશ્રય, ભગવદ્ વાર્તા અને સત્સંગની જરૂર છે. જેમ શકિતની દવા તાવ ઉપર કામ કરતી નથી, તેમ પ્રભુપૂર્ણ પુરૂષોત્તમ સિવાયનો આશ્રય તમારા માટે કામ કરશે નહિ. જો તમે શરણનો માર્ગ દૃઢતાપૂર્વક સંભાળશો તો પ્રભુ તમને અંધકારમાંથી બહાર ખેંચી જરૂર અજવાળામાં લાવશે અને ધોરી માર્ગ ઉપર તમે ખુશીથી ચાલી શકશો.

શ્રી મહાપ્રભુજી દૃષ્ટાંત આપે છે કે રસ્તે જતાં એક માણસને ઉલ્ટી થઇ. ઉલ્ટી કર્યા પછી તે તેની સામુ પણ જોતો નથી અને પોતાને રસ્તે આગળ વધે છે. જ્યારે શ્વાન આવીને તે ઉલ્ટીને ચાટી જાય છે. બસ વિષયાંધ સંસારી માણસ અને ભગવદ્ ભકત આ બન્ને વચ્ચે આટલો જ ફરક છે. વિષયાંધ ઉલ્ટી ચાટી જાય છે.

હવે વ્યાસજીની કથા કહી મારૂં વ્યાખ્યાન પુરૂં કરીશ. વ્યાસજી વૃંદાવનમાં રહી પ્રભુભકિત કરી આનંદ માણે છે, એવા સમયની અંદર તેમના માતા પિતા આવ્યા. માતા પિતા પાસે જઈ પ્રણામ કર્યા. વ્યાસજીને થયું કે જો માતાજી મને તેમની સાથે રહેવાનો આગ્રહ કરશે તો આપણે સંસારમાં ફસાવું પડશે અને ભગવદ્ બંધન તૂટી જશે. એવામાં એક અસ્પૃશ્ય બાઇ માથે કરંડીયો લઇને ચાલી જાય છે, તે વ્યાસજીએ જોયું. અરે ! અમ્મા, આની અંદર શું છે ? એની અંદર શ્રી બિહારીજીનો પ્રસાદ છે. પ્રસાદ ! એમ ! લાવ ત્યારે. એમ કહી પકોડીનો ટુક ઉપાડી લીધો ને માંડયા ખાવા. અરે હાં.... હાં.... આ ઉપરથી રચાયેલ પદ કીર્તનમા પણ ગવાય છે. “એક પકોડીમેં છુટયો સબ સંસાર” એમ ભગવાનતો ફલ આપવાને તત્પર તૈયાર ઉભા છે. શ્રી મહાપ્રભુજીએ તો આ બધું સિદ્ધ કરીને જ રાખેલ છે. તમોને સરોવરને કાંઠે ઉભા રાખેલ છે. પછી કિનારે આવીને તરસ્યા જાવતો નશીબ. એટલે તમારા બાળકોને અત્યારથી જ ભગવદ્ વાર્તા, સત્સંગમાં રસ લેતા કરો, એટલે દૃઢ આશ્રય એનામાં સ્વયં પ્રગટ થશે. અંધ શ્રદ્ધા ન રાખતા સમજી ને કામ કરો. બને તેટલો સમય ઇશ્વર સ્મરણ કરો ને પ્રભુ ઉપર અચળ શ્રદ્ધા રાખો તો શ્રી ઠાકોરજી, શ્રી મહાપ્રભુજી આપણાં ઉપર જરૂર કૃપા કરશે. શ્રી મહાપ્રભુજી સર્વને આનંદનું દાન કરો. એટલું કહી હું આજનું વ્યાખ્યાન પૂરૂં કરીશ.

* * *

✓

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૧૯મો)

અધ્યાય ચોથો

શ્રીભગવાનુવાચ

ઈમ વિવસ્વતે યોગ પ્રોકતવાનહમવ્યયમ્ ।
વિવસ્વાન્મનવે પ્રાહ મનુરિક્ષ્વાકવેબ્રવીત્ ।।૧।।

શ્રીભગવાને કહ્યું, આ સફળ યોગ મેં વિવસ્વાનને કહ્યો વિવસ્વાને (સૂર્યે) મનુને કહ્યો મનુએ ઈક્ષ્વાકુને કહ્યો. ।।૧।।

કર્મસંન્યાસયોગનો પોતાનામાં કહ્યા પ્રમાણે સુમેળ થાય, તે માટે કુંતીપુત્ર અર્જુન પ્રત્યે શ્રીકૃષ્ણે કૃપા કરીને કહ્યું :–

કર્મસંન્યાસના નિરૂપણનો પ્રશ્ન ઉદ્ભવે તે માટે 'ઇમમ્' એવા શબ્દોથી ત્રણ શ્લોકથી પહેલાં કહેવાયેલને ફરીથી કહે છે.

પહેલાં કહેવાયેલો આ યોગ, મારો સંબંધ કરાવનાર હોવાથી સફળ છે. તે મેં વિવસ્વાનને (સૂર્યને) કહયો હતો. સૂર્યે પણ લોકો ઉપર અનુગ્રહ કરવાને માટે આ યોગ લોકમાં પ્રસિદ્ધ થાય તે માટે મનુને કહયો, મનુએ ઈક્ષ્વાકુને કહયો. ।।૪।।

એવ પરંપરાપ્રાપ્તમિમં રાજર્ષયો વિદુ; ।
સ કાલેનેહ મહતા યોગો નષ્ટઃ પરંતપ ।।૨।।

એ પ્રમાણે પરંપરાથી પ્રાપ્ત થયેલો આ યોગને રાજર્ષિઓ જાણતા હતા. હે પંરતપ તે યોગ આ જગતમાં ઘણો સમય વ્યતીત થવાથી નાશ પામેલો છે. ।।૨।।

એ પ્રમાણે મારી પાસેથી પરંપરાથી પ્રાપ્ત થયેલો આ યોગ રાજર્ષિઓ એટલે કે રાજય વગેરેનો ત્યાગ કરીને મારે માટે જ એક માત્ર પ્રયોજનવાળા તેઓ જાણતા હતા.

અરે, જો પરંપરાથી ચાલતો આવેલ હોય તો આજે કોઇ પણ તેને કેમ નથી જાણતા ? એવી શંકા કરીને જવાબમાં "સ–કાલેન" વગેરે શબ્દોથી કહે છે. તે યોગ ઘણો કાળ વ્યતીત થઇ જવાથી, નિશ્ચિત જ્ઞાનના અભાવે, મારી ઈચ્છારૂપી તેના ઉપર પડદો વળી જવાથી, અનવતાર દશામાં, નિપુણ વ્યક્તિના અભાવે નાશ પામ્યો.

હે પરંતપ, એવા સંબોધનથી, તારા અતિ તાપ અને અતિ કલેશથી હું દર્શાવીશ એમ કહેલું છે. ।।૨।।

સ એવાયં મયા તેડદ્ય યોગઃ પ્રોકતઃ પુરાતનઃ
ભકતોડસિ મે સખા ચેતિ રહસ્યં હ્યેતદુત્તમમ્ ।।૩।।

તે જ આ પુરાતન યોગ આજે મેં તને કહેલો છે. કારણ કે તું મારો ભકત અને મિત્ર છે. નિશ્ચિતતાથી આ ઉત્તમ રહસ્ય છે.।।૩।।

તે જ પુરાતન યોગ આ, એ પ્રમાણે પ્રત્યક્ષ મારો સંબંધ કરાવનાર છે તે તને કહ્યો, એટલે કે વિશેષે કરીને મારી પ્રીતિસ્વરૂપ ફળવાળો કહ્યો.

✓

અરે, જો યોગ જ ફળ સુધી આપનાર હોય તો અમારા જેવાને માટે ભકિત શા માટે કરવી? એવી શકા કરીને જવાબમાં 'ભકત: અસિ' વગેરે શબ્દોથી કહે છે.

તું ભકત છે અને મિત્ર છે, એ પ્રમાણે મારુ આ રહસ્ય ઉત્તમ છે, કર્મયોગથી શ્રેષ્ઠ છે. 'હિ' શબ્દ નિશ્ચિતતા બતાવે છે. ।।૩।।

અર્જુન ઉવાચ–

અપરં ભવતો જન્મ પરં જન્મ વિવસ્વતઃ ।
કથમેતદ્વિજાનીયાં ત્વમાદૌ પ્રોકતવાનિતિ ।।૪।।

અર્જુને કહ્યું, આપનો જન્મ બધાંની પુર્વે છે અને વિવસ્વાનનો (સુર્યનો) જન્મ પછીથી છે. તમે પહેલાં કહયો હતો, એમ હું શી રીતે સમજું ? ।।૪।।

એ પ્રમાણે સાંભળીને, ભગવાનનું સ્વરૂપ અલૌકિક હોવાથી અને સુર્યનું સ્વરૂપ લૌકિક હોવાથી, ભગવાને શા માટે ભકિતને છોડીને કર્મયોગ કહયો ? એવી જિજ્ઞાસાથી અર્જુન 'અપરમ' વગેરે શબ્દોથી પુછે છે.

આપનું પ્રાકટય 'અપરમ' એટલે જેનાથી કોઇ શ્રેષ્ઠ નથી એવુ છે, અથવા જેની પુર્વે કોઇ નહોતુ તેવા પ્રકારનું છે, અને સુર્યનો જન્મ શ્રેષ્ઠ છે અથવા પછી થયેલો છે. એમ હોવાથી આપે પુર્વે તેમને આ યોગ કયા હેતુથી કહેલો ? તે હું સમજું એવી રીતે કહો, એવો ભાવ છે. ।।૪।।

શ્રી ભગવાનુવાચ –

બહૂનિ ને વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન ।
તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરંતપ ।।૫।।

શ્રી ભગવાને કહ્યું, હે અર્જુન, મારા અને તારા અનેક જન્મ વ્યતીત થઇ ગયેલા છે. તે બધાને હું જાણું છું, હે પરંતપ, તું જાણતો નથી. ।૫।

એનો ઉત્તર ભગવાન 'બહૂનિ' વગેરે શબ્દોથી કહે છે. મારા જન્મ અસંખ્ય છે. તે કેવા પ્રકારના છે? અવ્યતીત એટલે કે તે નિત્ય છે, એમ અર્થ છે હે અર્જુન; તારા જન્મો પણ અસંખ્ય થઇ ગયા છે. જે માટે જ્યાં જ્યાં તારો જન્મ થયો છે, તે તારા બધા જન્મ હું જાણું છું. હે શ્રેષ્ઠ તપોબળ વાળા પરંતપ, મારા તે જન્મ તું જાણતો નથી.

હે પરંતપ, એવું સબોધન કરવામાં. ભગવાન તપોબળથી અનુભવાતા નથી, પરંતુ તેની કૃપાથી જ અનુભવાય છે, એવો ભાવ છે. ।।૫।।

અજોડપિ સન્નવ્યયાત્મા ભૂતનામીશ્વરોડપિ સન્ ।
પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા ।।૬।।

અજન્મા અને અવિનાશી સ્વરૂપ હોવા છતાંયે, અને ભૂતમાત્રનો ઇશ્વર હોવા છતાંયે મારી પોતાની પ્રકૃતિને ઉપયોગમાં લઇને મારી પોતાની માયા વડે હું પ્રકટ થાઉં છુ. ।।૬।।

પરબ્રહ્મ સંબંધી જ્ઞાનને માટે 'અજ: અપિ' વગેરે શબ્દોથી કહે છે.

હું ભૂતમાત્રનો વિનાશ રહિત આત્મા હોવા છતાં, ઇશ્વર હોવા છતાં, સર્વ કાંઇ કરવાને સમર્થ હોવા છતાં, મારી પોતાની ત્રિગુણી પ્રકૃતિનો આશ્રય લઇને સનાતન જીવ રૂપે પ્રગટ થાઉં છું. અંતરંગ મારી માયા વડે અજીવરૂપે અવ્યયાત્મા લીલાયોગ્ય દેહથી પ્રગટ થાઉં છું.

અહી આ ભાવ છે:– ધર્મની રક્ષા માટે હું જ્યાં આવિર્ભાવ પામુ છું. ત્યાં તે સમ-

યના કર્મયોગ આદિના જીવોને લીલા અર્થે પ્રકટ કરેલ સ્વરૂપે રસાત્મક ભક્તિજ હું દર્શાવુ છું. ॥૬॥

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥૭॥

હે ભારત, જ્યારે જ્યારે ધર્મનો ક્ષય અને અધર્મનું ઉત્થાન થાય છે ત્યારે નિશ્ચય પુર્વક હું મારા સ્વરૂપને ધારણ કરું છું. ॥૭॥

એ જ 'યદા યદા' વગેરે શબ્દોથી સ્પષ્ટ કરે છે.

હે ભારત, જ્યારે જ્યારે મારી ભક્તિ વગેરેરૂપ ધર્મનો ક્ષય થાય છે ત્યારે, જ્ઞાન વગેરેનો નાશ કરનાર અધર્મ પેદા થાય છે ત્યારે, મારી લીલામાં ઉપયોગી અને જ્ઞાનમાં ઉપયોગી એવા જીવોને હું ઉત્પન્ન કરું છું. 'હિ' શબ્દ નિશ્ચિતતા બતાવવા માટે છે.

હે ભારત, એવું સંબોધન જેવી રીતે અત્યારે ધર્મની રક્ષાને માટે તું જન્મ્યો છે તેમ, એવો ભાવ દર્શાવે છે,

'આત્માનમ્' એવું એક વચન અહીં મુખ્ય આત્માના અભિપ્રાયથી છે. ॥૭॥

પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥૮॥

ભક્તજનોના રક્ષણને માટે, પાપ કર્મ કરનારાઓના વિનાશને માટે અને ધર્મનું ઉત્તમ પ્રકારે સ્થાપન કરવાને માટે દરેક યુગમાં હું અવતાર લઉં છું. ॥૮॥

એ પ્રમાણે ધર્મને અર્થે જીવોને સરજીને, તેઓની રક્ષા માટે હું પ્રકટ થાઉં છું, એમ 'પરિત્રાણાય' વગેરે શબ્દોથી કહે છે.

સાધુ જનોના એટલે કે ભક્તજનોના રક્ષણને માટે અને દુષ્ટ પુરુષોના એટલે કે ધર્મના વિરોધીઓના નાશને માટે અને ધર્મનું સારી રીતે સ્થાપન કરવાને માટે, જ્ઞાન, કર્મ, આશ્રમ વગેરેની નૈસર્ગિક સ્થિતિનું ઉત્તમ પ્રકારે સ્થાપન કરવાને માટે હું યુગે યુગે પ્રકટ થાઉં છું. 'સંભવામિ' એટલે ઉત્તમ પ્રકારે પ્રકટ થાઉં છું, જીવોની જેમ નહિ. ॥૮॥

જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ॥૯॥

હે અર્જુન, મારાં જન્મ અને ક્રિયા અલૌકિક છે. એ પ્રમાણે જે વાસ્તવિક રીતે જાણે છે, તે દેહને છોડીને પુનર્જન્મ પામતો નથી, મને પામે છે. ॥૯॥

તેને જ 'જન્મ કર્મ ચ' વગેરે શબ્દોથી સ્પષ્ટ કરે છે.

મારું પ્રાકટ્ય દિવ્ય ક્રિયાવાળું એટલે કે ક્રીડાત્મક છે. હું લીલા કરવાને માટે પ્રકટ થાઉં છું, એમ અર્થ છે.

લીલા સમયે સેવાને માટે સર્જયેલ દેહથી સેવા કરીને, તેના અસમર્થપણામાં દેહને તજીને, હે અર્જુન, લૌકિક પુનર્જન્મને, એટલે કે પહેલાંની જેમ દેહને તે પ્રાપ્ત કરતો નથી, પરંતુ મને પ્રાપ્ત કરે છે. સર્વોત્તમતાથી અલૌકિક દેહે લીલામાં પહોંચી જાય છે. એવો ભાવ છે. આથી જ 'મામ્' એટલે કે 'મને' એમ કહ્યું, પરંતુ મારા પદને અથવા મારા ભાવને, એમ કહ્યું નથી. આવા પ્રકારની પ્રાપ્તિ અતિ દુર્લભ હોવાથી 'સઃ' એટલે 'તે' એવું એક વચન કહ્યું છે. ॥૯॥

વીતરાગભયક્રોધા મન્યમા મામુપાશ્રિતાઃ ।
બહવો જ્ઞાનતપસા પુતા મદ્ભાવમાગતાઃ ॥૧૦॥

રાગ, ભય અને ક્રોધ વગરના, મારામાં તન્મય, મને ધારણ કરીને રહેલા, જ્ઞાનયુક્ત તપથી પવિત્ર થયેલા, ઘણા પુરુષો મારા ભાવને પામેલા છે. ॥૧૦॥

એ પ્રમાણે ભગવાને પોતાના પ્રાકટયના સ્વરૂપના જ્ઞાનથી ભક્તોને થતી પોતાની પ્રાપ્તિ કહીને, બીજી રીતે જ્ઞાન વડે પોતાની પ્રાપ્તિનું સ્વરૂપ 'વીતરાગ' વગેરે શબ્દોથી કહે છે.

જ્ઞાનયુક્ત તપ વડે થયેલા ઘણાયે સંતો મારી સપીપ આવેલા છે. માત્ર આશ્રય કરીને જ સમીપ આવેલા છે. પરંતુ સેવા વગેરે કરીને નહિ, એવા 'મન્મયઃ' એટલે કે મારા રૂપને સ્વતંત્ર જ્ઞાનરૂપે જોનારા અને તેમાં જ લીન થઇને રહે એવા જન્મને પામેલા, મારા ભાવને એટલે કે મોક્ષને પામે છે તેઓ કેવા પ્રકારના છે ? રાગ, ભય ક્રોધ, અજ્ઞાન વગેરેરૂપી શત્રુ વગરના, એવા તેઓ છે. ॥૧૦॥

યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।
મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥૧૧॥

હે પાર્થ, જેઓ મને જેવી રીતે ભજે છે, તેઓને તેવી રીતે જ હું વશ થાઉં છું. મનુષ્યો દરેક રીતે મારા માર્ગને અનુસરે છે. ॥૧૧॥

અરે, આપની સાથે જ જોડાયેલાઓમાંથી કેટલાક લીલામાં સંબંધ પ્રાપ્ત થાય છે કેટલાક મુક્તિને પામે છે, તેમાં કયું કારણ છે ? એવી શંકા કરીને જવાબમાં 'યે યથા મામ્' વગેરે શબ્દોથી કહે છે.

હે પાર્થ, જેઓ મને જે પ્રકારે અથવા જેવી ઇચ્છાથી ભજે છે, તેઓને તેવી રીતે જ તેના ફળરૂપે જ હું વશ થાઉં છું. અહીં આ અર્થ છે. સાક્ષાત્ મારી પ્રાપ્તિને માટે જે ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ કહ્યા છે, તેમાં જ્ઞાનનું ઉત્તમપણું માનીને જેની જ્ઞાનમાં રુચિ થાય, તેના અસમર્પણમાં તેને અભીષ્ટની પ્રાપ્ત થાય, પરંતુ દુઃખ થાય એમ હોવાથી મારા પરમાત્મપણાનો આશરો લેવો જોઇએ, જેથી હું તે પ્રમાણે કરું.

એમ કહી મર્યાદામાર્ગીય અને જ્ઞાનનું અવલંબન કરી રહેલા જીવોને પણ સ્નેહથી કરાતા ભજનમાં પુષ્ટિ મર્યાદામાં મારી પ્રાપ્તિરૂપ ફળ હું આપું છું, એમ સ્પષ્ટ કરાય છે.

હે પાર્થ, એવા સંબોધનથી મૂળરૂપે ભક્ત પ્રત્યે પણ એ પ્રમાણે પ્રશ્ન કરવા યોગ્ય તારા પ્રત્યે તારા પ્રશ્ન પ્રમાણે હું ઉત્તર આપું છું, અને તારાથી પણ એ પ્રમાણે અનુભવાય છે, એમ સૂચિત થાય છે. વળી જે મનુષ્યો મારા માર્ગને એટલે કે મારા કહેલા માર્ગને, પુષ્ટિમાર્ગને અનુસરે છે, મારા કહેલા પ્રકારે પછીથી વર્તે છે, તેઓને હું સર્વ પ્રકારે વ્રજની રીતિથી વશ થાઉં છું, એવો ભાવ છે. ॥૧૧॥

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક: પ. ભ. શ્રી મગનભાઇ તન્ના
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લિખાંક પાંચમો)

ભલે પુષ્ટિના સ્વરૂપનું સાચું જ્ઞાન એ પ્રમાણે હોય, પરંતુ 'સારી રીતે આચરેલો જે ધર્મ મનુષ્યોમાં ભગવાન શ્રીકૃષ્ણની કથાઓ પ્રત્યે જો સ્નેહને ઉત્પન્ન ન કરે તો તે માત્ર શ્રમ જ છે' (ભાગ ૧–૨–૮) 'હે પ્રભુ, કલ્યાણના ઝરણારૂપ આપની ભકિતને છોડીને જેઓ કેવળ જ્ઞાનની પ્રાપ્તિને માટે પ્રયત્ન કરે છે તેઓ દુઃખને પામે છે, ભુંસાને ખાંડનારાઓની જેમ તેઓને તો માત્ર ક્લેશ જ બાકી રહે છે, બીજું કાંઇ નહિ' (ભાગ ૧૦–૧૪–૪) 'નિષ્કામ છતાં ભગવાન શ્રીકૃષ્ણના ભાવથી રહિત હોય તો તે કર્મ શોભતું નથી, અને નિર્મળ જ્ઞાન પણ પુરતું નથી' (ભાગ ૧–૫–૧૨), વગેરેથી પરિપુર્ણની નિંદાના માત્ર ખેદથી 'આસુરી સંપત્તિ બંધન માટે મનાયેલી છે' (ભ. ગી. ૧૬–૫) વગેરેમાં પ્રવાહના એક ભાગનું જ તેમ હોવાનું છે, તેથી તેવા પ્રકારનો અણગમો હોવાથી સાધન રહિત હોવાની સમજથી, 'જ્યારે જેના ઉપર (હૃદયમાં મનન કરાયેલા ભગવાન જ્યારે જેના ઉપર અનુગ્રહ કરે છે ત્યારે તે લોકમાં અને વેદમાં અત્યંત નિષ્ઠાવાળી મતિને ત્યાગી દે છે) (ભાગ ૪–૨૯–૪૫), વગેરેની સાર્થકતા હોવાથી દેવસૃષ્ટિની અનિંદ્યતાથી 'હે રાજન, જેવી રીતે અહીં વિષ્ણુભકિતમાં બધા જ અધિકારી છે તેમ' વગેરેથી તે સર્વને પણ ભકિતની અનુકુળતાથી, 'દાન, વ્રત, તપ, હોમ, જપ, સ્વાધ્યાય, સંયમ વગેરેથી અને કલ્યાણનાં અન્ય વિવિધ સાધનો દ્વારા જ શ્રીકૃષ્ણની ભકિત સિદ્ધ થાય છે, (ભાગ ૧૦–૪૭–૨૪). 'હે ભરતકુળશ્રેષ્ઠ અને જ્ઞાની' (હે ભરતકુળશ્રેષ્ઠ, આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની મને ભજે છે, (ભ. ગી. ૭–૧૬), 'મુનિઓ પરમાત્મામાં જ રમણ કરનારા હોય છે,' વગેરેથી ભકિતનું સાધનપણું વિચારીને, અંગભાવથી, પ્રવાહ અને મર્યાદાનો ભકિતયુકત શરીરમાં પ્રવેશ, એ એકજ માર્ગ છે, તેમાં અત્યંત વિચારણાની જરૂર નથી. એ પ્રમાણે શંકાને દોહરાવીને 'માર્ગૈકત્વેऽપિ' વગેરે શબ્દોથી તેની અવગણના કરે છે.

માર્ગૈકત્વેડપિ ચેદન્ત્યૌ તનૂ ભકત્યાગમૌ મતૌ ।
ન તદ્યુકતં સુત્રતો હિ ભિન્નો યુકત્યાહિ વૈદિકઃ॥૬॥

જો કે માર્ગની એકતા છે, તો પણ અંતના મર્યાદા અને પ્રવાહ એ બે માર્ગ મર્યાદિતતાથી ભકિતને દર્શાવનારા મનાયા છે, તે યોગ્ય નથી, કારણ કે સુત્ર પ્રમાણે અને યુકિતથી વૈદિક (મર્યાદા) માર્ગ ભિન્નજ છે.॥૬॥

અહીં 'અપિ' શબ્દ પુર્વપક્ષની અવગણનાના અર્થમાં છે. કહેવાયેલી રીતે માર્ગના એકપણામાં અંતના બે એટલે કે મર્યાદા માર્ગ અને પ્રવાહ માર્ગ ભકિતને દર્શાવનાર છે, તેવા અંગભૂત મનાયેલા આપે સ્વીકાર્યા છે. અથવા તનુ એટલે અલ્પ, કારણ કે તે ઓછું

'સલુણાં શ્યામસુંદર રસ-સ્વરૂપ શ્રીયમુનાજી મહારાણીજીને'

શ્રીગુરુ ગોપીજંનવલ્લભાયનમ: ।।

અથ શ્રીયમુનાજીની સ્તુતિનો છંદ ભુજગપ્રયાત (છંદ-ભુજંગી) (પૃ. ૭૪)

સંગ્રાહક પ્રો. **શ્રી જીવનલાલ છ. જોષી**

(ભારતના ભકત પ્રવર કવિવર, કૃષ્ણજન શ્રી દયારામભાઈના વરદ હસ્તે જે હસ્ત પ્રતમાં **"રસિક વલ્લભ'** એમની આશરે ૫૧ વરસની વયે નાગરી લિપિ અને ગુજરાતી ભાષામાં લખાએલો છે (પૃ-૩૧ થી ૬૯ અને પૃ. ૬ થી ૨૭) તેજ હસ્ત પ્રતમાં તેમના જ હાથે **"શ્રીયમુનાજીની સ્તુતિનું સ્તોત્ર"** નાગરી લિપિ અને ગુજરાતી ભાષામાં લખાએલું છે. જે અત્યાર સુધીના કોઈપણ સાંપ્રદાયિક માસિકમાં છપાએલું નથી. તેને અહીં, **"શ્રીવલ્લભ સુધા"**માં પ્રકાશન માટે ખાસ રજુ કરેલ છે. સંપાદન વર્તમાન જોડણી પ્રમાણે કરવામાં આવ્યું છે. તો પણ, શ્રી દયારામભાઈની જોડણી અને છંદોબદ્ધ રચનાને પૂરેપૂરા વફાદાર રહેવાની પૂરતી સાવધાની રાખવામાં આવી છે.

" શ્રીગુરુ ગોપીજન વલ્લભાય નંમ: ' એ રીતે સર્વ પ્રથમ લખીને ગ્રંથાદિ પ્રારંભ કરવાની પદ્ધતિ-એ શ્રી-દયારામભાઈનો પોતાનો આગવો આવિષ્કાર છે. એઓશ્રી શ્રીમદ ગુરુદેવને, બ્રહ્મસંબંધ (નામ અને નિવેદન) આપનાર શ્રી વલ્લભકુળના બાળકને સર્વ પ્રથમ પ્રધાન્ય આપે છે. સિદ્ધાંત અને ભાવનાની દષ્ટિએ સાંપ્રદાયિક જગતમાં એમની પહેલાં અને પછી પણ એ રીતે સર્વ પ્રથમ લખી કોઈએ ગ્રંથાદિનો પ્રારંભ કરેલો જણાતો નથી. સાંપ્રદાયિક હસ્તપ્રતોનાં દર્શન કરતાં એ વસ્તુ સ્પષ્ટ માલૂમ પડે છે. **સં. જોશી**)

"સલુણાં શ્યામ સુંદર રસસ્વરૂપ શ્રી યમુનાજી મહારાણીને"

નમો શ્રીયમૂને મહારાણી દેવી;
સુરાસૂર બ્રહ્મા શિવાદીક સેવી. ૧

ધ્રુવાદી થયા ધ્રુવ ધામેં નિવાસી;
પ્રિયા ગોપિકા કૃષ્ણ, થૈ આપ દાસી. ૨

સરીતા સહુ સ્વામિની શ્રેષ્ઠ ગંગે;
મહાસિધ્ધિ પામી તમારે પ્રસંગે ૩

અહો અત્ય અદ્દભુત મ્હૈમા શું ભાખું ?;
સમુદ્રેથિ બિંદુ સમૂં જલ્પિ દાખું. ૪

થયૂં હોય જેણે પય: પાન માતા !;
કદા તેહનેં યમ્મ ન્હૈ દુખ્ખ-દાતા. ૫

કદા દુષ્ટ તોહે સ્વસા-સૂત કહાવે;
વિચાર્યૂં યમેં, યાતનામાં ન આવે. ૬

કરે સ્નાન નિશ્ચેં નવો દેહ થાયે;
તદા યોગ્યતા સેવવા કૃષ્ણ રાયે. ૭
જગત્પાવની જાહનવી વેદ વાણી;
શિવે શીશ રાખી પરાપુત જાણી. ૮
ત્રિવિક્રમ્મ પાદોદકી એજ હેતૂ;
સદાનંદ શ્રીકૃષ્ણ તે મૂલ કેતૂ. ૯
રવીજા ! તમો તે તણાં પટ્ટરાણી;
શકું કયમ કીર્તી તમારી વખાણી. ૧૦
પતી નામ છે કૃષ્ણ, કૃષ્ણા તમારૂં;
રૂપે એક વસ્તૂ, કશૂં છે ન ન્યારૂં. ૧૧
રંગે શામલાં, સ્નાનથી શ્વેત પ્રાણી;
વડૂ એજ આશ્ચર્ય અદ્દભૂત કહાંણી ૧૨
કૃપા સાગરી નાગરી જકતમાતા;
હરી વલ્લભા ઈશ્વરી ભદ્ર-દાતા ૧૩
સદા સપ્ત સિંધૂ થકી નીર ન્યારૂં;
બણેં કોણથી કર્મ અદ્દભૂત તમારૂં. ૧૪

નદી નવ્વશેંને નવાંણૂં ન્હવાયેં;

સમૂ પુણ્ય ગંગાવશાં એક ન્હાયેં ૧૫

વિધી કલ્પ ગંગા ભજે મન્ન ગાત્રે;
ફળે યુક્ત તે યામુના સ્મર્ણ માત્રે. ૧૬

મિનાદી રૂપેં કાલિકી કં નિવાસી;
થયા જીવ જે પુર્વ મ્હા પુણ્ય રાસી. ૧૭

ગિરા ગોમતી ગૌતમી નર્મદાજી;
ભિમા ગલ્લકી સર્યુ આદીક રાજી. ૧૮

કુરૂક્ષેત્ર કાશી ગયા પુષ્કરાદી;
વસે નૈમિષારણ્ય જ્યહાં બ્રહ્મવાદી. ૧૯

નદી તીર્થ ઇત્યાદી સંગે સમાજા;
તમોમાં કરે સ્નાન પ્રાયાગ રાજા ૨૦

ઘણા જન્મનાં પાપ મ્હા ઓઘ કાપે;
કદા વર્ણ કો નામ યામી અલાપે ૨૧

ધરે પાય તે પૃથ્થવી પુત માનુ;
ફુળેં યુક્ત પાવન્ન ત્યાં ચિત્ર શાનું ? ૨૨

કરે સ્નાન સ્હૌ તીર્થમાં નિત્ય કોઇ;
કહૂ પુણ્ય તે તીર્થ રાજેથિ હોઇ: ૨૩

રવી પર્વ કોટીક સિંધુ ભજેથી;
મળે તેટલૂ પુણ્ય "કૃષ્ણા-રજેથી. ૨૪

નદી ક્ષેત્ર સ્હૌ તીર્થ પ્રત્યેક સાધે;
અયૂતાશબ્દથી જેટલૂ પુણ્ય લાધે. ૨૫

પરીક્રમ્મ પંચાશ કોટી ફરેથી;
ફળે પુણ્ય તે "મથુરા" સાંભરેથી. ૨૬

મધૂપુર ગોકુળ વૃંદાવને વા;
વસે પ્રાણિ. તે પ્રાણ, પ્રાણેશ લ્હેવા. ૨૭

વડૂં મ્હાત્મ સ્હેજયેં વસી માત્ર કહેવું.
વસી, 'કૃષ્ણ-કૃષ્ણા' ભજે તો શું કહેવું. ૨૮

તટે રાસ ક્રીડા સદા કૃષ્ણ-ગોપી;
'લીલા લાડિલી-લાલ' એકાંત ઓપી ૨૯

જયહાં વૃક્ષ-વૃક્ષે વસ્યા વેણું પાણી;
"પત્રે-પત્ર" ચો ભુજ છે વેદ વાણી ૩૦

"અલૌકિક આનંદ-દાતાર માજી,
"દયો દાસ મ્હારો", મુખે કહોનિ ગાજી ૩૧

ફલશ્રુતિ

ભણે વા સુણે 'સ્તોત્ર' આ પ્રેમ આણી;
કૃપા દૃષ્ટિ ત્હેને કરે 'કૃષ્ણ-રાણી'. ૩૨

પુષ્પિકા :– ઇતિ શ્રી યમુનાજીનું લલિત સ્તોત્ર શ્રીમત્કૃષ્ણજન – કવિ દયારામ કૃત સંપુર્ણમ્ ॥ શુભંભવતુ

નોંધ :–શ્રી દયારામભાઈએ શ્રી યમુનાજીનું સ્તોત્ર, (ગુ) શ્રી યમુનાજીની લાવણી (ગુ), શ્રી યમુનાજીનું ધોળ-પદ (ગુ.) શ્રી યમુનાજીનો પ્રબંધ (વ્ર. ભા.) આટલી રચના લખેલી છે. અત્યારે એમની આટલી પ્રામાણિક રચના મળે છે. તેને એક પછી એક શ્રી વલ્લભ સુધામાં સ્થાન આપવામાં આવશે. એથી બીજી એવી પ્રામાણિક રચના મળશે તો તેને પણ (સં. જીવનલાલ જોશી)

બેંક/ચેક અગર ડ્રાફ્ટ "શ્રી વલ્લભ વિજ્ઞાન"ના
નામથી મોકલવા વિનંતિ છે

ફળ સાધી આપનાર છે, એ હેતુગર્ભ એટલે કે જેમાં કોઇ હેતુ હોય તેવું વિશેષણ છે. કહેવાયેલી રીતે તે એનો હેતુ ભકિત છે, એમ જો શાસ્ત્રસંમત હોવાનુ કહેવાયુ હોય તો તનુ હોવાથી તેના અંગરૂપ કે હેતુરૂપ હોવાનું યોગ્ય નથી. કારણ કે કર્મનો વિચાર કરનારાં અને જ્ઞાનનો વિચાર કરનારાં બંને મીમાંસાના સૂત્રોથી અને તે તે ફળના સંબંધથી વૈદિક માર્ગ નિશ્ચયપુર્વક ભિન્ન છે. જૈમિનિ સૂત્રમાંના 'શેષઃ પરાર્થત્વાત્' એ સૂત્રને લક્ષમાં લઇને 'કર્મફલાર્થત્વાત્' પ્રમાણે કર્મ તેનું ફળ આપીને વિરમે છે. એમ કહ્યું છે. ફળ જ્યોતિષ્ટોમાદિ વાકયમાં સ્પષ્ટ છે. વિશ્વજિદાદિ વાકયમાં પણ 'બધાંને માટે સમાન હોય તે સ્વર્ગ કહેવાય,' એમ આનાથી નિશ્ચિત થયેલું છે. એ પ્રમાણે તેટલા પુરતા કર્મો સાર્થક છે. પરિણામે ભકિતની અપેક્ષા રહેતી નથી. એ પ્રમાણે 'અક્ષરની આરાધનાની મર્યાદા તો સામાન્ય ભાવથી એટલે ભગવાનની વિભૂતિરૂપના ભાવથી અને તદ્ભાવથી એટલે ભગવદ્ભાવથી છે. ઔપસદની જેમ તે (ગીતાજીમાં) કહેવાયેલ છે,' એવું વ્યાસસૂત્ર (૩–૩–૩૩) છે. 'આ પરબ્રહ્મને જે ધારણ કરે છે, ચાહે છે, ભજે છે, ધ્યાનમાં સ્થિર કરે છે, સ્નેહ કરે છે, સાંભળે છે, સંભળાવે છે, ઉપદેશે છે, આચરે છે, તે મૃત્યુથી પર થઇ જાય છે, એ પ્રમાણે ભગવદ્ધર્મો મુકિતના સાધન છે, એમ આથર્વણ ઉપનિષદમાં વર્ણવેલું છે. 'તેને એ પ્રમાણે જાણનાર આ જગતમાં મૃત્યુથી પર થઇ જાય છે.' એ પ્રમાણેનું જ્ઞાન તૈત્તિરીય અને શ્વેતાશ્વતરમાં પ્રસિધ્ધ છે. તેમાં બધાનું કારણ શું છે ? ઊલટાનું જ્ઞાનનું જ કારણપણું છે, એવી શંકાના જવાબમાં કહે છે કે, '(પરમાત્માની) પ્રાપ્તિ માટે બીજું સાધન નથી.' (શ્વેતાશ્વર, ૩–૮) એ પ્રમાણે અન્યના નિષેધથી સાધનની ભિન્નતામાં ફળની ભિન્નતા હોવાથી જ્ઞાનનું મુકિતમાં અયોગ્યપણું છે, 'તે મને ભકિતથી યોગ્ય રીતે જાણે છે, (ભ.ગી. ૧૮–૫૫), એ પ્રમાણે ભકિત કરતાં જ્ઞાનનું ઊતરતાપણું હોવાથી અને જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે; એમ હોવાથી, 'હે ગાર્ગિ, તે આ અક્ષરને સ્થૂળથી ભિન્ન અને અણુથી પણ ભિન્ન કહે છે (બૃહદા. ૩–૮–૮) તે પરા વિદ્યા છે જેનાથી તે અક્ષરબ્રહ્મ સમજાય છે (મુંડક ૧ ૧–૫) તે અદૃશ્ય છે, તે અગ્રાહ્ય છે, વગેરે શ્રુતિઓમાં કહેવાયેલા અક્ષરની ઉપાસનાનું, અક્ષર વિષયક જ્ઞાન શ્રવણ થાય છે. અહીં 'તુ' શબ્દ પુર્વપક્ષના નિરસન માટે છે. અવરોધ શબ્દ મુકિતનાં સાધનો એવા અર્થમાં છે તે સામાન્યથી (વિભૂતિરૂપથી) અને તદ્ભાવથી (પુરુષોત્તમભાવથી) છે. કહેવાયેલી શ્રુતિમાં જેમ ધર્મો પુરુષોત્તમની સાથે સંબંધવાળા છે, તેમ વર્ણવાયેલું છે, તેમ જ તૈત્તિરીયખિલમાં 'અંભસ્યપારે'થી લઇને 'તદક્ષરે પરમે વ્યોમન' સુધીમાં એ પ્રમાણે ભગવાનનું સ્થાન હોવાથી અક્ષરનું પણ વર્ણન છે. આથી ભગવદ્ધર્મો અને અક્ષરનાં લક્ષણો સમાન છે. તે જ પ્રમાણે 'બ્રહ્મને જાણે છે તે બ્રહ્મરૂપ થઇ જાય છે' (મુંડક, ૩–૯), એવી શ્રુતિ છે. જે તદ્ભાવ છે તે જ્ઞાનીનો બ્રહ્મભાવ કહેવાયેલ છે. તે પણ 'બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલો અને પ્રસન્ન ચિત્તવાળો પુરુષ (શોક કરતો નથી કે કશાની આકાંક્ષા રાખતો નથી. સર્વ પ્રાણીઓને સમાન એવો તે મારી પરા ભકિતને પ્રાપ્ત

કરે છે.)' (ભ.ગી. ૧૮–૫૪), એમ અહીં પરમ ભકિતની પ્રાપ્તિમાં સ્વરૂપની યોગ્યતા પ્રાપ્ત કરનાર હોવાથી યાદ કરાયેલ છે, તે પણ તેવા બે હેતુથી, નહિ કે સાક્ષાત્ પુરુષોત્તમની પ્રાપ્તિનુ સાધન હોવાથી અરે, એ પ્રમાણે સ્મૃતિમાં કહેવાયું છે. શ્રુતિ તો ત્યાં વિરમી જાય છે, એ વિષમતા છે. વળી અક્ષર પણ ભેદ રહિત છે, એમ તેને જાણનારાઓમાં કેટલાકને તેની સાથે સાયુજ્ય, કેટલાકને ભકિત ની પ્રાપ્તિ એવું હેતુ રહિત વૈષમ્ય છે. તે બંને શી રીતે નિરાકરણને પાત્ર થાય! એવી શંકાના જવાબમાં 'ઔપસદવત્' એવા શબ્દોથી દૃષ્ટાંતથી કહે છે :–

જેવી રીતે ઉપસદ નામના કર્મના સંબંધમાં 'તાનૂનપ્ત્રસ્પર્શ' નામના કર્મમાં 'અનાધૃષ્ટમસ્યનાધૃષ્યમ્' એ મંત્રથી 'તાનૂનપ્ત્ર' નામે ધ્રૌવાજ્યથી શ્રુવામા ચતુરની જેમ તે હોમવાના ઘીને સોળ ઋત્વિજો અને યજમાન પણ 'અનુ મે દીક્ષામ્' એ મંત્ર વડે સ્પર્શે છે, એમ કલ્પમાં તથા શ્રુતિમાં વર્ણવાયેલ છે. જે ઋત્વિજને તે ચાહે તે યજ્ઞના યશને પ્રાપ્ત કરે, એ પ્રમાણે તેને પ્રથમ સ્પર્શે. અહીં બધા ઋત્વિજોની સમાનતા હોવા છતાં, જેવી રીતે યજમાનની ઇચ્છા પ્રમાણે ફળમાં વિષમતા છે, તેવી રીતે અહીં પણ ભગવાનની ઇચ્છા પ્રમાણે ફળમાં વિષમતા છે. અહીં 'તદુકતમ' વગેરે શબ્દોથી સંમતિ દર્શાવે છે. એ પ્રમાણે ગીતાજીમાં કહ્યું છે, એ અધ્યાહાર છે. 'જેને વેદના જ્ઞાતા અક્ષર એવા નામથી કહે છે' (ભ. ગી. ૮-૧૧), વગેરેથી 'હે અર્જુન, તે ઉત્તમ પુરુષ અનન્ય ભકિતથી પ્રાપ્ત થાય તેવો છે, (ભ. ગી ૮–૨૨) સુધીમાં એવા નિર્ણયથી અને વળી ઉપબૃંહણતા હોવાથી વિરોધ નથી, અને હેતુ રહિત વિષમતા પણ નથી, એમ પ્રતિપાદન થયું છે. તેથી મર્યાદા માર્ગનું જ્ઞાન પણ સ્વાભાવિક રસથી અને શેષપણાથી મોક્ષ જ ગ્રહણ કરે છે, ભકિત નહિ. ઉપરાંત બંને મીમાસામાં એટલે કે પુર્વમીમાંસામાં અને ઉત્તરમીમાંસામાં કર્મ અને જ્ઞાનના તે તે મુખ્ય ફળનું જુદું જુદું નિરૂપણ થયુ હોવાથી કેવળ તેના અંગભુત પ્રધાન યજ્ઞ સંબંધી થતા અનુષ્ઠાન વગેરેમાં સમાનપણાના અભાવે, (પુર્વમીમાંસા અને ઉત્તરમીમાંસાના) સુત્રથી વૈદિક માર્ગ જુદો છે અને 'દાન, વ્રત, તપ, હોમ' (ભાગ ૧૦–૪૭ ૧૪) વગેરે વાકયોથી સિદ્ધ અનુગ્રહવાળો માર્ગ પણ જુદો છે એ જ પ્રમાણે દૈવી સૃષ્ટિનો આત્મા પ્રવાહ પણ જેને અવશેષ મોક્ષ છે એવો છે; કારણ કે 'દૈવી સંપત્તિ મોક્ષને માટે છે, (ભ. ગી. ૧૬–૫), એવુ વાકય છે. બાકીના બેને બાકી રહ્યું બંધન, એ પ્રમાણે દુર કરાયેલી બાકી રહી ભકિત. પ્રવાહ પણ જો ભકિત બાકી છે જેને એવો હોય તો ભગવાન સંપતિના એ પ્રમાણેના ભાવને ન દર્શાવત એ પ્રમાણે યુકિતથી વૈદિક સૃષ્ટિ પણ ભિન્ન છે અને અનુગ્રહવાળો માર્ગ પણ ભિન્ન છે, એ પ્રમાણે શબ્દે શબ્દ કાર્ય સિધ્ધ કરવામાં ઉપયોગી છે. તેથી કેવળ ત્રણ સ્વરૂપ અત્યંત ભિન્ન જ છે, એમ હોવાથી ત્રણ માર્ગ સિધ્ધ છે. એમ અર્થ છે. (ક્રમશઃ)

આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૧૨ તા. ૮-૮-૮૪ બુધ પવિત્રા બારસ. ગુરુને પવિત્રા ધરાવવાં.

શ્રાવણ સુદ ૧૩ તા. ૯-૮-૮૪ ગુરુ કંટોલા તેરસ.

શ્રાવણ સુદ ૧૫ તા. ૧૧-૮-૮૪ શનિ રક્ષાબંધન શૃંગારમા, નાળીયેરી પૂનમ, હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૨ તા. ૧૩-૮-૮૪ સોમ હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૭ તા. ૧૯-૮-૮૪ રવિ શયનમાં ષષ્ઠીનો ઉત્સવ. વિષ્ણુસ્વામીનો પ્રાકટ્યોત્સવ

શ્રાવણ વદ ૮ તા. ૨૦-૮-૮૪ સોમ જન્માષ્ટમી વ્રત. શ્રીકૃષ્ણ જયંતિ. ગોકુલાષ્ટમી. મન્વાદિ તિથિ. ભાવાત્મક મહારાત્રિ.

શ્રાવણ વદ ૯ તા. ૨૧-૮-૮૪ મંગળ શ્રી નંદમહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૨૨-૮-૮૪ બુધ આજથી બાલલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૨૩-૮-૮૪ ગુરુ અજા એકાદશી વ્રત.

શ્રાવણ વદ ૧૩ તા. ૨૫-૮-૮૪ શનિ શ્રી વલ્લભજીનો ઉત્સવ (સં. ૧૭૦૩ લાલલ્હેરી શ્રી ગોપાલજીનો ઉત્સવ (સં. ૧૯૧૦) ચૌદશનો ક્ષય હોવાથી આજે.

ભાદરવા સુદ ૧ તા. ૨૭-૮-૮૪ સોમ શ્રી રાધાજીની વધાઈ બેઠી.

ભાદરવા સુદ ૨ તા. ૨૮-૮-૮૪ મંગળ શુકનનો ઉત્સવ. શ્રી બલદેવ જયંતિ. શ્રી વરાહ જયંતિ.

ભાદરવા સુદ ૩ તા. ૨૯-૮-૮૪ બુધ કેવડા ત્રીજ. ગણેશ ચતુર્થી.

ભાદરવા સુદ ૪ તા. ૩૦-૮-૮૪ ગુરુ ઋષિ પંચમી.

ભાદરવા સુદ ૫ તા. ૩૧-૮-૮૪ શુક્ર દ્વિતીય સ્વરૂપોત્સવ શ્રી ચંદ્રાવલીજીનો પ્રાકટ્યદિન. અને છઠનો ક્ષય હોવાથી શ્રી લલિતાજીનો પ્રાકટ્ય દિન. તથા શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા) નો પાટોત્સવ.

ભાદરવા સુદ ૮ તા. ૨-૯-૮૪ રવિ શ્રી રાધાષ્ટમી.

ભાદરવા સુદ ૧૦ તા. ૪-૯-૮૪ મંગળ નવ નાગરીના પદ બોલાય. વર્ષાઋતુ પુરી થઇ.

ભાદરવા સુદ ૧૧ તા. ૫-૯-૮૪ બુધ પરિવર્તિની એકાદશી દાન એકાદશી દાનના પદ ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રી કૃષ્ણચંદ્રનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ લેખવાળા શ્રી પુરૂષોત્તમજીનો પ્રાકટ્યોત્સવ (સં. ૧૭૨૪) શ્રી દયારામભાઇ જયંતિ (સં. ૧૮૩૩) શરદ ઋતુની શરૂઆત થઈ કારતક સુધી ૧૦ સુધી

ભાદરવા સુદ ૧૨ તા. ૬-૯-૮૪ ગુરૂ શ્રી વામન જયંતિ

ભાદરવા સુદ ૧૪ તા. ૯-૯-૮૪ રવિ અનંત ચતુર્દશી

ભાદરવા સુદ ૧૫ તા. ૧૦-૯-૮૪ સોમ સાંઝીનો પ્રારંભ આજથી અમાસ સુધી સાંઝીના પદ ગવાય છે.

સુબોધિની સ્નેહસુધા

(અથ પુષ્ટિ સિદ્ધાંતરહસ્યમાંના દોઢ શ્લોકની વ્યાખ્યા)

(શ્રીભાગવત સુબોધિની અનુસાર)

સંગ્રાહક : શ્રી ગોવિંદ કોવિદ, જતિપુરા

અનુવાદ : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

[આ અંક ભગવદીયોના પુનિત કરકમલમાં પહોંચશે ત્યારે શ્રાવણ માસના પવિત્ર દિવસો ચાલી રહ્યા હશે અને પવિત્રા એકાદશી તથા પાપહંત્રી જન્માષ્ટમીના દિવસો બહુ નજીક હશે. એ લક્ષમાં રાખીને, આ વિશિષ્ટ પ્રસંગને અનુરૂપ આ લેખ અહીં અપાયો છે.

'સિદ્ધાંતરહસ્ય'ના પ્રારંભમાં પુજયપાદ શ્રી મહાપ્રભુજીએ પાંચ પ્રકારના દોષો સામાન્ય જીવોને માટે ગણાવ્યા છે, પરંતુ પુષ્ટિ જીવોને માટે તે નથી, એમ સ્વયં શ્રી મહાપ્રભુજી એ દોષો ગણાવતાંની સાથે જ કહી દે છે. શ્રી મહાપ્રભુજીનાં મંતવ્યો ઘણાં જ ટૂંકાં છતાં વિસ્તારથી જોતાં ગાગરમાં સાગર'ની જેમ ઘણું ઘણું કહી જતાં હોય છે. પાંચ પ્રકારના દોષો પુષ્ટિ જીવોને શા માટે સ્પર્શતા નથી, તેનું ઊંડું તત્ત્વજ્ઞાન પ.ભ. શ્રી ગોપીલાલજી (શ્રી ગોવિંદ કોવિદ) એ શ્રીમદ ભાગવતમાંથી તારવીને આપેલ છે. પુષ્ટિ જીવ એ અન્ય જીવોથી ભિન્ન જ છે, અને તેમનામાં અલૌકિક ગુણો સ્થિરતાને પામ્યા હોય તે, તેથી શ્રીમદ્‌ ભાગવતજીમાં વર્ણવેલ ગોપીઓનાં હૃદયો જેવાં પુષ્ટિ જીવોનાં હૃદય હોય છે. ગોપીઓ તો દઢતાપુર્વક કહે છે કે, 'ન ખલુ ગોપિકાનંદનો ભવાન. અખિલદેહિનામન્તરાત્મદૃક્' ભગવાન શ્રીકૃષ્ણ ગોપીનંદન નથીજ, એ તો સમથ દેહધારીઓના અંતર્યામી છે. આવી પ્રબળ ભાવના તમામ પુષ્ટિ જીવોનાં અંતઃકરણમાં હોય છે, અને તેથી જ તેને દોષો શી રીતે સ્પર્શી શકે ? વળી ગોપીઓ કહે છે કે, 'ત્રુટિર્યુગાયતે ત્વામપશ્યતામ', હે પ્રભુ, આપનાં દર્શન વગર અમારી એક ક્ષણ પણ યુગની સમાન જાય છે. જેમનાં ચક્ષુઓ નિરંતર પ્રભુનાં દર્શન કરતાં હોય તેવા પુષ્ટિ જીવોને દોષ સ્પર્શ કરવાને શી રીતે શકિતમાન થાય ? ગોપીઓ પ્રભુને વિનવે છે કે, 'સુરતનાથ તે શુલ્કદાસિકાઃ', હે સુરતનાથ, અમે તો આપની પામર દાસીઓ છીએ, આમ જયાં પ્રભુનું દાસત્વ હોય ત્યાં દોષોનું અસ્તિત્વ સંભવી શકે જ નહિ. અને વળી વ્રજની સ્ત્રીઓ–ગોપીઓ કેવી છે ? 'વ્રજસ્ત્રિયઃ કૃષ્ણગૃહીતમાનસઃ. 'શ્રીકૃષ્ણમાં જ જેઓનું મન લીન થઇ ગયું છે તેવી વ્રજની સ્ત્રીઓ છે. અને 'અનયારાધિતો નુનં ભગવાન હરિરીશ્વરઃ,' ભગવાન-શ્રીહરિ, ઇશ્વરનું આરાધન નકકી આણે જ–ગોપીઓએ જ કરેલું છે. ઇશ્વરનું આરાધન જેઓએ કરેલું છે અને શ્રીકૃષ્ણની જ સેવામાં નિરંતર મનને લગાડેલું છે, તે જ પુષ્ટિ જીવ છે. તેવાઓને દોષ કોઇ રીતે સ્પર્શી શકે જ નહિ. ગોપીઓ કહે છે કે, પ્રભુ, આપનાં કોમળ ચરણ કાંકરા, અણિયાળું ઘાસ વગેરેથી દુઃખને પામે છે. તેથી હે પ્રિય,

અમારાં મન પણ દુઃખી થાય છે. જે પુષ્ટિ જીવ પ્રભુના સુખે જ સુખી છે અને એક માત્ર પ્રભુના સુખનો જ વિચાર કરે છે તેને દોષ કોઇ પણ રીતે સ્પર્શી શકે જ નહિ. ગોપીઓ પ્રભુને વિનવે છે કે, 'ઋષભ તે વયં રક્ષિતા મુહુઃ,' હે સર્વશ્રેષ્ઠ પ્રભુ, આપનાથી તો અમે વારંવાર રક્ષાયાં છીએ. આમ પુષ્ટિ જીવોનું સ્વયં પ્રભુ રક્ષણ કરે છે, તેઓ દોષભાગી શી રીતે થઇ શકે ? સાર એ નીકળે છે કે, પરાત્પર પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણજ એક માત્ર જેઓના આધાર છે, એટલે કે જેઓ અનન્યાશ્રયી છે અને સંસારની તમામ જંજાળોને અળગી કરીને જેઓ અસ્ખલિત પ્રભુની સેવા અને પ્રભુનાં સ્મરણમાં જ લીન રહે છે. અતૂટ પ્રભુદર્શન પામ્યા કરે છે અને એક માત્ર પ્રભુના સુખનો જ વિચાર કર્યા કરે છે તેમજ અસમર્પિત કોઇપણ વસ્તુનો સ્વીકાર કરતા નથી, તેવા પુષ્ટિ જીવોને દોષો કોઇ પણ રીતે સ્પર્શી શકતા નથી, એવો નિર્ણય અહીં કરવામાં આવ્યો છે. અત્યારે ચાલી રહેલા પવિત્રા એકાદશી અને જન્માષ્ટમીના મંગલમય અને આનંદદાયક દિવસોમાં આપણે તેને વિચાર પુર્વક ધ્યાનપુર્વક અને અનુભવપુર્વક ચાલો, ફરી ફરીને વાંચીએ ! —અનુવાદક]

સુબોધિની સ્નેહ સુધા

સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપિતાઃ ।
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ ન મંતવ્યાઃ કથંચન ॥
અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિ કથંચન ।

(સિદ્ધાંતરહસ્ય)

લોક અને વેદમાં નિરૂપણ કરાયેલા સહજ, દેશજ, કાલજ, સંયોગજ અને સ્પર્શજ એવા પાંચ પ્રકારના દોષ છે તે (પુષ્ટિ માર્ગમાં કોઇ પણ રીતે (પ્રતિબંધક) માનવ યોગ્ય. નથી. બ્રહ્મસંબંધ પામ્યા વિના કોઈ પણ રીતે બધા દોષોની નિવૃત્તિ શકય નથી.

આત્માનં મેનિરે સ્ત્રીણાં માનિન્યોઽભ્યધિકં ભુવિ ।

(ભાગ ૧૦-૨૯ (૨૬)-૭)

ભગવાન શ્રીકૃષ્ણથી આદર પામેલી ગોપીઓ, સંસારભરની સમસ્ત સ્ત્રીઓમાં પોતાની જાતને સર્વશ્રેષ્ઠ અને માનવતી માનવા લાગી.

વળી તે ગોપીઓ પોતાની જાતને સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ માનવા લાગી, અને સંસારમાં સૌથી શ્રેષ્ઠ સ્ત્રીઓ પોતાને ગણવા લાગી, અથવા સંસારમાંની બધી સ્ત્રીઓમાં પોતાની જાતને ઉત્તમ માનવા લાગી. આથી ભગવાન અમોને જો વિનવશે તો અમે રસદાન કરીશું, એવી માનવંતી તેઓ થઇ ગઇ. તેઓમાં ભગવાનના ધર્મો આવી ગયા. એમ થવાથી જેવી રીતે પહેલાં પ્રાર્થનાથી ભગવાન વશ થયા, તેમ અમે પણ વિનતિથી વશ થઇશું. કહેવાનો એવો ભાવ રસને માટે હતો, તેથી તે દોષરૂપ નથી; કારણ કે તેઓમાં ભગવદ ભાવ હતો.

(સુબોધિની, ૧૦-૨૯ (૨૬)-૪૭)

સ્ત્રીઓમાં અને ભુમિ ઉપર શ્રેષ્ઠ હોવાનું જે અભિમાન છે તે દોષ છે. (સુબોધિની, ૧૦-૨૯ (૨૬)-૪૮) એ પ્રમાણેના વાક્યથી સહજ દોષો છે. (રાસપંચાધ્યાય).

વધ્વાઃ પદૈઃ સુપૃક્તાનિ વિલોક્યાર્તાઃ સમબ્રુવન્ ।
(ભાગ ૧૦-૩૦ (૨૭)-૨૬)

એક સ્ત્રીનાં ચરણોની સાથે ભગવાનનાં ચરણો પડેલાં જોઇને દુઃખી થયેલી તેઓએ કહ્યું.

જો તેઓમાં અદેખાઇનો દોષ ન હોત તો તેઓ તેમની પાસે ગઇ હોત. દોષને કારણે તેઓ અત્યંત જડ જેવી થઇ ગઇ. (સુબોધિની, ૧૦-૩૦ (૨૭)-૨૬).

ધન્યા અહો અલી આલ્યો ગોવિંદાંઘ્ર્યબ્જરેણવઃ ।
(ભાગ ૧૦-૩૦ (૨૭,-૨૯)

હે સખીઓ, ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણકમની આ રજકણોને ધન્ય છે.

ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમળના સ્પર્શથી રજકણોની શ્રેષ્ઠતા છે. તે રજકણો જ પોતાનો દોષ નિવારવા માટે માથા ઉપર ધારણા કરવા યોગ્ય છે, એમ કહેવાયું આ કારણે રજકણોને માથા ઉપર ધારણ કરવાથી આપણે પણ દોષ રહિત થઈશું અને ભગવાનની સાથે જઇ રહેલ ગોપીની સમાંન આપણે જઇશું. (સુબોધિની, ૧૦-૩૦ (૨૭,-૨૯).

સા ચ મેને તદાત્માનં વરિષ્ઠં સર્વયોષિતામ્ ।
તતો ગત્વા વનોદ્દેશે દૃપ્તા કેશવમબ્રવીત્ ।।
ન પારયેઽહં ચલિતું નય માં યત્ર તે મનઃ ।
(ભાગ ૧૦-૩૦ (૨૭)-૩૬, ૩૭)

(ભગવાન જેને સાથે લઇ ગયા) ત્યારે તે સ્રી પોતાની જાતને બધી સ્રીઓમાં સર્વોત્તમ માનતી હતી. ત્યાંથી આગળ વનપ્રદેશમાં જઈને, ગર્વયુક્ત થયેલી તેણે શ્રીકૃષ્ણને કહ્યું, હું ચાલવાને શકિતમાન નથી. આપની ઇચ્છા હોય ત્યાં મને તેડીને લઇ જાઓ.

દોષોઽભિમાનવચનં વચનોત્તરમેવ ચ ।
પૂર્વવચ્ચ તિરો ભાવો વિજ્ઞેયં દોષદર્શને ।।
(સુબોધિની કારિકા)

દોષ, અભિમાન ભર્યું વચન, વચનનો ઉત્તર તેમ જ પહેલાંની જેમ તેનો તિરોભાવ જેનાથી પોતાના દોષનું ભાન થાય.

એમ સુબોધિનીજીમાં દર્શાવ્યા પ્રમાણે કાલજ એટલે કાળથી થતા દોષો છે.

અષ્ટાવિંશે હરેર્ગાનં સ્વભાવાદ પરાધતઃ ।
કૃતાવજ્ઞા ગોપિકા હિ સ્તોત્રં ચ કુરિતીર્યતે ।।
(ગોપીગીત પ્રારંભે સુબોધિની કારિકા)

દેહધારીઓના સૌથી પ્રીય, બંધુ અને આત્મા ખરેખર તો આપ છો.

કુર્વન્તિ હિ ત્વયિ રતિમ ।

(ભાગ ૧૦-૨૯(૨૬)-૩૨)

તેઓ આપમાં જ પ્રીતિ કરે છે.

પાદૌ પદં ન ચલતસ્તવ પાદમૂલાત્ ।

(ભાગ ૧૦-૨૯(૨૬)-૩૪)

અમારા બન્ને પગ આપનાં ચરણકમળને છોડીને એક પગલું પણ હટવાના નથી.

ધ્યાયેન યામ પદયો : પદવીં સખે તે ।

(ભાગ ૧૦-૨૯(૨૬) -૩૫)

હે પ્રિય, ધ્યાનથી અમે આપનાં બન્ને ચરણકમળની પદવીને પામીશું.

નાન્યસમક્ષમંજ : સ્થાતું ત્વયાભિરમિતા : ।

(ભાગ ૧૦-૨૯(૨૬)-૩૬)

આપનાથી અમોને આનંદની પ્રાપ્તિ થઇ છે. અન્યની સામે કોઇપણ રીતે ઊભી રહેવાને અમે અસમર્થ છીએ.

તવ પાદરજપ્રપન્ના : ।

(ભાગ ૧૦-૨૯(૨૬)-૩૭)

આપના ચરણોની રજ અમે પ્રાપ્ત કરી લીધી છે.

તન્નઃ પ્રસીદ વૃજિનાર્દન તેંઘ્રિમૂલં,
પ્રાપ્તા વિસૃજ્ય વસતીત્વદુપાસનાશા : ।
પુરુષભુષણ દેહિ દાસ્યમ્ ।।

(ભાગ ૧૦-૨૯(૨૬)-૩૮)

હે દુઃખોનો નાશ કરનારા પ્રભુ, અમારા ઉપર પ્રસન્ન થાઓ, ઘરબાર છોડીને આપની સેવા કરીશું એવી આશાઓ અમોને છે તેથી અમોએ આપનાં ચરણકમળ પ્રાપ્ત કર્યાં છે. હે પુરુષભુષણ, અમોને દાસપણું આપો.

વક્ષઃ શ્રિયૈકરમણં ચ ભવામ દાસ્યઃ ।

ભાગ (૧૦-૨૯ (૨૬)-૩૮)

લક્ષ્મીજીનું એક માત્ર રમણસ્થળ આપની છાતીને જોઇને અમે દાસીઓ થયેલી છીએ.

ત્રૈલોકયસૌભગમિદં ચ નિરીક્ષ્ય રૂપમ ।

(ભાગ ૧૦-૨૯ (૨૬)-૪૦)

આ ત્રણેય લોકના સૌંદર્યથી ભરપુર આપનું સ્વરૂપ નીરખીને....

તન્નો નિધેહિ કરપંકજમાર્તબંધો ।

(ભાગ ૧૦-૨૯ (૨૬)-૪૧)

તેથી હે દુઃખી જનોના સહાયક, આપનો કરકમળ અમારા ઉપર મૂકો.
વગેરે વાકયોથી સહજ દોષો કોઇ પણ રીતે માનવા યોગ્ય નથી.

લીલા ભગવતસ્તાસ્તા હ્યનુચક્રુસ્તદાત્મિકાઃ ।
(ભાગ ૧૦–૩૦ (૨૭)–૧૪)

ભગવાનમય બનેલી ગોપીઓ ભગવાનની તે તે લીલાઓનું અનુકરણ કરવા લાગી.

કૃષ્ણોડહં પશ્યત ગતિં લલિતામિતિ તન્મનાઃ ।
(ભાગ ૧૦–૩૦ (૨૭)–૧૯)

હું કૃષ્ણ છું, મારી લલિત ગતિને તમે જુઓ, એમ કહેતી તે પ્રભુમય બની ગઇ.

પદાનિ વ્યકતમેતાનિ નંદસુનોર્મહાત્મનઃ ।
લક્ષ્યન્તે હિ ધ્વજાભોજચક્રાંકુશયવાદિભિઃ ।।
(ભાગ ૧૦–૩૦ (૨૭)–૨૫)

આ પગલાં નિશ્ચિતપણે નંદપુત્ર મહાત્મા શ્રીકૃષ્ણનાં છે; કારણ કે ધ્વજ, કમળ, ચક્ર, અંકુશ, યવ વગેરે સહિત તે દેખાય છે.

અનયારાધિતો નૂનં ભગવાન હરિરીશ્વરઃ ।
(ભાગ ૧૦–૩૦ (૨૭)–૨૮)

ભગવાન, શ્રીહરિ, ઇશ્વરનું આરાધન નકકી આણે જ કરેલું છે.

ધન્યા અહો, અમી આલ્યઃ ।
(ભાગ ૧૦–૩૦ (૨૭)–૨૯)

હે સખીઓ, આ ચરણકમળની રજકણો ધન્ય છે.

તયા કથિતમાકર્ણ્ય માનપ્રાપ્તિં ચ માધવાત્ ।
અવમાનં ચ દૌરાત્મ્યાદ્વિસ્મય પરમં યયુઃ ।।
(ભાગ ૧૦–૩૦ (૨૭)–૪૧)

તે ગોપીએ કહ્યું કે, શ્રીકૃષ્ણથી પોતાને માનની પ્રાપ્તિ થઇ છે, અને દુર્ભાવનાથી અપમાન થયું છે. એવું તેનું કહેલું સાંભળીને ગોપીઓને અત્યંત આશ્ચર્ય થયુ.

તન્મનસ્કાસ્તદાલાપાસ્તદ્વિચેષ્ટાસ્તદાત્મિકાઃ ।
તદ્ગુણાનેવ ગાયન્ત્યો નાત્માગારાણિ સસ્મરુઃ ।।
(ભાગ ૧૦–૩૦ (૨૭)–૪૩)

ભગવાનમાં જ મનવાળી, ભગવાનની જ વાતો કરતી, શ્રીકૃષ્ણને જ પોતાનો આત્મા સમજતી, ભગવાનના ગુણોનુ ગાન કરતી તે ગોપીઓને પોતાનું અને પોતાના ઘરનું સ્મરણ રહ્યું નહિ.

વગેરે વાકયોથી દેશજ અને કાલજ દોષો કોઇ પણ રીતે માનવા યોગ્ય નથી.

ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ।
(ભાગ ૧૦–૩૧(૨૮)–૧)

આપને માટે જ પ્રાણોને ધારણ કરી રાખ્યા છે, અને ગોપીઓ આપને શોધી રહેલ છે.

સુરતનાથ તે શુલ્કદાસિકા: ।
(ભાગ ૧૦–૩૧(૨૮–૨)

હે સુરતનાથ ! અમે આપની પામર દાસીઓ છીએ.

ઋષભ તે વયં રક્ષિતા મૂહુ: ।
(ભાગ ૧૦–૩૧(૨૮)–૩)

હે ઋષભ, અમે આપનાથી વારંવાર રક્ષણ પામ્યાં છીએ.

અખિલદેહિનામન્તરાત્મદૃક્ ।
(ભાત્ર ૧૦–૩૧(૨૮)–૪)

આપ સમગ્ર દેહધારીઓમા અંતર્યામી છો.

શિલતૃણાંકુરૈ: સીદતીતિ ન:,
કલિલતાં મન: કાન્ત ગચ્છતિ ॥
(ભાગં ૧૦–૩૧(૨૮)–૧૧)

હે પ્રભુ, આપનાં કોમળ ચરણ કાંકરા, અણિયાળું ઘાસ વગેરેથી દુ:ખને પામે છે ત્યારે હે પ્રિય, અમારું મન પણ દુ:ખી થાય છે.

ત્રુટિર્યુગાયતે ત્વામપશ્યતામ્ ।
(ભાગ ૧૦–૩૧(૨૮)–૧૫)

આપનાં દર્શન વિના અમારી એક ક્ષણ યુગ સમાન થઇ જાય છે.

વ્રજવનૌકસાં વ્યકિતરંગ તે,
વૃજિનહંત્ર્યલં વિશ્વમંગલમ ।
(ભાગ. ૧૦–૩૧ (૨૮)–૧૮)

હે વહાલા, આપનું સ્વરૂપ વ્રજવાસીઓનાં પાપોનું પુર્ણ રીતે નાશ કરનારુ છે અને વિશ્વનું મંગલ કરનારું છે.

વગેરે વાકયોથી લોકમાં અને વેદમાં નિરૂપાયેલા દોષો કોઇ પણ રીતે માનવા યોગ્ય નથી.

તં વિલોકયાગતં પ્રેષ્ઠં પ્રીત્યુત્કુલ્લદૃશોઽબલા: ।
ઉત્તસ્થુર્યુગપત્ સર્વાસ્તન્વ: પ્રાણમિવાગતમ ॥
(ભાગ. ૧૦–૩૨ (૨૯)–૩)

અત્યંત પ્રિય એવા ભગવાન શ્રીકૃષ્ણને પધારેલા જોઇને સ્ત્રીઓ પ્રેમભરપૂર દષ્ટિવાળી થઈ ગઈ, અને પ્રાણ આવતાં જેમ કર, ચરણ આદિ અવયવો સચેત થઈ જાય છે તેમ બધી સ્ત્રીઓ એકી સાથે ઊભી થઇ ગઇ.

> તદ્દર્શનાહ્લાદવિધૂતહૃદ્રુજો
> મનોરથાન્તં શ્રુતયો યથા યયુઃ ।
> (ભા. ૧૦–૩૨ (૨૯)–૧૩)

ભગવાનનાં દર્શનથી થયેલા આનંદથી ગોપીઓની વેદનાઓ નષ્ટ થઇ ગઇ અને શ્રુતિઓની જેમ તેઓ મનોરથોની પુર્ણતાને પામી.

> અવં મદર્થોજ્ઝિત લોકવેદસ્વાનાં હિ વો મય્યનુવૃત્તયેઽબલાઃ ।
> મયા પરોક્ષં ભજતા તિરોહિત માસૂચિત માહંથ તત્પ્રિયં પ્રિયા ॥
> (ભાગ. ૧૦–૩૨ (૨૯)–૨૧)

હે અબળાઓ, એ પ્રમાણે લોક વેદ અને પોતાનાં જેઓ છે તેઓનો મારે માટે ત્યાગ કરનારી તમે છો, તમારી વૃતિઓ મારામાં લાગી રહી છે તેથી પરોક્ષ રીતે ભજતો હું અંતર્ધાન થઇ ગયો, તેથી પ્રિયાઓએ પ્રિયની ઇર્ષ્યા કરવી યોગ્ય નથી.

> મા પારયેઽહં નિરવદ્યસંયુજાં, સ્વસાધુકૃત્યં વિબુધાયુષાયિ વઃ ।
> યા માભજન્ દુર્જરગેહશંખલાઃ, સંવૃશ્ચ્ય તદ્વઃ પ્રતિયાતુ સાધુના ॥
> (ભાગ. ૧૦–૩૨ (૨૯)–૨૨)

દોષ રહિત ભજન કરીને, મારી સાથે જોડાઇને રહેલાં એવાં તમારાં પોતાનાં ઉત્તમ કાર્યનો પ્રત્યુપકાર હું બ્રહ્માજીના આયુષ્યથી પણ (બે અબજ વર્ષે પણ) કરી શકું નહિ. જેઓએ કઠિન એવી ઘરની બેડીઓને તોડીને મારું ભજન કર્યું છે, તેનો પ્રત્યુપકાર તમારા પુર્ણ ભાવથી જ શકય છે.

વગેરે વાકયોથી સંયોગજ અને સ્પર્શજ દોષો કોઇ પણ રીતે માનવા જોઇએ નહિ.

લલિત કલાઓના ભંડાર અને સદ્ગુરુ શ્રીમદ્ દામોદરલાલજીની કૃપાથી 'સુબોધિની સ્નેહસુધા' પરિપુર્ણ થઇ.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ** (ચરણ રજ સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૨ જું

શ્યામ સુખધામ જહાં નામ ઇનકે,
નિશદિના પ્રાનપતિ આય હિયમેં બસે;
જોઇ ગાવૈ સુજસ ભાગ્ય તિનકે.—૧
યેહિ જગમેં સાર, કહત વારંવાર,
સબનકે આધાર, ધન નિર્ધનકે;
લેત શ્રીયમુને નામ, દેત અભયપદ દાન,
'રસિક' પ્રીતમ પિયા, બસ જુ ઈનકે—૨

અર્થ – (જે જીવ) શ્રી યમુનાજીના સુયશ (ગુણગાન) સ્નેહપુર્વક ગાય છે તેના હૃદયમાં પ્રાણપતિ–શ્રી ઠાકુરજી પધારીને અહર્નિંશ સુખપુર્વક બિરાજે છે, આવા જીવના ભાગ્યનું શું કહેવું.

શ્રી હરિરાયજી વારંવાર આગ્રહપુર્વક આજ્ઞા કરે છે કે આ સંસારમાં તત્વનું પણ તત્વ, સારનો પણ સાર એકમાત્ર શ્રીયમુનાજી છે, નિર્ધનનું પરમ ધન છે.

જે જીવ સ્નેહપુર્વક શ્રીયમુનાજીનું નામ સ્મરણ કરે છે; તેને શ્રી યમુનાજી સંપુર્ણ અભયદાન આપે છે પછી તેને આ લોક પરલોક સંબંધી કોઇ ભય રહેલો નથી. પ્રિયતમ પ્રભુ પણ આવા ભકતોને આધિન બની જાય છે.

વિવેચન – શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે– "વિષયાક્રાન્ત દેહાનાં નાવેશઃ સર્વથા હરિઃ" લૌકિક વાસનાઓથી મલિન થયેલા હૃદયમાં પ્રભુ કેમ બિરાજે ! અત્યારે તો એવો સમય છે કે સત્સંગ શોધ્યો પણ મળતો નથી, જયારે દુઃસંગતો સામે આવીને આપણા ભાવને દૂષિત કરે છે. પાંચસો વર્ષ પહેલાં શ્રી મહાપ્રભુજીએ શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથમાં આજ્ઞા કરી છે કે "સર્વ માર્ગેષુ નષ્ટેષુ"... તો આ યુગમાં આપણા હૃદય નિર્મળ રહે અને તેમાં પ્રભુ બિરાજે એવી આશા તો લગભગ અશકયવત ગણાય તો પછી પુષ્ટિજીવની શું સ્થિતિ થાય ? નિઃસાધન જીવની આવી સ્થિતિ જોઇને કૃપાના સાગર શ્રી હરિરાયજી દયાપરવશ બની ગયા અને પુષ્ટિ જીવનું શ્રેય થાય, એના હૃદયમાં ભગવદ્ ભાવ પ્રગટ થાય એ માટે આપશ્રીએ શ્રી યમુનાજીનું અલૌકિક માહાત્મ્ય આ પદમાં પ્રકટ કર્યું છે. શ્રી હરિરાયજીતો સાક્ષાત્ શ્રી વલ્લભનું પ્રાકટય છે. વળી નિત્યલીલામાં આપશ્રીને શ્રી યમુનાજીનું અહર્નિંશ સાનિધ્ય છે એટલે આપ આવા ઘોર કલિયુગમાં દૈવી જીવોની આવી કરૂણ સ્થિતિ જોઇને શ્રીયમુનાજીનું અલૌકિક મહાત્મ્યજ્ઞાન જીવને સમજાવતા આજ્ઞા કરે છે કે હે જીવ, તું સ્નેહ અને શ્રદ્ધાપુર્વક શ્રીયમુ-

નાજીના ગુણગાન કરીશ તો તારૂં હૃદય નિર્મળ બનશે. બધા પાપ–તાપ નાશ પામશે જેથી તારા નિર્મળ હૃદયમાં પ્રભુ પધારીને બિરાજશે શ્રીયમુનાજીના ગુણગાન થતાં હોય ત્યાં તે શ્રવણ કરવા આપ અવશ્ય પધારે છે અને અહર્નિશ બિરાજે છે, માટે તું શ્રીયમુનાજીનું સ્મરણ એક ક્ષણ માટે પણ ભુલીશ નહિ. શ્રીયમુનાજીની કૃપાથી તારા સદ્‌ભાગ્યના દ્વાર ખુલી જશે, પછી તારા ભાગ્યનું શું કહેવું ?

પુષ્ટિમાર્ગમાં ભગવદ્‌ પ્રાપ્તિનું સાધન અને પરમતત્ત્વ શ્રીયમુનાજી છે. ભગવદ્‌ કૃપાથી વંચિત જીવોનું એ અમૂલ્ય ધન છે. સંસારમાં અનેક પ્રકારના ભય રહેલા છે. જેનાથી જીવ વિહ્વળ રહ્યા કરે છે. પરંતુ એ જીવરૂપી બાળક શ્રીયમુનાજીની ગોદમાં (શરણમાં) જાય છે ત્યારે આલોક અને પરલોક સંબંધી સર્વ ચિંતાથી શ્રીયમુનાજીના એને મુકત કરે છે. યમરાજ પણ એનાથી દુર રહે છે. યમરાજ તો શ્રી યમુનાજીના ભાઇ છે ને! તે બહેનના બાળકને દુઃખી કેમ કરે ! શ્રીયમુનાષ્ટકમાં પણ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "ન જાતુ યમયાતના ભવતિ તે પય પાનતઃ" માત્ર તૃષા નિવૃત અર્થે પયપાન કરનાર પણ યમના ત્રાસથી મુકત બને છે. જ્યાં કોઇ પણ સાધનની આવશ્યકતા નથી.

શ્રી યમુનાજીના ભૌતિક સ્વરૂપની શ્રદ્ધાથી પણ આવું અલૌકિક ફળ પ્રાપ્ત થાય છે, તો પછી જે જીવ શ્રી યમુનાજીના આધિદૈવિક સ્વરૂપ પ્રત્યે શ્રદ્ધાવાન હોય, તેના ભાગ્યનું શું કહેવું !

જીવમાં કામ ક્રોધાદિક જે દુષણો રહેલા છે, તે પણ યમરાજ સમાન જ છે. પ્રત્યક્ષ યમતો જીવનું મૃત્યુ પછી બંધન કરે છે. પરંતુ કામ, ક્રોધાદિક વગેરે યમદૂતો તો જીવય પર્યંત અસહ્ય યાતના આપે છે. આમાંથી મુકત થવું એતો યોગી–મુનિઓ માટે પણ અશકયવત છે, કારણ કે એ પ્રકૃતિ સાથે જોડાયેલા છે. પ્રાણ અને પ્રકૃતિ તો સાથે જ જાય છે, એવો નિયમ છે. દુષ્ટ સ્વભાવનું પણ એવું જ છે. પરંતુ આ સર્વ શ્રીયમુનાજીની કૃપાથી અવશ્ય દૂર થાય છે. સ્વભાવ દિવ્ય બને છે. એટલે જ શ્રી યમુનાષ્ટકમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "સ્વભાવ વિજયો ભવેત" અને શ્રી યમુનાજીની કૃપાથી એ જીવ પ્રત્યે શ્રીઠાકુરજી પણ અનહદ કૃપા વિચારે છે. તો આવા પરમ કૃપાળુ અલૌકિક "મા" શ્રી યમુનાજીનું શરણ છોડી કયાં જઇએ ?

સોરઠ

સર્વ સારનો સાર, શ્રી યમુનાજી મા આપ છો;
અનાથના આધાર, પાર ઉતારો માવડી.

* * *

ધોળ

ચાલો સખી આજ વૃદાવનમાં જઇએ,
જોઇ જોઇ આપણ સુખીયાં થઇએ. ૧
વાહાલાજી તો બેઠા છે ફુલવાડી,
જોતાં મારી આંખડી થાય ટાંહાડી ૨
ફુલનાં તકીયા ને ફુલની ગાદી,
ફુલનાં બારસાખ ને બારી. ૩
ફુલનાં છજાં મેડી ને અટારી,
ફુલની ફરતી મહેલો જાળી. ૪
ફુલની વહુજીને પેરણુ સાડી,
દરશન કરીએ દહાડી દહાડી. ૫
ફુલ્યાં ફુલ્યાં ફુલડીઆં બહુ મહેકે,
થોડે થોડે પવન પદારથ લહેકે. ૬
વનમાં મોર કોકિલા બોલે,
ના આવે કોઇ વલ્લભકુળના તોલે. ૭
હારે વાહાલો છગનમગનીયાં ખેલે રે,
હાંરે વાહાલો બાળલીલા રસ ખેલે. ૮
હાંરે વાહાલો પાઘ છોગારી ને તોરા,
હાંરે છોટા લાલજી તે ઠાકોર મોરા. ૯
હાંરે વાહાલે નામ સમરપણ કીધાં,
હાંરે વાહાલે પોતના કરી સ્થાપ્યા. ૧૦
હાંરે હું તો વલ્લભ કુળની દાસી,
હાંરે અમ પર કૃપા કરો વ્રજવાસી. ૧૧
હાંરે મને આપો તે વ્રજમાં વાસ,
હાંરે બલિહારી જાય 'માધવદાસ'. ૧૨

ભકત કવિશ્રી માધવદાસ ખંભાત.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક,
અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

ગો. શ્રી મટુલાલજી મહારાજના વચનામૃત

ભકિત તે શું ?

શ્રી ઠાકોરજી ઉપર પ્રીતિ ઉપજે તથા સ્નેહ ઉપજે અને આ જગત ઉપર વૈરાગ્ય ઉપજે તેનું નામ ભકિત અને સર્વે વાતમાં ભગવદ્ ઈચ્છા માને. જો ગમે એટલું કષ્ટ આવી પડે તો પણ શ્રી ઠાકોરજીની સેવામાંથી મન ચલાયમાન થાય નહી. પાશેર નવટાંક જે મળે તેમાં નિર્વાહ કરે અને પ્રભુની સેવા છોડે નહી. વળી બીજા કોઈ પાસે સેવા કરાવે નહિ તે સેવાનું સ્વરૂપ કેવું છે તે ઉપર દષ્ટાંત.

શ્રી ગિરિધરલાલજીને લીલામાં પધારવાની ઈચ્છા થઈ તે સમયે નેત્રમાં જલ આવી ગયાં. ત્યારે શ્રી હરિરાયજીએ પૂછયું કે મહારાજ કેમ છે! ત્યારે શ્રી ગિરિધરલાલજીએ કહ્યું કે મારાથી શ્રી દ્વારકાંનાથજીની જલની સેવા તથા ચુનની સેવા થઈ નથી, કેમકે એ સેવા તો વલ્લભ કુલમાં બને નહિ એ તો વૈષ્ણવને ઘેર જન્મ હોય તો માટે મારો જીવ સેવામાં રહ્યો છે. માટે એવું સેવાનું સ્વરૂપ જાણીને બીજા કોઈની પાસે સેવા કરાવે નહીં એ રીતે દિનપ્રતિદિન સેવામાં ભાવ વધતો જાય તેનું નામ સેવા જાણવી.

સમાચાર

આં. રા. પુ. વૈ. પરિષદના કાર્યને વ્યવસ્થિત બનાવવા માટે ભરૂચ ખાતે શ્રી વૈકુંઠભાઈ ભગતની, રાજપીપળા ખાતે પ્રા. ચંદ્રવદન પરીખની અને સુરત ખાતે શ્રી રમેશભાઈ શ્રોફની સંયોજક તરીકે નિયુકિત કરવામાં આવી છે.

કપડવંજ–ગુજરાત આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપપ્રમુખ પ. ભ. શ્રી કાંતિલાલ મગનલાલ કાંટાવાળા તા. ૫–૭–૮૪ ના રોજ હરિશરણ થતાં પરિષદની પ્રાંતિક કારોબારીની સભાએ ઉંડા દુ:ખ અને શોકની લાગણી સહ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને કૃષ્ણાશ્રયનો પાઠ કરેલ હતો. કર્મઠ સેવા નિષ્ઠ વૈષ્ણવની મોટી ખોટ પડી છે.

રાજકોટ–શ્રી બાલકૃષ્ણ લાલજી સત્સંગ મંડળના પ્રમુખ શ્રી ધનજીભાઈ ભીમજીભાઈના ધર્મ પત્નિ સૌ. રેવાબહેન શ્રીજીચરણ પામતાં સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પવા મોટી હવેલીમાં મંડળના ઉપપ્રમુખ શ્રી ડાયાલાલ જીવાભાઈના પ્રમુખસ્થાને તા. ૯–૭–૮૪ સભા ભરાયેલ હતી પ. ભ. શ્રીમતિ રેવાબહેનના ગોલોકવાસથી સેવા પરાયણ ભગવદીયની રાજકોટમાં ખોટ પડી છે.

તેજગઢ–આં. રા. પુ. વૈ. પરિષદના સભાસદોની મીટીંગ તા. ૧૩–૭–૮૪ ના રોજ સત્સંગ હોલમાં છોટા ઉદેપુર વિભાગના મુખ્ય સંયોજક શ્રી વિઠ્ઠલદાસ શાહના અધ્યક્ષ સ્થાને મળી હતી તેમાં કારોબારી સમિતિની તથા હોદેદારોની વરણી સર્વાનુમતે થયેલ હતી.

પ્રમુખ–શ્રી ઓચ્છવલાલ મોહનલાલ શાહ

ઉપપ્રમુખ–શ્રી મુકુંદલાલ કેશવલાલ દલાલ

મંત્રી–શ્રી બાલકૃષ્ણ જદુરામ પંડયા

સહમંત્રી–શ્રી નવનીતલાલ પુરુષોત્તમદાસ તથા પાંચ સભ્યો મળી કુલ નવ સભાસદોની કાર્યકારિણી સમિતિની રચના કરવામાં આવી.

अन्तर्-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेऽस्मिन्मार्ग रक्षकाः

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

વિશુદ્ધ પુષ્ટિમાર્ગ

અપૂર્વ વિદ્વતા અને ભગવદ્ અનુરાગી રસિકતાએ વિલસતાં શ્રીહરિરાયજી મહાપ્રભુજી સવાસો વર્ષ પર્યંત ભૂમંડલને અલંકૃત કર્યું તે સમયનો એક પ્રેરણાદાયી પ્રસંગ છે.

શ્રીહરિરાયજીના દેદિપ્યમાન સ્વરૂપના દર્શનથી લૌકિકભાવે આકર્ષાઈને એક રાજકુમારી મનોમન શ્રીહરિરાયજી સાથે ઐહિક સંબંધ ઈચ્છવા લાગી, કયાં વ્રજપતિ રતિભાવપૂરીત શ્રીહરિરાયજી અને કયાં કાયાની માયામાંજ રાચતી એક રાજકુમારી !

રાજકુમારી તો શ્રીહરિરાયજી સાથે એકાન્તમાં મલવાનો લાગ શોધવા લાગી. અને સદ્ભાગ્યે એકવાર એકાન્તમાં બિરાજતાં શ્રીહરિરાયજીનો પ્રસંગ શોધી જ લીધો. પણ જયાં નજીક જઈ દર્શન કરે છે તો ગોદિમાં શ્રીબાલકૃષ્ણ પ્રભુને પધરાવી સ્તનપાન કરાવતાં શ્રીયશોદાજી સ્વરૂપે શ્રીહરિરાયજીના દર્શન થયાં અને લૌકિક ભાવ ઉડી ગયો સાષ્ટાંગદંડવત્ પ્રણામ કરી પોતાના અપરાધની ક્ષમા માગી. આવો અતૂલ પ્રતાપ શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ પ્રકટ કર્યો આપશ્રીનો પ્રાકટયોત્સવ આપણે ભાદરવા વદ ૫ શનિવાર તા. ૧૫–૯–૮૪ના દિને ગામો ગામ ઉજવીશું. આં. રા. પુ. વૈ. પરિષદ દ્વારા શ્રીનાથદ્વારા મુકામે શ્રીહરિરાયજીનો પ્રાદુર્ભાવ મહોત્સવ ઉજવવા એક વિશિષ્ટ કાર્યક્રમ તા. ૧૫–૧૬–૧૭ સપ્ટેમ્બરે યોજાઈ રહ્યો છે.

⁂

વર્ષ ૩ : અંક ૬ ◆ સપ્ટેમ્બર ૧૯૮૪
શ્રી વલ્લભાબ્દ ૫૦૬

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રી વલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦, ૦૦૧

॥ શ્રી હરિ ॥

જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રથમ પીઠાધીશ્વરાણાં શુભાશિષા.

સેવાફલ યોજના

અંતર્રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્

પ. ભ. શ્રીમાન, વૈષ્ણવો, સાદર હરિસ્મરણ. આ પરિપત્ર દ્વારા આપને એ અનુરોધ છે કે, આજ ભારતિય ક્ષેત્રમા અકિંચન અનેક-વ્યકિતઓ છે જેમની પાસે સ્વાસ્થ્યનું નીદાન કરાવવા કે ઉપચાર કરાવવા દ્રવ્ય નથી. એવા પણ અનેક પરિવારો છે કે જેમની પાસે ઈલાજ કરાવવા કે કયાંય તબીઅત દેખાડવા જવા માટે બહારગામ જવા ધનની સગવડ નથી.

શ્રી વલ્લભાચાર્યજીએ આ ભકિતમાર્ગને અકિંચન ભકિતમાર્ગ કહેલ છે. એવાજ નિ:સાધન જીવો ઉપર આપે કૃપા કરેલ છે. અને ભગવાન પણ તેને પોતાના માનીને અનુગ્રહ કરતાં આવ્યા છે. આપ ભગવામના ભકત છો. અને સમાજસેવી પણ છો, માટે આપણી સંસ્થા દ્વારા સ્વાસ્થ્ય સેવાને માટે સહયોગની આપને અપીલ કરીએ છીએ

સેવાફલ નામનું એક વાહન થશે જે ગ્રામીણ અને અસહાય ક્ષેત્રોમાં પોતાની સ્વાસ્થ્ય સેવા અર્પિત કરશે. અસહાય લોકોને દવા આપવી, નિદાન કરવું, કપડા આપવા એ કાર્ય એની સાથે થશે. સાથે સાથે સદાચાર માર્ગે ચાલવાની પ્રેરણા દેનારા સસ્તા પુસ્તકો પણ તે વિસ્તારોમાં વહેંચશે. આ રીતે બંગાલ, આસામ, ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર તથા મધ્ય પ્રદેશ આદિના સ્થળોમાં પ્રવાસ કરશે. એનું કાર્યક્ષેત્ર ધર્મ સ્થળોની નજીક અથવા જયાં ધર્માંતરણ થઈ રહ્યું તેવા અગર જયાં જરૂરત પડશે તેવા ઉચીત ક્ષેત્રોમાં, તેમજ આચાર્યશ્રીની બેઠકો સમીપ જયાં ગ્રામ્ય વિસ્તાર છે ત્યાં પણ ભ્રમણ કરશે.

આ વાહનમાં ચિકીત્સક તથા જરૂરી દવાઓ–સાધનો વગેરે રાખવામાં આવશે. ભારતીય બધી ભાષાઓમાં સદાચાર અને સ્વાસ્થ્ય જાળવણી હેતુવાળુ સાહિત્ય તથા જાણકારી વિતરીત કરવામાં આવશે.

આપણાં ધાર્માંક માધ્યમથી આ કાર્ય પ્રભાવશાળી થશે અને તેમાં ડોકટરો તથા વૈદ્યોની સેવા મેળવાશે બંગાલમાં ડોકટર ગોસ્વામી સપત્નીક આ કાર્યમાં ભાગલેવા તૈયાર થયાં છે. અન્યત્ર પણ વૈષ્ણવ ચિકીત્સક મલી આવશે. માટે આ કાર્યમાં આપ ઉદારતાથી આપનો સહયોગ, સંસ્થાને પોતાનીજ માનીને આપશો. હાલમાં વાહનની સાથે કંઈક સેવા કાર્ય ખર્ચને માટે સુરક્ષીત કોષ પણ થાય તે સમયાનુકુલ રહેશે. આ જન સ્વાસ્થ્ય સેવાનું ધર્મ કાર્ય આપને પુણ્ય લાભથી યશસ્વી કરશે. આશા છે આપ આનાપર વિચાર કરશો.

સ્વાસ્થ્ય સેવા સંયોજન સમિતિ.
૨૫/૩૧ લાલમણી, ડો. આ. રા. મરચંટ રોડ,
ભૂલેશ્વર મુંબઈ–૨

ભવદિય.
શ્રીવલ્લભાચાર્ય જનકલ્યાણ પ્રન્યાસ
અધ્યક્ષ

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ કેન્દ્રીય કાર્યાલય તથા "શ્રી વલ્લભ સંદેશ" ના સંપર્ક માહિતી માંટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો.

(૧) કાર્યાલય મંત્રી
આં. રા. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય, સીતારામ બિલ્ડીંગ જી–૨
પલ્ટન રોડ, પોલીસ સ્ટેશન સામે, મુંબઈ–૪૦૦૦૦૧

(૨) વ્યવસ્થાપકશ્રી વલ્લભ સંદેશ કાર્યાલય : (સરનામું ઉપર મુજબ)

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઈ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

⁂

વર્ષ ૩ : અંક ૬
સપ્ટેમ્બર, ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

નમ્ર નિવેદન

આં. રા. પુ. વૈ. પરિષદના સિદ્ધાંતસાહિત્ય, પ્રકાશન દ્વારા આપણો મેલાપ દર મહીને થાય છે. ભગવદ્ પ્રાદુર્ભાવ મહોત્સવનો આનંદ આપણે હમણાંજ માણ્યો અને શ્રી લાડીલીજી ના પાદુર્ભાવ રાધાષ્ટમી સુધી બાલલીલા, ઢાઢીલીલા, જોગીલીલા ના ભાવો ના અવગાહન શ્રી...... સન્મુખ થતાં કિર્તન-પદગાનની પોતાની યોગ્યતાનુસાર માણ્યા.

હવે આવ્યા દાન ના દિવસો. 'ગોવર્ધન ગિરિ શિખરતેં મોહનદિની ટેર,' ની રસિક લીલા અને રસિક શિરોમણી શ્રીહરિરાયજી મહાપ્રભુનો પ્રાકટયોત્સવ માણવાના દિવસો નજીક આવ્યા. તેમજ દશદિગન્ત વિજયી શ્રી પુરુષોત્તમજી મહારાજ લેખવારાનો પ્રાકટયોત્સ રસિકભકત કવિ શ્રી દયારામભાઈ ની જયંતિ આ માસમાં જ આપણે ઉજવીશું ત્યારે આપણું, કેળવણી ખાતુ પાઠયક્રમ માંથી ભકતકવિ શ્રી નરસીંહ મહેતાના પદો-કાવ્યો પડતાં મુકી રહ્યુ છે તે જાણી આધાત ની લાગણી સહેજે આપણને થાય. આપણી અમુલ્ય સંસ્કાર સંપત્તિ ના દાતા એવા મહાકવિઓનું રૂણ તર્પણ કરવું તો એક બાજુ રહ્યું. તેમની ઓળખ નવી પેઢીને ઓછી થાય તેવા નઠારા પગલાઓ જાણ્યે-અજાણ્યે જે સત્તાવાળાઓ લઈ રહ્યા હોય તેમનું ધ્યાન આપણે અવશ્ય દોરવું જોઈએ, આ માટે આજ અંકમાં અન્યત્ર આપેલ સરનામે શ્રી નરસિંહ મહેતાના કાવ્યો પાઠય પુસ્તકમાં ચાલુ રાખવા પત્રો ઠરાવો લખવા એકેએક નાના મોટા ગામોમાંથી પ્રવૃત્તિ થવી જોઈએ. આ જ પ્રમાણે અંધકાર ભર્યા મોગલાઈના કાળમાં ભારતીય પ્રજાને ભકિતના ઉજવળ પ્રકાશિત પુષ્ટિમાર્ગે દોરી જન સામાન્યને નૈતિક હીંમતપ્રદાન કરનાર મહાન પુષ્ટિમાર્ગ પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજીના જીવન પરિચયનો પાઠ પાઠયપુસ્તકમાં યોજવા તથા યુનીવર્સીટી કક્ષાએ શુધ્ધાદ્વૈતના સિદ્ધાંતોનો અભ્યાસ દાખલ કરાવવા પણ સત્તાવાળાઓને અનુરોધ કરવાની આપણી સહુની સહીયારી ફરજ છે.

▣

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

સ્વધર્મ

પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ
(મથુરા પોરબંદર)

સ્વધર્મ એટલે આપણું કર્તવ્ય આપણી ફરજ વિદેશી ભાષામાં તેને 'અન એવોઇડેબલ ડયૂટી' કહી શકીએ; એટલે કે જે કર્તવ્ય આપણા જીવનમાં કરવું જ જોઇએ અને જેના કર્યા વિના જીવનમાં અને આલોક–પરલોકમાં આપણને ઉણપ દેખાય તે પ્રકારના પવિત્ર કર્તવ્યને ધર્મ કહેવાય છે.

સંસારની અનેક પ્રકારની યાતનાઓમાંથી બચવું હોય, પરાધિનતા, દરિદ્રતા, પાપ, પાખંડ ઇત્યાદિથી મુકત થવું હોય શારીરિક, માનસિક, આધ્યાત્મિક ઉન્નતિ કરવી હોય ચોરાશીલક્ષ યોનીની યાતનાઓથી બચવું અને આલોક પરલોક બન્ને સફલ બનાવવા હોય તો મનુષ્યે ધર્મની શરણે જવું જોઇએ.

શાસ્ત્રમાં ધર્મની વ્યાખ્યા એ કરી છે કે જેનાથી આલોકમાં અભ્યુદય અને નિઃશ્રેયસ થાય તે જ ધર્મ. શ્રીમદ્ ભગવદ્ગીતાનો પ્રારંભ ધર્મથી જ થયો છે "ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે". ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં અર્જુનને ધર્મનો જ ઉપદેશ આપ્યો છે.

શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્
સ્વધર્મે નિધનંશ્રેયઃ પરધર્મો ભયાવહઃ

અર્થાત્ સ્વધર્મ, પરધર્મ કરતાં ન્યૂન ગુણવાળો હોય તો પણ તે ઉત્તમ છે સ્વધર્મમાં મરણ થાય તો પણ સારું છે પરંતુ પરધર્મ ભયાવહ છે એટલે કે ભય કરનાર છે.

બહુ શુક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં આપણું સમગ્ર જીવન ધર્મથી ઓતપ્રોત છે અને ધર્મથી વિમુખ બનેલા જીવોને, મૂર્ખ જડવાદી નાસ્તિકોને પોતાના કર્તવ્યનું ભાન કરાવવા માટે જ આપણા આચાર્યચરણો–મહાનુભાવોનું પ્રાકટ્ય અને શાસ્ત્રોની રચના છે.

ધર્મ બે પ્રકારના છે એક સાધારણ અને બીજો વિશેષ, મનુષ્ય માત્ર જયારથી જન્મ લિયે છે ત્યારથી કર્તવ્યનો ભાર લઇને જ જન્મે છે. જે જીવન પર્યંત તેને કરવાના હોય છે. જયારથી આપણે કંઇક સમજદાર થાઇયે ત્યારથી જ આપણા દેહ પ્રત્યે, માતા પિતા પ્રત્યે, સમાજ પ્રત્યે, સંબંધિ પ્રત્યે, દેશ પ્રત્યે, સાહિત્ય પ્રત્યે એમ દરેક પ્રતિ કંઇક ફરજ બજાવવાની હોય છે પરંતુ શું એક પણ ફરજ આજે પૂરી કરીએ છીએ? અને કરીએ તો પણ કેવલ આપણા સ્વાર્થ

પૂરતી; તેનું કારણ શું તે કોઇ વખત વિચાર કર્યો છે ?

કોઇ પણ કર્તવ્યને આપણો ધર્મ ન સમજીએ ત્યાં સુધી તેનું પાલન થઇ શકતું નથી આજે આપણી સ્થિતિ તો :– "સત્યં નાસ્તિ તપઃ શોચં દયા દાનં ન વિદ્યતે ઉદરમ્ભરિણો જીવાઃ વરાકાઃ કૂટ ભાષિણઃ" જેવી થઇ રહી છે. આપણા જીવનમાં સત્ય, તપ, પવિત્રતા, દયા, દાન બધું નષ્ટ થયું કેવલ છળ કપટથી આપણા ઉદરનું પોષણ તે જ પુરતો આપણો ધર્મ અને તે જ પુરતું આપણું કર્તવ્ય માનતા થયા અને ફલસ્વરૂપે આત્માનંદ લુપ્ત થયો. આ જીવનમાં સુખ ન રહ્યું અને પુનર્જન્મની યાતનાઓ તો હજી આપણા માટે અમાનત જ છે.

માટે એટલું જરૂર યાદ રાખજો જ્યાં સુધી કોઇ પણ કાર્યને આપણો ધર્મ નહીં માનીએ ત્યાં સુધી સફલતાની ચાવીઓ આપણાથી દૂર રહેશે. આ વિષય તો બહુ જ વિશાળ છે જેટલું કહેવાય તેટલું ઓછું છે પરંતુ આટલું જ આના ઉપરથી સમજવાનું છે કે જીવનમાંથી બીજું બધું બાકાત કરજો પરંતુ ધર્મને અપનાવજો અસ્તુ.

જ્યારે જન્મથી જ એક પછી એક કર્તવ્ય આપણે કરવાનું જ હોય છે તો આ તો સંસારની વાત થઇ પરંતુ પ્રભુએ આપણને આ દેહ આપ્યો જેઓએ જીવનને સફલ બનાવવા માટે અનેક પ્રકારના સાધનો આપ્યા જેઓએ આપણા જન્મની સાથે જ આપણી માતાને દૂધ આપ્યું જેઓએ ડગલે અને પગલે પ્રકૃતિના કર્તવ્યનું ભાન કરાવ્યું તેના પ્રતિ શું આપણી કાંઇ પણ ફરજ નથી ? આજે પ્રકૃતિ જો પોતાનો ધર્મ મૂકી દીયે તો શું એક મીનીટ પણ આપણું જીવન રહી શકે ? યદિ સૂર્ય ચંદ્ર પોતાનો ધર્મ ત્યજી દે યદિ સમુદ્ર અને પૃથ્વી પોતાના ધર્મનો ત્યાગ કરે યદિ માતા, પિતા, સ્ત્રી, પુત્ર, પુત્રી, ભાઇ અરે એની વાત મૂકો ગાય, ભેંસ, બળદ, ઘોડા એ પશુ પણ પોતાનો ધર્મ ચૂકે તો આપણી શી દશા થાય ? જો પ્રત્યેક પ્રાણી પોતાના ગુણ ધર્મ છોડી સ્વચ્છંદ બને તો જગતમાં અંધકાર અને સર્વનાશ સિવાય બીજું પણ રહે નહીં.

ઉપર જણાવેલ બધા પાસે જો આપણે કર્તવ્ય પાલનની આશા રાખતા હોઇએ જો તેઓ કર્તવ્ય પાલન કરે તો જ આપણો જીવન નિર્વાહ થઈ શકે તેમ માનિયે તો હું આપ બધાને પૂછું કે આપણને જ ધર્મનો ત્યાગ કરી સ્વચ્છંદ બની વિચરણ કરવાનો શું અધિકાર છે ? અને તે અધિકાર આપણને કોણે આપ્યો ? જવાબ એક જ મળશે આપણી મૂર્ખતા અને આપણામાં ચાલતો પ્રમાદ ત્યારે તેનો ઉકેલ શું ? શ્રીમદ્ ભગવદ્ગીતામાં પ્રભુએ આજ્ઞા કરી છે.

"યતઃ સર્વાણિ ભૂતાનિ યેન સર્વ મિદં તતમ્
સ્વ કર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ"

જે પ્રભુથી આ સમસ્ત જીવો છે અને જેના દ્વારા આ બધું પ્રાપ્ત થયેલ છે, પોતાના કર્મો વડે તેની પૂજા કરી મનુષ્ય સિદ્ધિને પ્રાપ્ત થાય છે. સાચું સુખ અને આત્માનો આનંદ કેવલ ભગવદ્ પ્રાપ્તિથી જ પ્રાપ્ત થઇ શકે છે અને તે માટે જ આપણો સાચો ધર્મ આ અમૂલ્ય દેહ પ્રાપ્ત કરી

પ્રભુને જાણવા અને તેઓના ચરણોમાં આપણી આ શકિત હમ્મેશ રહે તેને માટે સદૈવ પ્રયત્ન કરવો તે જ આપણો ધર્મ છે.

જે રીતે એક વૃક્ષના મૂળને સિંચન કરવાથી તેનું મૂળ પાન બધા નવજીવનને પ્રાપ્ત કરે છે તેવી જ રીતે એક ભગવદ્ ધર્મ પણ જો આપણામાં દ્રઢ હશે તો બીજા ધર્મો આપોઆપ સિદ્ધ થઇ જશે અને જીવનનું સાચું સુખ ત્યારે જ પ્રાપ્ત થશે સાદું જીવન અને ઉચ્ચ વિચાર (સિમ્પલ લિવીંગ એન્ડ હાઇ થિંકિંગ) જીવન ધર્મપરાયણ બને તો જ નભી શકે. આ સમસ્ત વિશ્વ જેમાં આપણો પણ સમાવેશ થઇ જાય છે તે બધું પ્રભુનું છે અને તેની સેવા માટે જીવન નિર્વાહ ચલાવવા લૌકિક કાર્યો કરવા તે પણ તેની જ સેવા છે આ સિદ્ધાંતને જો આપણે આપણા જીવનમાં ઉતારશું તો જીવનના કેટલાંક જટિલ પ્રશ્નો આપોઆપ સરળ થઇ જશે. ભગવદ્ ભકતોને પ્રભુ સિવાય કોઇ પણ વસ્તુમાં આસકિત હોતી નથી "કિમલભ્યં ભગવાને પ્રસન્ને શ્રી નિકેતને તથાપિ તત્પરા રાજન્ નહિ વાંચ્છન્તિ કિંચન." લક્ષ્મીના આશ્રયસ્થાન પ્રભુના પ્રસન્ન થવાથી એવી કઇ વસ્તુ છે જે પ્રાપ્ત ન થઈ શકે છતાં પણ ભગવદ્ પરાયણ ભકતજનો કોઇ પણ વસ્તુની કામના નથી કરતાં અને પ્રભુની આજ્ઞા તો એ છે કે :–

"ગૃહેષ્વા વિશતાં ચાપિ પુંસા કુશલ કર્મણા
મદ્વાર્તા યા તયા માનાં ન બંધાય ગૃહા મતાઃ"

જે લોકોના કર્મ ભગવદ્ અર્પણ બુદ્ધિથી થાય છે અને જેનો સમય મારી કથા વાર્તામાં જ વ્યતિત થય છે તેઓ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ ઘર તેને બંધનકર્તા નથી માટે જે શ્રી આચાર્ય ચરણે ગૃહસ્થાશ્રમ સહિત ભગવત્ સેવાનો ઉપદેશ કર્યો છે અને પુરૂષાર્થ ચતુષ્ટયની સિદ્ધિ પણ તે સેવાથી જ બતાવી છે જેનું વર્ણન બીજા સમયે કરવામાં આવશે.

◆

પૃષ્ઠ પ્રકાશન સહાય

કેસરીયા સુંદરજીભાઇ દેવજીભાઈના જયશ્રીકૃષ્ણ

હ. હરકીશનભાઇ સુંદરજીભાઇ કેસરીયા.

ચારેય વર્ણ ગુણ અને કર્મના વિભાગ પ્રમાણે એટલે કે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણનાં જે કર્મ છે તેના વિભાગોથી મેં સૃજેલ છે. આથી અવિનાશી, બ્રહ્મરૂપ અને અકર્તા, રસમાર્ગમાં રહેલ, રસને પરવશ એવા મને તે ચારેય વર્ણનો કર્તા પણ તુ જાણ. ઇચ્છા પ્રમાણે અંશો વડે હું કર્તા છું, નહિ કે સ્વયમ્, એમ 'અપિ' શબ્દથી જણાય છે. આથી મારા અંશના સંબંધથી તેમાં સિદ્ધિ થાય છે, એવો ભાવ છે. ।।૧૩।।

ન માં કર્માણિ લિમ્પન્તિ ન મે કર્મફલે સ્પૃહા ।
ઇતિ માં યોડભિજાનાતિ કર્મભિર્ન સ બધ્યતે ।।૧૪।।

મને કર્મના ફળમાં સ્પૃહા નથી, તેથી મને કર્મો દૂષિત કરતાં નથી. એ પ્રમાણે જે મને પુર્ણપણે જાણે છે, તે કર્મોથી બંધાતો નથી ।।૧૪।।

અરે, જો એમ હોય તો વિદ્વાનો પણ કર્મ શા માટે કરે છે? તેના જવાબમાં 'ન મામ્' વગેરે શબ્દોથી કહે છે.

મને કર્મો દૂષિત કરતાં નથી, એટલે કે વશ કરી શકતાં નથી. મને યજ્ઞથી માંડીને કશામાં ઇંદ્રિયોની જેમ સ્પૃહા નથી. એ રીતે મને જે પુર્ણપણે જાણે છે તે ફળોના કારણરૂપ કર્મોથી બંધાતો નથી. ।।૧૪।।

એવં જ્ઞાત્વા કૃતં કર્મ પુર્વૈરપિ મુમુક્ષુભિઃ ।
કુરુ કર્મૈવ તસ્માત્ત્વં પુર્વૈઃ પુર્વતરં કૃતમ્ ।।૧૫।।

એ પ્રમાણે જાણીને પુર્વના મુમુક્ષુઓએ પણ કર્મ કરેલ છે, તેથી વધારે પ્રાચીન સમયથી ચાલતું આવેલું, પહેલાંના લોકોએ આચરેલું કર્મ જ તું કર. ।।૧૫।।

પુર્વના મુમુક્ષુઓએ અને વિદ્વાનોએ પણ મારા સ્વરૂપને જાણીને, મારી આજ્ઞારૂપ કર્મ કરેલ છે, એવો ભાવ છે. તેઓએ મારી આજ્ઞાથી કરેલ કર્મ, આગળના અધ્યાયમાં કહેલી રીતે મારી આજ્ઞાથી જ તું પણ કર, એમ 'એવં જ્ઞાત્વા' વગેરે શબ્દોથી કહે છે. તેથી એ પ્રમાણે એટલે કે બંધન કરનાર ન થાય તેવી રીતે જ પુર્વના મુમુક્ષુઓએ કરેલ કર્મ, મારી આજ્ઞારૂપે તુ કર કેવા પ્રકારનું કર્મ? વધારે પ્રાચીન સમયથી ચાલતું આવેલું, પરંપરાથી મુકત જનોએ મુમુક્ષુદશામાં પણ આચરેલું હોય તેવું કર્મ તું કર. ।।૧૫।।

કિં કર્મ કિમકર્મેતિ કવયોડપ્યત્ર મોહિતાઃ ।
તત્તે કર્મ પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેડશુભાત્ ।।૧૬।।

કયું કર્મ અને કયું અકર્મ, એ પ્રમાણે આ બાબતમાં બુદ્ધિમાન પુરુષો પણ મૂંઝાયેલા છે. તે કર્મ હું તને પુર્ણપણે કહીશ, જેને જાણીને તું અશુભથી મુકત થઇશ. ।।૧૬।।

અરે લૌકિક ફળને સાધી આપનાર જ કર્મનું સ્વરૂપ છે. એમ હોય તો તેના જવાબમાં 'કિં કર્મ' વગેરે શબ્દોથી કહે છે. કયું કર્મ એટલે કે કેવા પ્રકારનું કર્મ કરવુ જોઇએ? કયું અકર્મ એટલે કે કેવા પ્રકારનું કર્મ ન કરવું જોઇએ? એમ હોવાથી જેમાં એટલે કે જે જાણવામાં કવિઓ શબ્દના અર્થને જાણનારાઓ પણ મૂંઝાયા છે. તેથી કરવા યોગ્ય કર્મ શંકાના અભાવપુર્વક હું તને કહીશ, એમ અર્થ છે. જે કર્મને જાણીને તું અશુભથી મુકત થઇશ; એટલે કે લૌકિક ફળ સાધી આપનાર અકર્મથી તું મુકત થઇશ. ।।૧૬।।

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૨૦મો)

કાંક્ષન્તઃ કર્મણા સિદ્ધિં યજંત ઇહ દેવતાઃ ।
ક્ષિપ્રં હિ માનુષે લોકે સિદ્ધિર્ભવતિ કર્મજા ॥૧૨॥

આ લોકમાં કર્મોની સફળતાને ઇચ્છનારાઓ દેવોને પૂજે છે; કારણ કે મનુષ્યલોકમાં કર્મથી ઉત્પન્ન થયેલી સિદ્ધિ શીઘ્ર થાય છે. ॥૧૨॥

અરે, જો એમ હોય તો બધાય આપને જ કેમ સેવતા નથી? એવી શંકા કરીને જવાબમાં ‘કાંક્ષન્તઃ’ વગેરે શબ્દોથી કહે છે.

આ જન્મમાં જ સિદ્ધિને ઇચ્છતા જનો, તેવા પ્રકારના થઇને, કર્મના દેવો એટલે કે કર્મના અધિષ્ઠાતા ઈંદ્ર વગેરે દેવોને પૂજે છે. તેથી શીઘ્રતાથી મનુષ્યલોકમાં, આં જ જન્મમાં કર્મથી ઉત્પન્ન થતી સિદ્ધિને મેળવે છે. પરંતુ મારી પ્રાપ્તિ થતી નથી.

‘હિ’ શબ્દ યોગ્યપણું દર્શાવવા માટે છે. અને તે પ્રમાણે આમ અર્થ થાય :– પુરુષોત્તમનો સંબંધ લૌકિક દેહથી પ્રાપ્ત થતો નથી, પરંતુ અલૌકિક સ્વરૂપથી પ્રાપ્ત થવાને યોગ્ય છે. લૌકિક દેહથી સેવા કરતાં કરતાં પ્રેમની ઉત્પત્તિ થાય છે, અને કસોટીમાં સફળ થયા પછી તાપ થતાં તેને અનુભવવાને માટે ત્યાગની પ્રાપ્તિ થાય છે. તે પછી દેહની નિવૃત્તિ થતાં તેવા પ્રકારના સ્વરૂપની એટલે કે અલૌકિક દેહની પ્રાપ્તિ થાય છે. તેમાંયે કસોટીની સફળતા મેળવતાં પરમ તાપ થાય છે ત્યારે તેનો તે અનુભવ થાય તે પણ ક્લેશ અને આનંદના અનુભવરૂપે હોય છે. આ બધું વ્રજમાં પ્રસિદ્ધ છે. કાલીય અંતર્ગત ભગવાનના અંતર્ધ્યાન પછી ફરીને પ્રાકટ્ય અને રમણવનમાં જવું, શ્રીમદ્ ઉદ્ધવનો પ્રસંગ વગેરેથી તે સમજાય છે. અન્ય દેવો તો જીવોની જેમ અંશરૂપ હોવાથી અહીં જ લૌકિક દેહથી લૌકિક ફળની સિદ્ધિ યોગ્ય જ છે, એમ દર્શાવવાને માટે ‘હિ’ શબ્દ છે. ॥૧૨॥

ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટં ગુણકર્મવિભાગશઃ ।
તસ્ય કર્તારમપિ માં વિદ્ધયકર્તારમવ્યયમ્ ॥૧૩॥

ગુણ અને કર્મોના વિભાગ પ્રમાણે ચાર વર્ણ મારા વડે બનાવાયેલા છે, તો પણ તેના રચનાર મને, તું વિકાર રહિત અને અકર્તા જાણ. ॥૧૩॥

અરે, કર્મની સિદ્ધિ પણ આપના વિના શી રીતે થાય? એવી શંકા કરીને જવાબમાં ‘ચાતુર્વર્ણ્યમ્’ વગેરે શબ્દોથી કહે છે.

કર્મણો હ્યપિ બોદ્ધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણઃ ।
અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિ ॥૧૭॥

કર્મનું સ્વરૂપ જાણવું જોઇએ, વળી નિષિદ્ધ કર્મનું સ્વરૂપ જાણવું જોઇએ. જાણીને પછી આચરવું જોઇએ. એમ અર્થ છે. મારા સ્વરૂપના જ્ઞાનને માટે વિકર્મ અને અકર્મના સ્વરૂપને ત્યાગના હેતુથી જાણવું જોઇએ, એમ કહે છે. વળી વિકર્મનું એટલે કે નિષિદ્ધ કર્મનું અથવા સાંસારિક ફળ સાધી આપનાર કર્મનું સ્વરૂપ તેવી રીતે ત્યાગના હેતુથી જાણવું જોઇએ. વળી અકર્મનું એટલે કે નહિ કરવા યોગ્ય આસુર કર્મનું સ્વરૂપ જાણવું જોઇએ. ત્રણેય પ્રકારનાં કર્તવ્યના અંતિમ ફળની પ્રાપ્તિરૂપ ગતિ ગહન છે, એટલે કે કર્મની ગતિ મુશ્કેલીથી જાણી શકાય તેવી છે, એમ અર્થ છે. ॥૧૭॥

કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ ।
સ બુદ્ધિમાન્મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત ॥૧૮॥

જે પુરુષ કર્મમાં અકર્મને અને જે અકર્મમાં કર્મને જુએ, તે મનુષ્યોમાં બુદ્ધિમાન છે અને તે બધાં કર્મો કરનાર યોગયુક્ત છે. ॥૧૮॥

કર્મની ગતિ મુશ્કેલીથી જાણી શકાય તેવી હોવાથી તેની જાણકારી માટે કર્મનું સ્વરૂપ 'કર્માણિ' વગેરે શબ્દોથી કહે છે. જે કર્મમાં અકર્મને જુએ એટલે કે કર્તવ્યમાં અકર્તવ્ય જુએ, મારા સંબંધ વગર, મારી આજ્ઞા વિના કર્મમાં અકર્તવ્યને જુએ, તેવી જ રીતે મારી આજ્ઞાથી અકર્મમાં એટલે કે નહિ કરવા યોગ્ય કર્મમાં કર્તવ્યને જુએ, એ પ્રમાણે જાણીને જે બધાં જ કર્મ કરે છે તે મનુષ્યોમાં બુદ્ધિમાન છે, તે જ્ઞાનવાન છે અને તે યોગયુકત છે, એટલે કે મારી સાથે જોડાયેલો છે. ॥૧૮॥

યસ્ય સર્વે સમારંભાઃ કામસંકલ્પવર્જિતાઃ ।
જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં તમાહુઃ પંડિતં બુધાઃ ॥૧૯॥

જેનાં બધાં કાર્યો કામનાઓથી અને સંકલ્પોથી રહિત છે, જ્ઞાનરૂપી અગ્નિથી જેનાં કર્મો બળી ગયાં છે, તેને બુદ્ધિમાન પુરુષો પંડિત કહે છે. ॥૧૯॥

વળી જે નિષ્કામ છે અને જે મારી આજ્ઞાથી ઉત્તમ પ્રકારનો આરંભ–કામના અને સંકલ્પથી રહિત છે, એટલે કે ફળ અને તેની ઇચ્છા બંનેથી રહિત છે, અને જ્ઞાનરૂપી અગ્નિથી જેનાં કર્મો બાળી નંખાયેલાં છે, બાળી નખાયા પહેલાં વૃક્ષની ઉત્પત્તિના કારણરૂપ બીજભાવ રહિત જે છે તેવા પ્રકારના તેને ભકતો પંડિત કહે છે, એટલે કે શાસ્ત્રમાં કહેવાયેલ સર્વ પ્રકારનાં સ્વરૂપને જાણનાર કહે છે. ॥૧૯॥

ત્યકત્વા કર્મફલાસંગં નિત્યતૃપ્તો નિરાશ્રયઃ ।
કર્મણ્યભિ પ્રવૃત્તોઽપિ નૈવ કિંચિત્કરોતિ સઃ ।૨૦।

કર્મનાં ફળોમાં આસકિત છોડીને, આશ્રય રહિત અને સદાય સંતોષી છે તે કર્મમાં પ્રવૃત્ત થયેલો છતાં કાંઇ જ કરતો નથી. ॥૨૦॥

અરે, ફળની ઇચ્છા વગરનો આપની સેવા છોડીને કર્મ કરે છે, એમ કેમ ? એવી શંકા કરીને જવાબમાં 'ત્યકત્વા' વગેરે શબ્દોથી કહે છે.

જે નિત્ય તૃપ્ત છે, એટલે કે મારામાં નિષ્ઠાવાળો હોવાથી સદાય પ્રસન્ન છે, પૂર્ણ છે, કર્મના ફળની આસકિતને છોડીને જે નિરાશ્રય છે, એટલે કે કર્મથી થતાં અદૃષ્ટ (ભાગ્ય) વગેરેના આશ્રય રહિત છે, અને કર્મમાં મારી આજ્ઞાથી પ્રવૃત્ત થયેલો છે, તે પણ કાંઇ જ કરતો નથી. મારી આજ્ઞારૂપ હોવાથી તેનું તે કર્મ, પોતાનુ ફળ ભોગવવું તે રૂપે મોક્ષમાં બાધ કરનારું થતું નથી, એમ અર્થ છે. ।।૨૦।।

નિરાશીર્યતચિત્તાત્મા ત્યકતસર્વપરિગ્રહઃ ।
શારીરં કેવલ કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ।૨૧।

સ્પૃહા રહિત, ચિત્ત અને શરીરને વશમાં રાખનાર, બધા પરિગ્રહનો ત્યાગ કરનાર, કેવળ શરીર સંબંધી કર્મ કરનાર, સંસારનાં બંધનને પામતો નથી. ।।૨૧।।

અરે, એ પ્રમાણે કર્મ વગેરેની વિચારણાઓમાં ઉત્કૃષ્ટ બુદ્ધિથી કર્મ બંધન કરનાર થાય, એમ કહેવાયતો તેના જવાબમાં 'નિરાશીઃ' વગેરે શબ્દોથી કહે છે.

'નિરાશીઃ' એટલે સ્પૃહા રહિત, 'યતચિત્તાત્મા' એટલે ઇંદ્રિયો ને દેહ જેણે વશ કર્યાં છે તે, 'ત્યકતસર્વ પરિગ્રહઃ' એટલે જેણે પશુ, પુત્ર વગેરે બધું ત્યજી દીધું છે તે, 'સર્વ' શબ્દથી દેહના સુખરૂપ જે હોય તે પણ કહેવાય છે. એવા પ્રકારનો થઇને માત્ર શરીર સંબંધી કર્મ કરતો બ્રાહ્મણ વગેરેના દેહથી, ફળની આશા રહિત, મળમૂત્ર વગેરે શરીરનાં કર્મોની જેમ, શુદ્ધિને માટે ભગવાનનાં નામ વગેરેનું ગ્રહણ કરતો હોવાથી સંસારનાં બંધનને પામતો નથી. ।।૨૧।।

યદૃચ્છાલાભસંતુષ્ટો દ્વંદ્વાતીતો વિમત્સરઃ ।
સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ કૃત્વાડપિ ન નિબધ્યતે ।૨૨।

ભગવાનની ઇચ્છાથી મળી જાય તેમાં સંતોષ માનનારો, (સુખદુઃખાદિ) દ્વંદ્વોથી પર ઇર્ષા વગરનો, સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન, કર્મ કરીને પણ બંધાતો નથી. ।।૨૨।।

હવે ઉત્કૃષ્ટ જ્ઞાનમાં પણ ફળની ઇચ્છા વગરનાને કર્મ બંધનકર્તા નથી, એમ 'યદૃચ્છા' વગેરે શબ્દોથી કહે છે. 'યદૃચ્છાલાભસંતુષ્ટઃ' એટલે ભગવાનની ઇચ્છાથી મળે તેથી સંતોષ માનનાર, 'દ્વંદ્વાતીતઃ' એટલે સુખદુઃખ વગેરેમાં સમાન, 'વિમત્સરઃ' એટલે દુષ્ટ વચનોથી થતી વ્યગ્રતા વગરનો, સિદ્ધિમાં એટલે કે આગળ કહ્યા પ્રમાણેની કર્મની સિદ્ધિમાં, ફળની અનિચ્છાથી આનંદ રહિત, અસિદ્ધિમાં ફળની સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાનતાવાળો કર્મ કરવા છતાં તેવા કર્મથી બંધાતો નથી. ।।૨૨।।

(ક્રમશ)

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક છઠ્ઠો)

એ પ્રમાણે સ્વરૂપનું વર્ણન કરીને, કહેવાયેલાં વાકયો વડે, જોડાવું ને જુદું થવું એવા અનિત્ય સંબંધોની ભિન્નતાથી બાકી રહી ભકિત, તેમ હોવાથી માર્ગનું ઐકય નિવારી ન શકાય તેવું છે. એમ શંકા કરીને પહેલાં કહેવાયેલ સારાસાર સમજવાની શક્તિના ઉત્તેજન માટે યુક્તિ પણ ‘જીવ’ વગેરે શબ્દોથી કહે છે.

જીવદેહકૃતીનાં ચ ભિન્નત્વં નિત્યતા શ્રુતેઃ ।
યથા તદ્વત્પુષ્ટિમાર્ગે દ્વયોરયિ નિષેધતઃ ॥૭॥
પ્રમાણભેદાદ્ભિન્નો હિ પુષ્ટિમાર્ગો નિરૂપતિઃ ।

જેવી રીતે જીવ, દેહ અને કાર્યની ભિન્નતા શ્રુતિસિદ્ધ છે, તેમ જ પુષ્ટિમાર્ગમાં (પ્રવાહ અને મર્યાદા) બંનેના નિષેધથી નિત્યતા શ્રુતિસિદ્ધ છે. ॥૭॥ પ્રમાણભેદથી પુષ્ટિમાર્ગ જુદો જ નિરૂપાયો છે.

‘આની સ્તુતિ કરનારા ભક્તો નિત્ય જ છે,’ એમ શ્રુતિમાં કહ્યું છે. સ્તુતિ અને ક્રિયાવાળા, જન્મ મરણ સાથે જોડાયેલા ચેતન જીવોનું નિત્યત્વ વેદમાં કહ્યું છે તેનાથી જેવી રીતે પુષ્ટિમાર્ગમાં ભિન્ન છે અને અસાધારણ છે, તેમ જ આ યશોદાનંદન ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ આ સૃષ્ટિમાં ભકતોને જેટલી સુલભ છે, તેટલી સુલભ કોઇ પણ દેહ ધારીને કે આત્મ સ્વરૂપ જ્ઞાનીને પણ નથી.’ (ભાગ ૧૦–૯–૨૧), એવા ભાગવતજીના વાંકયમાં દેહધારી અને જ્ઞાની બંનેને સરળતાથી ભગવાનની પ્રાપ્તિનો નિષેધ કહેલો હોવાથી ભિન્નતા છે. જો બધા જીવ, બધા દેહ અને બધાં કાર્યોનું નિત્યત્વ હોત તો ‘કીદય’ ઇત્યાદિ વિશેષરૂપે કહીને શ્રુતિ તેનું નિત્યત્વ ન દર્શાવત; કારણ કે બ્રહ્મવાદમાં નિત્યતાનું વિશિષ્ટાદ્વૈત અને દ્વૈતવાદ બંનેમાં અનિત્યતાનું માયાવાદમાં માયિકતાનું એમ બધામાં ભિન્નપણું દર્શાવેલું છે. એમ હોવા છતાં ભલે એ પ્રમાણે કહે કે, તેનાથી, તેના જેવા જ તે અસાધારણ છે અને પુષ્ટિમાર્ગ ભિન્ન જ છે. વળી જો પુષ્ટિમાર્ગમાં અન્ય ભેદ ન હોત તો ઉપર કહેલા વાકયમાં દેહધારી અને જ્ઞાની બંનેને સરળતાથી ભગવાનની પ્રાપ્તિ થવાનો નિષેધ કરત નહિ. જે જે કારણે એ પ્રમાણે છે તે કારણે માર્ગ જુદો જ છે. આગળના (છઠ્ઠા) શ્લોકમાં યુકિત પદ છે તેનો જ આ વિસ્તાર છે. અને આ રીતે જ્ઞાનમાર્ગ વગેરે જો પુષ્ટિમાર્ગ હોત તો દૃશ્યરૂપે જ પુરુષોત્તમને મેળવી આપનાર થાત. જો એમ હોત તો (તેને પ્રાપ્ત કર્યા વગર) જ્યાંથી વાણી પાછી ફરે છે,’ (તૈત્તિરીય ૯–૨–૪), એ પ્રમાણે શ્રુતિમાં વાણી વગેરેની અપ્રાપ્યતા ન દર્શાવી હોત, અને ‘આ મન પ્રવેશતું નથી’ વગેરે વાકય યોગેશ્વરોએ ન કહ્યાં હોત, તથા ઉપર કહેવાયેલ વાકયમાં જ્ઞાનીઓ અને અન્ય જીવોને ભગવાનની પ્રાપ્તિનો નિષેધ ન કર્યો હોત. નિષેધ જો અન્ય અર્થમાં હોત તો ‘ભગવાનની પ્રાપ્તિ જેટલી ભકતોને સુલભ છે, તેટલી જ્ઞાનીઓને નથી,’ (ભાગ ૧૦–૯–૨૧) એમ ન કહ્યું હોત ‘અનન્ય ભકિતથી જ મને જાણવો શકય છે’ (ગીતા ૧૧–૫૪), અને ‘આ પરમાત્મા જેનું’

વરણ કરે છે તેનાથી તે પ્રાપ્ત થાય છે,' (કાઠક, ૧–૨–૩), એ પ્રમાણે સ્મૃતિ અને શ્રુતિ ન કહેત. જે કારણે એ પ્રમાણે છે તે કારણે તેમ છે, વગેરે પણ વિચારવા યોગ્ય છે. એ પ્રમાણે વિવિધ પ્રમાણોથી સ્વરૂપની વિશિષ્ટતા સિદ્ધ થાય છે ત્યારે મર્યાદામાર્ગીઓના 'શ્રોતવ્યઃ' (ભગવાન શ્રીકૃષ્ણ સાંભળવા યોગ્ય છે,) વગેરેમાં શ્રવણ વગેરેનું જે જ્ઞાનપણું અને સાધનપણું કહેવાય છે તે અને 'નાયમાત્મા' (આ આત્મા પ્રવચનથી બુદ્ધિથી કે બહુ શ્રવણથી પ્રાપ્ત થતો નથી,–મુંડક, ૩–૨–૩) વગેરે પહેલાં કહેવાયેલ છે તે બધું શ્રુતિ, સ્મૃતિના અનુરોધથી ભકિતસ્વરૂપનું જ છે, નહિ કે કેવલ સ્વરૂપનું કારણ કે તેમાં પરમાત્મા અપ્રકટ છે અને અક્ષરબ્રહ્મમાં જ તેનો અંત છે. 'ક્લેશોઽધિકતરઃ' (અવ્યકતમાં આસકત ચિત્તવાળાઓને અધિક કલેશ થાય છે, ગી. ૧૨–૫) એવા વાકયથી કયારેક દુઃખ યુકત પણ હોય છે, ત્યાં તે મર્યાદામાર્ગીય હોવાનું છે. 'બ્રહ્મને જાણનાર પરબ્રહ્મને પામે છે.' (તૈત્તિરીય, ૧–૨–૧), એમાં પણ તેના સ્વીકારથી કાર્યનું સાધન જ્ઞાન જ કહેવાય છે. જો આવિર્ભાવ થાય તો જણાય પરંતુ આવિર્ભાવ તો અવિચ્છિન્ન ભકિતથી કહેવાયો છે. 'તમેવ વિદિત્વા' (તેને જ જાણીને) એમાં પણ 'તે ધ્યાનયોગાનુગતાઃ' ધ્યાનયોગમાં સ્થિર થયેલા તેઓએ પોતાના સત્ત્વ આદિ ગુણોથી ઢંકાયેલી દેવાત્મશકિતને જોઇ;–શ્વેતા શ્વતર, ૧–૩ એવા અને મધ્યે 'તસ્યાભિધ્યાનાદ્યોજનાતત્ત્વભાવાત્' પરમાત્મામાં ધ્યાનથી જોડાઇને પરમાત્મ ભાવથી સંસારરૂપ માયાની નિવૃત્તિ થાય છે, શ્વેતાશ્વતર, ૧–૧૦ એવા કથનથી અંતઃકરણપૂર્વક શરણના સ્થાનરૂપ ઉપાસનાને લક્ષમાં રાખીને જ જ્ઞાન કહેવાય છે. એ પ્રમાણે તેવા પ્રકારના જ્ઞાનના સાધનરૂપ ભાવમાં બીજરૂપે રહેલ અનુગ્રહના અભાવથી જ 'પ્રનાડી' એમ કહ્યું. એ પ્રમાણે ધર્મ, દાન વગેરે ભકિત પ્રકટાવનાર સંહિતામાં કહેવાયેલ રીતિને દર્શાવનાર, એકાદશ સ્કંધમાં વર્ણવાયેલા પ્રકારે આચરવા યોગ્ય ભકિતરૂપી સાધનને મેળવે છે. અનુગ્રહ મેળવેલાઓ માટે ભગવાને કહેલો તે પ્રકાર પણ જુદો જ છે, પરંતુ મીમાંસામાં કહેવાયેલ રીતે નથી; કારણ કે તેમાં તે પ્રમાણોના અનુસંધાનનું વિચારદર્શન નથી. આથી તે તે ફળને સાધનારાઓ જ એ પ્રમાણે વિચારપુર્વક મર્યાદા કે પ્રવાહની ઉપેક્ષા કરતા નથી. તે જ પ્રમાણે યોગ વગેરે તેમ જ વામ વગેરે બાહ્ય સાધનો પોતપોતાનાં શાસ્ત્રોમાં કહેવાયેલ ફલ સાધવાને માટે પ્રવૃત્ત છે આથી બધું જ સ્પષ્ટ છે. તેથી તે બધું હૃદયમાં ધારણ કરીને જુદા પાડનારાઓ લક્ષણોથી પુષ્ટિમાર્ગની ભિન્નતાના સાધનનો 'પ્રમાણભેદાત્' વગેરે શબ્દોથી ઉપસંહાર કરે છે.

અહીં જો કે પુષ્ટિમાર્ગના સ્વરૂપની ભિન્નતાના નિરૂપણનો ઉપસંહાર અવિચ્છિન્ન સામીપ્યથી કહ્યો, તોપણ મર્યાદા અને પ્રવાહનો પણ ઉપસંહાર સાહચર્યથી સિદ્ધ થયેલો જાણવો. આગળ (૨૩માં શ્લોકમાં) 'પ્રવાહમાં રહેલા જીવોને તેઓનાં સ્વરૂપ, અંગ અને ક્રિયા સહિત હું વર્ણવીશ,' એમ સ્વરૂપ વગેરેના ભેદ સહિત જીવોની ભિન્નતાનું નિરૂપણ વિરોધી હોવાથી થયું છે, નહિ તો તે પણ વ્યાવર્તક પ્રમાણના ભેદોથી સ્વરૂપના જ્ઞાન માટે ઊલટું સમજાત. ॥૭॥

(ક્રમશ)

આ માસના ઉત્સવ

ભાદરવા વદ ૧ તા. ૧૧–૯–૮૪ મંગળ શ્રી બાલમુકુંદજીનો પાટોત્સવ– શ્રી લાડુબેટીજી મંદિર, મુંબઈ, આજથી મુરલીનાપદ અમાસ સુધી બોલાય અને ભોગમાં કરખા ના પદ વિજયાદશમી સુધી બોલાય.

ભાદરવા વદ ૫ તા. ૧૫–૯–૮૪ શનિ શ્રી હરિરાયજીનો ઉત્સવ (સં. ૧૬૪૭)

ભાદરવા વદ ૮ તા. ૧૮–૯–૮૪ મંગળ શ્રી ગોપીનાથજીનાલાલ શ્રી પુરુષોત્તમજીનો ઉત્સવ (સં. ૧૫૮૭)

ભાદરવા વદ ૧૧ તા. ૨૧–૯–૮૩ શુક્ર ઇન્દિરા એકાદશી વ્રત.

ભાદરવા વદ ૧૨ તા. ૨૨–૯–૮૪ શનિ શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો ઉત્સવ (સં, ૧૫૬૭)

ભાદરવા વદી ૧૩ તા. ૨૩–૯–૮૪ રવિ શ્રી ગુંસાઇજીના ત્રીજા લાલ શ્રી બાલકૃષ્ણ લાલજીનો ઉત્સવ (સં. ૧૬૦૬)

ભાદરવા વદ ૧૪ તા. ૨૪–૯–૮૪ સોમ દર્શ–સોમવતી–અમાવસ્યા સાંઝીની સમાપ્તિ કોટની આરતી.

ભાદરવા વદ ૩૦ તા. ૨૫–૯–૮૪ મંગળ અકમનો ક્ષય છે તેથી નવરાત્રી (નવવિલાસ) આરંભ રાસના પદ બધા સમયમાં બોલાય.

આસો સુદ ૧૦ તા. ૪–૧૦–૮૪ ગુરુ વિજયા દશમી દશહરા

આસો સુદ ૧૧ તા. ૫–૧૦–૮૩ શુક્ર પાશાં કુશા એકાદશીવ્રત

આસો સુદ ૧૩ તા. ૭–૧૦–૮૪ શુનિ શ્રી બાલકૃષ્ણલાલજીનો પાટોત્સવ (સુરત)

આસો સુદ ૧૫ તા. ૯–૧૦–૮૪ મંગળ શરદપૂર્ણિમા રાસોત્સવ ફલાત્મક મહારાત્રિ શ્રી રણછોડજી (ડાકોર)નો મેળો.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ** (ચરણ રજ સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૩ જું

કહત શ્રુતિસાર નિરધાર કરકે
ઇન બિના કૌન, એસી કરે હે સખી !
હરત દુઃખ–દ્વંદ, સુખ કંદ બરખે ૧

બ્રહ્મસંબંધ જબ હોત યા જીવકો;
તબહીં ઇનકી, ભુજા વામ ફરકે;
દોર કર સોરકર, જાય પિયસોં કહે,
અતિ હી આનંદ મનમેં જુ હરખે. ૨

નામ નિરમોલ નગ, લે કોઉનાસકે,
ભકત રાખત, હિયે હાર કરકે,
‘રસિક’ પ્રીતમ જુકી, હોત જાપર કૃપા,
  સોઇ શ્રી યમુનાજીકો, રૂપ પરખે ૩

અર્થ:– (શ્રી હરિરાયજીમાં ગોપીજનનો ભાવ પ્રગટ થતાં એક સખી પોતાની સખીને કહેતી હોય તેવું સંબોધન કરી કહે છે.) હે સખી ! શ્રી યમુનાજી પોતાના ભકતોના સકલ દુઃખોનો નાશ કરી પરમ સુખની પ્રાપ્તિ કરાવે છે. સુખોની તો જાણે વર્ષા જ કરે છે. સાંભળ બહેન ! એના વિના આવી કૃપાનું દાન અન્ય કોણ કરી શકે ? સકલવેદ અને શ્રુતિઓના સારરૂપ આ સત્ય વાત હું તને કહું છું? ૧

શ્રીવલ્લભકુળ દ્વારા જીવને જ્યારે બ્રહ્મ સંબંધ થાય છે ત્યારે શ્રી યમુનાજીની ડાબી ભુજા (શુભ શુકન રૂપે) ફરકે છે, એ દ્વારા શ્રી યમુનાજીને આ શુભ સમાચાર મળી જાય છે. એટલે આપ પ્રસન્નતાપુર્વક આતુરતાથી શ્રી ઠાકોરજી પાસે દોડી જઇને વધામણી આપે છે– ‘કૃપાસિંધુ ! ભુતળ પરનો એક વિશેષ જીવ આપને શરણે આવ્યો છે. તેનો અંગીકાર કરી આપ કૃપાપૂર્વક એને સુખી કરજો. ૨

આવા પરમકૃપાળુ શ્રી યમુનાજીનું નામ સ્મરણ દુર્ભાગી જીવો નથી લઇ શકતા પરંતુ જે આપના ભકતો છે એ તો સ્નેહપુર્વક હૈયાના હાર માફક ધારણ કરે છે.

શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે કે પરમ કૃપાળુ શ્રી યમુનાજીનુ સાચુ જ્ઞાન તો રસિક શિરોમણિ શ્રી ઠાકોરજીની જેના પર કૃપા હોય તેને જ થાય છે. ૩

વિવેચન – પુષ્ટિમાર્ગના ગુરુ ગોપીજનો છે. એટલે જેના પર શ્રી ગોપીજનોની કૃપા હોય તેને જ આ માર્ગનુ રહસ્ય સમજાય છે ! પુરુષભાવ દુર થાય નહીં, ત્યાં સુધી લીલાનો અલૌકિક આનંદ પ્રાપ્ત થતો નથી. શ્રી હરિરાયજી પણ સખી ભાવના આવેશમાં પોતાની સખીને શ્રી યમુનાજીના સ્વરૂપની સમજણ આપતા હોય તેમ આ પદમાં સમજાય છે.

જીવમાં અહંતા. મમતા, માન, અપમાન, યશ, અપયશ વગેરે અનેક દોષો રહેલા છે તે સમસ્ત દોષો શ્રી યમુનાજીની કૃપાથી જ દૂર થાય છે. શ્રી યમુનાજી આપ ગુણાતીત છે એટલે આપને સ્વસુખની કોઇ અભિલાષા નથી. સહસ્ત્ર પરિવત્સરથી ભવાટવીમાં ભટકતા જીવો શ્રી મહાપ્રભુજીની કૃપાથી શ્રી ગુરુદ્વારા શ્રી ઠાકોરજીને શરણે જાય છે, ત્યારે પોતાનું ખોવાયેલું બાળક પાછું મળતાં માતાને જેટલો આનંદ થાય છે, એથી પણ વિશેષ આનંદ શ્રી યમુનાજીને થાય છે. શ્રી યમુનાજીની કૃપાની આ વાતમાં જરાપણ અતિશયોક્તિ નથી, પરંતુ વેદ અને શ્રુતિથી પ્રમાણિત છે.

શ્રીપદ્મપુરાણમાં શ્રી યમુનાજીના મહાત્મ્યમાં વેદને સાક્ષાત સૂર્ય કહેવામાં આવ્યા છે, એટલે કે આ આદિત્ય–સૂર્ય–ઋક–યજુ–સામ વેદત્રયી છે સુર્ય વેદમય છે, અને શ્રી યમુનાજી સાક્ષાત વેદમય સુર્યના હદયમાં બિરાજતા શ્રીનારાયણના હૃદયથી પ્રગટ થયા છે. તદુપરાંત શ્રી યમુનાજીના સ્વરૂપનો વિશેષ પરિચય આપતાં જણાવવામાં આવ્યું છે કે "જે રસ વિશ્વનો પરમ આધાર છે; સત–ચિત્ત આનંદ સ્વરૂપ છે," અને ઉપનિષદમાં જે બ્રહ્મ નામથી પ્રસિદ્ધ છે, તે રસ–સ્વરૂપ સાક્ષાત શ્રી યમુનાજી છે. આ સિદ્ધાંતથી શ્રી યમુનાજીના આધિદૈવિક સ્વરૂપનો પરિચય થાય છે.

આવા શ્રી યમુનાજીના કૃપાપાત્ર જીવો આપના આધિદૈવિક સ્વરૂપનો આશ્રય કરી આપના નામને અમૂલ્ય રત્ન હાર માફક હૃદયમાં ધારણ કરે છે.

એવી જ રીતે શ્રી યમુનાજી પક્ષ નિજ ભકતોને હૈયાના હાર સમાન રાખે છે. શ્રી ઠાકોરજી અને શ્રી યમુનાજી શ્રી કંઠમાં પુષ્પના માલાજી ધારણ કરે છે, તે કોઇ સાધારણ પુષ્પો નથી, પરંતુ પ્રેમરૂપી સુત્રથી બંધાએલા શ્રી ઠાકોરજી તથા શ્રી યમુનાજીના અંગીકૃત ભકતો છે.

શ્રીનાથજી અને શ્રી યમુનાજીની ભકતો પર આવી કૃપા છે.

સોરઠો

શરણાગત પ્રતિ પાળ શ્રુતિ પણ નિશ્ચય કરે,
યમુને દીન દયાળ, લીલાના સુખ આપિયા,

(ક્રમશઃ)

સંપ્રદાયના જાણીતા વિદ્વાન શ્રીનાથદ્વારાવાળા કરંભા શ્રીકૃષ્ણચંદ્રલાલજી ભગવદ્‌ચરણાવિંદ પ્રાપ્ત થતાં સંપ્રદાયે એક શ્રીમદ્‌ ભાગવતના અભ્યાસી અને પુષ્ટિમાર્ગની પરિપાટીના જાણકાર વિદ્વાનને ગુમાવ્યા છે. શ્રીવલ્લભ સુધા સંપાદક વ્યવસ્થાપક મંડલ ઉંડા શોકની લાગણી અનુભવે છે.

"હરિ યહ કૌન રીતિ કટી"

[મોટાઓની વાણીમાં અનેકકાર્ય—અનેક ભાવાર્થ મહાનુભાવોને દષ્ટિગોચર થાય છે. શ્રી હરિરાયજી કૃત પ્રસ્તુત પદના અર્થ—ભાવાર્થ જે મહાનુભાવો તરફથી પ્રાપ્ત થયેલ છે તે શ્રી હરિરાયજીના પ્રાકટય માસમાં રજુ કરતાં આનંદ થાય છે.

—સંપાદક]

પદ (રાગ–કેદારો)

હરિ યહ કોન રીતિ **ઠટી,** (કટી)
દાસ દુખી સુખ હોત વિમુખન બડી લાજ ઘટી. ૧

વેદ પંથ શ્રીભાગવતકી બાંધી મેંડ કટી,
દેખ યહ વિધિ સબનકી મતિ ભજનતે ઉચટી. ૨

કર કુસંગ સુસંગ જાકે વિષય જાય ઘટી,
કુમતિ પાવક કૂપ જલતે આવત હેં ઉબટી. ૩

કરણવારે કહાભૂમિ જાત ગતિ ન હટી,
ફલકી ચિઠ્ઠી સબનકી કહા એકહિ વેર ફટી. ૪

ચરણ પર જે રહત તિનકી હોત મતિ ઉલટી,
કહા ગીતા ભાગવતમેં કહી વાત નટી. ૫

હમારી યહ વેર મનસા દાન હૂંતેં હટી,
'રસિક' કહિ કહિ જીભ તુમસો છુલત છુલત છટી. ૬

(૧)

ભાવાર્થ : આ ખંડીતા નાયિકાનાં ખંડીત વચનો છે. તામસ–તામસ ખંડિતા નાયિકા છે.

હરિ યહ કોન રીતિ ઠટી–પ્રભુ ! આપે આવી કેવી રીત ચલાવી રાખી છે ?

દાસ દુખી સુખ હોત વિમુખન બડી લાજ ઘટી–આપના ભક્તોમાં વિશેષ ટકા દુઃખી નિષ્કિંચન છે. વૈષ્ણવ મહેમાન આવે ત્યારે સાડી વેચીને–કોઇ દેહ વેચીને કોઇ કોડી વેચીને–કોઇ લાકડા વેચીને નિર્વાહ કરે છે. અને અસુરો, નાસ્તિકો, વિમુખોને અનગીન લક્ષ્મી આપી છે. જેને ક્યાં નાખવી તેની ચિંતા સતાવી રહી છે અને અથાહ વૈભવોમાં આળોટી રહ્યા છે. શું આમાં આપની લાજ, બીરદની લાજ નથી ઘટી ? બીરદને લાંછન કહેવાય નૈ ? આપનું વિશ્વ વિખ્યાત બીરદ અને આપનું વચન મિથ્યા થઇ રહ્યું છે. પ્રભુ !

વેદ પંથ શ્રી ભાગવતકી બાંધી મેંડ કટી, –

વેદ ભાગવતમાં આપની જ બાંધેલી મેંડ આપના શ્રીમુખનાં–જ–વચનોનું ગૌરવ આપ જ ઘટાડી રહયા છો એવું નથી લાગતું ? જેમકે મારૂં ભજન કરનારને હું–નિર્ભય–અનંત અને અચ્યુત સુખ આપું છું ધ્રુવ–પ્રહલાદ–બલીરાજા, સુદામા સર્વેને ઇન્દ્ર કરતાં પણ વિશેષ વૈભવ આપું છું. ભકત મને બહુ વહાલા છે. જેમ માતા બાળકને ઘડી ઘડી સંભાળે તેમ હું ભકતને સંભાળું છું, તેની ઇચ્છા થાય તો જગતના વૈભવ આપું છું.

દેખ યહ વિધિ સબન કી મતિ ભજનતે ઉચટી

આપનું કહેલું પણ મિથ્યા થાય છે તે જોઈ–એટલે ભકતોને દુઃખ જોઇ અને કેટલાક જીવો ભજન સેવનથી વિમુખ થઇ રહયા છે અને કહે છે કે પ્રભુના ભકતો વિશેષે કરીને ગરીબ–દરિદ્ર, નિષ્કિંચન હોય છે આપણે તેવું થવું નથી (કારણ કે તેણે ઘણા ભકતોના દષ્ટાંતો સાંભળ્યા હોય છે) આપણે તો નિતિ અનિતિ જોવી નથી. સારાં અગર નરસાં કર્મ કરીને વૈભવી થવું જ છે.

કર કુસંગ સુસંગ જાકે વિષય જાય ઘટી,
કુમતિ પાલક કુપ જલતે આવત હે ઉબટી

સારા સત્સંગીઓ પણ આવું જોઇ અને કુસગે ચડી જઇ કુમતિથી બળબળતી જવાળાઓમાં ભસ્મિભૂત થવા તૈયાર થઇ જાય છે. કુવા માંહેનાં સત્સંગ રૂપ શિતલ જલને પણ કુસંગની જવાલાઓ શોષી અને કુવાની બહાર ભડકી રહી છે જેને જોઇ અને ભજન પંથીઓ ભડકી અને દુર ભાગી રહયા છે. "પ્રેમ પંથ પાવકની જવાળા ભડકી પાછા ભાગે જોને" (એક ભકત) અને તેઓ આસરો–નાસ્તિકોની જમાતમાં–મળી રહયા છે અને જગત ભવાટવીની ભૂલવણીમાં અટવાઇ–અનમોલ દુર્લભ–જન્મને વેડફી રહયા છે.

કરણવારે કહા ભૂમિ જાત ગતિ ન હટી

આપ અનંત કોટી પૃથ્વીઓને પણ નિયમીતરૂપે ધરી ઉપર ગતી કરાવો છો તેની ગતિ જરાપણ ઘટી નથી એવા સમર્થ આપની લાજ ઘટી રહી છે, આમ કેમ ?

ફલકી ચિઠ્ઠી સબનકી કહા એક હિ વેર ફટી

વિમુખ અસુરો માટે લક્ષ્મીની છાકમ છોળની ચીઠ્ઠી એક વાર ફાટી એ ફાટી ભકતોને વારો આવ્યો ત્યાં દ્વાર બંધ કરી દેવાયાં ? તેના ભાગમાં ફકત દુઃખ જ આવ્યું અથવા ફલના ભોગીની જ ફકત ચીઠ્ઠીઓ ફાટી બાકી રહ્યા તે ભકતોને કાંઇ નહીં પુરૂં અન્ન કે પુરાં વસ્ત્ર પણ નહિં આમ કેમ ?

ચરણ પર જે રહત, તીનકી હોત માતે ઉલટી

જેઓ આપના ચરણમાં રહે છે તે ઘણાઓ વિમુખ થઇ જાય છે. આવું શા માટે ? આપનો આવો ન્યાય છે ? શું આપના પ્રમેય બલનો કોષ (ખજાનો) ખુટી ગયો છે ?

કેહા ગીતા ભાગવત મે કહી વાત નટી

ગીતા ભાગવતમાં આપે કહેલી વાતો મિથ્યા થઇ ? જે કોઇ મને જેવા જેવા ભાવથી ભજે તેને હું તેવા તેવા ભાવથી ભજું છું. ભકતને દુઃખે દુઃખી રહું છું શું આ ખરૂં છે ? ભકત મારો પ્રાણ છે. આપ સત્ય સંકલ્પ હોવા છતાં મિથ્યા ભાષિ થઇ ગયા ? આવી વિરોધાભાસી વાતોથી શું આપના બીરદની લાજ નથી ઘટી ?

હમારી યહ વેર મનસા દાન હૂતે હટી

આ સર્વ આપની લીલા જોઇ અને અમને પણ એમ થાય છે કે બ્રહ્મ સંબંધ દાન–જીવને જોયા પછી જ આપવું દાન બીજ મિથ્યા થાય તેવાને દાન આપવું જ નહી. આપે તો શ્રીમહાપ્રભુજીને કહ્યું છે કે જે જીવને તમે મને સોંપસો તેનો હાથ હું નહીં છોડું આ (શબ્દો) આજ્ઞાનું શું ? આવું પાલન કરશો ?

રસિક કહિ કહિ જીભ તુમસો છુલત છુલત છટી

રસિક–શ્રી હરિરાયજી કહે છે કે વિશેષ શું કહું પણ મારી જીભ આપને કહી કહીને છોલાઇ ગઈ કારણ કે હું ભકત પક્ષમાં છું અને આવા ભકતો વતી દુખાતે હૃદયે આપને કહું છું.

—શ્રી રવજીભાઇ મીસ્ત્રી "વ્રજ" (ધોરાજી)

(૨)

॥ શ્રી હરિઃ ॥

પરમ કૃપાળુ શ્રીમદ્ ગુરુદેવ – આચાર્ય ચરણ – એવં શ્રી હરિરાયજી મહાપ્રભુજીના યુગલ ચરણારવિંદમાં વંદન કરી આપના અનુગ્રહથી આપની પ્રેરણા અનુસાર "ભાવદાન" ઉદ્ભવ થતાં નીચે મુજબ અર્થની સંગતી લખાય છે. અસ્તુ શુભં.

શ્રી હરિરાયજીના ગદ્ય–પદ્ય સાહિત્યમાં અર્થ ગંભીર–ભાવગંભીર જણાય છે. શ્રીહરિરાયજીની કૃપા વૈષ્ણવો પર અનુપમ અને અદ્વિતીય છે. આપ સમાજમાં "શિક્ષા સાગર"ના નામે દરરોજ સ્મરણ થાય છે આપની દરેક કૃતિમાં વધુમાં વધુ પ્રભુ પ્રત્યેનો અલૌકિક ભાવ અને દીનતાનું યથાર્થ સ્વરૂપમાં દર્શન કરાવે છે. આપશ્રીને શ્રીમહાપ્રભુના સ્વરૂપનો આવિર્ભાવ રહેતો તેથી જ શ્રી સર્વોત્તમજીમાં (૧) "ભકિતમાર્ગે સર્વ માર્ગ વૈલક્ષણ્યાનુભુતિ કૃતઃ અને (૨) પૃથક્ શરણ માર્ગોપદેષ્ટાઃ આ બન્ને નામના ભાવસંગત આ પદ રચાયેલ હોય તેવું લાગે છે.

આ પદમાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીહરિરાયજી આપના શરણમાર્ગની વિશિષ્ટતાનું દર્શન કરાવે છે. ઉપરછલી દ્દષ્ટિથી આ પદનું વાંચન કરતાં એમ લાગે કે આ પદમાં "વ્યથા" "ઉપાલંભ" – "આક્ષેપ" – "વ્યંગ" વિગેરે શબ્દ પ્રયોગમાં ભાસે છે પરંતુ અર્થના અનુસંધાન

સાથે શ્રીહરિરાયજીના ઇતર ગ્રંથોના ભાવ સાથે અગર તો સ્વરૂપ અનુસંધાનના કારણે શ્રીહરિરાયજીની રચના હંમેશાં દીનતાયુકત ભાવ ગંભીર હોય છે. તેથી અર્થનું મનન કરતાં તે પદનો ભાવાર્થ મારી સાધારણ મતિ અનુસાર આપની કૃપાથી નીચે મુજબ દેખાય છે.

(૧) હરિ યહ કોન રીતિ કટી–

શ્રીમહાપ્રભુજીને સંબોધીને આપ આશ્ચર્ય સાથે આપને વિનંતિ કરે છે કે–હે પ્રભુ! આપના માર્ગની આ કયા પ્રકારની રીત છે? (કટી–કઠક, મનને ન સમજાય તેવી. કોઈ પુસ્તકમાં 'કટી'ને બદલે 'ઠટી' છપાયેલું છે તો ઠટી એટલે કેવિ સ્થિતિ એમ પ્રશ્ન છે.

દાસ દુઃખી સુખ હોત વિમુખન–

આપનો માર્ગ શ્રીગોપીજનના ભાવથી ભૂષિત છે. તેથી વિરહાતુર ભકતો તાપ કલેશથી દુઃખી થાય છે, અને તે ભાવના અનુસંધાન વગરના ભકતો (વિમુખ) સુખી દેખાય છે, કારણ કે તેઓ તો–

“તર્કસમ કર્મપથ સ્નેહ રસ હીન જે
સ્વેત જાણી 'વિમુખ' તાણી લીધો.”

(વલ્લભાખ્યાન)

બડી લાજ ઘટી–

શ્રીગોપીજનના ભાવથી અનુગ્રહીત ભકતોને 'બડી લાજ' છૂટી જાય છે. બડી લાજ એટલે દુરિજનની લાજ–નિંદા વગેરે ભય, પરિજનનીલાજ–ગુરુજનનીલાજ–દેહના સંબંધીઓના અવરોધનો ભય. એ બન્ને તેઓને ઘટે જ નહિ તેવો ભાવાર્થ છે.

(૨) વેદપંથ શ્રીભાગવતકી બાંધી મેંડ કટી–

શ્રી વ્રજસીમંતીનીઓએ તો વેદ માર્ગ–મર્યાદા માર્ગ બન્ને માર્ગથી પર એવા 'વ્રજપતિ'ને માટે મર્યાદા છોડેલ છે. “પરમાનંદ વેદ સાગરકી મર્યાદા ગઇ તૂટ.”

દેખ યહ વિધિ સબનકી મતિ ભજન તેં ઉચટી

શ્રીમહાપ્રભુજીના માર્ગના અનુગ્રહીત ભગવદ્ ભકતો શ્રી ગોપીજનના ભાવની રીત દેખીને તેઓની 'મતિ' તેવા પ્રકારના ભજનથી હંમેશ **ઉચટી** રહે છે, એટલે તાપ કલેશ યુકત વિરહભાવ. આવા ભાવવાળા ભૂતલના જીવોના માટે જ આપનું પ્રાગટ્ય છે. તેથી ત્રીજી તુકમાં કહે છે :–

(૩) કર કુસંગ સુસંગ જાકે વિષય જાય ઘટી,
કુમતિ પાવસ કૂપ જલતેં આવતેં ઉબટી.

સંશય ગ્રસ્ત બુદ્ધિરૂપી વાદળો (પાવસ) જ્યારે કર્ણકૂપ દ્વારા શરણમંત્રથી (નામ પમાવવાથી) ઉબટી જાય છે એટલે કે વિશુદ્ધ ચોકખા નિર્મળ બને છે. ત્યારે તેવા જીવોના લૌકિક વિષયો ઘટી જાય છે. (કુસંગ–અજ્ઞાનીજીવ. સુસંગ–જ્ઞાનીજીવ) આથી જ 'નવરત્ન'માં આજ્ઞા કરેલ છે :–

“અજ્ઞાના દથવા જ્ઞાનાત્, કૃતમાત્મ નિવેદનમ્;
યૈઃ કૃષ્ણ સાત્કૃત પ્રાણૈ – સ્તેષાં કા પરિદેવના.”

ભગવદ્ વિષયક જ્ઞાનામૃત કર્ણ દ્વારા જ હૃદયમાં પ્રવેશે છે. તે જ્ઞાન રસાત્મક છે તેથી (કૂપ જલતેં) તેમ કહેલ છે. તેમજ ગોપીજનો પણ ગોપી ગીતમાં કહે છે :–

“તવ કથામૃતં, તપ્તજીવનં
કવિભિરીડિતં, કલ્મષાપહમ્;
શ્રવણ મંગલં, શ્રીમદાતતં
ભુવિ ગૃણન્તિ તે, ભુરિદા જનાઃ”

(૪) કરણ વારે કહા ભૂમિ, જાત ગતિ ન હટી,
કહા ફલકી ચીઠી સબકી એક હી બેર ફટી.

શ્રી મહાપ્રભુજીને શ્રી ઠાકોરજીએ જીવોને “બ્રહ્મ સંબંધ” કરાવવાની આજ્ઞા આપેલ તેનું અનુસંધાન આ કડીમાં છે. એનો ઉલ્લેખ પણ “સિદ્ધાંત રહસ્ય ગ્રંથ”માં છે.

“બ્રહ્મ સંબંધ કરણાત્ સર્વેષાં દેહ જીવયોઃ;
સર્વદોષ નિવૃત્તિર્હિ, દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ”
“અન્યથા સર્વ દોષાણાં ન નિવૃત્તિઃ કથંચન”

નામ નિવેદન મંત્ર લીધેલા જીવોના બધા દોષો તે જ ક્ષણે મટી જાય છે. આથી જ શરણસ્થ જીવોને આપશ્રી “અભયદાન” “ભાવદાન” આપે છે કે તમારા બધા કર્મોના ફલ તે જ ક્ષણે પુરા થયા તેવી આપના માર્ગની વિલક્ષણ રીતિ છે.

(૫) ચરણ પર જે રહત તિનકી હોત મતિ ઉલટી, કહા ગીતા ભાગવત મેં કહી બાત નહીં.

શ્રીમહાપ્રભુજીના અનુગ્રહિત ભગવદ્ ભક્તો હંમેશ “અષ્ટાક્ષર–પંચાક્ષર” (શરણમંત્ર નિવેદન મંત્ર)માં દર્શાવ્યા મુજબ અનન્ય ભાવે આપનું ચરણ–શરણ સ્વીકાર કરે છે તેથી તેઓની મતિ દુન્યવી રીતથી ઉલટી હોય છે અને વહેવારમાં પણ દેખાય છે કે ભક્ત અને જગતની રીત હંમેશ ઉલટી હોય છે અને તે જ વાત શ્રીસૂરદાસજી કહે છે.

“ઉલટી મુદ્રા દઇ અંકન, બરન સુધૌ હોઇ
વેદ વિધિકૌ નેમ નહિં, જહાં પ્રેમકી પહચાન
વ્રજ વધુ બસ કિયે મોહન, “સૂર” ચતુર સુજાન.”

શ્રીઠાકોરજી શ્રીમુખે ગીતા ભાગવતમાં આપની નટી (માયા) ને વશ તેવા પરમ ભાગ્યવાન શરણસ્થ જીવો થતા જ નથી તેમ દર્શાવે છે.

“મામેવં યે પ્રપદ્યન્તે માયા મેતાં તરન્તી તે”

(૬) હમારી યહબેર મનસા, દાન હું હટી, ‘રસિક’ કહિ કહિ જીભ તુમસો છુલત છટી.

આ સર્વ વાતનો 'ઉપસંહાર–ફલશ્રુતિ'
શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે—

આપના નિવેદન દાનથીજ અમારી 'અહંતા–મમતા' દૂર થઈ છે અને તેથી જ આપની આજ્ઞા મુજબ આપનો અષ્ટાક્ષર મંત્રના સતત ઉચ્ચારણથીજ અમારા બધા દોષો (છટી–ક્ષતિ) છત્રકારની વિકૃતિ–કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર પક્ષ તેથીજ ક્રમેક્રમે અહનિંશ નામ સ્મરણ માત્રથીજ ઘટતા જાય છે (છુલત–છુલત) આથીજ 'નવરત્ન' ગ્રંથમાં આપની આજ્ઞાનુસાર દર્શાવેલ છે.

> "તસ્માત્ સર્વાત્મના નિત્યં, શ્રીકૃષ્ણઃ શરણંમમ
> વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ"

ઉપર દર્શાવેલ પદની છ કડી છે તેનો ભાવ પણ તે મુજબ યથાધિકાર શુદ્ધ પુષ્ટિ અને મર્યાદા પુષ્ટિ જીવોને ફલિત થાય છે અને શ્રીઠાકોરજીના છધર્મો સહિત ધર્મીસ્વરૂપની પ્રાપ્તિ થાય તેવો આપનો પૃથક શરણ માર્ગ–વિલક્ષણ ભક્તિ માર્ગ આપે પ્રગટ કર્યો છે તેવો ભાવાર્થ છે.


મર્યાદાપુષ્ટિ
સાત્વિક
રાજસ
તામસ
ઐશ્વર્ય
વીર્ય
યશ
શ્રી
જ્ઞાન
વૈરાગ્ય
૧
૨
૩
૪
૫
૬
કીર્તનની કડી
૧
૨
૩
૪
૫
૬
વૈરાગ્ય
જ્ઞાન
શ્રી
યશ
વીર્ય
ઐશ્વર્ય
તામસ
રાજસ
સાત્વિક
શુદ્ધપુષ્ટિ

અનુવાદક–'**નિમિતમાત્ર**'

(૩)

હવે પછીનો ભાવાર્થ સંપ્રદાયના વિદ્વાન પ્રા. શ્રી રમેશભાઇ વિ. પરીખે લખી મોકલાવ્યો છે જે નીચે દર્શાવેલ છે.

શ્રી હરિરાયચરણ 'રસિક' ઉપનામથી પ્રભુને વિનંતી કરે છે કે હે હરિ ! તમે આવી રીત ક્યાંથી રાખી છે ? 'હરિ' શબ્દ દ્વારા આપ પ્રભુને જીવોના દુઃખનું હરણ કરવાના સ્વભાવનું સ્મરણ કરાવે છે. આપ જીવોના દુઃખને હરનાર હરિ હોવા છતાં તે સ્વભાવથી વિરુદ્ધ રીત કેમ અપનાવો છો ? આજે દુનિયામાં એવું દેખાય છે કે આપના દાસ દુઃખી છે અને આપનાથી વિમુખ જીવો સુખી છે. આના કારણે તમારી આબરુ જગતમાં ઘણી ઘટી ગઇ છે. (૧)

વેદ અને શ્રી ભાગવત દ્વારા આપે ભક્તિમય જીવન જીવવાની મેંડ–મર્યાદા બાંધી આપી. તે પ્રમાણે ભક્તિ કરનારા બધા જીવોની મતિ, અર્થાત્ બુદ્ધિ, આપના પ્રત્યે અનુસરવાને બદલે ઉલટા માર્ગે અનુસરતી જણાય છે. (૨)

ભગવદ્ ભકતોના સુસંગથી વિષય વાસના ઘટી જાય, તેને બદલે તે સુસંગ આજે કુસંગ બની ગયો છે. કુવામાંથી શીતળ જળ આવે તેના બદલે જાણે કુમતિ રૂપી અગ્નિ સત્સંગ રૂપી કુવામાંથી બહાર નીકળી રહ્યો છે.

ખરાબ કૃત્યો કરનારની પણ આજે જાણે દુર્ગતિ થતી નથી. શું બધાના ફળની ચિઠ્ઠી એક જ સમયે એક જ પ્રકારની ફાટી હશે ? (૪)

ભારે નવાઇની વાત એ છે કે જે આપના ચરણના આશ્રયે રહે છે તેની બુદ્ધિ જ આપનાથી વિરૂદ્ધ થઇ જાય છે. ગીતા, ભાગવતમાં કહેલી વાતથી આમ ઉલટું કેમ બનતું હશે ? (૫)

અમારા મનમાંથી દાન, દયા બધું ઘટી ગયું છે. અમે આ વાત તમને એટલી બધી વખત કહી છે કે તેના કારણે અમારી જીભ છોલાઇ ગઇ છે; પરંતુ આપે કોણ જાણે કેમ અમારી આ વાત પર હજી ધ્યાન આપ્યું નથી. (૬)

પુસ્તક પરિચય

પુ. પા. ગો. આચાર્યશ્રીઓના વચનામૃત–પ્રશ્નોત્તરના બે પુસ્તકાનો વૈષ્ણવ સમાજને પરિચય કરાવતાં અત્યંત આનંદ થાય છે. માતા જેમ વિવિધ પ્રકારના પોષક ભોજન લઇ તેના સારરૂપ ધાવણ, પોતાના બાળક જે ભોજન લઇ શકવા અસમર્થ છે તેને પાઇને પોષણ આપે તેમ ભગવદ્ ધર્મ વિષયમાં સર્વથા અજાણ, અસમર્થ એવા જીવોને પુ. પા. આચાર્યશ્રીઓ શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઇજી શ્રી હરિરાયજી આદિ સ્વરૂપોની નિગૂઢ વાણી, ને વિચારિ પોતે સ્વાનુભવ કરી તેના સાર રૂપ અને જીવની સમજશકિત, ને અનુરૂપ સાદિ સરળ ભાષામાં પોષણ આપે છે તેજ વચનામૃત સાહિત્ય છે. જેમ નાના બાળકોને માતાના ધાવણ દ્વારા હરેક પ્રકારનું પોષણ, રોગ સામે પ્રતિકાર શકિત વગેરે પ્રાપ્ત થાય છે તેવી

જ રીતે વચનામૃતોના પાન દ્વારા સ્વધર્મનો બોધ, તેનું પાલન કરવામાં શકિત અને વિધર્મથી બચવાનું જ્ઞાન, જીવોને સહજમાં પ્રાપ્ત થઈ જાય છે. આજે પરિચય કરવાના ગ્રંથોમાં પ્રથમ છે :–

સુધાધારા પોરબંદરવાળા પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના ૧૬૧ વચનામૃતો સંગ્રહ. પોરબંદરના, આપશ્રીની શ્રી ગોપીનાથજીની હવેલીના કિર્તનીઆજી પ. ભ. શ્રી લાલજી ગોવિંદભાઇ પટેલે, આપશ્રીના અહનીંશ સાનિધ્યમાં રહી પ્રસંગે પ્રસંગે થયેલ વચનામૃતોને ધારણ કરી સંકલિત કરી પુસ્તકાકારે પ્રસિદ્ધ કરાવી વૈષ્ણવ જનસમાજ ઉપર મોટો ઉપકાર કર્યો છે. આ પુસ્તકનું પ્રથમ પ્રકાશન થોડા મહિના પુર્વે થતાં જ તેની બધી પ્રતો તુરત વૈષ્ણવોએ પધરાવી લેવાથી અપ્રાપ્ય બનેલ તેથી તુરત જ આ બીજી આવૃત્તિ હમણાં જ પ્રકટ થઇ છે.

પૃષ્ઠ સંખ્યા ૨૪૪ + ૨૪ સોળ પેજ ક્રાઉન સાઇઝ પાકું પુઠું ઉત્તમ કાગળ અને સુઘડ મુદ્રણથી શોભતા આ પુસ્તકની ન્યોછાવર રૂા. ૧૦/– પોસ્ટેજ રૂા. ૨/–
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :–

(૧) શ્રી વલ્લભાચાર્યજી જનકલ્યાણ ટ્રસ્ટ ગોવિંદ નિકેતન, ભાટીઆ બજાર
પોરબંદર પીન ૩૬૦૫૭૫ ફોન – ૫૧૫
(૨) પ. ભ. શ્રી પુરૂષોત્તમદાસ ભુરાભાઇ વાછાણી બી–૫ મયુરનગર વિદ્યુતનગર સોસાયટી સામે,
કાલાવડ રોડ. **રાજકોટ** પીન ૩૬૦૦૦૪

વચનામૃતનો બીજો ગ્રંથ છે **પુષ્ટિને શીતળ છાંયડે** પુષ્ટિપથના પથિકને આલ્હાદક શીતળતા આપતા પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી સુરતવાળાના પ્રમાણ અને પ્રમેય બન્નેથી પરિપુષ્ટ વચનામૃતો લેખો – પ્રશ્નોત્તરોનો આ સંગ્રહ વર્તમાન પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં અનોખી ભાત પાડે છે પુષ્ટિમાર્ગનું સ્વરૂપ અને વૈષ્ણવોનું સ્વ કર્તવ્ય પુષ્ટિમાર્ગમાં સ્વધર્માચરણ કરવામાં લૌકિક વૈદિક સબંધી અનેક ગુચોનું સરળ નિરાકરણ કરતા આ વચનામૃતના પાનથી પ્રભુ સેવામાં પ્રીતી જાગે છે.

પ્રથમ આવૃતી સોળ પેજી ક્રાઉન સાઇઝના ૧૭૪+૧૨ પૃષ્ઠો. પેપર બેક, પી.વી.સી. (પ્લાસ્ટીક) કવરવાળા પુસ્તકની ન્યોછાવર રૂ. ૮/–

પ્રકાશક શ્રી વલ્લભ પ્રકાશન કાયાંલય–સૂરત

પ્રાપ્તિસ્થાન : (૧) પ. ભ. શ્રી કૃષ્ણકુમાર નંદલાલ ભાટીયા
૮, એ. રમણ ચેમ્બર, મોતી ટોકીઝ પાસે
બેગમપુરા સુરત–પીન ૩૯૫૦૦૩ ફોન : ૩૯૯૦૮

(૨) પ. ભ. શ્રી હીરાભાઇ વી. દેસાઇ ૬/૭૦૯, ગલેમંડી. મોટી શેરી,
સૂરત–૩૯૫૦૦૩ ફોન ૨૭૬૪૩

પુસ્તક પરિચયનો ત્રીજો ગ્રંથ છે.

શ્રી મથુરા વ્રજ મંડલ યાને વ્રજ–દર્શન

સંપાદક :– પ. ભ. શ્રી રવજીભાઇ પ. પટેલ

પ્રકાશક :– શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રચારક મંડળ (ધોરાજી)

પૃષ્ઠ સંખ્યા૬૬૦+૬૦=૭૨૦ સોળપેજી ક્રાઉન સાઇઝ

પાકુ પુંઠુ પી. વી. સી. (પ્લાસ્ટીક) જેકેટ ન્યોછાવર રૂ. ૪૨/– પોસ્ટેજ રૂ. ૩/–

પ્રાપ્તિ સ્થાન :– (૧) સર્વોત્તમ સ્તોત્ર પ્રચારકમંડળ (ધોરાજી)૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, **રાજકોટ–૩૬૦૦૦૧**

(૨) મુંબઇ વિસ્તારના વિતરક
શ્રી એન. કે. પરિખ એફ/૭૮ ગુજરાતી સોસાયટી
નહેરૂ રોડ, વીલેપાર્લે (પુર્વ) **મુંબઈ** પીન ૪૦૦૦૫૭
ફોન ૬૧૪૪૬૫૯/૬૧૪૯૧૨૨

શ્રીવલ્લભચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ પ્રસંગે પુ. પા. ગો. ૧૦૮ શ્રીરણછોડાચાર્યજી મહારાજશ્રી પ્રથમેશજીએ કરેલ વસંતરૂતુની શ્રીવ્રજ પરિક્રમાને કેન્દ્રમાં રાખી લખાએલ આ બૃહદ સંગ્રહમાં શ્રીવ્રજભૂમી, શ્રીયમુનાજી, શ્રીગિરિરાજજીના દિવ્ય અલૌકિક સ્વરૂપનું વર્ણન તે અંગે વૈદિક પૌરાણીક, ઐતિહાસીક અને સ્વમાર્ગીય ગ્રંથો માંના મોટા ભાગના ઉલ્લેખો ધોળ પદો સ્તોત્રો, શ્લોકો વગેરેનો આટલો એકત્રીત વિશાળ સંગ્રહ આ કદાચ પ્રથમ જ પ્રકટ થયેલ હશે. પ્રત્યેક વૈષ્ણવોએ વસાવવા લાયક છે.

---

(૧) શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પાઠનો અભ્યાસક્રમમાં સમાવેસ કરવા બાબત (૨) શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રસ્થાપિત શુદ્ધાદ્વૈત નો વિષય યુનિવર્સીટી ક્ષેત્રે અભ્યાસક્રમમાં હતો તે ફરી દાખલ કરવા બાબત તથા (૩) ભકતશ્રી નરસિંહ મહેતાના કાવ્યો રાજયશાળા પાઠ્યપુસ્તકમાં હતા તે ફરી દાખલ કરવા બાબતના ઠરાવ-પત્રો નીચેના સ્થળોએ મોકલાવવા.

(૧) શ્રીમાન પ્રબોધભાઈ રાવળ,
શિક્ષણ મંત્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.

(૨) શ્રીમાન પ્રમુખશ્રી, ગુજરાત રાજય પાઠ્ય પુસ્તક મંડળ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ–૩૮૦૦૦૪

(૩) શ્રીમાન કે. એસ. શાસ્ત્રી
કુલપતિશ્રી, ગુજરાત યુનીવર્સીટી, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯

અથ વ્રજલીલાત્મક પંચાધ્યાયી

લેખક : શ્રી ગોવિંદ કોવિદ – જતિપુરા

શ્રી ગોપીજન વલ્લભં પ્રણમામી નિશ ભોર; પંચાધ્યાયી રાસમેં લીલા બાલ કિશોર. ૧
કૃષ્ણ જનમ સુન ગોપિકા શ્રી નંદાલય આય; દર્શન કર શ્રીનાથકે પરમાનંદ મનાય. ૨
વેણુનાદ સુન ગોપિકા શ્રીવૃંદાવન આય; દર્શન કર નિજ નાથકે પરમાનંદ પ્રકટાય. ૩
જો નંદ ગૃહ આગતા ભઈ પૂતના મુક્ત; ક્યોંહી અંતર્ગૃહ ગતા ભઈ ગોપિકા મુક્ત. ૪
શકટાસુરકો ભંગ જ્યોં તૃણા વર્તકી મુક્તિ; ત્યોં ગોપીજનકો ભઈ સંસારી ભય મુક્તિ. ૫
જ્યોં યશુમતિકોં જૃંભમેં વિશ્વરૂપ દર્શાય; ત્યોં ગોપીનકોં વચન તેં વિશ્વ ધર્મ દર્શાય. ૬
નામકરણ જ્યોં ગર્ગ કિય નંદાત્મજ ઘનશ્યામ; નામકરણ કિય ગોપિકા નરભૂષણ અભિરામ. ૭
લીલા બાલ સ્વરૂપ મેં ગોપીન માખન ચોર; લીલા રૂપ કિશોર મેં ગોપીજન ચિત્ત ચોર. ૮
ઉપાલંભ ગોપીન દિયો દર્શન હિત મન ભાય; પ્રતિ ઉત્તર ગોપીનદિયો ચરન શરન હરિઆય. ૯
યશુમતિકો મુખ દિખાયો લીલા જગ અવિનાશ; શ્રીમુખ દર્શન કર ભઈ ગોપીજન હરિદાસ. ૧૦
ઉખલ દામનસોં બંધે યશુમતિ કરુણા કંદ; પ્રેમભક્તિ દામન બંધે ગોપિન વશ વ્રજચંદ. ૧૧
દામોદર નારદ સુહિત યમલાર્જુન કર ભંગ; ગોપીજન હિત કૃષ્ણ કર રૂપ સુલલિત ત્રિભંગ. ૧૨
નલ કૂબર ઉદ્ધાર કિય ભક્તિ ષરંગ સુધાર; ગોપીજન મન માન કિય દ્વાદશ અંગ વિહાર. ૧૩
બલ બાલક યુતવિથિનમેં વત્સ બકાસુર હાન; ગોપીન માનસુ મદ હરન તીન ઉર અંતર ધાન. ૧૪
ધેનુ ચરાવત વૃંદાવન ધેનુક અસુર વિનાસ; અબલા વિભ્રમ વિકલ બન કૃષ્ણ વિયોગ વિલાસ. ૧૫
નાગ દમન નંદ નંદ કિય ફન ફન નૃત્ય કરાય; નંદ સુનુહિત ગોપિકા વન વન ભ્રમન સુહાય. ૧૬
કૃષ્ણ દરસ હિત વ્રજૌકસ કૃષ્ણ કથા મન લાન; હરિલીલા અનુકરન કર ગોપીજન ગુનગાન. ૧૭
પ્રબલ પ્રલંબા પ્રાનહર શ્રી દામા મનમાન; પ્રમુખ ગોપિકા પ્રાનપ્રિય પ્રેમાનંદ પ્રદાન. ૧૮
ગોપાલ હિત હરિ કિયો દાવાનલકો પાન; ગોપીજન ગોપાલહિત વિરહાનલ કરપાન. ૧૯
ગ્રીષ્મ વર્ષા શરદકી ક્રિડા ત્રિવિધ સુજાન; તામસ રાજસ સાત્ત્વિકી ગોપી ત્રિવિધ બખાન. ૨૦
વેણુગીત વર્ણન કરત તન્મય ભઈ વ્રજવામ; ગોપીગીત સુગાન કર સુસ્વર રૂદન સકામ. ૨૧
ચીર ચોર પ્રગટે ચતુર સુમુખ મંદ હસનીયં; ચિત્તચોર પ્રગટે પ્રભુ કોટી કામ કમનીય. ૨૨
યજ્ઞ પત્નિ ઉદ્ધાર કર વિપ્રન ભક્તિ પ્રદાન; ગોપ વધૂ ઉદ્ધાર કર ગોપન પ્રેમ પ્રદાન. ૨૩
ઈન્દ્રયજ્ઞકો ભોગ કર શ્રી ગોવર્ધનનાથ; ગોપિન પ્રેમ સુભોગ કર શ્રીયુત ગોપીનાથ. ૨૪
ગોવર્ધન ધારણ કિયો શરણાગત ઉદ્ધાર; ગોપીજન ઉર ધારકે તન મન ધન બહિહાર. ૨૫
ગોપનકો સંશય હર્યો ગર્ગવચન સુપ્રમાન; ગોપીનકો સંશય હર્યો ઋણી ભયે ભગવાન. ૨૬
ઈન્દ્ર સુરભિ અભિષેક કર નામ ગાન ગોવિંદ; ગોપી પ્રેમ અભિષેક કિય રચો રાસ ગોવિંદ. ૨૭
નંદ બંધ મોચન કિયો વરુણ માન હર ખાસ; નાના નૃત્ય સુબંધ કર વૃંદા વિપિન વિલાસ. ૨૮
વ્રજ વાસીનકો દિખાયો લોક જુ બ્રહ્માનંદ; ગોપીજનકો કરાયો અનુભવ ભજનાનંદ. ૨૯
જ્યોં યમુના જલ હરિ રિયો તાંડવનૃત્ય વિશાલ; લાસ્ય નૃત્ય જલ થલ કિયો લીલા રાસ રસાલ. ૩૦
વેણુનાદ સોં સુધારસ પૂરન વ્રજ સુખદાન; અધર સુધારસ ગોપીકન પૂરન કર મન માન. ૩૧
વ્રજલીલા નિર્ગુન સગુન વ્રજવાસી સુખરાસ; ગોપીજન નિર્ગુન સગુન લીલા રાસ વિલાસ. ૩૨
યુગલ ગીત અરુ ભ્રમરમેં વિપ્રયોગ શૃંગાર; પંચાધ્યાયી રાસમેં યુગલ ભાવ શૃગાર ૩૩
લીલા પંચાધ્યાયકી સુરસ મધુર અરવિંદ; મુદિત મત્ત મન મધુવ્રત ગાવત જન 'ગોવિંદ.' ૩૪

॥ શ્રીહરિ: ॥

શ્રી કૃષ્ણ – કૃષ્ણ - કૃષ્ણેતિ, કૃષ્ણનામ સદાજપેત ॥
આનંદ: પરમાનંદો, વૈકુંઠં તસ્યનિશ્ચિતમ ॥
સદાસ્મરેત્તુ ય: કૃષ્ણં. યમસ્તસ્ય કરોતિ કિમ ॥
ભસ્તીભવન્તિ તસ્યાશુ, મહાપાતક રાશય: ॥

પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (જામખંભાલીયા, બોરીવલી, રાજકોટ) ની આજ્ઞા અને આશીર્વાદ સહ

ચિ. શ્રી રાજીવલોચનજીબાવા, ચિ. શ્રી ગોવિંદરાયજીબાવા, ચિ. શ્રી ગોપીકાલંકારજીબાવાના સંયુકત અધ્યક્ષ સ્થાને શ્રી વ્રજયાત્રા લીલી પરિક્રમાનો શુભ પ્રારંભ સં. ૨૦૪૦ના ભાદરવા સુદ ૫ ને શુક્રવાર તા. ૩૧–૮–૮૪ ના શુભદિને શ્રી મથુરાજીમાં વિશ્રાંતિ ઘાટે નિયમ ગ્રહણ કરીને થશે.

રાજકોટથી પૂ. મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રી વ્રજ પરિક્રમા કરવા જતાં વૈષ્ણવોની સ્પેશયલ ટ્રેન તા. ૨૫–૮–૮૪ શનિવારે સાંજના ૭ વાગે રાજકોટ જંકશનથી સિધાવી ત્યારે હજારોની સંખ્યામાં ભાવિક વૈષ્ણવોએ શ્રી ગોવર્ધનનાથકી જય, શ્રી યમુને મહારાણીકી જય, શ્રી વલ્લભાધીશકી જય, શ્રી વલ્લભ કુલ પરિવારકી જયના નાદથી આકાશ ગજાવી દિધેલ. આં. પુ. વૈં. પરિષદની સ્થાનિક શાખાના કાર્યકરો તથા શહેરની અનેક સંસ્થાઓ તથા અગ્રણીઓ તરફથી પૂ. મહારાજશ્રીને ફુલહાર કરવામાં આવેલ.

સં. ૨૦૩૪ ની સાલમાં પણ પૂ. પા. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીએ શ્રી વ્રજ પરિક્રમા કરેલ જેમાં અલૌકિક આનંદ દાન કરેલ જે વૈષ્ણવો હંમેશા યાદ કરે છે.

આ વર્ષની શ્રી વ્રજ પરિક્રમામાં શ્રી વ્રજયાત્રા સમિતિ રાજકોટના પ્રમુખ શ્રી જયન્તીલાલ દામજીભાઈ મહામંત્રી શ્રી હરિલાલ ચકુભાઈ (સં. ૨૦૩૪ માં પણ તેઓશ્રી વ્રજયાત્રા સમિતિના મંત્રી હતાં.), ખજાનચી શ્રી જયન્તીલાલ શાન્તીલાલ પડીયા તેમજ સં. ૨૦૩૪ ની વ્રજયાત્રા સમિતિના અગ્રણીઓ પ. ભ. શ્રી જીવનલાલ લાલજીભાઈ રાણપુરા, શ્રી વ્રજલાલ ખુશાલભાઈ, શ્રી હેમરાજ ઓધવજી વગેરે ખૂબજ ભાવ અને ઉત્સાહપૂર્વક પૂ. મહારાજશ્રી તથા વૈષ્ણવજનોની સુવિધા સચવાય તેવી ગોઠવણમાં તન. મન. ધનથી લાગી ગયેલ છે.

શ્રી ગિરીરાજજીમાં યાત્રાનો મુકામ તા. ૯–૯–૮૪ થી ૧૫–૯–૮૪ સુધી રહેશે. **શ્રી ગિરિરાજજીનો કુનવારો તા. ૧૨-૯-૮૪ ના થશે.** આ વ્રજયાત્રામા સર્વે વૈષ્ણવોને આ અલૌકિક આનંદનો લાભ લેવા તથા તન, મન, ધનથી સેવા કરવા શ્રી વ્રજયાત્રા સમિતિ તરફથી જણાવાયું છે.

◆

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212

ધોળ

વિનતી વાહાલાને કહીએ ચાલો, સખી શ્રીગોકુલ જઈએ
કે સહેજે સુખીયાં બહુ થઈએ. ચાલો ૧

ધન્ય ધન્ય શ્રીગોકુલ ગામ, પ્રગટયા શ્રીપૂરણ કામ,
જેહનું મોટા મુનિવરો ધરે ધ્યાન. ચાલો ૨

મળી સહુ વ્રજતણી નારી, પહેરી કસુંબલ સારી,
કે લટકે ઘુંઘટડો મારી. ચાલો ૩

મળી સહુ સઈયરની ટોળી, પહેરી પચરંગી ચોળી,
હાંરે ચાલે ભમર ભોળી. ચાલો ૪

કર મુકતાફળની થાળી, જોતાં વદન સદન વાળી,
કે માંહે માંહે લે તાળી. ચાલો ૫

તોરણ બાંધ્યાં છે ટોડે, જય જય શબ્દ વાજક બોલે,
કે વૈશ્નવ જન મળીયા કોડે. ચાલો ૬

ધન્ય ધન્ય ઠકરાણી ઘાટ, બેઠા શ્રી વિઠ્ઠલનાથ.
સોહીએ કુંવર સાત. ચાલો ૭

ધન્ય ધન્ય જુમનાની લહેરી, મધુરીથી મોહનની વેણી,
સુણતાં થઈ ગઈ છું ઘેલી. ચાલો ૮

પ્રકટયા ગિરિવરકરધારી, કરી વ્રજલીલા વિસ્તારી
'માધવદાસ' જોઈ જાય બલિહારી. ચાલો ૯

ભકત કવિશ્રી માધવદાસ ખંભાત.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

N. K. PARIKH

अन्तर-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेहिसन्मार्गरक्षकाः

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

હટરી બૈઠે ગિરિધરલાલ

સુંદર કુંજ સદન અતી નીકો શોભીત પરમ રસાલ
ચહુ ઓર પાંત બની દીપનકી ઝલકત ઝાલ ઝમાલ
મેવા મિશ્રી પાન ફૂલ સબ ભર ભર રાખે થાલ
કનકલતાસી સંગ મૃગનયની શોભિત શ્યામ તમાલ
ભાવ પરસ્પર લેત દેત હેં રાજત અંગ રસાલ
ઘર ઘર તે સબ લેલે આઈ સબે વ્રજબાલ
રસિક પ્રભુકે આગે રાખત ગાવત ગીત રસાલ



વર્ષ ૩ : અંક ૭ ◆ ઓકટો. ૧૯૮૪
શ્રી વલ્લભાબ્દ ૫૦૬

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રી વલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦, ૦૦૧

શ્રીનાથદ્વારામાં મહોત્સવ

પુષ્ટિમાર્ગના સાહિત્યના ક્ષેત્રે મહત્વનું પ્રદાન આપનાર અને વૈષ્ણવ સમાજમાં અનેરી જાગૃતિ લાવનારા પૂ. ગો. શ્રી હરિરાયજી મહાપ્રભુજીનો ૩૯૫ મો પ્રાકટ્ય ઉત્સવ શ્રી નાથદ્વારા મુકામે આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ અને શ્રી નાથદ્વારાના વૈષ્ણવ સમાજ દ્વારા સહુ પ્રથમ વાર ભારે આનંદ અને ભવ્ય ઉત્સાહથી તા. ૧૫/૧૬/૧૭ સપ્ટેમ્બર ૧૯૮૪ ના રોજ યોજવામાં આવી ગયો.

શ્રી હરિરાયજીના ઉત્સવ પ્રસંગે એક ભવ્ય અને વિશાળ શોભાયાત્રા વાજતે ગાજતે નીકળી હતી તેમાં પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રથમ પીઠાધિશ્વર પૂ. ગો. શ્રી પ્રથમેશજી, દ્વિતીય પીઠાધિશ્વર પૂ. ગો. શ્રી કલ્યાણરાયજી અને તૃતીય પીઠાધિશ્વર પૂ. ગો. શ્રી વ્રજેશકુમારજી તેમાં જોડાતાં વૈષ્ણવોએ અનેરો આનંદ માન્યો હતો. શોભાયાત્રામાં હાથી, શણગારાએલા ઘોડા, પાલખીઓ, મંદિરના રક્ષણ કરતા સૈનિકો ગણવેશમાં પરેડ કરતા અને બેન્ડ વગાડતા, કિર્તન કરતા કિર્તનિયા, કળશ સાથે જોડાએલી બહેનો, સ્કાઉટના ગણવેશમાં વિદ્યાર્થીઓ, "વલ્લભાધીશ કીજય" "વલ્લભકુલ પરિવારની જય" વગેરે સૂત્રોચ્ચાર સાથે હજારો વૈષ્ણવો જોડાયા હતા. શ્રીનાથદ્વારા ધોરી માર્ગો પર ધંજા પતાકા, રોશની, વિભિન્ન પ્રકારના સ્વાગત દરવાજા અને સ્થાન પર શોભાયાત્રા નિહાળતા હજારો લોકો પૂ. ગો. આચાર્યશ્રીઓનું ફુલો વરસાવીને સ્વાગત કરતા હતા. આ પુ. વૈ. પ. ના મહામંત્રી શ્રી કુંભનદાસ ઝ.લાની, સંગઠન મંત્રી શ્રી દ્વારકાપ્રસાદ પાટોડિયા, મંત્રી પ્રો. ચીમનભાઈ શેઠ, કોષાધ્યક્ષશ્રી મુકુંદભાઈ શાહ, શ્રી મનોહરભાઈ શ્રોફ અને કારોબારીના સર્વે સભ્યો તથા રાજસ્થાન આં. પુ. વૈ. પ. ની કારોબારીના સભ્યો પણ શોભાયાત્રામાં જોડાયા હતા. આવી ભવ્ય રીતે ઉજવાએલો શ્રી હરિરાયજીનો ઉત્સવ શ્રી નાથજીના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ઉજવાતા તે ઐતિહાસિક પ્રસંગ બન્યો છે

શોભાયાત્રા પછી શ્રી વલ્લભ હોલમાં વિરાટ સભાનું આયોજન થયું હતું. તેમાં પૂ. ગો. શ્રી વ્રજેશ કુમારજી પૂ. ગો. શ્રી કલ્યાણરાયજી અને પૂ. ગો. શ્રી પ્રથમેશજી મહોદયે શ્રી હરિરાયજીના જીવનના પ્રેરણાદાયી પ્રસંગોની અને પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રચાર માટે કરેલી અનેરી સેવાઓને તેઓએ બીરદાવી હતી વર્તમાન પરિસ્થિતિમાં શ્રી હરિરાયજીના વિચારો અને તેઓએ કરેલ કાર્યો વૈષ્ણવ સમાજ માટે પ્રેરણાદાયી છે. વૈષ્ણવ સમાજમાં એકતા ઉભી કરીને તેના સંગઠનને મજબુત બનાવીએ શ્રી હરિરાયજીના સાહિત્ય અને વિચારોનો પ્રસાર કરવા વૈષ્ણવ સમાજે હવે કટિબદ્ધ બની એક નેજા હેઠળ સંગઠિત બનવું જોઈશે તેવો સર્વે પ્રવચનકર્તાઓનો સૂર હતો.

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની કેન્દ્રીય કારોબારીની મીટીંગમાં સંગઠનાત્મક અને પ્રસારાત્મક બાબતોનો વિચાર કરવામાં આવ્યો હતો. પ્રાંતિક અધિવેશન દેશના કાર્યકરોનું સંમેલન યોજવાનું વિચાર્યું છે. ધર્મ પ્રચાર વાહન "ભકિતવર્ધિની" ના પ્રવાસનું આયોજન પણ વિચારાયું છે. સસ્તુ, સારું અને સરળ ભાષામાં પુષ્ટિમાર્ગનું સાહિત્ય પ્રકાશિત કરવાનો વિચાર કરવામાં આવ્યો છે. રાજસ્થાન પ્રાંતની કારોબારી સમિતિની રચનાને માન્ય કરવામાં આવી અને તેની મીટીંગ પણ કરવામાં આવી અને પૂ. ગો. શ્રી પ્રથમેશજી મહોદયે બંને મીટીંગમાં ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા.

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઈ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઈ પ. પટેલ**

વર્ષ ૩ : અંક ૭
ઓકટોબર ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

નમ્ર નિવેદન

વિક્રમ સંવત ૨૦૪૦ નું વર્ષ પુરૂં થઈ રહ્યું છે. દિપાવલી અને અન્નકુટના ઉત્સવો ગોપાષ્ટમી અને પ્રબોધિની, આવશે.

આપણી આં. રા. પુ. વૈ. પરિષદ જે વિવિધ પ્રવૃત્તિ કરી રહી છે. તેમાં આપણે પૂર્ણ રીતે ભાગ લઈ સંસ્થાને સુદૃઢ બનાવવાની આપણી સહુની ફરજ છે.

નરસિંહ મહેતાના પદો, પાઠ્ય ક્રમમાં દાખલ કરાવવા તેમ-જ શ્રીમહાપ્રભુજીના જીવન-દર્શનને લગતો પાઠ પાઠ્યપુસ્તકમાં સામેલ કરાવવા આપણી માગણીને વ્યાપક સમર્થન મલી રહ્યું છે આપણી સંસ્થાનાં અનેક શાખાઓએ આ અંગે આગ્રહ કરતાં ઠરાવો શિક્ષણ મંત્રી, પાઠ્ય પુસ્તક મંડળ વિગેરેને મોકલ્યાં છે. સુરતના શ્રી ગોવિંદ પ્રભુ ટ્રસ્ટ તરફથી પણ ગુ. યુ. ના કુલપતિશ્રી તેમજ પાઠ્ય મંડળને અનુરોધ પત્રો લખાયા છે આપણી આ માગણીના સમર્થનમાં આપણે હજુ વ્યાપક ઝુંબેશ ઉઠાવવી પડશે.

શ્રીનાથદ્વારામાં ભવ્ય રીતે શ્રીહરિરાયજી મહાપ્રભુજીનો ઉત્સવ ઉજવાયો, તેમજ બોડેલી (વડોદરા જીલ્લા) માં પરિષદના કાર્યકરોનું સંમેલન યોજાયું છે. જેમાં વિવિધ નિર્ણયો લેવાયા છે.

પરિષદની હિન્દી માસિક પત્રીકા શ્રી વલ્લભ સ્વર જે કેટલાંક સમય થયાં બંધ પડેલ તેનું પ્રકાશન ભોપાલ મ. પ્ર. ની શાખા દ્વારા પ્રારંભ થયું છે તેને આવકારીએ છીએ. હિન્દી ભાષા જીજ્ઞાસુઓએ અવશ્ય લાભ લેવો.

—સંપાદક

❋

શ્રીકાકાવલ્લભજી મહારાજનું અલૌકિક ચરિત્ર

પૂ. પા. ગો. શ્રી દામોદરલાલજી બાવાશ્રીના વચનામૃત

(કડીમાં પૂ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહોદયની અધ્યક્ષતામાં શ્રીકાકાવલ્લભજી મહારાજનો બસોસાઈઠમો પ્રાદુર્ભાવ મહોત્સવ શ્રાવણ વદ ૧૪ના રોજ ભાવિક વૈષ્ણવોની મોટી ઉપસ્થિતિમાં આનંદપૂર્વક ઉજવાયો હતો. તેમાં અધ્યક્ષ મહોદયે નીચે મુજબ વચનામૃત કરી વૈષ્ણવ સમાજને પ્રભાવિત કર્યા હતા.)

પ્રાતઃ સ્મરણે શ્રી ગિરિધરલાલસ્ય પ્રપૌત્રાણાં
શ્રી વલ્લભકુલ કૌસ્તુભ દૈન્યંચ વિરહાનુભવી
શ્રી વિઠ્ઠલેશરાયાત્મજ કાકા વલ્લભસ્ય,
ચરણારવિંદાય સદૈન્યાય નમઃ

ઉપરના શ્લોકથી મંગલાચરણ કરી નીચે મુજબ વૈષ્ણવોને સંબોધ્યા હતા.

શ્રીમહાપ્રભુજીની છઠ્ઠી પેઢીએ શ્રીકાકાવલ્લભજી મહારાજનો પ્રાદુર્ભાવ થયો હતો. શ્રીમહાપ્રભુજીના દ્વિતીય લાલજી શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઇજી) અને તેમના પ્રથમ લાલજી શ્રીગિરિધરલાલજી, એમના લાલજી શ્રીદામોદરજી, એમના લાલજી શ્રીવિઠ્ઠલેશરાયજીને ત્યાં શ્રી કાકા વલ્લભજીનું પ્રાકટ્ય વિ. સં. ૧૭૦૩ના શ્રાવણ વદ ૧૪ના રોજ થયું હતું.

આપશ્રીને આઠમે વર્ષે વિ. સ. ૧૭૧૧માં ઉપનયન સંસ્કાર શ્રી ગોકુલમાં થયો હતો, અને તે વખતે મહાનુભાવ ગો. શ્રીહરિરાયજીએ આપશ્રીને બ્રહ્મ સંબંધની દિક્ષા આપી હતી. શ્રી હરિરાયજીએ બ્રહ્મ સંબંધની દિક્ષા આપી હોવાથી આપશ્રીમાં શ્રી હરિરાયજી જેવી જ ભગવત્સેવા નિષ્ઠા અને દીનતા હતી. આપશ્રી જે પ્રકારે ભગવત્સેવા પરાયણ રહેતા તે જ પ્રકારે શ્રી ભગવત્ ગુણાનુવાદ અને ભગવદ્ વિરહાનુભવ કરતા હતા.

સેવામાં આપશ્રી મુખ્યત્વે રોટી અને લીટી સિદ્ધ કરીને શ્રીનાથજીને આરોગાવતા હતા.

આપશ્રી શ્રીનાથજીની સાથે વિ. સં. ૧૭૨૬માં વ્રજમાંથી પ્રસ્થાન કરી મેવાડમાં પધાર્યા ત્યારે માર્ગમાં શ્રીનાથજીને રોટી–લીટી સિદ્ધ કરી આરોગાવતા હતા.

આપશ્રીને સંતતિમાં સાત બાળકો હતા, તેઓને શ્રીમહાપ્રભુના સેવ્ય સાત સ્વરૂપો સેવા માટે પધરાવી આપ્યા હતા. તેમાંનું એક સ્વરૂપ શ્રીનવનીતપ્રિયાજીનું જે હરિવંશ પાઠકના માથે બિરાજતું હતું તે હાલ કોટામાં શ્રીમહાપ્રભુજીના મોટા મંદિરમાં બિરાજે છે.

આપશ્રી સાંપ્રદાયિક અધ્યયન માટે શ્રીનાથદ્વારાથી નિત્ય ખીમનોર શ્રીહરિરાયજી પાસે પધારતા અને શ્રીહરિરાયજીના સત્સંગથી આપશ્રીને સેવાભાવના અને માનસી સિદ્ધ થયા હતા.

આપશ્રીએ સાહિત્યમાં સંસ્કૃતમાં સુબોધિનીજી ઉપર લેખ લખ્યો છે અને વ્રજ ભાષામાં અનેક પદો બનાવ્યા છે. તેમાં **‘દાસ’**ની છાપ રાખી છે તથા ગુજરાતીમાં ૮૪-૨૫૨ વૈષ્ણવોના ધોળ તથા આપશ્રીના બાવન વચનામૃત છે.

આપશ્રી મેવાડમાં બિરાજતા હોવા છતાં સદૈવ વ્રજની ભાવના કરતા અને શ્રીવ્રજકમળ દળ ભાવનાનો ગ્રન્થ વ્રજ ભાષામાં લખ્યો છે.

શ્રીવલ્લભજી મહારાજ તે સમયના ગોસ્વામી બાલકોમાં વયોવૃદ્ધ હોવાથી તિલકાયત આદિ બાલકો **“કાકા”** કહેતા, તેથી સંપ્રદાયમાં પણ આપશ્રી કાકા વલ્લભજીના નામથી પ્રસિદ્ધ થયા.

આપશ્રી આજીવન શ્રીનાથજીની સેવામાં તત્પર રહ્યા, આપશ્રીનું નિવાસસ્થાન આપશ્રીના ભાગમાં આવેલ શ્રીનાથજીના મંદિરનો એક ભાગ હતો. જે હાલમાં શ્રીવનમાળીજીના મંદિરના નામથી ઓળખાય છે.

આપશ્રીની એક બેઠક બરસાના નજીક સુન્હેરાની કદમખંડીમાં છે, આપશ્રીએ વિ. સં. ૧૭૬૨માં વ્રજ યાત્રા કરી હતી તે સમયે ત્યાં પ્રિયા-પ્રિતમના હિંડોળાના દર્શન વૈષ્ણવોને કરાવ્યા હતા.

આપશ્રીનો નિત્ય લીલા પ્રવેશ આજ્ઞાત્ હોવા છતાં અનુમાનથી કહી શકાય છે કે વિ. સં. ૧૭૮૦ સુધી ભુતળ ઉપર બિરાજ્યા હશે.

લવાજમ તુરત મોકલો

સાત માસ થયા નવા વર્ષના અંકો જુના ગ્રાહકોને નિયમીત મોકલાય છે. પરંતુ તેમાંના ઘણા ગ્રાહકોના લવાજમ આવ્યા નથી તેવા ગ્રાહકોએ તુરત લવાજમ મોકલાવી સહકાર આપવા વિનતી છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૨૧મો)

ગતસંગસ્ય મુકતસ્ય જ્ઞાનાવસ્થિતચેતસઃ ।
યજ્ઞાયાચરતઃ કર્મ સમગ્રં પ્રવિલીયતે ।।૨૩।।

આસકિત રહિત, મુક્ત અને જ્ઞાનથી ભગવાનમાં સ્થિર ચિત્તવાળાનું અને પ્રભુપ્રીત્યર્થે કર્મ કરનારનું સમગ્ર કર્મ પુર્ણપણે લય પામે છે. ।।૨૩।।

અરે, ફળ ભોગવ્યા વિના કરેલું કર્મ શી રીતે નાશ પામે ? એવી શંકાના જવાબમાં 'ગતસંગસ્ય' વગેરે શબ્દોથી કહે છે:–

જેણે લૌકિક પરિગ્રહ વગેરેનો ત્યાગ કર્યો છે, જે કર્મના ફળોથી દુર રહે છે, જે જ્ઞાનથી ભગવાનમાં અત્યંત સ્થિર ચિત્તવાળો છે, યજ્ઞને માટે એટલે કે ભગવદાર્પણ બુદ્ધિથી જે કર્મનું આચરણ કરે છે, તેનાં ફળ સહીત કર્મ સંપુર્ણતાથી નાશ પામે છે, ઇશ્વરની પ્રાપ્તિમાં વિલીન થાય છે, એમ અર્થ છે. અથવા યજ્ઞને માંટે એટલે કે લોકશિક્ષાર્થે, મારી આજ્ઞાથી યજ્ઞની સાર્થકતા માટે જે આચરણ કરે છે તેનાં ફળ સહિત કર્મ લય પામે છે, યજ્ઞની ક્રિયાશીલતામાં જ લુપ્ત થાય છે, એમ અર્થ છે. ।।૨૩।।

બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ ।
બ્રહ્મૈવ તેન ગંતવ્યં બ્રહ્મકર્મસમાધિના ।૨૪।

બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ કર્તા વડે હોમાયેલુ હવનીય દ્રવ્ય બ્રહ્મ છે, જેના વડે અર્પણ કરાય તે બ્રહ્મ છે, સમાધિ અવસ્થાથી તે બ્રહ્મરૂપ કર્મ વડે પ્રાપ્ત કરવા યોગ્ય બ્રહ્મ જ છે. ।।૨૪।।

ખરેખર, બ્રહ્મરૂપ થઇને તે બ્રહ્મને પામે છે, આ બધું ચોકસ બ્રહ્મરૂપ છે એ પ્રમાણે બધાંનું બ્રહ્માત્મકપણુ હોવાનું કહે છે. કયા કર્મનું બ્રહ્માત્મકપણું છે, તે 'બ્રહ્માર્પણમ' વગેરે શબ્દોથી કહે છે.

જેનાથી હોમાય છે તે અર્પણ એટલે સામગ્રી, સ્ત્રુક, સ્ત્રુવ વગેરે બ્રહ્મ છે, હવિ એટલે ઘી વગેરે બ્રહ્મ છે. બ્રહ્મરૂપ અગ્નિમાં કર્તાથી હોમાયેલું તે બ્રહ્મ છે. એ પ્રમાણે કર્મ બ્રહ્મ છે. આથી સમાધિઅવસ્થાથી તે બ્રહ્મરૂપ કર્મ વડે બ્રહ્મ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. તેથી બ્રહ્માત્મક હોવાથી તેમાં લીન થાય છે, એમ અર્થ છે. આથી જ શ્રુતિ પણ 'આ બધું ખરેખર બ્રહ્મ છે.' એ પ્રમાણે બધાંનું બ્રહ્માત્મકપણું કહે છે. ।।૨૪।।

દૈવમેવાપરે યજ્ઞ યોગિનઃ પર્યુપાસતે ।
બ્રહ્માગ્નાવપરે યજ્ઞ યજ્ઞેનૈવોયજ્જુહ્વતિ ।।૨૫।।

બીજા યોગીઓ દેવો સંબંધી યજ્ઞને જ ઉપાસે છે. બીજાઓ બ્રહ્મરૂપ અગ્નિમાં યજ્ઞસ્વરૂપ વિષ્ણુને યજ્ઞ વડે જ હોમ આપે છે. ।।૨૫।।

અરે, બધાનું બ્રહ્માત્મકપણું હોવાથી સમજીને કે સમજયા વગર કરેલું કર્મ, અગ્નિના સ્પર્શથી દઝાય તેમ બ્રહ્મમાં કેમ લય ન પામે એવી શંકાના જવાબમાં કહે છે. સજાતીય

સમૂહથી મિશ્રિત અગ્નિ જ બાળવાને સમર્થ છે, તણખારૂપ અગ્નિ નહિં, એ પ્રમાણે સર્વત્ર બ્રહ્માત્મક જ્ઞાનના અભાવે તેના જ્ઞાનને અનુરૂપ જ ફળ હોય છે. કારણ કે અગાધ જળમાં નહિ ડૂબેલ પહેલાંના ઘડાની જેમ તેઓમાં ગ્રહણ કરવાનું સામર્થ્ય હોતું નથી, એમ 'દૈવમ્' વગેરે શબ્દોથી છ શ્લોકથી કહે છે.

બીજા યોગીઓ અલ્પ એવા સ્વરૂપના જ્ઞાનથી કર્મનાં ફળની ઇચ્છાથી કર્મ કરે છે, યજ્ઞને દૈવકર્મ જ જાણીને તેને સર્વભાવથી ઉપાસે છે, તેઓના લૌકિક દેહથી સાધનાત્મક ભગવાનની સેવામાં મળતું ફળ મંગલમય હોય છે, એમ અર્થ છે. બીજા તત્વજ્ઞાનને અનુસરનારાઓ અગ્નિને બ્રહ્મસ્વરૂપ જાણીને તેમાં યજ્ઞને એટલે કે યજ્ઞાત્મક વિષ્ણુને યજ્ઞ વડે જ એટલે કે યજ્ઞાત્મક વિષ્ણુરૂપ હોમવાના દ્રવ્ય વડે હોમ આપે છે, હોમ કરે છે. ॥૨૫॥

શ્રોત્રાદીનીન્દ્રિયાણ્યન્યે સંયમાગ્નિષુ જુહ્વતિ ।
શબ્દાદીન્વિષયાનન્યે ઇંદ્રિયાગ્નિષુ જુહ્વતિ ॥૨૬॥

બીજા યોગીઓ શ્રોત્ર વગેરે ઇંદ્રિયોને સંયમરૂપ અગ્નિઓમાં હોમે છે, અને બીજા યોગીઓ શબ્દ વગેરે વિષયોને ઇંદ્રિયરૂપ અગ્નિઓમાં હોમે છે. ॥૨૬॥

બીજા યોગીઓ શ્રોત્ર વગેરે ઇંદ્રિયોને સંયમરૂપ અગ્નિમાં હોમે છે. અહીં આ અર્થ છે :– યોગ દ્વારા મારી પ્રાપ્તિની ઇચ્છાથી, પ્રાપ્તમાં પ્રતિબંધ કરનારી ઇંદ્રિયોને, નિરોધાત્મક કલેશ રૂપી અગ્નિમાં શબ્દ વગેરે વિષયોને એટલે કે મારી કથાના શ્રવણરૂપ વિષયોને ભગવાનનો સાક્ષાત્કાર સાધી આપનાર હોવાથી આત્મભાવે ઇંદ્રિયોમાં હોમે છે. ॥૨૬॥

સર્વાણીન્દ્રિયકર્માણિ પ્રાણકર્માણિ ચાપરે ।
આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ॥૨૭॥

બીજા યોગીઓ સર્વે ઇન્દ્રિયોનાં કર્મોને અને પ્રાણોનાં કર્મોને જ્ઞાન વડે પ્રદીપ્ત આત્મસંયમના યોગરૂપ અગ્નિમાં હોમે છે. ॥૨૭॥

બીજા યોગીઓ ઇંન્દ્રિયોથી કરાતાં સર્વે કૃત્યોને નહિ કરીને જ, અને વળી પાંચ પ્રાણથી થતાં કૃત્યોને ક્ષુધા, તૃષા વગેરેથી, ભોજન, જલપાન વગેરે નહિ કરીને જ, જ્ઞાન વડે પ્રદીપ્ત એટલે કે જ્ઞાનથી મારા સ્વરૂપની પ્રાપ્તિ માટે થવાના તાપની આતુરતામાં, મારી પ્રાપ્તિ માટે સંયમરૂપ અગ્નિમાં, બધાને પોતાનાં કરવાં તે રૂપ અગ્નિમાં હોમે છે. ॥૨૭॥

દ્રવ્યયજ્ઞાસ્તપોયજ્ઞા યોગયજ્ઞાસ્તથાઽપરે ।
સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ યતયઃ સંશિતવ્રતાઃ ॥૨૮॥

દ્રવ્ય ખર્ચવારૂવી યજ્ઞો કરનારા, તપ કરવારૂપી યજ્ઞો કરનારા, યોગ સાધવારૂપી યજ્ઞો કરનારા અને સ્વાધ્યાય જ્ઞાનયજ્ઞો કરનારાઓ તથા બીજા જિતેન્દ્રિય, ભગવાનના સ્મરણમાં દૃઢતાથી જોડાઇ રહેલાઓ છે. ॥૨૮॥

'દ્રવ્યયજ્ઞાઃ' એટલે યજ્ઞ કરવાના બદલામાં દ્રવ્યને આપનાર, 'તપોયજ્ઞાઃ' એટલે સાધન વગેરેના અભાવે યજ્ઞથી મારી પ્રીતિ મેળવવા માટે તપ કરનારા, એટલે કે યજ્ઞની ભાવનાથી એ પ્રમાણે કરનારા, 'યોગયજ્ઞઃ' એટલે પહેલાં કહેલી રીતે યજ્ઞની ભાવનાથી અષ્ટાંગયોગ કરનારા, તેમ જ બીજાઓ પહેલાં કહેલી રીતે સ્વાધ્યાય, વેદાધ્યયન વગેરે યજ્ઞની ભાવનાથી કરનારા, વળી જ્ઞાનને પણ યજ્ઞથી જાણનારાઓ, તે બધા કેવા પ્રકારના છે ? તે યતિઓ છે, એટલે કે બધું જ ત્યાગી દેનારા છે. ફરીથી

કેવા પ્રકારના છે ? 'સંશીવ્રતાઃ' એટલે કે તીક્ષ્ણ વ્રતરૂપ કર્મ કરનારા, એક માત્ર ભગવાનના સ્મરણમાં પરાયણ રહેનારા, એવા તેઓ છે. ।।૨૮।।

અપાને જુહ્વતિ પ્રાણં પ્રાણેઽપાનં તથા ।
પ્રાણાપાનગતી રુદ્ધ્વા પ્રાણાયામપરાયણાઃ
॥ ૨૯ ॥

બીજા યોગીઓ અપાનવાયુમાં પ્રાણવાયુને હોમે છે, તેવી જ રીતે પ્રાણવાયુમાં અપાનવાયુને હોમે છે, અને પ્રાણ-અપાનની ગતિઓને રૂંધીને પ્રાણાયામમાં સર્વથા લીન રહે છે. ॥ ૨૯ ॥

બીજા યોગીઓ અપાનમાં પ્રાણને પૂરક વિધિથી હોમે છે. અપાન એટલે નીચે રહેલો વાયુ, પ્રાણ એટલે ઊંચે રહેલો વાયુ. તથા રેચક વિધિથી અપાનને પ્રાણમાં હોમે છે. કુંભક વિધિથી પ્રાણ અને અપાનની ગતિને રોકીને પ્રાણાયામ પરાયણ રહે છે, એટલે કે ઇશ્વરચિંતનમાં નિષ્ઠાવાળા થઈ રહે છે. ॥ ૨૯ ॥

અપરે નિયતાહારાઃ પ્રાણાન્પ્રાણેષુ જુહ્વતિ ।
સર્વેઽપ્યતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષાઃ
॥ ૩૦ ॥

બીજા યોગીઓ નિયત આહાર કરનારા, પ્રાણોને પ્રાણોમાં હોમે છે. આ બધાય યજ્ઞને જાણનારા અને યજ્ઞો વડે જેઓનાં પાપ નાશ કરાયાં છે તેવા છે. ।। ૩૦ ।।

બીજા યોગીઓ નિયમિત ભોજન કરનારા છે. તેઓ બે ભાગને અન્નથી ભરે છે અને એક ભાગ જલથી પુરે છે. પવનના ભ્રમણ માટે ચોથો ભાગ બાકી રાખે છે, એમ કહ્યું છે. તો પણ અંતઃકરણની શુદ્ધિ અર્થે માત્ર દેહ ટકાવવા માટે ભગવત્પ્રસાદને એક વાર લેનારાઓ લૌકિક પ્રાણોને આધિદૈવિક પ્રાણોમાં એટલે કે ભગવાન માટે ઉપયોગી પ્રાણોમાં હોમે છે. સાડાપાંચ શ્લોકમાં કહેવાયેલા આ બધાય યજ્ઞના સ્વરૂપને જાણનારા છે. 'યજ્ઞક્ષપિતકલ્મષાઃ' એટલે પોતપોતાના અધિકારરૂપ કરાયેલા સ્વાભાવિક યજ્ઞ વડે મારા સ્મરણમાં પ્રતિબંધરૂપ પાપ દુર કરાયેલાં છે જેઓનાં તેઓ, એટલે કે દુર કરાયેલા પાપવાળા, 'તેઓ છે' એટલુ ઉમેરવું. ।। ૩૦ ।।

યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્ ।
નાયં લોકોઽસ્ત્યયજ્ઞસ્ય કુતોઽન્યઃ કુરુસત્તમ ।૩૧।

હે કુરુશ્રેષ્ઠ અર્જુન, યજ્ઞના અવશિષ્ટરૂપ અમૃતનું ભોજન કરનારાઓ સનાતન બ્રહ્મને પામે છે. યજ્ઞ નહિ કરનારને માટે આ લોક નથી, તો બીજો ક્યાંથી હોય ? ।।૩૧।।

એ પ્રમાણે યજ્ઞોથી નિષ્પાપ થઇને મારું સ્મરણ વગેરેથી બ્રહ્મને પ્રાપ્ત કરે છે, એમ 'યજ્ઞશિષ્ટ' વગેરે શબ્દોથી કહે છે. 'યજ્ઞશિષ્ટામૃતભુજઃ' એટલે યજ્ઞમાં બાકી રહેલ જે અમૃત, મારા સ્મરણરૂપ અમૃત, તેને ખાનારો, સનાતન બ્રહ્મને એટલે કે અક્ષરાત્મક બ્રહ્મને પામે છે. આથી જ જેનાં સ્મરણ વગેરેથી એટલે કે ભગવાનના સ્મરણથી જ કર્મ વગેરેનું પુર્ણપણું છે. એ પ્રમાણે યજ્ઞ કરનારાઓને અક્ષરની પ્રાપ્તિ થાય છે, એમ કહ્યું, યજ્ઞ નહિ કરનારાઓને કર્મ બાધ કરનાર છે, એમ 'નાયમ' વગેરે શબ્દોથી કહે છે. હે કુરુકુળમાં શ્રેષ્ઠ અર્જુન, હે સત્કુલમાં જન્મેલ અર્જુન, હે મારી વિભૂતિરૂપ, હે મારી આજ્ઞા

વગેરે રૂપ, યજ્ઞ વગરનાને માટે આ લોક નથી, આ લોકમાં પણ વિદાય છે, તો પછી બીજો ક્ષરાત્મક લોક શી રીતે પામવા યોગ્ય થાય ? ।।૩૧।।

એવં બહુવિધા યજ્ઞા વિતતા બ્રહ્મણો મુખે ।
કર્મજાન્વિદ્ધિ તાન્સર્વાનેવં જ્ઞાત્વા વિમોક્ષ્યસે ।૩૨।

એ પ્રમાણે અનેક પ્રકારના યજ્ઞો વેદનાં આરંભમાં વિસ્તરેલા છે. તે બધાને કર્મથી ઉત્પન્ન થયેલા તું જાણ એ પ્રમાણે જાણીને તું મુકત થઇશ ।।૩૨।।

અરે, એ પ્રમાણે બહુ પ્રકારના યજ્ઞોનું સ્વરૂપ કહીને મારે શું કરવું ? એવી શંકાના જવાબમાં ‘એવમ્’ વગેરે શબ્દોથી કહે છે.

પહેલાં કહ્યા પ્રમાણે બહુ પ્રકારના, મારા અંશરૂપ યજ્ઞો, વેદના મુખમાં બહાર આવેલા છે, તે બધાને એવી રીતે ક્રિયાઓથી ઉત્પન્ન થયેલા તું જાણ એ પ્રમાણે તેઓને જાણીને તું છુટકારાને પામીશ, મારી પ્રાપ્તિમાં પ્રતિબંધરૂપ હોય તેનાથી મુકત થઇશ, એમ અર્થ છે. વેદ વગેરેમાં કહેવાયેલા હોવાથી તારી યજ્ઞ વગેરે કર્મોમાં આસકિત ન રહે તે માટે એ પ્રમાણે મેં બહુ પ્રકારના યજ્ઞો કહ્યા, એવો ભાવ છે. ।।૩૨।।

શ્રેયન્દ્રવ્યમયાયજ્ઞાજ્જ્ઞાનયજ્ઞઃ પરંતપ ।
સર્વં કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે ।।૩૩।।

હે પરંતપ, દ્રવ્યથી કરાતા યજ્ઞથી જ્ઞાનયજ્ઞ વધુ સારો છે. કારણ કે, હે પાર્થ, બધાં કર્મ જ્ઞાનમાં પુર્ણ રીતે સમાપ્ત થઈ જાય છે. ।।૩૩।।

અરે, મને એ ફલ ઇચ્છિત ન હોવાથી આજ્ઞાથી લોકહિતાર્થે કરવા યોગ્ય યજ્ઞના જ્ઞાનથી શું ફળ મળે ? એના જવાબમાં ‘શ્રેયાન્’ વગેરે શબ્દોથી કહે છે.

હે પરંતપ, જ્ઞાનયજ્ઞ જ્ઞાનના અભાવે ભગવદીયને નિષિદ્ધ રીતે સ્વર્ગ વગેરે ફળ આપનાર હોવાથી કરાતા યજ્ઞની અનુચિતતા છે, તેથી દ્રવ્યમય યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ એટલે જ્ઞાનાત્મક યજ્ઞ અથવા જ્ઞાનથી થતો યજ્ઞ ઉત્તમ છે, એમ અર્થ છે. વળી દ્રવ્યમય યજ્ઞ પુર્ણતાના અભાવે પણ ઉત્તમ નથી, પરંતુ જ્ઞાનમય યજ્ઞ સંપુર્ણ છે, એમ ‘સર્વમ્’ વગેરે શબ્દોથી કહે છે. હે પાર્થ, બધાં કર્મ જ્ઞાનમાં પુર્ણ રીતે સમાપ્ત થઇ જાય છે, પુર્ણ રીતે મારી નિકટતાને પામે છે, એમ અર્થ છે. ।।૩૩।।

તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।
ઉપદેક્ષ્યંતિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ ।।૩૪।।

તેને સાષ્ટાંગ પ્રણામથી, સેવાથી અને પ્રશ્ન પરંપરાથી તું જાણ તત્ત્વદર્શી જ્ઞાનીઓ તને જ્ઞાનનો ઉપદેશ આપશે. ।।૩૪।।

તેનું જ્ઞાન શી રીતે થાય ? એના જવાબમાં ‘તદ્’ વગેરે શબ્દોથી કહે છે.

તે જ્ઞાન નમ્રતાપુર્વક સાષ્ટાંગ પ્રણામ કરીને, જિજ્ઞાસાથી વારંવાર પ્રશ્નો કરીને, ભગવદ્ બુદ્ધિથી સેવા કરીને તું જાણ. જ્ઞાનીઓ એટલે મારા સ્વરૂપને જાણનારાઓ, તત્ત્વદર્શીઓ એટલે યોગ્ય હોય તેનો ઉપદેશ કરનારાઓ ઉપર હું પ્રસન્ન થાઉં છું, એમ સમજે છે તેથી તને તેઓ જ્ઞાનનો ઉપદેશ આપશે ।।૩૪।।

*

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : પ. ભ. શ્રી મગનભાઇ તન્ના
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક સાતમો)

એ પ્રમાણે પ્રમાણબળથી માર્ગના સ્વરૂપની ભિન્નતા સિદ્ધ થઇ. તેનાથી પ્રમાણ દ્વારા પ્રાપ્ત થયેલ ત્રણ માર્ગ હોવાનું જ્ઞાન થાય છે ત્યારે પ્રમેયબળથી પણ તે સિદ્ધ જ છે. એમ હોવાથી સાધનની ભિન્નતાથી ત્રણ માર્ગની ભિન્નતા સિધ્ધ કરવા માટે અને જીવ વગેરેના ભેદ સહિત અવિચ્છિન્ન સરજનથી પુષ્ટિની ભિન્નતા સિદ્ધ કરવા માટે સામાન્ય રીતે સરજનના ભેદનું નિરૂપણ 'સર્ગભેદં પ્રવક્ષ્યામિ' વગેરે શબ્દોથી નિશ્ચયપૂર્વક કહે છે :–

સર્ગભેદં પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગક્રિયાયુતમ્ ॥ ૮ ॥

ઇચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ ।
વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ॥ ૯ ॥

સ્વરૂપ, અંગ અને ક્રિયાની સાથે ઉત્પત્તિના ભેદને હું સ્પષ્ટતાથી વર્ણવીશ. ॥ ૮ ॥

શ્રીહરિએ ઇચ્છામાત્રથી, મનથી પ્રવાહમાર્ગને સરજ્યો છે, વાણી વેદમાર્ગને (મર્યાદામાર્ગને) અને કાયાથી પુષ્ટિમાર્ગને સર્જેલ છે, એવો નિઃસંદેહ સ્થિર મત છે. ॥ ૯ ॥

અરે, 'અગ્નિમાંથી જેમ ક્ષુદ્ર તણખાઓ' એમ શ્રુતિમાં કહ્યા પ્રમાણે બધા જીવોની ઉત્પતિ એક જ પ્રકારે કહેલી છે. તેઓમાં ભિન્નતાનો અસંભવ છે, તેઓના દેહોમાં પણ સમાનતા છે, એમ એકસરખાપણું હોવાના કારણે સાધનની ભેળસેળ સજજડ હોવાથી સૃજનની ભિન્નતાનું નિરૂપણ અર્થહિન છે. એમ છે તેથી અતિ વિચારણાની જરૂર નથી. એમ હોય તો કહે છે કે, સ્વરૂપ, અંગે અને ક્રિયા સહિત હું સ્પષ્ટ કહીશ. અને એ પ્રમાણેના સંદેહનું નિરાકરણ કરવા માટે, તેના ભેદો પણ પ્રમાણથી સમજી શકાય તેમ વર્ણવાશે, એવો ભાવ છે. 'ઇચ્છામાત્રેણ' વગેરે શબ્દોથી તે જ કહે છે. અહીં 'માત્રઇચ્છાથી' એમ કહ્યું, તે 'હું બહુ થાઉં, પ્રજાઓને ઉત્પન્ન કરું' (તૈત્તિરીય, ૨–૬), એવી શ્રુતિવિહિત વિચારણાને આધારે કહ્યું છે. તેનાથી અનેક રૂપ ધારણ કરવાની ઇચ્છાવાળા ભગવાન જ નિમિત્તરૂપ છે. એવા હેતુથી મન વગેરેથી, પોતાનાં અનેક સ્વરૂપોથી ભગવાને જ પ્રવાહ વગેરેની રચના કરી. તેમાં મનથી પ્રવાહ સૃષ્ટિ રચી શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યું છે કે, હે પુરુષ શ્રેષ્ઠ ઉદ્ધવજી,

પુરુષ અને પ્રકૃતિ એ એમાં ઘણું જ અંતર છે; કારણકે, આ સૃષ્ટિ વિકારશીલ અને ગુણોના પરસ્પર સંબંધવાળી છે." (ભાગ. ૧૧–૨૨–૨૯), એ પ્રમાણે ઘણું અંતર છે. એમ કહ્યું હોવાથી સૃષ્ટિ ભિન્નતાવાળી છે, એમ સમજાય છે. તૈત્તિરીય બ્રાહ્મણ (૨–૨–૯–૫૯) માં કહ્યું છે કે, "ભગવાને અસતમાંથી (કશું નહોતું તેમાંથી) મનથી સૃષ્ટિ રચી. મનથી પ્રજાપતિની ઉત્પત્તિ કરી. પ્રજાપતિએ પ્રજાઓને સરજી, અથવા આ સર્જનકાર્ય ભગવાને મન દ્વારા જ યથેષ્ટ સ્થાપિત કર્યું એ પ્રમાણે તેઓની ઉત્પત્તિ થઇ, તે ભિન્ન સૃષ્ટિ કહેવાય છે. અને "તે સૂતેલાંઓમાં જાગે છે, આ પુરુષ જરૂર ઇચ્છા પ્રમાણે નિર્માણ કરનાર છે." (કાઠક, ૨–૨–૮) ત્યાં રથો નથી, અશ્વો નથી, માર્ગો નથી. તે રથોને, અશ્વોને અને માર્ગોને સરજે છે," (બૃહદા, ૪–૩–૧૦) એમ સ્વપ્નમાં કહેવાય છે. જ્યારે મનથી ભિન્ન પણે સર્જન કરે છે ત્યારે માયા પણ સાથે જ ઉપયોગી થાય છે, આથી જ નૃસિંહતાપનીય શ્રુતિમાં વડ અને બીનું દૃષ્ટાંત કહીને તે પ્રમાણે પ્રકૃતિ પણ પોતાનાથી અભિન્ન ક્ષેત્રોને બતાવીને જીવ અને ઇશ્વરને આભાસ વડે કરે છે. અને માયા તથા અવિદ્યા પોતે જ થાય છે," વગેરે વર્ણવાયેલ છે. આથી જ "જે કાંઇ મનથી, વાણીથી, નેત્રોથી, કર્ણેન્દ્રિયથી ગ્રહણ કરાય છે, તે બધું નશ્વર છે. તેને તું માયા અને મનથી ઉત્પન્ન થયેલું જાણ," (ભાગ ૧૧-૭-૭), એ પ્રમાણે ભગવાને પણ આ બધું માયાથી અને મનથી થયેલું છે, એમ જોઇને તેઓ માયાને જ ઉપાસે છે. મંડલ બ્રાહ્મણમાં પણ 'માયેત્યસુરાઃ' (અસુરો માયાને ઉપાસે છે), એમ કહેલું છે. 'આ જ સૃષ્ટિ છે, અંદર બીજો જ છે,' વગેરે શબ્દોથી વ્યવહાર થાય છે. શ્રુતિમાં કહ્યું છે કે, 'જે તમારી અંદર વાસ કરીને રહ્યો છે,' 'માયાથી બીજો જ,' વગેરે, માયાવાદીઓ આનું જ અવલંબન કરીને બ્રહ્મવાદીઓ સામે ટકી રહે છે. સત્ય સૃષ્ટિને ઉત્પન્ન કરીને પછી માયાનું ઘટન થાય છે. આથી જ નૃસિંહતાપનીયમાં 'પોતે જ ઉત્પત્તિનું કારણ છે,' એમ કહ્યું છે. તર્ક શાસ્ત્રની રીતિ અનુસાર અનુમાન :– અસંગત સંસાર સત્યસૃષ્ટિથી ઉત્તરકાલીન છે, કારણ કે તે માયા અને મનથી ઉત્પન્ન થયેલ છે, સ્વાપ્નિક ઇંદ્રજાલિકની જેમ, વ્યતિરેકમાં, તે તે મતમાં રહેલ સત્ય પ્રપંચની જેમ, એના વડે અર્થથી સત્યસૃષ્ટિની સિદ્ધિ પણ છે. નિબંધમાં "મહેંદ્રજાળની જેમ કોઈ વાર આ બધું માયાથી રચ્યું." એમ માયાનો જ સ્વીકાર છે. તેમજ પોતાની મેળે અસ્તિત્વનું કાર્ય કરવાને અશક્ત, પરંતુ પરમ તત્ત્વના સામીપ્યથી તે કાર્ય કરવાને સમર્થ એવી માયાથી થયેલી મોહવાળી સૃષ્ટિ તે પ્રવાહસર્ગ છે, એમ સિદ્ધ થયું. અને મનથી મોહપૂર્ણ પ્રવાહની રચના કરી, એમ અર્થ છે. વાણીથી સૃષ્ટિ–"એત ઇતિ વૈ પ્રજાપતિર્દેવાનસૃજના સૃગ્રમિતિ મનુષ્યાનિન્દવ ઇતિ પિતૃન્ તિરઃ પવિત્રમિતિ ગ્રહનાશવ ઇતિ શસ્ત્રં વિશ્વાનીતિ સ્તોત્રમભિસૌભગેત્યન્યાઃ પ્રજા ઇતિ," "સ મનસા વાચં મિથુનં સમભવદિતિ" (તેણે મનથી વેદરૂપ વાણીને

દ્વંદ્વભાવથી ઉપજાવી), (બૃહ. ૧–૨–૪), "સ ભૂરિતિ વ્યવહારન્ ભૂમિમસૃજત" (તેણે 'ભૂઃ' એમ બોલીને ભુમિને સરજી) વગેરે શ્રુતિમાં વર્ણન છે. અને 'તેણે બધાંનાં ભિન્ન ભિન્ન નામ અને ભિન્ન ભિન્ન રૂપ પહેલાં વેદના શબ્દોથી જાણીને જ પૃથક્ પૃથક્ નિર્માણ કર્યાં,' (મનુસ્મૃતિ, ૧–૨૧), પ્રથમ વેદના શબ્દોને જાણીને તે મહેશ્વરે પ્રાણીઓનાં નામ અને રૂપ તથા તેઓનાં કર્મોનું સંસ્થાપન વગેરે નિર્માણ કર્યાં.' વગેરે સ્મૃતિઓમાં સ્પષ્ટ છે. અહીં ત્રીજી વિભક્તિના પ્રયોગથી 'કરણ' ના અર્થમાં નથી, તેમ જ ઉપાદાનના અર્થમાં પણ નથી, એમ કહેવું યોગ્ય જ છે; કારણ કે 'માટી વડે ઘડો બનાવાય,' વગેરેમાં પણ તે પ્રમાણે પ્રયોગ થાય છે. પરંતુ એમ હોવાથી બ્રહ્મના ઉપાદાન કારણને શ્રુતિથી વિરોધ નથી. 'વાચાડવિરૂપનિત્યયા,' વેદો નારાયણઃ સાક્ષાત્' (વેદો સાક્ષાત્ નારાયણ સ્વરૂપ છે.) વગેરેથી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે, અને તેથી તેની નિવૃત્તિ છે. વળી શબ્દ અર્થનો ઉત્પાદક છે તે અનુચિત નથી, એમ કહેવું યોગ્ય છે. શબ્દ તન્માત્રાથી આકાશની ઉત્પત્તિ છે, એમ શ્રુતિઓથી સિદ્ધ છે. તેમજ વર્ણના ગુણધર્મથી પણ તેની ઉત્પત્તિમાં બાધક નથી. ખરેખર તો 'સ્વર્ગમાં સાક્ષાત્ મૂર્તિમાન છે.' એવા વાક્યથી વેદાભિમાની દેવ જ સ્વીકારાય છે. આથી જ "ૐ એવો આ અક્ષર, આ બધું જ છે. તેનું ઉપવ્યાખ્યાન (નિકટતમ વિવરણ) ભૂત, વર્તમાન અને ભવિષ્ય છે, એમ બધું ૐકાર જ છે.

અને બીજું જે કાંઇ ત્રિકાલાતીત છે તે પણ ૐકાર જ છે. આ બધું જ બ્રહ્મ છે." (માંડૂક્ય, ૧–૧–૨), એમ માંડૂક્યમાં પણ વિધાન છે. નામસૃષ્ટિમાં પણ નાદ જ પ્રણવ દ્વારા સ્વીકારાય છે, આથી જ શ્રીમદ્ ભાગવતજીના બારમા સ્કંધમાં 'ૐકારમ'થી શરૂ કરીને "ૐકારજ પોતાના ધામરૂપ પરબ્રહ્મ પરમાત્માનો વાચક છે, તે જ બધાં ઉપનિષદોનું અને વેદોનું સનાતન બીજ છે," એમ કહ્યું છે. (ભાગ ૧૨–૬–૪૧), અને 'તે આ જીવ' વગેરે. તેનાથી વેદ, પુરાણ વગેરે સ્વરૂપ સૃષ્ટિનું ઉપાદાન કારણ પ્રણવ (ૐકાર)જ છે. તેમ જ 'પહેલાં મન અને પછી વાણી' વગેરે શ્રુતિથી મન જેની પુર્વે છે એવી વાણી, એમ સંભળાતું હોવાથી, વાણીથી વેદમાર્ગ જ' એમ અહીં અર્થ હોવાથી મન પહેલાં છે એ સિદ્ધ છે. વળી મનના સંબંધપૂર્વક વાણીથી વેદમાર્ગ સરજ્યો. અહીં વપરાયેલ 'હિ' શબ્દથી એમ અર્થ છે કે, તે માર્ગે ભગવાન પ્રાપ્ત થાય છે; કારણ કે હરિ એટલે સર્વે દુઃખોના હર્તા છે; અને વળી વેદમાર્ગ વિના જીવોનાં દુખોની નિવૃત્તિ નથી તેમ કર્યું, એમ અર્થ છે. અને 'હૃદય દ્વારા વેદનો વિસ્તાર કર્યો, (ભાગ–૧–૧–૧) એવા શબ્દોથી જ કહ્યું છે. આથી જ 'જેનાથી જગતની ઉત્પત્તિ સ્થિતિ વગેરે છે, તે બ્રહ્મ છે; કારણ કે શાસ્ત્રમાં તેને કારણ કહ્યું છે." (બ્રહ્મસૂત્ર, ૧–૧–૨), એમ બ્રાહ્મસૂત્રના રચયિતા વ્યાસજી પણ રૂપસૃષ્ટિ અને નામસૃષ્ટિના ભેદને ક્રમપુર્વક કહે છે. તથા 'રૂપસૃષ્ટિ રચવાથી તેમાં આસક્ત થતા પોતાના અંશરૂપ જીવોને રોકવાને માટે અને આત્મ કલ્યાણને માટે ભગવાને પોતાનું વેદરૂપ પ્રકટ કર્યું'." એમ શ્રીમદ્ વલ્લભાચાર્યે નિબંધમાં વર્ણવેલ છે. અહીં આ અભિપ્રાય

છે તેણે (એકાકી હોવાથી) રમણ કર્યું નહિ,' (બૃહદા અ. ૧, બ્રા. ૩.૧), એ શ્રુતિના સંદર્ભમાં રમણ અર્થે જ પ્રપંચરૂપે આવિર્ભાવ કહેવાય છે. એમ છતાં વિવિધતા વિના રમણ શકય નથી, તેથી પોતાની અવિદ્યારૂપ શકિતથી બધાને તે તે આસકિતરૂપ બંધન પ્રાપ્ત કરાવ્યાં. પછી આ બધા દુઃખી જ થશે, એ કારણે કરુણાથી દુઃખને નિવારનાર એવો વેદ માર્ગ સરજ્યો. આથી મનના સંબંધપુર્વક, એમ કહેવાયું છે. વળી જેઓની મુકિત વેદ માર્ગથી છે તેઓ દૈવી જીવ છે અને જેઓનું તેથી બંધન છે તેઓ આસુર જીવો છે; કારણ કે, 'દૈવી સંપત્તિથી મોક્ષ છે,' (ગીતા, ૧૬.૫), એવું કથન છે. પરંતુ પુષ્ટિ જીવો કાયાથી ઉત્પન્ન કર્યા છે. 'કોનું રૂપ બે પ્રકારે થયું ? અને તે કાયાથી થયું છે,' એમ કહ્યું છે. એ પ્રમાણે કાયા શબ્દનો ઉલ્લેખ થયો છે. 'તેણે બે પ્રકારના દેહની રચના કરી, તેથી પતિ અને પત્ની થયાં,' એમ પુરુષવિધ બ્રાહ્મણમાં કહેવાયું છે. સ્વરૂપનું અનેક રૂપે થયું, ભગવાનનું સ્વરૂપ આનંદરૂપ છે, તેથી આનંદથી અનેક રૂપે થયા, એવો ભાવ છે. તેમાં પણ એકીભાવ જેઓનો છે તેવા પ્રકારના અતિ સાવધાન એવા ભગવાન છે. તેથી મન વાણીની પહેલાં હોવાનું સિદ્ધ છે. ગોવર્ધન ધારણ કરવાના પ્રસંગમાં એમ હોવાનું સ્પષ્ટ છે. તેમાં આનંદ અંશ વગેરેનો તિરોભાવ નથી. આ જેમ છે તેમ વિદ્વન્મંડનમાં અને નિબંધમાં સ્પષ્ટ છે. જોકે આગળ કહ્યા પ્રમાણે સમવાયીપણું ભગવાનથી જ છે, એમ તેની પણ કાયાથી સૃષ્ટિ થયેલ છે, છતાં તેમાં સંબંધથી જોડાયેલ સત્ અને ચિત્નું જ પ્રાધાન્ય છે. અહીં તો કેવળ આનંદનું જ પ્રાધાન્ય છે, એટલો ભેદ છે.

આં. રા. પુ. વૈ. પરિષદનું હિન્દી ભાષામાં માસિક પત્ર શ્રીવલ્લભ સ્વર, પુનઃ પ્રકાશિત થઇ રહ્યું છે.
વાર્ષિક લવાજમ રૂા. ૧૫
સરનામું.
આં. રા. પુ. વૈ. પરિષદ ભોપાલ શાખા.
૧૨૦, મારવાડી રોડ, ભોપાલ મ. પ્ર.

શ્રીગિરિધરાષ્ટકમ

લેખક : **શ્રી ગોવિંદ કોવિદ-જતિપુરા**

[શ્રી ગુસાંઇજીના પ્રથમ પુત્ર શ્રી ગિરિધરજીના પ્રાકટ્યોત્સવ કા. સુ. ૧૨ના પ્રસંગે શ્રી ગોપીલાલજી મુખીયા "શ્રી ગોવિંદ"ની વિશેષ રચના પ્રસ્તુત છે.]

શ્લોક

નમામિ શ્રીગિરિધરં ધર્મીભાવ રસાત્મકમ્
ષડગુણૈશ્વર્યં સંપન્નં પ્રેમાત્મં નરભૂષણમ્ ।।૧।।

ધર્મીભાવ રૂપ શ્રી ગિરિધરજીને નમન હો. છ ગુણો ઐશ્વર્યથી સંપૂર્ણ છે પ્રેમરૂપ નરોના ભૂષણ છે. ૧

શ્રીનાથં મથુરાનાથં નવનીતપ્રિયં વરમ્
દ્વિ વિધા શૃંગાર સંપુર્ણં ત્રિનિધિઃ સુખસેવિનમ્ ।।૨।।

શ્રીનાથજી, શ્રીનવનિતપ્રિયાજી, મથુરાનાથજી ત્રણ પ્રકારના શૃંગાર રૂપ, ત્રણ નિધિના સુખ સેવા કરવાવાળા છે. ૨

વિઠ્ઠલેશ પ્રતિકૃતિં વિદ્વન્મંડન મંડનમ્
પુષ્ટિમાર્ગીય મર્યાદા સત્ સિદ્ધાન્ત પ્રવર્તકમ્ ।।૩।।

શ્રી વિઠ્ઠલેશ – શ્રી ગુસાંઇજીના પ્રતિકૃતિ રૂપ છે અર્થાત્ રૂપાન્તર છે. વિદ્વનમંડન ગ્રન્થ શ્રી ગુસાંઇજીએ એમને નિમિત્ત કરીને લખ્યો છે. એમની બેઠક શ્રી જતિપુરામાં, શ્રી મથુરેશજીના મંદિરમાં શ્રી ગુસાંઇજીની પાસે છે. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત રૂપ મર્યાદાના પ્રવર્તક છે, અર્થાત્ શ્રી ગિરિધરજીથી મર્યાદા ચાલુ છે. ૩

શ્રી શ્રીનાથં ગિરિવરાત્ મધુપુર્યામ્ નિજગૃહે
સુસ્થાપ્યસાન્વયો મોદૈઃ કૃતં ફાગ મહોત્સવમ્ ।।૪।।

શ્રીનાથજીને જતિપુરાથી મથુરામાં પોતાને ઘેર સતઘરામાં પધરાવીને સહકુટુંબ શ્રીનાથને ફાગ ખેલાવ્યા છે. ત્યાં મથુરામાં શ્રીનાથજીની ચરણ ચોકીની સેવા ચાલુ છે. ૪

વિશુદ્ધ બ્રહ્મવાદેન પુષ્ટિ ભકિત પ્રદર્શકમ્
સોમયજ્ઞં કૃતં યેન કલૌ વૈદિક સંમતમ્ ।।૫।।

વિશુદ્ધ શુદ્ધ બ્રહ્મવાદથી પુષ્ટિ ભકિતના પ્રદર્શક છે. કલિયુગમાં વૈદિક સોમયજ્ઞ એમણે કરેલા છે. ૫

શ્રી ભાગવત ભાવાર્થં સુબોધિન્યા વિલાસકમ્
સેવિંદં સુભકતાનાં યતિરાજાખ્ય નામકમ્ ॥૬॥

શ્રી ભાગવતનો ભાવાર્થ શ્રી સુબોધિનીજીના વિલાસી છે. સુંદર ભકતોના સેવા કરવા લાયક છે. યતિરાજ એવા નામથી વિખ્યાત છે. ૬

વલ્લભેશ વિઠ્ઠલેશ સમ વંદ્યં નિજ ગૃહે
ગોકુલેશેન સંસ્થાપ્યં યસ્ય શ્રીપાદ પાદુકામ્ ॥૭॥

શ્રીમદ્ ગોકુલમાં શ્રી ગોકુલનાથજીના મંદિરમાં શ્રી ગોકુલનાથજીએ શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઇજીના સમાન વંદનીય શ્રી ગિરિધરજીની પાદુકા સ્થાપીત કરી છે. ૭

સંજીવની સુવિદ્યાયા સુવિજ્ઞં સુકલેવરમ્
દેવ ભોગ્યા સુધા રૂપં શ્રીમદ્ ગિરિધરંનુમઃ ॥૮॥

સંજીવની સુંદર વિદ્યાના જાણકાર છે. ત્રણ પ્રકારની સુધામાં દેવભોગ્યા નામની સુધાનું સ્વરૂપ છે, એવા શ્રી ગિરિધરજીને વારંવાર નમન હો. ૮

* * *

નમ્ર વિનંતિ

મની ઓર્ડરથી રકમ મોકલનારે મની ઓર્ડરની નીચેની સ્લીપમાં પોતાનું પુરેપુરૂં સરનામું અવશ્ય લખવા વિનંતિ કરવામાં આવે છે.

—વ્યવસ્થાપક

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત) સંગ્રાહક : **૫. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ** (ચરણ રજ સુરત)

(ગતાંકથી ચાલુ) **પદ ૪ થું.**

નેન ભર દેખ, અબ ભાનુ-તનયા,
કેલિ પિયસોં કરે, ભ્રમર તબહી પરે;
શ્રમ-જલ ભરત, આનંદ મનયા, ૧
ચલત ટેઢિ હોઇ, લેત પિયકોં મોહિ,
ઇન બિના રહત નહીં. એક છિનયા;
‘રસિક’ પ્રીતમ રાસ, કરત શ્રીયમુના પાસ,
માનો નિર્ધનનકી, હે જુ ધનયા. ૨

અર્થ—આ પદ પણ શ્રી હરિરાયજીએ સખી ભાવથી કર્યું છે. (હે સખી!) સૂર્ય પુત્રી શ્રી યમુનાજીના દર્શન, નયન તૃપ્ત થાય ત્યાં સુધી એકાગ્રતાથી કરતી રહેજે. કારણ કે શ્રીયમુના જલમાં ભ્રમર (વમળ) નાં દર્શન થાય છે, વળી વ્રજ ભકતો સાથેના વિહાર વખતે શ્રી અંગ ઉપર પ્રગટેલું પ્રસ્વેદનું શ્રમ જલ છે એનો જે આનંદ તે આપની કૃપાથી તારા હૃદયમાં અવશ્ય પ્રગટ થશે. ૧.

શ્રી યમુનાજીનું ભૌતિક સ્વરૂપ સરિતારૂપ હોવાથી તેની ચાલ પણ વ્રજ સુંદરીઓની માફક ટેઢિ છે, એટલે કે આપ મલપતી ચાલથી પધારી રહ્યા છે. જેથી પ્રિયતમ મોહિત બની જાય છે અને તે એવા મુગ્ધ બની જાય છે કે એમના વિના એકક્ષણ પણ રહી શકતા નથી. આવા શ્યામસુંદર શ્રી રસિક રાસ બિહારિ શ્રીયમુનાતટ પરની નિકુંજોમાં શ્રીયમુનાજી સહિત નિરંતર રાસ-વિલાસ કરે છે. આ સમગ્ર અલૌકિક સ્વરૂપો નિર્ધનના ધન સમાન છે. ૨

વિવેચન :-શ્રીયમુનાજીના ગહેરા જળમાં વમળો પડે છે, તે શ્રીઠાકોરજી શ્રીયમુનાજી અને વ્રજભકતો સહિત આપ-કુદરડી ફરતા હોય એવો ભાસ થાય છે.

શ્રીયમુનાજીના જળ કોઇ સામાન્ય જળ નથી, પરંતુ શ્રીઠાકોરજી અને વ્રજરત્નાઓના વિહાર સમયના શ્રમજલ (પ્રસ્વેદ) પ્રગટેલ તે જળ શ્રીયમુનાજીનું પ્રગટ સ્વરૂપ છે.

શ્રીલક્ષ્મીજી પ્રભુના પત્નિ હોવા છતાં એમને શ્રીઠાકોરજીના માત્ર એકજ અંગ-વક્ષ સ્થળથી સંબંધ છે. શ્રીગંગાજી પણ શ્રીઠાકોરજીના ચરણકમળથી પ્રગટ થયા હોવાથી એમને માત્ર પ્રભુના ચરણ કમળ પુરતોજ સંબંધ છે, ત્યારે શ્રીયમુનાજીનો સંબંધ શ્રીઠાકોરજીના સમગ્ર શ્રી અંગથી પ્રગટ થયેલા શ્રમજલ સાથે હોવાથી આપ સંપૂર્ણ ભગવદ્ સંબંધીત છે. એટલુંજ નહિ, પરંતુ શ્રી યમુનાજી ગુણ ધર્મ વિગેરેથી પણ શ્રીકૃષ્ણથી જરાપણ ન્યૂન નથી. એટલે જ શ્રીઠાકોરજી સાથેનો આપનો સંબધ-સર્વત્ર-સર્વસમય-અખંડ રહેલો છે.

નિકુંજમાં શ્રીઠાકોરજી સાથે શ્રીયમુનાજીનું નિત્ય રમણ છે. અને એ લીલાનું સુખ શ્રી યમુનાજી પોતાના ભક્તોને કૃપા પુર્વક અવશ્ય આપે જ છે.

શ્રી યમુનાજીનું આવું અલૌકિક સ્વરૂપ છે જેનું વર્ણન કરવાનું જીવનું સામર્થ્ય નથી. શ્રી યમુનાજીના સ્વરૂપ મહાત્મ્યનું વર્ણન કોઇ કરી શકે તેમ હોય તો એકમાત્ર શ્રી મહાપ્રભુજી જ છે. કારણ કે આપ “વાકપતિ’ છે. “શ્રી કૃષ્ણાસ્ય” છે. એની કૃપાથીજ જીવને શ્રી યમુનાજીરૂપી અલૌકિક રત્નની પ્રાપ્તિ થઇ છે. જેનું ધ્યાન અને સ્મરણ આપણે અહર્નિશ કરતા રહીયે એવી આજ્ઞા શ્રી હરિરાયજી આ પદ દ્વારા જીવને કરે છે.

સોરઠો

નયન ભરીને નિરખતાં, ‘મા’ તૃપ્ત નવ થાય,
વહાલાને વશમાં કર્યા, સેવાના સુખ આપીને.

(ક્રમશઃ)

આ માસના ઉત્સવ

આસો વદ ૧ તા. ૧૦–૧૦–૮૪ બુધ શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ. શ્રી ગોવર્ધનલીલાના પદની શરૂઆત

આસો વદ ૭ તા. ૧૭–૧૦–૮૪ બુધ શ્રી રણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર

આસો વદ ૧૧ તા. ૨૧–૧૦–૮૪ રવિ રમા એકાદશી વ્રત બારસનો ક્ષય છે.

આસો વદ ૧૩ તા. ૨૨–૧૦–૮૪ સોમ ધનતેરસ, લક્ષ્મીપુજન ધન્વંતરી ભગવાનનો જન્મદિન.

આસો વદ ૧૪ તા. ૨૩–૧૦–૮૪ મંગળ રૂપચૌદશ દિવાળી હટટી કાન જગાવન.

આસો વદ ૩૦ તા. ૨૪–૧૦–૮૪ બુધ દર્શ–અમાવાસ્યા. ગોવર્ધન પુજા અન્નકૂટ ઉત્સવ.

સં. ૨૦૪૧ કારતક સુદ ૧ તા ૨૫–૧૦–૮૪ ગુરુ નુતન વર્ષારંભ ચંદ્રદર્શન ભાઇબીજ

કારતક સુદ ૮ તા. ૩૧–૧૦–૮૪ બુધ ગોપાષ્ટમી.

કારતક સુદ ૧૧ તા. ૪–૧૧–૮૪ રવિ પ્રબોધિની એકાદશી વ્રત મંડપ ભોગ સંધ્યામાં તુલસી વિવાહ રસાત્મક મહારાંત્રિ ચાતુર્માસ નિયમ સમાપ્તિ.

કારતક સુદ ૧૨ તા. ૫–૧૧–૮૪ સોમ શ્રી ગુંસાઇજીના પ્રથમ લાલજી શ્રી ગિરિધરજી (સં. ૧૫૯૭) તથા પંચમલાલજી શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧)નો ઉત્સવ.

કારતક સુદ ૧૫ તા. ૮–૧૧–૮૪ ગુરુ પુર્ણિમા ચાતુર્માસ નિયમ સમાપ્તિ ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

કારતક વદ ૧ તા. ૯–૧૧–૮૪ શુક્ર ગોપમાસ આરંભ વ્રત ચર્યા.

છોટા ઉદેપુર—આં. રા. પુ. વૈ. પરીષદની છોટા ઉદેપુર શાખાના સભાસદોની મીટીંગ પ. ભ. શ્રી વિઠ્ઠલદાસ શાહના અધ્યક્ષ સ્થાને તેમાં હોદેદારો તથા કારોબારી સમિતિના સભ્યોની વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ–શ્રી શાંતિલાલ ગોરધનદાસ પટેલ, ઉપપ્રમુખ–શ્રી વિઠ્ઠલદાસ વ. શાહ મંત્રીશ્રી ઠાકોરલાલ ત્રીકમલાલ શાહ સહમંત્રી–શ્રી ચંપકલાલ કેશવલાલ શાહ ઉપરાંત દશ સભાસદો મળી કુલ ચૌદ સદસ્યોની કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી.

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

શ્રીમદ્વલ્લભાચાર્યચરણે નિબંધમાં કહે છે કે :–

'આનંદાંશાંભિવ્યક્તૌ તુ તત્ર બ્રહ્માંડકોટયઃ આનંદાંશનાં આવિર્ભાવ થવાથી તે ભગવદંશ જીવમાં કરોડો બ્રહ્માંડોનુ દર્શન થવા લાગે છે. અર્થાત 'સત્યં વિજ્ઞાનમાનંદં બ્રહ્મ આ શ્રુતિ પ્રમાણે ભગવાનમાં સત્તા, જ્ઞાન અને આનંદ સ્વરૂપાત્મક ત્રણ અંશો છે. માટે જ્ઞાનાંશ પણ સ્વરૂપાત્મક છે. તે સ્વરૂપાત્મક જ્ઞાનાંશથી જીવસૃષ્ટિ સરજાઇ માટે તે ચિદંશ ચેતન અથવા જ્ઞાનસ્વરૂપ કહેવાય છે અને 'સર્વજ્ઞઃ સર્વશક્તિઃ' આ શ્રુતિ મુજબ ભગવાનમાં (બ્રહ્મમાં) જેમ સ્વરૂપાત્મક જ્ઞાન છે તેમ ધર્મરૂપજ્ઞાન પણ છે તેમ ધર્મરૂપ જ્ઞાન પણ છે. ભગવાન આ નામથી પણ એ સ્પષ્ટ થાય છે કે જેમાં સમગ્ર ઐશ્વર્ય, વીર્ય, યશ, લક્ષ્મી જ્ઞાન અને વૈરાગ્ય આ છ ધર્મો અથવા ગુણો હોય તેનેજ ભગવાન કહેવામાં આવે છે. બ્રહ્મની સિવાય બીજો કોઈપણ ભગવાન (ષડૈશ્વર્યસંપન્ન) નથી. જયાં કયાંક દેવાદિને માટે ભગવાન શબ્દ વપરાયો છે. ત્યાં બધે તે શબ્દ ઔપચારિકજ પ્રયોજાયો છે એમ સમજવું. અર્થાત અંશાશીભાવને લઇ છ ઐશ્વર્યોમાંના કોઇ એક અંશને નિહાળી દેવ મહર્ષિ, આચાર્યો ઇત્યાદિને ભગવાન કહેવામાં આવે છે. આ છ ગુણો ભગવાનમાં પોતે અગણિતાનંદ, અમેયાનંદ તથા પુર્ણાનંદ હોવાથી જ છે. જીવમાં આનંદાશની માફક આ છ ગુણો પણ નિરોહિત થઇ જાય છે. માટે જ તે જીવ અલ્પજ્ઞ કહેવાય છે અને ભગવાન સર્વજ્ઞ છે, જયારે ભગવાન નિજાનુગ્રહથી આ જીવને આનંદનું પ્રદાન કરે છે. અર્થાત્ જીવના દેહ ઇંદ્રિય અંતઃકરણ તથા સ્વરુપમાં જયારે આનંદાત્મક ભગવાન પ્રવેશ કરે છે ત્યારે અગ્નિના પ્રવેશથી કાષ્ટ જેમ અગ્નિરૂપ થઇ જાય છે તેમ આ જીવ પણ બ્રહ્માત્મક થઇ જાય છે માટે જ તેના રોમરોમમાં અનેક બ્રહ્માંડો દેખાવા લાગે છે. અને એ માટે અર્થાત્ ધર્માત્મક જ્ઞાનનો ઉદય થવાથી તે સમય એ સર્વજ્ઞ કહેવાય છે. આ વિષયને અમે પુષ્ટિનિરૂપણમાં બહુ સારી રીતે નિરૂપણ કરીશું. બ્રહ્મ નિર્ગુણ છે અથવા સગુણ' એનો નિર્ણય તો અમે ભગવત્સ્વરૂપ નિરૂપણમાં કરીશું, પરંતુ અહીં માત્ર એટલુંજ કહી દઇએ છીએ કે જેને પ્રાકૃતગુણો વશ કરી શકતા ન હોય, જેને પ્રકૃતિગુણ આક્રમણ કરી શકતા ન હોય, તથા જે સ્વય પ્રકૃતિ તથા પુરૂષનો સ્વામી હોય તેને નિર્ગુણ કહે છે.

અહીં એક એવો બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જ્યારે જીવ અણું છે તો સર્વ શરીરમાં ચેષ્ટા ન થવી જોઇએ કારણ કે જીવ પોતે અણુ હોવાથી સર્વ શરીરમાં ન પહોંચી શકે. પરંતુ એનો ઉત્તર છે કે યદ્યપિ જીવ અણુ–પરમાણુ છે છતાં પણ તે પોતાના વિસર્પિ (પ્રસરનારા) ચૈતન્ય ગુણ દ્વારા સમસ્ત શરીરમાં વ્યાપ્ત રહે છે, અને એ વાસ્તે જ નખથી શિખા પર્યન્ત સર્વ શરીરમાં ચેષ્ટાઓ થતી રહે છે, ચંદનમાં શૈત્યગુણ છે, દીપમાં પ્રકાશ ગુણ અને સૂર્યમાં તેજ ગુણ છે, ઉરસ્થલમાં (છાતીના ભાગમાં) રાખેલું ચદન પોતાના શીતગુણથી સમસ્ત શરીરમાં પહોંચી વળે છે, જેમ દીપક, પોતાનાં પ્રકાશગુણ દ્વારા ઘરના બધાં ભાગમાં પ્રકાશ કરી મુકે છે, અને જેમ અખિલ લોકચક્ષુ, ભગવાન દિનમણિ, દિવાકર પોતાની પ્રભાથી સમસ્ત વિશ્વમાં પ્રકાશી રહે છે, તેમજ જીવાત્મા પણ પોતાના ફેલાઈ જતા ચૈતન્ય ગુણ દ્વારા સમગ્ર શરીરમાં પહોંચી વળે છે. અર્થાત્ પોતાની ચેતનતા પહોંચાડે છે. ચંપાનું ફૂલ નાનકડું હોય છે, છતાં પણ પોતાનાં ગંધ ગુણથી સમગ્ર બંગીચામાં ખુશબુ ફેલાવે છે, તેવી જ રીતે જીવ જો કે અણુ છે તથાપિ તે પોતાના વિસર્પિ (સ્વભાવથી ફેલાવવાવાળા) ચેતન્ય ગુણ દ્વારા સર્વ દેહમાં સુખદુઃખાદિનું જ્ઞાન કરાવે છે. આજ વાત ભગવાન શ્રી વેદવ્યાસજીએ પણ ‘ગુણાદ્વાલોકવત્’ ‘વ્યતિરેકો ગન્ધવત્’ ઇત્યાદિ સૂત્રો દ્વારા કહી છે.

કેટલાક વાદીઓનું એવું કહેવું છે કે ચંપકના પરમાણુઓ જ નીકળી નીકળીને વાયુદ્વારા દૂર દૂર સુધી ફેલાઇ જાય છે. અને એટલા જ માટે દુર સુધી તેની ગંધ માલુમ પડે છે. પરંતુ કંઇ ગંધગુણ અધિક દેશવ્યાપી નથી.

પરંતુ તેઓનું આવું કહેવું ઠીક ન ગણાય કારણ કે કદાચ પુષ્પોનાંજ પરમાણુઓ નીકળી દુર સુધી ફેલાતા હોય તો થોડીવારમાં પુષ્પ હલકું થઇ જવું જોઇએ. અથવા પરમાણુઓના નીકળતા નીકળતામાં ફૂલ જ નહિ રહેવું જોઇએ. પરંતુ એવું તો કદાપિ બનતું નથી. માટે ગંધગુણ જ વિસર્પિ છે, ચીજું અગર પરમાણુઓના નીકળવાથીજ ગંધ ફેલાતો હોય એવો નિયમ હોય તો જ્યાં ગંધ ફેલાયો છે ત્યાં મ્હોં ફાડીને રહેનાર માણસના મુખમાં પરમાણુઓનાં જવાથી રસનો પણ આસ્વાદ હોવો જોઇએ પણ તે તો થતો નથી માટે ગંધ ગુણજ વિસર્પિ છે એમ માનવું પડશે. વાસ્તવમાં તો પરમાણુઓ ખંખેરવા માત્રથી ચાલ્યા જાય છે ધોવાથી તો તેઓની સ્થિતિ સંભવી શકતી જ નથી પરંતુ લોકમાં કેટલીકવાર એવું જોવામાં આવે છે કે લસણ, ડુંગળી વિગેરે ઉગ્રગંધ પદાર્થોનો સ્પર્શ થયા પછી અનેકવાર માટી લઇને હાથ ધોયાથીએ પણ ગંધગુણ જતો નથી માટે જરૂર માનવું જોઇશે કે ગંધગુણ જ વિસર્પિ છે, અને તે દ્રવ્યથી અધિકદેશ પર્યંત ફેલાઈ રહે છે.

આવી રીતે આત્માનો ચૈતન્યગુણ પણ અધિક દેશ વિસર્પિ છે. માટે તે પોતાના ગુણદ્વારા સમગ્ર શરીરમાં વ્યાપી રહે છે. કહ્યું છે કે—

યથા પ્રકાશયત્યેકઃ કૃત્સ્નં લોકમિમં રવિઃ ।
ક્ષેત્રં ક્ષેત્રી તથા કૃત્સ્નં પ્રકાશયતિ મારુત ॥
શ્રીમદ્ ભગવદ્ગીતા ।

ચૈતન્યમસ્ય ધર્મો હિ પ્રભા ભાનોરિવામલા ।
તથા સ્ફુરતિ જીવોઅસૌ સ્વત એવાનુરૂપયા ॥
લક્ષ્મીતન્ત્રમ્ ।

અર્થાત્ હે ભરત કુલોત્પન્ન અર્જુન ! જેવી રીતે એક સૂર્યનારાયણ પોતાની પ્રભા દ્વારા સમગ્ર ત્રિભુવનને પ્રકાશિત કરે છે, અર્થાત્ ચૈતન્યયુક્ત કરે છે. સૂર્યની પ્રભાની માફક આ જીવનો ચૈતન્યધર્મ છે અને તે, તે અનુરૂપ ચૈતન્યધર્મદ્વારા અથવા શકિત દ્વારા સમગ્ર શરીરમાં વર્તમાન રહે છે. શ્રુતિ પણ એ જ કહી રહી છે કે 'આલોમભ્ય આનખાગ્રેભ્યઃ' અર્થાત્ જીવાત્મા પોતાના ચૈતન્યધર્મદ્વારા નખથી લઇ શિખા પર્યંત વ્યાપ્ત રહે છે.

ડભોઇ—આં. રા. પુ. વૈ. પરિષદની ડભોઈ શાખાના ઉપક્રમે અને પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમાર મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી સભામાં કવિ શ્રી નરસિંહ મહેતાના કાવ્યો, શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પાઠ પાઠય પુસ્તકમાં દાખલ કરાવવા સંબંધના પ્રાસંગીક પ્રવચનો સાથે ઠરાવો કરેલા.

મહેમદાવાદ – આં. રા. પુ. વૈ. પરિષદની મહેમદાવાદ શાખાના ઉપક્રમે કેન્દ્રીય મંત્રી શ્રી ચીમનલાલભાઈ શેઠની હાજરીમાં વૈષ્ણવોની જાહેર સભા મળી હતી તેમાં ભકતશ્રી નરસિંહ મહેતાના કાવ્યો તથા શુધ્ધા દ્વૈત મતના સંસ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પાઠ પાઠય પુસ્તકોમાં દાખલ કરાવવા સંબંધમાં પ્રાસંગીક પ્રવચનો થયા બાદ ઠરાવો થયા હતા.

પિપરિયા – આં. રા. પુ. વૈ. પરિષદની પિપરિયા મ. પ્ર. ની શાળાના ઉપક્રમે બીજું વાર્ષિક સંમેલન તથા જન્માષ્ટમી મહોત્સવ ઉજવણીનો કાર્યક્રમ તા. ૧૨-૮-૮૪ થી તા. ૨૧-૮-૮૪ સુધીનો આયોજીત કરવામાં આવેલ તેમાં દરરોજ પ્રભાતફેરી, જપ-પાઠ, નાટક-પરિસંવાદ વિવિધ વિષયો ઉપરનો કાર્યક્રમ થયેલ જન્માષ્ટમી દિને શોભા યાત્રા સભા-પ્રાસંગીક પ્રવચનોનું આયોજન હતું.

ભાનુક્ષેત્ર બેઠકજીનો સ્થાપન મહોત્સવ

ગુજરાતના ભરૂચ જિલ્લાના જંબુસરની ઉત્તરે ચાર કી. મી. દૂર ભાનુક્ષેત્ર (ભાણ ખેતર ડાભા) માં સ્વયં પ્રકટિત શ્રીમહાપ્રભુજીની બેઠકજીનો સ્થાપન મહોત્સવ તા. ૧૩-૧૦-૮૪ થી તા. ૧૭-૧૦-૮૪ એમ પાંચ દિવસના વિવિધ અલૌકિક કાર્યક્રમોથી આયોજન પૂ. પા. ગો. શ્રીવ્રજરત્ન લાલજી મહારાજશ્રી (સુરત) ની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ છે. આ મંગલમય પ્રસંગે હાજરી આપી આ લાભ લેવાનું ભાવિક જનોને હાર્દિક આમંત્રણ આપવામાં આવેલ છે.

સંપર્ક સ્થળ – શ્રીમહાપ્રભુજીની બેઠકજી, ભાનુક્ષેત્ર, ડાભા, જંબુસર.

શ્રીમદ્ વલ્લભ શ્રી મહાપ્રભુજીની વન્દના

(સૌન્દર્ય પદ્ય શ્લોક પર પદ આધારીત વર્ણન)

લેખક : **પ. ભ. શ્રી ગંગાદાસજી સાંચીહર**
(શ્રીનાથજીના ભડે મુખિયાજી)
હિન્દી લેખનું ગુજરાતિ ભાષાંતર

શ્રીમદ વેદવ્યાસ વિષ્ણુ સ્વામી સંપ્રદાય સમુદ્ધાર સંભૃત શ્રી પુરૂષોત્તમવદનાવતાર સર્વામ્નાય સંચાર ગૈષ્ણવામ્નાય પ્રાચુર્ય પ્રકાર શ્રી બિલ્વમંગલાચાર્ય સંપ્રદાયાર્પિત સામ્રાજયાસનાખંડભૂમંડલાચાર્ય જગદ્ગુરૂ શ્રીવલ્લભમહાપ્રભુજીને પ્રકટ થયાને અનેક વર્ષો થઇ ગયાં. અત્યાર સુધી અનેક ગ્રંથો પ્રકટ થયાં, અસંખ્ય ભકત. વિદ્વાન કવિ, ગુણીજનો લખી લખી, ગુણ ગાઇને જીંહા પવિત્ર કરી ગયાં, કરે છે, અને કરશે, મારા જેવો શું ગુણ ગાય. પરંતુ શ્રી ગોવર્ધનધરની પ્રેરણાથી વિદ્વત સમાગમથી મારી પણ ઇચ્છા લેખ લખવાની થાય છે. અને યથાવકાશ લખી મોકલું છું. ગૈષ્ણવગણ, વિદ્વાન ભકત કંઇ ભૂલ હોય તો ક્ષમા કરશો.

સૌન્દર્યં નિજહૃદગતં પ્રકિટતં સ્ત્રીગૂઢ ભાવાત્મકં
પુંરૂપંચ પુન સ્તદન્તર ગતં પ્રાવી વિશત્ સ્વપ્રિયે
સંશ્લીષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણોહિયત્સાક્ષિકં
રૂપંતત્ ત્રિતયાત્મકં પરમ ભિદ્યેયં સદાવલ્લભમ્

સૌંદર્ય :

પદ

સુંદર શ્યામ સુંદર વર, લીલા સુંદર, બોલત વચન રસાલ;
સુંદર ચારુ કપોલ બિરાજત, સુંદર ઉરજ બની વનમાલ, ૧
સુંદર ચરણ, સુંદર હે નખમણિ, સુંદર હે કુંડલ મકરાલ,
સુંદર મોહન નેન ચપલ કિયે, સુંદર ગ્રીવા બાહુ વિશાલ, ૨
સુંદર મુરલી મધુર બજાવત, સુંદર હે મોહન ગોપાલ,
‘સૂરદાસ’ જોરી અતિ સુંદર. વ્રજકો આવત સુંદર ચાલ. ૩

નિજહૃદ ગતં પ્રકટિતં—

ન્યારી રે તૂં અલક લડી,
નિશિવાસર ગિરિધરનલાલકે હૃદયમેં રહત ગડી ૧
તોહી લો સુખ જો લો સમીપ એક નિમિષ આવત નહિ છડી,
‘કુંભનદાસ’ સ્વામિની રાધા હે વ્રજ યુવતિન માઝુ બડી ૨

સ્ત્રીઓંમાં સુન્દર શ્રી રાધાજી અને પરમસુન્દર શ્રી શ્યામસુન્દર એ બન્ને સ્વરૂપો પોતાના હૃદયમાં પ્રવેશ કરીને આસકત બનાવી દે છે.

સ્ત્રી ગુઢ ભાવાત્મકમ—

પદ

નેનનમેં બસ રહી લાલ કે, નાગરીનેક ન નિસરત,
તેરે તનકી નવરંગ બાનિક, રસિક કુંવરકે ચિત્તતેન વિસરત, ૧

તેરો મન અરુ ગિરધર પિયકોં બહુ વિધાન એકો કરી નિસરત,
‘**કૃષ્ણદાસ**’ ગિરિધરન રસિક વર, સુબસ કરણકો સખી હે કસરત ૨

પરસ્પર ભાવમાં સ્ત્રી ભાવ અને પુભાવ
બન્ને જયારે એક થાય ત્યારે રસ પરિણત થાય છે.

પુંરુપંચ પુનઃ તદન્તરગતમ :-

પદ

પ્યારી સાંવરી મૂર્તિ તેરે જીયમેં બસત હે કાહે કો
દુરાવ કરત ન દૂરત;
નેનનમેનનહુ તે તેરે જીયમેં બસત પ્રકટ દેખિયત

હૈ ધામ ધરી, નિધિ જેસે લલાટ લસત. ૧
મુખકી રુખાઇ છીપાય ના છીપત,

આછી આનનકી જ્યોતિ શશિ જ્યોત કો હરત,
“**નંદદાસ**” પ્યારી કોનકી સકુચ બલિજાકો મુખ દેખ
ઉરકો તિમિર નસત. ૨

પુંભાવ હૃદયમાં છુપાવ્યો પણ નયન અને વચન બન્નેમાં પ્રકટ થઇ ગયો છુપાવ્યે છુપ્યો નહીં, અહો પ્યારી, આપ જે રીતે સંકોચાઇ રહ્યા છો એ મૂર્તી હૃદયના અંધકારનો નાશ કરી રહી છે.

પ્રાવી વિશત સ્વપ્રિયે :

પદ

પ્રિય પ્યારી પોઢે કરત રસ બતિયાં,
હસત પરસ્પર આનંદ હુલસત લટક લટક
લપટાત હૈ છતિયાં. ૧

અતિ રસ રંગ ભીને રીઝેરી રીઝવાર એકતન
મન ભઈ એક ગતિયાં;

'રસિક' સુજાન નિર્ભય ક્રિડત દોઉ અંગ અંગ
બિંબિત દોઉનકે વસન ભતિયાં. ૨

સંશ્લિષ્ટા વુભયોર્ભૌરસમય :-

પદ

અરિ મેં રતન જતન કર પાયો,
ઉઘરે ભાગ આજ સખિ મેરે રસિક સિરોમણિ આયો. ૧
આવત હિ આદર દે મેને અપને ઢીગ બેઠાયો,
મુખ ચુંબન કર અધર પાન દે ભેટ સકલ અંગ લાયો. ૨
અદ્ભુત રુપ અનુપ શ્યામ કો અપનો મન બોરાયો,
નિશદિન યહિ અપને ઠાકુરકો 'રસિક' ગૂઢ જસ ગાયો. ૩

આ બન્ને પદોનો ભાવ અર્ધા શ્લોકનું પુર્ણ રૂપ છે જેમાં પુંભાવ સ્ત્રી ગુઢ ભાવમાં 'પ્રાવી વિશત-સ્વપ્રિયે' સ્પષ્ટ થાય છે.

કૃષ્ણોહિતત્સાક્ષિ કમ્ :-

પદ

પ્રગટે કૃષ્ણાનન દ્વિજ રુપ
માધવ માસ કૃષ્ણ એકાદશી આયે અગ્નિ સરુપ. ૧
દૈવીજન ઉદ્ધારન કારન, આનંદ મય રસ રુપ;
વલ્લભ પ્રભુ ગિરધર પ્રભુ દોઉ તેઇ એઇ એક સરુપ. ૨

શ્રી કૃષ્ણ હિ વલ્લભ સ્વરુપ મેં હૈ. એઇ તેઇ કછુ ન સંદેહ. અતઃ કૃષ્ણો હિ તત્સાક્ષિણો ભયે.

રુપં તત્ તૃતિયાત્મકં પરમભિ :–

પદ

જયશ્રી લક્ષ્મન ભૂપ કુમાર
શ્રી વૃંદાવન વદન ઈન્દુ તે પ્રકટિત ભાવ શૃંગાર.
આનંદ રુપ સ્વરુપ આનંદ મેં આનંદ નિધિ
આનંદ સાર; ૨
આનંદ દાન દેત આનંદ કો, આનંદ ઇલમ્માગાર.
'દાસ ગોપાલ' કહાં લો વરણોં મનોરથ પુરણ
નંદ દુલાર,
શ્રી વલ્લભ નંદન ઉભય આનંદ કર ભકતન
ભાવ વિચાર. ૩

ધ્યેયં સદા વલ્લભમ :

પદ

ગાઉ શ્રી વલ્લભ ધ્યાઉ શ્રી વલ્લભ શ્રી વલ્લભ ચરણ
રજ તન લપટાઉં.
વલ્લભ સતત નિતપ્રતિ નિરખું, વલ્લભદાસ
કહાઉં. ૧
કૃષ્ણલીલા સેવા નિત કરકે,
જગત સબે તૃણ તુલ્ય ધરાઉં,
'વ્યાસદાસ' કી યહિ પ્રતિજ્ઞા, શ્રી ગોવિંદ કૃપાતે
પાઉં. ૨

ઇતિ

જુનાગઢ :– શ્રી વલ્લભ સેવા મંડળ આયોજીત હવેલી સંગીત કીર્તન શિક્ષણ શિબિર તા. ૨–૮–૮૪ થી તા. ૧૨–૮–૮૪ સુધીનું સંચાલન કિર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાએ કરેલ.

ઉદ્‌ઘાટન પૂ. અ. સૌ. શ્રી બેનુરાજાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. અને પૂર્ણાહુતિ સમારંભ પોરબંદરવાળા પૂજ્યપાદ ગોસ્વામી શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. તેમાં શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ હતા.

શિબિરના દિવસો દરમ્યાન બીલખાવાળા પૂ. પા. ગો. શ્રી જીવનેશજી મહરાજ તથા અ. સૌ. પૂ. શ્રી ચારૂલતા બેટીજી, જામનગરવાળા પૂ. પા. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ તથા કામવન વાળા પૂ. પા. ગો. શ્રી નવનીતલાલજી મહારાજ, તે ઉપરાંત શ્રીમાન્ કે. કા. શાસ્ત્રીતથા ચિતરંજન રાજા વગેરે પધારીને પ્રસંગોચિત પ્રવચનો કરેલા.

પ્રાવી વિશત સ્વપ્રિયે :

પદ

પ્રિય પ્યારી પોઢે કરત રસ બતિયાં,
હસત પરસ્પર આનંદ હુલસત લટક લટક
લપટાત હૈ છતિયાં. ૧

અતિ રસ રંગ ભીને રીઝેરી રીઝવાર એકતન
મન ભઈ એક ગતિયાં;

'રસિક' સુજાન નિર્ભય ક્રિડત દોઉ અંગ અંગ
બિંબિત દોઉનકે વસન ભતિયાં. ૨

સંશ્લિષ્ટા વુભયોર્ભૌરસમય :-

પદ

અરિ મેં રતન જતન કર પાયો,
ઉઘરે ભાગ આજ સખિ મેરે રસિક સિરોમણિ આયો. ૧
આવત હિ આદર દે મેને અપને ઢીગ બેઠાયો,
મુખ ચુંબન કર અધર પાન દે ભેટ સકલ અંગ લાયો. ૨
અદ્ભુત રુપ અનુપ શ્યામ કો અપનો મન બોરાયો,
નિશદિન યહિ અપને ઠાકુરકો 'રસિક' ગૂઢ જસ ગાયો. ૩

આ બન્ને પદોનો ભાવ અર્ધા શ્લોકનું પુર્ણ રૂપ છે જેમાં પુંભાવ સ્ત્રી ગુઢ ભાવમાં 'પ્રાવી વિશત-સ્વપ્રિયે' સ્પષ્ટ થાય છે.

કૃષ્ણોહિતત્સાક્ષિ કમ્ :-

પદ

પ્રગટે કૃષ્ણાનન દ્વિજ રુપ
માધવ માસ કૃષ્ણ એકાદશી આયે અગ્નિ સરુપ. ૧
દૈવીજન ઉદ્ધારન કારન, આનંદ મય રસ રુપ;
વલ્લભ પ્રભુ ગિરધર પ્રભુ દોઉ તેઇ એઇ એક સરુપ. ૨

શ્રી કૃષ્ણ હિ વલ્લભ સ્વરુપ મેં હૈ. એઇ તેઇ કછુ ન સંદેહ. અતઃ કૃષ્ણો હિ તત્સાક્ષિણો ભયે.

રૂપં તત્ તૃતિયાત્મકં પરમભિ :–

પદ

જયશ્રી લક્ષ્મન ભૂપ કુમાર
શ્રી વૃંદાવન વદન ઈન્દુ તે પ્રકટિત ભાવ શૃંગાર.
આનંદ રુપ સ્વરુપ આનંદ મેં આનંદ નિધિ
આનંદ સાર; ૨
આનંદ દાન દેત આનંદ કો, આનંદ ઇલમ્માગાર.
‘દાસ ગોપાલ’ કહાં લો વરણોં મનોરથ પુરણ
નંદ દુલાર,
શ્રી વલ્લભ નંદન ઉભય આનંદ કર ભકતન
ભાવ વિચાર. ૩

ધ્યેયં સદા વલ્લભમ :

પદ

ગાઉ શ્રી વલ્લભ ધ્યાઉ શ્રી વલ્લભ શ્રી વલ્લભ ચરણ
રજ તન લપટાઉં.
વલ્લભ સતત નિતપ્રતિ નિરખું, વલ્લભદાસ
કહાઉં. ૧
કૃષ્ણલીલા સેવા નિત કરકે,
જગત સબે તૃણ તુલ્ય ધરાઉં,
‘વ્યાસદાસ’ કી યહિ પ્રતિજ્ઞા, શ્રી ગોવિંદ કૃપાતે
પાઉં. ૨

ઇતિ

જુનાગઢ :– શ્રી વલ્લભ સેવા મંડળ આયોજીત હવેલી સંગીત કીર્તન શિક્ષણ શિબિર તા. ૨–૮–૮૪ થી તા. ૧૨–૮–૮૪ સુધીનું સંચાલન કિર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાએ કરેલ.

ઉદ્‌ઘાટન પૂ. અ. સૌ. શ્રી બેનુરાજાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. અને પૂર્ણાહુતિ સમારંભ પોરબંદરવાળા પૂજ્યપાદ ગોસ્વામી શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. તેમાં શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ હતા.

શિબિરના દિવસો દરમ્યાન બીલખાવાળા પૂ. પા. ગો. શ્રી જીવનેશજી મહરાજ તથા અ. સૌ. પૂ. શ્રી ચારૂલતા બેટીજી, જામનગરવાળા પૂ. પા. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ તથા કામવન વાળા પૂ. પા. ગો. શ્રી નવનીતલાલજી મહારાજ, તે ઉપરાંત શ્રીમાન્ કે. કા. શાસ્ત્રીતથા ચિતરંજન રાજા વગેરે પધારીને પ્રસંગોચિત પ્રવચનો કરેલા.

વિયોગ વ્યથા

લે. વૃન્દાવનસ્થ 'બિન્દુસ્વામી'. સંકલન—'મધુકર'

આ બિન્દુ સ્વામીની કાવ્ય રચના જોતાં તેઓ ઘવાયેલા દિલવાળા છે. પ્રેમ–વિરહ અને દીનતાની ત્રિપુટી તેમના કાવ્યમાં ઝલકી રહી છે. જ્યાં દિવ્ય પ્રેમ માટે અને પ્રેમદેવ પ્રભુની પ્રાપ્તિ માટે વ્યથા ભરી છે, ત્યાં નિ:સંદેહ શ્રી વલ્લભભાનુના કિરણનો પ્રકાશ વ્યાપેલો છે. આપણા સુપ્ત આત્માને જાગૃત કરવા માટે જેમાં પ્રિય વિયોગની વ્યથા ભરી છે તેવું રસિક વિરહીનું સાહિત્ય અથવા જેમાં આ વ્યથા ભરેલી છે તેવું સાહિત્ય અવશ્ય અવલોકવું જોઈએ. પુષ્ટિના પરમ પુરૂષાર્થને પ્રાપ્ત કરાવનાર પ્રિય વિયોગ વ્યથા છે. વિરહી રસિકો માટે આ 'વ્યથા' પરમ નિધિરૂપ છે. ભલે પુષ્ટિમાર્ગ સંબંધી મહોર છાપ લાગી હોય કિન્તુ પ્રિય વિયોગ વ્યથાથી દિલ ભર્યું નથી તો પુષ્ટિના છીએ. કહેવા માત્ર. સ્વસુખનાં રાચનારાઓનો પુષ્ટિમાં સ્વીકાર નથી. ''રાજ યહ મારગ હાંસી ખેલકો નહિ હે તાપ કલેશકો હે.' જેમાં તાપ કલેશ નથી તેનો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ નથી. ભૌતિક દશામાં પ્રભુનો સંબંધ જોડીને જ્યાં ત્યાં આનંદ માટે ડોલી રહ્યા છે, તેવાઓ સ્વસુખમાં રાચી રહ્યા છે. પ્રભુને સુખરૂપ સ્થિતિ તો વાસનાત્મક લિંગ દેહને વિરહની અગ્નિમાં ભસ્મસાત્ કર્યા પછી જ પ્રાપ્ત થાય છે અને આવાનો જ પુષ્ટિમાં પ્રવેશ થઈ શકે છે.

સ્વેત સ્વેત સબ એક હે કહા કૌવા કો જ્ઞાન;
તીર ક્ષીર રસ તર્કકી હંસ કરે પહેચાન.

કાવ્ય–૧

કોશિશ હજાર કરકે ભી ઢુંઢે જો ઉમ્ર ભર ।
તુમ ક્યા હો ? ક્યા નહી હો ! યે હોગી નહી ખબર ॥
આજાદ હો ઇતને કિ ફિરા કરતે હો દૂર બદર ।
પાબન્દ હો ઈતને કિ હો હર સ્વાસકે અંદર ॥
જાહિર હો તો ઇતને હો કિ હર શ મેં જલ્વાગર ।
છિપતે હો તો ઈતને કિ કહી આતે નહી નજર ॥
ફિર દૂર હો ઇતને કિ હો ઇસ અકલસે બહાર ।
નજદીક હો ઇતને કિ બનાયા હે દિલમે ઘર ॥
મિલતે નહિ લુટાયે કોઇ લાખ સીમો જર ।
મિલતે હો ગરીબોં કો તો આંસૂ કે 'બિન્દુ' પર ॥

કાવ્ય–૨

ભકત બનતા હૂ મગર અધમોકા હે શિરતાજભી ।
દેખકર પાખંડ મેરા હંસ પડે વ્રજરાજભી ॥
કોન મુઝસે બઢકે પાપી હોગા ઇસ સંસારમેં ।
સુન કે પાપોકી કહાની ડર ગયે યમરાજભી ॥
ક્યું પતિત ઉનસે કહેં સરકાર તુમ તારો હમેં ।
હે પતિત પાવન તો ખુદ રખખેંગે અપની લાજભી ।
'બિન્દુ' દ્રગ કે દિલ હિલાદેં ક્યોં ન દીના નાથકા ।
દર્દે દિલ ભી સાથ હે ઔર દુખ ભરી આવાજ ભી ॥

મુંબઈમાં યોજાયેલ "હવેલી સંગીત કીર્તન શિક્ષણ શિબિર" ની વીડીયો ફીલ્મ બતાવવામાં આવેલ.

અદ્દભુત અલૌકિક ૮૪ બેઠકજીની પરિક્રમાનું પ્રદર્શન

સહર્ષ જણાવવાનું કે મુંબઈ મોટા મંદિર વાળા અને ધોરાજીમાં બિરાજતા પૂ. પા. ગો. શ્રી હષિકેશજી મહોદયની શ્રીમદ વલ્લભાચાર્યજીની ૮૪ બેઠકજીની પરિક્રમાના ગામે ગામના વૈષ્ણવોને ઘેર બેઠા દર્શનનો લાભ મળે અને ધર્મ પ્રચાર થાય તે હેતુથી શ્રમ લઈને તે પરિક્રમાની રંગીન વિડીયો ફિલ્મ તૈયાર કરાવવામાં આવી છે. જે છ કલાકની છે.

જે વૈષ્ણવો પોતાના ગામમાં આ ૮૪ બેઠકજીની પરિક્રમાના દશનનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ પૂજ્ય બાવાશ્રીને વિનંતી પત્ર લખી સમય મેળવી લેવા અનુરોધ કરવામાં આવે છે.

પત્ર વ્યવહારનું સરનામું
પૂં. પા. ગો. શ્રીહષિકેશજી મહોદય
નવી હવેલી, પાટણવાવ રોડ
ધોરાજી ૩૬૦૪૧૦

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટેની કેસેટ

કીર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાના કંઠે ગવાયેલ ઉષ્ણકાલ તથા શીતકાલના જાગવાથી શયન સુધીના અનુક્રમે ૧૫ અને ૧૩ પદો (સી-૬૦ સ્ટીરીઓ)ની બે કેસેટ દરેક રૂ. ૩૦ ત્રીસમાં પોસ્ટેજ ફ્રી થી નીચે ના સ્થળેથી મળશે.

શ્રી રોહિત એન્ટર પ્રાઈઝીસ.
એક્સપ્રેસ બુક સર્વિસ, ૨૪૩૫ ઈસ્ટ સ્ટ્રીટ, **પૂના** - ૪૧૧૦૦૧

ગોધરા - પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના નેતૃત્વમાં વ્રજ પરિક્રમના યાત્રીઓ સાથેની સ્પે. ટ્રેઈન રાજકોટ થી રવાના થયેલ તે તા. ૨૬-૮-૮૪ ના રોજ ગોધરા પહોંચતા સ્ટેશન ઉપર આં. રા. પુ. વૈષ્ણવ પરિષદના હોદ્દેદારો, કાર્યકરો તથા વૈષ્ણવ સમાજના અગ્રગણ્ય નાગરીકોએ ફુલહારથી સ્વાગત કર્યું હતું. શોભા યાત્રા શહેરના મુખ્ય રસ્તેથી બેઠકે પહોંચી હતી. ત્યાં યાત્રીઓએ શ્રીમહાપ્રભુજીના બેઠકજીના ઝારી-ચરણ સ્પર્શનો લાભ લીધો હતો. ઉતારા, સ્નાન તેમજ ચાપાણીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. મહાપ્રસાદની વ્યવસ્થા શ્રીદશા શ્રીમાળી સોની વૈષ્ણવભાઈઓ તરફથી કરવામાં આવી હતી. આખો દિવસ આનંદ-હુલ્લાસમાં વિતાવી સાંજના ટ્રેઈન મથુરા જવા રવાના થઈ હતી.

શ્રીગિરિરાજજીના કુનવારાના દર્શન તા. ૧૨-૯-૮૪ ના રોજ થયા હતા. તેમાં અનેક ગોસ્વામી બાલકો તથા સજાતીય વર્ગ પધારેલા તેમજ ભારત ભરના હજારો વૈષ્ણવોએ દર્શનનો આનંદ પૂર્વક લાભ લીધો હતો.

"ચાલો વૃંદાવન જઈએ"

મનવા, ચાલો વૃંદાવન જઈએ.
મળવા, શ્યામ સુંદરને રાધિકા રાણીને,
મનવા, ચાલો વૃંદાવન જઈએ. ૧

જ્યાં સદા વસે છે વસંત બહારને,
આનંદ કરે, શુક-મોરને કોકિલા;
મનમાં લાગી છે એક જ આરત રે,
મળવું છે વૃંદાવન વિહારી ને;
મનવા ચાલો વૃંદાવન જઈએ. ૨

જ્યાં વહે છે, કાલિંદી યમુનાજીને,
ઉડે છે, ચોમેર વૃજરજ અપાર;
નાહાવું છે, બન્નેમાં, અતિ આનંદથી,
ને ભૂલી જવી છે આખી દુનિયા;
મનવા ચાલો, વૃંદાવન જઈએ. ૩

નિરખવો છે નંદકિશોરને, જોવો છે,
લલિત ત્રિભંગીજીનો રાસ વિલાસ;
આજીવન સફળ-સાર્થક કરીએ,
જનમ-મરણ ના ફેરા ટાળીએ;
મનવા, ચાલો, વૃંદાવન જઈએ. ૪

ડૉ. અશ્વિન છ. શાહ
અંધેરી (મુંબઈ)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

૨૫/
૧૫૪

ગો. શ્રી મટ્ટુલાલજી મહારાજના વચનામૃત

ભગવદીય

આ જગત માત્ર પ્રભુની લીલા છે, માટે આ જગત પ્રભુની લીલા જાણે તેનું નામ ભગવદીય માટે મોટાં ભગવદીય છે તે તો આ જગત પ્રભુની લીલાને માને છે. શ્રી શુકદેવજી તથા નારદજી આદિ લઇને જગતની લીલા જુવે છે. તેઓ તો સર્વે આ જગતમાં ભગવાનને જ જુવે છે. શ્રી ભગવાને રાસાદિક લીલા કરી તેને ભગવદીયે તો ભગવાનની લીલા જાણી, પણ શિશુ પાલાદિક જે અસુર હતા તેણે કહ્યું કે કૃષ્ણ તો કામી છે. અને ભગવદી ભગવાનની લીલા ગાય છે અને આપણને તો લૌકિક દૃષ્ટિથી વિપરીત લાગે છે, પણ પ્રભુની તો સર્વે લીલા છે જેમ કે લૌકિકમાં કોઇના વિવાહ થાય છે ત્યારે વેવાઇને ફટાણામાં [illegible] દે છે. હાંસી, મશ્કરી કરે છે તે સર્વ મીઠા લાગે છે. પણ તે કંઇ ગાળો મીઠી [illegible]થી લાગતી, તેનો સ્નેહ મીઠો લાગે છે. પણ જો કોઇ દ્વેષથી ગાળો દે તો ક્રોધ ઉપજે છે. તેમ પ્રભુની સર્વે લીલા છે પણ તે લીલામાં જે સ્નેહ રાખે તેનું નામ ભગવદીય, અને જેને દ્વેષ આવે છે તેને આસુરી જાણવા. પણ પ્રભુની તો એ બેઉ લીલા છે. એમ જાણે ત્યારે પ્રભુજી પ્રસન્ન થાય.

સમાચાર

જબુગામ—આં રા. પુ. વૈ. પરિષદના સભાસદોની મીટીંગ છોટાઉદેપુરવાળા મુખ્ય સંયોજક શ્રી વિઠ્ઠલદાસ શાહના અધ્યક્ષ સ્થાને મળી હતી, જેમાં શાખાના નીચે મુજબ હોદેદારની સર્વાનુમતે નિયુકિત કરવામાં આવી હતી.

પ્રમુખ—શ્રી સુરેશચંદ્ર કે. શાહ ઉપપ્રમુખ—શ્રી પ્રવિણચંદ્ર ઓ. દેશાઈ મંત્રી—શ્રી મધુસૂદન આર. શાહ સહમંત્રી—શ્રી અશોકકુમાર આર. દેશાઈ તેમજ અન્ય ૧૧ સભ્યો મળી કુલ પંદર સભ્યોની કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી,

થાનગઢ—આં. રા. પુ. વૈ. પરિષદની શાખાના ઉપક્રમે પુષ્ટિપથ પ્રાગટ્ય મહોત્સવ (પવિત્રા બારસ) તથા જન્માષ્ટમી મહોત્સવ પ્રભાતફેરી, સમૂહ સ્ત્રોત પાઠ, રાસ ગરબાના કાર્યક્રમથી ઉજવાયેલ.

કવાંટ—આં. રા. પુ. વૈ. પરિષદની કવાંટ શાખાના સભાસદોની સાધારણ સભા છોટા ઉદેપુર વિભાગના મુખ્ય સંયોજક શ્રી વિઠ્ઠલદાસ શાહના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં શાખાના હોદેદારીની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી.

પ્રમુખ—શ્રી કૃષ્ણલાલ અંબાલાલ પરીખ ઉપપ્રમુખ—શ્રી પુરૂષોત્તમદાસ છોટાલાલ શાહ, મંત્રી—શ્રી ભીખાલાલ અંબાલાલ પરીખ સહમંત્રી સુંદરલાલ અંબાલાલ પરીખ તે ઉપરાંત ચોવીસ સભ્યો કુલ ઈઠાવીસ સભ્યોની કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेहिसन्मार्गरक्षकाः

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૩ : અંક ૮ * નવેમ્બર, ૧૯૮૪ * શ્રા વલ્લભાબ્દ ૫૦૬

શ્રીગોકુલનાથજીની વધાઇ

(રાગ સારંગ)

જયતિનાથ ગોકુલનાથ પ્રાણ પતિ જનનકે માલ મુદ્રા ધર્મ સબનદીનો
વે શંકાખાય સંન્યાસ દંડીયકો ભૂપ દિલ્લીશ ધર દંડ કીને ।।૧।।
સકલ ભુવ મંડલાધીશ ચૂડાનમ્યો જાનમાહાત્મ્ય ગુણ શરણ આયો
જાન અપવાદ જીય મૂઢ નિજવેશકો આત્મવંચક કપટ દુર ધાયો ।।૨।।
જયતિજયદેવ તિંહુલોક મેં ધુનિ ભઇ ફિરત વિખ્યાત જગમાંઝ છાઇ
સરસ રંગી પ્રભુ ઇશિ કે ઇશકી શરણ કીયે મહાસિદ્ધિ પાઇ ।।૩।।

શ્રી વલ્લભ સુધા કાર્યાલય ૫૫૧ તક્ષશિલા સો. આકાશવાણી સામે, રાજકોટ-૩૬૦૦૦૧

*

ગો. શ્રી મટુલાલજી મહારાજના વચનામૃત

બ્રહ્માંડ મોટું કે ભગવાન મોટા !

એક દિવસે નારદજીએ બ્રહ્માજીને પૂછયું કે મહારાજ ! આ બ્રહ્માંડ મોટું કે ભગવાન મોટા છે? વળી આ બ્રહ્માંડથી ભગવાન થયા છે કે ભગવાનથી બ્રહ્માંડ થયું છે?

બ્રહ્માજીએ કહ્યું કે આ વિંધ્યાચલ પર્વત ચારસેં યોજન ઉંચો છે, તથા ચારસેં યોજન પહોળો છે, પણ તેનું આધિદૈવિક સ્વરૂપ નાનું છે. તેમ આ જગત સર્વે બ્રહ્મરૂપ છે. તે ભગવાનનું રહેવાનું ઘર છે. તેમાં ભગવાન સર્વેવ્યાપી રહ્યા છે: તેમ જે વિંધ્યાચળ પર્વત સ્વરૂપાત્મક છે. તે વિંધ્યાચલને ભજશે કે સ્વરુપને ભજશે, માટે સ્વરુપને ભજવું એ જ યોગ્ય છે. તેમ આ સર્વે જગત બ્રહ્મરુપે છે, પણ જગતને ભજવું નહી, કેવળ ભગવાનના સ્વરુપમાં મન રાખે તો આ જગતને ભુલાય છે. કેમકે પ્રભુ વિના બીજું કાંઇ છે જ નહી અને જ્યારે મન પ્રપંચમાં જાય છે ત્યારે ઘણા રંગના તરંગ ઉઠે છે.

વધાઈ શ્રી સોમયજ્ઞ વધાઈ

પ્રથમપીઠાધીશ્વર પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રણછોડાચાર્યજી મહારાજ: 'પ્રથમેશજી' દ્વારા રાજનગર (અમદાવાદ) માં અસારવા શ્રીગુંસાઇના બેઠકજીના પટાંગણમાં 'વાજપેયી યજ્ઞ' સોમયાગ નું પવિત્ર આયોજન સં. ૨૦૪૧ ના કારતકવદ ૧૪ ગુરૂવાર તા. ૨૨-૧૧-૮૪ થી માંગશર સુદ ૧૫ તા. ૮-૧૨-૮૪ સુધી નિર્ધારેલ છે.

આ પ્રસંગે પુ. પા. ગોસ્વામી આચાર્યોના વચનામૃતો શ્રીમદભાગવતજી- શ્રીગીતાજી અને શ્રીમદ વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તોના અવગાહન, પ્રવચન, તેમજ આ. રા. પુ. વૈષ્ણવ પરિષદના કાર્યકરોનુ સંમેલન આદિ વિવિધ ધાર્મીક સંગઠનાત્મક કાર્યક્રમો થશે ગુજરાતને આંગણે આ અત્યંત મહત્વનો પ્રસંગ છે.

યજ્ઞસ્થળ
શ્રીગુંસાઇજીના બેઠકજીનું પટાંગણ
અસારવા-**અમદાવાદ**

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઈ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

❋

વર્ષ ૩ : અંક ૮
નવેમ્બર ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૧૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૬

નમ્ર નિવેદન

વિક્રમના નવલ વર્ષે પૂ. પા. આચાર્યશ્રીઓના શ્રીચરણોમાં શ્રીવલ્લભસુધા સંપાદક-વ્યવસ્થાપક મંડલના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

આદરણીય વિદ્વદ્‌વર્ગ અને મહાનુભાવ ભગવદ્ ભકતો-વૈષ્ણવવૃન્દને અમારા સર્વેના સદૈન્ય ભગવદ્ સ્મરણ.

નવા વર્ષમા પ્રારંભમાંજ આપણા ગુજરાત પ્રદેશને રાજનગર (અમદાવાદ) મુકામે યોજાતા શ્રી સોમયજ્ઞનો અમૂલ્ય લ્હાવો મલી રહ્યો છે પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ દ્વારા યોજાએલ શ્રી સોમ-યાગની પરંપરામાં આ સાતમો 'વાજપેયી' સોમયાગ છે. આ પહેલા ઉજજેન, રાજકોટ, પ્રયાગ, મુંબઈ, જગન્નાથપુરી અને કોટામાં શ્રી સોમયાગ યોજાયા; રાજકોટમાં તો 'પરિષદ' નો હિરક મહોત્સવ પણ થયેલ અને અભૂતપૂર્વ આનંદનુંદાન વૈષ્ણવોને મલેલ. આગામી સોમયજ્ઞના પ્રસંગે પણ આપણે એવાજ અલૌકિક આનંદનો લાભ લેવા અને કાર્યક્રમને સફળ બનાવવા સર્વ રીતે સજજ થઈ રહીએ. અને તન, મન, ધનથી સર્વ પ્રકારની સેવા અર્પણ કરીએ.

ગયા માસમાં 'ભકિતરધી'ની દ્વારા એક વિશેષ પ્રવાસ કાર્યક્રમ યોજાઓ, જેમાં આદરણીય શ્રી કે. કા. શાસ્ત્રીજી શ્રી ચિમનભાઈશેઠ વગેરેએ રાજકોટ, બીલખા, જુનાગઢમાં કાર્યક્રમોમાં સંબોધન કરેલ. જુનાગઢમાં આ પુ. વૈ. પરિષદ, તેમજ અન્ય સંસ્થાઓના ઉપક્રમે યોજાએલ એક સંમેલનમાં ભકતકવિ શ્રી નરસીંહ મહેતાના કાવ્યો પાઠયક્રમમાંથી દૂર કરાયા તેમજ શ્રી મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજીનો પરિચય આપતો પાઠ પણ દૂર કરાયો તેનો વિરોધ કરાએલ.

બીલખામાં બાલમંદિર-પાઠશાળાનું મકાન બનાવવા આં. પુ. વૈ. પરિષદ તરફથી રૂા. ૫૧ હજાર અર્પણ કરાયા તેમજ પાઠશાળાના મકાનનો શીલરોપણ વિધી થયો. આ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી પુરુષોત્તમલાલજીબાવા (શ્રી પંકજબાવા) એ આશિર્વાદ આપેલ. પરિષદના વિવિધ કાર્યક્રમો ઠેર ઠેર યોજાઈ રહ્યા છે. અને શ્રી ચિમનભાઈશેઠ સંગઠનને મજબૂત બનાવવા અવિરત પ્રયાસો કરી રહેલ છે.

—સંપાદક

॥ હરિઃ ॥

તવકથામૃતં....કવિભિરી ડિતમ્ કલ્મશાપહમ્

લેખક : **પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ**

(હિન્દી લેખનું ગુજરાતી ભાષાતર)

શ્રી ભગવદિય ભકતો, આવો આપણે મળીને વિચાર કરીએ એ મોટા ખેદનો વિષય છે કે આપણા વૈષ્ણવ સમાજમાં નિરંતર અસહિષ્ણુતા અને કલહ વધતો જ જાય છે શ્રી વલ્લભાચાર્યજી જ્યાં ત્રીદુઃખ સહન કરવાની આજ્ઞા આપે છે ત્યાં આપણો સમાજ નાની-નાની વાતો પર લડવું-કલેશ કરવો શીખી ગયેલ છે.

આપણે એ ભૂલી જઇએ છીએ કે આપણે ધર્મનું કામ કરવાનું છે. એ કુત્સિત રાજનીતિ નથી. જ્યારે કોઇને ધર્મની સમજણ આપવી હોય અને તેને નિકટ લાવવા હોય તો પ્રેમથી કામ લેવું જોઇએ. કિન્તુ રાજનૈતિક ઝગડાંનો પ્રભાવ આને ખરાબ કરી રહયો છે.

શું, સત્સંગ અને પાઠ કરવા છતાં પણ આપણે આ નાની શી સમજ ઉભી ન કરી શકયા ત્યારે આગળ શું કરવાના, સંસ્થામાં અને પરિવારમાં અન્તર નથી શ્રી વલ્લભના પરિવારમાં બિન્દુ સૃષ્ટિ, તેમના વંશજ અને નાદસૃષ્ટિ વૈષ્ણવ ગણ છે. છતા પણ એઓમાં અંદરો અંદરની એકતા અને સહિષ્ણુતાનો અભાવ છે.

ઘર બનાવવામાં જેમ ઇંટનુ મહત્વ છે અને તેની ઉપેક્ષા નથી કરી શકાતી તેમ કોઇપણ વૈષ્ણવનુ એ કર્તવ્ય છે કે તે સ્નેહથી વ્યવહાર કરીને પોતાનો દૃષ્ટીકોણ સમજાવે એમાં કોઇના પદત્યાગની આવશ્યકતાનો પ્રશ્ન જ નથી ઉઠતો આપણે તો સેવક છઇએ અને સેવા કરવા આવ્યા છઇએ. કોઇપણ સ્થાન ઉપર રહીને કામ કરવું એ આપણું કર્તવ્ય છે. પદ લોલુપતા યા થોડુ ઘણુ કામ કરીને અભિમાનમાં મસ્ત થઇ જવું ઉચીત નથી.

આજે સંગઠનનું ખુબ મહત્વ છે અને તેમાં વિવેક, ધૈર્ય, આશ્રયની આપને અને મને ખુબ આવશ્યકતા છે. ભક્તિ સ્નેહ પ્રધાન છે અને સ્નેહ તરલ, અને લચકદાર હોય છે. તેમાં તુટવાની વાત જ નથી હોતી ભગવાન પોતાની છાતી પર ભૃગુની લાત સહન કરે છે, અને માતા પ્રેમથી પોતાના ખોળામાં રહેલ બાળકની હરએક ચેષ્ટા સહન કરે છે ત્યારે આપણે શું કરવું જોઇએ. તે આપણે પોતાએ જ વિચારવું જોઇએ. વૈષ્ણવ અને ધર્માચાર્ય માન અને અપમાનની વાતો કરે છે ત્યારે એ ભૂલી જાય છે કે સંપ્રદાયનું જે વિકૃત સ્વરૂપ આપણા દ્વારા પ્રસ્તુત થયું છે, તેનાથી આચાર્યના સન્માનને ઉજજવળ બનાવવા માટે આપણે કશો ત્યાગ નથી કર્યો ત્યારે ત્યાં અપમાનની વાતો કેમ ન વિચારવામાં આવી ? શું એ કર્તવ્ય નહોતું ?

જો વૈષ્ણવોને કલિયુગનો પ્રસાદ જોઇએ તો ધર્માચાર્યની શું જરૂરત છે. તેઓ બનાવટી પુતળાં છે ? આજ સુધી આટલી ગંભીર સ્થિતિ આવતી રહી અને આપણે મોઢાં છુપાવતાં રહ્યા કોઇની એ હિમ્મત ન થઇ કે આપણે આપણા સ્વધર્મથી પ્રેરણા દઇને લોકોને જગાડીએ અને તેઓને હળીમળીને રહેવાનું શીખવીએ. સંસ્થા માટે પૈસા મોટી ચીજ નથી—

સેવા ધર્મ અને દૈન્ય ભાવના પ્રધાન છે જેનાથી સેવા પરાયણ કાર્યકર્તા તૈયાર થઇ શકે. પરિષદને આદર્શ વિહીન કલેશનો અખાડો ન બનાવી શકાય. એતો સમ્મીલનનું ભાવના સ્થળ છે એની પવિત્ર ભાવનાની રક્ષા કરવી એ આપણા બધાનું કામ છે સર્વ ત્યાગના ઉપદેશક આચાર્યના પથ પર ચાલવાવાળા કલેશ કરવો એ શોભા નથી આપતો.

સંપ્રદાય માટે સંગઠન કરવું એ સહુનું પહેલું કામ છે એ માટે જે કાંઇ આપણે કરીએ તે થોડું છે. મર્યાદા પુરુષોત્તમ શ્રી રામભકત હનુમાનજીએ સેવકનો ધર્મ કેવી રીતે નીભાવ્યો એ આપણે બધાં સમજી શકીએ તો લાભદાયક છે.

શ્રીગોપાલદાસજીએ (શ્રીવલ્લભાખ્યાનમાં) શ્રી વલ્લભના પરિવારનું પ્રતિક્ષણ સ્મરણ કરેલ છે તેમાં વૈષ્ણવ અને આચાર્ય બન્ને આવી જાય છે.

પરિષદને ઇર્ષ્યાની દૃષ્ટિથી જોવાવાળા ભલે અધિક હોય તો પણ તેઓ સહુ આપણા માટે આદરણીય અને પોતાના જ હશે. સંગઠનમાં આજ ભાવ હોવો જોઇએ એના વીના કામ નહી ચાલે અને સાચુ સ્ંગઠન પણ નહીં થાય, આમ કરવામાં માન, અપમાન બધું જ સહન કરવું પડે છે. ત્યારે જ ભકતજનોએ ઉપહાસને પણ સહન કરવાની શિક્ષા આપણને આપી છે ઉપહાસનું સંકલન પણ અનુભવ પ્રદાન કરે છે આપણામાં ધીરજની આવશ્યકતા છે. જો આપણે સંગઠન નથી કરી શકતા તો બગાડવાની બુરી નીતી પણ આપણે ન અપનાવવીએ.

ધર્માચાર્યોનું પણ સંપ્રદાય પ્રતિ દાયિત્વ છે તેઓ પોતાનામાં જ કેન્દ્રીત નથી હોતા.

આપણા સહુ પોતાના જ છઇએ આ સંસ્થા એવી નથી કે જ્યાં રાજીનામુ આપ્યે મુકિત મલી જાય આ તો જીવનની સાથે જ રહે છે આવો જ આપણા ધર્મ અને કંઠી માલા, તીલકનો હેતુ છે આ ધર્મની સંસ્થા છે અને પ્રાણ સાથે રહે છે હર શ્વાસમાં સમાયેલ રહે છે.

ચાંડાલી રાજપત્નિ બની જાય અને તેનું કદિ અપમાન થાય તો પણ ન તો તે રાજ પત્નિ મટે ન તેના મૂલમાં હાની થાય એમ શ્રીમદાચાર્યજી આપણને બતાવે છે.

મને કોઇ સામે ફરીયાદ નથી સહુને એજ કહેતો રહીશ કે આપ એક થઇને અમોને જીવન જીવવાનું શીખવાડો નિંદા સ્તુતી આદિ નિરર્થક છે જયાં પોતાપણું હોય ત્યાં તેને છોડી નથી દેવાતો સાવધાન કરાય છે. તેમાં પણ સ્નેહની આવશ્યક્તા છે શ્રી શ્યામનોહરજી મહારાજે એકવાર ધર્મ શાસ્ત્રોની ચર્ચામાં એમ બતાવેલું કે દંડ દેતી વખતે પણ મનમાં કરૂણાનો ભાવ હોવો જોઇએ. ત્યારે જ આચાર્યશ્રી 'યષ્ટિર્મધુરા' નો ઉલ્લેખ ભગવદ્ સ્વરૂપની મધુરતામાં કરે છે. આજ તો એવી સ્થિતિ દેખાઇ રહી છે કે 'કનક કનક તે સૌગુની માદક્તા અધિકાઇ યા ખાયે બૌરાત હે વો પાયે બૌરાત.

આપણી ગરિમા અને ગૌરવ સ્વધર્મથી જ છે તેની હાની કરવાવાળાની શું સ્થિતિ છે એ શાસ્ત્રમાં 'ધર્મહન્તો હન્તી' ધર્મો રક્ષતિ રક્ષતા એનાથી સ્પષ્ટ છે આશા છે આપ સર્વે વિચાર કરશો. શેષ ભગવદ્ કૃપા

★

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદ : પ. ભ. મગનભાઇ તન્ના
બી. એ. (ઓનસ), કોવિદ

(લેખાંક ૨૨)

યજ્જ્ઞાત્વા ન પુનર્મોહમેવં યાસ્યસિ પાંડવ ।
યેન ભૂતાન્યશેષેણ દ્રક્ષ્યસ્યાત્મન્યથો મયિ ।।૩૫।।

હે પાંડવ, જેને જાણીને ફરીથી એ પ્રમાણે તું મોહને પામીશ નહિ. જેના વડે પુર્ણપણે ભૂત માત્રને પોતાનામાં અને મારામાં તું જોઇશ. ।।૩૫।।

એ પ્રમાણે ઉપદેશાયેલા જ્ઞાનથી મોહ થશે નહિ, એમ 'યદ્' વગેરે શબ્દોથી કહે છે.

હે પાંડવ, જે ઉપદેશાયેલ જ્ઞાનરૂપ મારા સ્વરૂપને જાણીને ફરીને પ્રશ્ન કરવાપણું રહેશે નહિ. અને તે પછી, એટલે કે મોહનો અભાવ થયા પછી, જે જ્ઞાનથી કારણરૂપ જીવાત્માઓને પુર્ણપણે જગતરૂપ થયેલા મારામાં, આત્મરૂપ રહેલ મારામાં તું જોઇશ. ।।૩૫।।

અપિ ચેદસિ પાપેભ્યઃ સર્વેભ્યઃ પાપકૃત્તમઃ ।
સર્વં જ્ઞાનપ્લવેનૈવ વૃજિનં સન્તરિષ્યસિ ।।૩૬।।

બધા પાપીઓથી મોટામાં મોટો પાપી જો તું હો તો પણ જ્ઞાનરૂપી નૌકાથી જ બધાં પાપોને તું સારી રીતે તરી જઈશ. ।।૩૬।।

વળી, આ ભાવ પણ છે :– તારી પાસે પુષ્ટિમાર્ગની રીતે ઉપદેશથી સ્વનુભવ કરાવવો યોગ્ય છે. તેના ઉપદેશની યોગ્યતા માટે સર્વત્ર ભગવદ્ ભાવાત્મક જ્ઞાનરૂપ સંસ્કાર કરવો જોઇએ, અને તે પોતે કરેલ ઉપદેશ સૌથી પહેલાં કરવામાં વિલંબ થાય, એમ હોવાથી જ્ઞાનનાં વાક્યો પ્રમાણે સ્વરૂપની પ્રાપ્તિ માટે તત્પર છતાં તેની પ્રાપ્તિ વિના જ્ઞાનથી શું થાય ? એમ હોવાથી 'અપિ' વગેરે શબ્દોથી કહે છે :– ક્ષત્રિયોનો તો આ ધર્મ જ છે અને જો સર્વ પાપીઓથી પણ અતિ પાપી, પાપ કરવામાં મુખ્ય એવો તું હો તો પણ જ્ઞાનરૂપી નૌકાથી જ, જ્ઞાનરૂપી તરી જવાના સાધનથી જ સર્વ શબ્દથી સાગરને, એવો અર્થ લેવો, બધાં પાપોને શ્રેષ્ઠ પ્રકારે એટલે કે અનાયાસે તું તરી જઇશ, પાપથી પુર્ણપણે છૂટી જઈશ, એમ અર્થ છે. ।।૩૬।।

યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિર્ભસ્મસાત્કુરુતેઽર્જુન ।
જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્કુરુતે તથા ॥૩૭॥

હે અર્જુન, જેવી રીતે પ્રજવલિત અગ્નિ ઇંધનોને ભસ્મરૂપે કરી દે છે, તેવી જ રીતે જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને ભસ્મરૂપે કરી દે છે ॥૩૭॥

પાપને સાગરરૂપ કહીને અને જ્ઞાનને નૌકારૂપ કહીને, સાગરનું અગાધપણું હોવાથી અને નૌકાનું અલ્પપણું હોવાથી, તેની મધ્યે રહેલ કદાચ ડુબી જવાની સંભાવના પણ રહે, એમ હોવાથી અલ્પ સ્વરૂપ પણ મહાન વસ્તુનું

નિરાકરણ કરવા સમર્થ છે, તે સમજાવવા માટે 'યથૈધાંસિ' વગેરે શબ્દોથી દૃષ્ટાંત આપે છે :-

હે અર્જુન, જેવી રીતે અગ્નિ કાષ્ઠ કરતાં અતિ અલ્પ છે, તો પણ પ્રજ્વલિત થઇને લાકડાંને ભસ્મ કરી દે છે, તેવી રીતે જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને ભસ્મ કરી દે છે. ભસ્મથયેલાં કર્મ પછી તેનું ફળ ભોગાવવાને અસમર્થ બને છે. ॥૩૭॥

ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।
તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિન્દતિ ॥૩૮॥

ખરેખર, આ વિષયમાં જ્ઞાનના જેવું પવિત્ર બીજું કાઇ નથી. તે જ્ઞાનને (કર્મ) યોગની ઉત્તમ સિદ્ધિવાળો પુરુષ, કાળે કરીને પોતાની મેળે પોતાનામાં મેળવે છે. ॥૩૮॥

એ પ્રમાણે જ્ઞાન પ્રતિબંધોને દુર કરનાર છે, એમ કહીને જ્ઞાનથી શું મેળવાય છે તે 'ન હિ' વગેરે શબ્દોથી કહે છે :-

'હિ' એટલે નિશ્ચયપુર્વક સાધનોમાં જ્ઞાનના જેવું પવિત્ર સાધન બીજું નથી. એમ હોવાથી યોગથી સારી રીતે સિદ્ધ થયેલો એટલે કે કર્મયોગ વગેરેથી ઉત્તમ રીતે સિદ્ધ થયેલો, મારી પ્રસન્નતા માટે, મારી આજ્ઞાથી, ફળની અભિલાષા છોડીને કરેલ કર્મયોગ તે મારૂં સ્વરૂપાત્મક બને છે, તેને કાળે કરીને એટલે કે જ્ઞાનદાન માટેના અલૌકિક સમયે પોતાનામાં પોતાને આત્મ સ્વરૂપે જાણે છે, એમ અર્થ છે. ॥૩૮॥

શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ ।૩૯।

તેમાં પરાયણ, જિતેંદ્રિય અને શ્રદ્ધાવાળો જ્ઞાનને પ્રાપ્ત કરે છે. જ્ઞાનને પ્રાપ્ત કરીને તત્કાલ તે પરમ શાન્તિને મેળવે છે. ॥૩૯॥

તે કાલજ્ઞાન અત્યંત સૂક્ષ્મ હોવાથી થવું મુશ્કેલ છે. એમ હોવાથી નિરંતર તેમાં પરાયણ થઇને જિતેંદ્રિય થઇને રહેવું, તેનાથી તેની પ્રાપ્તિ થશે; એમ 'શ્રદ્ધાવાન' વગેરે શબ્દોથી કહે છે :-

શ્રદ્ધાવાળો એટલે કે પહેલાં કહેવાયેલ રીતે ગુરુસેવા વગેરેમાં નિષ્ઠાવાળો અથવા વશ કરેલી ઇંદ્રિયોવાળો જે છે તે જ્ઞાન પ્રાપ્ત કરે છે. જ્ઞાન મેળવીને પછી શીઘ્રતાથી પરમ શાન્તિને એટલે કે મારી ભક્તિને તે મેળવે છે. ॥૩૯॥

અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।
નાયં લોકોઽસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ ।૪૦।

અજ્ઞાની, શ્રદ્ધા વગરનો અને સંશયવાળો નાશ પામે છે. સંશયવાળાઓને આ લોક નથી, પરલોક નથી અને સુખ પણ નથી ॥૪૦॥

અહીં મારા કહેવામાં સંશય કરવો નહિ, એમ કહે છે. થશે કે નહિ, એવા સંદેહવાળો મૂર્ખ છે, તે આત્માને નહિ જાણનારો, શ્રદ્ધા વગરનો એટલે કે ગુરુમાં અને જ્ઞાનના સાધનોમાં શ્રદ્ધા વગરનો હોવાથી નાશ પામે છે. બે 'ચ' અક્ષરોથી ધર્મ વગરનો અને સંતોષ વગરનો તે હોય, એમ જણાવાયું છે. વળી સંશયાત્મા સાધારણ રીતે પણ આ લોકમાં અને પરલોકમાં સુખને પામતો નથી, એમ 'ન અયમ્' વગેરે શબ્દોથી કહે છે. સંશયાત્માને આ લોક એટલે પશુપુત્રાદિરૂપ

આ લોક સિદ્ધ થતો નથી. અને પરલોક એટલે સ્વર્ગાદિકરૂપ ઐશ્વર્ય, આરોગ્ય વગેરેના સુખરૂપ પરલોક પણ સિદ્ધ થતો નથી, એમ અર્થ છે. ।।૪૦।।

યોગસંન્યસ્તકર્માણં જ્ઞાનસંછિન્નસંશયમ્ ।
આત્મવન્તં ન કર્માણિ નિબધ્નન્તિ ધનંજય ।।૪૧

હે ધનંજય, યોગથી કર્મનો ત્યાગ કરનારને, જ્ઞાન વડે જેના સંશયો નાશ પામ્યા છે તેવા આત્મજ્ઞાનીને કર્મો બંધન કરતાં નથી. ।।૪૧।।

સંદેહ વગરનાંને ભોગ અને લોકનો પ્રતિબંધ ન હોય, એમ 'યોગસંન્યસ્ત' વગેરે શબ્દોથી કહે છે :–

હે ધનંજય, નકકી કરેલ ફળ ભોગવવાના કારણરૂપ કર્મો, ભગવદ્દાત્મક યોગથી જેણે કર્મના ફળોને ત્યાગેલ છે તેવાને અને જ્ઞાનથી જેના સંશયો છેદાઈ ગયા છે તેવાને, અહીં સંશય એટલે જીવનું સ્વરૂપ વગેરે રૂપ સંશય કહેલ છે. એટલે કે આત્મવાનને, પોતાની સેવા અર્થે ભગવાને પ્રગટ કરેલ છે એવાને, આત્મસ્વરૂપ જાણનારાને કર્મો બંધન કરનારાં થતાં નથી, એમ અર્થ છે. ।।૪૧।।

તસ્માદજ્ઞાનસંભૂતં હૃત્સ્થં જ્ઞાનાસિનાત્મન: ।
છિત્ત્વૈનં સંશયં યોગમાતિષ્ઠોત્તિષ્ઠ ભારત ।।૪૨।।

હે ભરતકુલોત્પન્ન અર્જુન, તેથી પોતાના અજ્ઞાનથી ઉદ્ભવેલા, હૃદયમાં રહેલા, આ સંશયને જ્ઞાનરૂપી તલવાર વડે કાપીને તુ યોગને સ્વીકારી લે અને સાવધાન થઈ જા. ।।૪૨।।

કારણ કે, સંશયાત્મા જોતો નથી અને આત્મજ્ઞાનીને કર્મો બંધન કરતાં નથી, તેથી આત્મજ્ઞાનથી સંશયને તુ છોડ, એમ 'તસ્માત્' વગેરે શબ્દોથી કહે છે :–

હે ભરતકુલોત્પન્ન અર્જુન, હે સત્કુળમાં જન્મેલા અર્જુન, હે સંશય કરવાને અયોગ્ય, જે કારણે સંશયથી નાશ થાય છે, તે કારણે પોતાના અજ્ઞાનથી થયેલ એટલે કે આત્મસ્વરૂપના અજ્ઞાનથી થયેલ હૃદયમાં રહેલા એને પ્રત્યક્ષ અનુભવાતા એને, મારાં વચનોમાં અવિશ્વાસરૂપ સંશયને, જ્ઞાનરૂપી તરવારથી કાપીને યોગ કે જે મારા આત્મસ્વરૂપ અને મારી પ્રાપ્તિ માટે છે, તેનો તુ સ્વીકાર કર અને સાવધાન થા. ।।૪૨।।

એ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં, ઉપનિષદરૂપ, બ્રહ્મવિદ્યારૂપ, યોગશાસ્ત્રરૂપ શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં બ્રહ્મયજ્ઞપ્રસંશા નામનો ચોથો અધ્યાય પૂરો થયો. ।।૪।।

એ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ગીતાની ગીતામૃતરંગિણી નામની ટીકામાં ચોથો અધ્યાય પુરો થયો. ।।૪।।

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક આઠમો)

એ ભેદને સ્પષ્ટ કરતાં વિશેષ કહે છે કે, મર્યાદાનો સંબંધ અક્ષરબ્રહ્મ સાથે જ છે. "અવ્યકત મૂર્તિ (અક્ષરબ્રહ્મ) એવા મારાથી આ બધું જગત વિસ્તાર પામ્યું છે. ભુતમાત્ર મારા અક્ષર સ્વરૂપમાં રહેલ છે, પરંતુ હું તેઓમાં રહેલો નથી." (ગીતા, ૯–૪), "અવ્યકતને અક્ષરબ્રહ્મ, એમ કહેલ છે." (ગીતા, ૮–૨૧) "સર્વે વ્યકિતઓ અક્ષર બ્રહ્મથી પ્રકટ થાય છે;" (ગીતા, ૮–૧૮), વગેરે ગીતોકત વાકયોથી મર્યાદા સૃષ્ટિનું ઉપાદાન કારણ અક્ષરબ્રહ્મ છે, એમ નિરૂપીને, 'તેનાથી જે શ્રેષ્ઠ ભાવ છે તે તો બીજો જ છે. (ગીતા, ૮–૨૦), વગેરેથી તેને ક્ષરથી ઉત્તમ કહીને, તેનું તે સ્વધામ છે, એમ કહીને, આગળ 'હે અર્જુન, તે શ્રેષ્ઠ પુરુષ તો અનન્ય ભકિતથી પ્રાપ્ત કરવા યોગ્ય છે, (ગીતા. ૮–૨૨), વગેરેથી પોતે તેનાથી ભિન્ન હોવાનું ભગવાને કહેલું છે. આથી જ 'હું મારા એક અંશથી જગતને ધારણ કરીને રહેલો છું,' (ગીતા, ૧૦–૪૨), એનાથી સ્પષ્ટ સમજાય છે. અહીં 'એક અંશથી' એમ કહ્યું છે, તેનાથી ભગવાનના અંશરૂપ અક્ષરબ્રહ્મ એ મર્યાદાનું સમવાયી એટલે સમવાય સંબંધ વાળું હોવાનું નિશ્ચિત છે. કાલપક્ષે જોતાં પણ તેનું અભિન્નપણું હોવાથી વિરોધ નથી.

આથીજ બૃહદ વામન પુરાણમા બ્રહ્મવાકય છે કે, "પરમ અક્ષરબ્રહ્મ વેદોનું ઉત્તમ સ્થાન છે." આથી જ "સર્વ જગતરૂપે થયેલું તે અક્ષરબ્રહ્મ બે રૂપવાળું છે," એમ સિદ્ધાંત મુકતાવલીમાં (શ્લોક ત્રીજો) શ્રીમદ્ આચાર્યશ્રીએ સ્પષ્ટતાથી કહ્યું છે. એ જ પ્રમાણે પ્રવાહી જીવો પણ માયામનોરૂપ સંબંધથી જોડાયેલા છે. 'દ્વે અસ્ય બીજે' એ શબ્દોથી આરંભીને 'માયામયં વેદ સ વેદ વેદમ' સુધીમાં [આ સંસારરૂપી વૃક્ષનાં (પાપ અને પુણ્યરૂપી) બે બીજ છે, સેંકડો (વાસનાંઓ રૂપી) મુળ છે, (સત્ત્વ, રજ અને તમ–ત્રણ ગુણોરૂપી) ત્રણ થડિયાં છે, (પંચમહાભૂતરૂપી) પાંચ મુખ્ય ડાળીઓ છે, (શબ્દ–સ્પર્શ આદિ પાંચ વિષયોરૂપી રસ છે, અગિયાર (ઇંદ્રિયો રૂપી) ગૌણ ડાળીઓ છે, (જીવ અને ઇશ્વર રૂપી) બે પક્ષીઓના બે માળાઓ છે, (વાત, પિત્ત, કફરૂપી) ત્રણ છાલ છે, (સુખ અને દુઃખરૂપી) બે ફળો છે, તે સૂર્યમંડળ સુધી ફેલાઇને રહેલુ છે. જેઓ કામનાથી ભરપુર છે તેઓ દુઃખરૂપી) એક ફળને ખાય છે અને જેઓ કામનાઓથી રહિત પરમહંસ અરણ્યવાસીઓ છે તેઓ બીજા (સુખરૂપી) ફળને ખાય છે. પરમાત્મા એકજ છે અને બહુરૂપે દેખાય છે તે તો માયામય છે. એમ

ગુરુઓ દ્વારા જે જાણે છે તે વેદને જાણે છે. ભાગ. ૧૧–૧૨–૨૨, ૨૩] એ પ્રમાણે ભગવાને સ્પષ્ટતાથી કહ્યું છે. અને બધું જ મિથ્યા નથી, માત્ર માયાનું મિથ્યાપણું છે. (બ્રહ્મસુત્રના ૩–૨–૧થી૬) સંધ્યાધિકરણથી એ પ્રમાણે નિશ્ચય થયેલો છે; કારણ કે અહીં માત્ર પદનો અભાવ છે, અને સમગ્રતાથી સ્પષ્ટ કરાયેલ સ્વરૂપ છે. માયાની શકિતરૂપ દુર્ગાથી મ અને ય અક્ષરના વિકારપણામાં પણ દોષનો અભાવ છે. આથી અહંકારના જડ અને ચૈતન્યરૂપથી યુકત વ્યાવહારિક પ્રવાહની જડ અને ચૈતન્યની ગ્રંથિથી સત્યપણું પણ વિદ્યમાન હોવાથી કોઇ પણ જરાય શંકાને સ્થાન નથી. પુષ્ટિમાં તો પુરુષોત્તમ જ સર્વાંશે કાર્ય કારણરૂપ છે. એવા આશયથી 'કાયેન' એટલે કાયાથી ઉત્પત્તિ થઈ છે, એમ કહેવાયું છે. આથી જ શ્રુતિમાં સાક્ષાત અને પરંપરાથી સૃષ્ટિ છે અને પોતેજ સર્વ રૂપે થયા છે, એમ ત્રણ પ્રકારે સૃષ્ટિનુ કથન થયુ છે. આથી જ તૈત્તિરીય ઉપનિષદના બ્રાહ્મવલ્લી પ્રપાઠકમાં "તેનાથી અથવા આ આત્મરૂપથી આકાશ ઉત્પન્ન થયું," (તૈત્તરીય, બ્રહ્મવલ્લી, ૧–૧) એમ છે. "તેણે વિચાર્યું કે, હું બહુ થાઉં, પ્રજાને ઉત્પન્ન કરું," (તૈત્તિરીય, બ્રહ્મવલ્લી, ૬–૧), "તેણે પોતે પોતાને (આ બધુ છે તે સ્વરૂપે બનાવ્યુ" (તૈત્તિરીય,બ્રહ્મવલ્લી,૨–૭), એ પ્રમાણે ત્રણ વાર સૃષ્ટિ કહેવાઇ વિજાતીયના અભાવે તથા પ્રયોજન રહિત કથન થયું હોવાથી તેમાં શંકાનો અંશ પણ નથી. કારણના વિજાતીયપણામાં ફળનું વિજાતીયપણું હોવું એમાં ન્યાયની યોગ્યતા છે. અવાંતર ભેદો તો એમાં સમાઇ જાય છે. અને આ લીલાસૃષ્ટિ ભગવદાત્મક છે. ગુણોથી નારાયણ સમાન 'હોવાનું અને તે અદ્ભુતને' એવા શબ્દોથી શ્રીમદ્ આચાર્ય ચરણશ્રીએ નિર્ણય આપેલો છે. આથી જ 'હવે આ બ્રહ્મપુરમાં (બ્રહ્મની પ્રાપ્તિના સ્થાનરૂપ શરીરમાં) સુક્ષ્મ કમલરૂપી ઘર છે, (એમાં સુક્ષ્મ જે અંતરરૂપી આકાશ છે, તેમાં જે છે તેની શોધ કરવી જોઇએ ખરેખર તેને જ જાણવો જોઇએ.' છાંદોગ્ય, ૮–૧–૧), અને દહર પરમાત્મા જ છે, પછીનાં કારણોથી' (બ્રહ્મસુત્ર, ૧-૩–૧૪) વગેરે શ્રુતિ અને બ્રહ્મસુત્રોથી ભગવાનની લીલા સૃષ્ટિ ભગવદ્રૂપ જ કહેવાય છે. બૃહદ્ વામન પુરાણમાં 'જો અમને આપવા જેવું વરદાન હોય તો, આનંદમાત્ર એમ આ લોકમાં જેને પુરાવિદો (પુરાણકાળની ઘટનાઓના જ્ઞાતા) કહે છે, તે રૂપ અમોને બતાવો.' એવી સ્તુતિઓથી પ્રાર્થના કરાયેલા ભગવાન 'સ્વલોકં પ્રકૃતેઃ પરમ્ કેવલાનુભવાનંદમાત્રમક્ષરમધ્યગમ્' થી આરંભીને 'કિશોરાકૃતિરચ્યુત' સુધીમાં વૃંદાવન, ગોવર્ધન, યમુના આદિ સર્વ ભકતો સહિત ભગવાને પોતાનું સ્વરૂપ દર્શાવ્યું, એ રીતે બધી જ લીલાસૃષ્ટિનુ તદ્રૂપપણું આવે છે, એ પ્રમાણેનુ આ બધુ 'વિદ્વન્મંડન' માં સ્પષ્ટ છે.

ભલે, એ પ્રમાણે સર્ગભેદ હોય, તોપણ સમાનતાથી જીવો ભગવાનના અંશ છે. તેમાં પ્રવાહી જીવોમાંજ અતિ દુષ્ટતા હોવામાં શો હેતુ છે? ભગવાનની રમણ કરવાની ઇચ્છા એ હેતુ તો નથી જ એમ હોય તો પોતાની રતિસુખની ઇચ્છામાં તેઓનો લય થઇ જાય. ઉત્પન્ન થાય છે. એમ કહેવું પણ યોગ્ય નથી. એમ હોય તો અતિ

દુષ્ટતા ન હોય. કર્મમાર્ગીઓની જેમ આચારનો પણ દોષ નથી. એમ હોય તો હે કૌંતેય મને પ્રાપ્ત કર્યા વિના જ, તેથી અધમ ગતિને પામે છે.' (ગીતા, ૧૬–૨૦), એવા ભગવાનના વાકયનો વિરોધ આવે. અને તેમાં રહેલ 'એવ' (નિશ્ચિતતા બતાવતો) શબ્દ પુર્ણ મુકિતની દશામાં પણ પ્રાપ્તિનો અભાવ સુચક વિરુદ્ધમાં જાય. કર્મમાર્ગીઓની પણ પુર્ણ મુકિત થતાં પહેલાં ભગવાનની પ્રાપ્તિના અભાવે ઉચ્ચ અને નીચ કર્મથી, અને તે અધમ વગેરે ગતિનુ ઊગમસ્થાન હોવાથી તેઓનું પણ તેમ જ થાય. શ્લોકમાંના 'મામ્' એટલે મને એવા આ પદથી અક્ષરબ્રહ્મ પરત્વે પણ કોઇ ઉગારો નથી. કહેવાયેલ દોષ તેવા પ્રકારની સ્થિતિથી છે. ખરેખર તો લયનો અભાવ પણ અશકય વચન છે; કારણકે 'જેમ પર્વતમાંથી નીકળેલી (સરિતા)' એવું વાકય છે. જો એમ માનીએ તો ઉપર કહેલા ગીતાજીના ૧૬–૨૦ વાકયના સ્વીકારથી 'પર્વતમાંથી નીકળેલી નદીની જેમ,' એને અનુસરતુ ગીતાના વાકયમાં રહેલ 'ગતિ' એવું પદ છે, તેમાં સંકોચ કરવો જોઇએ. જો તેમ થાય તો તેઓનો ઘોર નરકમાં પ્રવેશ તે જ તેની મુકિત છે. વળી પુર્ણ મુકિતની દશામાં પણ તેઓનો ભગવાનમાં લય થતો નથી, એમ સ્વીકારાય છે. જો એમ હોય તો 'આ ભૂતમાત્ર જેનાથી ઉત્પન્ન થાય છે,' (તાત્તિરીય, ભૃગુવલ્લી, ૧–૧), વગેરે અને અવ્યકત એટલે અક્ષરબ્રહ્મમાંથી જેઓની ઉત્પત્તિ થઇ છે તેવાં શરીરો,' (ગીતા, ૨–૨૮) વગેરે, શ્રુતિ અને (ગીતોકત) ભગવાનનાં વાકયોમાં ભગવાનથી ઉત્પત્તિ અને ભગવાનમાં જ લય, એવા કથનથી તેઓનો ભગવાનમાં લય થાય છે, એમ ન સ્વીકારવાથી ભગવાનથી ઉત્પત્તિ થાય છે એમ પણ ન સ્વીકારાય જો બંનેને સ્પષ્ટ કરવા માટે ઘોર નરકના અતિરેકથી પ્રલયમાં પણ સ્થિતિ રહે છે એમ સ્વીકારીએ તો ',કાળના પ્રભાવે બે પરાર્ધ વર્ષો પછી સમગ્ર લોકનો નાશ થાય છે ત્યારે માત્ર) આપ (ભગવાન) એક જ અવશેષ રહો છો," (ભાગ, ૧૦–૩–૨૫), એનું ભાગવતજીનું વાકય વિરોધમાં જાય બધાનું બ્રહ્માત્મકપણું ન હોવાથી અને ઘોર નરકનું પણ તેમ હોવાથી 'એક' એ પદનું મુખ્ય વાચકપણું હોવાથી પણ તેની ઉત્પત્તિ અને સ્થિતિમાં શું વાંધો છે ? એમ કહેવાય ઘોર નરક વિકારી છે, તેનું બ્રહ્મત્વ અંગીકાર કરવામાં 'વિકાર વાણીથી કહેવા યોગ્ય છે.' (છાંદોગ્ય, ૬–૪–૧થી૪) વગેરે, "ઇંદ્રિયાદિ વિકારોને તથા સત્ત્વાદિ ગુણોને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા તું જાણ," (ગીતા, ૧૩–૧૯) વગેરે શ્રુતિ અને ગીતોકત ભગવદ્ વાકયનો વિરોધ આવે. "આ જોવામાં આવતુ જગત અક્ષર બ્રહ્મરૂપ છે. એ સર્વેનો નિષેધ કર્યા પછી આપ પરબ્રહ્મ જ શેષ રહો છો," (ભાગ ૧૦–૮૭–૧૫, વેદસ્તુતિ), અને "નિર્દોષ તથા ષડગુણોથી યુકત શ્રીવિગ્રહવાળા," વગેરે વાકયો વિરુદ્ધમાં જાય, તેથી તેઓનો લય ભગવાનમાં થાય છે, એમ ન સ્વીકારવાથી ભગવાનનું તે ઉપાદાન નથી, એમ સિદ્ધ થાય. તેની ઉત્પત્તિમાં રમણની ઇચ્છા કારણરૂપ છે, તેમ પણ બનવું યોગ્ય નથી; કારણ કે રમણ કરવાની ઇચ્છાથી સ્વયં તેવે રૂપે થઇને ક્રીડા કરે છે, એમ કહેવાય છે. અને તેઓમાં કેવળ દુઃખ જ હોવાથી રમણનો

અંશ પણ નથી. આથી જ 'નિરંતર કેવળ દુઃખો' એવું વલ્લભાષ્ટકમાંનું કથન પણ સંમતિદર્શક છે. અને ભગવાનથી ભિન્ન એવો કોઇ જીવ જ નથી કે જેઓની આવી અવસ્થા હોય, એમ કહેવું જોઇએ, કારણ કે અદ્વૈત શ્રુતિની વિરુદ્ધ છે. તેથી ઉત્પત્તિના જ અભાવે માર્ગ ભિન્ન હોવાની વ્યવસ્થા જ અશકય છે, એમ જો કોઇ કહે તો અહીં જવાબમાં કહે છે કે, ભગવાન જ બધા રસોના ભોકતા છે, શાસકની જેમ રમણ માટે પોતાના સ્વરૂપાત્મક જગતની રચના કરી. અને તેમાં વેરીઓની પણ આવશ્યકતા છે, નહિ તો વીર રસનું આસ્વાદન થાય નહિ. પોતાનો અંશ વૈરી થાય જ નહિ; કારણ કે 'જે જેનો અંશ હોય તે તેને ભજે છે,' એવું વાકય છે. તેમ જ પહેલાં કહેવાયેલ શ્રુતિ અને સ્મૃતિઓથી ભગવાનની પોતાની સામર્થ્યરૂપિણી માયા વડે કેટલાક જીવો માયાના અંશો જ છે. 'જીવ અને શિવ આભાસથી કરે છે,' એમ શ્રુતિમાં કહ્યું છે. વ્યવહારિકોને તેને યોગ્ય વ્યાવહારિક સઘળી સામગ્રીઓથી યુકત સર્જ્યા છે, એમ સમજાય છે. અને વ્યવહાર એટલે લૌકિક ગુણોનો સમુદાય. "(સંસારમાં શીલ, ઉદારતા જેવા ગુણોમાં) મારા જેવો બીજો કોઇ નથી, (તેથી હું જ 'પ્રશ્નિગર્ભ' એવા નામે તમારો પુત્ર થયો,)" ભાગ ૧૦–૩–૪૧), એ પ્રમાણે આ દેવકીજીને ઉદ્દેશીને કહેવાયેલ ભગવાનના વાકય ઉપરના વિવરણમાં 'જોકે મારા સિવાય બીજા કે જેઓ કેટલાક માયાથી સર્જાયેલા છે,' એ પ્રમાણે સ્પષ્ટ છે. શ્રીમદ્ ભાગવતજીના ૩૭ મા અધ્યાયમાં 'અક્રુર સ્તુતિ'માં (ભાગ ૧૦–૪૦–૨૨ માં) "(પૃથ્વી પરના ક્ષત્રિયો જયારે) લગભગ મ્લેચ્છ જેવા (થઇ જશે ત્યારે તેઓનો નાશ કરવાને માટે આપ જ કલ્કિ રૂપે આવતીર્ણ થશો,)" એ પ્રમાણેના કથન ઉપરના વિવરણમાં "જેઓ મ્લેચ્છ છે, સ્વાભાવિક રીતે જ દૈત્ય છે, તેઓ ગુણવાળા છતાં હણવાને યોગ્ય છે." એનાથી અને શ્રીમદ્ આચાર્યશ્રીએ પણ સૃષ્ટિ ભેદના નિરૂપણમાં નિબંધમાં "ઇંદ્રજાળની જેમ કોઇ એક વખતે આ બધું પરમેશ્વરે સરજ્યું ત્યારે જ્ઞાન વગેરે બધુ ઉપરચોટિયું હતું, વાસ્તવિક નહોતું." એ પ્રમાણે પદ્યાભાસમાં 'સ્વપ્નાદિ સૃષ્ટિનો સારાંશ કહે છે,' વગેરે પદ આ અભિપ્રાય દર્શાવનાર જ કહેલ છે. આથી જ "માયાથી સરજાયા તે અસુરો" અને "જે જેનો અંશ છે તે તેને ભજે છે." ઇત્યાદિ શ્રુતિઓ વગેરે પણ તેમાં સહમત છે.

(ક્રમશઃ)

શ્રી ગોકુલેશાષ્ટકમ્

)શ્રી ગોકુલેશ પ્રભુના પ્રાકટયદિન 'મહાઉત્સવ' પ્રસંગે વિશેષ સ્મરણીય)

લેખક : **શ્રી ગોવિંદ કોવિદ જતિપુરા**

શ્રી વલ્લભાનંદ રુપં, વિઠ્ઠલેશવરાત્મજમ્
શ્રીકૃષ્ણગુણ સંદોહ, ગોકુલેશં નમામ્યહમ્ ।। ૧ ।।

શ્રીવલ્લભનું આનંદરૂપ નામ છે, શ્રીવિઠ્ઠલેશગુસાંઇજીના શ્રેષ્ઠ આત્મજ છે અને શ્રીકૃષ્ણના સમાન ગુણ છે એવા શ્રીગોકુલેશજીને નમન હો. ।। ૧ ।।

દામોદરરાખ્ય નક્ષત્રાત્, શ્રી શ્રીકૃષ્ણાખ્ય માસતઃ
વ્યવહારે વલ્લભસ્તુ, ગોકુલેશં નમામ્યહમ્ ।। ૨ ।।

એમના જન્મ નક્ષત્રનું નામ દામોદર છે, માસિક નામ શ્રીકૃષ્ણઃ છે વ્યવહારમાં શ્રી વલ્લભનામ છે એવા શ્રી ગોકુલલેશજીને નમન હો. ।। ૨ ।।

કાલિન્દી કોમલે કૂલે, શ્રીમદ્ ગોકુલ સંસ્થિતમ્
ગોકુલસ્થૈઃ સેવ્યમાનં, ગોકુલેશં નમામ્યહમ્ ।। ૩ ।।

ભક્ત સંબંધીના ગોકુલેશ છે. શ્રીયમુનાજીના તટ ઉપર શ્રીગોકુલમાં બિરાજમાન છે. ગોકુલેસ્થ ભકતોથી સેવનીય છે, એવા શ્રીગોકુલેશજીને નમન હો. ।। ૩ ।।

ગોકુલેશ સ્વરુપસ્થ, સતતં સેવને રતઃ
શ્રીગોકુલાનંદ દાતા, ગોકુલેશં નમામ્યહમ્ ।। ૪ ।।

શ્રીગોકુલનાથજી સેવામાં સદાકુશળ છે. શ્રીગોકુલને આનંદ દેવાવાળા છે, એવા શ્રી ગોકુલેશજીને નમન હો. ।। ૪ ।।

રઘુનાથ યદુનાથ, શ્રી ગોવિંદ ગુણાવયમ્
પ્રપોષકં ઘનશ્યામં, શ્રી ગોકુલેશં નમામ્યહમ્ ।। ૫ ।।

શ્રી રઘુનાથ, શ્રીં યદુનાથ, શ્રી ગોવિંદરાયજી ગુણનિધિ છે, શ્રી ઘનશ્યામજીનું પોષણ કરેલ છે, એવા શ્રી ગોકુલેશજીને નમન હો. ।। ૫ ।।

શ્રી રુકમણી ગર્ભરત્નં, કૃષ્ણદાસી પ્રિયાવહમ્
સંમોહન પ્રિયો રત્નાં, ગોકુલેશં નમામ્યહમ્ ।। ૬ ।।

શ્રી રુકમણીજીના ગર્ભરત્ન છે, કૃષ્ણદાસીના પ્યારા છે. પ્રિયભકતોને આકર્ષિત કરનારા એવા શ્રી ગોકુલેશજીને નમન હો. ।। ૬ ।।

અનન્ય ભકતૈર્હર્નિશં, સેવિતં ચ સુધારકમ્
ગોવર્ધનાનંદ કંદં, ગોકુલેશં નમામ્યહમ્ ।। ૭ ।।

અનન્ય ભકતોથી અહર્નિશ સેવાયેલા અને અમી વર્ષાવનારા, શ્રી ગોવર્ધન પુજારૂપ અન્નકૂટના આનંદ દાતા છે, એવા શ્રી ગોકુલેશજીને નમન હો ॥ ૭ ॥

યશઃ તિલક ભાલે હિ, કીર્તિ માલાધરં વરમ્
વૃંદાવન પ્રિયો નિત્યં, ગોકુલેશં નમામ્યહમ્ ॥ ૮ ॥

લલાટે યશનું તિલક છે, કીર્તિની માલા ધારણ કરી છે, વૃંદાની એટલે તુલસીની માળા એમને નિત્ય પ્રિય છે, એવા શ્રી ગોકુલેશજીને નમન હો. ॥ ૮ ॥

શ્રીવલ્લભં બીજ રુપં, વિઠ્ઠલેશં દ્રુમાત્મકમ્
પુષ્ટિમાર્ગં ફલાત્મ, શ્રી ગોકુલેશં નમામ્યહમ્ ॥ ૯ ॥

શ્રી મહાપ્રભુજી બીજરૂપ છે, શ્રીવિઠ્ઠલેશ કલ્પવૃક્ષ રૂપ છે, અને શ્રી ગોકુલનાથજી પુષ્ટિમાર્ગના ફલરૂપ છે, એવા શ્રી ગોકુલેશજીને નમન હો. ॥ ૯ ॥

ઇતિ...

આ માસના ઉત્સવ

કારતક વદ ૮ તા. ૧૬–૧૧–૮૪ શુક્ર
શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯)
કારતક વદ ૧૧ તા. ૧૯–૧૧–૮૪ સોમ ઉત્પત્તિ એકાદશી વ્રત
કારતક વદ ૧૩ તા. ૨૧–૧૧–૮૪ બુધ
શ્રી ગુસાંઇજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યાજીનો ઉત્સવ (સં. ૧૬૨૮)
માગશર સુદ ૫ તા. ૨૭–૧૧–૮૪ મંગળ શ્રી મદન મોહનજીનો પાટોત્સવ (કામવન)
માગશર સુદ ૭ તા. ૨૯–૧૧–૮૪ ગુરુ
શ્રી ગુસાંઇજીના ચોથા લાલજી શ્રી ગોકુલનાથજીનો મહોત્સવ (સં. ૧૬૦૮)
માગશર સુદ ૯ તા. ૧–૧૨–૮૪ શનિ
ભારત માર્તંડ શ્રી ગટ્ટૂલાલજીનો સ્મરણદિન શ્રી ગુસાંઇજીની વધાઇનો પ્રારંભ
માગશર સુદ ૧૧ તા. ૪–૧૨–૮૪ મંગળ મોક્ષદા એકાદશી વ્રત, ગીતા જયંતિ
માગશર સુદ ૧૫ તા. ૮–૧૨–૮૪ શનિ
પુર્ણિમા, શ્રી બલદેવજીનો ઉત્સવ. ગોપમાસ સમાપ્તિ, શ્રીનાથજીનો છપ્પન ભોગ.

॥ શ્રીહરિઃ ॥

'અદેયદાની શ્રીમહાપ્રભુજીનું મહા ઉદાર ચરિત્ર'

લેખક : **'શ્રીવલ્લભ પાદ પદ્મમિલિન્દ'**

લીલા ધામથી વિછુરેલા દૈવી જીવોને બ્રહ્મ સંબંધ સમયે શ્રીમહાપ્રભુજી, પુષ્ટિપુર્ણ પુરુષોત્તમનો સંબંધ કરાવે છે. એટલે કે પુરુષોત્તમના ભાવાત્મક સ્વરૂપને દૈવી જીવનાં હૃદયમાં કૃપા દષ્ટિ દ્વારા પધરાવી આપે છે, અને દેહાદિક તથા જગત પ્રપંચથી નિરોધ કરવા માટે પ્રગટ સેવ્ય સ્વરૂપને પધરાવી આપે છે. આ બહાર ભીતર પધરાવી આપેલ સ્વરૂપને **'દાન'** કહેવાય છે. પુર્ણ પુરુષોત્તમના સ્વરૂપનું દૈવી જીવોને આપે દાન કર્યું છે. આ **'દાન'** શબ્દના રહસ્યને પ્રકટ કરી પુષ્ટિ દૈવી જીવોને તેના મસ્તકે બિરાજતા પરમનિધી સ્વરૂપનુ મહાકારુણિક વાક્પતિની કૃપા ભરી પ્રેરણાથી જ્ઞાન કરાવવુ એ આ લેખનું પ્રયોજન છે.

'દાન' શબ્દનો અર્થ, જેને દાન કરવામાં આવે તેની જ દાન ઉપર સત્તા રહે તેવો થાય છે. જેમકે આપણે કોઇ બ્રાહ્મણને ગાય આપવાનો સંકલ્પ કરી ગાયને દાનમાં આપી. પછી આ ગાય ઉપર આપણી કે આપણા પરિવારની સત્તા રહેતી નથી. પણ દાન લેનાર બ્રાહ્મણની જ સત્તા રહે છે. તેમ મહાકારુણિક શ્રી વલ્લભ પ્રભુએ જે પરમનિધિ સ્વરૂપ પુર્ણ પુરુષોત્તમનું દાન કર્યું છે. તેની ઉપર સત્તા દૈવી જીવની જ રહે.

આ વિષયને સમજવા માટે દષ્ટાંતરૂપ બસોબાવન વૈષ્ણવ અંતરગત "ધાણી પુણી" વાળા ડોકરી છે. આ ડોકરીને શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ સેવા કરવા માટે પધરાવી આપ્યું હતું. ડોકરી લાલનને સર્વસ્વ માની લાડ લડાવતા હતા. સર્વસ્વ માનવાથી લાલનમાં પ્રેમ પ્રગટ થયો. સેવ્યને જ્યાં સુધી સર્વસ્વ નહિ મનાય ત્યાં સુધી હરગીજ પ્રેમ પ્રગટ નહીં જ થાય.

ચલ સખી ચલ અહો વ્રજ પેંઠ લગી,
જહાં બિકાત હરિ પ્રેમ;
સુંઠ સોંધો 'પ્રાણન કે પલટે'
ઉલટ ધરો યહ નેમ.

'પ્રાણનકે પલટે' તેનું નામ જ સર્વસ્વતા છે. હવે ડોકરીનો લાલનમાં જેમ જેમ પ્રેમ વધતો ગયો તેમ તેમ લાલન પોતાના સ્વરૂપમાં સૌન્દર્યતા બઢાવતા રહ્યા. અથવા જેમ જેમ પ્રેમ વધતો ગયો તેમ તેમ સૌન્દર્યતા સ્વતઃ પ્રકટ થવા લાગી. તેનું કારણ પ્રેમ અને સૌન્દર્યતા ઉભય તત્વો અભીન્ન છે. તેને સમજવા લૌકિક દષ્ટાંત નિવેદન કરું છું–

કાબુલના બાદશાહ પાસે એક હબસી નોકર હતો. હબસીને એક વખત બાદશાહે કહ્યું કે સારા કાબુલમાંથી વધારેમાં વધારે સૌન્દર્યવાન બાલક હોય તેને મારી પાસે લઈ આવ. બાદશાહના હુકમથી હબસી કાબુલની

ગલીયે ગલીયે ફરવા લાગ્યો. બાળકોને જોતો જાય એમ સારૂ કાબુલ ફરી વળ્યો, પણ તેની નજરમાં કોઇ પણ બાલકની સૌન્દર્યતા આવી નહિ. હવે પોતાના ઘર પાસેથી નિકળ્યો. ત્યાં ગલીમાં તેનું બાલક ખેલતું હતું, હબસીમાં તેના બાલક પ્રત્યે પ્રેમ ઉભરાયો. બાલકને ઉપાડી લીધું. બાદશાહ પાસે જઇને કહ્યું કે સરકાર, સારાએ કાબુલમાં વધારેમાં વધારે સુંદર આ બાલક છે.

આ દૃષ્ટાંતમાંથી એજ રહસ્ય પ્રાપ્ત થાય છે કે પ્રેમ અને સૌન્દર્ય અભીન્ન તત્ત્વો છે. લૌકિકનું અલૌકિકમાંથી સર્જન થયુ છે. તેથી લૌકિક બિન્દુરૂપ છે. જયારે અલૌકિક સાગર રૂપ છે.

હવે એક સમયે ગો. બાલક ડોકરીના ઘરે પધાર્યા. લાલનના દર્શન કર્યા. દર્શન કરતાં જ બાલકની આસકિત લાલનમાં થઇ ગઈ. ડોકરીને આજ્ઞા કરી. "ડોકરી તેરે ઠાકુરજી હમકું પધરાય દે." ડોકરીયે વિનતિ કરી, "રાજ આપકે દીયે ભયે ઠાકુર હે, આપ સુખેન પધરાય જાઓ."

બાલક પોતાના ગૃહે લાલનને પધરાવી ગયા. પણ લાલન વારવાર "ધાણી પુણી, ધાણી પુણી" એવો ઉચ્ચાર કરવા લાગ્યા. બાલક જાણી ગયા કે શ્રી ઠાકુરજી મારા ગૃહે સુખથી નહીં બિરાજે. કારણ કે ડોકરીથી હીલેલા છે. લાલનને પાછા ડોકરીને ત્યાં પધરાવ્યા 'ધાણીપુણી, ધાણીપુણી" ઉચ્ચારમાં સ્વકીયનો પક્ષપાત છે. અથવા અદેયદાનના દાતાએ મારૂં દાન જે સેવકને કર્યું છે તેની જ સત્તા (અહીં 'સત્તા' શબ્દનો **અર્થ**-ભકતોને આધીન થઇને રહેવું એવો થાય છે. પુષ્ટિ પ્રભુ દિવ્ય પ્રેમ સ્વરૂપ છે. અને આ પ્રેમનો સહજ સ્વભાવ આધીનતાવાળો છે. ભગવાન ભકતને આધીન રહે છે. અને ભકત ભગવાનને આધીન રહે છે. આવા દિવ્યપ્રેમના મધુર બંધનોમાં નિરવધિ પ્રેમાનંદનો અનુભવ થાય છે. સત્તાનું ગૌણત્વ નથી પણ ગૌરત્વ છે તે) મારી ઉપર રહે તેવો સિદ્ધાંત લાલને પ્રકટ કર્યો. અને અદેયદાનીની મહોદારતાના પણ દર્શન સૃષ્ટિને કરાવ્યા છે.

શ્રી મહાપ્રભુજીને 'અદેયદાની કહેવામાં શું રહસ્ય રહેલું છે ? પુષ્ટિ પુરુષોત્તમરૂપી દાન તો પુરુષોત્તમ પોતે પણ કરી શકતા નથી. એવું દાન શ્રી મહાપ્રભુજી કરતા હોવાથી શ્રી અગ્નિકુમાર શ્રી મહાપ્રભુજીને 'અદેયદાની' કહે છે.

હવે ઉપરોકત વિષયને સમજવા માટેનો પ્રસંગ નિવેદન કહું છું.

એક સમયે શ્રી ગુંસાઇજીએ શ્રી દામોદર દાસ હરસાનીજીને આજ્ઞા કરી "તમે શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને શું કરીને જાણો છો ?" ત્યારે શ્રીદમલાજીએ વિનતી કરતા જવાબ આપ્યો, હું શ્રી મહાપ્રભુજીને જગદીશથી મોટા કરી જાણુ છુ" પુનઃ શ્રી ગુસાઇજીએ આજ્ઞા કરી "જગદિશથી મોટા શ્રી મહાપ્રભુજીને કેમ કહેવાય ?" ત્યારે શ્રી દમલાજીએ કહ્યું કે "દાન બડો કે દાતા બડો ?" દાતાની મોટાઇ છે. કારણ કે દાન તો દાતાનેજ આધીન રહે છે દાતા જયાં દાન કરે ત્યાં દાન જાય.

શ્રીદમલાજી જગદીશથી મોટા શ્રી મહાપ્રભુજી એમ કરી રહયા છે. તેનુ ગૂઢ તાત્પર્ય રામદાસજીના પદમાં જાણવા મળે છે.

,'શ્રી વલ્લભ બરનું કહા બડાઈ,
જાકે રોમ રોમ પ્રતિ પ્રકટીત
કોટી ગોવર્ધન રાઇ.

પુષ્ટિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી ગોવર્ધન ધરણના કોટાન કોટી સ્વરૂપો શ્રીમહાપ્રભુજીના સ્વરૂપના એક રોમમાં બિરાજે છે શ્રી મહાપ્રભુજીનું આવુ સ્વરૂપ હોવાથી 'જગદીશ' એટલે પુષ્ટિ પુરુષોત્તમશ્રીજીથી પણ મોટા કહયા.

સેવામાર્ગનુ પ્રાગટય શ્રી મહાપ્રભુજીએ મહાઉદ્દાર ચરિત્રથી જ કરેલું છે. કારણ કે સાક્ષાત્ ધર્મીસ્વરૂપની સેવાનો અધિકાર શ્રી સ્વામિનીજીઓનોજ છે. આવા ધર્મી સ્વરૂપના અનુભવનો સેવામાર્ગ પ્રગટ કરવામાં આપશ્રીનુ મહાઉદ્દાર ચરિત્ર જ રહેલું છે. શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ એટલે અદ્ભુત ચરિત્રનો મહાસાગર : આપનું પ્રત્યેક ચરિત્ર અદ્ભુત છે : અદ્ભૂત એટલે આશ્ચર્ય ઉત્પન્ન કરે.

* * *

મહેસાણા :– આં. રા. પુ. વૈ. પરિષદ મહેસાણા શાખાના ઉપક્રમે કીર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા સંચાલિત હવેલી સંગીત કીર્તન શિબિરનું તા. ૯–૧૧–૮૪ થી તા. ૧૬–૧૧–૮૪ સુધી આયોજન કરવામાં આવ્યું છે.

મોરબી :– આં. રા. પુ. વૈ. પરિષદ મોરબી શાખાના ઉપક્રમે તા. ૨૩-૯-૮૪ ના દિને શ્રી સાત સ્વરૂપ હવેલીમાં એક સુંદર કાર્યક્રમ યોજાએલ. જેમાં સુરતની શ્રી બાલકૃષ્ણ સુદ્ધાદ્વેત મહાસભાની પરિક્ષામાં ઉત્તીર્ણ થયેલ ૨૩ વિદ્યાર્થીઓને પૂ. અ. સૌ. શ્રી સત્યભામાબેટીજી મહારાજના વરદ હસ્તે શ્રી મહાપ્રભુજીના જીવન ચરિત્રના પુસ્તકો તથા પ્રમાણપત્રો એનાયત કરાએલ.

આ પ્રસંગે પ. ભ. શ્રી મહેશદાન ગઢવી, પ. ભ. શ્રી અશ્વીનભાઈ કંસારા, પ. ભ. શ્રી અનીલભાઈ કંસારા વગેરે એ પ્રસંગાનુરૂપ વકતવ્યો આપેલ. આં. પુ વૈ. પરિષદ શાખાના પ્રમુખશ્રી વનેચંદભાઈ સોનીના માર્ગદર્શન મુજબ કાર્યક્રમ યોજવામાં આવેલ.

અનન્ય શરણ

અહો બકી યં સ્તનકાલકૂટં જિઘાંસયાડપાયયદપ્ય સાધ્વી ।
લેભે ગતિં ધાત્ર્યુચિતાં તતોડન્યં કં વા દયાલું શરણં વ્રજેમ ॥
(ભાગ. ૩–૨–૨૩)

આશ્ચર્યની વાત છે કે, પાપિણી પૂતનાએ પોતાનાં સ્તનો ઉપર હળાહળ વિષ લગાવીને જેને માંરી નાખવાની ઇચ્છાથી સ્તનપાન કરાવ્યું; છતાં જેણે તેને ધાત્રીને યોગ્ય ગતિ આપી; એવા દયાળુ શ્રીકૃષ્ણને છોડીને અમે બીજા કોને શરણે જઇએ ?

(ભાગ ૩–૨–૨૩)

અનુવાદ : **મગનભાઇ તન્ના**

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ** (ચરણ રજ–સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૫ મું

શ્યામ સંગ શ્યામ વ્હે રહી શ્રીયમુને,
સુરત શ્રમબિંદુતે, સિંધુસી બહી ચલી;
માનો આતુર અલી રહી ન ભવને. ૧
કોટિ કામહિ વારો, રૂપ નેનન નિહારો,
લાલ ગિરિધરન સંગ કરત રમને;
હરખિ 'ગોવિંદ' પ્રભુ નિરખિ ઇનકીઓર,
માનો નવદુલહની, આઇ ગૌને. ૨

અર્થ :– સઘન ઘન સમાન શ્યામ સુંદરની સંગે શ્રીયમુનાજી પણ શ્યામ સ્વરૂપ બની રહ્યા છે. (શ્રીયમુનાજી જયાંથી પ્રગટ થયા છે ત્યાં આટલા વિશાળ હતા નહીં, પરંતુ શ્રીઠાકોરજી અને વ્રજભકતોની લીલા પ્રસંગે પ્રગટ થયેલા શ્રમજલની પ્રાપ્તિ થયા પછી આપ વિશાળ સ્વરૂપથી દર્શન આપે છે. આપ વેગ પુર્વક એવા દોડી રહ્યા છે કે જાણે કોઇ પ્રેમીકા પોતાના પ્રિયતમને મળવા માટે દોડી ન રહયા હોય તેમ આપને પણ પ્રિયતમને મળવાની ઉત્કૃષ્ટ અભિલાષા છે. એટલે ભૂવનમાં રહેવાનું આપને કેમ ગમે ? ૧

લાલ ગિરિધરણ સાથે આપ રમણ કરે છે. શ્રીયમુનાજીનું સૌંદર્ય એવું અલૌકિક છે કે નયનોથી નિરખતાં જ રહિયે છતાં તૃપ્તિ ન થાય અરે ! એ રૂપ ઉપરતો કરોડો કામ દેવને ન્યોછાવર કરી નાખીયે, એવો મનમાં ઉલ્લાસ પ્રગટ થાય છે. ત્યારે શ્રીઠાકોરજી પણ શ્રીયમુનાજીના સમાગમથી પ્રસન્ન થઇ આપને એકટક નિરખતા જ રહે છે. તે (એવું લાગે છે કે) કેમ જાણે કોઇ નવવધું પ્રથમ આણે પતિગૃહે ન આવી હોય ! આવો પ્રેમ શ્રીઠાકોરજીના હૃદયમાં પ્રગટ થઈ રહ્યો છે. એ પ્રમાણે ગોવિંદ સ્વામી શ્રીયમુનાજીના સ્વરૂપનું વર્ણન કરી રહયા છે. ૨

વિવેચન :– જલસ્વરૂપ શ્રીયમુનાજી શ્યામ સ્વરૂપ છે. શ્રીઠાકોરજી પણ શ્યામ સુંદર છે. બન્ને અભિન્ન સ્વરૂપ છે. બન્ને રસાત્મા છે. શ્રીઠાકોરજી 'રસોવૈસઃ' છે, તો શ્રીયમુનાજી સ્વયં રસ–સ્વરૂપ છે. ભગવદ સાદ્રશ્ય સ્વરૂપાત્મક છે. આપનો પ્રભાવ પણ પ્રભુ સમાન છે. સ્વયં શ્રુતિ પણ એનું સમર્થન કરે છે.

'આનંદ સ્તમસિ પ્રતિષ્ઠતઃ' આ આનંદ શૃંગાર સ્વરૂપ છે. શૃંગારનો વર્ણ **'શ્યામોહિ શૃગાર રસઃ,'** શ્રીમદ્ ભાગવતમાં પણ શૃંગાર રસને શ્યામ વર્ણ બતાવવામાં આવેલ છે. શ્રી સુબોધિનીજીમાં પણ શૃંગાર રસને શૃગાર **રૂપે પ્રથોઉરસિઃ'** એમ કહેલ છે.

સઘન મેઘ પણ શ્યામ છે. જે પોતાના ભકત ચાતકની તૃષા શાંત કરે છે. મેઘને શ્રી કૃષ્ણનો મિત્ર કહયો છે. કારણકે ગોચારણ પ્રસંગે શ્રીઠાકોરજીની સેવાર્થ એ છત્ર સમાન બની ઝીણી ફુહારથી શ્રીઠાકોરજીના તાપનું નિવારણ કરે છે. મેઘ જડ હોવા છતાં ચાતકની તૃષાનું નિવારણ કરે છે. વર્ષા દ્વારા સમસ્ત સંસારની તૃષા અને ક્ષુધા મટાડે છે.

મેઘ જડ હોવા છતાં પણ સંસારનું અને પોતાના ભકતનુ સંકટ નિવારણ કરે છે. તો પછી શ્યામ સ્વરૂપ શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીના ભકતોની કઈ અભિલાષા અપૂર્ણ રહે ? એટલે જ શ્રીમહાપ્રભુજીએ પણ **'નમામિ યમુના મહં'** કહી શ્રીયમુનાજીને નમન કર્યું છે. કારણ કે શ્રીયમુનાજી સાક્ષાત્ શ્રીઠાકોરજીના આધિદૈવિક પુષ્ટિ શકિત છે. પુષ્ટિ ભકિત સ્વરૂપ છે.

શ્રીગોવિંદસ્વામીયે આ પદમાં શ્રીનાથજી અને શ્રીયમુનાજીના અભેદ સ્વરૂપનું વર્ણન કર્યું છે. ગોવિંદસ્વામીને શ્રીનાથજીના સ્વરૂપમાં આસકિત અને સખ્ય ભાવ શ્રીયમુનાજીની કૃપાથી પ્રાપ્ત થયો છે તેના પ્રમાણરૂપ એક પ્રસંગ છે.

એક વખત શ્રીગુસાંઈજી શ્રીનાથજીના શૃંગાર કરતા હતા. ત્યારે શ્રીનાથજીયે ગોવિંદસ્વામીને સાત કાંકરી મારી ત્યારે ગોવિંદ સ્વામીયે શ્રીનાથજીને એક કાંકરી મારી આ પ્રસંગ ગોવિંદ સ્વામીનો શ્રીનાથજી સાથેનો સખ્ય ભાવ પ્રસિદ્ધ જણાય છે. પરંતુ વાસ્તવમાં તેનો જુદો જ ભાવ છે. શ્રીનાથજીયે ગોવિંદસ્વામીને સાત કાંકરી મારીને સંજ્ઞામાં પ્રશ્ન કર્યો છે કે 'મારા સિવાય અન્ય સાત નિધિસ્વરૂપો છે. તેમાથી કયા સ્વરૂપમાં તારી આસકિત છે ?' ત્યારે ગોવિંદ સ્વામીએ પ્રત્યુત્તરમાં શ્રીનાથજીને એક કાંકરી મારીને સમજાવ્યું કે 'મને તો એક માત્ર આપના સ્વરૂપમાં જ આસકિત છે.

(વાર્તા સાચી છે પરંતુ ભાવાર્થ વિકૃત બને છે. શ્રીનાથજી અને અન્ય સ્વરૂપોમાં ન્યુનાધિકતા કેમ દેખાય ? તે પણ શ્રીગોવિંદસ્વામીને !)

આવી સ્વરૂપાસકિત ગોવિંદસ્વામીને શ્રીયમુજીના અનુગ્રહથી થઇ છે.

સોરઠો

શ્યામની સંગે શ્યામ કૃષ્ણ સમા શોભી રહ્યા;
વારોં કોટિક કામ, નયણે નિરખું માવડી.

(ક્રમશઃ)

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

જીવના જ્ઞાતૃત્વાદિ ધર્મો

કેટલાક વાદીઓ જીવને જ્ઞાન માત્ર માને છે, જ્ઞાતા માનતા નથી, કારણ કે જ્ઞાતા માનવામાં તેઓને દ્વૈત થઇ જવાનો ભય લાગે છે. પરંતુ શુદ્ધ બ્રહ્મવાદમાં તો શ્રુતિ, સૂત્રોની પ્રમાણે જ વ્યવસ્થા કરાઇ છે. શ્રુતિ સૂત્રોમાં જીવને બ્રહ્મનો અંશ માન્યો છે. જેમ અગ્નિ દાહક છે માટે તેનો અંશ તણખો પણ દાહક જ છે એવી રીતે બ્રહ્મ જ્ઞાતા છે માટે એનો અંશ જીવ પણ જ્ઞાતા છે. એ વાત બીજી છે કે વિસ્ફુલિંગમાં અગ્નિના જેવી સર્વ દાહક શકિત નથી એવી રીતે જીવમાં પણ બ્રહ્મની માફક સર્વજ્ઞતા નથી, પરંતુ તે જ્ઞાતા તો છે. જ માટે જ 'જ્ઞાઅત એવ ચ' આ સૂત્રમાં શ્રી વેદવ્યાસજી પણ કહે છે કે બ્રહ્માંશ જીવ બ્રહ્મસ્વરૂપ છે, માટે જ જ્ઞાતા પણ છે. જીવ જ્ઞાતા છે, જ્ઞાન તેનો ધર્મ છે. ધર્મ અને ધર્મીનો સૂર્ય અને પ્રભાની માફક અભેદ (અદ્વૈત) છે, માયાવાદી લોક કહે છે કે જીવ કર્તા તથા ભોકતાની માફક ભાસમાન છે, બુદ્ધિ સંબંધથી જ જીવ કતૃત્વાદિ ધર્મોનો આરોપ માત્ર છે. કારણ કે ગીતામાં કહ્યું છે કે.

> પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।
> અહંક્રાર વિમૂઢાત્મા કર્તાહમિતિ મન્યતે ॥

અર્થાત્ પ્રકૃતિના ગુણોથી કરાયલાં બધાં કર્મોને અહંકારથી મોહિત થયેલો આ જીવ હું કર્તા છું. આવું માની બેઠો છે.

આવું કહેવું પણ માત્ર તેઓનું સાહસ લેખાય આ ગીતાનો શ્લોક તો મતાન્તરનો અનુવાદ માત્ર રહ્યો છે, યદિ વાસ્તવમાં જીવ અકર્તા હોય તો પછી સંદેહ નિવારક સૂત્રમાં, શાસ્ત્રકર્તા શ્રી વેદવ્યાસજી કર્તા શાસ્ત્રાર્થવત્વાત્ આ સૂત્રમાં આમ નહિ કહેત કે જીવ કર્તા છે, ત્યાં કહ્યું છે કે જીવ કર્તા છે, શાસ્રોની સફલતા હોવાથી અર્થાત વેદમાં કહ્યું છે કે 'કારીર્યા વૃષ્ટિ કામો યજેત' 'જ્યોતિષ્ટોમેન સ્વર્ગકામો યજેત' અર્થાત જેને વૃષ્ટિ જોઈતી હોય તેણે કારીરી નામનો યોગ કરી ભગવાનને પ્રસન્ન કરવા અને જેને સ્વર્ગના પથે પ્રયાણ કરવાની ઇચ્છા હોય તેણે જ્યોતિષ્ટોમ યજ્ઞથી ભગવાનનું ભજન કરવું. હવે અહીં એવો પ્રશ્ન ઊઠે છે કે આ બધાં કર્મો કોને કરવા માટે કહ્યાં છે ? જીવને પરમાત્માને કે પ્રકૃત્તિને ? અગર પ્રકૃતિ માટે કહો તો તે બની શકતું નથી, કારણ કે પ્રકૃતિ જડ છે તે કર્તા થઇ શકતી નથી. કદાચ પરમાત્માને માટે યજ્ઞાદિ કર્મો કરવા કહ્યાં છે. આમ કહો

તો પણ ઠીક નહિ કારણ કે પોતે આપ (પરમાત્મા) આપ્તકામ છે (જેમણે બધાંયે મનોરથો પ્રાપ્ત કરી લીધાં છે) માટે જ તેને કર્મ કરવાની કંઇ આવશ્યકતા નથી. માટે આપને માનવું પડશે કે જીવજ કર્તા છે. આમ છતાં પણ અગર જીવને કર્તા ન માનો તો સમગ્ર શાસ્ત્રોનો વિપ્લવ (નાશ) થઈ જશે જીવમેવાધિકૃત્ય વેદે અભ્યુદયાનિઃ ત્રેયસફલાર્થં સર્વાણિ કર્માણિ વિહિતાની। બ્રહ્મણો અનુપયોગાત। જડસ્યા શાકયાત્વાત । ઇત્યાદિ શ્રીમદ્ વલ્લભાચાર્યચરણાઃ અણુ ૨,૩,૩૩. વેદમાં અભ્યુદય અને નિઃશ્રેયસ (મોક્ષ) માટે સમગ્ર કર્મો કહ્યાં છે, તે બધાં જીવને કર્તા માનવાથી જ સાર્થક થાય છે. બીજું પણ 'વિહારોપ દેશાત' આ સૂત્રદ્વારા જીવનો ગાંધર્વાદિ લોકમાં વિહારોપદેશ કરવાથી કતૃત્વનું નિરૂપણ કર્યું, છે, અર્થાત યત યત કામયતે તત તત ભવતિ ઇત્યાદિ શ્રુતિ દ્વારા વેદમાં જીવનો ગાંધર્વાદિ લોકમાં વિહાર કહ્યો છે. હવે અગર જીવ કર્તા ન હોત તો વેદમાં વિહારનું વર્ણન શા માટે આવત ? માટે જીવ કર્તા છે એજ શ્રુતિસિદ્ધ છે.

અહીં એવો એક પ્રશ્ન ઉઠે છે કે જીવ અગરકર્તા છે તો પછી તેનો મોક્ષ ન થવો જોઇએ. શાસ્રમાં લખ્યું છે કે 'પ્રારબ્ધ કર્મણાં ભોગાદેવ ક્ષયઃ' અર્થાત્ કરેલાં કર્મોનો ભોગકરવાથી જ નાશ થાય છે, તો જે કર્તા છે, તેને જન્મ, મરણ, સુખ, દુઃખાદિ વિગેરે ભોગવવાં જ પડશે. તો પછી જીવનો મોક્ષ થવો જ અસંભવ છે, તો એ વાત ઠીક છે. પરંતુ એનો સુંદર ઉત્તર શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને જ આપી દીધો છે કે–

બ્રહ્મણ્યાધાય કર્માણિ સંગં ત્યકત્વાકરોતિયઃ
લિપ્યતે ન સ પાપેભ્યઃ પદ્મપત્રમિવાંમસા' ॥

અર્થાત્–સંગનો પરિત્યાગ કરી સમગ્ર કર્મોને ભગવાનના ચરણારવિંદમાં સમર્પણ કરી જે કોઈ કર્મ કરે છે તો તે પદ્મ (કમલપત્ર) જેમ જલથી-લેપાતો નથી. એટલા માટે જ પાદોઅસ્યવિશ્વાભૂતાનિ' મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ એષોણુરાત્મા ચેતંસાચેદિતવ્યો આલોમભ્ય આનખોગ્રેભ્યઃ' યત્ યત્ કામયત તત્ તત્ ભવતિ કર્તા શાસ્ત્રાર્થવત્વાત્' બ્રહ્મણ્યાધાય કર્માણિ ઇત્યાદિ શ્રુતિ, સ્મૃતિ તથા સૂત્રોથી એજ સિદ્ધ થાય છે કે 'જીવ બ્રહ્મનો અંશ છે, અણુ છે, કર્તા છે. જ્ઞાતા છે, ઇતિ શમ્.

માનુષ્યમસ્ખલિત વૃત્તિ ન લભ્યતે ચે
લ્લભ્યેત કસ્તદિહ જીવપરાત્મભેદઃ ।
તન્મે ભવેદિહ યદિ સ્ખલિતં કદાચિત્
ભવ્યૈરભવ્યમપિ તદયયા વિશોધ્યમ ॥૧॥
સંગૃહ્ય ભાષ્યજલધેર્નિજતત્ત્વબિન્દૂન
દ્રોણી મયા વ્યરચિ કાર્યનિરૂપણસ્ય ।

અસ્યાં કકચિત યદિ ધુણાક્ષરતઃ સુધા સ્યાત
શ્રી પુરૂષોત્તમગુરોઃ સં મયિ પ્રસાદ ॥૨॥

અર્થાત આ જગતમાં જેણે મનુષ્ય દેહ ધારણ કર્યો છે, સંભવ છે કે તેની વૃત્તિ ભુલ ભરેલી જ હોય છે. અગર મનુષ્યવૃત્તિ ભ્રમરહિત મળવા લાગે તો પછી જીવ અને ઈશ્વરમાં કોઈ ભેદ ન રહે એ માટે યદિ આ ગ્રંથમાં પણ મારી સ્વાભાવિક ભૂલથી કોઇ ભૂલ રહી ગઇ હોય તોં ભવ્ય પુરૂષો કૃપા કરી તે ભુલને સુધારી લેશો.

મેં ભાષ્ય, વિદ્વન્મંડનાદિ અમૃતસાગરમાંથી કેટલાક સિદ્ધાંત બિંદુઓનો સંગ્રહ કરી આ કાર્ય નિરૂપણરૂપ દ્રોણી બનાવી છે. એમાં ધૂણાક્ષરન્યાયથી અગર કોઇ જગ્યાએ સારો વિષય મળી આવે તો તે બધું લશ્કર રાજપૌરાણિક ભટ્ટ શ્રી પુરૂષોત્તમગુરૂચરણનો પરમ અનુગ્રહ છે એમ જ સમજવું જોઇએ.

પ્રથમ ભાગ સમાપ્ત

મહત્વની વિનતિ

આ પહેલાંના અંકોમાં યમુનાષ્ટક, બાલબોધ અને સિદ્ધાંત મુકતાવલિ એ ત્રણ ગ્રંથો તેના મૂળ શ્લોકો સાથે, અર્થ સહિત આપવામાં આવેલ છે. ઉપરાંત પૂ. પા. આચાર્યશ્રીઓની તેના ઉપરની સંસ્કૃત ટીકાઓનું ગુજરાતી ભાષાંતર પણ અપાયેલ છે. આ વર્ષના અંકોમાં 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ એ જ રીતે અપાય છે. ષોડશગ્રંથોમાંના એ ગ્રંથો જેમાં છપાયા છે, તે બધા જ અંકો હજી પણ પ્રાપ્ત થઇ શકે તેમ છે. આવું અતિ ઉત્તમ પુષ્ટિ સાહિત્ય પ્રત્યેક સહૃદયી વૈષ્ણવભાઇ બહેનોએ અવશ્ય વસાવવું જોઇએ, જેના વાચન, મનન અને દર્શન માત્રથી માનવી હૃદયોનું તેમજ ગૃહનું વાતાવરણ પણ પવિત્ર થશે. તેથી વિનતિ કરીએ છીએ કે, આ અમૂલું પુષ્ટિ સાહિત્ય દર વર્ષના માત્ર રૂા. દશમાં જ મળી શકશે. અને એ રીતે ખોટમાં ચાલતા અમારા કાર્યને પણ વેગ મળશે. પ્રકાશન કાર્યને હરકોઈ રીતે ઉત્તોજન મળે તે ખાસ જરૂરી છે.

(ગતાંકથી આગળ) લેખક : **વૃન્દાવિનસ્થ 'બિન્દુસ્વામી' સંકલન-'મધુકર**

કાવ્ય ૩

અગર પ્રેમકી ઇસ દિલમેં લગી ઘાત ન હોતી ।
તો સચ હૈ કિ મોહનસે મુલાકાત ન હોતી ।।
સરકાર કો નજરાને મેં દેતા મૈં ભલા કયા ? ।
કુછ પાસ ગુનાહોં કી જો સોગાત ન હોતી ।।
કયોં હોતે મુખાતિબ વો ભલા મેરી તરફસે ।
આહો મેં કશિશ કી જો કરામત ન હોતી ।।
બસ દર્દે મુહબ્બત કા યહ મારા તમાસા ।
યહ દિલમેં ન હોતા તો કોઇ બાત ન હોતી ।।
દગ 'બિન્દુ' બતાતે હૈ કિ ઘનશ્યામ હે દિલમેં ।
ઘનશ્યામ ન હોતા તો યે બરસાત ભી ન હોતી ।।

કાવ્ય ૪

હે મેરે ઘનશ્યામ ! હૃદયાકાશ પર આયા કરો ।
ગ્રીષ્મ ૠતુ કલિકાલકી હે ધૂપ તુમ છાયા કરો ।।
દામીની કે બિન દયાજલ દાન દે સકતે નહીં ।
ઇસ લિયે શ્રી રાધિકા કા સાથ મેં લાયા કરો ।।
જિસકી ગર્જનમેં સરસ અનુરાગ કી હે ધ્વની ભરી ।
ઉસ મધુર મુરલીસે જનમન મોર હર્ષાયા કરો ।।
પ્યાસ હે જિનકી તુમ્હારે દર્શનો કી હી સદા ।
ઉન તૃષામય ચાતકકે દગ ન તરસાયા કરો ।।
પ્રેમકે અંકુર વિરહી કી અગ્નિ મેં ઝુલશે નહીં ।
યદિ સમય પર કુછ કૃપા કે 'બિન્દુ' બરસાયા કરો ।।

કાવ્ય ૫

પ્રભો ! દો યહ પીડા મય પ્યાર ।
જિસકી વિષમ વેદનામેં ભી હો સુખ કા સંચાર ।।
મનકા મનમોહનસે એસા બંધ જાયે કુછ તાર ।
જિસસે યહ મન ભી હો જાયે મોહન કા અવતાર ।।
સુધિ કોં સુધિ ન રહે એસાહિ વિસ્મૃતિ કા વ્યાપાર ।
જીવન કી ગતિ મેં જાયે ગતિ ભી ભાર ।।
ઉર ઉમંગા દો વિરહ સિન્ધુ કોં ઇતના અગમ અપાર ।
જિસકે એક 'બિન્દુ' મેં પડકર પહુંચ ન પાઉ પાર ।।

નમ્ર નિવેદન

આદરણીય ધર્મપ્રેમી જિજ્ઞાસુ સમાજની સેવામાં;

જગતના એક સમર્થ દાર્શનિક, તત્ત્વચિંતક, ભારતીય સનાતન સંસ્કૃતિના રક્ષક પ્રચારક અને પ્રસારક, ભારતના સનાતન પુનરુત્થાન માટે નિત્ય નિરંતર ધોતી ઉપરણો ધારણ કરી ખુલ્લે ચરણકમલે સમગ્ર ભારતની ત્રણ–ત્રણ વાર પરિક્રમા કરનાર, સંપ, સહયોગ, સહઅસ્તિત્વ, સદાચાર, પ્રેમ, ભક્તિ, સેવા સ્મરણ, સમર્પણાદિની સવિતાતનયા સદૃશ અનુપમ રતન સમી ભાવ ભાવનાનું સુદૃઢ સ્થાપન કરનાર, જગતના એક અજોડ, અલૌકિક ભૂમંડલાચાર્ય જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટ્યના પંચશતાબ્દી મહોત્સવ વર્ષના સ્મૃતિરૂપે "શ્રીમદ્ વલ્લભાચાર્ય નગર અને અષ્ટ છાપ સ્મૃતિદ્વાર નિર્દેશિકા" ૮ પેઇજ ક્રાઉન સાઇઝમાં ૩૦૦ પેઇજ ઉપરાંતનો દળદાર ગ્રંથ પાકા બાઇન્ડિંગવાળો છપાવવા વિચાર્યું છે.

સદરહુ ગ્રંથમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી, શ્રીમદ્ વિઠ્ઠલનાથજી, સાત લાલજી, અષ્ટછાપ ભક્ત કવિઓ, નિધિ, સ્વરૂપો, વગેરેનાં સંક્ષિપ્ત ચરિત્ર ઉપરાંત શુદ્ધાદ્વૈત સંપ્રદાયને પ્રતિપાદિત કરતા તેમજ સિદ્ધાન્તોનું દિગ્દર્શન કરાવતા ગદ્ય–પદ્ય સાહિત્યના પુ. પા. ગોસ્વામી બાલકો તથા વિદ્વાનોના લેખોનો સમાવેશ કરવામાં આવશે. તેમ જ શક્ય તેટલાં ચિત્રજી પણ અપાશે.

સદરહુ ગ્રંથ છપાવવામાં આપનો સહકાર પ્રાપ્ત કરવા માટે ત્રણ યોજના પ્રસ્તુત છે.

૧. આપના વેપાર–ઉદ્યોગની જાહેરાત આપીને

આખું પાનું – રૂ. ૨૫૦–૦૦ અરધું પાનું – રૂ. ૧૨૫–૦૦ પા પાનું – રૂ. ૭૫–૦૦

જાહેરાત આપનારને એકેક પુસ્તક ભેટ અપાશે.

૨. સહાયના દર રૂ. ૧૦૦ એકસોએ એક પુસ્તક ભેટ અપાશે તથા સહાયક તરીકે પુસ્તકમાં નામ છપાશે.

૩. આગોતરા ગ્રાહક તરીકે દર એક પુસ્તકના રૂ. પચાસ લેખે સં. ૨૦૪૧ના માગશર વદ ૯ સુધીમાં રોકડા આપી નામ નોંધાવવાથી પુસ્તક તૈયાર થયે મોકલાવાશે.

રકમ મ. ઓ. થી કે બેંક ડ્રાફ્ટથી "રવજી પ. પટેલ" રાજકોટના નામથી મોકલાવવા વિનંતિ છે.

મ. ઓ. કે. પત્ર વ્યવહાર કરતી વખતે આપનું પુરેપુરું સરનામું સારા અક્ષરથી લખી મોકલવા વિનંતિ છે.

નોંધ :– પુસ્તક મોડામાં મોડું સં. ૨૦૪૧ના ચૈત્ર વદ ૧૧ (શ્રી વલ્લભ જયંતિ) સુધીમાં પહોંચતું કરવામાં આવશે. આ માટેની જવાબદારી આં. રા. પુ. વૈ. પરિષદે ધોરાજી શાખાએ સ્વીકારી છે.

નિવેદક,
આં. રા. પુ. વૈ. પરિષદ,
ધોરાજી શાખા

પત્ર વ્યવહારનું સરનામું
રવજી પ. પટેલ
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે, **રાજકોટ**–૩૬૦૦૦૧.

॥ શ્રી હરિ: ॥

ભક્તિ તત્ત્વ

[લે. ગો. વા. પ. ભ. શ્રી જેઠાલાલ ગો. શાહ]

આ શુદ્ધાદ્વૈત મતમાં જ્ઞાન કરતાં ભક્તિ અધિક છે, તોપણ જ્ઞાનયુક્ત ભક્તિનો આદર કર્યો છે. બ્રહ્મના માહાત્મ્યના જ્ઞાનપૂર્વક સર્વથી શ્રેષ્ઠ, નિરુપાધિ અને સુદૃઢ સ્નેહ એનું નામ ભક્તિ છે. જેમ બ્રહ્મના રમણ માટે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એ ત્રણ રૂપો છે, તેમ તેને પ્રાપ્ત કરવાને પણ ત્રણ માર્ગો કર્મ જ્ઞાન, અને ભક્તિના છે. કર્મ એ આધિભૌતિક માર્ગ છે. તેનાથી આધિભૌતિક જગતમાં પુનરાવૃત્તિ હોય છે. તેનાથી વિષયાનંદની પ્રાપ્તિ થાય છે. કર્મથી સ્વર્ગાદિ લોકમાં ગતિ છે, પણ પુણ્યકર્મનો સંચય ક્ષીણ પામતાં આ જગતમાં તેને પાછા ફરવું પડે છે. જ્ઞાનથી આધ્યાત્મિક સ્વરૂપ અક્ષર બ્રહ્મમાં લય એ ફળ મળે છે ત્યાંથી પુનરાવૃત્તિ નથી.

ત્રીજો માર્ગ ભક્તિનો, તે આધિદૈવિક સ્વરૂપ પુર્ણ પુરૂષોત્તમની સાથે અલૌકિક વિગ્રહથી સર્વ મનોરથ સિદ્ધ કરવાને કૃપાનંદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીઓ અક્ષરબ્રહ્મને પરમ ફલ માને છે, જ્યારે ભક્તો અક્ષરબ્રહ્મથી પણ પર રસાનંદ પુર્ણ પુરૂષોત્તમની પ્રાપ્તિને પરમ ફલ માને છે. તેમને જલમાં સાકરની માફક બ્રહ્મમાં લય પામવાથી તેમના મનોરથની સિદ્ધિ નથી, પણ તે સ્વરૂપ સાકરનો આસ્વાદ લેવામાં છે.

ભક્તિના પણ બે પ્રકાર છે, સાધનરૂપા અને સાધ્યરૂપા. સાધનરૂપ ભક્તિ એટલે નવધા ભક્તિ અને સાધ્ય એટલે ફલરૂપા અથવા પ્રેમલક્ષણા ભક્તિ. આ ભક્તિનો અર્થ સ્નેહ જ કરવાંમાં આવે છે. અને તે સેવાદિ દ્વારા પ્રગટ થાય છે. સેવાફલમાં તનુજા, વિત્તજા અને માનસી એ ત્રણ પ્રકારની સેવા દર્શાવી છે. તેમાં તનુજા અને વિત્તજાથી માનસી સેવા સિદ્ધ કરવાની છે. આ સેવાથી ચિત્ત સતત બ્રહ્મમાં જ લાગ્યું રહે છે. આ માનસી સેવા એ જ પ્રેમલક્ષણા ભક્તિનું બીજું રૂપ છે.

કાવ્યશાસ્ત્રમાં પ્રેમના સ્નેહ, આસક્તિ, વ્યસન અને તન્મયતા, એવા મુખ્ય ચાર પ્રકાર રહ્યા છે. તેમાં સ્નેહના દૃગ્રુચિ, સ્મૃતિ, અભિલાષા અને ઉદ્વેગ એ ચાર પ્રકાર. આસક્તિના ઉન્માદ, વ્યાધિ અને પ્રલાપ. વ્યસનના જડતા અને મૂર્છતા જણાવ્યા છે. આ પછી અન્તિમ અવસ્થા તે તન્મયતાની છે જે અવસ્થામાં તે ભક્ત વિરહાવસ્થાની છેલ્લી કક્ષામાં હોય છે કે જેથી પ્રભુ સિવાય તેનો પ્રાણ ચાલી જવાની તૈયારીમાં હોય છે. આ અવસ્થા તન્મયતાની દશા કહેવાય છે. આ સ્થિતિમાં પ્રભુ પ્રગટ થાય છે.

પ્રેમભક્તિની સંયોગ અને વિપ્રયોગ અવસ્થામાંથી વિપ્રયોગ અવસ્થાને ફલરૂપ માનેલી છે. ભક્તિવર્ધિની ગ્રન્થમાં શ્રી વલ્લભાચાર્યે ભક્તિનાં સ્નેહ, આસક્તિ અને વ્યસન એવાં ત્રણ રૂપ આપ્યાં છે, અને તે ભક્તિની વૃદ્ધિ કેવી રીતે થાય તે જણાવ્યું છે. તે ગ્રન્થમાં કહે છે કે ગૃહમાં સ્થિત રહીને સ્વધર્મ પરાયણ બની વિક્ષેપ થવા દીધા વગર પ્રભુ-કૃષ્ણની સેવા કરવી. આમ કરવાથી જયારે પોતાના કામ, ક્રોધાદિક વિકારો તથા સંસારનું મારૂં તારૂં જતું રહે, ત્યારે એમ સમજવું કે પ્રભુને માટે સ્નેહ થયો છે. પછીથી આ સ્નેહ વધીને આસક્તિરૂપ ધારણ કરે છે, ત્યારે સંસાર ફીકકો લાગે છે. ગૃહ ઉપર રુચિજ રહેતી નથી. પછીથી વ્યસન અવસ્થામાં કૃષ્ણ એ જ ખરા છે, એમ જાણીને તેના વગર એક ક્ષણ પણ રહી શકતો નથી; પ્રભુને માટે ખરી વિરહ ભાવના તેજ ખરો સંન્યાસ છે. વ્રજાંગનાઓમાં આવો ઉત્કટ સ્નેહ ભગવાન માટે હતો, માટે તે ખરાં સંન્યાસિની મનાયાં છે.

ભક્તિ પરાયણ જીવ તો મુક્તિની પણ કામના કરતો નથી. તેને તો પ્રભુની નિકટ જવું છે અને રાસાદિ લીલાનો સાક્ષાત્કાર કરવો છે. જયારે ભનિક્ત આગળ પ્રભુ પ્રકટ થાય છે, ત્યારે પ્રથમ તેનાં નેત્રો તથા મનથી શ્રીમુખની સુધાનું પાન કરે છે, અને તેથી ભક્તના ચિત્તમાં પરમ પ્રમોદનો આવિર્ભાવ થાય છે. પછીથી કોઈક અનિર્વચનીય ભાવ ઉત્પાદન થાય છે. પછી ભગવાનના સ્વરૂપની સાથે સઘળી ઇન્દ્રિયો સહિત સંભાષણાદિ કરે છે. પછીથી ભગવાન તેના સઘળા મનોરથો પૂર્ણ કરે છે. જ્ઞાનમાં તો ફક્ત દુઃખના અભાવરૂપી ફલ છે. પણ ભક્તિમાં દુઃખનો કેવલ અભાવ જ નથી, પણ પુર્ણાનંદનો અનુભવ પણ હોય છે. અર્થાત ભક્તિમાં કૃપાનંદ અને રસપાન એ ફલ છે.

જ્ઞાનમાં સ્વરૂપનો લય એ ફલ છે. જયારે ભક્તિમાં સ્વરૂપથી આનંદનો અનુભવ છે. જ્ઞાનમાં પ્રથમ કષ્ટ હોય છે, અને અંતમાં જ દુઃખનો અભાવ અને ગણિતાનંદની પ્રાપ્તિ છે. જયારે ભક્તિમાં શરૂઆતથીજ નિરુતિશય આનંદ છે. જ્ઞાનમાં જીવ પોતાને બ્રહ્મ માને છે, ભક્તિમાર્ગમાં જીવ બ્રહ્મનો અંશ છે, તેથી દાસ તરીકે રહીને ભગવાનનું ભજન કરે છે. જ્ઞાનમાર્ગમાં કામ ક્રોધાદિ પ્રતિબંધકરૂપ છે. ભક્તિમાં તે પ્રતિબંધક હોતા નથી. જ્ઞાનમાર્ગમાં અનેક ભય હોય છે. ભક્તિમાર્ગ હમેશાં નિર્ભય છે,

કારણ કે ભક્ત જે કાંઇ સાધન કરે છે, તે પ્રભુમાં શ્રદ્ધા રાખીને કરે છે. જ્ઞાનમાર્ગમાં સાધન અને ફલ જૂદાં છે. ભક્તિમાર્ગમાં તે બન્ને એક છે, ભક્તિ એ સાધન છે. અને તેનાથી પ્રાપ્ત કરવાનું પણ તેજ છે. જેમનામાં કર્મ, જ્ઞાન કે કોઈ સાધન નથી તેઓ સર્વ ધર્મના ત્યાગપુર્વક પ્રભુને શરણે જાય તો કૃતાર્થ થાય છે, જ્ઞાનમાર્ગમા સાધનની અપેક્ષા છે, ભક્તિ માર્ગમાં સાધનની અપેક્ષા નથી.

(લેખકના અણુભાષ્ય પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત)

अन्तर्-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेहिसन्मार्गरक्षकाः

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૩ : અંક ૮ * નવેમ્બર, ૧૯૮૪ * શ્રી વલ્લભાબ્દ ૫૦૬

શ્રીગોકુલનાથજીની વધાઇ

(રાગ સારંગ)

જયતિનાથ ગોકુલનાથ પ્રાણ પતિ જનનકે માલ મુદ્રા ધર્મ સબનદીનૈ
વે શંકાખાય સંન્યાસ દંડીયકો ભૂપ દિલ્લીશ ધર દંડ કીને ॥૧॥
સકલ ભુવ મંડલાધીશ ચૂડાનમ્યો જાનમાહાત્મ્ય ગુણ શરણ આયો
જાન અપવાદ જીય મૂઢ નિજવેશકો આત્મવંચક કપટ દુર ધાયો ॥૨॥
જયતિજયદેવ તિંહુલોક મેં ધુનિ ભઇ ફિરત વિખ્યાત જગમાંઝ છાઇ
સરસ રંગી પ્રભુ ઇશિ કે ઇશકી શરણ કીયે મહાસિદ્ધિ પાઇ ॥૩॥

શ્રી વલ્લભ સુધા કાર્યાલય ૫૫૧ તક્ષશિલા સો. આકાશવાણી સામે, રાજકોટ–૩૬૦૦૦૧

*

ગો. શ્રી ગટ્ટુલાલજી મહારાજના વચનામૃત

બ્રહ્માંડ મોટું કે ભગવાન મોટા !

એક દિવસે નારદજીએ બ્રહ્માજીને પૂછયું કે મહારાજ ! આ બ્રહ્માંડ મોટું કે ભગવાન મોટા છે? વળી આ બ્રહ્માંડથી ભગવાન થયા છે કે ભગવાનથી બ્રહ્માંડ થયું છે?

બ્રહ્માજીએ કહ્યું કે આ વિંધ્યાચલ પર્વત ચારસેં યોજન ઉંચો છે, તથા ચારસેં યોજન પહોળો છે, પણ તેનું આધિદૈવિક સ્વરૂપ નાનું છે. તેમ આ જગત સર્વ બ્રહ્મરૂપ છે. તે ભગવાનનું રહેવાનું ઘર છે. તેમાં ભગવાન સર્વવ્યાપી રહ્યા છે: તેમ જે વિંધ્યાચળ પર્વત સ્વરૂપાત્મક છે. તે વિંધ્યાચલને ભજશે કે સ્વરુપને ભજશે, માટે સ્વરુપને ભજવું. એ જ યોગ્ય છે. તેમ આ સર્વ જગત બ્રહ્મરુપ છે, પણ જગતને ભજવું નહી, કેવળ ભગવાનના સ્વરુપમાં મન રાખે તો આ જગતને ભુલાય છે. કેમકે પ્રભુ વિના બીજું કાંઇ છે જ નહી અને જ્યારે મન પ્રપંચમાં જાય છે ત્યારે ઘણા રંગના તરંગ ઉઠે છે.

વધાઈ શ્રી સોમયજ્ઞ વધાઈ

પ્રથમપીઠાધીશ્વર પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રણછોડાચાર્યજી મહારાજ: 'પ્રથમેશજી' દ્વારા રાજનગર (અમદાવાદ) માં અસારવા શ્રીગુંસાઇના બેઠકજીના પટાંગણમાં 'વાજપેયી યજ્ઞ' સોમયાગ નું પવિત્ર આયોજન સં. ૨૦૪૧ ના કારતકવદ ૧૪ ગુરૂવાર તા. ૨૨-૧૧-૮૪ થી માગશર સુદ ૧૫ તા. ૮-૧૨-૮૪ સુધી નિર્ધારિત છે.

આ પ્રસંગે પુ. પા. ગોસ્વામી આચાર્યોના વચનામૃતો શ્રીમદ્ભાગવતજી- શ્રીગીતાજી અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તોના અવગાહન, પ્રવચન, તેમજ આ. રા. પુ. વૈષ્ણવ પરિષદના કાર્યકરોનું સંમેલન આદિ વિવિધ ધાર્મીક સંગઠ્ઠનાત્મક કાર્યક્રમો થશે ગુજરાતને આંગણે આ અત્યંત મહત્વનો પ્રસંગ છે.

યજ્ઞસ્થળ
શ્રીગુંસાઇજીના બેઠકજીનું પટાંગણ
અસારવા–અમદાવાદ

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेहि मार्ग रक्षक:

શ્રી
વ
લ્લ
ભ
સુ
ધા

॥ શ્રી હરિ ॥

વધાઇ

–: રાગ સારંગ :–

વંદુ મૃદુચરણયુગ લાલ ગિરિધરનકે ।
શરણદૃઢ કરનેકો પ્રગટ વલ્લભ સુવન ॥
ધર્મરક્ષાકે કાજ સુભગ દ્વિજતનુ સાજ ।
કરૂણા વિસ્તાર કરી વિશ્વકીનો અવન ॥
જીત માયા વાદ દૃઢ કિયો શ્રુતિનાદ ।
સ્વાદુ વાણી વિશદ સુખ ભરી ભવન ॥
ભજન પંથ ભાનું અજ્ઞાનભ્રમ તિમિર હરન ।
જાન નૌરસ અંકુરિત શ્રીરુક્મિણી રમણ ॥
પુરુષ ભૂષણ અંગ નિત્ય નૌતન રંગ ।
આનંદ લહેરી સિંચે મોક્ષ સુખ દમન ॥
શ્રીવિઠ્ઠલનાથ પદચરણરજ પરસ કે ।
દાસ ગોપાલ અબ જાય જાકે કવન ॥

(શ્રીગુસાંઇજીના ઉત્સવ (માગશર વદ ૯) પ્રસંગે મંગલ વધાઇ)

વર્ષ ૩ : અંક ૯–૧૦ ⊞ ડીસે. ૮૪ જાન્યુ. ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૬

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા. ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

સમાચાર

રાષ્ટ્રના ઉત્થાન માટે અને લોકોના કલ્યાણ માટે તથા વિકૃત વાતાવરણને દૂર કરવાના શુભ આશયથી સોમયજ્ઞ યોજવામાં આવે છે એવું પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રથમ પીઠાધીશ્વર પૂ. ગો. શ્રી પ્રથમેશજી મહારાજે ખેડા, પંચમહાલ, વડોદરા, સાબરકાંઠા જિલ્લાના લગભગ ૧૫ મહત્વના નગરોમાં યોજાયેલી વૈષ્ણવોની વિશાળ સભાઓને સંબોધન કરતાં જણાવ્યું હતું. વર્તમાન પરિસ્થિતિમાં ધર્મ, સંસ્કૃતિના રક્ષણ માટે, વૈદિક પરંપરાની જાળવણી માટે, પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રસારાર્થ હવે વૈષ્ણવ સમાજે આં. પુ. વૈ. પ. ના નેજા હેઠળ કટિબદ્ધ બની સંગઠિત બનવું જોઇએ તેવું તેઓશ્રીએ સ્થાન સ્થાન પરની સભાઓને સંબોધન કરતાં વૈષ્ણવ સમાજને અપીલ કરી હતી.

વૈષ્ણવ સમાજે સ્થાન સ્થાન પર પૂ. ગો. શ્રી પ્રથમેશજી મહારાજનું સામૈયું કરીને કળશ–એન્ડ સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. આં. પુ. વૈ. પરિષદના કેન્દ્રીય મંત્રી અને સોમયજ્ઞ સમિતિના સભ્ય પ્રો. ચીમનભાઇ શેઠે ૨૨ નવેંબરથી ૮ ડીસે. સુધી યોજાનારા સોમયજ્ઞ વિશેની જાણકારી આપી હતી, અને તેના મહત્વની વિસ્તૃત સમજ આપી હતી. પ્રા. શ્રી ગોપાલભાઇ શાહ અને શ્રી જતીન શેઠ પ્રવાસમાં જોડાયા હતા. મુંબઇ અને વડોદરાના વૈષ્ણવો પણ પ્રવાસમાં સાથે રહ્યા હતા.

આઠમો સોમયજ્ઞ :– બહુજન સમુદાયના ઐક્ય અને સ્વાસ્થ્યનાં શુભાશયે આગામી ચૈત્ર માસમાં સોમયજ્ઞનું આયોજન સુરત મુકામે થશે. યજ્ઞ દરમ્યાન અનેક પરિષદો અને સંમેલનો યોજાશે. તદઉપરાંત પ્રદર્શનોનું આયોજન પણ થશે. સૌ ભાવિજનોને તન, મન અને ધનથી પહોંચવા વિનંતિ છે.

શ્રી ગોવિંદ પ્રભુ ટ્રસ્ટ, ૧૦/૧૩૭ મોટા મંદિર, સુરત.

–: પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટેની કેસેટ :–

કીર્તનાભુષણ શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાના કંઠે ગવાયેલ વર્ષાઋતુના નિત્યપદ જાગવાથી શયનસુધીના મલ્હાર રાગમાં ગવાયેલ ૨૮ પદોની કેસેટ નં. ૪૨૮, સી–૯૦ ની રૂા. ૩૫–૦૦માં મળશે.

શ્રી રોહીત એન્ટરપ્રાઈસીઝ
એક્સપ્રેસ બુક સર્વીસ, ૨૪૩૫ ઈસ્ટ સ્ટ્રીટ, **પૂના**–૪૧૧ ૦૦૧.

છીન્નભિન્ન બનેલા વૈષ્ણવ સમાજને સંગઠિત કરી તેમાં એકતા ઉભી કરવા, સ્વધર્મ અને સાંસ્કૃતિનું રક્ષણ કરવા, પુષ્ટિમાર્ગનો પ્રચાર કરવા, વર્તમાન પરિસ્થિતિમાં વૈષ્ણવોએ હવે આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ કટિબદ્ધ બની સંગઠિત થવું જોઇશે એવું પૂ. ગો. શ્રી પ્રથમેશજી મહોદયે સોમયજ્ઞના ટાણે અમદાવાદ ખાતે તા. ૭ ડીસેમ્બર ૧૯૮૪ ના રોજ યોજાએલ કેન્દ્રિય કાર્યકરોના સંમેલનને સંબોધન કરતાં જણાવ્યું હતું.

કેન્દ્રીય કાર્યકરોના સંમેલનમાં ગુજરાતના વિભિન્ન સ્થાનો પરથી મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. તે ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ, મુંબઈ, કલકત્તા, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા ઉપરાંત ઇંગ્લેન્ડ અને અમેરિકાથી પણ પ્રતિનિધિઓ આવ્યા હતા.

આં. પુ. વે. પ. ના અ. ભા. કાર્યકર્તા સંમેલનમાં દેશભરમાં ચાલતા વિભિન્ન પ્રોજેક્ટસ અંગે કેન્દ્રીય સંગઠન મંત્રી શ્રી દ્વારિકાપ્રસાદ પાટોડિયા પ્રો. ચીમનભાઇ શેઠ, પ્રો. શાંતિભાઇ બાંભણિયા, શ્રી કુંદનદાસ ઝાલાની, શ્રી વ્રજમોહન વિજયવર્ગીય, શ્રી વલ્લભભાઈ ઝવેરી વગેરેએ વિસ્તૃત સમજ આપી હતી., અને દેશભરમાં આં. પુ. વૈ. પ. ના વધી રહેલા કાર્યને લક્ષમાં લઇ દરેક શાખાને દશસૂત્રિ કાર્યક્રમનું અમલીકરણ કરીને કાર્યને સંગીન બનાવવાનું જણાવ્યું હતું શ્રી કે. કા. શાસ્ત્રીજીએ પુષ્ટિમાર્ગની વિશિષ્ટતાઓ વિશેની સમજ આપી હતી.

(અનુસંધાન ટાઇટલ ૩ જા ઉપર)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિંદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

❋

વર્ષ ૩ : અંક ૯–૧૦
ડીસેમ્બર ૧૯૮૪
જાન્યુઆરી ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/–
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/–
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ–૩૬૦૦૦૧

નમ્ર નિવેદન

શ્રી વલ્લભ સુધાના વિશાળ વાચકવૃન્દની ક્ષમા માંગતાં નમ્ર નિવેદન છે કે ડીસેમ્બર ૧૯૮૪ નો શ્રી વલ્લભ સુધા વર્ષ ૩નો ૯મો અંક અમો અનિવાર્ય સંયોગોને લીધે પ્રસિદ્ધ નથી કરી શક્યા તે અંગે સર્વે સભ્યોની અંતઃકરણ પૂર્વક ક્ષમા માંગીએ છીએ.

પાછલાં મહિને પરિષદના કાર્યક્રમોમાં વિશેષ સ્મરણીય એવાં '**શ્રી વાજપેયી સોમયાગ**'નો કાર્યક્રમ રાજનગર (અમદાવાદ ખાતે તા. ૨૨ નવેમ્બરથી ૮ ડીસેમ્બર સુધી અત્યંત નિર્મળ ધાર્મિક ભાવનાના ઉત્સાહ પુર્વક ઉજવાયો સમગ્ર ભારતના તેમજ વિદેશોમાંની પરિષદની શાખાઓના કાર્યકરોનું સંમેલન યોજાયું જેમાં પ્રેરણાના પુનિત પિયૂષના પાન કરી કાર્યકર્તાઓ પ્રફુલ્લીત થયાં.

પુ. પા. ગોસ્વામી આચાર્યશ્રીઓના ઓજસ્વી સાર ગર્ભિત વચનામૃતો, શ્રી......ના વિવિધ મનોરથોની ઝાંખી પ્રાચીન વૈદિક સંસ્કૃતિના પોષક શ્રી યજ્ઞનારાયણના દર્શનનો લાભ સમગ્ર ગુજરાતની જનતાએ લીધો.

નજીકના ભવિષ્યમાં જ સૂરતમાં પણ શ્રી સોમયાગનો મંગલ મહોત્સવ યોજાવાની વધાઇ મલી છે આ સાથે ગુજરાત મુંબઇના વૈષ્ણવ અને સમગ્ર ધાર્મિક જગતને અનેરા આનંદનો લાભ મળશે.

❋

—સંપાદક.

॥ શ્રી હરિ: ॥

વિચારો

પરસ્પર સદ્‌ભાવની સાથે ધર્મમાં સત્ય આચરણ જરૂરી છે.

લેખક : **પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ**
(મૂળ હિન્દી લેખનું ગુજરાતી ભાષાંતર)

ધર્મથી આત્મશાન્તિ અને બધા પ્રકારની ઉન્નતી થાય છે તેમ આપણને શ્રીમદ્‌વલ્લભાચાર્યજી બતાવે છે. પરંતુ લોકોના મનમાં કંઇક શંકાઓ ઉભી થાય છે. એમ થવું સ્વાભાવિક છે. કિન્તુ આપણે આ વિષયમાં એ વિચારવું જોઇએ કે ધર્મનું સચ્ચાઇથી પાલન કરવાથી જ એ લાભો સમાજને મળી શકે છે.

આજે આપણા આન્તર ધર્મમાં કેવળ પ્રદર્શન (દેખાવ) નીજ ભાવના કામ કરી રહી છે જેનુ પરિણામ એ છે કે સમાજ અશાન્ત અને પીડિત છે માંહયોમાંહય મુંઝાય છે તેને માર્ગ નથી સુઝતો આ સ્થિતિ ઉભી થવાનું કારણ એ છે કે આપણે ખૂલ્લા મનથી વાત નથી કરી શકતા અને આપણુ મન આવી સ્થિતિમાં પણ શંકોચનો ત્યાગ નથી કરી શકતું.

આ આચરણનોદોષ, વધુ પડતુ વ્યવહારનું ચિંતન અને અતિ બુદ્ધિવાદિતાને કારણે આવ્યો છે જેણે આપણી આત્મિયતાને આઘાત આપ્યો છે.

ધર્મના અનેક સ્વરૂપ અનેક પ્રકારથી શ્રીવલ્લભાચાંર્યજી આપણને સમજાવે છે તેનુ કારણ એ છે કે આપણા વ્યવહારમાં અનેકતામાં એકતાનો વિચાર કરવાનું આપણે શિખી શકીએ. આ પ્રકારનું ચિન્તન લીલાના માધ્યમથી આપણને બતાવવાનું કારણ એજ છે કે હર પ્રકારની લીલા સહજ અને સરલ છે અને તેની ઉપર ચિંતન પણ એજ રીતે સ્નેહ દ્વારાજ કરી શકાય છે. આવોજ વ્યવહાર અને ધર્મના ચિન્તનનો સંબંધ સમાજ સાથે હોવો જોઇએ. ત્યારેજ આપણને શાન્તિ અને આનંદ મલશે. વાસ્તવિક પ્રેમથી આવનારી મધુર આનંદ દાયક દીનતાના સ્થાને આજે કપટ અને સ્વાર્થની હીનતાએ આપણને ઘેરી લીધા છે, બધાં મલીને, આ દોષને ભગવાનના આશ્રય અને શ્રીવલ્લભાચાર્યજીના ઉપદેશથી જ દુર કરી શકીએ, આજ તો બીજા ઉપાય કામના નથી બીજા ઉપાયો પાછડ આવું ત્યાગમય સરસ ચિંતન અને સ્નેહ નથી જે તેની આંતરિક પ્રેરણા દઇ શકે.

ભગવાને સહુને સુખદાન કર્યું છે અને ભકતોએ એને હળીમળીને પ્રાપ્ત કર્યું છે કિન્તુ આજે આપણે તેમ નથી કરવા ચાહતા તેથી જ સુખ અને શાન્તિથી વંચિત થઈ રહ્યા છઇએ. ધર્મની ભાવના દિવસો દિવસ ઓછી થતી થઇ રહી છે. અને આપણે બધા તેનો સાચા પ્રકારે પ્રચાર નથી કરી શકતા કેમ કે આપણે સ્વધર્મને શ્રી વલ્લભાચાર્યજીથી પ્રેરિત ન માનીને આપણા પોતાનાથી જ પ્રેરિત કરવા ચાહિએ છીએ. આવું સમાજવાને કારણે જ આજ વૈષ્ણવોમા કલિયુગનો નિવાસ થઇ ગયો છે. આપણા વિચારોને ધર્મ અનુસાર ન ઢાળી શકયા : ન તેમાં સુધારો કરી શકયાં ઉલ્ટાનું થયું એવું કે આપણો

સમાજ આપસ–આપસમાં જ સન્દેહથી ઘેરાઈ ગયો. અને આત્મ નાશની તરફ આગળ વધવા લાગ્યો છે. અભિમાન છુટયું નહીં દુરાગ્રહ હટયો નહીં કેમ કે મનમાં બેઠેલી અનેક કુશંકાઓ અને પોતાના અસ્તિત્વના બચાવની મિથ્યા ભાવનાઓ આપણને કોચી ખાય છે બહારની એકતાનો કોઇ અર્થ જ નથી. આ સમર્પણ કયાં થયું ? અને કોણે કર્યું ? એ જ મોટા પ્રશ્નો છે. આપણી સામે જે આજે છેતરામણા બનીને આપણને ગળી જવા ટાંપી રહ્યાં છે.

દઢતાથી ભરોસો પણ નથી કરી શકતા કેમ કે સ્વયં નિર્બળ સંકલ્પવાળામાં એવી શકિત કયાંથી આવવાની ભગવાનની અપાર કૃપા અને આત્મિયતા પર વિશ્વાસ પણ એક દેખાવનો જ બની રહ્યો હોય ત્યારે એવું થવું આશ્ચર્યજનક વાત નથી. આપણે પોતે પોતાને ધર્મના અનુરૂપ બનાવવાનો એવો પ્રયત્ન કરીએ, જેવો ઘર માટે, પ્રિય મીત્રો માટે કરીએ છીએ ત્યારે આપણને શ્રીવલ્લભાચાર્યજીના વરદાન અને તેમના દિવ્ય પ્રકાશનો બોધ થશે. આવો બધામલીને મનથી ગાઇએ **'ભરોસો દઢ ઇન ચરનન કેરો'** શ્રી મહાપ્રભુજીના પ્રાકટય પર આપણી એજ સાચી આનંદ વધાઇ છે કે આપણે એઓશ્રીના માર્ગને ગ્રહણ કરી જીવન સફળ બનાવીએ, આ સંગઠન અને સેવાપર આધારિત છે, જે આપણને સમર્પિત જીવન દ્વારા આચાર્યશ્રીએ અનુગ્રહ દાનના રૂપમાં દિધેલ છે **"નમો અદેય દાન દાત્રે"**

ભારત દેશના વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરાબેન ગાંધી ઉપર થયેલા ઘાતકી અને જીવલેણ હુમલાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢતાં આંતર રાષ્ટ્રિય પુષ્ટીમાર્ગી વૈષ્ણવ પરિષદના પ્રાંતિય પ્રમુખશ્રી ઇન્દ્રકાન્ત શેઠ અને કેન્દ્રીય મંત્રી પ્રો. ચીમનલાલ એમ. શેઠ જણાવે છે કે લોકશાહીને વરેલા આ દેશમાં આવા પ્રકારના બનાવો કદી સાંખી ના લેવાય અને જવાબદાર ઈસમો સામે સખ્ત અને કડક પગલાં લેવાવા જોઈએ. આ સક્રાંતિ કાળમાં લોકોએ શાંતિ રાખીને કોઈપણ પ્રકારની હિંસાનો માર્ગ નહિ લેતાં સ્વસ્થ ચિતે અને સ્થિયપ્રજ્ઞતા કેળવીને આવી પડેલ આપત્તિનો સામનો કરવો જરૂરી છે. તેમ તેઓએ વધુમાં જણાવ્યું છે, અખંડ ભારતમાં એકતા બનાવી રાખવા સર્વધર્મના લોકોને સહાયભૂત થવા આ પરિષદ તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે. કોઇપણ પ્રકારની અફવા કે ઉશ્કેરણીને ઉતેજન ના આપતાં એકસંપથી અને કોમી એખલાસ દ્વારા દેશમાં શાંતિ પ્રસ્થાપિત થાય તે સ્વ. શ્રીમતી ઇન્દિરાજીને સાચી અંજલિ અર્પી ગણાશે. ભારત દેશ બીનસાંપ્રદાયિકતાને વરેલો છે અને વેદકાળથી આ ભૂમિ ઉપર તમામ પ્રકારના લોકોએ આશરો લીધો છે તે પ્રણાલિકાને જાળવી આપણા દેશનું માન–શાન અને ગૌરવ વધે તેવા સહિયારા પ્રયત્નો કરવા આ નિવેદનમાં નમ્ર સૂચન કરવામાં આવ્યું છે.

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૨૩ મો)

અધ્યાય પાંચમો

અર્જુન ઉવાચ—

સંન્યાસં કર્મણાં કૃષ્ણ પુનર્યોગં ચ શંસસિ ।
યચ્છ્રેય એતયોરેકં તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્ ।।૧।।

અર્જુન કહ્યું, હે શ્રીકૃષ્ણ, કર્મના ત્યાગને અને વળી પાછા (કર્મના) યોગને આપ વખાણો છે. આ બેમાં જે વધુ સારું હોય તે, સર્વથા નિશ્ચિતરૂપ એક જ મને કહો.

શ્રીકૃષ્ણે કહેલા સંન્યાસને અને કર્મયોગને સાંભળીને ધનંજય એવા અર્જુનને શંકા થઇ અને ફરીને પ્રશ્ન કર્યો.

અર્જુને કહ્યું, સદા આનંદ સ્વરૂપ હે શ્રીકૃષ્ણ, હે આનંદને આપવા યોગ્ય માત્ર એક એવા આપ, કર્મોના ત્યાગને 'ન માં કર્માણિ' થી શરૂ કરીને 'કૃત્વાડપિ ન નિબધ્યતે સુધીમાં (અ. ૪, ૧૪થી૨૨) વખાણો છો, વળી 'યોગમાતિષ્ઠ' (અ.૪–૪૨) એમ કહીને યોગને વખાણો છો. આ બંનેમાં એક જે સર્વથા નિશ્ચિત હોય તે કહો. અને વળી આ બેમાંથી એક કે જે અસાધારણ શ્રેયરૂપ હોય એટલે કે જે ભક્તિરૂપ હોય તે તમારા એવા મને શંકા ન રહે તેવી રીતે કહો. ।।૧।।

શ્રી ભગવાનુવાચ—

સંન્યાસઃ કર્મયોગશ્ચ નિઃશ્રેયસકરાવુભૌ ।
તયોસ્તુ કર્મસંન્યાસાત્કર્મયોગો વિશિષ્યતે ।।૨।।

શ્રી ભગવાને કહ્યું, સંન્યાસ અને કર્મયોગ બંને પરમ કલ્યાણ કરનાર છે. પરંતુ તે બેમાં કર્મસંન્યાસથી કર્મયોગ ઉત્તમ છે.

ભગવાન આ પ્રશ્નનો ઉત્તર કૃપા કરીને 'સંન્યાસઃ' વગેરે શબ્દોથી આપે છે. સંન્યાસ એટલે કર્મનો ત્યાગ, કર્મયોગ એટલે કર્મનું અનુષ્ઠાન (કર્મનું આચરણ), તે બંને મોક્ષને આપનારાં છે. તે બેમાં પણ માત્ર કર્મના ત્યાગથી, મારી આજ્ઞાથી, ફળની અભિલાષા વગર, મને અર્પણ કરવાની બુદ્ધિથી, કર્મયોગ એટલે કર્મનું આચરણ ઉત્તમ છે, એમ અર્થ છે. ।।૨।।

જ્ઞેયઃ સ નિત્યસંન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ
નિર્દ્વન્દ્વો હિ મહાબાહો સુખં બંધાત્પ્રમુચ્યતે ।૩।।

હે મહાબાહુ અર્જુન, જે દ્વેષ કરતો નથી અને જે આકાંક્ષા રાખતો નથી, તે સદા સંન્યાસી છે એમ જાણવું યોગ્ય છે; કારણકે (સુખદુઃખાદિ) દ્વંદ્વોથી રહિત હોય તે સુખ પૂર્વક બંધનમાંથી મુક્ત થઇ જાય છે. ।।૩।।

હવે શ્રેયરૂપ પ્રશ્નનો ઉત્તર સર્વના ત્યાગ રૂપ 'જ્ઞેયઃ' વગેરે શબ્દોથી આપે છે. જે સંન્યાસી બધું ત્યાગી દેનાર છે, બધું જ છોડીને આ બેમાંથી કોઇ એકનોય દ્વેષ કરતો નથી કે કોઇ એકનીય આકાંક્ષા રાખતો નથી તે નિત્ય સંન્યાસી, એવો જાણવાને યોગ્ય છે. 'મારો હોવાથી' એટલું ઉમેરવું. હે મહાબાહુ હે બધું કરવાને સમર્થ, નિશ્ચય પૂર્વક દ્વંદ્વ રહિત એટલે કર્મસંન્યાસ અને કર્મયોગમાં મારી આજ્ઞાની મહત્તાથી ભિન્નતાવાળા જ્ઞાન વગરનો થઇને બંધનથી એટલે તેનું જે ફળ મળે તેનાથી થતા સુખથી તે છૂટી જાય છે. મોક્ષમાં અધિકતા એ છે કે, મારી આજ્ઞાથી કરવામાં હું પ્રસન્ન થાઉં છું, એવો ભાવ છે.

સાંખ્યાયોગૌ પૃથગ્બાલાઃ પ્રવદન્તિ ન પંડિતાઃ
એકમાયાસ્થિતઃ સમ્યગુભયોર્વિન્દતે ફલમ ॥૪॥

સાંખ્ય અને યોગને અજ્ઞાનીઓ અલગ અલગ કહે છે, પંડિતો નહિ. બેમાંથી એકમાં પણ યોગ્ય રીતે સ્થિર થયેલો પુરુષ બંનેનું ફળ પ્રાપ્ત કરે છે. ॥૪॥

તે બંનેમાં કયું ત્યજવા યોગ્ય છે અથવા કયું સ્વીકારવા યોગ્ય છે એવા જ્ઞાનવાળાઓ તેમ જ મારા સ્વરૂપથી તે ભિન્ન છે, એવા જ્ઞાનવાળાઓ મૂર્ખ છે, એમ 'સાંખ્યયોગૌ' વગેરે શબ્દોથી કહે છે. સાંખ્ય અને યોગને ભિન્નતાથી એક આચરવા યોગ્ય છે અથવા બીજું આચરવા યોગ્ય નથી, એમ મૂર્ખ જનો કહે છે, પંડિતો એમ કહેતા નથી. પંડિતો એટલે જ્ઞાનીઓ, એમ અર્થ છે. અહીં આ ભાવ છે :– સાંખ્ય અને યોગ મારા કાનનાં બે કુંડળ સ્વરૂપે છે. તેમાં કયું ત્યાજ્ય છે કે કયું સ્વીકાર્ય છે, એવું જ્ઞાન એટલે કે મારાં બંને કુંડળ મારું સ્વરૂપ હોવાથી, ભિન્નતાવાળું જ્ઞાન એ અજ્ઞાન જ છે, એવો ભાવ છે જેથી તેવું જ્ઞાન અજ્ઞાન છે તેથી તે બંને એક જ છે એમ માનીને મારા સ્વરૂપને પરાયણ રહેલો, મારી આજ્ઞા પ્રમાણે વર્તનારો બંનેનું સરખું જ ફળ, મારી કૃપારૂપ ફળ મેળવે છે, એમ અર્થ છે. ॥૪॥

યત્સાંખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનં તદ્યોગૈરપ ગમ્યતે
એકં સાંખ્યં ચ યોગં ચ યઃ પશ્યતિ સ
પશ્યતિ ॥૫॥

જે સ્થાન સાંખ્યમાં નિષ્ઠાવાળાથી પ્રાપ્ત કરાય છે, તે સ્થાન યોગના અનુષ્ઠાનથી પણ મેળવાય છે. જે સાંખ્યને અને યોગને એકરૂપ જુએ છે, તે યથાર્થ જુએ છે. ॥૫॥

ફળ એક સરખું જ છે, એમ 'યત્સાંખ્યૈઃ વગેરે શબ્દોથી નિશ્ચિત કરાય છે. જે સ્થાન એટલે કે મારું સામીપ્ય સાંખ્યમાં નિષ્ઠાવાળાઓ મેળવે છે, તે સ્થાન યોગનું અનુષ્ઠાન કરનારાઓ પણ મેળવે છે. તે પ્રમાણે આ ભાવ છે :– બંને કુંડલરૂપ હોવાથી તેના યોગ્ય સ્વરૂપના જ્ઞાનથી, બંનેમાં નિષ્ઠાવાળાઓને ભગવાનની સન્મુખતા મળશે. તે બંનેનું સરખું સ્થાન છે તેથી જે સાંખ્ય અને યોગને એકસરખી રીતે મારાં કુંડલસ્વરૂપે જુએ છે, તે મને જુએ છે, એમ અર્થ છે. ॥૫॥

સંન્યાસસ્તુ મહાબાહો દુઃખમાપ્તુ મયોગતઃ ।
યોગયુક્તો મુનિર્બ્રહ્મ ન ચિરેણાધિગચ્છતિ ॥૬॥

હે મહામાહુ અર્જુન, પરંતુ યોગ વગર સંન્યાસ પ્રાપ્ત થવો મુશ્કેલ છે. યોગયુક્ત મુનિ ટુંક સમયમાં જ બ્રહ્મને પામે છે. ॥૬॥

અરે, બંનેનું સરખું ફળ હોવામાં બંનેની સમરૂપતા શી રીતે? એવી શંકાના જવાબમાં 'સંન્યાસસ્તુ' વગેરે શબ્દોથી કહે છે.

હે મહાબાહુ અર્જુન, સંન્યાસ તો યોગ વિના મેળવવો દુઃખરૂપ છે, એમ અર્થ છે. અહીં આ ભાવ છે:- સંન્યાસનું એટલે કે સાંખ્યનું સ્વરૂપ ત્યાગાત્મક છે અને યોગનું સ્વરૂપ સંયોગાત્મક છે. એમ હોવાથી વિયોગની પુર્વે સંયોગનું હોવું નિશ્ચિત છે; માટે સંયોગ વિના વિયોગની સિદ્ધિ નથી. તેથી ઉભયરૂપથી કહેલું છે, એમ અર્થ છે. વળી ભગવાન રસ રૂપ છે અને રસ દ્વિરૂપ છે, તેથી એકરૂપતાથી ન કહેવામાં તે અપુર્ણ જ રહે, એમ અર્થ છે. આ કારણે સંયોગ વિના વિયોગની સિદ્ધિ નથી. આમ હોવાથી યોગયુક્ત થઇને એટલે કે સંયોગયુક્ત થઇને મુનિ એટલે કે વિપ્રયોગમાં એક માત્ર મૌનને અધીન થઇને શીઘ્રતાથી જ બ્રહ્મને એટલે કે લીલાથી સર્વત્ર વ્યાપી રહેલા ભગવાનને તે પ્રાપ્ત કરે છે, એમ અર્થ છે. ।।૬।।

યોગયુક્તો વિશુદ્ધાત્મા વિજિતાત્મા જિતેંદ્રિય ।
સર્વભૂતાત્મભૂતાત્મા કુર્વન્નાપ ન લિપ્યતે ।।૭।।

ભગવાનના સંયોગવાળો, નિર્મળ અંતઃકરણવાળો, ભગવત્સ્વરૂપને વશીભૂત કરનાર, ઇંદ્રિયોને જીતી લેનાર, પ્રાણીમાત્રને આત્મસ્વરૂપ માનનાર, કર્મ કરવા છતાં તેનાથી લેપાતો નથી. ।।૭।।

ખરેખર જો બ્રહ્મપ્રાપ્તિ જ ઉત્તમ હોય તો ભક્તિથી જ તેની સિદ્ધિ છે, એ પ્રમાણે હોય તો પોતાનાં કર્મનાં ફળનો ભોગ કરાવનાર નિયત કર્મ કરવામાં શો હેતુ છે? એવી શંકાના જવાબમાં 'યોગયુક્તઃ' વગેરે શબ્દોથી કહે છે.

યોગયુક્ત એટલે મારા સંયોગવાળો, વિશુદ્ધાત્મા એટલે વિશેષે કરીને કામ વગેરેના ભાવ વગરનો શુદ્ધ અંતઃકરણવાળો, વિજિતાત્મા એટલે વશ કરેલ છે આત્મા-ભગવત્સ્વરૂપ જેણે તે, જિતેંદ્રિય એટલે પોતાના ભોગ રૂપ ઇંદ્રિયો જેણે જીતી લીધી છે તેવો સર્વભૂતાત્મ ભૂતાત્મા એટલે સર્વે પ્રાણીઓના આત્મસ્વરૂપ ભગવાન, તે જ જેનું સ્વરૂપ છે તેવો, ભગવત્સ્વરૂપાત્મા, એવો જે છે તે મારી આજ્ઞાથી લોકસંગ્રહ માટે કર્મ કરવા છતાં તેનાથી તે લેપાતો નથી, એટલે કે ફળના ભોગથી તે બંધાતો નથી. ।।૭।।

નૈવ કિંચિત્કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્ ।
પશ્યન્ શૃણ્વન્ સ્પૃશંજિઘ્રન્નશ્ન ન્ગચ્છ ન્સ્વપન્
શ્વસન્ ।।૮।।

ભગવાનના ભાવને જાણનાર, ભગવાનના ભાવથી યુક્ત પુરુષ જોતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સૂંઘતાં, ખાતાં, ચાલતાં, સૂતાં, શ્વાસ લેતાં, હું કાંઇ જ કરતો નથી, એમ માને. ।।૮।।

અરે, નિયત ફળવાળા કરેલા કર્મનું ફળ કેમ નહિ? એવી શંકા કરીને, 'નૈવ કિંચિત્' વગેરે શબ્દોથી શરૂ કરીને ત્રણ શ્લોકથી જવાબ આપે છે.

તત્ત્વવિત્ એટલે ભગવાનના ભાવને જાણનારો યુક્ત એટલે ભગવાનના ભાવથી યુક્ત એવો થઇને હું કાંઈ કરતો નથી, પરંતુ ભગવાનની ઇચ્છાથી, ભગવાનની આજ્ઞાથી, ભગવાન જેમ કરાવે છે તેમ, વહેતા પાણીથી તૃણ વગેરે ગતિશીલ થાય છે તેમ, કોઇ કર્મ મારાથી થતું નથી, હું કરતો પણ નથી, એમ જે માને છે તે પાપથી એટલે કર્મનાં ફળોથી લેપાતો નથી.

એવા પ્રકારની સ્થિતિને 'પશ્યન્' વગેરે શબ્દોથી કહે છે. ભાવાત્મક મનથી સ્થિર કરાયેલી અલૌકિક ઇંદ્રિયોથી એટલે કે ચક્ષુ વગેરેથી, પશ્યન એટલે ભગવાનના સ્વરૂપનાં દર્શન કરતાં, શૃણ્વન એટલે ભગવાને કરેલ વેણુવાદન આદિ શબ્દોને સાંભળતાં, સ્પૃશન એટલે ભગવાનનાં ચરણરવિંદને સ્પર્શ કરતાં, જિઘ્નૂ એટલે ભગવાનનાં મુખ આદિની સુગંધને સૂંઘતાં, ગચ્છન્ એટલે ગોચરણ આદિ લીલામાં સાથે જતાં, સ્વપન્ એટલે લીલા વગેરેના સમયે નેત્રોને મીંચતાં, શ્વસન એટલે વિપ્રયોગ વગેરેથી શ્વાસને છોડતાં........॥૮॥

પ્રલપન્વિસૃજન્ગૃહ્ણન્નુન્મિષન્નિમિષન્નપિ ।
ઇંદ્રિયાણીંદ્રિયાર્થેષુ વર્તન્ત ઇતિ ધારયન્ ॥૯॥

અને બોલતાં ત્યાગ કરતાં, ગ્રહણ કરતાં આંખો ઉઘાડતાં, આંખો બંધ કરતાં, છતાંયે ઇંદ્રિયો ઇંદ્રિયોના વિષયોમાં વર્તે છે, એમ સમજતાં........॥૯॥

પ્રલયન્ એટલે ભગવાનમાં ભાવથી મત્ત અવસ્થામાં ભ્રમરની જેમ ગુંજારવ કરતાં, વિસૃજન્ એટલે ભગવાનમય પરિસ્થિમાં જ દૂર જતાં, ગૃહણન્ એટલે ભગવાનમય અવસ્થાથી જ ચરણોમાં શિરથી સ્પર્શ કરતાં, ઉન્મિષન્ એટલે મત્ત અવસ્થા છોડીને સ્વસ્વરૂપનો અનુભવ કરતાં, નિમિષન્ એટલે ભગવાનના સુખના અનુંભવથી નેત્રોને મીંચી લેતાં, ઇંદ્રિયોના વિષયોમાં એટલે કે ભગવાવાનના અવયવોમાં લીન રહે છે, એમ ધારીને........॥૯॥

બ્રહ્મણ્યાધામ કર્માણિ સંગં ત્યક્ત્વા કરોતિ યઃ ।
લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવાંભસા ॥૧૦॥

બ્રહ્મ એટલે પુરુષોત્તમમાં જોડાઇને આસક્તિ રહિત થઇને, જે કર્મો કરે છે તે જળથી પદ્મપત્રની જેમ પાપથી લેપાતો નથી. ॥૧૦॥

બ્રહ્મમાં એટલે કે પુરુષોત્તમમાં સંબંધથી જોડાઇને, સંયોગ અવસ્થામાં રહીને, આસક્તિ છોડીને અથવા વિપ્રયોગ અવસ્થામાં રહીને, જે કર્મો કરે છે તે કર્મોથી લેપાતો નથી. તેમાં 'પદ્મપત્રમિવ' વગેરે શબ્દોથી દૃષ્ટાંત કહે છે. જલમાં પદ્મપત્રની જેમ, જલમાં રહેવા છતાં તે જેવી રીતે લેપાતું નથી, જલ તેને સ્પર્શી શકતું નથી, તેમ તે કર્મોથી લેપાતો નથી, એમ અર્થ છે. ॥૧૦॥

કાયેન મનસા બુદ્ધયા કેવલૈરિંદ્રિયૈરપિ ।
યોગિનઃ કર્મ કુર્વન્તિ સંગં ત્યક્ત્વાઽઽ-
ત્મશુદ્ધયે ॥૧૧॥

યોગીઓ કેવળ ઇંદ્રિયો વડે અથવા મન બુદ્ધિ અને શરીર વડે, આસક્તિને ત્યાગીને આત્મશુદ્ધિને માટે કર્મ કરે છે. ॥૧૧॥

અરે, એ સિદ્ધ દશામાં હોય તેને માટે કહેવાયેલું છે, સાધન દશામાં હોય તેને કર્મ કરવાથી તેનો લેપ કેમ ન થાય? એવી શંકાના જવાબમાં 'કાયેન' વગેરે શબ્દોથી કહે છે.

કાયાથી એટલે કે ભાવાત્મક નહિ એવા દેહથી, અધિષ્ઠાનાત્મક ભાવસ્વરૂપ નહિ તેવા મનથી, કેવળ આધ્યાત્મિક ઇંદ્રિયોથી અને બુદ્ધિથી, તેને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી, આત્મશુદ્ધિને માટે, ભાવાત્મક પાપ્તિ અર્થે યોગીઓ એટલે કે સંયોગાત્મક સાધનવાળાઓ, સંગને છોડીને એટલે કે કર્મનાં ફળોને છોડીને, ભગવાનની ઇચ્છાથી કરવા યોગ્ય છે, એમ ધારીને કર્મ કરે છે. સાધન દશામાં પણ ભગવાનની ઇચ્છા જાણીને, ફળની ભાવના ન હોવાથી કરેલું કર્મ બંધન કરનારું થતું નથી, એવો ભાવ છે. ॥૧૧॥

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

(લેખાંક નવમો) બી. એ. (ઓનર્સ), કોવિદ

સિદ્ધાંત મુક્તાવલી (પ્રથમ શ્લોક) ઉપરની પુ. પા. શ્રી વિઠ્ઠલેશજીની વિવૃતિમાં "સેવા એજ સેવકનો ધર્મ છે," એમ કહીને સર્વે જીવોનું સ્વાભાવિક રીતે જ દાસપણું છે, એમ જણાવ્યું એના આધારે ચર્ચાના વ્યાખ્યાનમાં શ્રીગોકુલનાથજીએ પણ આસુર સિવાયનાં બધાંઓનું" એમ કહ્યું છે. આથી જ ક્રુર માનવ સિવાય એવો કયો પુરુષ હોય કે જેને ભગવાનના ગુણાનુવાદમાં રુચિ ન થાય ?" (ભાગ ૧૦-૧-૪), એ શ્લોક ઉપરના વિવરણમાં "નિવારી ન શકાય તેવા દોષને કારણે પ્રવેશ નહિ." એ પ્રમાણેનું આચાર્યચરણશ્રીનું કથન અમારો-આચાર્યશ્રીઓનો આધકાર છે; કારણ કે "તેઓનું આસુરપણું સ્વાભાવિક છે,' એમ અર્થ છે. એવી તેના ઉપરની પ્રભુચરણશ્રી વિવૃતિ પણ છે. આથી જ 'બ્રહ્મ નથી, એમ જે જાણે છે તે અસુર જ છે.' (તૈત્તિરીય, બ્રહ્મવલ્લી, ૨-૬), અને 'તેઓમાં સત્ય હોતું નથી.' (ગીતાજી, ૧૬-૭), વગેરે શ્રુતિમાં અને ભગવદ્ વાક્યમાં (એટલે કે ગીતાજીમાં) તેઓની વ્યાવહારિક વાસ્તવિકતા તેઓ બંને (શ્રુતિ અને ગીતાજી) કહે છે. દેવકીજીના (કંસે મારી નાખેલ) પુત્રોને પાછા લઇ આવવા માટે (સુતલમાં) જઇ રહેલા ભગવાનને જોઇને સ્તુતિ કરી રહેલા બલિનાં વાક્યો (ભાગ ૧૦-૮૫-૩૯થી ૪૬) ઉપરની વિવૃતિમાં શ્રીમદ્ આચાર્યશ્રીએ કહ્યું છે કે, કે, જો તેઓ દ્વેષી હોય તો તેઓનું નરકમાં પતન અનિવાર્ય છે.' 'આસુરી યોનિને પામેલા (મૂઢજનો જન્મોજન્મ મને નહિ પામતા, હે અર્જુન, તેનાથી યે અધમ ગતિને પામે છે.) (ગીતાજી, ૧૬-૨૦), એવાં ગીતાજીનાં વાક્યો પ્રમાણે સર્વાત્મા ભગવાન સદાય જન્મ મરણના બંધનમાં રાખે છે, એમ શા માટે ?" અને વળી માત્ર ઇચ્છાથી; કારણ એ છે કે, માયા જેનું ઉપાદાન કારણ છે એવો પ્રવાહ સરજ્યો, પરંતુ પોતે તેમાં પ્રવેશ પામ્યા નહિ. અને માયાથી નિર્માણ કરેલ નરક વગેરે રૂપ વિકારોમાં તેઓ પડે છે, એમ થવામાં કોઈ દોષ નથી, એમ અર્થ છે. અને જેઓ છુટકારો પામે છે તેઓ અસુર નથી, પરંતુ અસુરના આવેશવાળા છે, તેમજ તેઓ ભગવાનના અંશો જ છે, એ પ્રમાણે સારભૂત અર્થ છે. જ્યારે ભગવાનને ક્રીડા કરવાની ઇચ્છા નથી હોતી ત્યારે તે માયાને પણ સમેટી લે છે. તેથી તેઓ પણ દેખાતા નથી, કારણ

કે વાસ્તવિક રીતે તેઓ અસત જ છે. વળી પ્રપંચને માયિક ગણે છે તેઓ અસુર જ છે, તેથી તેઓને તે પ્રમાણે ભાસે છે. “(પૃથ્વીમાં) પવિત્ર ગંધ (તન્માત્રા) હું છું.’ (ગીતાજી, ૭–૯), વગેરે વાકયોનો વિચાર કરતાં તમામ દોષની પ્રતીતિ જ છે, એમ હોવાથી કોઇ દોષ નથી. જો સામર્થ્યનું સ્વરૂપ ચડિયાતું ન હોય તો અને પ્રવાહીઓનો વિકાર માયાના કારણે હોય તો તે વિકારીપણું બ્રહ્મથી નિવારી શકાય નહિ એમ શંકા થાય તો, જવાબમાં કહે છે કે, ના, તેઓમાં સામર્થ્યનું સ્વરૂપ નથી; કારણ કે તેઓ અસત છે; પરંતુ તેઓનું સામર્થ્યથી દેખાવાપણું છે, નહિ તો તેઓમાં સત્યતા હોત. દેખાય છે, છતાં નટોથી દેખાડાતું મિથ્યા છે; કારણ કે તેઓના સામર્થ્યનું અસ્તિત્વ ક્ષણિક છે. એમ હોવાથી માર્ગના ભેદોનો પરસ્પર વિરોધ નથી. અથવા તો, વીરરસ ભોગવવા માટે ઉત્પન્ન કરેલા જીવો પણ સત્ય જ છે; કારણ કે “જીવ અને ઇશ આભાસથી” એમ શ્રુતિમાં કહ્યા પ્રમાણે પણ આભાસનો આભાસ્ય જેવો આકાર છે. તે બંનેનો સમાન જ આકાર લોકમાં દેખાય છે. અહીં આભાસ અને આભાસ્ય બંનેમાં આંતરિક્તા હોવાથી દ્વેષરૂપ ધર્મના પ્રતિબિંબમાં પણ બાધક્તાનો અભાવ છે. અને વીરરસ ભોગવત, વીરોના ધર્મમાં દ્વેષનો અભાવ શકય નથી; કારણ કે આનંદનો તિરોભાવ થયો હોવાથી તેઓમાં દ્વેષનું અસ્તિત્વ હોય છે. આથી તેઓ દ્વેષયુકત હોય છે. વળી “પરમાત્મા નિર્ગુણ છે, છતાં સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ ગુણો સૃષ્ટિની ઉત્પતિ, સ્થિતિ અને નાશ માટે પરમાત્માએ પોતાની માયાથી ગ્રહણ કરેલા છે.” (ભાગ ૨–૫–૧૮), એમ શ્રીમદ્ ભાગવતજીના બીજા સ્કંધમાં કહેવાયું છે. ભગવાનથી ઉત્પન્ન થયેલા ગુણો જેમ કાર્યને માટે ગ્રહણ કરાયા છે તેમ ભગવાનના કાર્ય માટે માયાથી તે જીવો પણ પોતે ઉત્પન્ન કરેલી અવિદ્યારૂપી શકિતથી સ્વીકારાયેલા છે. આથી જ વિદ્વન્મંડનમાં “જે જીવમાં જેવી ઇચ્છા હોય છે તેને અનુંરૂપ જ અવિદ્યા આદિ શક્તિઓ સત્ત્વ વગેરેના ભેદથી તેને પ્રાપ્ત થાય છે, એવું ભગવાનનું મહાન ઐશ્વર્ય છે,” એમ કહ્યુ છે. તેનાથી તેઓ “પ્રવૃત્તિ માર્ગને અને નિવૃત્તિ માર્ગને (અસુરો જાણતા નથી),” (ગીતાજી, ૧૬–૭), એમ ગીતાજીમાં કહેવાયેલ આસુર ધર્મવાળા છે. તેઓને હણવા વગેરેથી ભગવાન પણ વીરરસ આદિને ભોગવે છે. એવા પ્રકારની ભગવાનની ઇચ્છાથી જ તેઓમાં તેવાપણું છે. એ પ્રમાણે “જે જેનો અંશ હોય તે તેને ભજે છે.” એવા વાકયનો પણ વિરોધ નથી. તેઓથી ભજન કરાવવામાં ભગવાનની ઇચ્છાનો અભાવ છે. તે માટે તેઓના દેહ વગેરે સત અને અસત ગ્રંથિરૂપને પહેલેથી જ સિદ્ધ કરેલ હોય છે. એમ હોવાથી તેઓ પોતાનાં કર્મથી ઘોર નરકમાં પડે છે, ‘અંધંતમઃ’ એટલે પ્રલય સમયે અવિદ્યામાં એટલે માયામા, અને માયામાં એટલે બ્રહ્મમાં, શ્રુતિમાં અને પુરાણોમાં કહ્યું છે કે, સૃષ્ટિના નિયમિત માર્ગથી વિપરીત એવા વિરોધી આચરણથી અલૌકિક શકિતથી યુકત છતાં તેઓ ભગવાનને પ્રાપ્ત કરી શકતા નથી. “મને પામ્યા વિના જ (તેનાથી યે અધમ ગતિને તેઓ પામે છે.)” (ગીતાજી, ૧૬–૨૦), એવું વાકય પણ તેઓને માટે ઉચિત છે. વિકારનું અસ્તિત્વ હોવા છતાં

બ્રહ્મને વિકાર થતો નથી; કારણ કે, વિકારનો પ્રારંભ વાણીથી થતો હોવાથી અને તેની અનન્યતા હોવાથી બ્રહ્મમાં વિકારનો અભાવ છે. તેની દુષ્ટતા પણ લીલા માટે ઇચ્છવા યોગ્ય છે. વસ્તુનો વિચાર કરતાં દોષની માત્ર પ્રતીતિ થાય છે. તેની અનન્યતાના સંબંધમાં તેમજ સિદ્ધ થાય છે. દ્વિતીય સ્કંધનાં સુબોધિનીજીમાં પણ "જે કાંઇ દોષ દેવા યોગ્ય દૂષણ છે તે તો અહીં શ્રી હરિ પોતેજ છે, બધા વિરુદ્ધ પક્ષો અને બધુંય અહીં જ શોભે છે" એમ નિર્ણય કરાયો છે. તેથી એવા વિચારમાં પણ માર્ગની ભિન્નતામાં અસંગતિ નથી. અને બંને પક્ષમાં બીજી કોઈ વ્યર્થતા માટે સ્થાન નથી. વિધિવિધાનની ભિન્નતાથી પણ બંને રીતે યોગ્યતા છે. વળી પહેલાં કહેલી રીતે માત્ર ઇચ્છાથી નિમિત્તરૂપ મન વડે નૈસર્ગિક રીતે અસુરોને અને અસુરના આવેશવાળાઓને તેમજ દેવોને ઉત્પન્ન કર્યા. અહીં બે પ્રકારનો પ્રવાહ કહેવાયો છે. એક નૈસર્ગિક અને બીજો અસુરના આવેશવાળો, એમ જે વિભાગ જાણવા બીજું બધું સ્પષ્ટ છે. અરે, "માત્ર તેમની ઇચ્છાથી તેનાથી બ્રહ્મના અભેદ અંશરૂપ ચેતના" વગેરેથી દેવ સૃષ્ટિ માત્ર ઇચ્છાથી જ નિરૂપણ કરી, એમ નિબંધમાં છે, તો આપે મનથી થઇ, એમ કેવી રીતે કહ્યું ? તેના જવાબમાં ફલિતાર્થથી પ્રતીતિ દર્શાવાય છે. તેમજ નિબંધમાં 'માત્ર પરમાત્માની ઇચ્છા' એવું પદ તેમાં નહિ રહેલા, સ્વતંત્ર અને નિર્ગુણનું કારણ દર્શાવવા માટે છે. આમાં રહેલ 'વત્' અને 'તત્' પદ પ્રભુની ઇચ્છામાં પોતે સમવાયી કારણ નથી, એવા અર્થમાં છે. આથી જ નિબંધમાં, તેમાં 'બ્રહ્મનો અભેદ અંશ' વગેરેથી જીવનું વિશેષણ કહેલ છે, પરંતુ અહીં એ પ્રમાણે કહ્યું નથી, એમ વિશેષ રીતે સમજાય છે. અને તેમાં રહેલ ગુણધર્મોનું અહીં અસુર સૃષ્ટિ હોવાના કારણે આરોપણ કરેલું નથી. "પ્રવાહમાં રહેલા જીવોને હું કહીશ,' વગેરેથી પ્રાવાહિક સૃષ્ટિનું આસુરપણું નિશ્ચિત છે. તેથી એ પ્રમાણે સર્ગભેદથી અને જીવનધારીના ભિન્ન ભિન્ન દેહથી ભિન્નતા હોવાનું સિદ્ધ છે, સાધનની ભેળસેળના અભાવે સર્ગભેદનું નિરૂપણ વ્યર્થ નથી. એ પ્રમાણે માર્ગોનો આત્યંતિક વિવેક સિદ્ધ છે, પ્રામાણિક જ છે, એવો ભાવ છે. ॥ ૮, ૯ ॥

અરે, જેવી રીતે સોનાના, રૂપાના અને તાંબાના ઘડાઓ અને તેના વડે જળ ભરી લાવવું, એમાં કાર્ય અને ફળ સમાન જ છે, તેમજ ઉપાદાનના ભેદમાં પણ નિમિત્ત અને સજાતીયતામાં કાર્ય અને ફળ લોકમાં સમાન જ દેખાયું છે. વેદમાં પણ ચોખાને પીસીને બનાવેલી યજ્ઞની આહુતિ અને જવની આહુતિ બંને રીતે થતા યજ્ઞ સમાન છે અને તેનું ફળ પણ સમાન છે. તેની જેમ અહીં પણ નિમિત્તથી અને સજાતીયતાથી અથવા તે બંનેના ઐકયથી જો ફળ સરખું જ હોય તો સૃષ્ટિના ભેદનો અને સાધનનો પ્રયાસ વ્યર્થ છે. એવી શંકા કરીને જવાબમાં સાધનની યોગ્યતાથી ફળ અને નિમિત્તનો ભેદ 'મૂલેચ્છાતઃ' વગેરે શબ્દોથી કહે છે.

મૂલેચ્છાતઃ ફલં લોકે વેદોકતં વૈદિકેઽપિ ચ ।
કાયેન તુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોઽપિ નૈકધા ।૧૦।

લોકમાં (પ્રવાહમાર્ગમાં) ભગવાનની મૂળ ઇચ્છા પ્રમાણે ફળ મળે છે, અને વૈદિકમાં

(મર્યાદામાર્ગમાં) વેદમાં કહેલું ફળ મળે છે. પુષ્ટિમાં (પુષ્ટિમાર્ગમાં) તો (ભગવાનના) શ્રી વિગ્રહથી ફળ મળે છે. (ભગવાનની) ભિન્ન ભિન્ન ઇચ્છાને કારણે સૃષ્ટિ પણ ભિન્ન ભિન્ન પ્રકારની છે. ॥૧૦॥

'પ્રજાયેય' (હું પ્રજાને ઉપજાવું, તૈતિરીય, બ્રહ્મવલ્લી, ૨-૬) એવી ઉપનિષદમાં કહેવાયેલી મૂળ ઇચ્છાથી રચના કરી. સૃજન કરવાની ઇચ્છાથી રચના કરી, તેથી લોકમાં લૌકિક ફળ પ્રાપ્ત થાય છે, પરંતુ તેથી અલૌકિક ફળ મળતું નથી. "હવે તેઓ એમાંથી કોઇ પણ માર્ગે જતા નથી તેઓ વારંવાર જન્મ-મરણ પામનારાં એવાં ક્ષુદ્ર જંતુઓ થાય છે. તું જન્મ પામ, તું મરણ પામ, એ પ્રમાણે છે," (છાંદોગ્ય, પ્ર. ૫, ખંડ ૧૦-૮), હવે જેઓ આ ગામમાં રહીને ઇષ્ટ, પૂર્ત, દત્ત વગેરે પુણ્યકર્મો કરે છે, તેઓ ધુમાડાને પામે છે, ધુમાડાથી રાત્રિને અને રાત્રિથી બીજા પક્ષને પામે છે." (છાંદોગ્ય, પ્ર. ૫, ખંડ ૧૦-૪) વગેરે શ્રુતિમાં કહેવાયું છે. 'એ પ્રમાણે વૈદિક ધર્મને અનુસરનારાઓ અને કામની કામનાવાળાઓ આવાગમન પામ્યા કરે છે,' (ગીતાજી, ૯-૨૧), 'અસુરોને હું નિરંતર આસુરી યોનીઓમાં જ ફેંકું છું,' (ગીતાજી, ૧૬-૧૯) વગેરે ગીતાજીમાં કહેલું છે. પરંતુ વૈદિક ધર્મને નહિ અનુસરનારાઓમાં આસુરી ભાવ શી રીતે હોય ? એવી શંકાના જવાબમાં કહે છે કે, દૈવી આવેશથી તેની સંભાવના છે. કારણ કે, આસુરી લક્ષણોમાં હું યજ્ઞ કરીશ, હું દાન કરીશ, હું આનંદ ઉડાવીશ, (ગીતાજી, ૧૬-૧૫) અને દંભને લીધે તેઓ નામના જ યજ્ઞો અવિધિપૂર્વક કરે છે,' (ગીતાજી, ૧૬-૧૭), એમ કહેવાયું છે. 'વૈદિકે' એટલે મર્યાદામાર્ગમાં, વેદમાં કહેવાયેલ સ્વર્ગ, મોક્ષ વગેરે ફળ મળે છે. અને આ કે જેઓ અરણ્યમાં શ્રદ્ધાપૂર્વક તપથી ઉપાસના કરે છે તેઓ પ્રકાશમાં સંમિલિત થાય છે,' તેમ જ 'જે મહામુશ્કેલીથી પણ વિકસિત થતું નથી.' અને 'બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ થાય છે.' (મુંડક, ૩-૯), 'તે પાછો આવતો નથી' વગેરે શ્રુતિઓમાં કહેલું છે. વળી 'ત્રણેય વેદોને જાણનારાઓ મને' (ત્રણેય વેદોને જાણનારા, સોમપાન કરનારા, પાપથી મુક્ત થયેલા તેઓ મને યજ્ઞો વડે પૂજીને સ્વર્ગની સ્થિતિને પ્રાપ્ત કરવા ઇચ્છે છે,' (ગીતાજી, ૯-૨૦) વગેરે ગીતાજીમાં કહેલ છે. અહીં પણ એજ સત્કર્મ કરાવે છે, તેને યમોથી અને લોકોથી ઊંચે લઇ જવા ઇચ્છે છે,' વગેરેથી સંભળાવાયેલી ઉન્નતિની ઇચ્છા અને અધોગતિની ઇચ્છા પણ વિચારવા યોગ્ય છે, અને અજ્ઞાનરૂપ કાર્યથી મુક્ત કરવાની ઇચ્છા પણ ઘટિત થવા યોગ્ય છે. 'કાયેન' એટલે શ્રીઅંગ દ્વારા, આનંદ માત્ર કર, ચરણ, મુખ, ઉદર વગેરે દ્વારા ફળને કે જે વિવિધ છે અને પ્રભુની લીલાના અનુભવરૂપ છે તેને પુષ્ટિ માર્ગે પ્રાપ્ત કરે છે. 'તુ' શબ્દથી લૌકિક પ્રકારની અને વૈદિક પ્રકારની શંકાનો અસ્વીકાર દર્શાવાયો છે. અને વળી, પુષ્ટિમાર્ગીય જનો જે જે ઇચ્છે છે તે તે તેને અન્યત્ર કહેલ છે તેમ ઇશ્વરપણાથી નહિ, પરંતુ પ્રેમપુર્વક આપે છે. આથી જ શ્રીમત્ પ્રભુચરણશ્રીએ, નવરત્નમાં (શ્લોક બીજામાં) 'પોતાની ઇચ્છાથી કરશે,' એમ કહેલ છે,

તેના નિરૂપણમાં 'પોતાનાંની ઇચ્છાથી સ્વેચ્છાથી એમ બંને રીતે વિવરણ કરેલું છે. 'સ્તવન કરાયેલા ભગવાન ગોપીઓની સાથે નાચ્યા,' (ભાગ ૧૦–૧૧–૭), 'જે ગોપીને ભગવાન લઇ ગયા,' (ભાગ ૧૦–૩૦–૩૬), વગેરેમાં સ્પષ્ટ છે. અને અહીં પણ 'હું મારી યોગમાયાથી રક્ષણ કરું છું,' (ભાગ ૧૦–૨૫–૧૮) 'તેઓના સંકલ્પ સિદ્ધ કરવાને માટે કૃપા કરીને ભગવાને આ પ્રમાણે વિચાર્યું', (ભાગ ૧૦–૨૮–૧૨), 'ભગવાને એમ વિચારીને રસમયી રાસક્રીડા કરવાનો સંકલ્પ કર્યો,' (ભાગ ૧૦–૨૯–૧) વગેરેથી અનુમાન કરીને કહેવાયેલી ઇચ્છા છે, તે કારણપણાથી જાણવી અને એ પ્રમાણે અહીં ધૂમમાર્ગીય ભેળસેળવાળું ફળ અથવા બીજું કોઇ ભેળસેળવાળું ફળ છે તેમાં તે હેતુરૂપ ભેળસેળવાળી ઇચ્છા છે, એમ અનુમાન કરવા યોગ્ય છે. તેથી એ પ્રમાણે ભિન્ન ઇચ્છાથી 'અપિ' શબ્દથી અને ફળના ભેદથી સર્જન એક પ્રકારનું નથી અને માર્ગો પણ એક પ્રકારના નથી, એમ અર્થ છે. 'નૈકધા'ને બદલે 'નૈકતા' એવો પાઠ લઇએ તો સર્જનની અને માર્ગોની એકતા નથી, એમ થાય. એ પ્રમાણે ઉત્પત્તિથી આરંભીને અંત સુધીમાં માર્ગના પ્રવાહના ભેદથી પ્રમેયબળ વડે ત્રણ માર્ગની ભિન્નતા સિદ્ધ થઇ. તેનાથી સિદ્ધ થતી અવસ્થાના સંબંધમાં રહેલાં સંદેહો નિવારાયા ॥૧૦॥

◆

વાઘોડીયા : ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે અને પુષ્ટિમાર્ગના પ્રચારાર્થે વર્તમાન પરિસ્થિતિમાં વૈષ્ણવ સમાજના સંગઠનનું મહત્વ સમજાવવા આં. રા. પુ. વૈ. પરિષદના મંત્રીશ્રી ચીમનભાઇ શેઠ "ભક્તિવર્ધિની" વાહન સાથે વાઘોડીયામાં તા. ૧૯–૧૦–૮૪ના રોજ આવતા વાઘોડીયા વૈષ્ણવ સમાજે ભવ્ય સ્વાગત કર્યું હતું. વૈષ્ણવ સમાજની સભામાં મંત્રીશ્રી ચીમનભાઇ શેઠ, વડોદરા જિલ્લાના ઉપપ્રમુખ શ્રી કંચનલાલ દરૂએ પ્રસંગોચિત પ્રવચનો કર્યા હતા. વાઘોડીયા વૈષ્ણવ સમાજના પ્રમુખ શ્રી ચંદુલાલ એમ. શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું અને મંત્રીશ્રી નગીનલાલ શાહે આભાર દર્શન કર્યું હતું. આ સભામાં ભક્ત કવિશ્રી નરસિંહ મહેતાના કાવ્યો જે ધોરણ ૬, ૭, ૮, માંથી રદ કર્યા છે અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પાઠ રદ કર્યા છે તેની સાચે સખ્ત શબ્દોમાં વિરોધ કરવામાં આવ્યો હતો અને સમય આવ્યે આંદોલન ચલાવવું પડે તે પહેલાં સરકારે પુનઃ અભ્યાસક્રમમાં સમાવેશ કરે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક :- **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ** (ચરણ રજ–સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૬ ઠું

શ્રી યમુનાસી નાહીં કોઉ ઔર દાતા
જો ઇનકી શરણ જાત હેં દોર કેં;
તાહિકેં તિહિ છિનુ કર સનાથા. ૧

યે હિ ગુનગાન રસખાન રસના એક,
સહસ્ત્ર રસના કયોં ન દઇ વિધાતા;
'ગોવિંદ' પ્રભુ તન, મન, ધન વારને,
સબહિંકો જીવન ઇન કે જુ હાથા ૨

અર્થ – શ્રીયમુનાજી સમાન દયાળુ અને ઉદાર દાતા અન્ય કોઇ નથી. આતુરતાપૂર્વક જે એને શરણે દોડી જાય છે તેને તેજ ક્ષણે સનાથ કરે છે ૧

આવા પરમકૃપાળુ શ્રી યમુનાજીના ગુણોનું વર્ણન કરવા માટે આ એક જીભ સર્વથા અસમર્થ છે. (અફસોસ થાય છે) વિધાતાએ મને સહસ્ત્ર જીભ્હાઓ કેમ ન આપી ! બલિહારી જાઉં મારૂં તન, મન, ધન વગેરે સર્વસ્વ એમના પર વારી નાખું. (એકદમ શોકમાંથી બલિહારી જવું ! મેળ બેસતો નથી) કારણ કે આપણા સર્વના જીવનની ફલસિધ્ધિ માત્ર શ્રી યમુનાજીના હાથમાં છે. એમ શ્રી ગોવિંદસ્વામી આપણને કહે છે. ૨

વિવેચન–અનંતકાળથી અનાથ દશામાં ભટકતો જીવ શ્રી યમુનાજીને શરણે આવ્યો. તેને શ્રી યમુનાજીએ શ્રીનાથજીના શરણમાં સોંપી સનાથ બનાવ્યો છે. આવા ઉદાર શ્રી મહારાણીજી છે. જે નિષ્કામ હોય તેજ ઉદાર બની શકે છે. કામના યુક્ત હોય તે સંપૂર્ણ ઉદાર બની શકતો નથી.

શ્રી યમુનાજી પુષ્ટિમાર્ગના ભગવદ્ શિરોમણી છે. એટલે પોતાના ભક્તોને પણ સ્વ સમાન લીલારસનું સુખ પ્રાપ્ત થાય તેવી કૃપા કરે છે. કારણ કે શ્રી ઠાકોરજીની સમગ્ર લીલામાં આપ મધ્યપાતિની છે. એટલે શ્રી ઠાકોરજી, શ્રી સ્વામિનીજી, વ્રજભક્તો અને સ્વસેવકોને સુખ થાય એમાં જ આપની પ્રસન્નતા છે. વ્રજભક્તના ચાર યુથો છે. તેમાં શ્રી સ્વામિનીજીનું યુથ તામસી છે. શ્રી ચંદ્રાવલીજીનું યુથ રાજસી છે. શ્રી કુમારિકાઓનું યુથ સાત્વિક છે. શ્રી યમુનાજીનું યુથ નિર્ગુણ છે. એટલે જે નિર્ગુણ હોય તે જ અન્યને સંપૂર્ણ સુખ આપી શકે છે. દ્રષ્ટાંત–

'રાજસ' ભાવવાળા ભક્તોની નિકુંજમાં પધારવાનું પ્રભુ કહી ગયેલા. પરંતુ પધાર્યા નહીં અને પ્રાતઃકાળે પ્રભુ પધાર્યા ત્યારે તે

ભકતે કહ્યું – 'પ્રભુ! આપની પ્રતિક્ષામાં આખી રાત્રિ અમે યુગ સમાન વ્યતીત કરી છે. ત્યારે પ્રાતઃકાળે આપ પધાર્યા છો.' આમ કહેતા ગોપીજનો વિહવળ બની ગયા. તેમની આવી કરૂણ દશા જોઈ પ્રભુના હૃદયને પણ દુઃખ થયું. અને આપે કહ્યું કે 'હવેથી આવું નહીં કરૂં.'

આ ભકતોએ માત્ર પ્રભુને પોતાની સ્થિતિ સમજાવી છે. કોઈ કટુ શબ્દ કહ્યો નથી. છતાં આ ભકતની દશા જોઇને પ્રભુને દુઃખ તો થયું ને! એટલે એટલા પૂરતી પણ દાસત્વ ભાવમાં ખામી ગણાય. પોતાની વાણી અને વર્તનથી પ્રભુને પ્રસન્નતા થાય એમાં જ ખરૂં દાસત્વ છે.

માનવભાવવાળા તામસ ગોપીજનો પાસે પ્રભુ પધાર્યા ત્યારે તે કહે છે – 'અત્યારે આપ પધાર્યા, હવે અહીં આપનું શું કામ છે? જ્યાં આપે રાત્રિ વિતાવી હોય ત્યાં જ પાછા પધારો. અમે આપની સેવા માટે અનેક પ્રકારની શૈયા–સામગ્રી વગેરે સિધ કરી રાખ્યા હતા. આપને ગમતા શૃંગાર વિગેરે ધારણ કર્યા હતા. તેનું આપની દ્રષ્ટિમાં કોઈ મહત્ત્વ નથી તો પછી આપની ઇચ્છા હોય ત્યાં ખુશીથી પધારો. "સુરદાસ પ્રભુ મેરે ભવન બિનું, અંત ચાહે તહાં જાવે." પ્રભુના આવા અનાદરથી પણ દાસત્વમાં ખામી આવી છે-

સાત્વિકભાવવાળા ભકતોની નિકુંજમાં જ્યારે પધાર્યા છે ત્યારે રાત્રિએ આપ કેમ નહીં પધાર્યા, તે બદલ એક શબ્દ પણ પ્રભુ અપ્રસન્ન થાય તેવો કહ્યો નથી પરંતુ પ્રભુની સેવા–સત્કાર કરીને સુખ આપ્યું છે. આવા ભક્તના આવા અલૌકિક વહેવારથી પ્રભુ શરમીંદા બન્યા છે. એનો ભાવ જોઇ પ્રસન્ન થયા છે. આવા ભકતને હૃદયમાં દુઃખ તો થયું હતું, પરંતુ પ્રભુને એ જણાવ્યું નથી.

હવે 'નિર્ગુણ' ભકતની નિકુંજમાં પ્રાતઃકાળે પ્રભુ પધાર્યા છે ત્યારે 'આપ રાત્રે શાકારણથી પધાર્યા નહી' એમ કહેવાનું તો દુર રહ્યું પરંતુ વાણી અને વર્તનમાં પણ ખુબ આનંદ પ્રગટ કર્યો છે. પ્રસન્નતાપુર્વક સેવા કરી છે પ્રભુ આવા ભકતના વહેવારથી ખુબ પ્રસન્ન થયાં અને એ ભકતને આધીન બની ગયા છે. ત્રણ ચાર દિવસ રોકાયા છે. આવા પ્રેમી ભકતોને છોડીને કેમ જવું? ત્યારે ભકતો તો જવાનું કહે જ કેમ! છેવટ એ ગોપીજને શ્રીઠાકોરજીને પ્રણામ કરી વિનંતી કરી, 'મારા ધન્ય ભાગ્ય છે કે આપ મારી નિકુંજમાં બિરાજો છો. આપ અનંતકાળ પર્યંત બિરાજો એવી મારી અભિલાષા છે. છતાં હું આપને વિનંતી કરૂં છું. આપ મારો સંકોચ કરશો નહિ. નિકુંજ આપની જ છે. આનંદથી બિરાજો અને કયાંય અન્યત્ર પધારવું હોય તો પણ પ્રસન્નતાથી પધારજો. મારા લીધે આપને અને અન્ય ભકતને દુઃખ થાય એનું હું ઇચ્છતી નથી. આપની ઇચ્છા એ જ મારી ઇચ્છિા આપની પ્રસન્નતામાં જ મારી પ્રસન્નતા છે. હું આપની દાસી છું. આપની કૃપા મારા પ્રત્યે સદા બની રહે એજ અંતરની અભિલાષા છે. (આ અભિલાષા પણ નહિ હશે. સ્વસુખે આપ યોગ્ય લાગે તેમ વિચારજો) પ્રભુ આવા ભકતના ઋણી છે. આવા ભકતમાં ખરૂં દાસત્વ છે.

ઉપાસ્ય દેવશ્રીદામોદરજી છે, તેમ ગુરુદેવ પણ શ્રીદામોદરલાલજી છે, નામમાં ભિન્નતા નથી તો સેવનમાં પણ ભિન્નતા કેમ હોય? આવી ઉત્કૃષ્ટ ભાવના પરમ ભગવદિય શ્રી ગોપીલાલજી ત્રણ શ્લોકમાં દર્શાવે છે. આ ત્રણેય શ્લોક સંસ્કૃતમાં જ અને શાર્દુલ વિક્રીડિત જેવા મધુર ગેય છંદમાં રચેલા છે. ગુરુ અને ભગવાનમાં કશી જ વિષમતા નથી, પુષ્ટિમાર્ગનું એવું વલણ કવિશ્રી અહીં બીજા સ્તોત્રથી સમજાવી જાય છે. પોતે પોતાના જીવનનાં અમૂલ્ય વર્ષો શ્રીનાથદ્વારામાં રહીને પૂજ્યપાદ શ્રી દામોદરજીના શિષ્ય તરીકે સેવા સ્મરણ, દર્શન, શ્રવણ આદિનો પૂરેપૂરો લાભ વર્ષો સુધી લીધો છે, અને તેથી જ પોતે જીવનભર જે જોયું, અનુભવ્યું, ભોગવ્યું, શ્રવણ કર્યું તેને અનુરૂપ જતિપુરામાં રહીને પ્રભુમય જીવન જીવીને પુષ્ટિ જીવોને દૃષ્ટાંતરૂપ બની રહ્યા છે. એવા ભગવદીય, પુષ્ટિપ્રવર ભક્તજનનાં, પ્રભુનું નિરંતર સ્મરણ શી રીતે રહે તેનો આદર્શ આ બે સ્તોત્રોમાંથી આપણને મળી રહે છે. 'તાદશી જન જેને જાણીએ' તેવા પરમ ભગવદીય શ્રીગોપીલાલજીનાં આ બે સ્તોત્રોના નિત્ય પઠનથી આપણા જીવનમાં પણ એવી અમૂલી જાગૃતિ આવો, એ જ પ્રભુ પ્રાર્થના! અનુવાદક]

રસિકાનંદરસિકે રસિકાનંદ સંપ્રદે,
રસિકાનંદ સંદોહે શ્રીરાધે દેહિ દર્શનમ્ ॥૧॥

રસપૂર્ણ અને આનંદસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણનાં રસિકા, રસપૂર્ણ આનંદને આપનારાં રસ અને આનંદના સમૂહરૂપ હે શ્રીરાધિકાજી, મને દર્શન આપો. ॥૧॥

પરમાનંદસંદર્ભે પરમાનંદસંપ્રદે,
પરમાનંદસંદોહે શ્રીરાધે દેહિ દર્શનમ્ ॥૨॥

પરમ આનંદસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણની સંગતિમાં પરમ આનંદને આપનારાં, પરમ આનંદની પૂર્ણ વ્યપ્તિમાં હે રાધિકાજી, મને દર્શન આપો. ॥૨॥

બર્હાપીડં નટવરઃ માલાંબર સુમશ્રુતિમ્,
સુખામૃતં વેણુરંધ્રાન્ વૃંદારણ્યં વિશન્ ભરન્ ।૧।

શિર પર મોરમુકુટ, કાનમાં દિવ્ય પુષ્પ અને ગળામાં દિવ્ય સુગંધભરી વૈજયંતી માળાને ધારણ કરેલ છે, શ્રેષ્ઠ નટના જેવો વેષ છે, વેણુનાં છિદ્રોમાં મુખના અમૃતને ભરી રહ્યા છે એવા ભગવાન શ્રીકૃષ્ણ વૃંદાવનમાં પ્રવેશ કરી રહ્યા છે. ॥૧॥

અક્ષણવતાં ફલમિદં શ્રીકૃષ્ણમુખદર્શનમ્ ।
અનુરક્તાપાંગમોક્ષં વેણુવાદ્ય વિનોદિનમ્ ॥૨॥

લાલ આંખના છેડેથી તિરછી નજરથી કટાક્ષ કરતું, વેણુના નાદથી આનંદ આપતું એવું ભગવાન શ્રીકૃષ્ણના મુખનું દર્શન એ જ આંખોવાળાને મળતું સુફળ છે. ॥૨॥

ચૂતપત્રં બદ્ધમર્હં માલાંબરવિભૂષિતમ્ ॥
રંગે યથા નટવરં ગાયન્તં ગોપબાલકૈઃ ॥૩॥

આંબાનાં નવાં કોમળ પત્રો તથા મોર પીંછનો મુકુટ અને દિવ્ય વૈજયંતી માલાથી વિભૂષિત, રંગમંચ ઉપરના શ્રેષ્ઠ નટના જેવા અને ગોપબાળકોની સાથે ગાન કરતા ભગવાન શ્રીકૃષ્ણના મુખનું દર્શન આંખોવાળાને મળતું સુફળ છે. ॥૩॥

દામોદરાધરસુધાં ગોપિકાનાં સુખપ્રદામ્ ।
વેણુભુર્ક્તાવશિષ્ટં તં હૃદિનીતરવશ્ચ યે ॥૪॥

ભગવાન શ્રીકૃષ્ણનું અધરામૃત ગોપીઓને આત્યંતિક સુખ આપનારું છે તેને વેણુએ

ભોગવ્યું અને ભોગવતાં જે બાકી રહ્યું તે પુષ્કરણીઓ અને વૃક્ષોએ ભોગવ્યું ॥૪॥

દેવકીસુતપાદાબ્જલબ્ધલક્ષ્મિ નિરંતરમ્ ।
નૃત્યં મત્તમયૂરાણાં ધન્યં વૃંદાવનં ભુવિ ॥૫॥

દેવકીપુત્રનાં ચરણકમળનાં ચિહ્નો જેને નિરંતર પ્રાપ્ત થયાં છે અને જ્યાં વેણુના નાદમાં મત્ત મયુરો નૃત્ય કરી રહ્યા છે, ભૂમિ ઉપર એવા વૃંદાવનને ધન્ય છે. ॥૫॥

ચિત્રવેશં નંદસૂનોરાકર્ણ્યં વેણુકૂજનમ્ ।
મૂઢાઃ હરિણ્યોઽપિ દધુઃ પૂજા કુમાવલોકનૈ ॥૬॥

ભગવાને રમ્ય વેષને ધારણ કર્યો છે. નંદરાયજીનાપુત્ર એવા ભગવાન શ્રીકૃષ્ણના વેણુના કૂજનને સાંભળીને મૂઢ એવી હરિણીઓએ પણ પ્રેમ ભર્યા અવલોકનોથી પોતાના તરફથી થતી આરાધનાને દર્શાવી છે. ॥૬॥

કૃષ્ણં નિરીક્ષ્ય શ્રુત્વા ચ વેણુગીત વિચિત્રકમ્ ।
દેવ્યો વિમાનગતયા દેહાસ્મૃત્ય વિમોહિતાઃ ॥૭॥

ભગવાન શ્રીકૃષ્ણને નીરખીને અને મનોહર એવા વેણુગીતને સાંભળીને, વિમાનમાં ગતિ કરી રહેલી દેવીઓ દેહનું ભાન ભૂલી જઇને અત્યંત મોહને પામી ॥૭॥

પીબન્ત્યઃ કર્ણપુટકૈઃ વેણુગીતામૃતાકરમ્ ।
ગાવઃ સવત્સાઃ ગોવિંદ સ્પૃશન્ત્યશ્રુકલાઃ મુદા ।૮।

સર્વોત્તમ એવા વેણુગીતના અમૃતને કાન રૂપી પડિયા વડે પાન કરતી, વત્સો સહિત ગાયો ગોવિંદને સ્પર્શી રહે છે અને તેથી તેમની આંખોમાં આનંદનાં અશ્રુઓ છલકાઇ રહ્યાં છે. ॥૮॥

કૃષ્ણેક્ષણાઃ હિ વિહગાઃ વનેઽસ્મિન્ વેણુગીતકમ્
દ્રુમાનારુહ્ય શ્રુણ્વંતિ વાક્ચક્ષુર્વિંનિરુધ્ય હ ॥૯॥

આશ્ચર્ય છે કે, શ્રીકૃષ્ણમાં ચોંટેલી દૃષ્ટિ વાળા પક્ષીઓ પણ આ વનમાં વૃક્ષોની ડાળો ઉપર ચડીને, વાણી અને ચક્ષુઓનો આત્યંતિક રીતે નિરોધ કરીને મધુર એવા વેણુગીતને સાંભળી રહ્યાં છે. ॥૯॥

મનોભવાદ્‌ભગ્નવેગાઃ શ્રુત્વા ગીતં મુકુંદકઃ ।
આલિંગનાર્થે સ્થગિતા નદ્યો પદ્મોપહારકૈઃ ॥૧૦॥

મુકુંદ ભગવાનના વેણુગીતને સાંભળીને, મનમાં ઉદ્‌ભવેલા પ્રેમને કારણે જેનો વેગ રૂંધાઇ ગયો છે તેવી નદીઓ કમલ વગેરેના ઉપહારો લઇને ભેટવા માટે થંભી ગઇ. ॥૧૦॥

દૃષ્ટ્વાતપે સગોપગોપૈઃ ચરન્ત વેણુવાદિનમ્ ।
પ્રેમપ્રવૃદ્ધો સુમનૈઃ વ્યધાદંબુદ છત્રકમ્ ॥૧૧॥

તડકામાં ગોપબાળકોની સાથે ગાયો ચરાવતા અને વેણુનો નાદ કરતા ભગવાન શ્રી કૃષ્ણને જોઇને, જેનો પ્રેમ અત્યંત વધી ગયો છે તેવો મેઘ, ભગવાન શ્રીકૃષ્ણ ઉપર ફોરારૂપી શ્વેત પુષ્પો વરસાવતો વાદળાં રૂપી છત્રને ધરી રહ્યો. ॥૧૧॥

રામકૃષ્ણપદસ્પર્શ પ્રમોદઃ માનમાતનોત ।
હરિદાસવર્યો શેલઃ કંદરાકંદમૂલકૈઃ ॥૧૨॥

બળરામ અને શ્રીકૃષ્ણનાં ચરણોના સ્પર્શથી અત્યંત આનંદિત થયેલ હરિદાસોમાં શ્રેષ્ઠ એવા ગિરિરાજજી હરિદાસોમાં શ્રેષ્ઠ એવા ગોપસમૂહને અને ગાંયોના સમૂહને વિસામો લેવા માટે કંદરા તેમ જ કંદમૂળોથી સત્કાર કરી રહેલ છે. ॥૧૨॥

હરિપાદાબ્જરાગેન દયિતાસ્તન મંડિતમ્ ।
પૂર્ણાઃ પુલિંદ્યઃ તં દૃષ્ટ્વા લિપન્ત્યાનન
કુંકુમમ્ ॥૧૩॥

ભગવાનને અતિ પ્રિય એવી ગોપીઓનાં સ્તન ઉપરનું કેસર ઘાસ વગેરે ઉપર પડે છે. તેના ઉપર ચાલવાથી શ્રીહરિનાં ચરણકમળ લાલ થાય છે, તેને જોઇને આનંદમગ્ન બનેલી ભીલડીઓ તે કેસરને પોતાનાં મુખ ઉપર ચોપડે છે. ॥૧૩॥

વેણુસ્વનૈઃ કલપદૈઃ વૈપરીત્યં ચરાચરમ્ ।
સગોગોપૈઃ વનચરઃ કૃત સર્વરસાકૃતૈઃ ॥૧૪॥

ગાયો અને ગોપ બાલકો સાથે ભગવાન શ્રીકૃષ્ણ વચમાં વિચરણ કરે છે ત્યારે તેમના મધુર ધ્વનિવાળા અને સર્વ રસોથી ભરપૂર વેણુનાદથી આકર્ષાયેલાં પશુઓ, પક્ષીઓ, વૃક્ષો, નદીઓ આદિ જડચેતનવાળું સમગ્ર જગત વિપરીતતાને પામે છે. ॥૧૪॥

એવંવિધા વેણુધરો વૃંદાવન વિહારિણઃ ।
વર્ણયન્ત્યો મિથો ગોપ્યઃ લીલાસ્તન્મયતાંયયુઃ ૧૫

વેણુને ધારણ કરનારા ભગવાન શ્રીકૃષ્ણ વૃંદાવનમાં વિહાર કરી રહ્યા છે ત્યારે એ પ્રમાણે અંદરોઅંદર ભગવાનશ્રીકૃષ્ણની પ્રશંસા કરતી ગોપીઓ લીલાઓમાં તન્મય બની ગઇ. ॥૧૫॥

બર્હાપીડધરં તરાકૃતિવરં કર્ણો કદંબાંકુરમ
શ્રીપીતાંબરપૃક્તપૂર્ણવિજયી માલોરસાલંકૃતમ
વંશીરંધ્રસુપૂરિતાધરસુધાં માધુર્યભાવાંબુધિમ
શ્રીગોપીજન વલ્લભં ડનિશભજે પુષ્ટેન્દુદામોદરમ
॥૧॥

મોરમુકુટને શિર પર થારણ કરનારા શ્રેષ્ઠ નટનો વેષ જેનો છે એવા બંને કાનમા તાજું કદંબનું ફુલ છે એવા, પીતાંબરધારી, છાતી ઉપર પૂર્ણ વિજયવંતી માલાને શોભાવી રહેલા, બંસીનાં છિદ્રોમાં અધરામૃતને મધુર રીતે ભરી રહેલા, આનંદદાયક ભાવથી ભરપૂર, ગોપીજનોના પ્રાણપ્રિય, પૂર્ણેન્દુ ભગવાનશ્રી દામોદરને હું અહર્નિશ ભજું છું. ॥૧॥

શ્રી ગોવર્ધન મધ્ય યુક્ત યમુને વૃંદાટવીમંજુલે
શ્રીગોપીજનવૃંદવૃંદવલિતં રાસે મહામંડલે ।
શ્રીમાન્નૃત્યસુગાનવાદ્યવિવિધૈઃ ક્રીડન કલાકંદલૈઃ
શ્રીરાધારસરાસરંગ રસિકં વંદેહિ દામોદરમ્ ॥૨।

શ્રી ગોવર્ધન-ગિરિરાજની મધ્યમાં આવેલ શ્રી યમુનાજીના કિનારે, રમ્ય વૃંદાવનમાં, વિશાળ વર્તુલાકારે ગોઠવાયેલા રાસમાં શ્રી ગોપીજનો ટોળે વળેલાં છે, અને સૌંદર્યયુક્ત નૃત્ય, વિવિધ વાદ્યો વડે થતું મધુર ગાન અને નૂતન લલિત કલાના કૌશલ્યથી ભગવાન શ્રીકૃષ્ણ ક્રીડા કરી રહ્યા છે, એવા શ્રી રાધાજી સહિત સ્નેહપૂર્ણ રાસના રંગમાં જોડાયેલા ભગવાન શ્રી દામોદરજીને જ હું વંદન કરું છું. ॥૨॥

કાલિંદીજલકેલિમગ્નમનસા ભક્તાઃકુમારીગણાઃ
તાસાં શીઘ્ર જહાર વૃંદવસનાન તસ્થૌ કદંબોપરિમ
એકૈકાન્તુ પ્રયચ્છતો મૃદુકરાત હાસં હસંતો મુદા
વૃંદારણ્ય વિલાસરાસવરદં ધ્યાયેમ દામોદરમ
॥૩॥

ભક્ત એવી કુમારીઓના સમૂહો યમુનાજીના જલમાં આનંદપૂર્ણ મનથી સ્નાન કરે છે, ત્યારે તેમનાં વસ્ત્રોના ઢગલાને શીઘ્રતાથી ઉપાડી લઇને કદંબ ઉપર બિરાજમાન થઇ ગયા પછી પોતાના કોમળ હસ્તથી એકએકને વસ્ત્રો પાછાં આપતાં આનંદથી હસી રહ્યા છે એવા આનંદપૂર્ણ અને વૃંદારણ્યમાં વિલાસ પૂર્ણ રાસ રચવાનું જેમણે વરદાન આપ્યું છે તેવા ભગવાનશ્રી દામોદરનું અમે ધ્યાન ધરીએ. ॥૩॥

॥ શ્રી હરિ ॥

તનુનવત્વતા

લેખક : **શ્રીવલ્લભ પાદપદ્મમિલિન્દ**

[શ્રીમહાપ્રભુજીના સેવા ફલમાં દર્શાવેલ અલૌકિક સામર્થ્ય અને શ્રીયમુનાષ્ટકમાં દર્શાવેલ તનુનવત્વની પ્રાપ્તિ શ્રીમહાપ્રભુજીના અનન્ય આશ્રયથી અને શ્રી સર્વોત્તમ સ્તોત્રના સતત ચિંતવનથી આધુનિક દેહમાં જ તનુનવત્વતા સિદ્ધ થાય છે તેમ પ્રસ્તુત લેખમાં લેખક પ્રતિપાદન કરે છે. **—સંપાદક**]

દેહાદિક ભૌતિક સંઘાતનું પરિવર્તન થઇને તેમાં તનુનવત્વતા, અર્થાત્ આધિદૈવિકતા કેમ સિદ્ધ થાય? જેમ માટીના કાચા ઘડાને નિભાડાના અગ્નિમાં તપાવવામાં આવે છે ત્યારે પરિપક્વ બની જલ ભરવાને યોગ્ય બને છે. તેમ પ્રિય પ્રભુના વિયોગ જનિત તાપ કરવાથી જ તનુનવત્વતા, અર્થાત્ આધિદૈવિકતા સિધ્ધ થાય થાય છે. આ વિષયને શ્રીહરિરાય પ્રભુએ "સેવાફલ" ગ્રંથની ટીકામાં જતાવ્યો છે.

'સેવાફલ' ગ્રંથમાં આપશ્રી મહા પ્રભુજીએ ત્રણ ફલ માનસીના કહ્યા છે. (૧) મુખ્ય અલૌકિક સામર્થ્ય (૨) મધ્યમ–સાયુજ્ય અને (૩) કનિષ્ઠ, લીલા ધામમાં સેવા ઉપયોગી પશુ–પક્ષી વિગેરેનો દેહ પ્રાપ્ત થાય છે.

હવે "અલૌકિક સામર્થ્ય"માં પ્રભુનું કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કુતુમ્ સામર્થ્ય, અથવા અપરિચ્છિન્ન સાકાર વ્યાપક સત્તા, અથવા અગણિત આનંદરૂપ સર્વાત્મભાવ, સ્વતંત્ર ભક્તિ, પ્રભુ સુખાર્થ લીલોપયોગી સૃષ્ટિ સર્જનનું સામર્થ્ય આ સર્વ કાર્ય એકાર્થ વાચી છે. અને તનુનવત્વતામાં અનુભવાય છે. પરંતુ આવા પ્રકારનું તનુનવત્વમાં નિરંતર વિરહાનુભવથી જ તાપાત્મક ભાવથી જ સિધ્ધ થાય છે. જે સ્વકીયો માટે આપશ્રી મહા પ્રભુજીએ મુખ્ય ફલ અલૌકિક સામર્થ્યનું દાન વિચાર્યું છે. તેને આપશ્રીએ તાપ ભાવનું પણ દાન કરેલું છે. અર્થાત્ બ્રહ્મસંબંધ સમયે પોતાના જ (અગ્નિ બીજ રૂપ) તાપ ભાવાત્મક સ્વરૂપનું જે સ્વકીયોને દાન કર્યું છે. તેમાં જ 'અલૌકિક સામર્થ્ય' સિદ્ધ થાય છે. અને જેને આપશ્રીએ પોતાના તાપ ક્લેશાનંદ સ્વરૂપનું દાન કર્યું છે, તે વરણના સહજ સ્વભાવથી વિરહાનુભવમાં રૂચિવાળા હોય છે. આવી રૂચિથી, આ વરણ સ્વરૂપને સમજી શકાય છે. શ્રીમદ્ વલ્લભાગ્નિની અતિ કરૂણાવાળા ક્વચિત્ વિરહી સ્વકીયોમાં આ દાન થાય છે. તેમ શ્રીહરિરાયજીનું મન્તવ્ય છે.

અગણિતાનંદ રૂપ અને અગણિત આનંદના ભોક્તા પ્રિય પ્રભુની તત્સુખાત્મક સેવા તો અલૌકિક સામર્થ્યને પ્રાપ્ત કરવાથી જ થઈ શકે તેમ વિચારી શ્રીવલ્લભાગ્નિના સ્વકીયજનો નિરંતર વિરહાનુભવમાં નિમગ્ન રહે છે.

વિરહ અનલ યાતે કહત સબ ગુણ પૂરણ એહ ।
પક્વદશા કર દેત હે ભર દે નિરવધિ નેહ ॥

વિરહને સર્વ ગુણોથી પૂર્ણ કહ્યો. એટલે પ્રભુમાં રસાત્મક અનંત ગુણો રહેલા છે. તે આ વિરહમાં અનુભવાય છે. અને અનંત ગુણોને ધારણ કરી શકે એવી પાત્રતા પણ સિદ્ધ કરે છે.

શ્રીયમુનાષ્ટમાં તનુનવત્વતાનું દાન શ્રી યમુનાજી કરે છે. તે કેવી રીતે કે શ્રીયમુનાજીનું પ્રાકટ્ય "પદ્મબન્ધો સુતા" તાપાત્મક રવિ નારાયણના આનંદાત્મક હૃદયમાંથી થયું છે. આ કથનમાં પરોક્ષવાદ છે. વસ્તુતઃ આધિદેવિક લીલા લોકના તાપાત્મક રવિરૂપ–શ્રી વલ્લભભાનુના ઘનીભુત સુધારૂપે શ્રીયમુનાજીનું પ્રાકટ્ય થયું છે. તેથી શ્રી ગોકુલેશ પ્રભુ શ્રી યમુનાજીને 'શ્રીવલ્લભભાનુ સુતા' કહે છે.

સારસ્વત કલ્પની અવતાર લીલામાં શ્રી યમુનાજી દ્વારા વ્રજભકતોને શ્રી યમુનાષ્ટકમાં કહેલ–અષ્ટ સિદ્ધિ અને સાક્ષાત્ સ્વરૂપાનંદની પ્રાપ્તિ થઇ. તેમ આધુનિક દેવિજીવોના ઉદ્ધાર માટે શ્રી વલ્લભનો પ્રાદુર્ભાવ થયો છે, તેથી આધુનિક ભકતોને શ્રી વલ્લભના શરણ–આશ્રયથી તનુનવત્વતા ઈત્યાદિ અષ્ટ સિદ્ધિ અને સાક્ષાત્ સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય છે. તેવી આજ્ઞા શ્રી હરિરાય પ્રભુએ શ્રી યમુનાષ્ટકની ટીકાના પ્રથમ શ્લોકમાં કરી છે. શ્રી યમુનાષ્ટકની ટીકાના છેલ્લા શ્લોકમાં ટીકાકારોએ કહ્યું છે કે માત્ર શ્રી યમુનાષ્ટક સ્તોત્રના પાઠથીજ અષ્ટ સિદ્ધિ અને સાક્ષાત્ પુર્ણપુરુષોત્તમના સ્વરૂપનાનંદની પ્રાપ્તિ થાય છે. તેમ આધુનિક ભકતો કે જે શ્રી વલ્લભ પદામ્બુજ આશ્રિત છે. તેને માત્ર શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠથીજ સમગ્ર પ્રતિબંધોની નિવૃત્તિ પુર્વક સાક્ષાત્ નિત્યલીલાસ્થ પુર્ણ પુરુષોત્તમના સ્વરૂપાનંદની સત્વરે પ્રાપ્તિ થાય છે. શ્રી સર્વોત્તમજીના પાઠ માત્રથીજ ઉપરોક્ત ફલની પ્રાપ્તિ સત્વરે કેમ થાય છે?

તેનું કારણ શ્રી વલ્લભ સ્વરૂપ કોટિ સૂર્યાગ્નિના ઉગ્ર પ્રભાવ વાળા છે. તેથી આશ્રિત જનના સમગ્ર પ્રતિબંધોનો સત્વરે નાશ કરી સાંક્ષાત્ સ્વરૂનાનંદની પ્રાપ્તિ કરાવે છે. (જો યે શ્રી વલ્લભ ચરણ ગહે । તો મન વૃથા કરત કયોં ચિન્તા, હરિ હિય આય રહે ॥૧॥ જનમ–જનમકે કોટિક પાતક છિનહીમાંજ દહે ("શ્રી હરિરાય ચરણ") શ્રી સર્વોત્તમજીના છઠ્ઠા શ્લોકનો આવો જ ભાવાર્થ છે. ટુંકામાં શ્રીયમુનાષ્ટકની ટીકામાં ટીકાકાર મહાનુભાવોએ જે જે પ્રકાર નિરૂપણ કર્યો છે. તે સર્વ શ્રી સર્વોત્તમજીના યશોગાન માત્રથી જ સત્વરે સિદ્ધ થાય છે.)

'શ્રીહરિરાય વાંગમુકતાવલી' પહેલા ભાગમાં 'પુષ્ટિમાર્ગ લક્ષણાની' ગ્રંથ છે તેમાં શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે.

વિદ્યમાનસ્ય દેહાદેર્ન સ્વીયત્વેન ભાવનમ્ ।
પરોક્ષેઽપિ તદર્થિત્વં પુષ્ટિમાર્ગ સકથ્યતે ॥૧૨॥

શ્લોકાર્થ : જે માર્ગમાં વિદ્યમાન (ભૌતિક) દેહ–પ્રાણ–ઇન્દ્રિયો–અંતઃકરણાદિનું મમતાથી રક્ષણ કરવામાં આવતું નથી. પરન્તુ

પુષ્ઠ પ્રકાશન સહાય

છબલબેન હરજીવનદાસ કટારીયા
ના જયશ્રીકૃષ્ણ
હ. સુખલાલ મુલચંદભાઈ પાઉ
ના જય શ્રીકૃષ્ણ

વિપ્રયોગ અવસ્થામાં ભવિષ્યમાં થનાર પ્રિય પ્રભુના સંયોગનો વિચાર કરીને જ દેહાદિનું રક્ષણ કરવામાં આવે છે. એ વિષે ગોપીગીતમાં શ્રીગોપીજનોએ કહ્યું છે કે હે પ્રભો ! આપને વિષે પ્રાણ ધારણ કરેલ છે [અર્થાત–ભવિષ્યમાં આપની તત્સુખાત્મક રસરૂપ નિરવધિ સેવાને યોગ્ય બનશું તેવી આશાથી એમોએ પ્રાણ ધારણ કરી રાખ્યા છે.] તેવા અમો આપને ખોળીયે છીએ. આવો આશય જેમાં રહેલો છે, તેને ‘શુધ્ધ પુષ્ટિ માર્ગ’ કહેવાય છે. ॥૧૨॥

તનુનવત્ત્વતા ભૌતિક દેહમાં જ સિધ્ધ થાય છે. તે કેવી રીતે સિદ્ધ થાય છે કે જેમ રજના કાચા ઘડાને નિભાડાના અગ્નિમાં તપાવવાથી તેનો રંગ પલટાય જાય છે. અથવા પરિપકવ બને છે. તેમ વિરહાનુભવમાં વિરહની અગ્નિથી ભૌતિક દેહ–પ્રાણ–ઇન્દ્રિયો અંતઃકરણાદિમાં રહેલા પ્રાકૃત પ્રપંચ ભાવોને દગ્ધ કરી આજ દેહાદિમાં આપ્રાકૃતતા અથવા આધિદૈવિક–તનુનવત્વતા સિદ્ધ કરે છે. અને તેથી અલૌકિક સામર્થ્યવાળો નવીન બનીને સાક્ષાત પ્રિય પ્રભુની અગણિત તત્સુખાત્મક સેવા કરી શકે છે.

શ્રીહરિરાય પ્રભુ ‘સ્વમાર્ગ રહસ્ય’ નામના ગ્રંથમાં જતાવે છે.

ભાવાસ્તથોત્તરે હ્યુક્ત સ્વરૂપમપિ તાદ્દશ્યમ્ ।
ભાવાત્મકં તુ તત્પ્રાપ્તિર્ભાવ પ્રાપ્તિર્ન ચેતરત્ ।૩।

શ્લોકાર્થ : વિપ્રયોગ શૃંગાર રસ જે સ્વરૂપ છે. તે એવું જ ભાવાત્મક કહેવાયું છે. આ વિપ્રયોગાત્મક સ્વરૂપની પ્રાપ્તિ તેનું નામ જ ભાવ પ્રાપ્તિ બીજું કંઈ જ નહિ. ॥૩॥

સ ભાવઃ સર્વથા પૂર્વદેહ સ્વેનાનિવર્ત્ય ચ ।
વિદધ્યાન્નૂતનં દેહં સર્વ સામર્થ્ય સંયુતમ્ ॥૪॥
નિષ્પ્રત્યૂહં યથા તસ્ય વિયોગાનુભવો ભવેત્ ।૪½।

શ્લોકાર્થ–એ ભાવ (તાપાત્મક ભાવ) પ્રથમના શરીરને પોતાના સ્વરૂપે જ રાખીને એને જે પ્રમાણે કોઇ પણ જાતની મુંઝવણ વિના પ્રભુના વિરહનો અનુભવ થાય તેવા પ્રકારના સમગ્ર સામર્થ્યવાળા નવા જ (દિવ્ય) શરીરમાં ફેરવી નાખે છે. ॥૪½॥

- ભષ્યિમાં નૂતન દિવ્ય દેહ પ્રાપ્ત થતાં પ્રિયતમને સુખરૂપ બનશે. આવા આશયથી તત્સુખી વિરહી રસિકજન પોતાના ભૌતિક દેહનું રક્ષણ કરે છે. અન્યથા તો આ વિરહી રસિકને પોતાના ભૌતિક દેહમાં રંચક મમતા હોતી નથી. મમતા દુર રહી, પરંતુ પ્રિય સંગમ રહિત દેહનો ત્યાગ કરવાની જ ઇચ્છા કરતા હોય છે. જેમકે વિજ્ઞપ્તિતમાં શ્રી પ્રભુ ચરણ કહે છે–

ત્વદ્ વિયોગે ય આધોમચ્છવાસો નિગમદ્ બહિ ઃ॥
તે નૈવ સહ ચેત્ પ્રાણાઃ
ન યયુસ્તર્હિ કિં બ્રૂવે ॥ (૨–૨)
ત્વદ્ વિયુક્તસ્ય જીવસ્ય નિત્યતા માસ્તુ કસ્યચિત્ ।
કિંતુ તત્ક્ષણ એવાસ્ય નાશ એવ વ્રજેશ્વર ॥(૨–૫)

ઉપરોક્ત પ્રકારે વિરહીજન પ્રિય પ્રભુના વિયોગમાં પોતાના ભૌતિક દેહને ઇચ્છા કરતા નથી. પરંતુ તનુનવત્વતા ભૌતિક દેહમાં વિરહાનુભવથી સિદ્ધ થાય છે. એવા આશયથી પ્રભુચરણ શ્રી ગુસાંઇજી કહે છે કે–

ત્વદ્ વિયોગેડપિ તે પ્રાણાસ્તિષ્ઠેયુરિતિ નોચિતમ્ ।
પરં તત્સંભવ દુઃખ તૈર્વિના નૈવ સન્તિ તે
॥ (૪–૨૨)

હે પ્રિય ! આપના વિયોગે મારા પ્રાણ ટકી રહ્યા છે તે તેની અયોગ્યતા છે. પરંતુ વિરહ દુ:ખનો અનુભવ વિદ્યમાન દેહ-પ્રાણ ટકાવી રાખ્યા વિના ન જ થાય.

ઉપરોક્ત વિજ્ઞપ્તિ શ્લોકોનો એજ આશય છે કે ભૌતિક દેહમાં જ તનુનવત્વતા સિદ્ધ થાય છે અને તનુનવત્વતા એજ અગણિતાનંદના ભોક્તા પ્રિય પ્રભુની નિરવધિ તત્સુખ સેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. આવા તત્સુખી સ્નેહ સિદ્ધાંતથી ભૌતિક દેહનું રક્ષણ કરવું. અથવા વિરહના અનુભવ માટે જ ભૌતિક દેહનું રક્ષણ કરવું. આથી ભૌતિક દેહના રક્ષણથી થતા સુખમાં સ્વસ્થતા થતી નથી. જે સ્વકીયમાં મહાકારૂણિક સ્વામી શ્રીમહા પ્રભુજીએ ‘મુખ્ય ફલ’ કે જે ‘અલૌકક સામર્થ્ય’ રૂપ છે. તેનું દાન વિચાર્યું છે. તેમાં આપશ્રીએ પોતાના તાપાત્મક સ્વરૂપનું પણ દાન કરેલું છે. તેથી સ્વસ્થતા રહી શકતી નથી.

શ્રીહરિરાય પ્રભુ શિ. ૩૧ માં આજ્ઞા કરે છે કે તનુ-વિત્તાજા સેવા અને સ્મરણ ગુણગાન પણ ભાવ પુર્વક જ કરવા. કારણ કે ‘તનુનવત્વતા’ તાપ ભાવથી જ સિદ્ધ થાય છે. તાપ ભાવથી વનુનવત્વતા પ્રાપ્ત ન થાય તો ‘સેવાફલ’ ગ્રંથમાં કહેલ ‘અલૌકિક સામર્થ્ય’ રૂપ મુખ્ય ફલની પ્રાપ્તિ નહીં થતાં બીજું મધ્યમ ફલ સાયુજયમાં તો જીવાત્માનો પ્રવેશ પ્રભુના સ્વરૂપમાં થઇ જાય છે. અને પ્રભુ જ્યારે ઇચ્છા કરે ત્યારે આ ભક્તોને બહાર પ્રકટ કરી તેને રમણનું સુખ આપી પછી પોતાના સ્વરૂપમાં પ્રવેશ કરાવે છે. પરંતુ મુખ્ય ફલમાં તો પ્રિય પ્રભુ અનંત લીલા અને લીલા આનંદો સહિત મુખ્ય ફલના અધિકારી ભક્તના હૃદયમાં પ્રવેશ કરી સ્થાયિ બિરાજે છે અને પોતાનું સામર્થ્ય આ ભક્તમાં સ્થાપેલું હોવાથી આ ભક્ત જ્યારે જેવી ઇચ્છા કરે છે ત્યારે તે પ્રમાણે કોટાનકોટિ પ્રિય પ્રભુના ભાવાત્મક સ્વરૂપોને, અને વિવિધ લીલાઓને પ્રકટ કરી સ્વરૂપાનંદનો અને લીલાઓના આનંદનો ઉપભોગ કરે છે. આને સ્વતંત્ર ભક્તિ પણ કહેવાય છે, અને “અલૌકિક સામર્થ્ય’ પણ કહેવાય છે, આ મહાન ફલને પ્રાપ્ત કરવામાં તાપ ભાવથી જ મુખ્યતા છે અને તાપ ભાવની પ્રાપ્તિ તાપાત્મક સ્વરૂપ શ્રીવલ્લભાગ્નિના અનન્ય આશ્રયથી અથવા સંતત આપશ્રીની સાન્નિધ્યતાથી આપની કૃપાથી થાય છે.

શ્રીમત્પ્રભુચરણ વલ્લભાષ્ટકમાં આજ્ઞા કરે છે

સ્વામિન્ શ્રીવલ્લભાગ્ને ક્ષણ મપિ ભવતઃ
સન્નિધાને·

કૃપાતઃ પ્રાણ પ્રેષ્ઠ વ્રજાધિશ્વર વદનદ્દિ-
દ્રક્ષાર્તિ તાપો જનેષુ

સાધન દશા વાળા સ્વકીયોએ આપશ્રીના સ્વરૂપ ચિન્તનથી અને શ્રીસર્વોત્તમજીના યશોગાનથી આપશ્રીની સાન્નિધ્યમાં રહેવુ. આ પ્રકારે સન્મુખ રહેવાથી આપ કૃપા કરી પોતાના મધુર તાપાત્મક સ્વરૂપનું દાન કરે છે. અથવા માયાના આવરણને દૂર કરી આપ સ્વકીયના હૃદયમાં પ્રગટ થઇને મધુર તાપ ભાવની વૃદ્ધિ કરે છે. આવા પ્રકારના તાપ ભાવથી જ તનુ નવત્વતા સિદ્ધ થાય છે અને આ તનુ નવત્વ સિદ્ધ થતાં લીલા ધામમાં પ્રવેશ થાય છે.

(અલૌકિક સામર્થ્ય વાળો જે દેહ પ્રાપ્ત થાય છે તે સ્વતઃ સિદ્ધ, સ્વયં પ્રકાશ, સ્વયં સૃષ્ટા અને અપરિચ્છિન્ન સાકાર વ્યાપક સત્તા વાળો હોવાથી તે ભૂતલમાં રહી શકતો નથી, તેનું અધિષ્ઠાન સ્થાન લીલા ધામ જ છે. અને આ દેહથી અનુભવાતુ પ્રભુનું સ્વરૂપ પણ લીલાધામના સંબંધ વાળું છે. તેથી વિરહાનુભવથી આ દેહ સિદ્ધ થતાં લીલાધામમાં તેનો પ્રવેશ થાય છે.)

'સેવાફલ'મા ત્રણ પ્રકારના ફલોનું આપશ્રીએ નિરૂપણ કર્યું છે. તેની સંગતિ સુ. ૨ ૯–૧૯માં આપશ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે–

આ જ આ ભાક્તશાસ્ત્રનો મુખ્ય સિદ્ધાત છે કે જે મોટા પ્રયત્નથી ભગવાનનું કર્તવ્ય કરે તે 'મુખ્ય' ગણાય. જે ભગવાનની સેવા કરે તે 'મધ્યમ' ગણાય અને જે સ્વાર્થ માટે સેવા કરે તે 'અધમ' ગણાય અહીં 'મોટો પ્રયત્ન' એટલે વિપ્રયોગ રૂપી તાપમાં થતા અસહ્ય કષ્ટને સહન કરી સૃષ્ટિ સર્જનનું 'અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરવું તે છે. અને 'ભગવાનનું કર્તવ્ય' એટલે ભગવાન જેમ પોંતાની ક્રીડા માટે સૃષ્ટિ સર્જન કરે છે, તેમ વિપ્રયોગના અનુંભવથી ભગવાનના સામર્થ્યને મેળવી સૃષ્ટિનું સર્જન કરવું બ્રહ્માજીએ કઠીન તપસ્યા કરીને આ સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે તેમ પુષ્ટિ ભક્ત ક્વચિત વિરલમાં આપશ્રી મહાપ્રભુજીએ પોતાના વિપ્રયોગ ભાવાત્મક તાપાત્મક સ્વરૂપનું દાન કર્યું છે.–તેવો સ્વકીય વિપ્રયોગ રૂપી તપની કઠીન સાધનાથી સૃષ્ટિ સર્જનનું અલૌકિક સામર્થ્ય' પ્રાપ્ત કરે છે અને હરિના દુઃખનો હર્તા હરિ બને છે. ઉક્ત કથનમાં આશ્ચર્ય સાથે પ્રશ્ન થાય કે હરિનો પણ હરિ આ ભક્ત કેવી રીતે બની શકે ? અથવા હરિનો હરિ બનવામાં શું રહસ્ય રહેલું છે? સમાધાનમાં સુ. ૩–૬–૩૫માં આપશ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે– "અંતરંગ યોગ માયા એક ક્ષણમાંજ કોટિ બ્રહ્માંડોનું સર્જન કરે છે" કોટિ બ્રહ્માંડોનું સર્જન કરે છે." કોટિ બ્રહ્માંડોનું સર્જન શું કામ કરે છે ? અગણિતાનંદના ભોક્તા સ્વ સ્વામીના સુખાર્થે ઉત્પન્ન કરે છે તેમ અલૌકિક સામર્થ્યવાળા ભગવદીયોમાં પણ તેવુંજ સામર્થ્ય રહેલું છે.

તાપે થાય આતુરતા તાપે ભાવ પ્રકાશ ।
તાપે અભિલાષા રહે હોય રસની રાસ ॥
તાપે અંતરગત ઉપજે સદ્ય થાય નિર્દોષ ।
તાપે રતિ ઉપજે ઘણી.... ॥
ભાવાત્મક જે વિરહ રસ ઉપજ્યો જેને અંગ ।
પ્રભુ પલભર ન સહી શકે સદ્ય કાવે સંગ ॥
તાપજ સાધન સ્વરૂપનું તાપનું રૂપ અનૂપ ।
તાપે સહુ સુખ સમ્પતિ તાપ પરમ ફલરૂપ ॥

પોષ વદ ૭ તા. ૧૩–૧–૮૫ રવિ ભોગી ધનુર્માસ સમાપ્તિ.

પોષ વદ ૮ તા. ૧૪–૧–૮૫ સોમ મકર સંક્રાન્તિ પુણ્યકાળ સર્વોદયથી છે. તિલવા શ્રુંગાંરમાં ધરવા.

પોષ વદ ૧૧ તા. ૧૭–૧–૮૫ ગુરુ ષટતિલા એકાદશીવ્રત તલનો ભોગ ધરવો. દાન આપવું. પ્રસાદ લેવો.

પોષ વદ ૧૨ તા. ૧૮–૧–૮૫ શુક્ર ભારત માર્તંડ પંડિત શ્રીગટ્ટૂલાલજીનો જન્મદિન (સં, ૧૯૦૧)

(ટાઇટલ બીજા પાનાથી ચાલુ)

શ્રીમદ્ વલ્લભાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત પુષ્ટિમાર્ગ સંપ્રદાય એ એક વિશિષ્ટ પ્રકારનો છે. એવું દર્શાવી આં. પુ. વૈ. પ. ના કાર્યકારી અધ્યક્ષ પ્રિ. શ્રી ડૉ. ગજાનન શર્માએ વલ્લભાચાર્યજીનો સંદેશો ગામેગામ અને ઘેરઘેર પહોંચાડવા હવે વૈષ્ણવ. સમાજે કટિબદ્ધ બનવું જોઇએ એમ જણાવ્યું હતું. આં. પુ. વૈ. પ. નીગુજરાત શાખાના પ્રમુખ શ્રી ઇન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠે સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે મંત્રીશ્રી પ્રો. શ્રી શાંતિભાઇ બાંભણિયાએ આનંદ વ્યકત કરી સર્વેનો આભાર માન્યો હતો.

આં. પુ. વૈષ્ણવ પરિષદની કેન્દ્રીય કારોબારીની મીટીંગ ૬ ડીસે. ના રોજ કાર્યકારી અધ્યક્ષ ડૉ. શ્રી ગજાનન શર્માના પ્રમુખસ્થાને મળી હતી. તેમાં ભક્તિવર્ધિની પ્રચાર વાહન સારું સસ્તું સાહિત્ય પ્રકાશિત કરવા આં. પુ. વૈ. પ. નાં પ્રકાશનો 'શ્રી વલ્લભ સંદેશ', 'શ્રી વલ્લભ સુધા' અને 'શ્રી વલ્લભસ્વર' ના વિસ્તૃત વેચાણ અને સંગઠનનો વ્યાપ વધારવા તેમજ વિભિન્ન પ્રોજેકટસને સફળ બનાવવા માટે સંગઠન મંત્રી શ્રી દ્વારકાપ્રસાદ પાટોડિયાજીએ અપીલ કરી હતી.

રાજનગરમાં સોમયજ્ઞ: રાષ્ટ્રના ઉત્થાન માટે, દેશમાં શાંતિ બની રહે, ધર્મ સંસ્કૃતિના રક્ષણ માટે, પુષ્ટિમાર્ગના પ્રચારાર્થે વૈષ્ણવ સમાજમાં એકતા સ્થાપવા, લોકોના કલ્યાણ માટે તથા વાતાવરણને શુદ્ધ બનાવવા માટે પુષ્ટિ માર્ગ સંપ્રદાયના પ્રથમ પીઠાધિશ્વર પૂ. ગો. શ્રી પ્રથમેશજીએ ૨૨મી નવે.થી ૮ ડીસેમ્બર સુધી શ્રી ગુસાંઈજીની બેઠક, અસારવા, અમદાવાદ ખાતે યોજેલો સાતમો "વાજપેય સોમયજ્ઞ" ભારે ઉત્સાહ અને અનહદ આનંદ સાથે સંપન્ન થયો. સોમયજ્ઞના દર્શનાર્થે દેશ વિદેશમાંથી વૈષ્ણવો આવ્યા હતા, લગભગ પાંચ લાખ લોકો દર્શનાર્થે આવી ગયા એવું સોમયજ્ઞ સમિતિના સભ્ય અને આં. પુ. વૈ, પ.ના કેન્દ્રીય મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠે એક મુલાકાતમાં જણાવ્યું.

સોમયજ્ઞના ટાણે દરરોજ શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રી, શ્રી યોગેશભાઈ શાસ્ત્રી વગેરેના ભાગવત અને ગીતા પરના પ્રવચનો યોજાયા હતાં. સોમયજ્ઞના દર્શનાર્થે પધારેલા પુ. ગોઃ આચાર્યશ્રીઓનાં વચનામૃતો પણ યોજવામાં આવ્યાં હતાં. વૈષ્ણવ પરિવારના મંત્રીશ્રી રમેશભાઈ પરીખનું વર્તમાન પરિસ્થિતિ પર સુંદર પ્રવચન યોજયું હતું.

સોમયજ્ઞના પ્રારંભ ભવ્ય શોભાયાત્રાથી થયો હતો અને સોમયજ્ઞની પૂર્ણાહુતિના સમયે વૈષ્ણવ સમાજે પૂ, પા. શ્રી પ્રથમેશજી મહોદયનો કનકાભિષેક કરીને તેઓશ્રીને હજારો વૈષ્ણવોએ ફુલોથી વધાવ્યા હતા હજારો વૈષ્ણવોએ આવા પ્રસંગે અનહદ આનંદ માણ્યો હતો. અને વૈષ્ણવોના ભારે ધસારાને લઈને પૂ, ગો. પ્રથમેશજીને લગભગ ૬ કલાક સુધી કનકાભિષેક પ્રસંગ પર આસન પર બિરાજવું પડયું હતું.

સોમયજ્ઞના ટાણે ખાસ ઉપસ્થિત રહેનાર પૂ. ગો. આચાર્યશ્રીઓ પૈકી પૂ. ગો. શ્રી વ્રજેશકુમારજી (કાંકરોલી) પૂ ગો. શ્રી સુરેશબાવાશ્રી (ગોકુલ–અમદાવાદ) પૂ ગો શ્રી ગીરધરલાલજી (કામવન) પૂ ગો શ્રી વ્રજજીવનજી (અમરેલી) પૂ ગો શ્રી ઇંદિરાબેટીજી (વડોદરા) પૂ ગો શ્રી પુરૂષોતમલાલજી (બીલખા રાજકોટ) પૂ ગો શ્રી મટુબાવાશ્રી અને પૂ ગો શ્રી કનુબાવાશ્રી (વીરમગામ–અમદાવાદ) પૂ ગો શ્રી ગોવિંદલાલજી, પૂ ગો શ્રી રાજેશબાવાશ્રી અને પૂ. ગો શ્રી દ્વારકેશલાલજી (કડી–કોટા) પૂ ગો શ્રી લાલમણિજી (મુંબાઇ) પૂ ગો શ્રી દ્રુમીલકુમારજી (વડોદા) પૂ ગો શ્રી બાલકૃષ્ણલાલજી (સુરત) ઉપરાંત રાજકોટ, પોરબંદર, વેરાવળ, નાગપુર વગેરે સ્થાનો પરથી પૂ ગો આચાર્યશ્રીઓ અને બેટીજી મહોદયા પધાર્યા હતા. તેઓ સર્વના આગમનથી વૈષ્ણવ સમાજ અનેરો આનંદ માણી ધન્યતા અનુભવી હતી.

લગભગ ૧૭ દિવસના આ સોમયજ્ઞમાં અમદાવાદ, મુંબાઇ, કલકત્તા અને ગુજરાતની વિભિન્ન શાખાઓના કાર્યકરોએ શ્રી ઈંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠના નેતૃત્વ નીચે ખુબ સારી સેવાઓ અર્પણ કરી હતી તેથી ધાર્યા કરતાં ભારે સફળતા મળી એટલું જ નહીં યજ્ઞ ભવ્ય અને ઐતિહાસિક રહયો આ કાર્યમાં પૂ ગો શ્રી વ્રજરાયજી મહારાજશ્રી (અમદાવાદ)નો ફાળો ખૂબ મહત્વનો છે.

શ્રી લાડીલેશજી (વેરાવળ) નો ગરબો

નંદ એક સમે ગાય ગોતવા ગયા રે લોલ,
જાતા જાણીને શ્યામતો સંગે થયા રે લોલ. ૧
મેઘ વરસ્યા વરસ્યાને વિજની ઝડી રે લોલ,
રવિ આથમ્યોને સાંજ તો સેજે પડી રે લોલ. ૨
નંદ કેહે ઉપાય શો કીજીએ રે લોલ,
કોની સંગે ગોવિંદ ઘેર દીજીએ રે લોલ. ૩
તેની વેળા કુમારી ભ્રખુભાનની રે લોલ,
ગાય દોહિ મંદિર વળ્યાં માનિની રે લોલ. ૪
નંદે સ્નેહે બોલાવ્યા તે નારને રે લોલ,
તેડી જાઓને દેવ મોરારને રે લોલ. ૫
લાવો લાલને પધરાવો રૂડી રીતશું રે લોલ,
હું તો કૃષ્ણને રાખીશ પૂરણ પ્રીતશું રે લોલ. ૬
સ્વરૂપ જોઈ રાધાજી રીઝીયાં સહી રે લોલ,
હામ હૈયા તણી હૈયામાં રહી રે લોલ. ૭
નાથ નાના હું વરસે વધી ગઈ રે લોલ,
એવી ચિંતા થઇ છે મનમાં ઘણી રે લોલ. ૮
નાથે યુવતિના મનનું જાણીયું રે લોલ,
સ્વરૂપ બદલી બરાબર આણીયું રે લોલ. ૯
ભાવે ભેટયાં તે શ્યામને સુંદરી રે લોલ,
હામ પૂરી તે રાધિકાજી તણી રે લોલ. ૧૦
શ્રી ગોકુળ ગામ ભણી વેળા વળી રે લોલ,
જાણે શોભી રહ્યું છે હિરલા મણી રે લોલ. ૧૧
નંદે ભલે પધરાવ્યા શ્રી નાથને રે લોલ,
નાર નમ્યા જશોદાજી માતને રે લોલ. ૧૨
"વલ્લભ" ના સ્વામી રંગ રસીયા રે લોલ,
ધન્ય ભાગ્ય શ્રી વ્રજ ભૂમિમાં વસીયા રે લોલ. ૧૩

— **કવિશ્રી વલ્લભ**

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રી હરિ ॥

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૨ : અંક ૧૧ * ફેબ્રુઆરી, ૧૯૮૪ * શ્રી વલ્લભાબ્દ ૫૦૫

પરિષદ
થાનગઢ શાખા નિર્મિત
શ્રીવલ્લભાશ્રય
મંદીર
સત્સંગ •
ભવન

આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ થાનગઢ શાખા દ્વારા થાનગઢ (જી. સુરેન્દ્રનગર) મુકામે તૈયાર થયેલ "શ્રીવલ્લભાશ્રય" ભવનના પ્રવેશદ્વારની તસ્વીર

વાર્ષિક લવાજમ રૂા. ૧૦/- * આજીવન રૂ. ૧૫૧/-

'શ્રી વલ્લભ સુધા' ૫૪૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે, રાજકોટ-૩૬૦૦૦૧

–: ગ્રાહકોને વિનતિ :–

"શ્રીવલ્લભ સુધા"નું નવું વર્ષ સને ૧૯૮૪–૮૫ તા. ૧–૪–૮૪થી પ્રારંભ થાય છે તો આ નેવી સાલનું આપનું લવાજમ નીચે દર્શાવેલ સેવાભાવી કાર્યકર ભાઈઓને ત્યાં ભરીને અગર તો કાર્યાલય ઉપર મ. ઓ. થી મોકલાવી પરિષદના આ સાહિત્ય પ્રચાર કાર્યમાં સહકાર આપવા વિનતિ છે.

૧. શ્રી અશોકકુમાર ગોરધનદાસ માંડલીયા
C/o. ઝવેરી એન્ડ કું. રતનપોળના નાકે
ગાંધી રોડ, **અમદાવાદ**

૨. શ્રી જયંતિલાલ શાંતિલાલ પડીયા
મેડીપ લેબોરેટરી, ૪૦૪ સ્પેકટ્રમ
કોમર્સીયલ સેન્ટર, સલાપસ રોડ, **અમદાવાદ**

૩. શ્રી મનસુખલાલ મોતીલાલ (રાજકોટવાળા)
મોતી ચોહટા, **ઉદયપુર**

૪. શ્રી મનસુખલાલ બેચરભાઈ ગજેરા
જવાહર રોડ, **ઉપલેટા**

૫. શ્રી દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા
રેલ્વે સ્ટેશન પાસે, **ધોરાજી**

૬. શ્રી હરજીવન બેચરભાઈ સોની
બસ સ્ટેશન પાસે, **ધ્રોલ**

૭. શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિત માતાના મંદિર સામે, **ધ્રાંગધ્રા**

૮. શ્રી હરકીશનદાસ જમનાદાસ સોની
બજાર ચોક, **જામકંડોરણા**

૯. ડા. જયંતિલાલ રામજીભાઈ
વાસણના વેપારી, **જામકલ્યાણપુર**

૧૦. શ્રી નગીનદાસ પ્રેમચંદભાઈ
દિપેશ મેટલ કોર્પો. ૫૬, દિગ્વીજય પ્લોટ,
જામનગર

૧૧. ડો. ધીરૂભાઈ શાહ
બક્ષી નિવાસ, એમ. જી. રોડ, **જુનાગઢ**

૧૨. પ. ભ. ચરણદાસજી તથા વિઠલદાસજી મરજાદિ
મુ. **નવાગામ** તા. કાલાવડ શિતલા

૧૩. શ્રી હરેન્દ્રભાઈ રમણલાલ શેઠ
"સુન્દરમ્" ૬૯૩ ગુજરાતીવાડ, **દાહોદ**

૧૪. અશ્વિનભાઈ લાલજીભાઈ કંસારા
લાતી પ્લોટ, **મોરબી**

૧૫. શ્રી ભનુભાઈ પોપટ
કોટેચા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, કડીયા પ્લોટ, **પોરબંદર**

૧૬. શ્રી કનૈયાલાલ એન્ડ બ્રધર્સ
વાસણના વેપારી, **કુવાડવા**

૧૭. પ્રજાપત દેવજીભાઈ બાવાભાઈ–**માધાપર**

૧૮. શ્રી મનોહરભાઈ શ્રોફ
આં. પુ. વૈ. પરિષદ, કેન્દ્રીય કાર્યાલય
જી–૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે, **મુંબઈ–૪૦૦૦૦૧**

૧૯. શ્રી વી. સી. જસાણી
તેજ મહેલ બ્લોક સી–૧, એસ. વી. રોડ,
પોલીસ સ્ટેશન પાછળ બોરીવલી (વેસ્ટ)
મુંબઇ ૪૦૦૦૯૨

૨૦. શ્રી મુલજીભાઈ એલ. ભાટીયા
૧૨/૩ બી ગ્રોવ લેન, **કલકત્તા** ૭૦૦૦૨૬

૨૧. શ્રી કાંતિલાલ વી. પાવાગઢી
દરબારગઢ **વઢવાણસીટી**

૨૨. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ
કંસારા બજાર, **વાંકાનેર**

૨૩. શ્રી કિરિટભાઈ સી. દોશી
પારેખ શેરી, **મોરબી**

૨૪. શ્રી ભાણજીભાઈ રૂગનાથભાઈ
વાસણના વેપારી, **સલાયા** (**જી. જામનગર**)

૨૫. શ્રી રમણિકલાલ મેઘજીભાઈ બાબરીયા
વાયા–ઉપલેટા, **સમઢીયાળા**

૨૬. પ્રવીણચંદ્ર કસ્તુરચંદભાઈ કંસારા
કંસારા બજારા, **રાજકોટ**

૨૭. શ્રી રમણિકલાલ કપુરચંદ ધોળકીયા
શ્રી સાત સ્વરૂપની હવેલી, **રાજકોટ**

૨૮. શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે, **રાજકોટ**

૨૯. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪, કૈલાશવાડી, લલીત કુંજ, **રાજકોટ**

૩૦. શ્રી નવીનભાઈ હીરાલાલ કરથીયા
કંસારા બજાર, **રાજકોટ**

૩૧. શ્રી ભૂપેન્દ્રભાઈ બી. ધાબલીયા
બોમ્બે સ્ટીલ એમ્પોરીયમ
૪, કડીયા નવલાઈન, ધર્મેન્દ્ર રોડ, **રાજકોટ**

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઈ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

વર્ષ ૨ : અંક ૧૧
ફેબ્રૂઆરી, ૧૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

નમ્ર નિવેદન

શ્રીવલ્લભ સુધાનો બીજા વષનો આ અગીયારમો અંક પ્રસિધ્ધ થઈ રહ્યો છે આ સાથે ૩જા વર્ષ માટેના ગ્રાહકો નોંધવાનો પ્રારંભ થાય છે ત્રીજું વર્ષ શરૂ થતાં પહેલાં જ બધાં જ ચાલુ વર્ષના ગ્રાહકો પોતપોતાના લવાજમ સ્થાનિક સેવાભાવિ કાર્યકરોને અગર સીધા કાર્યાલયને મોકલાવી આપે તેમજ પ્રત્યેક સભ્ય બે-બે નવા સભ્યો નોંધાવી આપી સ્વમાર્ગીય સિધ્ધાત્ત પ્રચારના આ કાર્યને આગળ વધારે તેવી વિનંતી.

નવા વર્ષથી શ્રી વલ્લભ સુધામાં કેટલાંક નવિન ગ્રંથો તેમજ ધોળ-પદ આદી માહિતી ઉમેરાશે આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની પ્રત્યેક શાખાના મંત્રીશ્રીઓને વિનંતી છે કે પોતાની શાખામાંથી ઓછામાં ઓછા પચ્ચીસ નવા સભ્યો નોંધી વધુને વધુ વૈષ્ણવોને શ્રી મહાપ્રભુજીના અલૌકિક સિધ્ધાતોથી લાભાન્વીત કરાવો.

પૂ. પા. ગો. આચાર્યશ્રીઓ તથા સ્વમાર્ગિય સિધ્ધાન્તના જાણકાર વૈવ્ણવોને વિનંતી છે કે પોતાના સ્વાનુભવ સિદ્ધ સ્વમાર્ગિય પ્રસંગો, પ્રાચિન આચાર્યશ્રીઓના વચનામૃતોના અપ્રકટ પ્રસંગો, પ્રાચિન ધોળ-પદ અર્થ સહિત, શ્રીવલ્લભ સુધામાં પ્રકાશનાથ મોકલાવે જેથી વિશાળ વૈષ્ણવ સમુદાયને પ્રાચિન-અર્વાચિન સ્વમાગીય પ્રસંગોનો લાભ મળે.

શ્રીવલ્લભ સુધાના સેવાભાવિ પ્રચારક વૈષ્ણવ બંધુઓને નમ્ર વિનંતી કે તેઓ દ્વારા નોંધાએલ ચાલુ વર્ષના સભ્યોનું લીસ્ટ કાર્યાલય દ્વારા મોકલાઈ રહ્યું છે. જે મલ્યેથી તે તે સભ્યોનો સંપર્ક કરી નવા વર્ષ માટે તેમને નોંધી તેમજ જેમ બને તેમ વધુને વધુ નવા સભ્યો નોંધી "શ્રીવલ્લભ સુધા" નો આસ્વાદ વિશાળ વર્ગને કરાવશો.

-સંપાદક

॥ શ્રીહરિઃ ॥

મંદિરોનો ઉપયોગ–શ્રદ્ધાનું સ્વરૂપ

લે. પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ 'પ્રથમેશ'

(મૂલ હિન્દી લેખનો ગુજરાતી અનુવાદ)

મંદિરો યા આચાર્ય સંસ્થાન શ્રદ્ધાના કેન્દ્ર છે એ વાસ્તવિકતા છે, અને અહીં હજારો લોકો ભગવાન પાસે પોતાની પ્રાર્થના લઇને આવે છે. દર્શન કરીને ભાવના વિભોર બને છે, અથવા જોરથી શોરબકોર કરી ભકિતનું ઉત્કટ પ્રદર્શન કરે છે. પરંતુ નવા નવા મંદિરોની ભીડ અને શ્રધ્ધાની ભરતી એવા છે જાણે ભયભીત સૌરાષ્ટ્ર પુરના સપાટામાં આવી ગયું હોય.

લોકો કહે છે શ્રધ્ધા વધી છે કેમકે મંદિરોમાં ભીડ વધી રહી છે. અત્યારે એ ધર્મમાં આસ્થાનુ પ્રતિક મનાય છે. કિન્તુ આસ્થાનું સ્વરૂપ શું છે એ સમજવું કઠણ છેં મંદિરોમાં વધતી ભીડને આસ્થા કહેવી કે સ્વાર્થ; એનું વિશ્લેષણ કરવું કઠણ છે. તો પણ એક ઉદાહરણ આપની સામે છે. એક મંદિર ના સુચનાપટ(બ્લેકબોર્ડ) પર લખીને લોકોને એમ જણાવાયું કે મુંબઇ ના પોર્ટ-ટ્રસ્ટના ગોદામમાં લગભગ ૨૦હજાર ટન ગાય ની ચરબી આવેલ પડી છે તેનો વિરોધ કરવો જોઇએ. એ ભારતમાં હોવી ભારતીયતા નું અપમાન છે. આપણી ધર્મ ભાવના ને ઠેસ પહોંચે છે. તો પણ અનેક દર્શનાર્થી લોકો આ વાંચીને એટલુંય નથી પુછતા કે, અમારે શું કરવાનું છે ?

આજ રીતે મંદિરોની ભરતી ચઢી રહી રહી છેં સમજાતું નથી કે એનાથી ધર્મનો પ્રચાર શી રીતે થઇ રહ્યો છે. ધર્મ, સમાજમાં ચેતના લાવે છે. અને સમાજને પ્રેરીત કરીને આત્મ-અનુશાસન સિખાવે છે. પણ તેનુ વર્તમાન સ્વરૂપ એક પડકાર છે. આટલાં બધાં મંદિરો છે જેમાં ભીડભાડ થાય છે, પણ બધાં બેખબર એને બેજબાન જેવાંલાગે છે. આપ અને અમે પોતપોતાને ધાર્મિક કહીએ છઇએ પણ તેનો સમાજ અને જીવનમાં શું ઉપયોગ છે એ વિચારવાની મહેનત કરી છે કયારેય ?

વધતી જતી અનૈતિકતા, સ્વચ્છંદ જીવન અને સંવેદના રહિત એક નિષ્પ્રાણ દેહ જેવા લોકો ઘુમે છે. સ્વાર્થ અને પૈસાની આંધી અને વરસાદમાં જાણે ભટકે છે તણાય છે. છતાં મંદિર બનાવીને સંપદા અને શકિતનો જ દુરૂપયોગ થઇ રહ્યો છે. નવા મંદિરો પાછળ ધર્મને બદલે પ્રદર્શન અને હકુમતની દુકાનો ની સ્થાપના થઈ રહી છે. સચ્ચાઇનું નામજ નથી, જો આના બદલે સંસ્કાર કેન્દ્ર, સેવા પ્રશિક્ષણ કેન્દ્ર અને અનાથાશ્રમ જેવી સંસ્થા-

ઓ બનાવી તેમાં સાચા લોકો સેવા કરવા અને અકીંચનોને સ્નેહ આપવા લાગે તો આજે પણ ધર્મની સચ્ચાઇ અને ઉપયોગીતા પ્રત્યક્ષ થઇ શકે છે.

જે સમાજમાં ધર્મ પ્રેરકબનીને પ્રત્યક્ષ નથી આવતો અને વ્યવહારમા જેનો ઉપયોગ નથી તેનું શું મહત્વ રહે છે ? શ્રધ્ધા અને સ્નેહમાં તો સમર્પણની વિશેષતા શ્રીવલ્લભાચાર્યજી બતાવે છે. પણ આવી પક્ષાપક્ષીની ભાવના અને અહંકાર તથ ઘસાયેલી મમતા નું પ્રદર્શન શું કામનું છે, તે સમજમાં આવતું નથી. નકામાદેહને પ્રાણ છોડી દે છે ચાહે મરવાની ઇચ્છા હોય યા ન હોય. ત્યારે શું ધર્મ સાથે પણ એજ ખેલ થઇ રહયો છે? દેખાવનાતો આશ્રમ પણ છે પણ તેમાં પોતા પણું નથી.

આજે મનુષ્ય ધીરજ અને વિવેક ની સાથે સાથે સહનશીલતા છોડતો જાય છે. એ જીવનની શીઘ્ર ગતિ અને ઉતાવળીયાપણા નો નમુનો છે. સડક પર તરફડતાં પ્રાણી માટે કોઈ પાસે સમય નથી. ખોટા આડંબર માં પોતામાં જ કેન્દ્રિત મનુષ્ય દોડી રહ્યો છે. હાંફે છે અને જોરજોરથી શ્વાસ લઇ રહયો છે. ઘરોમા બેઠેલા મોટા માણસો ઉંચા અવાજે સંગીત સાંભળી રહ્યા છે પણ સાધારણ હીબકા ના સ્વર તેમના કાનો સુધી નથી પહોંચતા.

શાન્તિની શોધ સ્વાર્થથી નથી થતી એ તો પ્રભુને સ્નેહ સમર્પિત કરીને થાય છે, જયા સ્વયં પોતે પધારે છે. દ્વારિકાધિશ તો સુદામા માટે રડી પડયાતા, પણ આજે તો આંખો નું પાણી સુકાઈ ગયું છે અને મનની સંવેદના પણ ચેતના રહિત થઇ ગઇ છે. શું ઉપયોગ છે આમાં ધર્માચાર્યનો, કોઇને જાણવાની ફુરસદ નથી. બધા પથ્થર કળશ બનવા ચાહે છે પણ પાયામાં પુરાવા કોઇ નથી ઇચ્છતાં, કેમ, કે તેમાં પ્રદર્શન નહીં યથાર્થ છે.

સાંભળેલુ હતું તેમજ વાંચ્યુ હતું કે વૈષ્ણવ પોતાના સર્વસ્વ, સર્વશકિતમાન પાસેથી પણ કાંઇ નથી ઇચ્છતા પરંતુ એઓનુંજ સુખ માંગે છે એવું એટલા માટે કે તેઓ સેવાથી પરિપુર્ણ છે. કિન્તુ આજે તો બધા અધુરા જ નજરે પટે છે. ગુંજામાલા અને મોરપંખથી એ અમીરોના ભગવાનની શોભા નથી થતી. તેમને તો અમીરી વૈભવ જોઇએ તોય તેને તેઓ વાંટી નથી શકતાં તેના પર હકૂમત વળી બીજા કોઇની છે. વ્યવહારનું આ ભૂંડુ પ્રદર્શન કેટલું ખુલ્લુ અને બિભત્સ છે, જેમાં કયારેય આત્મીયતા નથી આવી શકતી, તેનાથી ઘૃણાની કંપારી જરૂર શરીરમાં આવી જાય છે. ધર્મ, કર્મ, જ્ઞાન અને ભકિતની જીજ્ઞાસાનું સાચું રૂપ સામે આવતુ જ નથી કેમકે તેનું અસ્તિત્વ ક્ષીણકાયામાં શ્વાસ લઇ રહ્યું છે.

વિચારો કેવિવેકથી ધર્મને કેમ સજાવી શકાય, ધર્મને ભકિત અને સેવાનો સહાયક કહેલ છે. પોતાની વૈષ્ણવતા અને સ્વાર્થ પર આધારીત ધાર્મિકતા ને અંતરમાં તપાસો સચ્ચાઈ સામે આવી જશે. અને આપ કદાચ ગભરાઈ ન જાવ તેનુ ધ્યાન રાખવું.

આમ સમજાઇ રહ્યું છે,કે સામ્યવાદને રોકવા માટે આપણે ધર્મનો આશ્રય લઇ રહ્યા છીએ તો એ ધનિકોનો ખોટો વિચાર

છે. એને ચમત્કાર યા કોઇ પણ વસ્તુ નહીં રોકી શકે. કેમકે ભારતીય અને ધર્મ તથા મનીષા તેની પાછડ નિહિત છે. એ (સામ્યવાદ) પશ્ચીમનો નથી. તેનું વિકૃત સ્વરૂપજ પશ્ચીમમાં વિકસ્યું છે. જેમને ધર્મ અને દર્શનની એકતાનું જ્ઞાન અને ભાન ન હતું. શ્રીવિઠ્ઠલેશ્વરે અને બીજાં ભારતીય સંતો તો એ પ્રમાણે જીવ્યા છે. ધર્મથી સાકાર કરેલ છે. એ સૂત્રોચ્ચાર માટે નહીં સચ્ચાઇની પ્રતિષ્ઠાને માટે હતો અને છે. પ્રસાદનું વિતરણ, સેવામાં અનેક વરતુની આવશકયતા અને તેનું નિર્માણ તથા વ્યવસ્થા બધું ત્યાગ અને પ્રેમના અંગ હતું.

આજે આવશ્યકતા છે જીવનમાં સાચાં બનવાની અને ધર્મ તથા સમાજ પ્રતિ ઇમાનદાર બનવાની. આનો અનુભવ આપ બધા કરો છો અને બચીને ખસીજવા ચાહો છો પણ એમ થઇ શકશે નહીં. અસર તો સહુ પર પડશે અને તેના પૂરથી બચવું કઠણ હશે. તણાય જવાથી તો સારૂં છે. હીમ્મતથી તરીને ત્યાગના પથપર પ્રેમથી આગળ ધપીએ અને કર્તવ્યને જાણીએ. એજ ધર્મ પુરુષાર્થ છે. વ્યષ્ટિ અને સમષ્ટિની એકતા અને તેમાં અનેકતાનું એ સાચું પ્રતિક છે, જે ભકિતની ભાવનાપર હર પરિસ્થિતિમાં પોતાનીમેળે સુરક્ષિત રાખવા સાથે આત્મસંદેશ દઇ રહેલ છે. શ્રીવલ્લભનો આ જ ધર્મપુરૂષાર્થ છે.

◆

શ્રી વલ્લભ સુધાના ગ્રાહકોને વિનંતિ

આ અંક મળતાંજ સને ૧૯૮૪-૮૫ ના નવા વર્ષના લવાજમના રૂા. ૧૦ (દશ) આપના ગામના સેવાભાવી કાર્યકર ભાઇને અગર તો કાર્યાલયને મ. ઓ. થી મોકલાવી સાહિત્ય પ્રચાર કાર્યમાં સહકાર આપવા વિનંતિ છે. તેમ છતાં નવી સાલમાં આપ ગ્રાહક તરીકે રહેવા ન ઇચ્છિતા હો તો તુરત કાર્યાલયને પત્રથી જાણ કરવા કૃપા કરશો.

—તંત્રી

શ્રીમદ્ ભગવદ્‌ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોતમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૧૩મો)

યતતો હ્યપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।
ઇંદ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ॥૬૦॥

હે કૌન્તેય, એ જાણીતું છે કે, વિશિષ્ટ રીતે વલોવી નાખતી ઇંદ્રિયો, શાસ્ત્રના અર્થને જાણનાર અને પ્રયત્નશીલ પુરુષના મનને પણ બલાત્કારથી હરી જાય છે. ॥૬૦॥

અરે, ઇંદ્રિયનિગ્રહ બધાને માટે ઉચિત છે, વિશેષે કરીને સ્થિતપ્રજ્ઞ માટે કેમ? જો એમ કહેવાય તો તેના જવાબમાં 'યતતઃ' શબ્દથી શરૂ કરીને એ શ્લોકથી કહે છે.

હે કૌન્તેય, શાસ્ત્રના અર્થને જાણનાર અને પ્રયત્નશીલ પુરુષના મનને પણ, વિશિષ્ટ રીતે વલોવી નાખતી ઇંદ્રિયો બલાત્કારથી હરી જાય છે. ॥૬૦॥

તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ ।
વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૬૧॥

તે બધી ઇંદ્રિયોને વશમાં રાખીને, હું જ શ્રેષ્ઠ છું એમ માનીને મારામાં જોડાયેલા રહે; કારણ કે જેની ઇંદ્રિયો વશમાં છે, તેની બુદ્ધિ સ્થિર થયેલી છે. ॥૬૧॥

તેથી તે બધી ઇંદ્રિયોને વશ કરીને, હું જ શ્રેષ્ઠ છું જેને એવો, મારામાં જોડાયેલો રહે. એ પ્રમાણે જે હું શ્રેષ્ઠ છું એમ માને છે, તેની પ્રજ્ઞા સ્થિર છે. જેની પ્રજ્ઞા સ્થિર છે તેની ઇંદ્રિયો વશમાં રહે છે, બીજાની નહિ, એમ અર્થ છે; કારણ કે ઇંદ્રિયો મનને વલોવી નાખનારી છે, એવો ભાવ છે. અને એથી જ આગળના શ્લોકમાં પૂર્વાર્ધમાં 'શાસ્ત્રના અર્થને જાણનારનું પણ તે માટે સામર્થ્ય નથી,' એમ કહ્યું છે. ॥૬૧॥

ધ્યાયતો વિષયાન્ પુંસઃ સંગસ્તેષૂપજાયતે ।
સંગાત્ સંજાયતે કામઃ કામાત્ ક્રોધોઽભિજાયતે ॥૬૨॥

વિષયોને ચિંતવનાર પુરુષની તે વિષયોમાં આસક્તિ ઉત્પન્ન થાય છે. વિષયોમાં આસક્તિથી વિષય સુખની ઇચ્છા ઉત્પન્ન થાય છે. વિષય સુખની ઇચ્છાથી ક્રોધ ઉત્પન્ન થાય છે

હવે, સ્થિતપ્રજ્ઞ કેમ ચાલે? તેનો જવાબ ધ્યાયતઃ વગેરે શબ્દોથી કહે છે. વિષયોનું ચિંતન કરનાર પુરુષની વિષયોમાં આસક્તિ થાય છે. આસક્તિથી શું થાય? તેના જવાબમાં સંગાત્ વગેરે શબ્દોથી કહે છે. આસક્તિથી કામ ઉત્પન્ન થાય છે. કામથી ક્રોધ ઉત્પન્ન થાય છે. "અભિ" શબ્દથી સર્વતઃ, તેને યોગ્ય ન હોય તેઓમાં પણ, એમ અર્થ છે. ॥૬૨॥

ક્રોધાદ્‌ભવતિ સંમોહઃ સંમોહાત્સ્મૃતિ વિભ્રમઃ ।
સ્મૃતિભ્રંશાદ્‌બુદ્ધિનાશો બુદ્ધિનાત્પ્રણશ્યતિ ॥૬૩॥

ક્રોધથી સંમોહ થાય છે. સંમોહથી સ્મૃતિનો નાશ થાય છે (એટલે કે ઇશ્વરનું સ્મરણ રહેતું નથી) સ્મૃતિના નાશથી બુધ્ધિ નાશ થાય છે અને બુધ્ધિના નાશથી તે (પુરુષ) વિનાશને પામે છે. ॥૬૩॥

અને ક્રોધથી સંમોહ ઉત્પન્ન થાય છે. સંમોહ એટલે આત્યંતિક મોહ, વિવેક રહિત

હોવાપણું સંમોહથી સ્મૃતિ એટલે ભગવાનનું સ્મરણ, તેને વિશેષે કરીને ભૂલી જવું તે ભગવાનના સ્મરણ પછી તેનુ અનુસ્મરણ તો રહેલું જ નથી. સ્મૃતિનો નાશ થવાથી પહેલાં કહ્યા પ્રમાણે બુધ્ધિનો નાશ થાય છે અને બુધ્ધિના નાશથી વિનાશ થાય છે. ફરીને તેના સાધનમાં પ્રવૃત્તિ ન રહેવાથી નાશમાં અધિકતા આવે છે. વિષયમાં ધ્યાન અને આસકિત વગરનો તું થા, એવો ભાવ છે. ।।૬૩।।

રાગદ્વેષવિયુતૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન ।
આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ।૬૪।

વળી, રાગ અને દ્વેષથી રહિત, પોતાને વશ થયેલી ઇંદ્રિયો વડે વિષયોને ભોગવતો, મનને વશ રાખનાર (પુરુષ) ભગવાનની કૃપાને મેળવે છે. ।। ૬૪ ।।

'સમાધિસ્થ' નો ઉત્તર 'રાગદ્વેષાવિયુકતૈઃ' વગેરે શબ્દોથી કહે છે. 'તુ' શબ્દ પહેલાં નિરૂપાયેલી 'સમાધિસ્થ' શબ્દોનું પુનરાવર્તન કરવાના અર્થમાં છે. વિધેયાત્મા એટલે વશવર્તી આત્મા—ભગવાન જેને વશ છે તેવો. રાગદ્વેષ વગરની, પોતાને વશ કરેલી અથવા ભગવાનને વશ રહેલી ઇંદ્રિયો વડે, વિષયોના ભોગોને, કે જે ભગવાનની ઇચ્છાથીપ્રાપ્ત થયા હોય તેને, ઉપયોગમાં લેનાર કૃપાને–ભગવાનની કૃપાને પ્રાપ્ત કરે છે. અહીં આ ભાવ છેઃ–ભગવાંનની ઇચ્છાથી, રસના જ્ઞાન માટે રસસ્વરૂપ ભગવાનને રસદાન કરવાની ઇચ્છાથી પ્રાપ્ત થયેલા ભોગોને આત્મવશ્યો વડે એટલે કે ભગવદ્રસના અભિલાષીઓ વડે, તે રસના જ્ઞાન અર્થે તે અપાયેલા છે, એમ જાણીને જ્યાં સુધી કાર્યસિદ્ધિ થાય ત્યાં સુધી ભોગવાય છે, તેના ઉપર ભગવાન કૃપા કરે છે. આથી જ શ્રીભાગવતમાં 'બાધ્યમાનોડપિ' થી શરૂ કરીને 'વિષયૈર્નાભિભૂયતે' સુધીમાં (ઇંદ્રિયોને જીતી ન હોય તેવો, વિષયોથી પીડાતો હોવા છતાં, મારી પરિપકવ ભકિતથી મોટે ભાગે તે વિષયોને વશ થતો નથી. ૧૧-૧૪-૧૮) એ પ્રમાણે જ કહ્યું છે. ।। ૬૪ ।।

પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।
પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ।।૬૫।।

ભગવાનની કૃપા પ્રાપ્ત થાય છે ત્યારે આ (પુરુષ)નાં બધાં દુઃખોનો નાશ થઇ જાય છે. પ્રસન્ન ચિત્તવાળાની બુધ્ધિ ખરેખર જલદીથી આત્યંતિક રીતે સ્થિર થઈ જાય છે. ।। ૬૫ ।।

ભગવાનની કૃપાથી શું થાય ? એવી શંકા કરીને 'પ્રસાદે' વગેરે શબ્દોથી કહે છે. જયારે ભગવાનનો અનુગ્રહ થાય છે ત્યારે તેનાં એટલે અનુગ્રહ પ્રાપ્ત કરેલાનાં બધાં દુઃખોનો નાશ થાય. 'સર્વ' એવા પદથી અલૌકિક વિપ્રયોગાદિનો પણ નાશ દર્શાવેલો છે. તેનાથી નિત્ય સંયોગ જ રહે, એવો ભાવ વ્યકત થયો છે. સર્વે દુઃખોનો નાશ થતાં શું થાય ? તેના જવાબમાં 'પ્રસન્નચેતસઃ' વગેરે શબ્દોથી કહે છે. દુઃખોનો નાશ થતાં જેનું મન પ્રસન્ન છે તેવો થાય છે. તેનાથી તે પછી તરત જ તેની બુદ્ધિ મારામાં આત્યંતિક રીતે સ્થિર થઈ જાય છે. ।।૬૫।।

નાસ્તિ બુદ્ધિરયુકતસ્ય ન ચાયુકતસ્ય ભાવના ।
ન ચાભાવયતઃ શાન્તિર શાન્તસ્ય કુતઃ સુખમ્
।।૬૬।।

(ભગવાનમાં) નહિ જોડાયેલને બુદ્ધિ હોતી નથી, અને (ભગવાનમાં) નહિ જોડાયેલને

ભાવના પણ હોતી નથી. ભાવના રહિતને શાંતિ નથી, શાંતિ રહિતને સુખ કયાંથી હોય ? ॥૬૬॥

અરે, સમાધિમાં રહેલાની પણ સ્થિતપ્રજ્ઞતા કહેવાઇ છે, તો તેમાં શી વિશિષ્ટતા છે ? એના જવાબમાં 'નાસ્તિ બુદ્ધિઃ' વગેરે શબ્દોથી કહે છે. મારામાં નહિ જોડાયેલમાં સમજ શકિતનો અભાવ હોય છે. એનો આ અર્થ છેઃ જ્ઞાન પછી જો મારામાં ન જોડાય તો તેની પ્રજ્ઞા સ્થિર થયેલી નથી જ. તેથી સમાધિમાં રહેલો ભગવાનના સંયોગના અભાવે સ્થિર પ્રજ્ઞા હોવા છતાં કાંઇ કરવાને સમર્થ હોતો નથી, એમ અર્થ છે. અરે, સમાધિમાં રહેલો છતા પ્રભુમાં જોડાયેલો ન હોય તો તેનું ફળ શું ? એવી શંકાના જવાબમાં 'ન ચ' વગેરે શબ્દોથી કહે છે. ભગવાનના સંબંધ વગરનો હોય તો ભાવના એટલે કે ભગવદ્ રસને યોગ્ય દેહની અભિલાષા તેમનામાં હોતી નથી. અરે, માત્ર ભાવનાથી પણ શું થાય ? આથી 'ન ચ અભાવયતઃ' વગેરે શબ્દોથી કહે છે. ભાવના વગરનાને શાંતિ એટલે કે ભગવવદ્ રસને યોગ્ય દેહની પ્રાપ્તિ થતી નથી. ભાવના રહિત દેહવાળાને સાક્ષાત્ આનંદનો અનુભવ થતો નથી. એમ કહે છે. અશાંતને એટલે કે શાંતિ રહિત દેહવાળાને તાપ રહિનું સુખ એટલે સાક્ષાત્ સંબંધાત્મક આનંદનો અનુભવ કયાંથી મળે ? એમ અર્થ છે. ॥૬૬॥

ઇંદ્રિયાણાં હિ ચરતાં ચન્મનોઽનુવિધીયતે ।
તદસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમિવાંભસિ ॥૬૭॥

કારણ કે, જલમાં નૌકાને જેમ વાયુ, તેમ (વિષયોમાં) વિહાર કરતી ઇંદ્રિયોમાંની જેને મન અનુસરે છે, તે (ઇંદ્રિય) આ (પુરુષ)ની બુદ્ધિને હરી લે છે. ॥૬૭॥

અરે, ભાવનામાં સ્થિત ચિત્તવાળાનો પણ ઇંદ્રિયનિગ્રહ શા માટે ? તે તો સાધનદશા પ્રાપ્ત કરી હોય તેને સંભવે છે. ભાવનાવાળો તો સિદ્ધ જ છે, જ્ઞાનીઓની જેમ તેને તેનું પ્રયોજન નથી. એમ શંકા કરીને 'ઇંદ્રિયાણામ' વગેરે શબ્દોથી કહે છે. લૌકિકોમાં સ્વેચ્છાએ વિહાર કરતી ઇંદ્રિયોની પાછળ, જે ઇંદ્રિયની સંગે મન જાય છે, તે તેજઇંદ્રિયોની ભાવના રૂપિણી પુરુષની પ્રજ્ઞાને તે હરી જાય છે. તેમાં 'જેમ વાયુ નાવને' એવું દૃષ્ટાંત આપીને કહે છે. જલમાં તરવાના સાધન નાવને વાયુ હરી જાય છે, તેમ તે ઇંદ્રિય તેની પ્રજ્ઞાને હરી જાય છે જેવી રીતે પ્રબલ વાયુ કર્ણધાર વગરની નાવને ડુબાડી દે છે, તેવી રીતે તે ઇંદ્રિય તેની પ્રજ્ઞાને હરી જાય છે, એવો ભાવ છે. ॥૬૭॥

તસ્માદ્યસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ ।
ઇંદ્રિયાણીન્દ્રિયર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૭૮॥

તેથી હે મહાબાહુ, જેની ઇંદ્રિયો ઇંદ્રિયોના વિષયોમાંથી પૂર્ણપણે વશમાં કરાયેલી છે, તેની બુદ્ધિ સ્થિર થયેલી છે. ॥૬૮॥

તેથી પુર્ણપણે ઇંદ્રિયનિગ્રહ કરનારની જ પ્રજ્ઞા સ્થિર છે, એમ 'તસ્માત્' વગેરે શબ્દોથી કહે છે, તે કારણે ઇંદ્રિયોના વિષયમાંથી ઇંદ્રિયોને જેણે વશ કરેલી છે, તેની પ્રજ્ઞા સ્થિર છે, એમ અર્થ છે.

હે મહાબાહુ, સંબોધન કરીને, તે પ્રમાણે કરવાનુ સામર્થ્ય દર્શાવ્યું છે. ॥૬૮॥

યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી।
યસ્યાં જાગ્રતિ ભૂનિતા સા નિશા પશ્યતઃ મુનેઃ।૬૯।

પ્રાણી માત્રની જે રાત્રિ છે, તેમાં સંયમી જાગે છે, જેમાં પ્રાણીઓ જાગે છે, (ભગવાનને) જોનાર મુનિની તે રાત્રિ છે. ॥ ૬૯ ॥

અરે, એવી. ઇંદ્રિયનિગ્રહ કરનારનું લક્ષણ શું હોય? એવી અપેક્ષાવાળાને ‘યા નિશા’ વગેરે શબ્દોથી કહે છે.

સર્વે પ્રાણીઓની જે નિશા એટલે રાત્રે નિદ્રામાં સુખની પ્રાપ્તિ થાય તે, તેમ વિષયસુખોમાં બધાની જે નિશા એટલે સુખની પ્રાપ્તિ થાય છે તે નિ એટલે નિતરામ્, આત્યંતિકપણે, શમ્ એટલે સુખ જેમાં છે તે નિશા તેમાં સંયમી એટલે ઇંદ્રિયોનો નિગ્રહ કરનાર જાગે છે, સુખ પ્રાપ્ત કરતો નથી, એમ અર્થ છે. જે રાત્રીમાં પ્રાણીઓ જાગે છે, સુખ પામતા નથી, તે ભગવાનના સુખને જોનારની–મનનશીલની રાત્રિ એટલે સુખની પ્રાપ્તિ. તેના સુખનું વર્ણન અશકય હોવાથી ‘મુનિની’ એવું વિશેષણ કહ્યું. ॥ ૬૯ ॥

આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં
    સમુદ્રમાપઃ પ્રવિશન્તિ યદ્વત્
તદ્વત્કામા યં પ્રવિશન્તિ સર્વે
    સ શાન્તિમાપ્નોતિ ન કામકામી ॥૭૦॥

જેવી રીતે ભરાતા જતા અને અચલ સ્થિરતાવાળા સમુદ્રમાં જળ પ્રવેશ કરે છે, તેવી જ રીતે જેમનામાં સર્વે ભોગેચ્છાઓ લય પામે છે, તે શાન્તિને મેળવે છે, ભોગની ઇચ્છાવાળો નહિ. ॥ ૭૦ ॥

અરે, લૌકિક વિષયોના દર્શનનો અભાવ હોવાથી તેની પ્રાપ્તિ શી રીતે થાય. ? તેથી ‘આપૂર્યમાણમ્’ વગેરે શબ્દોથી કહે છે. વિવિધ સ્થળની નદીઓથી ભરાતો જતો છતાં જેની સ્થિરતા અચલ છે, વૃદ્ધિ આદિ વિકાર થતો નથી, એવા સાગરમાં જેવી રીતે જળ પ્રવેશતાં રહે છે, તેવી રીતે અનેક સ્ત્રીઓથી કામરસમાં પ્રવર્તમાન જેમનામાં ભગવત્કામનાઓ, પોતાના સર્વે મનોરથો, પોતાના ધ્યેયમાં પ્રવેશે છે, એમ જે જાણે છે તે શાંતિને એટલે કે કામનાની શાંતિને, પરમ સુખને પામે છે. આથી જ શ્રીમદ્ભાગવતમાં (૧૦–૩૨–૧૩) મનોરથો, પુર્ણ થતાં (ગોપીઓ) શ્રુતિઓની જેમ કૃતકૃત્ય થઇ. (ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શનથી ગોપીઓના હૃદયમાં આનંદ વ્યાપી ગયો: તેમના મનોરથો પુર્ણ થતાં હૃદયની વેદનાઓ ટળી ગઈ અને શ્રુતિઓની જેમ કૃતકૃત્ય થઇ ગઇ) એમ કહ્યું છે. કામની કામનાવાળો, જે લૌકિક કામને ભોગવવાના સ્વભાવવાળો છે તે, શાંતિને પામતો નથી, એમ અર્થ છે. અથવા જેમનામાં પહેલાં કહ્યા પ્રમાણે સર્વે કામનાઓ લય પામે છે, તેને શાંતિ મળે છે. જે જોયા વિના પણ તેની કામના કરે, અથવા પ્રભુને માટે કામના કરે તે શાંતિને, પરમ આનંદને પામે છે, પોતાને માટે કામની અભિલાષા કરનારા શાંતિને પામતો નથી. ॥૭૦॥

વિહાય કામાન્યઃ સર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ।
નિર્મમો નિરહંકારઃ સ શાન્તિમધિગચ્છતિ ॥૭૧॥

જે પુરુષ સર્વે કામનાઓને ત્યજી દઇને સ્પૃહા રહિત, મમતા રહિત અને અહંકાર રહિત થઇને વિચરે છે, તે શાંતિને મેળવે છે

લૌકિક કામનાની અભિલાષાવાળો શાંતિને પામતો નથી, તેથી તેને (લૌકિક કામનાની•

અભિલાષાને) ત્યજવી, એમ 'વિહાય' વગેરે શબ્દોથી કહે છે. જે દુર્લભ પુરુષ એક માત્ર ભગવાનની ભાવનાને યોગ્ય છે તે સર્વે કામનાઓને છોડીને, સ્પૃહા રહિત, માત્ર ભગવત્પરાયણ થઇને વિચરે છે, સર્વત્ર વ્યાકુળતાથી પરિભ્રમાણ કરતો રહે છે, દેહાદિમાં મમતા રહિત, અહંકાર વગરનો છે, તે શાંતિને પામે છે. ।।૭૧।।

એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ ।
સ્થિત્વાઽસ્યામંતકાલેઽપિ બ્રહ્મનિર્વાણમૃચ્છતિ ।।૭૨।।

આ બ્રાહ્મી સ્થિતિ છે. હે પાર્થ, એને પ્રાપ્ત કરીને તે મોહને પામતો નથી, મરણ સમયે પણ એમાં સ્થિર રહીને તે બ્રહ્મનિર્વાણને પ્રાપ્ત કરે છે. ।।૭૨।।

'એષા' વગેરે શબ્દોથી ઉપસંહાર કરે છે. આ બ્રાહ્મી એટલે બ્રહ્મનિષ્ઠની સ્થિતિ છે. એને પ્રાપ્ત કરીને તે મોહને પામતો નથી. અંતકાળે ક્ષણ માત્ર પણ એમાં સ્થિત રહીને, બ્રહ્મનિર્વાણને એટલે કે પુરુષોત્તમની મુક્તિને પામે છે. ગીતાજી ઉપનિષદરૂપ હોવાથી બ્રહ્મ પદ પુરુષોત્તમવાચક જ છે. જન્મથી જ એવી સ્થિતિમાં રહેનારને માટે તો શું કહેવાનું હોય ? એવો ભાવ છે. ।।૭૨।।

એ પ્રમાણે શ્રીમહાભારતમાં, ભીષ્મપર્વમાં, ઉપનિષદરૂપ, બ્રહ્મવિદ્યારૂપ, યોગશાસ્ત્રરૂપ, ભગવદ્ગીતામાં સાંખ્યયોગ નામે બીજો અધ્યાય પુરો થયો. ।।૨।।

એ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપરની ગીતામૃતતરંગિણી ટીકામાં બીજો અધ્યાય પુરો થયો. ।।૨।। (ક્રમશઃ)

શ્રીવલ્લભ વંશ વિખ્યાત

શ્રીવલ્લભ હૈ, કરૂણાસાગર;
શ્રીવિઠ્ઠલનાથ હૈ, પરમ કૃપાલ;
શ્રી ગોકુલનાથ હૈ, રત્ન રસાલ;
શ્રી હરિરાય હૈ, ભાવાત્મક રસમાલ;
કરત કરૂણા નિજજન પર વલ્લભ સદા;
કરત પરંમ કૃપાળાવિઠ્ઠલ સુખકારી સદા;
રત્ન હૈ, ઐસે યા પુષ્ટિ કે ભી ગોકુલનાથ;
જીનને રાખ્યોં યા ધર્મકું રત્ન બન સાથ;
સમઝાયોં ગૂઢ પુષ્ટિકું ભાવાત્મક ભાવસું;
શ્રી હરિરાય રસમાલને;
ઐસે મહાનુભાવનકી જો ચરણ રેણું જો પાવે;
વાકેં ભાગ્યકી કહિ ન જાવેં;
મહા અલૌકિક અતિ સુખ રસ પાવે;
પૂ. પા ગો. શ્રી દામોદરલાલજી બાવાશ્રી **–કલોલ**

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

સિદ્ધાંતમુકતાવલી

શ્રીમદ્ વિઠ્ઠલેશ્વર વિરચિત વિવૃતિ ઉપર શ્રીમત્ કલ્યાણરાય વિરચિત ટિપ્પણીનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : પ. ભ. શ્રી મગનભાઇ તન્ના
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ત્રીજો)

પૂ. પા. શ્રી વિઠ્ઠલેશ્વર વિરચિત સિધ્ધાંતમુકતાવલી ઉપરની વિવૃતિનું ભાષાંતર પૂરું થયું. હવે એ વિવૃતિ ઉપર લખાયેલ પૂ. પા. શ્રીકલ્યાણરાયજીની ટિપ્પણીનું ગુજરાતી ભાષાંતર શરૂ થાય છે. પુ. પા. શ્રીકલ્યાણરાયજીનું મહત્વ અનેક પ્રકારે છે. અતિ હર્ષની વાત તો એ છે કે તેઓશ્રીના પ્રાકટયની વધાઇ સ્વયં શ્રીનાથજીએ શ્રીવિઠ્ઠલેશજીને આપી હતી પુ. પા. શ્રીવિઠ્ઠલેશજીના પૌત્રોમાં સૌથી મોટા પુ. પા. શ્રીકલ્યાણરાયજી હતા. વળી તેઓશ્રી હરિરાયજી મહાપ્રભુજીના પિતાશ્રી તરીકે તો સૌ વૈષ્ણવજનોમાં પ્રિય છે જ એઓશ્રીની જ વાણીમાં હવે ટિપ્પણીનું ગુજરાતી ભાષાંતર વાંચતાં વૈષ્ણવજનોને ખુબ જ આનંદ આવશે, એમાં શંકા નથી.

વાચકોને ખાસ વિનંતિ તો એ છે કે, સિધ્ધાંતમુકતાવલી મૂળ અર્થ સાથે અને પુ. પા. શ્રીવિઠ્ઠલેશજીની વિવૃતિના ભાષાંતરને સાથે રાખીને વાંચવાથી ઘણી જ સરળતા થશે કારણ કે તેમાંના શબ્દો ઉપર જ ટિપ્પણીમાં વિવરણ થતુ હોય છે. આશા છે કે, સર્વે વૈષ્ણવજનોને ટિપ્પણીમાંનું રહસ્ય આનંદમગ્ન બનાવશે.

* * *

સંસારથી છૂટેલાઓના આશ્રયરૂપ, સેવવાયોગ્ય અસાધારણ રત્નસ્વરૂપ, શુક વગેરેએ જેમની સ્પૃહા કરી છે તેવા, ઉત્તમ પ્રકૃતિવાળાઓથી પ્રાપ્ત કરવા યોગ્ય અને ઇંદ્રિયોના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણકમળમાં મન રૂપી રાજહંસ ક્ષણભણ વિરામ પામો ॥૧॥

સુધારો

ગતાંકના પૃષ્ઠ ૧૦ કોલમ ૨ ની લીટી ૧-૨-૩ નું સાચું લખાણ આ પ્રમાણે છે. “ શકિતવંતા ગંગાજી, તેમ અક્ષરબ્રહ્મ (આધ્યાત્મિક સ્વરૂપે) છે, અને જેમ દેવી (ગંગાજી) છે તેમ શ્રીકૃષ્ણ (આધિદૈવિક સ્વરૂપે) છે. “આ મુજબ સુધારી વાંચવા વિનંતી —સં

માયારૂપી અંધકારને નાશ કરનારા, વાણીથી સર્વે અર્થોને દર્શાવનાર, શ્રીહરિને નિરંતર પોતાના અંતઃકરણમાં રાખી રહેનાર, દ્વિજશ્રેષ્ઠ હે શ્રીવલ્લભાચાર્યજી, આપને સદૈવ નમસ્કાર હો.

સ્વસિધ્ધાંતરૂપમ્.... .... પોતાનો સિદ્ધાંત શાસ્ત્રના નિશ્ચિત અર્થ રૂપ છે, કારણ કે તે શ્રુતિસિધ્ધ છે; એવો ભાવ છે. 'આવશ્યકાર્થ' 'કૃત્યાશ્ચ' એ સૂત્રથી આવશ્યકતા અને ઋણવાળો એવા બંન્ને અર્થમાં કૃત્ય નામના પ્રત્યયોનું વિધાન છે, તેથી ધાતુ પણ આવશ્યકતાના અર્થમાં ણ્યત્ (ય પ્રત્યય) લે છે. એવો ભાવ છે. (કૃ ધાતુ ઉપરથી ય પ્રત્યય લાગીને થયેલ કાર્ય શબ્દમાં અવશ્ય કરવાપણું અને ઋણવાળા હોવું, એ બંને હેતુ છે.) ભગવાનનું ભજન નહિ કરવામાં દોષ દર્શાવનારું મહાદેવજીનુ વચન સ્કંદ પુરાણમાં એમ સાંભળવામાં આવે છે કે, હે કેશવ, જે શાસ્ત્ર વિહિત સર્વે આચારનું પાલન કરનારો છે તે આપનો ભકત છે અને જે બધી જાતનાં પાપોને આચરનારો છે તે હે અચ્યુત, આપના ભકત નથી.

'તન્નિવૃત્ત્યા' એટલે અહંતા મમતાથી સંસાર થયેલ છે, તે સંસારનાં દુઃખોની નિવૃત્તિથી (અનિષ્ટની નિવૃત્તિ કહી છે.) અહંતા મમતાત્મક સંસારમાંથી જ્ઞાનેદ્રિયો અને મનને હટાવવું તે ભકતોને માટે ભગવાનના ભજનમાં ઉપયોગી છે, એમ અર્થ છે શ્રીમદ્ભાગવતજીના (૧૦-૨-૩૦) શ્લોકમાં બ્રહ્માજી વગેરેએ ગર્ભસ્તુતિમાં હે કમલ સમાન નેત્રોવાળા પ્રભુ, ભુતમાત્રના આશ્રયરૂપ આપનામાં (હે કમલ સમાન નેત્રવાળા પ્રભુ, થોડા એક જનો જ સમાધિ દ્વારા, ભૂતમાત્રના આશ્રયરૂપ આપનામાં પોતાના ચિત્તને જોડીને, આપનાં ચરણકમલ રૂપી મજબૂત નાવને મેળવીને, સંસારરૂપી સાગરને વાછડાની ખરી જેવો-અતિ નાનો બનાવી દે છે એ શ્લોકથી એ પ્રમાણે જ કહ્યું છે

'કૃષ્ણશબ્દેન એવ' ....'કૃષિર્ભૂવાચકઃ શબ્દઃ' (કૃષ ધાતુ સત્તાવાચ છે), 'કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્' (કૃષ્ણ તો સ્વયમ્ ભગવાન છે.) વગેરે વાકયોથી કૃષ્ણ શબ્દ પુરુષોત્તમનો વાચક છે, એવો ભાવ છે. જ્ઞાનીઓએ ઉપાસવા યોગ્ય અને તેઓની મુકિતનું સ્થાન શ્રીકૃષ્ણ છે એમ, જેઓ અનિર્દેશ્ય અને અવ્યકત અક્ષરને ઉપાસે છે (ગીતા, ૧૨-૩) અને વેદના જાણનારાઓ જેમને અક્ષર કહે છે (ગીતા,૮-૧૧) એવાં ગીતાજીનાં વાકયોથી જાણી શકાય છે. અત્ર એટલે અહીં, અક્ષર બ્રહ્મમાં અને પ્રપંચમાં, એમ અર્થ છે. 'ઉભયો' એટલે બંનેનું પ્રપંચમાં, બ્રહ્માત્મકપણું સિદ્ધ છે અને અક્ષર બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મો હોવાનું પ્રમાણસિદ્ધ છે, તેથી વિરુધ્ધ ધર્મો બ્રહ્મમાં સાથે ન રહેવાના લક્ષણરૂપ વિરોધ નથી, એમ અર્થ છે.

'વિરોધપરિહારાય' એટલે પ્રપંચનું બ્રહ્માત્મકપણું છે, એમ કહેવામાં માયાવાદ વગેરેથી વિરોધ થાય, તે વિરોધને ટાળવાશ માટે, શ્રુતિસિધ્ધ પોતાના સિધ્ધાંતને કહેવા પૂર્વપક્ષથી ભિન્ન મતને કહે છે, એમ અર્થ છે. 'અપરમ્' એમાં એકવચન છે, તે એકની જેમ જ તેઓના મતોનું નિરાકરણ કરવામાં તુચ્છ પણું દર્શાવવા માટે છે.

મૂળમાં 'સેવતામ્' શબ્દ છે. 'સેવ' ધાતુ આત્મનેપદી છે, છતાં અનુદાત્તપણામાં ધાતુ

ઓનું આત્મનેપદ અનિત્ય હોવાથી પરસ્મૈપદમાં વપરાયાનું યોગ્ય છે.

મૂર્તિ એટલે દેહવતી. 'ભકતવિશેષે' એટલે પ્રેમાળ ભકત પ્રત્યે, એમ અર્થ છે. 'તત્ર ભગવદભેદબુદ્ધયે'.... .... તત્ર એટલે તેમાં, ભગવાનના સ્વરૂપમાં અને ભગવાનના ભકતમાં. અભેદ બુદ્ધિથી એટલે કે આ સાક્ષાત્ ભગવાન છે, અને એ સ્વરૂપે મારા ઉપર અનુગ્રહ કરશે, એવી બુદ્ધિથી જે ભજે છે. તેનાથી ભગવાનના પ્રાકટયથી કહ્યા પ્રમાણેનું ભજનનું રૂપ તેને મળે છે. ભગવાનને જેવી જેવી રીતે ઉપાસે છે તે તેવો જ થાય છે, એમ શ્રુતિમાં કહ્યું છે. પરંતુ જે પુરુષ, આ ભગવાન નથી, પણ ભગવાનની પ્રતિમા છે, એવી બુદ્ધિથી ભજે છે, તેનું ભજન ભસ્મમાં હોમવા જેવું (નિષ્ફળ) છે. આવા જ હેતુથી કપિલદેવ દેવહુતિ પ્રત્યે કહ્યું છે કે, હું ભૂતમાત્રમાં રહેલો આત્મા અને પરમેશ્વર છું, એવા મારી ઉપેક્ષા કરીને, મોહવશ થઈને, જે કેવળ પ્રતિમાનું પૂજન કરે છે તે તો ભસ્મમાં જ હોમે છે. (તેની એવી પૂજા નિષ્ફળ છે.) (ભાગ. ૩-૨૯-૨૨) અહીં પ્રતિમા વગેરેનું ભજન (સેવા-આરાધના) દોષપાત્ર નથી, પરંતુ સગુણાભકતની ભેદબુદ્ધિ દોષપાત્ર છે. એમ હોવાથી શ્રીમદ્ ભાગવતજીના એકાદશ સ્કંધમાં ઉદ્ધવજી પ્રત્યે ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, પ્રતિમા વગેરેમાં મારું અર્ચન ત્રિરોધમાં જાય. આનો અર્થ એમ છે કે, હુ સર્વત્ર તે તે રૂપે, આત્મારૂપે, ઇશ્વરરૂપે, અંતર્યામીરૂપે અને નિયામકરૂપે પ્રવર્તમાન છું. એ પ્રમાણે સર્વાત્મભાવથી રહેલા ભગવાની એટલે કે મારી ઉપેક્ષા મારી પૂજા છોડીને, જે પ્રતિમાને પૂજે છે, તે રાખમાં જ હોમ છે. આવા પ્રકારના ભજનમાં મૂઢતા એ જ કારણ છે. અને એમ દર્શાવનાર (પ્રતિમાનું પૂજન) પ્રમાણરૂપ પણ નથી.

'પ્રાકામ્યમ્' .... (પ્રકામ ઉપરથી પ્રાકામ્ય શબ્દ થયો છે.) પ્ર એટલે વિશેષે કરીને, વિશિષ્ટ રીતે, કામ એટલે કામના, 'સ્યાત્' એટલે સિદ્ધ થાય, એમ અર્થ છે. દૃષ્ટાંતથી પણ જાણવું જોઇએ. ભગવાનની પ્રતિમાવાળાં ભકતોનાં સ્થાનોમાં ભગવાનનું સાંનિધ્ય હોય છે. તેથી તેમનાં એટલે કે ભગવાનનાં દર્શન, સ્પર્શ, અર્ચન વગેરેને ભગવાને એકાદશ સ્કંધમાં, એકાદશ અધ્યાયે (ભાગ. ૧૧-૧૧-૩૪) 'મારી મુર્તિ અને ભકતજનોનાં દર્શન, સ્પર્શ પૂજા કરે.....' એવા શબ્દોથી ભકિતના કારણરૂપ કહેલાં છે, એમ અર્થ છે.

મુળમાં 'યથા જલમ્' એમ કહ્યું છે, એટલે જેમ ગંગાજલ છે, તેમ (આ બધું-જગત આધિભૌતિક સ્વરૂપે છે.) 'શકતા' એટલે શકિતમાન, પાપનું નિવારણ વગેરે કરવામાં સમર્થ છે. આધ્યાત્મિકી એટલે તીર્થરૂપા તો આધ્યાત્મિક સ્વરૂપ છે. બૃહત્ એટલે અક્ષર બ્રહ્મ. દેવી એટલે દેહધારી, મુર્તિમતી, આધિદૈવિકી ગંગા છે. ઇહ એટલે અહીં, ગંગાજીમાં. તત્રાપિ એટલે તેમાં પણ ભગવતસ્વરૂપમાં પણ (ગંગાજીનાં તેમ ભગવાનના સ્વરૂપમાં પણ,) આ પ્રમાણેની વિવિધતા કહેવાય છે, એમ અર્થ છે. 'તદ્ગુણનિયામકત્વેન' એટલે જગતનું નિયમન કરનાર

બ્રહ્મા વગેરેને (સત્વાદિ) ગુણ પ્રમાણે અધિકાર આપ્યા છે, એમ અર્થ છે. નારદીય પુરાણમાં આ પ્રમાણે કહ્યું છે:– ‘જેમની આજ્ઞાથી બ્રહ્મા સર્વ જગતને દરરોજ સરજે છે અને હંમેશ વિષ્ણુ પાલન કરે છે, તે જ પ્રમાણે રુદ્ર સંહાર કરે છે’ તેનાથી માત્ર સંસારમાં આસકત હોય તેઓના નિયામક બ્રહ્મા વગેરે છે. નિયામક એટલે નિગ્રહ કરનાર અને અનુગ્રહ કરનાર છે, એમ અર્થ છે.

‘બ્રહ્મૈકરૂપમ્’ .... બ્રહ્મ એટલે અક્ષર બ્રહ્મ. તે ગુણાતીત હોવાથી, એકરૂપ હોવાથી અને અનુગ્રહ અક્ષર બ્રહ્મના ઉપાસકોના નિગ્રહ કરનાર અને અનુગ્રહ કરનાર, તેમ જ ફળ આપનાર શ્રીહરિ જ છે, એમ અર્થ છે.

‘યે તુ’ એટલે જેઓ ભગવાનના ભકતો છે તેમના ઉપર નિગ્રહ અને અનુગ્રહ કરનારા તેમ જ ફળ આપનારા શ્રીકૃષ્ણ જ છે, પરંતુ (તેઓના નિયામક) બ્રહ્મા વગેરે નથી, અથવા કાલ કે કર્મ પણ નથી. ભગવાનના ભકતોના મનોરથો પુરનારા શ્રીકૃષ્ણ જ છે; કારણ કે તેઓ પરમાનંદરૂપ છે અને તેથી ક્ષુલ્લક વસ્તુની તેઓ ઇચ્છા કરતા નથી. પરમ આનંદ આપનારા, પુર્ણ આનંદ સ્વરૂપ, પુરુષોત્તમ શ્રીકૃષ્ણથી જ ઇષ્ટની સિદ્ધિ છે, એમ અર્થ છે. આનાથી જ શ્રીભાગવતમા (૩–૨૫–૩૮) કપિલદેવનું વચન છે કે, ‘મારે પરાયણ રહેનારાઓ કયારેય નાશ પામશે નહિ, તેઓને મારુ કાળચક્ર ગ્રસી શકતું નથી અને શાંત સ્વરૂપ એવા મારા ધામમાં તેઓ સ્થિત થઇને રહે છે. વળી શ્રીભાગવતના (૬–૩–૩૭) છઠ્ઠા સ્કંધના ત્રીજા અધ્યાયમાં યમદેવનું વચન છે કે, ‘તેઓને એટલે કે ભગવાનના ભકતોને શિક્ષા કરવાને અમે શકિતમાન નથી. કાળ પણ શકિતમાન નથી.’ પદની વ્યાકરણ-સંમત યોજના પણ એ પ્રમાણે છે. જગત તો ત્રિગુણાત્મક છે, તેથી તેને ત્રિવિધ કહેલું છે. તે કારણે બ્રહ્મા, વિષ્ણુ અને શિવને જગતના અધિષ્ઠાતા દેવો કહેલા છે. કોઇ પણ દશ્ય પદાર્થની જેમ, જગતની જેમ તેઓ ત્રણ ગુણોની સાથે સંબંધવાળા છે. નિયામકપણાથી તો તે ગુણની સાથે સબંધ વાળા છે પરંતુ તેઓ ગુણોને આધીન નથી. કારણ કે તેઓને સમાન અધિકાર છે. ભગવાનના અંશ હોવાથી અને ગુણાવતાર હોવાના કારણે બીજાઓથી તેઓનું વિશિષ્ટપણું છે. અક્ષરની બાબતમાં તેઓના અધિષ્ઠતા હોવાથી અને નિયામક હોવાથી શ્રીહરિ એટલે પુરુષોતમ, ભગવાન શ્રીકૃષ્ણ જ અત્યંત આદરણીય છે, એમ અર્થ છે. આ લોકમાં ભકતજનોના નિયામક શ્રીહરિ જ છે. વળી ભકતજનોએ બ્રહ્મા વગેરે કરતાં શ્રીહરિ વાંછા કરવા યોગ્ય છે; કારણ કે, કામચાર શબ્દમાં ચર ધાતુ ગતિના અર્થમાં છે, તેથી પ્રાપ્તિ એવો અર્થ લેવા કરતાં વાંછિત એવો અર્થ લેવો યોગ્ય છે, પ્રાપ્તિ અર્થ લેવો યોગ્ય નથી. અને વળી બીજી રીતે કાલ, કર્મ વગેરેથી પણ નહિ, પરંતુ પરમાનંદસ્વરૂપ, શ્રીકૃષ્ણનું સ્ફુરણ પોતાના આત્મમાં સ્વાત્મપણે થાય છે તેથી અથવા પોતાના આત્મની જેમ પ્રિય હોવાથી ‘કામચાર’ શબ્દ શંકા રહિત છે. આ કારણે બીજી વાર વપરાયેલો ‘તુ’ શબ્દ, અન્ય પ્રકારનો નિષેધ બતાવવા માટે છે. બ્રહ્મવાદ પ્રમાણે શ્રીકૃષ્ણ મૂળભૂત પુરુષોત્તમ છે અને અક્ષર

એ તેમનું અધિષ્ઠાન છે. તેનાથી પ્રપંચ એટલે જગતની ઉત્પત્તિ છે. સમુદ્રથી તરંગોની જેમ શ્રીકૃષ્ણ જ પોતાની ઇચ્છાથી બધું કરે છે અને બધા રૂપે થાય છે. તેમનાથી જ બધું મેળવાય છે, એ પ્રમાણે બ્રહ્મવાદની રીત છે. તેથી સદાનંદરૂપ શ્રીકૃષ્ણમાં બુદ્ધિને સ્થિર કરો એમ અર્થ છે.

'છિદ્રા વ્યોમ્નિ' .... આકાશમાં જેમ ક્ષુદ્ર ઉપાધિથી છિદ્રપ્રદેશો દેખાય છે, તેમ જ અવિદ્યા અને તેના ધર્મોથી અક્ષરમાં પણ ચેતના દેખાયછે, એમ અર્થ છે. 'ઉપાધિનાશે' ....એ શબ્દથી શરૂ કરીને દોઢ શ્લોકથી જ્ઞાનીઓની અને ભકતોની અવસ્થા કહી છે. 'તસ્માત્' વગેરે શબ્દોથી ભજનનો પ્રકાર કહે છે. ભકિતમાર્ગીય થઇને ભજનમાં લોકોનો આગ્રહ છોડીને, બાલલીલા વગેરેમાં જે લીલા પોતાને અત્યંત ગમતી હોય તે લીલા સહીત શ્રીકૃષ્ણનું જ વિશિષ્ટતાથી ચિંતન કરવું, અન્ય અવતારોનું નહિ, એમ અર્થ છે. તેના અભાવ માં બાધકતાને 'લોકાર્થી ચેત્' વગેરે શબ્દોથી કહે છે મર્યાદામાર્ગીય જ્ઞાની અને ભકત, તેમાં જ્ઞાનીને કર્મમાર્ગીય જાણવો અને ભકતને મર્યાદાનો અંગીકાર કરનાર જાણવો. 'તદુભયોઃ' એટલે અહીં તે બનેમાં જ્ઞાનીનું અક્ષરબ્રહ્મની સાથે જોડાવું અને ભકતનુ પુરુષોત્તમની સાથે જોડાવું, એમ અર્થ થાય છે. ભકિતનો અભાવ એટલે સ્નેહ અને માહાત્મ્યના જ્ઞાનનો અભાવ એમ અર્થ છે.

તેઓશ્રીને (પૂ.પા. શ્રીવલ્લભાચાર્યજીને) પ્રણામ કરીને, શ્રીમદ્ આચાર્યશ્રીની સિદ્ધાંતમુકતાવલીની વિવૃતિ ઉપરની ટિપ્પણી શ્રીમત્ કલ્યાણરાયજીએ રચી છે. ॥૧॥

એ પ્રમાણે શ્રીમદ્ વિઠ્ઠલેશ્વરનાં ચરણ કમળમાં નિતાંત ધ્યાનમગ્ન રહેલા શ્રીકલ્યાણ રાયજી વિરચિત સિદ્ધાંતમુકતાવલીની વિવૃતિ ઉપરની ટિપ્પણી સમાપ્ત થઈ.

◆

વસંત

શ્રી ગીરીધરલાલ રસભર ખેલત વિમલ વસંત રાધીકા સંગ ॥૧॥
ઉડત ગુલાલ અબીલ અરજાગ છીરકત ફીરત પરસ્પર અંગ ॥૨॥
બાજત તાલ મૃદંગ અઘોરી બીના મુરલી તાલ તરંગ ॥૩॥
કુંભનદાસ પ્રભુ એહી વિધી ક્રીડત યમુના પુલીન લજાવે અનંગ ॥૪॥

શ્રી ગોવિંદસ્વામ્યષ્ટકમ્

લેખક – **શ્રી ગોવિંદ કોવિદ, જતિપુરા.**

[ભરતપુર રાજ્યમાં આવેલું આંતરી ગામમાં એક સનાઢ્ય બ્રાહ્મણને ઘેર શ્રી ગોવિંદસ્વામીનો જન્મ સવંત ૧૫૬૨માં થયો હતો. શ્રી ગુંસાઇજીના શરણે સંવત ૧૫૯૨માં થયા. શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણે સવંત ૧૬૪૨માં મહા વદ સાતમના દિને આસુર વ્યામોહલીલા કરી સદેહે શ્રી ગિરિરાજજીની કંદરામાં પધાર્યા, ત્યારે પોતાના પરમ ભકત–મહાનુભાવ ગોવિંદસ્વામીને પણ સદેહે પોતાની સાથે લીધા અને ભાગવદ્‌લીલામાં પ્રવેશ કરાવ્યો. હજારો સેવક તેમજ અષ્ટ–સખા પૈકી કોઇનેય ન મળેલો આવો અલભ્ય અલૌકિક લાભ ગોવિંદસ્વામીને મળ્યો. આવા કૃપાપાત્ર બડભાગી ભકત રત્નનું અલૌકિક જીવનની ઝાંખી કરાવતું આ અષ્ટક વાંચકને આનંદ પ્રદાન કરશે. **–સંપાદક**]

શ્રી હરેર્વન માલાહિ, શ્રી ભામાકુંજ મંદિરે
કૃષ્ણાવતારે શ્રીદામા, વન્દે ગોવિન્દ સ્વામિનમ્ ॥૧॥
ભ્રાતા શ્રીરાધિકા દેવ્યા, વૃષભાનુ નૃપાત્મજઃ
કૃષ્ણાષ્ટાંગ સખા મુખ્યો, વંદે ગોવિન્દ સ્વામિનમ્ ॥૨॥
નિકુંજે કૃષ્ણારાધાયાઃ, સંગીતસ્ય સમીક્ષકઃ
અંતરંગ પ્રિયતમઃ, વન્દે ગોવિન્દ સ્વામિનમ્ ॥૩॥
નેત્રાત્મં નંદનંદસ્ય દાસઃ શ્રી વિઠ્ઠલ : પ્રભો :
સંગીતાચાર્ય વર્યો હિ, વન્દે ગોવિન્દ સ્વામિનમ્ ॥૪॥
શ્રીગોવર્ધનનાથશ્ચ, શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલાન્
પ્રતિપાદકમૈકયં હિ, વન્દે ગોવિન્દ સ્વામિનમ્ ॥૫॥
દ્વારકાધીશ સખ્યાત્મં, મથુરાધીશ ભાલકૃત્
શ્રીદામા વ્રજલીલાયાં, વન્દે ગોવિન્દ સ્વામિનમ્ ॥૬॥
ભકતોદ્ધારકરુપે ચ સર્વોદ્ધારક મૂર્તિકે
સર્વદૈકયં હિ સ દૃષ્ટા, વન્દે ગોવિન્દ સ્વામિનમ્ ॥૭॥
કૃષ્ણા કૃષ્ણુ સ્વરૂપસ્ય સર્વથૈકયાનુ ભાવુકઃ
બાલ્યકૈશોર લીલાપ્તં, વન્દે ગોવિન્દ સ્વામિનમ્ ॥૮॥

ઇતિ શ્રીગોવિંદસ્વામ્યષ્ટકમ્ સંપૂર્ણમ્,

ભાવાર્થ

શ્રીકૃષ્ણની વનમાલા રૂપ છે. (એમ શ્રી સુબોધિનીજીમાં લખ્યું છે) નિકુંજ મંદિરમાં શ્રીભામા સ્વામિની રૂપ છે, કૃષ્ણાવતારમાં શ્રીદામાસખા એમનું નામ છે, એવા શ્રી ગોવિન્દ સ્વામીને નમન હો. ૧

શ્રી રાધાજીના ભાઇ છે, શ્રીવૃષભાનજી રાજાના પુત્ર છે, શ્રીકૃષ્ણના અષ્ટ સખાઓમાં મુખ્ય છે, એવા શ્રી ગોવિન્દ સ્વામીને નમન હો. ૨

નિકુંજ લીલામાં શ્રી રાધા કૃષ્ણના સંગીતની સમિક્ષા કરવાવાળા છે એવા એમની વાર્તામાં પ્રસિદ્ધ છે. અંતરંગ સખાઓમાં અત્યંત પ્રિય છે, એવા શ્રી ગોવિન્દ સ્વામીને નમન હો. ૩

નંદનંદનના નેત્રકમલ રૂપ છે (એમ શ્રી સુબોધિનીજીમાં લખ્યું છે) શ્રીવિઠ્ઠલેશ પ્રભુના દાસ છે, સંગીતાચાર્યમાં શ્રેષ્ઠ છે, એવા શ્રી ગોવિન્દ સ્વામીને નમન હો. ૪

શ્રીકૃષ્ણ-શ્રીનાથજી, શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલેશ ત્રણે સ્વરૂપની એકતાના પ્રતિપાદક છે, એવા શ્રી ગોવિન્દ સ્વામીને નમન હો. ૫

શ્રી દ્વારકાધીશના સુદામા સખા છે, શ્રી મથુરાધીશના સુદામા માળી છે, વ્રજલીલામાં શ્રીદામા સખા છે. (એમના વંશ જ શ્રી ગોકુલમાં શ્રી ચિન્તામણી માધવરાયજીની સેવા આજ પર્યન્ત કરે છે.) એવા શ્રી ગોવિન્દ સ્વામીને નમન હો. ૬

શ્રી સુબોધિનીજીના સિદ્ધાન્ત અનુસારે ભગવાનના યુગલ સ્વરૂપ એક ભકત ઉદ્ધારક, બીજું સર્વોદ્ધારક, એ બેઉ સ્વરૂપની એકતાના દર્શક છે, એવા શ્રી ગોવિન્દ સ્વામીને નમન હો. ૭

શ્રીકૃષ્ણ અને શ્રીકૃષ્ણા-શ્રીયમુનાજી એ યુગલ સ્વરૂપની સર્વથા એકતાના અનુભવી છે, શ્રીકૃષ્ણની બાલલીલા અને કિશોરલીલાના પ્રતિપાદક છે, એવા શ્રી ગોવિન્દ સ્વામીને નમન હો. ૮

પૃષ્ઠ પ્રકાશન સહાયક :

સોની જયન્તીલાલ પ્રભુદાસ (જુનાગઢ) ના સાદર ભગવદ સ્મરણ.

વ્રતોત્સવ

મહા સુદ ૧૧ સોમ તા. ૧૩–૨–૮૪ જયા એકાદશી વ્રત.

મહા સુદ ૧૨ મંગળ તા. ૧૪–૨ ૮૪ શ્રી લાડીલેશજી (વેરાવળ) નો પાટોત્સવ.

મહા સુદ ૧૩ બુધ તા. ૧૫–૨–૮૪ શ્રી વિશ્વકર્મા જયંતિ.

મહા સુદ ૧૪ ગુરુ તા. ૧૬–૨–૮૪ પૂનમનો ક્ષય છે. માઘ સ્નાન સમાપ્તિ. હોરી દંડારોપણ દિન. પ્રાતઃસૂર્ય ઉદય મહેલાં. ધમારનો પ્રારંભ.

મહા વદ ૫ મંગળ તા. ૨૧–૨–૮૪ શ્રી રણછોડજી(ડાકોર) નો પાટોત્સવ.

મહા વદ ૭ ગુરુ તા. ૨૩–૨–૮૪ શ્રીનાથજીનો પાટેત્સવ (નાથદ્વારા) શ્રી ગુંસાઇજીનો (શ્રી ગોવિંદસ્વામીને સાથે લઇને) નિત્યલીલા પ્રવેશ (સં. ૧૬૪૨)

મહા વદ ૧૧ સોમ તા. ૨૭–૨–૮૪ વિજયા એકાદશી વ્રત.

મહા વદ ૧૪ ગુરુ તા. ૧–૩–૮૪ મહાશિવરાત્રી. અજગર શરીરધારી સુદર્શન વિદ્યાધરની મુક્તિ.

મહા વદ અમાસ શુક્ર તા. ૨–૩–૮૪ દ્વાપરયુગાદી તિથિ.

ફાગણ સુદ ૬ શુક્ર તા. ૯–૩–૮૪ શ્રી લલિતત્રિભંગીજી (વેરાવળ) નો પાટોત્સવ.

ફાગણ સુદ ૭ શનિ તા. ૧૦–૩–૮૪ શ્રી મથુરેશજી (કોટા) નો પાટોત્સવ.

માહ માસ

માઘ માસ દામોદર દાઉ ઉત્સવરસભારી
ઋતુ વસંત પ્રદ્યુમ્ન જન્મ લખિ સીતબિદારી
ચોહા ચંદન અરુણ અરગજા અરુ અબીર ડારી
સૂછમખેલહિ પ્રભુ ખિલાવત વલ્લભવ્રજનારી
ડંડારોપણ હોરી કે રસ મનમથ-મદચારી
દેવદમન શ્રીનાથ ગોવર્ધન દર્શન દે ભારી
સબ જનકોં સુખ દેત 'સત્ય' હી કુંજ બિહારી.

—શ્રી બાગરોદી બલદેવ પ્રસાદ શર્મા –(નાથદ્વાર)

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **શ્રી દેવર્ષિ રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

અદ્વેતાભિમત જીવનિરૂપણનું ખંડન

(ગતાંકથી અંકથી આગળ)

તથા ચ સર્વગતસ્ય બ્રહ્મણોઅવિદ્યાયમપિ સર્વગતાયાં સત્ત્વેન કથં પ્રતિબિંબઃ સ્યાત્ । કિંચ દ્વા સુપર્ણા સયુજાં ગુહાં પ્રવિષ્ટૌ પરમેપરાર્ધે ગુહાં પ્રવિષ્ટોવાત્માનૌ હિ તદ્દર્શનાદ્દિ' ત્યાદ્દિ-શ્રુતિન્યાયનિર્ણીતા જીવબ્રહ્મણોરેકત્ર સ્થિતિબિમ્બપ્રતિબિમ્બપક્ષે ન સંગચ્છતે । અપરં ચ અવિદ્યાં બ્રહ્મપ્રતિબિંબો જીવ ઇતિ મોક્ષશ્ચાવિદ્યા નાશ ઇતિ વદતસ્તવ મતે જીવસ્વરુપનાશ એવ મોક્ષ ઇતિ સંપદ્યતે તથા ચ આત્મહાનમપુરૂષાર્થં ઇતિ મોક્ષત્ય અપુરૂષાર્થત્વમાપદ્યતે । વિદ્વન્મંડનમ્ ।

પરંતુ એ યુકત નથી. કારણ કે અદ્વૈતાભિમાની માયાવાદી બ્રહ્મને નિરૂપ માને છે અને અવિદ્યાને મલિનસ્વરૂપ એટલા માટે નિરૂપ બ્રહ્મનું મલિનવસ્તુ અવિદ્યામાં પ્રતિબિંબ પડવું જ અસંભવ છે. પ્રતિબિંબનો એવો નિયમ છે કે સ્વચ્છ વસ્તુમાં સાકાર પદાર્થનું જ પ્રતિબિંબ પડે છે. અગર મલિનમાં નિરૂપ (રૂપ વગરનુ) નું પ્રતિબિંબ પડતું હોય તો પછી કાષ્ટમાં વાયુનું પ્રતિબિંબ પણ પડવું જોઇએ. કદાચ કહો કે દર્પણાદિમાં નીરૂપ આકાશનું પણ પ્રતિબિંબ પડે છે. પરંતુ એ પણ ભૂલ છે કારણ કે તે આકાશનું પ્રતિબિંબ નથી કિન્તુ દેશદેશીય પ્રભામંડળની જ રૂપવાનની માફક પ્રતીતિ થાય છે અને સમગ્ર સિદ્ધાન્તોમાં આકાશને નિરૂપ જ માન્યું છે માટે અન્યથાનુપપત્તિથી પણ તે પ્રતિબિંબ પ્રભા મંડળનો જ માત્ર ભ્રમ છે. બીજો પણ પ્રતિબિંબનો એવો નિયમ છે. કે તે અન્યત્ર રહેલાં પદાર્થનું પડે છે. દર્પણમાં રહેનારી આંતરિક રેખાઓનુ દર્પણમાં પ્રતિબિંબ પડતું નથી. એવી જ રીતે બ્રહ્મમાં રહેતી માયામાં બ્રહ્મનું પ્રતિબિંબ પડી શકતું નથી અને એવી એક રીત છે કે જેનું પ્રતિબિંબ પડે છે તે અને પ્રતિબિંબ એક બન્ને એક જગ્યાએ રહેતાં નથી. માટે માનવું પડશે કે પ્રતિબિંબી બ્રહ્મ અન્યત્ર છે અને પ્રતિબિંબ અન્યત્ર છે અને એવું માનવાથી 'ગુહાં પ્રવિષ્ટાવાત્માનૌ 'દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે' ઇત્યાદિ શ્રુતિ સૂત્ર પ્રતિબિંબ પક્ષમાં વિરૂદ્ધ પડે છે કારણ કે એ પક્ષમાં બિંબી અને બિંબની એકત્ર સ્થિતિ સંભવતી નથી. અને આ શ્રુતિઓમાં તો જીવાત્મા તથા પરમાત્માની એકત્ર સ્થિતિ કહી છે. માયાવાદીગણ જેવી રીતે અવિદ્યામાં બ્રહ્મ પ્રતિબિંબને જીવ માને છે. તો પછી તેમને ત્યાં એક પ્રકારનો આત્મનાશ જ મોક્ષ થયો કારણ કે અવિદ્યાનો નાશ થવાથી તેમાં પ્રતિબિંબ રૂપ જીવનો પણ નાશ થયો, અર્થાત્ આત્મા નાશ જ થયો અને આત્મનાશ તો અપુરૂષાર્થ કહેવાય છે. (ક્રમશઃ)

॥ શ્રી વલ્લભઃ ॥

સં. પ્રો. **જીવનલાલ જોશી**

"ભાગવત્ કથાકારને સાદર સમર્પણ"

ભાગવત ભણીને શૂં કીધૂં ?
ઓ ભાઇ ! રે !
તેં ભાગવત ભણીને શૂં કીધૂં ?
મારે જંતુ અહિ મણિ–અજવાળે,
ત્યમ તેં ઉદર પોખી લીધું.
ઓ ભાઇ ! રે ! તેં..........(ટેક)

પારસમણિનું પાત્ર પાણમાં, ઘેર-ઘેર ભિક્ષા માગે.
જ્યાંહાં લગી વસ્તુ જ્ઞાન નાં, ત્યાહાં લગી દુઃખ–દારિદ્રનાં ભાગે.
ઓ ભાઈ ! રે ! તે—(૧)

દૂઝણી ગાયને ઘોતૂ માંડીને, પય જ્યમ પર લેઇ જાય;
ત્યમ તૂં બોધ કરી પુજા પામ્યો, આપ–ધાવ કોઈ થાય.
ઓ ભાઇ ! રે ! તે—(૨)

જ્યમ મલિયાગર પોઠી લાદ્યો, તે સુગંધ શૂં જાણે ?
જ્યાંહાં લગી સારનાં સમજ્યો, ત્યાંહાં લગી તૂં પણ તે જ પ્રમાણે.
ઓ ભાઇ ! રે ! તે—(૩)

રતિ કૃષ્ણ, મતિ ધર્મ, તોષ મન, દયા અખિલ પર આવે;
ત્યારે હું જાણું (જે) ભાગવત ભણિયો, ગૈર્વ ઇર્ષ્યા નાં આવે.
ઓ ભાઇ ! રે ! તે—(૪)

જર જશાદિ તૃષ્ણા મન જ્યાંહાં લગી, ત્યાંહાં લગી હરિ નવ રીઝે;
આટલા ઉદ્યમ ત્યમેં એક એહો પણ, સુણી સમઝુ નવ ખીજે.
ઓ ભાઇ ! રે ! તે—(૫)

દયા પ્રીતમ શ્રીજી ભાગવત, એક રૂપ (વસ્તુ) છે બંધે;
નિસ્પૃહ આણુ અભ્યાસ કરેથી, "**જીવન–મુક્ત**" નહીં સંધે.
ઓ ભાઇ ! રે ! તે—(૬)

(માટે ખાસ) "**શ્રી વલ્લભ સુધા**"

॥ હરિઃ ॥

સાચો સમાજવાદ

લેખકઃ– **કરંભા કૃષ્ણચન્દ્ર ભટ્ટ**

પુણ્ય પવિત્ર ભારતમાતાને પરબંધનમાંથી મુકત કરવા માટે ભારતના મનીષી નીઃસ્પૃહી વ્યકિતઓએ શાન્ત આંદોલન શરૂ કર્યું ત્યારથી સમાજવાદી સમાજ રચનાના પ્રયાસો શરૂ થયા છે, પણ લગભગ પોણોસો વર્ષના લાંબા સમયમાં પણ આપણે સાચા સમાજવાદની રચના કરી શકયા નથી. એનું કારણ એ છે કે આપણે ભૌતિકવાદી અન્ય દેશોનું અનુકરણ-અનુસરણ કરી સમાજ રચનામાં લાગ્યા છીએ, કે જે કેવલ સ્વાર્થ અને હીનાચરણ તરફ આપણને ખેંચી રહી છે.

જે ભગવત્પરાયણ, નિઃસ્પૃહી, આત્મચિંતનમાં તત્પર હોય છે તે જ સાધુપુરૂષો લોકકલ્યાણરૂપી ‘સાચા સમાજવાદ’ ને સમરાવી શકે છે અને તેના આધ્યાત્મિક સમાજવાદના અનુસરણથી જ પરસ્પર સદ્‌ભાવના, વિશ્વાસ, સુખશાન્તિ, સમૃદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે.

આપણે આપણું ભુલીને તે તરફ દુર્લક્ષ્ય થઇને બીજાની નકલ કરવા જઇએ છીએ ત્યારે તે પ્રયોગોથી પરસ્પર ભેદ, વૈર, અવિશ્વાસ, ઉચ્છંખલતા, વિવાદ, હિંસા, અવ્યવસ્થામાં વૃદ્ધિ થઈ જાય છે. તેનો આજે આપણે પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યા છીએ. આજે આપણી રહેણી, કરણી, કથની આવા પ્રકારની થઇ રહી છે કે જેનાથી શારિરિક, કૌટુમ્બિક, માનસિક, સામાજીક પ્રદૂષણો વધી રહ્યા છે. એ પ્રદૂષણો અસાધ્ય અવસ્થામાં પોંચી આપણને ત્રાસ આપે છે, ત્યારે આપણે એને દૂર કરવામાં વ્યસ્ત થઇએ છીએ, પણ એ પ્રદૂષણો ઉત્પન્ન જ ન થાય એનો સાચો રસ્તો આપણે શોધતા નથી રોગ ઉત્પન્ન કરી મટાડવાની ચિકિત્સા એ ખરી નથી, પણ રોગ ઉત્પન્ન જ ન થાય તેમ આપણી જીવન પદ્ધતિ બનાવવી એ સાચી છે. માટે–

સર્વેઽત્ર સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે કલ્યાણ મિચ્છન્તુ, માકશ્ચિદ્દુઃખમાપ્નુયાત્ ॥

આ વિશ્વમાં સર્વ સુખી થાઓ, સર્વ રોગ રહિત થાઓ, સર્વ કલ્યાણ (ભગવત્પ્રાપ્તિ) ની ઇચ્છા કરો, કોઇ પણ દુઃખ પ્રાપ્તિ ન કરે.

આ ઉદ્‌ઘોષ કરનારા તપસ્વી, લોકકલ્યાણકારી ઋષિમુનિઓએ આપણને જે ઉપદેશ કર્યો છે એજ ‘સાચો સમાજવાદ’ આપણા માટે હિતકારી છે, તે આ પ્રમાણે છે.

સ્વયં ચકવર્વી સમ્રાટ હોવા છતાં સામ્રાજ્યવાદમાં નિઃસ્પૃહ એવા રાજા યુધિષ્ઠિરને ભગવાન નારાયણના મુખથી ઉપદિષ્ટ “સનાતન ધર્મ ” નો ઉપદેશ આપતાં દેવર્ષિ નારદમુનિએ, સર્વ પ્રથમ સર્વોપયોગી, સર્વકલ્યાણકારક, સર્વને આચરવા લાયક

સત્યં........... આત્મ સમર્પણમ્
નૃણામયં પરોધર્મઃ સર્વેષાં સમુદાહૃતઃ ।।
(શ્રી ભાગ. સ્ક. અ. ૧૧ શ્લો. ૮ થી ૧૧)

સત્યથી લઇ આત્મ સમર્પણ સુધી ત્રીસ લક્ષણવાળો ધર્મ કહ્યો. તે પછી તેના પેટામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને સ્ત્રીઓના મહાન ધર્માનો સુન્દર ઉપદેશ કર્યો. બ્રહ્મચારી, વાનપ્રસ્થી, સંન્યાસી અને પરમહંસોના ધર્મો-આચરણોનું વિવેચન સચોટ દષ્ટાંતોથી કર્યું એ શ્રવણ કર્યા પછી વિશેષ જીજ્ઞાસાથી રાજા યુધિષ્ઠિરે પ્રશ્ન કર્યો કે–

“ગૃહસ્થ એતાં પદવીં, વિધિના યેન ચાંજસા
યાતિ દેવ્ ઋષે બ્રૂહિ માદશો ગૃહ મૂઢધીઃ ।।

(ભા. સ્ક. અ. ૧૩ શ્લો. ૧)

મારા જેવો ઘરસંસારમાં લાગેલો મૂર્ખ ગૃહસ્થી પણ પરમ હંસની પદવીને કઇ રીતે પ્રાપ્ત કરી શકે તે પણ સરલ વિધિથી તે આપ કહો. સંસારમાં પંચાણુ ટકા ગૃહસ્થી લાગે છે. બાકીના ચાર ટકા સાધું, સંન્યાસી, ત્યાગી, જોગી આદિને પણ ક્ષુધાદિ નિવૃત્તિ માટે ગૃહસ્થોનો જ આશ્રય લેવો પડે છે. બહુ મુશ્કેલીથી ૧૦૦ માં ૧ એવો મલશે, જે નિરાપદ નિર્જન અરણ્યમાં રહી વન્ય પદાર્થો સેવન કરી જીવન ધન્ય બનાવી રહ્યો હોય, તો પંચાણુ પ્રતિશત જનસમાજ માટે શ્રેષ્ઠ કર્તવ્ય જાણવાની ઇચ્છાથી આ પ્રશ્ન છે? “ગૃહસ્થસ્ય ક્રિયાત્યાગો” ગૃહસ્થો માટે કર્મત્યાગ, બ્રહ્મચારી માટે વ્રતત્યાગ, તપસ્વી માટે ગ્રામમાં રહેવું, ભિખારીને જીભનો ચટ્ટાપણું, એ બધા દુઃખરૂપ છે, ગૃહસ્થી કર્મ છોડી શકે નહીં, કર્મ બંધનરૂપ છે, તો પછી સાંસારિક કર્મરત મનુષ્યને પરમહંસની ગતિ કેમ પ્રાપ્ત થાય, એવા જટિલ પ્રશ્નનો બહુજ વૈજ્ઞાનિક રીતથી નારદજીએ ઉત્તર આપ્યો છે.

ગૃહેશ્વવાસ્થિતો રાજનક્રિયાઃ કુર્વન્ ગૃહોચિતાઃ ।
વાસુદેવાર્પણં સાક્ષાદુપાસીત મહામુનીન્ ।।૨।।

* * *

નન્વસ્ય બ્રાહ્મણ રાજન્ કૃષ્ણસ્ય જગદાત્મનઃ ।
પુનન્તઃ પાદરજસા ત્રિલોકી દૈવતં મહત્ ।।૪૨।।

(શ્રીભાગ. સ્ક' અ. ૧૪ શ્લો. ૨ થી ૪૨)

સામાન્ય રીતે જેવું કરે છે તેવું ફલ મલે છે. ભણનાર વિદ્વાન થાય, પરિશ્રમ ઉદ્યોગી વિત્તવાન્ થાય, આલસુ દુઃખી થાય, ચોર સજાને પાત્ર થાય, તો ઘરમાં રહીને ગૃહોચિત ક્રિયા કઇ કરવી તેના માટે જે ગીતામાં ભગવાને આજ્ઞા કરી છે.

> તસ્માદ્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ
> જ્ઞાત્વાશાસ્ત્ર વિધાનોક્તં કર્મકર્તુંમિહાર્હસિ ॥
>
> (ગીતા અ. ૧૬ શ્લોક)

પ્રભુ નિર્મિત કાયદારૂપી જે શાસ્ત્રો છે તેમાં વર્ણિત શું કરવું, શું ન કરવું, એ સમજીને જીવનમાં નિત્ય, નૈમિત્તિક કાર્યો કરવા, પણ તે ભગતદાર્પણ બુદ્ધિથી કરવા જીવને આત્માથી અધિક પ્રિય પીજું કોઇ નથી. દેહ સંબધી પદાર્થો પણ આત્મપ્રિયતાથી સારા લાગે છે. અજ્ઞાનથી મોહવશ કરેલા પ્રીતિલગ્ન પણ ઘડીકમાં આત્મ અપ્રિયતાથી છૂટાછેડામાં પરિણમે છે. આત્મા સોં પરમાત્મા દેહ સંબંધી પદાર્થોમાં આત્મ પ્રિયતાનું આભાસ પાત્ર છે. આત્મપ્રિય તો પ્રભુથી અધિક કોઇ નથી, માટે શાસ્ત્રાજ્ઞાપિત સ્વ. સ્વકર્મને વાસુદેવાર્પણ બુદ્ધિથી કરતા રહો. વાસુદેવાર્પણ બુદ્ધિ જ કર્મમાં વિશુદ્ધતા અને કર્મ બન્ધન વિમુક્તતામાં પરિણમશે, જેમકે રસોઇ બનાવવી એક કર્મ છે, રસોઇ ઘરમાં રહેલા બધા માટે વહુને કરવી પડે છે, પણ જેનાથી બહુ બનતું નથી, વધારે પ્રેમ નથી એવા સાસુ, નણંદ, દીયર, માટે કરવી, તેમાં અને પ્રેમાસ્પદ પતિ અને પુત્ર, ભાઈ પ્રભૃતિ માટે કરવી તે ક્રિયામાં ઘણો જ તફાવત છે. પુત્ર પતિને કઇ પ્રકારની રસોઇ ગમે છે, જમવા બેસે ત્યારે ગરમ ગરમ પીરસતિ જાઉં, ચોખાઇથી બધી વાનગી બનાઉ એવો ભાવ પ્રેમાસ્પદ માટે સહજ થાય છે. પ્રભુ સચ્ચિદાનંદઘન જગદીશ છે, “યો યદ્દશઃ સ તં ભજેત્” એ મારા સ્વામી છે, હું એનો અંશ જીવ છુ, હું આ કાર્ય એમને અર્પણ કરવા માટે કરી રહયો છું. આ બુધ્ધિથી સહજમાં આપણે અનીતિ, અસત્ય. અવિચાર, દંભાદિ આદિ દોષોથી બચી શકશું. આચાર, વિચાર, સદાચાર તરફ પ્રેરિત થશું એ બધી સમજ ગૃહસ્થોને સતત સત્સંગ કરતાં સદ્શાસ્ત્રના શ્રવણથી થાય છે કાનથી જેવું સાંભળીએ, આંખથી જેવું જોઇએ, મુખથી જેવુ બોલીએ તેવું આપણા મનમાં વસે છે, તેની જ ધ્યાન ધારણા થાય છે, તેવા જ વિચારો આવ્યા કરે છે. આજે તો આ ત્રણ આપણા બગડયા છે. આજે તો સારૂં સાંભળું તેના કરતાં પરનિંદા સાંભળવી વધારે ગમે છે, નેત્રોથી સારૂં જોઉં, તેના ઠેકાણે મનમાં વિકાર ઉત્પન્ન થાય એવું જોવામાં જ પ્રીતિ છે. સત્ય પ્રિય, નિંદાસ્તુતિ રહિત બોલવું, શુધ્ધ સાત્વિક પોષક ભગવત્પ્રસાદ લેવો, તેના બદલે જયાં ત્યાં જેનો તેનો બનાવેલો, જેવું તેવું ખાઇ લેવું, સ્વછંદ થઇને જયાં ત્યાં જેનું તેનું ખોટું અપ્રિય બોલવું એજ સારૂં લાગે છે.

“મુખ કટુ વચન કરત પર નિંદા સંતનકું દુઃખ દેત”

[સૂરદાસજી]

આવી પરિસ્થિતિમાં સારા વિચાર, સાચા માર્ગ તરફ પ્રગતિ થાય જ કેવી રીતે ? આજે તો અસન્માર્ગને સન્માર્ગ, અસદ્‌વિચારનો ઓપ આપીને તે તરફ આપણે દોડી રહ્યા છીએ. તેથી ગૃહસ્થિ માટે આવશ્યક છે. **શ્રૂણ્વન્ભગવતોડભીક્ષ્ણ અવતાર કેથામૃતમ્”** વારંવાર ભગવાન અને ભગવદીયોની ગાથાઓનું શ્રવણ કરવું, અનર્થકારી અર્થ તૃષ્ણા અને અંતે દુઃખદાયી દેહ સંબંધી પદાર્થોમાંથી અહંતા અને મમત્વ છોડીને “સર્વ વિષ્ણુમયં જગત્” સમસ્ત વ્યાપક વિષ્ણુ છે, એવા ઉચ્ચ વિચાર પુર્વક સાદુ જીવન વ્યતીત કરવું.

આવશ્યક ભોજન, વસ્ત્ર, રહેઠાણ પ્રાપ્ત હોવા છતાં વધારે તૃષ્ણાવશ સંગ્રહ કરનારા ગૃહસ્થોને તો નારદજીએ ચોર કહ્યાં છે અને તે સજાને પાત્ર છે.

યાવદ્ ભ્રિયતે જઠરં તાવત્સ્વં હિ દેહિનામ્ ।
અધિકં યોડભિભન્યેત સસ્તેનો દંડ મહંતિ ॥

(ભાગ. સ્કં. અ ૧૪ શ્લો. ૮–૯)

જેટલી વસ્તુથી આપણું ઉદર પોષણ થાય તેટલુંજ આપણું માનવું જે ઉદર પોષણથી વધારેમાની સંગ્રહ કરે છે તે ચોર છે, અને દંડને પાત્ર છે. તનની ભૂખ પાશેર કે સવાશેર છે, પણ મનની આસુરી તૃષ્ણાનો પૃથ્વી ઉપરના બધા ભોગ્ય પદાર્થો મેળવ્યા પછી પણ શમન નથી. એના ઉદ્દાહરણો હિરણ્યકશિપુ અને રાવણના કાલથી લઈને અત્યાર સુધી પરસ્પર કલહ કરી રહેલા અનેક રાષ્ટ્રો, અનેક સમાજ, અનેક લોકો છે. એવા રાષ્ટ્રો, સમાજ કે લોકો સાચો સમાજવાદ સ્થાપી શકે નહીં. જે તનની ભૂખને શમન કરવા માટે વન્યના ફલ પત્રાદિનો ઉપયોગ કરે અથવા તો મધુકરી કરી સતત સર્વ ભૂતહિતે રત એવં ભગવન્ ચિંતનમાં તત્પર રહે એવા પ્રાચીન કાલના ઋષિમુનિઓથી લઈ અત્યાર સુધી બિરાજમાન સંત લોકો જ “સાચો સમાજવાદ” સ્થાપી શકે. એમના વચનો ત્રિકાલાબાધિત સત્યજ હોય છે. ત્યારે પ્રશ્ન થાય છે કે વિશ્વમાં મોટા મોટા ઉદ્યોગપતિઓ, સાશકો, ચલ અચલ સંપત્તિ ધરાવનારા કરોડો લોંકો કેમ ચોર છે? કોણ એને દંડ આપે છે? તો નારદમુનિ એનો ઉત્તર આપે છે કે હાં એ ચોર છે. અને ક્ષણે ક્ષણે પ્રકૃતિ એને દંડ આપી રહી છે, છતાં એ લોકો સત્તામદ, ધનમદ, કુટુંબ મદમાં એટલા બધામદાધ અજ્ઞાનથી આવૃત્ત થઈ ગયા છે કે એમને ભાનજ થતું નથી. આપણે જોઇએ છીએ કે અમુક અપવાદો બાદ કરીએ તો એવા પ્રતિશત ૯૫ ટકા લોકો શરીરથી રૂગ્ણ જ હોય છે. અકાલે મૃત્યુના મુખમાં ધકેલાઈ જાય છે. શ્રી તુલસીદાસજીએ સાચું જ કહ્યું છે કે—

(ક્રમશઃ)

શ્રી ગુસાંઇજીનો પ્રાદુર્ભાવ મહોત્સવ સં. ૨૦૪૦ માગશર વદ ૯ બુધવાર તા. ૨૮-૧૨-૮૩ના રોજ શોભાયાત્રા, રાસ-ગરબા, પ્રવચનો, કીર્તન-વધાઇ વગેરે વિવિધ કાર્યક્રમોથી ધામધૂમથી નીચે મુજબ સ્થળોએ ઉજવાયાના સમાચાર અમોને મલ્યાં છે.

(૧) **સિહોર** પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહારના ઉપક્રમે.

(૨) **કોટા** પૂ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં અને આં. રા. પુ. વૈ. પરિષદ શાખા તથા શ્રી શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંડલના ઉપક્રમે.

(૩) **ધોરાજી** પૂ. પા. ગો. શ્રી હરિરાય મહારાજ શ્રી (મુંબઇ) અને પૂ. પા. ગો. શ્રી શરદકુમાર બાવાશ્રી (મથુરા)ની સન્નિધ્યમાં શ્રી ધોરાજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંડળના ઉપક્રમે.

(૪) **જુનાગઢ** આં.રા.પુ.વૈ. પરિષદ શાખાના ઉપક્રમે.

(૫) **કવાંટ** (છોટા ઉદેપુર) આં. રા. પુ. વૈ. પરિષદના ગુજરાત સમીતીના કા. કા. સદસ્ય શ્રી વિઠ્ઠલદાસ શાહના અધ્યક્ષ સ્થાને સુંદર ઉજવણી થયેલ પ્રભાતફેરી "સાચાં સગા શ્રીનાથજી" નાટીકા, તથા પરમકૃપાલ શ્રી ગુસાંઈજીના જીવન ચરિત્રના પ્રસંગોનું અવગાહન બહેનોના ગરબા બાલ મંદિરના બાળકોના ધોળપદ ગાન એ મુખ્ય કાર્યક્રમ હતાં.

(૬) **રાજકોટ** મા વ. ૮ તથા ૯ બે દિવસના કાર્યક્રમો પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાયેલ મા. વ. ૮ મંગળવારે રાત્રે શ્રી જશુબાઈ મંડાણમાં વધાઈ કિર્તન તથા પૂ. પા. ગો. શ્રી ગોપીકાલંકારજી બાવા શ્રી તથા પુ. પા. ગો. શ્રી કાલીન્દી બેટીજીના વચનામૃતો તથા સાંસ્કૃતીક કાર્યક્રમ થયેલ મા. વ ૯ બુધવારે પુ. પા. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે સવારે "શ્રીનામરત્નાખ્ય-સ્તોત્ર"ના પાઠ સાંજે બહેનોના કળશ તથા સભાનું આયોજન થયેલ જેમાં પુ પા. શ્રી વલ્લભલાલજી મહારાજ તથા પુ. પા. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીના અલૌકિક વચનામૃત થયેલ તથા અનેક વૈષ્ણવોએ શ્રી ગુસાંઈજીના ગુણાનુવાદ વર્ણન કરેલ. રાત્રે વધાઈ કીર્તન દાંડીઆ રાસ વિ. કાર્યક્રમ થયેલ.

સમાચાર

કોડીનાર પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી (સુરત) ની અધ્યક્ષતામાં તા ૨૬-૧૧-૮૩ થી તા. ૨-૧૨-૮૩ સુધી ષોડશગ્રંથ (શ્રી વલ્લભ ગીતા) સપ્તાહનું આયોજન થયેલ હતું. વકતા ઉંઝાવાળા શ્રી વ્રજેશકુમાર શાસ્ત્રીજી હતા. આ કાર્યક્રમમાં પૂ. પા. ગો. શ્રી વ્રજલતા બેટીજીએ સુંદર પ્રવચન કરેલ.

તેમજ બગીચામાં વનખેલ, છાકલીલાના મનોરથમાં ૪૮ વૈષ્ણવોના પુષ્ટાવેલ શ્રી ઠાકોરજી પધાર્યા હતા. તથા વૈષ્ણવો સાથે ગુપ્ત પ્રયાગની શ્રીમહાપ્રભુજીની બેઠકજીએ પધાર્યાહતા.

બ્રહ્મપુરી વાડીમાં વિશ્વ હિન્દુ પરિષદ તરફથી આયોજીત સભામાં 'હિન્દુ ધર્મ' ઉપર અને બ્રહ્મસમાજ તરફથી આયોજીત સભામાં 'આજના સમયમાં બ્રાહ્મણોનું કર્તવ્ય" એ વિયમાં આપશ્રીએ પ્રવચન કરેલ.

સિહોર પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહારના ઉપક્રમે તા. ૨૫-૧૨-૮૩ થી તા. ૧-૧-૮૪ સુધી ગીત-ગાન, કીર્તન શિક્ષણની શિબિરનું આયોજન થયું હતું. સંચાલન શ્રી વિઠ્ઠલદાસભાઈ બાપોદરાયે કરેલ હતું.

શિબિરની પૂર્ણાહુતિ પૂ. પા. ગો. શ્રી નવનીતલાલજી બાવાશ્રીની અધ્યક્ષતાએ થઈ હતી. આ પ્રસંગે સિહોર તેમજ બહાર ગામના વૈષ્ણવોના ઠાકુરજીના કુનવારાનો મનોરથ સિદ્ધ થયો જેમાં લગભગ પચાસેક વૈષ્ણવોના ૯૦ સ્વરૂપો પધારેલા.

પોરબંદર : તા. ૨૬-૧-૮૪ નાં ગોવિંદ નિકેતનમાં નિ. લી. શ્રી વલ્લભલાલજી મહારાજ (મુંબઈ)નાં ઉત્સવ નિમિત્તે કુનવાડાનો મનોરથ કર્યો હતો, અને સાંજે ૫-૩૦ વાગ્યે પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજની અધ્યક્ષતામાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રી વલ્લભાચાર્ય જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પ. વૈ. લાલજીભાઈ દ્વારા સંગ્રાહિત, પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજનાં ૧૬૧ વચનામૃતોનાં સંગ્રહ 'સુધા-ધારા' નું અધ્યક્ષશ્રીના વરદહસ્તે વિમોચન થયું. શ્રી પ્રેમલાલભાઈ મેવચા, શ્રી ઉધ્ધવલાલાજી, પોપટલાલ કક્કડે પ્રાસંગિક પ્રવચન કર્યાં હતાં. અધ્યક્ષશ્રીના પ્રવચન બાદ પૂ. પા. શ્રી ગોવિંદરાયજી મહારાજે પોતાના વિચારો પ્રગટ કર્યા હતા, અન્તમાં હારતોરા થયાં તથા નરસીભાઈ દેવાણીએ આભાર વ્યક્ત કર્યા બાદ સભાનું કાર્ય સમ્પન્ન થયું હતું.

'ઝગડો લોચન મનનો'

રાગ–રામગ્રી

લોચન મનનો રે, ઝગડો લોચન મનનો; ટેક
રસિયા તે જનનો રે, કે ઝગડો લોચન મનનો.

પ્રીત પ્રથમ કોણે કરી, નંદકુંવરની સાથ;
મન કેહે લોચન તેં કરી, લોચન કેહે તારે હાથ. ઝધડો લોચન–૧

નટવર નિરખ્યા નેન તેં, સુખ આવ્યૂં તુજ ભાગ;
પછિ બંધાવ્યૂં મૂજને, લગન લગાડી આગ. ઝગડો લોચન–૨

સુણ ચક્ષૂં હૂં પાંગળું, તૂં માહારૂં વાહંન;
નિગમ અગમ કહ્યું સાંભળ્યું દીઠા વના ગયૂં મંન. ઝગડો લોચન–૩

ભલું કરાવ્યું મેં તને, સુંદરવર સંજોગ;
મને તજી તૂં નિત મળે, હૂં રહૂં દુઃખ વિજોગ. ઝગડો લોચન–૪

વનમાં વ્હાલાજી કને, હુંય વસૂ છૂં નેણ;
પણ તુંને નવ મેળવે, હૂં નવ ભોગવૂં ચેન. ઝગડો લોચન–૫

ચ્હેન નથી મન કયમ તને, ભેટે શ્યામ શરીર;
દુઃખ માહારે જાણે જગત, રાત્ર દિવસ વહે નીર. ઝગડો લોચન–૬

મન કહે ધીકું હૃદે, ધુમ્ર પ્રગટ ત્યાં હોય;
તે તુજને લાગે રે નેન, તેહ થકી તૂં રોય. ઝગડો લોચન–૭

એ બેહુ આવ્યા બુદ્ધિકને, તેણે ચુકવ્યો ન્યાય;
મન લોચનનો પ્રાણ તૂં, લોચન તૂં મનકાય. ઝગડો–લોચન–૮

સુખથી સુખ દુખ દુખથી, મન લોચન એ રીત;
'દયા' પ્રીતમ શ્રીકૃષ્ણ શું, બેહૂ વડેથી પ્રીત. ઝગડો લોચન–૯

–કવિશ્રી દયારામભાઇ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક,
અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિ

ધમાર

-: રાગ સારંગ :-

નયનન મેં જિન ડારો ગુલાલ
તીહારે પાય પરત નંદલાલ
હોત હે અંતર પિય દરસનમેં
બિન દરસન બેહાલ ॥ ૧ ॥

કનકવેલિ વૃષાભાન નંદિની
પ્રીતમ શ્યામ તમાલ
ઋતુવસંત વ્રન્દાવન ફૂલ્યો
નાચત ગોપી ગ્વાલ ॥ ૨ ॥

વ્રજકે લોગ સબે જુર આયે
કરત કુલાહલ ખ્યાલ
રામદાસ પ્રભુ ગિરિધર નાગર
પીકરંગ સોહે ગાલ ॥ ૩ ॥

વર્ષ ૩ : અંક ૧૧ ✥ ફેબ્રુઆરી ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૬

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિ ॥

આં. રા. પુ. વૈ. પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ-**રાજકોટ.**

આપણી અ. ભા. પુ. વૈ. પરિષદના હિરક મહોત્સવ પ્રસંગે કરેલ નિર્ણય મુજબ **શ્રી વલ્લભ સુધા** માસિકપત્ર ગુજરાતી ભાષામાં પ્રકાશીત થાય છે.

આ માસિકપત્રમાં શ્રીમહાપ્રભુજીના મુળ ગ્રંથોનો સટીક અનુવાદ તથા આપણા પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોની સુંદર રજુઆત થાય છે.

આ નામ સેવાના અલૌકિક કાર્યમાં આપ નિચેની વિગતે સેવા આપી સહાયક બની શકોછો.

* શ્રી વલ્લભ સુધાનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦/- (પડતર ખર્ચથી ઘણું ઓછું)

* આજીવન લવાજમ માત્ર રૂ. ૧૫૧/-

* પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧/-
  (એક અંકમાં એક પૃષ્ઠ નિચે આપના ભગવદ્ સ્મરણ અંકિત થશે.)

* પૃષ્ઠ પ્રકાશન સહાય વાર્ષિક રૂ. ૫૦૧/-
  (એક વર્ષ સુધી દરેક અંકોમાં એક પૃષ્ઠમાં આપના ભગવદ્ સ્મરણ અંકિત થશે.)

* શુભેચ્છક સદસ્ય રૂ. ૧૫૦૧/- જેમને નિચે મુજબ લાભ મળશે.

  ૧. એક પુરા પૃષ્ઠમાં પોષ્ટકાર્ડ સાઇઝ ૧ અથવા પાસપોર્ટ સાઈઝ ૨ ફોટા સહિત સંક્ષિપ્ત પરિચય છપાસે.

  ૨. શુભેચ્છક સદસ્યને આજીવન ગ્રાહક ગણવામાં આવશે.

  ૩. જે અંકમાં ફોટો પરિચય છપાસે તે અંકની ૫૦ નકલો અથવા દાતા જે નામ આપે તે પાંચ સ્થળે એક વર્ષ સુધી શ્રી વલ્લભ સુધા દાતાના નામથી મોકલાશે.

* પૂ. ગો. આચાર્યશ્રી, અથવા સ્વ માર્ગિય વિદ્વાનોને આપના તરફથી આજીવન શ્રી વલ્લભ સુધા, ભેટ મોકલાવો. આજીવન સદસ્યતા રૂ. ૧૫૧/- ઉપર્યુકત યોજનામાં વધુને વધુ સહાય આપી-અપાવી આપના દૈવી દ્રવ્યનો વિનીયોગ કરાવો.

પત્ર વ્યવહાર :-
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષ શિલા સોસાયટી
આકાશવાણી સામે, **રાજકોટ**-૩૬૦૦૦૧

નિવેદક :-
શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિંદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

✻

વર્ષ ૩ : અંક ૧૧
ફેબ્રુઆરી ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

નમ્ર નિવેદન

શ્રી વલ્લભ સુધાના ત્રીજા વર્ષનો આ અગીઆરમો અંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે, એપ્રીલ માસથી ચોથું વર્ષ પ્રારંભ થશે. તે માટે બધા ચાલુ સદસ્યો પોતપોતાના વર્તુળમાં વધુને વધુ વૈષ્ણવોને શ્રી વલ્લભ સુધાના સદસ્ય બનાવે એવી અપેક્ષા છે. આં. રા. પુ. વૈ. પરિષદ દ્વારા સ્વમાર્ગીય સિદ્ધાન્ત પ્રકાશનની આ પ્રવૃત્તિ ચાલી રહી છે તેમાં હેતુ કેવળ શ્રી મહાપ્રભુજીના નિર્મળ ઉજ્જવળ સિદ્ધાન્તોનો વધુને વધુ વૈષ્ણવોને પ્રકાશ મળે તેજ છે, આ પ્રકાશન પાછળ કોઇ પણ જાતની દ્રવ્ય સંપાદનની નેમ નથી જ. અને પ્રકાશન પણ જેમ બને તેમ સસ્તુ અને સુંદર થાય તે માટે સેવાભાવિ કાર્યકર્તાઓ પોતપોતાની તનુ-વિત્તજા સેવા આપી રહ્યા છે, આવો ! આપ પણ આ પુનિતકાર્યમાં સહભાગી બનો. થોડા વધુ સદસ્યો બનાવીને શ્રી મહાપ્રભુજીના વચનામૃતોનો લાભ વધુ વૈષ્ણવોને પોંચાડો આપનો અંક વધુને વધુ વૈષ્ણવો-મીત્રો સ્નેહીઓને વંચાવો, નવા સદસ્યો બનાવો, ચાલુ સદસ્યોના લવાજમ એકત્ર કરવાની સેવા કરો શ્રી વલ્લભ સુધા માટે પૃષ્ઠ પ્રકાશન સહાય-અને અન્ય વિશેષ સહાય મેળવવામાં મદદ કરો આ પ્રકાશન આપણું છે આપણે તેમાં ટહેલ કરી સહ્ભાગી થવાનું છે. સર્વે સદસ્યો માર્ચની આખર સુધીમાં પોતાનું લવાજમ જ્યાં જ્યાં સેવાભાવિ કાર્યકર છે ત્યાં તેમની પાસે અગર સીધુ કાર્યાલયને મ. ઓ.થી મોકલાવી આપે તેવી નમ્રવિનંતિ છે. યાદ રાખો, **આપ મનીઓડર કરો ત્યારે તેના કુપનમાં આપનું પુરૂં નામ શરનામુ તથા ગ્રાહક નંબર અચૂક લખશો** એજ વિનતિ.

—સંપાદક.

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

(લેખાંક ૨૪ મો) બી.એ. (ઓનર્સ), કોવિદ

અધ્યાય પાંચમો

યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા શાન્તિમાપ્નો નૈષ્ઠિકીમ્ ।
અયુક્તઃ કામકારેણ ફલે સક્તો નિબધ્યતે ॥૧૨॥

ભગવદીય જન કર્મના ફળને ત્યાગીને નૈષ્ઠિક શાંતિને પ્રાપ્ત કરે છે. અભગવદીય જન ફળની ઈચ્છાથી કર્મ કરનાર હોવાથી, ફળમાં આસક્તિવાળો તે નિશ્ચિતતાથી બંધાય છે. ॥૧૨॥

અરે, સાધન દશામાં હોય તેવાએ ફળના ત્યાગપૂર્વક કર્મ કરવામાં શું પ્રયોજન છે? એવી શંકાના જવાબમાં 'યુક્તઃ' વગેરે શબ્દોથી કહે છે.

યુક્ત એટલે એક માત્ર ભગવાનના ભજનમાં નિષ્ઠાવાળો થઈને, કર્મના ફળને ત્યાગીને, ભગવાનની આજ્ઞારૂપે કર્મ કરે છે, તે નૈષ્ઠિકી શાંતિને પ્રાપ્ત કરે છે, એટલે કે ભગવાનની પ્રસન્નતારૂપી શાંતિને પ્રાપ્ત કરે છે, ભગવાનની આજ્ઞા પ્રમાણે કરવાના અભાવરૂપી, તાપ રહિત, ભગવાનની આજ્ઞા પ્રમાણે કરવાના સંતોષરૂપી શાંતિને પ્રાપ્ત કરે છે, એમ અર્થ છે. તેથી સાધનદશામાં પણ ભગવાનની આજ્ઞાથી કર્મ કરવું ઉત્તમ છે, એવો ભાવ છે. અભગવદીય તો ફળ મળવાની આશાથી કર્મ કરે છે, તેથી બંધાય છે, એમ 'અયુક્તઃ' વગેરે શબ્દોથી કહે છે. અયુક્ત એટલે અભગવદીય, ફળ મળવાની ઈચ્છાથી કર્મ કરવામાં પ્રવૃત્ત થાય છે. ફળમાં આસક્તિવાળો હોવાથી તે નિશ્ચિતતાથી બંધાય છે, અને ભગવાનનો સંબંધ પ્રાપ્ત કરતો નથી, એમ અર્થ છે. ॥૧૨॥

સર્વકર્માણિ મનસા સંન્યસ્યાસ્તે સુખં વશી ।
નવદ્વારે પુરે દેહી નૈવ કુર્વન્ન કારયન ॥૧૩॥

ભગવાનને વશ રહેલો, સર્વે કર્મોને મનથી ત્યાગીને, દેહધારી નવ દ્વારવાળા શરીરમાં કાંઈ જ નહિ કરતો અને કાંઈ ન કરાવતો સુખપૂર્વક રહે છે. ॥૧૩॥

એ પ્રમાણે ભગવાનનો ભક્ત ભગવાનની આજ્ઞાથી કર્મ કરતાં સુખને પામે છે. અભક્ત તો ફળની આશાથી કર્મ કરે છે, તેથી બંધાય છે, એમ કહ્યું છે, તેમાં અભક્તને સર્વે કર્મોનો ત્યાગ જ ઉત્તમ છે, એવો અર્જુનના મન ઉપર પ્રકાશ પાડીને, ત્યાગમાં પણ ભક્તોને સુખ જ છે, બીજાઓને નહિ, એમ 'સર્વકર્માણિ' વગેરે શબ્દોથી કહે છે. ભગવાનને વશ રહેલો, બધાં કર્મોને છોડીને, નવ દ્વારવાળા પુરમાં એટલે કે શ્રવણ વગેરે કરવામાં સમર્થ એવા દેહમાં રહેલો દેહી

એટલે ભગવદર્થે દેહાભિમાનવાળો સુખેથી રહે છે. નથી જ કરતો, એમ મનથી માનનારો, સ્વાર્થ અને અહંકાર વગરનો હોવાથી બીજાઓને પરોપકાર કે ઉપદેશ વગેરે કાંઈ પણ ન કરાવતો, સુખથી રહે છે, એવો ભાવ છે. ॥૧૩॥

ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ ।
ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ॥૧૪॥

ઈશ્વર લોકોના કર્તાપણાને, કર્મોને કે કર્મોનાં ફળોના સંબંધને ઉત્પન્ન કરતો નથી, પરંતુ સ્વભાવ પ્રવૃત્તિ કરે છે. ॥૧૪॥

અરે, ઉપદેશ વગેરેથી કરાવવામાં શો દોષ છે ? એમ જો કહેવાય તો તેના જવાબમાં 'ન કર્તૃત્વમ્' વગેરે શબ્દોથી કહે છે. ઈશ્વર લોકોના કર્તાપણાને સરજતો નથી, કે કર્મોને સરજતો નથી, અથવા કર્મફળના સંબંધને પણ સરજતો નથી. એમ હોવાથી એ પ્રમાણે પોતે જ તેમ શી રીતે ઉપદેશે ? એવો ભાવ છે.

અરે, ઈશ્વર કરે છે, એવી માન્યતાનો અભાવ હોય તો લોક શી રીતે પ્રવૃત્તિ કરે ? એમ હોય તો તેના જવાબમાં 'સ્વભાવસ્તુ પ્રવર્તતે' એમ કહે છે. જીવનો સ્વભાવ એટલે કે પ્રકૃતિ જ કર્તાપણું વગેરે રૂપે પ્રવૃત્ત થાય છે. ॥૧૪॥

નાદત્તે કસ્યચિત્પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ ।
અજ્ઞાનેનાવૃતં જ્ઞાન તેન મુહ્યન્તિ જંતવઃ ॥૧૫॥

સર્વસમર્થ પ્રભુ કોઈના પાપને ગ્રહણ કરતો નથી, પુણ્યને પણ નહિ જ; અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું છે, તેથી પ્રાણીઓ મોહ પામે છે. ॥૧૫॥

જેથી પ્રભુ ઉત્પન્ન કરતો નથી, તેથી કોઇનાં પાપ કે પુણ્ય વગેરેને ગ્રહણ કરીને તેનું ફળ આપતો નથી; એમ 'નાદત્તે' વગેરે શબ્દોથી કહે છે. વિભુ સ્વેચ્છાથી જ સર્વ ફળોને આપવા સમર્થ છે. કોઇ પણ જીવનાં પાપને એટલે કે પાપરૂપ કર્મને તે લઈ લેતો નથી, અને તેને સ્વીકારીને નરક વગેરેરૂપી ફળને આપતો નથી, એમ અર્થ છે. પુણ્ય પણ તે લઇ લેતો નથી, એમ પુણ્યને સ્વીકારીને સ્વર્ગાદિ સુખ પ્રભુ આપતો નથી, એમ અર્થ છે. વિભુ હોવાથી પોતાની ક્રીડા કરવાની ઇચ્છાથી જ જેમ સુખ થાય તેમ કરે છે, એવો ભાવ છે, તો પછી 'આ જ તેને સત્કર્મ કરાવે છે,' ઈત્યાદિ શ્રુતિથી ઈશ્વર જ તે તે કર્મ કરાવીને બધાંને ફળ આપે છે, એમ કેમ કહેવાય છે ? તેના જવાબમાં 'અજ્ઞાનેન' વગેરે શબ્દોથી કહે છે. અજ્ઞાનથી એટલે કે પ્રકૃતિ પ્રમાણે, ભગવત સ્વરૂપાત્મક કે શ્રુતિના અર્થરૂપ જ્ઞાન ઢંકાયેલું છે તેથી જીવો મોહિત થાય છે, અન્યથા બોલે છે, એમ અર્થ છે. ॥૧૫॥

જ્ઞાનેન તુ તદજ્ઞાનં યેષાં નાશિતમાત્મનઃ ।
તેષામાદિત્યવજ્જ્ઞાનં પ્રકાશયતિ તત્પરમ્ ॥૧૬॥

પૃષ્ઠ પ્રકાશન સહાયક :
શ્રી કાન્તીલાલ વી. પાવાગઢી (વઢવાણ) તરફથી તેમના સુપુત્રી ચિ. અનિલાબેનના શુભ લગ્ન પ્રસંગે રૂ. ૫૧ ભેટ.

જેઓનું તે અજ્ઞાન ભગવાન સંબંધી જ્ઞાન વડે નાશ કરાવાયેલું છે, તેઓનું તે જ્ઞાન તો સુર્યની જેમ પરબ્રહ્મને દશ્યમાન કરાવે છે. ॥૧૬॥

શ્રુતિમાં તો પહેલાં તેવા પ્રકારનું ફળ પ્રદાન કરવાની ઈચ્છાને નિશ્ચિત કરીને પછી કર્મ કરાવવાનું કહેવાય છે. પરંતુ કર્મનું ફળ આવી પડતું નથી, માત્ર વિચિત્ર ઇચ્છા જ પ્રાપ્ત થાય છે. ભગવાન સંબંધી જ્ઞાનથી જેઓનું અજ્ઞાન નાશ પામ્યું છે, તેઓ મોહ પામતા નથી, એમ 'જ્ઞાનેન' વગેરે શબ્દોથી કહે છે. વળી, આત્મજ્ઞાનથી એટલે કે ભગવાન સંબંધી જ્ઞાનથી, રચનાત્મક ભગવદ્રૂપથી જેઓ દુર્લભ એવી કૃપાનાં પાત્રો છે અને જેઓનું પહેલાં કહેવાયેલ તે અજ્ઞાન નાશ પામ્યું છે, તેઓનું તે ભગવદાત્મક જ્ઞાન પરમ બ્રહ્મને પ્રકટ કરે છે, એમ અર્થ છે. સુર્યની જેમ, એટલે કે જેવી રીતે સુર્ય અંધકારનો નાશ કરીને પોતાની જાત સહિત તમામ વસ્તુને તે દશ્યમાન કરે છે તેમ. ॥૧૬॥

તદ્બુદ્ધયસ્તસ્તદાત્માનસ્તન્નિષ્ઠાસ્તત્પરાયણાઃ ।
ગચ્છન્ત્યપુનરાવૃત્તિં જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ ॥૧૭॥

પરમાત્મામાં જ બુદ્ધિવાળા, તેમાં જ મનવાળા, તેમાં જ નિષ્ઠાવાળા, તેને જ પરાયણ અને જ્ઞાન વડે જેઓનું અજ્ઞાન નાશ પામ્યું છે તેવા, ફરીને ન આવવું પડે એવી ગતિને (મોક્ષને) પામે છે. ॥૧૭॥

તેના દશ્યમાન થવાથી જે ફળ મળે છે તે 'તદ્બુધ્ધયઃ' વગેરે શબ્દોથી કહે છે. ઇશ્વરમાં જેઓની બુધ્ધિ સ્થિર છે તેવા, પરમાત્મામાં જ જેઓનો આત્મા લાગેલો છે તેવા, પરમેશ્વરમાં જ જેઓને શ્રધ્ધા છે તેવા, પરમાત્માને જ પરાયણ તેવા પ્રકારના, જ્ઞાનથી જેઓનું અજ્ઞાન નાશ પામ્યું છે તેવા તેઓ મોક્ષને પામે છે. ॥૧૭॥

વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ ।
શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શિનઃ ॥૧૮॥

વિદ્યા અને વિનયથી યુક્ત બ્રાહ્મણમાં ગાયમાં, હાથીમાં, કુતરામાં તેમ જ ચાંડાળમાં પણ પંડિતો સમદર્શી હોય છે. ॥૧૮॥

તેઓનાં લક્ષણો 'વિદ્યા' વગેરે શબ્દોથી કહે છે. વિદ્યા અને વિનયથી યુક્ત બ્રાહ્મણમાં, શ્વાનનું માંસ રાંધે છે તેવા ચાંડાળમાં અને ગાય, હાથી તેમ જ કુતરામાં તેઓ સમદર્શી હોય છે. ॥૧૮॥

તેઓનાં લક્ષણો 'વિદ્યા' વગેરે શબ્દોથી કહે છે. વિદ્યા અને વિનયથી યુક્ત બ્રાહ્મણમાં, શ્વાનનું માંસ રાંધે છે તેવા ચાંડાળમાં અને ગાય, હાથી તેમ જ કૂતરામાં તેઓ સમદર્શી છે, એટલે કે, તેઓ બધા મારા અંશરૂપ છે, તેવા આત્મજ્ઞાનથી જોનારા પંડિત છે, એટલે કે જ્ઞાની છે, એમ જાણવું, એમ અર્થ છે. ॥૧૮॥

પૃષ્ઠ પ્રકાશન સહાયક :
શ્રી હિરાલાલ પરસોત્તમદાસ કંસારા (રાજકો) તરફથી તેમના સુપુત્ર ચિ. ગુણવંત રાયના શુભ લગ્ન પ્રસંગે રૂા. ૫૧ ભેટ.

ઇહૈવ તૈર્જિતઃ સર્ગો યેષાં સામ્યે સ્થિતં મનઃ ।
નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ ॥૧૯॥

જેઓનું મન સમભાવમાં રહેલું છે, તેઓએ અહીં જ સંસારને જીતી લીધો છે. નિશ્ચિતતાથી બ્રહ્મ નિર્દોષ અને પક્ષપાત રહિત છે, તેથી તેઓ બ્રહ્મમાં સ્થિત છે. ॥૧૯॥

જેઓ એવા પ્રકારના છે તેઓ ઉત્તમ છે, એમ 'ઇહૈવ' વગેરે શબ્દોથી કહે છે. જેઓનાં મન સમભાવમાં રહેલાં છે તેઓએ અહીં જ સંસારને જીતી લીધો છે અહીં આ ભાવ છેઃ- ભગવાનેને પોતાની ક્રીડા માટે જગતને ઉત્પન્ન કર્યું છે. તેમાં જેની જેવા પ્રકારની ઇચ્છાથી જેવો ભાવ ઉત્પન્ન કરેલો છે, તે પ્રમાણે તે વર્તે છે. તે યોગ્ય છે કે નહિ, એવું વિચારવા યોગ્ય હોતું નથી. તેથી જેઓનાં મન સામ્યમાં એટલે કે ભગવાનની ક્રીડાના રૂપમાં સ્થિત છે, તેઓએ અહીં જ, અધિષ્ઠાનરૂપ આ દેહમાં જ માયારૂપી સંસારને જીતી લીધો છે. જેથી બ્રહ્મ સમાન, પોતાની ક્રીડા માટેનાં રૂપોમાં નિર્દોષ, તે તે દરેકમાં દોષ વગેરેના ભાવથી રહિત છે, તેથી જેઓનાં મન સમભાવમાં રહેલાં છે તેઓ બ્રહ્મમાં એટલે કે બ્રહ્મભાવમાં સ્થિત છે. તેથી તેઓએ સંસાર જીતી લીધો છે, એમ અર્થ છે, અથવા સર્ગ એટલે પોતાના જન્મને જીતી લીધો છે, પોતાને વશ કરી લીધેલ છે, જન્મને સફળ કર્યો છે, એમ અર્થ છે. ભગવાને પોતાને માટે જ તે તે ઉત્પન્ન કરેલ છે, એવો ભાવ છે. અથવા જેઓનાં મન સંયોગમાં અને વિયોગમાં સમાનતાથી રહેલાં છે, તેઓએ અહીં જ એટલે કે આશ્રયસ્થાન એવા આ દેહમાં જ સર્ગને એટલે કે અલૌકિકની સામીપ્યતામાં ભાગ્યને મેળવી લીધું છે, જીતી લીધું છે, સર્વથા અલૌકિક ભાવરૂપ દેહ જ વશ થયો છે. તેથી આ પુરુષ જ્યારે જે ભાવને ઇચ્છે છે ત્યારે તે ભાવનું પ્રાકટ્ય થાય છે, એવો ભાવ છે. અહીં વપરાયેલ 'હિ' શબ્દ યોગ્યતાના અર્થમાં છે. બ્રહ્મ એટલે ભગવાન પોતે પોતામાં સ્થાયી રસરૂપ છે, તેથી સમાન વગેરે અવસ્થાઓમાં નિર્દોષ છે, દૃષ્ટાંતરૂપે રાસમાં જે બ્રહ્મ તાદૃશ છે તેથી તેઓ બ્રહ્મભાવમાં, નિરોધરૂપમાં સ્થિત છે, એવો ભાવ છે. ॥૧૯॥

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક દસમો)

આથી અત્યંત ધ્યાન દેવા યોગ્ય અવસ્થાની સાથે સંબંધવાળા સંદેહોને નષ્ટ કરવા માટે માર્ગના સાધનરૂપ એવા જીવ, દેહ અને ક્રિયાથી થયેલ ભેદ પહેલાં માન્ય રખાયેલ છે તે કહેવો જોઈએ. તેઓમાં જીવ મુખ્ય હોવાથી પ્રથમ તેના ભેદને કહેવાશે. ઈચ્છાના ભેદમાં પણ જીવોમાં વિલક્ષણતાનો અભાવ હોવાથી ફળમાં ભેદ શી રીતે હોય ? એવી શંકાનું પણ નિવારણ કરતાં કહે છે કે, ચિદ્રૂપતામાં સમાનતા હોવા છતાં તે તે અસધારણ ધર્મોના ભેદથી જીવો ભિન્ન ભિન્ન છે અને તેથી ફળમાં પણ ભેદ છે, એ પ્રમાણે હૃદયમાં દઢ કરીને, પ્રવાહ માર્ગીઓનો ધર્મ અત્યંત ભિન્ન છે, એમ હોવાથી પહેલાં તેઓને "તાન્ અહમ્" વગેરે શબ્દોથી કહે છે :–

'તાનહં દ્વિષતો' વાક્યાદ્ભિન્ના જીવા પ્રવાહિણઃ ।
અત અવતરૌ ભિન્નૌ સાન્તો મોક્ષ પ્રવેશતઃ ॥૧॥

'મારો દ્વેષ કરે છે તેને હું' (નિરંતર આસુરી યોનિમાં નાખું છું) એવા (ગીતાજીના ૧૬–૧૧) વાક્યથી પ્રવાહી જીવો ભિન્ન છે; તેથી જ બીજા બે (મર્યાદા અને પુષ્ટિ જીવો) મોક્ષમાં પ્રવેશ કરવાવાળા હોવાથી અંતવાળા અને ભિન્ન છે. ॥૧૧॥

તેમ જ જેઓમાં ભગવાનનો દ્વેષ કરવા રૂપ અસાધારણ ધર્મ છે, તેનાથી તેઓના સર્વદા અતિ ઘોર સંસાર છે, તેથી તેઓ ઘોર નરકમાં પ્રવેશે છે. તેઓ નિશ્ચર્યપૂર્વક પ્રવાહી જીવો છે. તેઓના ભગવાન પ્રત્યેનો દ્વેષ ત્રિવિધ છેઃ ભગવાનના મૂળ સ્વરૂપ સાથે અથવા ભગવાનના અવતારરૂપ સાથે દ્વેષ, ભગવાનની વિભૂતિઓ સાથે દ્વેષ અને જગતની સ્વાભાવિક સ્થિતિ પ્રત્યે દ્વેષ તેમાં મૂળ સ્વરૂપ અને અવતારરૂપ એ બેમાંથી એકનો દ્વેષ કરનારા ભગવાનને જોઈને કાળને પામીને છૂટે છે. 'હું અસુરોને પણ ભગવાનના ભક્ત માનું છું.' (ભાગ ૩–૨–૨૪), એમ અહીં નિશ્ચિત છે. અને 'તેઓ કામને અને ક્રોધને આશરો આપનારા છે.' (ગીતાજી, ૧૬–૧૮) એવા વાક્યથી 'તે રૂપને મેળવવું ઘણું જ મુશ્કેલ છે,' 'ધામીને મળે તેવી ગતિ તેણે પ્રાપ્ત કરી,' (આશ્ચર્યની વાત છે કે, પાપિણી પૂતનાએ પોતાનાં સ્તનો ઉપર હળાહળ વિષ લગાવીને, જેને મારી નાખવાની ઈચ્છાથી સ્તનપાન કરાવ્યું, છતાં જેમણે તેને ધાત્રીને મળે તેવી ગતિ આપી, એવા દયાળુ શ્રીકૃષ્ણને છોડીને અમે અન્ય કોને શરણે જઈએ ? ભાગ ૩–૨–૨૩), એ પ્રમાણે કંસની અને પૂતનાની મુક્તિ દર્શાવી છે. વિભૂતિઓનો દ્વેષ કરનારાઓ તો દ્વેષનો ત્યાગ કરે એટલે ઉત્તરોત્તર શુદ્ધ થતા જાય છે. 'ત્યાગ વૃત્તિના અભાવે ધર્મહીન જનોનું પતન થાય છે,'

શિવનો દ્વેષ કરનારાઓ મોહને પામો,' એમ નિબંધમાં યુક્તિસિદ્ધ છે; કારણ કે શિવનો દ્વેષ કરનારાઓ મોહને પામે છે, એ નિશ્ચિત હોવાથી સમાન ન્યાયથી બીજે સ્થળે પણ તે પ્રમાણ સિદ્ધ છે. એ બંને પ્રકારના જનો આસુરાવેશી છે, એમ આગળ સિદ્ધ કરાશે. જગતનો દ્વેષ કરનારાઓ જન્મે છે, તેઓ તો અંતે ગાઢ નરકમાં પ્રવેશે છે. આ પણ સુબોધિનીજીમાં નિશ્ચિત કરેલું છે. 'જેઓ ઘોર નરકમાં પ્રવેશે છે તેઓમાં કેવળ (જીવ) જ પ્રવેશે છે, પરંતુ પ્રાણ (ધન, પુત્ર) વગેરે સહિત પ્રવેશતા નથી. એમ પણ ધૃતરાષ્ટ્ર પ્રત્યે અક્રુરજીનું વાક્ય છે કે, 'અસંતુષ્ટ જીવને તેઓ મોકલી દે છે.' (તે મુર્ખ જીવ જેને પોતાનું સમજીને અધર્મ કરીને પણ પાલન પોષણ કરે છે, તે પ્રાણ, ધન, પુત્ર, વગેરે આ જીવને અસંતુષ્ટ જ મોકલી દે છે. ભાગ ૨૦-૪૯–૨૩) એ પ્રમાણે આનો નિર્ણય સુબોધિનીજીમાં કરાયો છે.

આર્તભાગબ્રાહ્મણમાં મુક્તિ સંબંધી અનુષ્ઠાન ન થવાથી 'અહીં જ પરિપૂર્ણતા માની પાછા વળે છે.' 'સ ઉ ક્ષ્વયત્યાધ્માયત્યાધ્માતો મૃતઃ શેતે,' એમ શ્રુતિમાં કહ્યું છે. તેવા પ્રકારના શ્રેષ્ઠત્વના મહાન વિચારથી નિર્ણય થયો છે. અહીંયાં આ ગ્રંથનો આગળનો ભાગ તૂટેલો હોવાથી સ્વબુદ્ધિ અનુસાર વધારાની જાણ માટે કહ્યું છે.

હવે અમે પ્રસ્તુત વિષય ઉપર આવીએ છીએ. 'અતઃ એવ' એટલે આથી જ, દ્વેષ કરનારાઓ જુદા હોવાથી 'ઈતરૌ' એટલે બીજા બે, મર્યાદામાં રહેલ અને પુષ્ટિમાં રહેલ જીવો જન્મના ઉદ્દેશથી દ્વિવચન છે. તેથી તે બે અલગ કરેલા છે. અહીં પણ પહેલાંની જેમ ફળમાં રહેલી ભિન્નતા 'સાંતૌ મોક્ષ પ્રવેશતઃ' વગેરે શબ્દોથી કહે છે. મોક્ષ એટલે અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ, પુરુષોત્તમ સ્વરૂપમાં, પ્રવેશ; કારણ કે, 'પછી તરત જ તે મારામાં પ્રવેશે છે,' (હું જે છું અને જેવડો છું તેવો યથાર્થ રીતે ભક્તિથી મને સર્વથા તે જાણે છે. રીતે જાણીને પછી તરત જ તે મારામાં પ્રવેશે છે.–ગીતાજી, ૧૮–૫૫), એવું વાક્ય છે. તેનાથી (અક્ષરબ્રહ્મની પ્રાપ્તિથી અને પુરુષોત્તમમાં પ્રવેશથી) અંતે તેઓના જીવભાવ નિવૃત્ત થાય છે. આમ તેઓ બે અંતવાળા છે, પરંતુ પ્રવાહી જીવોનું તે બેનું છે તેમ નથી એમ હોવાથી ત્રણેય પ્રકારના જીવો ભિન્ન ભિન્ન છે, એમ કહેવાનું તાત્પર્ય છે. અહીં મોક્ષપ્રવેશતઃ' એમ કહ્યું હોવાથી મર્યાદા હોવાથી મર્યાદા જીવોનાં વેદમાં કહ્યા પ્રમાણે, ભગવાનમાં પ્રમાણમાં સાધારણ ભાવવાળી ભક્તિથી વિધિપૂર્વક વેદોક્ત જ્ઞાન, કર્મ વગેરેની પ્રવૃત્તિમાં સંબંધવાળાં તેઓનાં લક્ષણ છે, તેથી તેઓ પણ જુદા છે, એમ અનુમાન કરવું યોગ્ય છે. આ જ પુષ્ટિની ખરી વ્યાખ્યા છે. આથી પુષ્ટિની ભિન્નતાનું વિરૂપણ કરવા માટે, તેના સ્વરૂપનું નિરૂપાણ જેટલા પ્રમાણમાં ઉપયોગમાં લેવાય છે તેટલા પ્રમાણમાં તેનું નિરૂપણ થાય છે. પરંતુ જુદું પાડીને તે તે પ્રકરણમાં જ નિરૂપવા યોગ્ય છે, એ કારણે દોષ નથી. ભગવાનનું પ્રિયપણું સાધનાર ભક્તિ છે, તેવી ભક્તિ વાળા હોવું તે પુષ્ટિ જીવોનું લક્ષણ છે. પરંતુ તે પહેલાં

કહેવાયેલ વાક્યના વિચારથી જ ફલિત થશે, એમ હોવાથી વધારીને કહેવાયું નથી. ॥૧૧॥

તસ્માજ્જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્ના એવ ન સંશય
ભગવદ્રુપસેવાર્થ તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્ ॥૧૨॥

તેથી પુષ્ટિમાર્ગમાં રહેલા જીવો જુદા જ છે, એમાં શંકા નથી. પુષ્ટિ સૃષ્ટિ ભગવાનનાં સ્વરૂપની સેવા માટે છે, નહિ તો તેવી સૃષ્ટિ ઉત્પન્ન થાત નહિ. ॥૧૨॥

એ પ્રમાણે લક્ષણ અને ફળના ભેદથી જે સિદ્ધિ છે તે ‘તસ્માત્’ વગેરે શબ્દોથી કહે છે. જે કારણે એ પ્રમાણે લક્ષણોની ભિન્નતા છે તે કારણે પુષ્ટિમાર્ગીય જીવો અન્ય માર્ગોના જીવોથી જુદા જ છે. એવા પ્રકારથી દરેક રીતે ભિન્નતા સિદ્ધ છે ત્યારે તેઓનું જોડાણ બીજી કોઈ પણ રીતે શક્ય નથી, એમ હોવાથી મૂળમાં ‘ન સંશયઃ’ (એમાં શંકા નથી), એમ કહ્યું છે. ‘જોકે વિષય સુખની લાલસા, તર્ક, સંદેહ, વિશ્વાસ, અવિશ્વાસ, લજ્જા, બુદ્ધિ, ભય આ બધા મનના ભાવો છે, (બૃહદા ૧–૫–૩), એમ શ્રુતિમાં કહ્યું છે. પ્રકાર દર્શાવતા ‘ઇતિ’ શબ્દથી દ્વેષ વગેરે લેવા શક્ય છે, એ પ્રમાણે મર્યાદિત લક્ષણોવાળાનો ભેદ જ બરાબર જણાય છે, પરંતુ અસાધારણ લક્ષણોવાળાનો ભેદ મળે નહિ. અહીં જીવ શબ્દ કહેવાયો છે તેનો વિરોધ નથી. ‘એ પ્રમાણે પાંચ તન્માત્રાઓથી બનેલુ તથા સોળ તત્ત્વોથી વિકસેલું આ ત્રિગુણમય સંઘાત જ લિંગ શરીર છે, તે જ ચેતના શકિતથી જોડાઈને જીવ એવા નામથી કહેવાય છે, (ભાગ ૪–૨૯–૭૪), એ પ્રમાણે શ્રીમદ્ ભાગવતમાં ચોથા સ્કંધમાં નારદજીએ કહેલા વાક્યમાં જીવ શબ્દનો તે રીતે જ પ્રયોગ થયો છે. ‘તેને હું” (જેઓ દ્વેષ કરનારા છે, ક્રુર, અધમ એવા પાપી જનો છે, તેઓને હું સંસારમાં આસુરી યોનિઓમાં જ નિરંતર ફેંકું છું,–ગીતાજી, ૧૬–૧૯), એ પ્રમાણે ગીતાજીના વાક્યમાં પણ દ્વેષ વગેરે ધર્મ કહેવાયા છે. તેમ છતાં શાસ્ત્રના અર્થની સફળતાને લીધે તે જીવ કર્તા છે,’ (બ્રહ્મસૂત્ર, ૨–૩–૩૩,) એ પ્રમાણેના અધિકરણમાં ઉપાદાનસૂત્રમાં બુદ્ધિના સંબંધથી કર્તાપણું છે, એમ નિરાકરણ કરીને, જીવમાં રહેલું કર્તાપણુ બુદ્ધિના સંબંધથી જ જણાય છે, એમ સમૃદ્ધ સાધનરૂપ શાસ્ત્રોમાં નક્કી થયું છે. તે પ્રમાણે આવા દ્વેષના સાધારણ ભાવોવાળી ભક્તિઓ પણ જાણવી. આથી જ ફળ જુદી જાતનું છે. અજ્ઞાનરૂપી અંધકારમાં પ્રવેશ એ મુક્તિ છે, પુરુષોત્તમની પ્રાપ્તિ છે. નિશ્ચિત કરેલું ફળ માત્ર શુદ્ધ જીવનું જ છે. એમ શબ્દે શબ્દનું સર્જન થયેલું છે. તેથી ‘એમાં શંકા નથી,’ એમ કહેલું છે. અરે, ‘જ્યારે જેનું,’ ‘જેની કૃપા,’ ‘આ જ જેને સ્વીકારે છે,’ (કાઠક, વલ્લી ૨–૨૩), વગેરેમાં ‘યત્’ (જે) અને ‘યદા’ (જ્યારે) શબ્દનો સંબંધ હોવાથી કોઇક જીવને, કોઇ કાળે, ભગવાન કૃપા કરે છે, એમ સિદ્ધ થાય છે, તેનાથી કૃપાપાત્ર થયેલો જીવ પુષ્ટિમાર્ગમાં પ્રવેશીને પુષ્ટિજીવ થાય છે. એમ હોવાથી જીવોમાં ભિન્નતા નથી, વિશિષ્ટતાવાળી કૃપાની કેવળ અપેક્ષાથી નહિ પરંતુ ભેદ હોવાથી દ્વેષ નથી, એમ કહેવું યોગ્ય છે કારણ કે વિશિષ્ટતાવાળા જીવનું ચડિયાતાપણું છે, એમ નથી. જેમ કે, કુંડળ પહેરેલ છે તે દેવદત્ત, એ પ્રમાણે જીવોમાં ભેદ નથી. વિશેષણ અને વિશેષ્યના સંબંધનું

જ અંતિમ રીતે શ્રેષ્ઠત્વ સિદ્ધ થશે, જીવોનું નહિ. એમ હોવાથી જીવોની ભિન્નતા હોવાનો સ્વીકાર વ્યર્થ છે, એમ કહેવાય તો ? જવાબમાં ના, કારણકે તે શાસ્ત્રસિદ્ધ છે. પ્રજાપતિના ત્રણ પુત્રો દેવો, મનુષ્યો અને અસુરો,' એમ બૃહદારણ્યકમાં સંભળાવેલ છે. (પ્રજાપતિના દેવો, મનુષ્યો અને અસુરો ત્રણ પ્રકારના પુત્રો છે, તેઓ બોલ્યા કે, આપ અમને કહો પ્રજાપતિએ 'દ' એવો એક અક્ષર કહ્યો, અને પૂછ્યું કે, મેં ઉપદેશ કરેલ અક્ષરનો અર્થ તમે જાણ્યો ? દેવોએ 'ઇંદ્રિયનિગ્રહ કરો,' એમ કહ્યું. સ્વભાવથી લોભી હોવાથી મનુષ્યોએ 'યથાશક્તિ દાન કરો,' એમ કહ્યું. સ્વભાવથી હિંસાદિમાં પરાયણ અસુરોએ દયા કરો,' એમ કહ્યું. 'દ, દ, દ' એટલે દમ (ઇંદ્રિયનિગ્રહ), દાન અને દયા ગ્રહણ કરવાનું કહ્યું.–બૃહદા. અ.૫, બ્રા. ૨–૧થી૩) પંચરાત્રમાં પણ કહ્યું છે કે, 'ઉત્પન્ન થયેલા જીવો દેવો, દાનવો અને મનુષ્યો એમ ત્રણ પ્રકારના છે. તેમાં દેવો મનુષ્યોથી પણ ઉત્તમ છે અને મુક્તિને પાત્ર છે. મનુષ્યો મધ્યમ છે, તેઓ ફરી ફરીને જન્મવા પાત્ર છે, અને દાનવો અજ્ઞાનમાં ડૂબેલા હોવાથી અધમ છે, તેઓ નરકમાં જ જવાને પાત્ર છે.' અરે, અહીં દેહનો અથવા વિશિષ્ટતાવાળા દેહનો ભેદ કહેલો છે, પરંતુ શુદ્ધ જીવનો ભેદ કહ્યો નથી એમ કહેવાય તો ? જવાબમાં ના, કારણ કે, ફળના કથનથી તેનો નિશ્ચય થતો હોય છે. શુદ્ધ જીવનું જ નિશ્ચિત કરાયેલું ફળ હોય છે, એમ પહેલાં જ સ્પષ્ટ કરાયેલું છે. પંચરાત્ર પ્રમાણભૂત ન હોવાનું માનવું જોઇએ નહિ કારણ કે મહાભારતમાં (શાંતિપર્વ, અધ્યાય ૩૩૫ પંચરાત્રની ઉત્પત્તિના પ્રસંગમાં) મોક્ષધર્મમાં નારાયણીયમાં તે પ્રમાણભૂત હોવાનું સ્પષ્ટપણે જ કહેલું છે, તર્કચરણમાં પણ માત્ર વિરોધી અંશ અસ્વીકાર્ય ગણીને બાકીનાને સ્વીકાર્ય હોવાનું જણાવ્યું છે. જૈમિનીય સ્મૃતિપાદમાં પણ સ્મૃતિઓનું તે પ્રમાણભૂત સાધન છે, એમ કહેલું છે. વળી, જ્યારે જેનું વગેરેમાં તે વિષયે પુષ્ટિજીવતા કહેવાઈ નથી પરંતુ અન્યત્ર સાધનની શ્રેષ્ઠતાથી વૈરાગ્ય અનર્થની નિવૃત્તિ અને સ્વરૂપની પ્રાપ્તિ છે, એમ કહ્યું છે. આથી પણ તેમ જ છે, તેથી જ્યારે કૃપાપાત્ર થઇને પછી સ્વસ્વરૂપમાં પ્રવેશીને ફરીથી પુષ્ટિસૃષ્ટિમાં જન્મે છે, ત્યારે પુષ્ટિજીવપણું છે, પરંતુ તે માત્ર અનુગ્રહથી નથી. આ બધું બૃહદ્ વામનીય સંદર્ભવિચારમાં 'કહેવાયેલો સમય પ્રાપ્ત કરીને ગોપીઓ થઇને શ્રીહરિને મેળવ્યા.' એ પ્રમાણે આ સંબંધે વિદ્વન્મંડનમાં સ્પષ્ટ છે. આથી જ નિબંધમાં પણ સાયુજ્યની કામનાથી આદિમૂર્તિ શ્રીકૃષ્ણ જ સેવવા યોગ્ય છે, એમ કહ્યું છે. નહિ તો પહેલાના માર્ગનું સંકીર્ણ પણું નિવૃત્ત થશે નહિ. એમ થતાં અનુગ્રહના અનિત્યપણાનો દોષ થશે નહિ; કારણ કે ફળના બળથી પરંપરાથી પણ તે વિચારાયેલો નિશ્ચય છે. તેથી ખરું જ કહેવાયું છે કે, પુષ્ટિ માર્ગના જીવો જુદા જ છે.

॥ શ્રીહરિઃ ॥

"તે ભગવદીયનાં દર્શન દુર્લભ જેનું ભાગ્ય હોય તેને ભેટે."

પરમ ભગવદીય શ્રી ગોપીલાલજી મુખિયાજીનો ગોલોકવાસ

(જીવન અને કાર્યની સંક્ષિપ્ત રૂપરેખા)

લેખકઃ 'બિના મોલકે ચેરો'

'શ્રી વલ્લભ સુધા'ના વાચકોને પ. ભ. શ્રી ગોપીલાલજીના ભગવદ્ભાવથી ભરપૂર અને તેથી ભક્તિભાવ ભરેલા લેખોનો લાભ અવારનવાર મળતો રહ્યો છે, એવા સુપરિચિત, વિદ્વાન અને પરમ ભગવદીય શ્રી ગોપીલાલજી સં. ૨૦૪૧ ના પોષ સુદિ ૫ ને ગુરુવાર, તા. ૨૭ ડિસેમ્બર, ૧૯૮૪, રાત્રે દશ વાગ્યે ભગવચ્ચરણારવિંદને પામ્યા.

શ્રી ગોપીલાલજીનું સાહિત્યિક ઉપનામ 'શ્રી ગોવિંદ' શુદ્ધદ્વૈત કોવિદ છે. તેઓશ્રી વૈષ્ણવ પરંપરાના અનુભવી હતા અને પુષ્ટિમાર્ગનું જ્ઞાન ધરાવતા વિદ્વાનોમાં તેઓ મૂર્ધન્ય સ્થાને હતા. તેમનું જીવન પણ તેવી જ અલૌકિક રીતે ઘડાયેલું હતું. તેઓશ્રીએ એવા ઉત્તમ પ્રકારના જ્ઞાનને આચારમાં વણી દઇને જીવનને ધન્ય બનાવ્યું હતું.

પિતાશ્રીનું નામ શ્રી નેનાલાલ મુખિયાજી હતું. તેઓ જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ હતા. તેઓશ્રીના પૂર્વજો મૂળ કોટા રાજસ્થાનના નિવાસી હતા. શ્રી ગોપીલાલજીનાં દાદીમા ઝુમ્તીબાઇ પૂ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ (શ્રી લાલાલહેરી)ના સમયમાં કાંકરોલી આવ્યાં અને શ્રી દ્વારિકાધીશ પ્રભૂની સેવામાં જોડાયાં. શ્રી ગોપીલાલજીનો જન્મ કાંકરોલીમાં સં. ૧૯૬૧ ના કાર્તિક સુદિ આઠમ (ગોપાષ્ટમી) ને દિવસે મંગળવારે થયો હતો. ત્યાર પછી તેમનો પરિવાર શ્રીજીદ્વારા આવીને વસ્યો. ત્યાં તેઓએ શ્રીજી, શ્રીનવનીતપ્રિયાજી અને શ્રી વિઠ્ઠલનાથજીનાં મંદિરોમાં સેવા કરી, એટલું જ નહિ પણ તેમના નજીકના ઘણાખરા સગાસંબંધીઓ શ્રીજી અને સાતે સ્વરૂપોના ઘરમાં સેવામાં રહેતા. આમ થવાથી તેઓ સાહજિક રીતે મુખિયાજી તરીકે પ્રસિદ્ધિને પામ્યા.

શ્રી ગોપીલાલજી દશ–અગિયાર વરસની નાની ઉંમરે શ્રી વિઠ્ઠલનાથજીના મંદિરમાં આવેલ શ્રી હરિરાયજીની બેઠકમાં બુહારી–પરચારગીની સેવા કરતા. આ સમયે જ સં. ૧૯૭૨ ના શ્રાવણ સુદિ ૧૨ ના દિવસે નિ. લી. તિલકાયત ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી દ્વારા તેમને બ્રહ્મસંબંધનું દાન થયું આપશ્રીની કૃપાથી જ તેમને શ્રીષોડશ ગ્રંથો અને સુબોધિનીજી આદિનું જ્ઞાન પ્રાપ્ત થયું અને સર્વે પ્રકારની લૌકિક તેમ જ અલૌકિક સિદ્ધિઓ મળી ઉપરાંત આપશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી જ શ્રીનાથદ્વારામાં શ્રી ગોવર્ધન સંસ્કૃત પાઠશાળામાં શબ્દરૂપાવલી, ધાતુરૂપાવલી, સમાસચક્ર, અમરકોશ, લઘુ કૌમુદી અને પંચસંધિ સુધીનું અધ્યયન કર્યું. ત્યાર બાદ તેમના પિતાશ્રી શ્રીજીચરણસ્થ થતાં

મુખિયા–ભીતરિયા તરીકે સેવામાં રહ્યા. ચોવીસ વર્ષની ઉમરે ભગવદીય વૈષ્ણવોનો સત્સંગ પ્રાપ્ત થતાં પુષ્ટિમાર્ગના સ્વરૂપનું તેમને જ્ઞાન થયું.

પોતાના ગુરુદેવ શ્રી દામોદરલાલજી મહારાજમાં તેમને અનન્ય પ્રીતિભાવ સદૈવ સ્થિર રહ્યો હતો. તેઓ પોતાના ગુરુદેવને સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપે ભજતા, અને તેથી જ તેમણે રચેલા અનેક ગ્રંથોમાં વિવિધ પ્રકારે ભગવત્ સ્વરૂપ સાથે પોતાના ગુરુદેવની અભિન્નતા પ્રતિપાદિત થયેલી જોવામાં આવે છે. જ્યારે પોતાના ગુરુદેવશ્રીએ તેમને પોતાની નિજની સેવામાં (ખવાસીમાં) નિયુક્ત કર્યા ત્યારે તેમને પરમ સંતોષ અને અત્યંત આનંદ થયો. શ્રી ગોપીલાલજીએ પોતાના શ્રીગુરુદેવ ભૂતલ ઉપર બિરાજ્યા ત્યાં સુધી ભીતરિયા ખવાસીની સેવા પરમ પ્રેમથી કંઇ વેતન લીધા વીના કરી.

પોતાના ગુરુદેવ શ્રી દામોદરલાલજી એ તો સાક્ષાત્ મહાપ્રભુજી અને શ્રીગુંસાઇનું સ્વરૂપ જ છે, એમ તેઓ પ્રમાણો આપીને વૈષ્ણવોને સમજાવતા શ્રી દામોદરલાલજી મહારાજશ્રીએ શ્રી રત્નપ્રભા છોટાવહુજી (શ્રીહંસાજી) સાથે દ્વિતીય લગ્ન કર્યા ત્યારે જે ઉહાપોહ થયેલો અને તેને પરિણામે કેટલાક અબુધ લોકો અને કયારેક તેના પ્રવાહમાં તણાઇને કોઇ કોઇ વૈષ્ણવો પણ શ્રી દામોદરલાલજી મહારાજના ચારિત્ર્ય વિષે અન્યથા બોલતા થયા ત્યારે તેઓએ અદ્યાપિ પર્યંત સુદૃઢ પ્રમાણો દ્વારા શ્રીવલ્લભકુળની નિષ્કલંકતા, મહોદારતા તેમજ શ્રીહંસાજીના કુળની અને ચારિત્ર્યની શુદ્ધતા વગેરે સમજાવતા, જેથી અન્યથા સમજનારાઓની જીવ બુદ્ધિથી થતા દોષોમાંથી તેઓ બચી સકે. ભગવાનના કાર્યમાં લૌકિક બુદ્ધિ નહિ કરતાં અલૌકિક ભાવના કરવાનું અને પ્રભુના એક કાર્યમાં અનેક સંકેતો હોય છે તેથી તે જ રીતે દરેક વસ્તુને જોવાનું તેઓશ્રી વૈષ્ણવોને સમજાવતા.

શ્રી ગોપીલાલજીનાં લગ્ન યુવાવસ્થામાં થયેલાં, પરંતુ તે સમયના રિવાજ મુજબ તેમનાં ધર્મત્ની નાની વયના હોવાથી તેમણે સાસરવાસ કર્યો નહોતો ત્યાં જ તે હરિશરણ થયાં હતાં. આથી શ્રીગુરુદેવની સેવામાં રત રહેલા શ્રીગોપીલાલજીએ બીજું લગ્ન કર્યું જ નહિ અને આજીવન બ્રહ્મચારી રહીને સેવાસ્મરણમાં લીન થઇને સ્વમાર્ગીય ગ્રંથોનું અવગાહન કર્યું અને પુષ્ટિ સાહિત્યના સર્જનમાં નિમગ્ન રહીને ત્યાગમય અલૌકિક જીવન જીવી ગયા.

પોતાના ગુરુદેવશ્રીએ લીલાપ્રવેશ કયાં પછી તેઓશ્રી વ્રજમાં આવીને કેટલોક સમય શ્રીમદ્ ગોકુલમાં વસી રહ્યા અને ત્યારબાદ છેલ્લાં સત્યાવીશ વર્ષથી પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની આજ્ઞા અનુસાર શ્રી ગિરિરાજજીમાં (જતિપુરામાં) મોતી મહેલમાં રહ્યા હતા.

પોતાના ગુરુદેવશ્રીના નિત્યલીલા પ્રવેશ બાદ તેઓ વિરહની વિકલ દશામાં રહેતા. એ સમય દરમિયાન શ્રીજીદ્વારના સમાધાની શ્રી ચરણદાસજી જેઓ વર્ષો પહેલા ગોલોકવાસી થયા હતા તેમણે વ્રજમાં શ્રી ગોપીલાલજીને

દર્શન દઈને કહેલ કે, નિત્યલીલામાં શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈજી તથા મહાનુભાવ શ્રી ગોવિંદસ્વામીની તમારા ઉપર પરમ કૃપા છે, અને તમોને અલૌકિક ભાવનું દાન થશે. (આ પ્રસંગ શ્રી ગોપીલાલજીએ પુ.પા. ગોસ્વામીશ્રી ચિમનલાલજી મહારાજ–માંડવી–શ્રી ગોકુલવાળા શ્રી સન્મુખ નિવેદન કરેલ.) અને સંભવ છે કે, આથી જ શ્રી ગોપીલાલજીએ પોતાનું ઉપનામ 'શ્રીગોવિદ' રાખ્યું હોય !

જતિપુરામાં રહીને શ્રી ગોપીલાલજીએ અ. ભા. પુ. વૈ. પરિષદની શાખાના અધ્યક્ષ તરીકે આજીવન કામ કર્યું. આ સમય દરમિયાન પરિષદનાં અધિવેશનો અને અન્ય સંમેલનો તેમજ સભાઓમાં તેઓશ્રી પ્રેરક વક્તવ્યો આપતા તેમણે લગભગ એકસો જેટલા સંસ્કૃત ગ્રંથો ગદ્ય તેમજ પદ્યમાં લખેલા છે. જેમાંથી શ્રી પુષ્ટિમાર્ગીય પંચમ યુગ પંચક પુસ્તિકારૂપે અને નીચે લખ્યા મુજબના ૩૭ હસ્તલિખિત ગ્રંથો શ્રી વલ્લભ સુધા કાર્યાલય, રાજકોટને પધરાવી આપ્યા છે. જેમાંથી આંક ૧થી૧૪ સુધીના ગ્રંથો આ અગાઉ 'શ્રી વલ્લભ સુધા'માં પ્રગટ થઈ ચૂકયા છે, બાકીના યથાસમય પ્રગટ થતા રહેશે.

૧. તરહટી શ્રી ગોવર્ધનકી રહીયે (પદ–ટીકા વ્રજભાષામાં)
૨. ચતુરાભ્યષ્ટકમ્
૩. શ્રી ગિરિધરાષ્ટકમ્
૪. શ્રી ગોકુલેશાષ્ટકમ (૧)
૫. શ્રી ગોકુલેશાષ્ટકમ્ (૨)
૬. શ્રી ગોવિંદ સ્વાગ્યષ્ટકમ્
૭. શ્રી વેણુગીત સ્તોત્રમ્
૮. અથ શ્રી પુષ્ટિ સિદ્ધાંત રહસ્ય સાર્ધશ્લોક વ્યાખ્યા.
૯. શ્રી ગોવિંદ દામોદર માધવેત્યષ્ટકમ્
૧૦. શ્રી પુષ્ટિ ષોડશોપચાર પુજા
૧૧. શ્રી કાલિંદી મોહની અવતાર
૧૨. શ્રી શ્યામ સરસાવલી
૧૩. શ્રી ત્રિવિધ રસાત્મક સ્વરૂપ
૧૪. શ્રી વ્રજલીલાત્મક પંચાધ્યાયી
૧૫. અથ ભ્રમરગીત સ્તોત્રમ
૧૬. શ્રીવેણુગીતે સમગ્ર દશમ સ્કંધાર્થ
૧૭. શ્રી ગોપીગીતાંતર્ગત સર્વ વ્રજલીલા
૧૮. પંચમાધ્યાય મહારાસલીલાયામ
૧૯. દશમોત્તરાર્થે પુર્વાર્ધસિંહાવલોકનલીલા
૨૦. શ્રી ભાગવતાર્થનિબંધે પુષ્ટિવર્ણનમ
૨૧. શ્રી ભાગવત એકાદશે સુબોધિની ટીકા પુષ્ટયવતારાઃ
૨૨. શ્રી વિઠ્ઠલેશવરાણામ
૨૩. શ્રી ભાગવતાંતર્ગતા નવધા ભકિત સ્કંધાનુક્રમેણૈય સંગ્રહ્યતે
૨૪. શ્રી યમુના ગોકુલાધીશો સમન્વય સુધાકરમ્.
૨૫ રાશીવર્ણન.
૨૬. અથ નવરસમય નવનિધિ.
૨૭. પુષ્ટિમાર્ગીય બત્તીસ ધર્મ.
૨૮. બંસીવિલાસ.
૨૯. ભ્રમરગીત. પુર્ણતા

૩૦. ભગવદ્ ભક્તાની વૈશિષ્ટમ્.
૩૧. શ્રી રઘુપતિ યદુપતિ સામ્યમ્.
૩૨. અલંર્કપુર ચરિત્ર.
૩૩. શ્રીરામ રસાવલી.
૩૪. શ્રી દામોદરદાસજીની વાર્તા-ભાવ વિલાસ ટીકા તથા જન્મોત્રી.
૩૫. શ્રી ગોવિંદ સ્વામીની વાર્તા-ભાવ-વિલાસ ટીકા.
૩૬. શ્રી ગોવિંદ સ્વામી કૃત નિત્યલીલા પદ (સંગ્રહ).
૩૭. શ્રી ભાગવતનું પદ (સૂરદાસજી કૃત)(સંગ્રહ)

બે વર્ષ પહેલાં પુ. પા. ગોસ્વામી શ્રી પ્રથમેશજી મહારાજની આજ્ઞાથી 'શ્રી વલ્લભ સુધા' માટે લેખાદિક માગવા શ્રી વલ્લભ સુધાના તંત્રી શ્રી રવજીભાઇ પટેલ અને બીજા સહકાર્યકરે તેઓશ્રીની મુલાકાત લીધી. ત્યારે પ્રેમપૂર્વક ઉપર દર્શાવેલ સાડત્રીશ ગ્રંથો શ્રી વલ્લભ સુધા કાર્યાલયને પધરાવ્યા છે, તે ઉપરાંત પુ. પા. શ્રી ચિમનલાલજી મહારાજશ્રી (શ્રીમદ્ ગોકુલ-માંડવી) ને ત્યાં પધરાવી આપેલ ત્રણ ગ્રંથોનાં નામ જાણવા મળ્યાં છે જે આ પ્રમાણે છે.

૧. શ્રી શિક્ષાપત્ર વર્ગીકરણ.

૨. પ્રમેય રત્નાર્ણવના ફલવિવેકનો વિસ્તાર.

૩. શ્રી ભાગવત દશમસ્કંધમાં નિધિ-સ્વરૂપોની લીલાનો ભાવ.

ઉપરાંત કેટલાક સ્ફુટ શ્લોકો, નોંધો વગેરે મળ્યાં છે. આ સિવાય પણ તેમના સંગી વૈષ્ણવો મથુરા, આગ્રા, જયપુર આદિમાં વસે છે તેમને કેટલુંય સાહિત્ય પધરાવી આપ્યું છે, જે અપ્રકટ છે. સહૃદયી વૈષ્ણવો તેઓશ્રીનું સાહિત્ય પોતાપાસે બિરાજતું હોય તેની નકલ કરાવી શ્રીવલ્લભ સુધામાં પ્રકાશન અર્થે મોકલી આપે તેવી વિનતિ છે. શ્રી ગોપીલાલજી શ્રી વલ્લભકુળના સર્વે ગોસ્વામી બાલકોને એકરસ ભાવથી પ્રીતિ પુર્વક સેવતા, અને સર્વે ગોસ્વામી બાલકોની કૃપા તેઓશ્રીએ પ્રાપ્ત કરી હતી. આથી જ શ્રી જતિપુરા પધારતા બધા શ્રી ગોસ્વામી બાલકો કૃપા કરીને શ્રી ગોપીલાલજીને પોતાની પાસે બોલાવતા અને અતિશય કૃપાયુક્ત થઇને અનેક ગોસ્વામી બાલકો તેમને દર્શન દેવા અને ભગવદ્‌રસનું દાન કરવા તેમને ત્યાં પધારતા. ગયા ભાદરવામાસમાં આ પંક્તિના લેખકે જ્યારે તેઓના સત્સંગનો લાભ લીધેલ ત્યારે તેઓશ્રીએ પોતાના જીવનનું કેટલુંક વૃત્તાંત અને પોતાના ગુરુદેવ નિ. લી. ગો. શ્રી દામોદરલાલજી મહારાજના ચરિત્રનું નિરૂપણ કરેલું, તેનું ટેપરેકોર્ડિંગ કરી લેવામાં આવ્યું છે.

છેલ્લાં બે અઢી વર્ષથી તેમનાં નેત્રોને ભગવદ્‌દર્શન સિવાય અન્ય લૌકિક પદાર્થો દૃષ્ટિગત થતા ન હોવાથી લેખન આદિની પ્રવૃત્તિ બંધ થઇ ગયેલ હતી, પરંતુ મળવા આવનારા વૈષ્ણવો સાથે તેઓશ્રી સત્સંગ કરતા. છેલ્લે છેલ્લે ચાર-પાંચ દિવસ સામાન્ય તાવ જેવી શારીરિક સ્થિતિ જણાઇ. જ્યારે ભગવચ્ચરણોમાં પહોંચી જવા માટે તેમના હૃદયનો તાપ અતિશય વધી ગયો ત્યારે જ

અચાનક તા. ૨૬-૧૨-૧૯૮૪ બુધવારે બપોરના પુ. પા. ગો. શ્રી ચિમનલાલજી મહારાજ શ્રીમદ્ ગોકુલથી તેમને દર્શન આપવા પધારીને અત્યંત અનુગ્રહ કર્યો. એ પ્રસંગ તો જાણે શ્રી ગુંસાઇજી પરમ દયાલ શ્રી સૂરદાસજીને પારાસોલીમાં દર્શન દેવા પધાર્યા તેના જેવો જ આધુનિક સમયનો આ પ્રસંગ હતો. અંતિમ સમય સુધી ચિત્તની સ્થિરતાપુર્વક પાસેના પાડોશના વ્રજવાસી વૈષ્ણવો પાસેથી ભગવન્નામનું સ્મરણ અને શ્રવણ કરત કરતાં શ્રી ભગવચ્ચરણોમાં પહોંચી ગયા.

તેમના અંતિમ સમયે તેમની સેવા-ચાકરીમાં શ્રી નથ્થાજી, શ્રી કાશીબાઇ, શ્રી બંસીબાઇ, શ્રી વલ્લભદાસ મુખિવાજી અને બીજા અનેક વૈષ્ણવો ઉપસ્થિત રહેલા તે સૌ પાસેથી તેઓશ્રી માત્ર ભગવન્નામ શ્રવણની જ ઉત્કટ આશા રાખતા હતા. આવા નિઃસ્પૃહ, વિરકત ભગવદીયનો ગોલોક વાસ થતાં આપણે એક ભગવદ્‌ભાવપુર્ણ અને વિદ્વાન શાસ્ત્રીજીને ખોઇ બેઠા છીએ, અને જતિપુરા ખાતે તેમની મોટી ખોટ પડી છે, અને આપણે સૌ તેમના સત્સંગતથી વંચિત થયા છીએ.

એમના જીવનભરના પ્રભુમય કાર્યથી સર્વે વૈષ્ણવોના જીવનમાં પ્રભુમયતા વ્યાપી રહો, તેમનું અલૌકિક જીવન સદાય પ્રેરણા આપતું રહો અને તેમના જેવા થવાને સદાય સૌ તલપી રહો, એ જ અભ્યર્થના !

શ્રી નાથજીના દર્શન માટે પદયાત્રા

નાની પરબડી ના રહીશ પ. ભ. શ્રી રણછોડ હીરજીભાઇ કપુપરા તથા પ. ભ. શ્રી લાલજી મનજીભાઈ વઘાસીયા એ તા. ૧૮-૧૧-૮૪ ના રોજ પદ યાત્રાનો પ્રારંભ કરી વીસ દિવસમાં લગભગ ૯૦૦ કિલો મીટરનો લાંબો પ્રયાસ ખેડી તા. ૭-૧૨--૪ના રોજ શ્રીનાથ દ્વારા પહોંચી શ્રી નાથજીના દર્શન કર્યા હતા ધન્યવાદ.

મહા પ્રસાદ લેવાની વ્યવસ્થા

કાંકરોલી—શ્રી દ્વારકાધીશજીના મંદિરમાં રાજભોગના દર્શન બાદ વૈષ્ણવોને મહા પ્રસાદ લેવરાવવામાં આવે છે.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક :- **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ** (ચરણ રજ–સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૭મું

શ્રીયમુના યશ જગતમેં જોઇ ગાવે.
તાકે આધીન વ્હૌ રહત હૌ પ્રાનપ્રતિ;
નેન અરૂ બેન મેં રસજુ છાવે. ૧
બેદ પુરાન તેં બાત યહ અગમ હૈ,
પ્રેમકો ભેદ કોઉ ન પાવે,
કહત 'ગોવિંદ' શ્રીયમુનેકી જા પર કૃપા,
સોઇ શ્રી વલ્લભ કુલ શરન આવે. ૨

અર્થ આ સંસારમાં જે જીવો શ્રીયમુનાજીના યશ કરે છે, પ્રાણપતિ તેને આધીન બની રહે છે, ત્યારે એ જીવના નેત્રોમાં અને વાણીમાં દીનતા અને કોમળતા પ્રગટ થાય છે ૧

શ્રીયમુનાજીની આવી અલૌકિક કૃપાનું જ્ઞાન વેદોને પણ નથી. પ્રેમ સ્વરૂપ પુષ્ટ-માર્ગના રહસ્યનો પાર વેદ કે પુરાણો કોઇ પામી શકયા નથી. શ્રીયમુનાજી સાક્ષાત્ સ્નેહ–રસનું સ્વરૂપ છે. એટલે જેના ઉપર શ્રીમહારાણીજીની કૃપા થાય એ જીવ શ્રીવલ્લભ-કુળને શરણે જાય છે. અને ત્યારે જ એના અધિકારી બને છે. ૨

વિવેચન પુષ્ટિ સૃષ્ટિ શ્રીઠાકોરજીના શ્રી અંગથી ઉત્પન્ન થઇ છે.

"પુષ્ટિ કાયેન નિશ્ચય :" અન્ય જીવોના ભાગ્ય વિધતા બ્રહ્માજી છે પરંતુ પુષ્ટિ જીવોના ભાગ્ય વિધાતા શ્રીયમુનાજી છે," સબહિનકો જીવન ઇનકે જુ હાથા" બ્રહ્મસંબંધ લઇ શરણે ગયેલા જીવોના પુર્વના દોષો તો દુર થઇ ગયા છે, પરંતુ નવિન દોષો ઉત્પન્ન ન થાય માટે શ્રીયમુનાજી હંમેશા કૃપા વિચારતા રહે છે એટલે કે શ્રીયમુનાજીની કૃપાથી એવા જીવોનો સ્વભાવ એવો બની જાય છે કે નવીન દોષો એનાથી ઉત્પન્ન થતાં જ નથી. છતાં અજાણતા કોઇ દોષો થઇ જાય છે તો તેનું નિવારણ શ્રીમહારાણીજી કૃપાથી થઈ જાય છે.

આવા સદ્ભાગી જીવોના નેત્રો, વાણી અને વર્તનમાં પ્રસન્નતા, કોમળતા, દીનતા વિગેરે ભાવો પ્રગટ ણાય છે. "શાંત સ્વભાવ કાંતિ કરૂણામય, નયનનમેં ઝલકત ગિરિધારી" સ્વઆશ્રિત જીવોના દોષોનો નાશ કરવો એવું તો શ્રીયમુનાજીનું વ્રત છે.

"સ્વ આશ્રિત અઘ અપત્યુત્ય" ખરેખર જેના ઉપર શ્રીમહારાણીજી કૃપા કરે એવા જીવો જ શ્રીવલ્લભ કુલને શરણે જાય છે. કારણ કે શ્રીયમુનાજી તો આપણા ભાગ્યના નિયંતા છે ને !

(ક્રમશઃ)

॥ શ્રી હરિઃ ॥

શ્રીવલ્લભ–વાક્–સુધા–માધુરી

(ભગવદ્ ચરણ ચિન્હનું મહત્વ)

સંકલન : **શ્રીવલ્લભ પાદપદ્મ મિલિન્દ**

[પ્રસ્તુત લેખમાં ભગવદ્ચરણ ચિન્હનું મહત્વની સાથોસાથ ભૌતિક જીવને ચરણનો ભાવાત્મક સંબંધ કેમ રહે તેના સાધન શ્રી સુબોધિનીજીના આધારે લેખકે દર્શાવેલ છે. **–સંપાદક**]

પૃથ્વી કહે છે ભગવદ્ ચરણારવિંદનો મને સાક્ષાત્ સ્પર્શ થવાથી પૂર્વે ઉત્તમ ભગવદીય થવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું.

(૧) ભગવદ્ ચરણારવિંદમાં જે કમલાકૃતિની રેખા (ચિન્હ) છે. તે મકરંદરૂપ અમૃત ફલની અવશ્ય પ્રાપ્તિ થવાનું સુચન કરે છે.

(૨) ભગવદ્ ચરણારવિંદની સેવા થતાં સૌથી પ્રથમ તો "વજ્રાકાર" રેખા ભગવત્ સેવકોના પાપના પર્વતોને પણ છેદી નાખે છે.

(૩) "અંકુશ" રેખા ભક્તના મન (માતંગ)નો નિરોધ કરે છે તથા

(૪) "ધ્વજ" ચિન્હ સર્વ કોઇ શરણાગત દૈવી જીવને કાલ–કર્મ–સ્વભાવ ઇત્યાદિથી જે ભય થાય છે તે સર્વ ભયમાંથી મુક્ત કરી સદા અભયતાનું દાન કરે છે.

આમ ભગવદ્ ચરણનું માહાત્મ્ય કહીને હવે પૃથ્વી કહે છે કે આવા ભગવદ્ ચરણારવિંદની પંક્તિઓથી હું અંકાયેલી હોવાથી સારી રીતે અલંકૃત થયેલી છું.

સ્વરૂપથી ભગવદ્ ચરણનો ઉત્કર્ષ કહે છે કે ભગવદ્ ચરણમાં (૧) કમલ (૨) વજ્ર (૩) અંકુશ તથા (૪) ધ્વજા ઈત્યાદિ ચિન્હો છે.

(૧) ભગવદ્ ચરણમાં જે કમલાકૃતિ રેખા છે. તે મકરંદરૂપ અમૃતનું પાન કરવાનું ફલ ત્યાં અવશ્ય પ્રાપ્ત થાય છે. પરન્તુ એ ભક્તિરૂપી (દિવ્ય પ્રેમરૂપી) મકરંદના અધિકારીઓ સર્વથા દોષથી રહિત હોવા જોઇએ. આવા અધિકારીઓ દુર્લભ છે. જેઓ અહંતા મમતાસ્પદ દેહાદિ સંઘાતમાં સત્તા ધરાવી રહ્યા છે. તેવા જીવોને તો દુર્લભ એવા આ ભક્તિ મકરંદરૂપી અમૃતપાન થવાનો સંભવ નથી.

પ્રેમ લક્ષણાત્મક પુષ્ટિમાર્ગમાં 'ભક્તિ' શબ્દનો અર્થ દિવ્ય પ્રેમ થાય છે. એટલે 'મકરંદ' એ દિવ્ય પ્રેમ સુધા છે.] તે માટે

(૨) ભગવદ્ ચરણારવિંદમાં જ 'વજ્ર'ના આકારની રેખા છે કે જે પાપના પર્વતોને પણ છેદી નાખે છે. ભગવદ્ ચરણારવિંદની સેવા થતાં સૌથી પહેલા તો સર્વ પાપોનો ક્ષય થાય છે.

(૩) વળી જો મનની નિશ્ચલતા હોય તો આ સર્વ સંભવે છે. યોગાદિ સાધનોથી મનની નિશ્ચલતા સાધવા જતાં બહિર્મુખતા

પણ થાય. તેની ભગવત્ સેવકોના મન (માતંગ)ને વશ કરવા માટે ચરણમાં "અંકુશ"નાં આકારની રેખા છે તે ચરણના માહાત્મ્યથી જ સેવકોનું મન, ભગવદ્ ચરણમાંથી અન્યત્ર જતું નથી. તેમજ માર્ગના વિરોધથી પણ ભગવત્ સેવકોનું મન બીજે ક્યાંય પણ જતું નથી.

["માર્ગના વિરોધથી" એટલે પ્રમાણ માર્ગ અને પ્રમેય માર્ગનો આપસમાં વિરોધ છે. પ્રમાણમાં વિધિ નિષેધનું પાલન કરવાનું રહે છે. જ્યારે પ્રમેયમાં ભગવદ્ સ્વરૂપ સાથે જ સંબંધ રાખનારા પ્રેમી ભક્તો વિધિ નિષેધનું પાલન કરી શકતા નથી. કારણ કે વિધ-નિષેધનું પાલન કરવા જતાં સ્વરૂપનું વિસ્મરણ થાય છે. આ કથનને પુષ્ટ કરનારૂં મહાનુભાવ શ્રી પરમાનંદદાસનું પદ નિમ્ન-

કેસે કીજે વેદ કહયો.
હરિમુખ નિરખત વિધિ નિષેધકો
નાહીન ઠોર રહ્યો. ૧
દુઃખકો મૂલ સ્નેહ સખીરી સો
ઉર પેઠ રહ્યો,
'પરમાનંદ' પ્રેમ સાગરમેં પર્યો
સો લીન ભયો. ૨

પ્રેમી ભક્તો માટે તો ચરણારવિંદનો આશ્રય જ સર્વ પ્રકારના અનિષ્ટોને દૂર કરીને પરમ પુરૂષાર્થ રૂપ પ્રભુના સાક્ષાત્ સ્વરૂપનો અનુભવ કરાવે છે.]

(૪) ભગવદ્ ભજન કર્યા પછી જ આ સર્વ થાય છે, પરંતુ ભગવદ્ ભજનમાં પ્રવૃત્તિ થવી એ જ દુર્લભ છે. કારણ કે કાલ-કર્મ-સ્વભાવથી દૈવી જીવોને ભય થાય છે. સર્વદા જીવો ભયભીત થયેલા હોવાથી તેમને ક્યાંય પણ સ્વાસ્થ્ય મલતું નથી. આ શંકા થાય તો તેનું નિવારણ કરવા માટે કહ્યું છે કે ભગવદ્ ચરણારવિંદને વિષે અભય પતાકા 'ધ્વજા' લક્ષણવાળી રેખા રહેલી છે. આ ચરણની સન્મુખ આગમન કરવા માત્રથી જ જીવને કદાપિ કોઈ પણ તરફથી ભય થતો નથી. એમ આ ધ્વજા ચિન્હ સુચવે છે. આવા જ ચિન્હો જે ભગવદ્ ચરણારવિંદમાં છે. ત્યાં જ લક્ષ્મીજી સદા સ્થિતિ કરી રહ્યા છે. આવા ચરણને શરણે આવેલા દૈવી જીવને કદાપિ અન્યથા ભાવ થતો નથી.

[પ્રશ્ન ;- પ્રભુનો સાક્ષાત્ સંબંધ હોય ત્યારે આપના ચરણનો સાક્ષાત્ સંબંધ રહે અને ઉપરોક્ત ચિન્હોમાં કહેલું કાર્ય સિદ્ધ થાય. પરન્તુ ભૌતિક દશાવાળા જીવને પ્રભુનો સાક્ષાત્ સંબંધ નહિ હોવાથી તેવા જીવમાં ચરણનો સંબંધ કેમ ઘટે ?

ઉત્તર :- ચરણનું કાર્ય ગતિ કરવાનું છે. સેવા સ્મરણ ગુણગાન ઇત્યાદિ સાધનો દ્વારા પ્રભુ સન્મુખ રહેવું. પ્રભુ સન્મુખ ગતિ કરવી તેનું નામ ચરણનો સંબંધ છે. ઉપરોક્ત સાધનોમાં પ્રભુના ભાવાત્મક સ્વરૂપનો સંબંધ રહી આવતો હોવાથી આપના ચરણનો પણ ભાવાત્મક પ્રકારે સંબંધ રહી આવે છે.]

(સુ. ૧-૧૬-૩૩/૩૪)

॥ શ્રીકૃષ્ણઃ ॥

વ્રજ તત્ત્વ

લેખક : **શ્રી વી. એમ. શર્મા (વલ્લભી) ઇંગોરાળા (ભાડ)**

[ભારત વર્ષમાં વ્રજ ભૂમિનું મહત્ત્વ અનોખું છે. તેની દિવ્યતાનું ભાવવાહી પ્રતિપાદન શ્રુતિ સંમત વિદ્વતા પૂર્ણ રીતે લેખકશ્રીએ પ્રસ્તુત લેખમાં દિગ્દર્શન કરાવેલ છે. જે જિજ્ઞાસુને ગમશે. સંપાદક]

શ્રીઆનંદકંદ વ્રજચંદ પૂર્ણ પુરૂષોત્તમ કૃષ્ણની જન્મ ભૂમિ તથા ક્રીડાસ્થલી (લીલા સ્થલી) વ્રજ ભૂમિનું માહાત્મ્ય અથવા વ્રજ તત્ત્વ શું છે તે સમજવું, જાણવું અગર વર્ણન કરવું એટલું જ મુશ્કેલ છે જેટલું મર્યાદા પુરૂષોત્તમ રામના ભક્તો માટે ગોસ્વામી શ્રીતુલસીદાસજીએ લખ્યું છે "રામ ન શકે હિ નામ ગુણ ગાઇ" તથા શ્રીમદ્‌ભાગવતમાં શ્રીકૃષ્ણ તત્ત્વ વિષે લખ્યું છે કે "કૃષ્ણ પરમકિમપિ તત્ત્વમ્ અહમ્ ન જાનામિ" વેદો પણ જે બ્રહ્મ વિષે "નેતિ નેતિ કહિ વેદ પુકારે" તે પૂર્ણ બ્રહ્મ શ્રીકૃષ્ણ આ વ્રજ ભૂમિની રેણુકામા (રજમાં) રમણ કરતા ખિલખતાં ખિલખતાં વ્રજની યાદ કરીને ઉદ્ધવજીને કહે છે "ભૈયા મોહિ બ્રજ બિસરત નાહિં" અર્થાત્ વ્રજરજમાં રમણ કરવાના આનંદ સામે મથુરાના રાજ ભવનોના સુખો પણ તુચ્છ લાગે છે તથા એવા વ્રજ જેની રજ આરોગવામાં શ્રીકૃષ્ણને છપ્પન ભોગતો શું પણ તેને પરમ પ્રિય માખણ મિશ્રી પણ તુચ્છ લાગે છે તે ભૂમિની મહિમાનું વર્ણન તો શું પણ તેની રજ માત્રના મહત્ત્વનું વર્ણન કરવા આ તુચ્છની સામર્થ્ય નથી તેથી જ "વ્રજસ્ય કિમપિ મહત્ત્વમ્ અહમ્ ન જાનામિ" પણ "મતિ અનુસાર નામ ગુણ ગાવા" ઉક્તિ પ્રમાણે વ્રજચંદના વ્રજ મંડલની વંદના કરૂં છું.

વ્રજ શબ્દ વ્યાપ્તિ (બોધક) સુચક છે વ્યાપનં કરવાથી આ ભૂમિનું નામ વ્રજ પડયું છે. વ્રજ ઇશ્વર પ્રાપ્ત કરવાની ભૂમિ છે. વાસ્તવમાં 'વ્રજન્તિ અસ્મિન જનાઃ શ્રીકૃષ્ણ પ્રાપ્ત્યર્થ મિતિ" વ્રજ એટલે આવું સ્થલ જેમાં પ્રાણીઓ (જીવો) શ્રીકૃષ્ણ પરમાત્માનો સાક્ષાત્ કરવા અર્થાત્ પરમાત્મા સાથે યોગ કરવા જાય છે.

વ્રજભૂમિ સામાન્ય ભૂમિ નથી તેના જેવું ભૂષણ વિશ્વભંરમાં કયાંય નથી. ગીતાની ઘોષણા "યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત" ને સાચી પાડવા દેવતાઓની વિનંતિથી જયારે વિષ્ણુ ભગવાને અવતાંર લેવાની ઇચ્છા કરી તથા રાધાજીને પણ સાથે લીલા પૂર્ણ કરવા અવતાર લેવા વિનંતી કરી, તો રાધાજીએ કહ્યું હે, પ્રિયતમ ! ધરાતલના સમસ્ત વિસ્તારમાં અમારા ગોલોક ધામ જેવા માનસરોવર, ચંદ્રસરોવર, માનગીગંગા ગિરિરાજ તથા વૃંદાવન જેવાં રમણ કરવા યોગ્ય રમણીય સ્થળો નથી. તેથી હું આવીશ નહિ.

વિષ્ણુભગવાનની આજ્ઞાથી તથા રાધાજીની ઈચ્છાથી ગોલોક ધામ શ્રી રાધાકૃષ્ણની ક્રીડાસ્થલી બનવા ભૂતલ ઉપર આવેલ છે. તે જ ગોલોકધામજે માથુર મંડલ ચોરાસી કોશમાં વસેલું છે. વારાહ પુરાણમા વ્રજમંડલનો વિસ્તાર એંસી ગાઉ કહ્યો છે. "વિશન્તિર્યોજનાનાં ચ માથુર મમ મંડલમ્" આ પ્રમાણે એંસી ગાઉનું વ્રજ અને ચાર ગાઉનું મથુરા બન્ને થઇ ચોરાસી ગાઉમાં વ્રજ વસેલું છે. માથુર મંડલ એટલે કે વ્રજ શ્રીકૃષ્ણને બહુજ પ્રિય છે. તેઓ કહે છે કે, "ન વિદ્યતે ચ પાતાલે ન અંતરિક્ષે ન માનુષે, સમત્વં મથુરાયા હિ પ્રિયે મમ વસુંધરે" અર્થાત્ મનુષ્ય લોક અંતરિક્ષ કે પાતાલમાં કોઇ પણ સ્થલ માથુર મંડલ જેવું પ્રિય મને નથી.

સમસ્ત સૃષ્ટિની ત્રણ અવસ્થાઓ છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય. આ ત્રણેય અવસ્થાથી જે પરે હોય જેના પર કોઈ અવસ્થાઓનો કંઈ પણ પ્રભાવ પડતો ન હોય તે સદા સર્વદા સનાતન વસ્તુ કહેવાય છે. તેનું ઉદાહરણ આપણો વૈદિક ધર્મ તથા વ્રજભૂમિ છે. વૈદિક ધર્મનો કોઇ પણ કાળે આદિ, અંત તથા પ્રારંભ નથી. વ્રજના પ્રમાણ સ્વરૂપ જ્યારે હિરણાક્ષ દૈત્ય પૃથ્વીને પાતાળમાં લઈ ગયો ત્યારે બ્રહ્માજીએ વિષ્ણુભગવાનને વિનંતી કરી છે અને ભગવાનને તેમની વિનંતિથી વારાહ ભગવાનનો અવતાર ધારણ કરી તે દૈત્યનો નાશ કર્યો તથા પૃથ્વીને પાતાળથી બહાર લાવ્યા. ત્યારે પૃથ્વીએ ચારે બાજુ પાણી પાણી જોઈને ભગવાનને પ્રશ્ન પૂછયો, હે પ્રભો ! મને બહાર લાવ્યા તો ખરા પણ મૂકશો કયાં ? અહીં તો સર્વત્ર જળ જ દેખાય છે. વારાહ ભગવાને કહ્યું, જ્યાં વૃક્ષો જોઇશ ત્યાં તમને મૂકીશ. આવું ભગવાનનું વચન સાંભળી પૃથ્વીના મનમાં અહં જાગ્યો અને પુછી ઉઠયા કે, પ્રભો ! આશ્ચર્ય છે કે સમસ્ત વૃક્ષો ગિરિકંદરાઓ, વનો મારા પર સ્થિત છે. અર્થાત્ મારી સ્થિતિ વગર વૃક્ષોની સ્થિતિ (અસ્તિત્વ) કેમ સંભવી શકે ? ભગવાન ભકતના અહંને તોડી પાડે છે. એટલે પૃથ્વીને પોતાના ચરણના તળીયાના દર્શન કરવા પ્રેરણા કરી. એક ચતુર્થાંશ ભાગમાં જ પોતે સમાય શકે તેવો આકાર પૃથ્વીએ જોયો. પૃથ્વીના અહંનો નાશ થયો. એટલામાં સામે પૃથ્વીને વૃક્ષો દૃષ્ટિએ પડે છે અને આશ્ચર્ય ચકિત થઇ પૂછે છે, હે પ્રભો ! આ વૃક્ષો દેખાય છે તે કેવા વૃક્ષો છે? ભગવાને જવાબ આપ્યો, આ મારૂં ગોલોક ધામ છે. તેનો કોઇ પણ કાળે અંત આવતો નથી. આ વ્રજ મંડલ તે જ ગોલોક ધામ છે. શ્રી ભગવાને સ્વમુખે કહ્યું છે" અહો ! ન જાનંતિ નરાઃ દુરાસયા પૂરિમહિયાં પરમાં સનાતનિમ્, સુરેન્દ્ર, નાગેન્દ્ર, મુનિન્દ્ર, સંસ્તુત્ય મનોરમાં તાં મથુરા પરા કૃતિમ્, અર્થાત્ આ મથુરા ભૂમિ જેની સ્તુતિ સુરેન્દ્ર, નાગેન્દ્ર, મુનિન્દ્રો દ્વારા કરવામાં આવી છે તે ભુમિને આ દુષ્ટ મનુષ્યો જાણતા નથી.

ભારતમાં અનેક યાત્રા ધામો છે. દરેક ધામની યાત્રાનું ફળ જુદું જુદું છે. પણ વ્રજ ભૂમિનો મહિમા સૌથી અનોખો અને અનેરો

છે આ ભૂમિ દેવોની પણ તીર્થ ભૂમિ છે. તીર્થોનું પણ તીર્થ છે. શંખાસુર દૈત્યનો નાશ કરી જયારે મત્સ્ય ભગવાનને પ્રયાગમાં સ્નાન કરી શ્રમ દૂર કર્યો અને પ્રયાગને સમસ્ત તીર્થોના રાજા 'પ્રયાગ રાજ' તરીકે અભિષેક કર્યો છે. ત્યારે ભૂમંડળના સમસ્ત તીર્થો ભેટ લઈ પ્રયાગરાજને અભિનંદન પાઠવવા તથા સન્માનિત કરવા આવ્યા છે. તે સમયે દેવઋષિ નારદજી પણ ત્યાં પધાર્યા છે. અને અભિનંદન પાઠવીને બોલ્યા કે હે તીર્થરાજ, આપ તીર્થરાજ કેવા છો? કે ભૂમંડલના તીર્થો આપને આપના અભિષેક સમયે અભિનંદન પાઠવવા પણ ન આવે! પ્રયાંગરાજે પૂછયું, આપનું તાત્પર્ય શું છે? નારદજીએ કહ્યું કે વ્રજ મંડલના કોઇ પણ તીર્થ આપની મુલાકાતે આવેલ નથી. આતો આપનું અપમાન દેખાય આવે છે! આ સાંભળી પ્રયાગરાજના હૃદયમાં અહં જાગ્યો અને તેનું કારણ પૂછવા વૈકુંઠ ધામમાં વિષ્ણુ ભગવાન પાસે ગયા છે. વિષ્ણુ ભગવાનને વિનંતી કરી પ્રયાગરાજે પ્રશ્ન કર્યો કે હે દીનબંધુ! આપે મને સમસ્ત તીર્થોનો રાજા બનાવ્યો છે પણ સમસ્ત તીર્થ મને અભિનંદન પાઠવવા આવ્યા છે. પણ આ વ્રજના એક પણ તીર્થ મારી મુલાકાતે આવેલ નહિ, તે તો મારૂં અપમાન છે. આપે મને કયા તીર્થરાજ બનાવ્યો? વ્રજ મંડલે મારૂં અપમાન કર્યું છે.

શ્રીહરિ પ્રયાગરાજની અહંથી ગ્રસિત ભાષા જાણી ગયા. અને મધુર મધુર હાસ્ય કરતા કહ્યું કે તીર્થરાજ! તમારી વાત સાચી છે. મેં તમને તીર્થોના રાજા બનાવ્યા અને સમસ્ત પૃથ્વી પરના તીર્થોના આપ રાજા છો. પણ મેં તમને મારી જન્મ ભૂમિ જે મારા માટે પણ તીર્થ તથા સમસ્ત દેવતાઓનું તીર્થ સ્થળ છે તે ગોલોક ધામનો રાજા તને બનાવ્યો નથી. આ રીતે પ્રયાગરાજ વંદના કરીને વ્રજ યાત્રા કરી પ્રયાગમાં પધાર્યા આ રીતે વ્રજ મંડલ તીર્થોનું પણ તીર્થ છે તેના મહિમાની સામે અન્ય તીર્થોની મહિમા પંક્તિમાં પણ ન આવી શકે તેમ છે. જ્યાં તેત્રીસ કોટિના દેવો હંમેશાં વાસ કરે છે.

(ક્રમશઃ)

આ માસના ઉત્સવ

મહા વદ ૪ તા. ૯–૨–૮૫ શનિ. શ્રી રણછોડજી (ડાકોર) નો પાટોત્સવ. પાંચમનો ક્ષય હોવાથી આજે.

મહા વદ ૭ તા. ૧૧–૨–૮૫ સોમ. શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા)

મહા વદ ૧૧ તા. ૧૫–૨–૮૫ શુક્ર. વિજયા એકાદશી વ્રત.

મહા વદ ૧૪ તા. ૧૮–૨–૮૫ સોમ. મહાશિશાત્રિ અજગર શરીરધારી સુદર્શન વિદ્યાધરની મુક્તિ.

મહા વદ અમાસ તા. ૧૯–૨–૮૫ મંગળ. દ્વાપરયુગા દ્વિતિથિ.

ફાગણ શુદ ૬ તા. ૨૬–૨–૮૫ મંગળ. શ્રી લલિત ત્રિભંગીજી (વેરાવળ)નો પાટોત્સવ ત્યાં આજથી બગીચા.

ફાગણ શુદ ૭ તા. ૨૭–૨–૮૫ બુધ. શ્રી મથુરેશજી (કોટા) નો પાટોત્સવ.

ફાગણ શુદ ૯ તા. ૧–૩–૮૫ શુક્ર. બગીચા નોમ. નેકનો બગીચો. શ્રી ટિકૈતના શૃંગારનો પ્રારંભ.

ફાગણ સુદ ૧૧ તા. ૩–૩–૮૫ રવિ. આમલકી (કુંજ) એકાદશી વ્રત.

ફાગણ સુદ ૧૩ તા. ૫–૩–૮૫ મંગળ. બગીચા તેરસ. હોલીકા ઉત્સવ.

ફાગણ સુદ ૧૪ તા. ૬–૩–૮૫ બુધ. હોલી પ્રદીપન સાંજે ૮ વાગ્યા પછી.

ફાગણ સુદ ૧૫ તા. ૭–૩–૮૫ ગુરુ. મન્વાદિ તિથિ. શ્રી ચૈતન્ય મહાપ્રભુ જયંતિ (સં. ૧૪૦૭)

॥ શ્રી હરિરાય કૃત ॥

॥ જન્મ વૈફલ્ય નિરુપણાષ્ટકમ્ ॥

કવિત

આશ્રય ન લીનો એક વલ્લભકે ચરણન કો
સુબોધિની ન દેખી નહિ રાધાપતિ ધ્યાયો હૈ ।
હરિકો ન નામ લિયો અર્પિકે સકલ વસ્તુ
કૃષ્ણકી ન સેવા ન લીલા ગુણ ગાયો હૈ ।
દીનતા ન લાયો ચિત્ત વિરહ ભાવ લીન વ્હે
કૃષ્ણકો ન આશ્રય લે પ્રેમ ના બઢાયો હૈ ।
માનવકો દેહ પાય કછુબ ન કીનો ‘સત્ય’
ભૂતલમેં જન્મ લેય વૃથા હી ગમાયો હૈ ।

(૨)

વાર્તા ના શ્રવણ કરી સાધુ કી ન પરિચર્યા
ગોવિન્દ ન ગાયો નહિ કૃષ્ણરુપ ભાયો હૈ ।
પર્યો રહ્યો દુષ્ટ સંગ ભક્તિરસ ચાખ્યો નહિ
પુષ્ટિઓ દૈન્યભાવ મનમેં નહિ લાયો હૈ ।
ધર્મ માર્ગ મનોગતિ ભકિત ઓ વિરાગ નહિ
સ્વામી રસ વિરહ ના પૂરણ નિભાયો હૈ ।
માનવકો દેહ પાય કછુબ ન કીનો ‘સત્ય’
ભૂતલમેં જન્મ લેય વૃથા હી ગમાયો હૈ ।

—બાગરોદી બલદેવ શર્મા ‘સત્ય’

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક: દેવર્ષિ શ્રી રામનાથ શાસ્ત્રીજી
અનુવાદક: શ્રી ધીરજરામ શાસ્ત્રીજી

દ્વિતીય ભાગ

કુલ દેવ સ્મરણમ્ ।

દીપમન્ધતમસચ્છિદે સુધા-
સાન્દ્રસૂક્તિ રચના અમૃતામ્બુધિમ્ ।
ઇંદિરા કુલ ગૃહં ભજે અનિશં-
દિવ્યવાજીવદનાં ઘ્રિપંકજમ્ ॥૧॥

અર્થ–પ્રગાઢ અંધકારને નાશ કરવામાં દીપ સ્વરૂપ, તથા અમૃતમય સૂક્તિરચના (કાવ્ય અથવા કવિતા) ના સુધાસાગર તથા શ્રીનિકેતન એવા દિવ્ય હયગ્રીવ પ્રભુના ચરણ કમલને હું નિત્ય ભજું છું.

આચાર્યચિંતનમ ।

યત્પ્રસાદકણમંતરા જનો
નૈકમક્ષરમપીક્ષિતું ક્ષમઃ ।
ચંપકાનનભવં ચિરં ભજે
વલ્લભં કમપિ દિવ્યભાસ્કરમ્ ॥૨॥

જેમનાં કૃપા કણો વગર મનુષ્ય એક અક્ષર પણ જોઇ શકતો નથી, એવા ચંપારણ્યમાં પ્રગટ થયેલાં અલૌકિક, દિવ્ય, સૂર્યસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યચરણને હું સદા સેવું છું.

ગુરૂ સ્મરણમ ।

દિવ્યવાઙમયગુણાશ્રિતં શ્રયે
પૂરૂષોત્તમ કૃપાલવોડુપમ ।
સંપ્રદાયગુરૂતત્ત્વપયોનિધિં
યત્તિતીર્ષુર ગુણો અસ્મિ દુસ્તરમ્ ॥૩॥

દિવ્ય વાઙમય ગુણોથી યુકત શ્રીપુરૂષોષોત્તમ ગુરૂચરણના કૃપાલવરૂપ ઉડુપ (હોડકા) નો આશ્રય લઉં છું, જેનાં સામર્થ્યથી દુસ્તર સંપ્રદાયના વિશાલ તત્વસાગરને કોઇ પણ ગુણ વગરનો હું તરી જવાને ઇચ્છું છું.

ગ્રંથારંભ

ધ્યેયં ધિયામવિષયં પૃથુકં પુરાણ-
મેકં યમસ્તકલુષં પુરુષાયમાહુઃ ।
જન્માનિ બિભ્રતમજં શુચિમભ્રનીલં
ગોપાઙ્ગનાંકકમલં તમનન્તમીડે ॥૪॥

જે કાર્યોની આદિ મધ્ય તથા અંતમાં મંગલ કરવામાં આવે છે તે કાર્યો સંપૂર્ણ થાય છે. મંગલાદીનિ, મંગલમધ્યાનિ મંગલાન્તાનિ કર્માણિ પ્રથન્તે- આ શાસ્ત્ર મુજબ ગુરૂસ્મરણું મંગલ કરી પ્રથમ ભાગ સમાપ્ત કર્યો. હવે દ્વિતીય ભાગના પ્રારંભમાં ગ્રંથકર્તા 'ધ્યેયં ધિયાં' આ શ્લોકથી પોતાને અભીષ્ટ શ્રીબાલકૃષ્ણરૂપ વસ્તુનો નિર્દેશ કરે છે, 'ધ્યેયમિતિ' અર્થાત્ જે બાલકૃષ્ણને વેદાદિશાસ્ત્રો અન્ય સાધારણ જીવની બુદ્ધિથી દુર્ગમ અને ભકતોને નિરંતર ધ્યાન કરવા યોગ્ય તથા સર્વ દોષોથી રહિત અને અનેક અચિંત્ય, માયા વિગેરે શક્તિઓથી યુક્ત તથા અજન્મા અને અનેક અવતારોને ધારણ કરનાર તથા મેઘની માફક શ્યામસ્વરૂપ અને શુભ્ર કહે છે. તે દેશકાલાદિથી અપરિચ્છિન્ન (ન માપી શકાય) એવા શ્રી યશોદાના ખોળામાં ખેલ કરતા પુરાણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણને હું મારી સ્તુતિનું લક્ષ્ય બનાવું છું. આ શ્લોકમાં વસંતતિલકા છંદ છે (ઉકતા વસંતતિલકા તભજા જગૌ ગઃ – ત SS। –મS ॥ જ । S । જ । S । આટલા ગણો તથા બે ગુરૂ જેમાં હોય તેને વસંતતિલકા છંદ કહે છે.)

અને વિરોધભાસ અલંકાર છે. જ્યાં વિરોધ જેવું લાગતુ હોય પણ વસ્તુતઃ વિરોધ નહિ હોય તેને વિરોધાભાસ અલંકાર કહે છે. લક્ષણ પ્ર. ભા. ૨ પત્ર અહિં બધાજ વિશેષણોમાં તે ઝલકી ઊઠે છે. જેમકે જે બુદ્ધિમાં ન આવી શકે તેનું ધ્યાન શી રીતે થઇ શકે, અને જે નિર્દોષ છે તે માયીક કેમ કહેવાય તથા જે સ્વયં અજન્મા છે 'તે જન્મ લે છે એમ કેમ કહેવાય, અને શ્યામ છે તે શુભ્ર પણ કયાંથી હોઇ શકે ? આવી રીતે જે બાળક છે તે પુરાણ કેમ કહેવાય, અને જે અનંત છે તે કોઇની ગોદમાં જ કેવી રીતે સમાઇ શકે ? પરંતુ 'કશ્ચિતધીર પ્રત્યનાત્માનમૈક્ષત્' પરાસ્યશકિતર્વિવિધૈવ, શ્રુયતે 'પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા' 'સર્વકામઃ સર્વરસઃ 'અણોરણીયાન્ મહતો મહીયાન્ ઇત્યાદિ વચનોથી તેને ધ્યેય, શકિતમાન્, અવતાર ધારણ કરવાવાળો, નાનાથી નાનો અને મોટાથી મોટો કહ્યો

છે, માટે જ શ્લોકમાં કોઈપણ પ્રકારનો વિરોધ નથી, ખરી રીતે તો સ 'સર્વં ભવતિ' 'અપાણિપાદો જવનો ગ્રહીતા' સર્વધર્મોપપત્તેશ્ચ 'ઇત્યાદિ 'શ્રુતિ, સૂત્રોથી એ સ્પષ્ટ થાય છે કે 'પરમાત્મા સર્વધર્મ યુક્ત છે,' બીજું એવી એક રીત છે કે જ્યાં બધાંય ધર્મો રહેતા હોય ત્યાં અવશ્ય વિરૂદ્ધ ધર્મો પણ રહે છે. માટે જ પરબ્રહ્મ પણ વિરૂદ્ધ સર્વેધર્મોથી યુક્ત છે. એથી પણ શ્લોકમાં કોઇપણ જાતનો વિરોધ નથી રહેતો. દુનિયામાં એક બીજાથી વિરૂદ્ધ દેખાતા ધર્મોનું પણ ત્યાં ઐક્ય છે.

જે ધર્મો પ્રકૃતિ સાથે સંબંધ રાખે છે તે બધા પ્રાકૃત ધર્મો છે, અને તેમાંજ વિરોધ હોઇ શકે છે પરંતુ જે અપ્રાકૃત છે, અર્થાત્ અલૌકિક છે; સ્વરૂપાત્મક છે તેમાં વિરોધની ગંધ સુધ્ધાં નથી હોતી.

ભૂમિરાપોઅનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ ।
અહંકાર ઇતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા ।
અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્ ।
જીવરૂપા મહાબાહો યયેદ ધાર્યતે જગત્ ।

। શ્રીમદ્ ભગવદ્ગીતાપનીષંત ।

પંચમહાભૂત, મન, બુદ્ધિ, અહંકાર તથા લિંગ દેહ યુકત ચેતન, (જીવ) આ નવ પ્રકારની બ્રહ્મની પ્રકૃત્તિ છે, જો કે સત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણોની સામ્યાવસ્થાને જ પ્રકૃતિ કહે છે, છતાં પણ આ પચમહાભૂતાદિ તે વિશિષ્ટ પ્રકૃતિનુંજ કાર્ય છે, અને કાર્ય કારણનો અભેદ સ્વીકારી આ પંચ મહાભૂતાદિને પ્રકૃતિ શબ્દથી પણ કહ્યા છે. આ પ્રકૃતિ સાથે સંબંધ ધરાવનાર જેટલાં કોઈ ધર્મો છે તે બધાંજ પ્રાકૃતિક પ્રાકૃત, અથવા લૌકિક કહેવાય છે પરંતુ બ્રહ્મમાં તો બધાંજ ધર્મો અલૌકિક છે.

બ્રહ્મની અનેક શકિતઓ છે. તેઓમાં શ્રિયા પુષ્ટયા ગિરા કાન્ત્યા કીર્ત્યા તુષ્ટ્યે લયો. જંયા । વિદ્યયાઅવિદ્યયા શકત્વા માયયા ચ નિષેવિતમ્ ।। મુખ્ય બાર છે. તે બાર શકિતઓમાં પ્રકૃતિ પણ બ્રહ્મનીજ શકિત છે અને શકિત તથા શકિતમાનનો અભેદ છે, એ અમે પૂર્વ ભાગમાં જ સમજાવી આવ્યા છીએ. જેમ તેજઃ પ્રકાશયોર્ભેદો ન તેજસ્ત્વાદ્યથા તથા । બ્રહ્મણઃ શકિતધર્માણાં બ્રહ્મત્વેન ભિદા નહિ ।। પ્રકાશ અને સૂર્યમાં વાસ્તવ અભેદ છે; પરંતુ સૂર્યરૂપ

(ક્રમશઃ)

શ્રી વલ્લભ સુધાના સદસ્યોને વિનંતિ

શ્રી વલ્લભ સુધાનું નવું એપ્રીલ' ૮૫ થી શરૂ થાય છે. આપનું લવાજમ રૂ. ૧૦ નિચે લખ્યા સેવાભાવી કાર્યકરો પાસે ભરીને અગર સીધું કાર્યાલયને મોકલાવીને સ્વમાર્ગિય સાહિત્ય પ્રકાશનના કાર્યમાં સહકાર આપવા વિનંતિ.

૧. શ્રી અશોકકુમાર ગોરધનદાસ માંડલીયા
C/o. ઝવેરી એન્ડ કું. રતનપોળને નાકે,
ગાંધી રોડ, **અમદાવાદ–૧**
૨. શ્રી જયન્તીલાલ શાન્તીલાલ પડીયા
મેડીપ લેબોરેટરી, ૪૦૪ સ્પેકટ્રમ ફ્રોમ.
સેન્ટર, સલાપસ રોડ, **અમદાવાદ**
૩. શ્રી દામોદરભાઈ પી. શુકલ
ડી.–૩૧, સેન્ટ્રલ ગવર્નમેન્ટ સ્ટાફ કવાટર્સ
મેમનગર રોડ, નારણપુરા, **અમદાવાદ**
૪. શ્રી મનસુખલાલ બેચરભાઇ ગજેરા
જવાહર રોડ, **ઉપલેટા**
૫. શ્રી દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા
રેલ્વે સ્ટેશન પાસે, **ધોરાજી**
૬. સોની હરજીવનભાઇ બેચરભાઈ આડેસરા
મુરલીધર મેડીકલ સ્ટોર, **ધ્રોલ**
૭. શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિતમાતાના મંદિર સામે, **ધ્રાંગધ્રા**
૮. શ્રી હરકીશનદાસ જમનાદાસ સોની
બજાર ચોક, **જામકંડોરણા**
૯. શ્રી નગીનદાસ પ્રેમચંદભાઇ
૫૬, દિગ્વીજય પ્લોટ, **જામનગર**
૧૦. શ્રી ચરણદાસજી તથા શ્રી વિઠ્ઠલદાસજી મરજાદી
મું. **નવાગામ** તા. કાલાવડ શિતલા
૧૧. શ્રી અમૃતલાલ સુંદરજી હીંડોચા
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ, **જુનાગઢ**
૧૨. શ્રી હરેન્દ્રભાઈ રમણલાલ શેઠ
'સુન્દરમ્' ૬૯૩, ગુજરાતી વાડ, **દાહોદ**
૧૩. શ્રી કીરીટભાઇ સી. દોશી
પારેખ શેરી, **મોરબી**
૧૪. શ્રી ભનુભાઈ (વલ્લભદાસભાઇ) પોપટ
કોટેચા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ,
કડીયા પ્લોટ, **પોરબંદર**
૧૫. આં. રા. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય
જી–૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, **મુંબઇ–૧**
૧૬. શ્રી વી. સી. જસાણી
'તેજમહાલ' બ્લોક સી–૧,
એસ. વી. રોડ, પોલીસ સ્ટેશન પાછળ,
બોરીવલી વેસ્ટ, **મુંબઇ–૯૨**
૧૭. શ્રી ભોગીલાલ રમણલાલ શાહ પાર્લાવાળા
૮૭, બજાજ રોડ, મથુરા ભુવન, ૧લે માળે,
વિલેપારલે (પશ્ચિમ), **મુંબઇ–૫૬**
૧૮. શ્રી અરવીંદભાઈ પારપાણી
૩૨–એ, ખોખાણીલેન ઘાટકોપર, **મુંબઈ–૭૭**
૧૯. શ્રી મુલજીભાઇ એલ. ભાટીયા
૧૨/૩ બી, ગ્રોવલેન, **કકલત્તા–૨૬**
૨૦. શ્રી કાન્તીલાલ વી. પાવાગઢી
દરબાર ગઢ, **વઢવાણ સીટી**
૨૧. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર, **વાંકાનેર**
૨૨. શ્રી રમણીકલાલ મેઘજીભાઈ બાબરીયા
વાયા ઉપલેટા, મું. **સમઢીયાળા**
૨૩. સોની ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ
રાયજાદા શેરી, **ગોંડલ**
૨૪. શ્રી વિઠ્ઠલદાસભાઈ શાહ
દ્વારકેશ હાર્ડવેર માર્ટ, **છોટા ઉદેપુર** (વડોદરા)
૨૫. શ્રી પ્રવિણચંદ્ર કસ્તુરચંદ કંસારા
કંસારા બજાર, **રાજકોટ**
૨૬. શ્રી રમણીકલાલ કપુરચંદ ધોળકીઆ
સાતસ્વરૂપ હવેલી, પરાબજાર, **રાજકોટ**
૨૭. શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે, **રાજકોટ**
૨૮. નવીનભાઈ હીરાલાલ કરથીયા
કંસારા બજાર, **રાજકોટ**
૨૯. શ્રી ગોરધનદાસ વેલજીભાઇ શનિશ્ચરા
૪, કૈલાશ વાડી, લલીત કુંજ, **રાજકોટ**
૩૦. શ્રી હેમતભાઈ બી. ત્રાંબડીયા
શ્રીકૃષ્ણ ટ્રેડર્સ, ૪, વૈશાલીનગર, **રાજકોટ**

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212

'ઓ શ્રીનાથજી! પ્રિયતમ પરમ તમે'

(રાગ : ઓ શ્રીનાથજી આવજો તમે)

ઓ શ્રીનાથજી! પ્રિયતમ પરમ તમે, સૌથી મહાન તો પ્રેમ આપનો,
મહાશક્તિ છો તમે, મહાશાન્તિ છો તમે, આનંદ પરમ છો આપ જગમહીં,
દ્યો શક્તિ ભક્તિની, દ્યો શાન્તિ મનમહીં, દ્યો એક મુજને આનંદ-કણ તમે–ઓ શ્રીનાથજી

રચ્યાપચ્યા અમે નિજ સ્વાર્થમાં રહ્યા, પરમાર્થની કરી ન કોઇ ખેવના,
હે પૂર્ણતમ પ્રભુ! અધૂરાંને અછકલાં છલકયાં અમે અરે અભિમાનથી ખરે,
પલ પલ પ્રતારીએ નિજને અમે અહીં, નિજ નાથની કરી ન કોઈ સેવના–ઓ શ્રીનાથજી

મહાપ્રભુ શ્રી વલ્લભે અમ જીવનદીપની શરણમંત્રથી સંકોરી વાટને,
'તણખા અમે છીએ તુજ આત્મજ્યોતથી વિખૂટા પડેલ રે શ્રીનાથ! મૂળ તો'
ભૂલ્યા એ ભાન રે! તુજ વિરહ વિસ્મરી, સભાન તો કર્યા આચાર્ય વલ્લભે–ઓ શ્રીનાથજી

મહાપ્રભુજીએ અનાથને કર્યા સનાથ જોડીને શ્રીનાથથી ખરે,
નામમંત્રથી ને ગદ્યમંત્રથી સૃષ્ટિને કરી શ્રીનાથમુગ્ધ રે,
વિનવીએ વિભુ શ્રીનાથજી અમે રક્ષજો સદા અમ પુષ્ટિભાવને–ઓ શ્રીનાથજી

કરુણાનિધાન હે! શ્રીનાથ ઇશ હે! કરુણા કરી તમે જગના જીવો પરે;
શ્રી લ્લભનામથી વૈશ્વાનરરૂપે પ્રકટયા ભૂતલ પરે 'પ્રભુ! થૈ' મહાપ્રભુ!!
અસાર સૃષ્ટિ તો પુષ્ટિ સૃષ્ટિ થૈ, કૃતાર્થ રે થયા જગના જીવો ખરે–ઓ શ્રીનાથજી

–પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

ગો. શ્રી મટુલાલજી મહારાજના વચનામૃત

પ્રભુને કપટ ભાવ ગમતો નથી

આ સર્વે વસ્તુ પ્રભુની ઉપજાવેલ છે પણ તેનો માલિક આ જીવ થઈને બેઠો છે. તેથી કરીને પ્રભુ પ્રસન્ન થતાં નથી. તું વિચાર કર, કે જ્યારે તું આવ્યો છે ત્યારે એકલોજ આવ્યો હતો અને જઈશ ત્યારે પણ એકલોજ જઈશ. તારી સાથે કોઇ પણ આવશે નહી. તો પછી તારો ધણી કોણ થશે? માટે તેં જેને પોતાનું માન્યું છે તે સર્વે ભગવાનને અર્પણ કર તો પ્રભુ પ્રસન્ન થશે. કેમ કે આપણો આત્મા ભગવાનને સોંપીએ ને જે પદાર્થ આપણી પાસે હોય તે સોંપીયે ત્યારે કામ થાય. વળી સ્વભાવ પણ શીતલ રાખવો તો પ્રભુજીને ગમે. એમ જાણીને પ્રભુથી કપટ રાખવું નહી. કેમકે પ્રભુને કપટ ભાવ ગમતો નથી. પ્રભુને તો શુદ્ધભાવ ગમે છે. બોલવું સાચું ને આચરવું ખોટું તેથી કંઈ પ્રભુ પ્રસન્ન થતા નથી.

⁂

વર્ષ ૨ : અંક ૧૨ ◆ માર્ચ ૧૯૮૪
શ્રી વલ્લભાબ્દ ૫૦૫

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રી વલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦, ૦૦૧

–: ગ્રાહકોને વિનતિ :–

શ્રી વલ્લભ સુધાનું નવુવર્ષ તા. પહેલી એપ્રીલ ૮૪થી શરૂ થાય છે આપનું નવાવર્ષનું લવાજમા નિચે લખ્યા સેવા ભાવિ કાર્યકરો પાસે ભરીને અગર સીધુ કાર્યાલયને મોકલાવી સ્વમાર્ગિય સાહિત્ય પ્રકાશનના કાર્યમાં સહકાર આપવા વિનતિ.

૧. શ્રી અશોકકુમાર ગોરધનદાસ માંડલીયા
C/o ઝવેરી એન્ડ કું. રતનપોળનાકે
ગાંધી રોડ, **અમદાવાદ-૧**

૨. શ્રી જયન્તીલાલ શાન્તીલાલ પડીયા
મેડીપ લેબોરેટરી ૪૦૪ સ્પેકટ્રમ
કોમર્સીયલ સેન્ટર સલાપસ રોડ, **અમદાવાદ**

૩. શ્રી મનસુખલાલ મોતીલાલ (રાજકોટવાળા)
મોતી ચોહટા **ઉદયપુર** (રાજસ્થાન)

૪. શ્રી મનસુખલાલ બેચરભાઈ ગજેરા
જવાહર રોડ, **ઉપલેટા**

૫. શ્રી દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા
રેલ્વે સ્ટેશન પાસે, **ધોરાજી**

૬. શ્રી હરજીવનદાસ બેચરભાઈ સોની
બસ સ્ટેશન પાસે, **ધ્રોલ**

૭. શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિતમાતાના મંદિર સામે, **ધ્રાંગધ્રા**

૮. શ્રી હરકીશનદાસ જમનાદાસ સોની
બજાર ચોક, **જામકંડોરણા**

૯. ઠા. જયન્તીલાલ રામજીભાઈ
વાસણના વેપારી, **જામકલ્યાણપુર**

૧૦. શ્રી નગીનદાસ પ્રેમચંદભાઈ
પ૬, દિગ્વીજય પ્લોટ **જામનગર**

૧૧. ડો. શ્રી ધીરૂભાઈ શાહ
બક્ષી નિવાસ, એમ. જી. રોડ, **જુનાગઢ**

૧૨. શ્રી ચરણદાસજી તથા શ્રી વિઠ્ઠલદાસજી મરજાદિ
મુ. **નવાગામ** તા. કાલાવડ શિતલા

૧૩. શ્રી હરેન્દ્રભાઈ રમણલાલ શેઠ
"સુન્દરમ્" ૬૯૩ ગુજરાતીવાડ **દાહોદ**

૧૪. શ્રી અશ્વીનભાઈ લાલજીભાઈ કંસારા
લાતિ પ્લોટ, **મોરબી**

૧૫. શ્રી કીરીટભાઈ સી. દોશી
પારેખ શેરી, **મોરબી**

૧૬. શ્રી ભનુભાઈ [વલ્લભદાસભાઈ) પોપટ
કોટેચા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ કડીયા પ્લોટ **પોરબંદર**

૧૭. આં. સ. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય
જી-૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ **મુંબઇ-૧**

૧૮. શ્રી વી. સી. જસાણી
'તેજમહાલ' બ્લોક સી-૧ એસ. વિ. રોડ
પોલીસ સ્ટેશન પાછળ બોરીવલી વેસ્ટ **મુંબઇ**

૧૯. શ્રી ભોગીલાલ રમણભાઈ પાર્લાવાળા
૮૭, બજાજ રોડ મથુરાભુવન ૧લે માળે
વીલેપારલે (પશ્ચિમ) **મુંબઇ-૫૬**

૨૦. શ્રી અરવિંદભાઈ પારપાણી
૩૨, એ ખોખાણી લેન ઘાટકોપર **મુંબઇ-૭૭**

૨૧. શ્રી મુલજીભાઈ એલ. ભાટીયા
૧૨/૩ બી. ગ્રોવલેન **કલકત્તા-૨૬**

૨૨. શ્રી કાન્તીલાલ વી. પાવાગઢી
દરબારગઢ **વઢવાણસીટી**

૨૩. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ
કંસારા બજાર, **વાંકાનેર**

૨૪. શ્રી રમણીકલાલ મેઘજીભાઈ બાબરીયા
વાયા ઉપલેટાં મુ. **સમઢીયાળા**

૨૫. શ્રી ભાસ્કરભાઈ સોની
રાયજાદા શેરી **ગોંડલ**

૨૬. શ્રી વિઠ્ઠલદાસ શાહ
દ્વારકેશ હાર્ડવેર માર્ટ **છોટાઉદેપુર** (વડોદરા)

૨૭. શ્રી પ્રવિણચંદ્ર કસ્તુરચંદ કંસારા
કંસારા બજાર, **રાજકોટ**

૨૮. શ્રી રમણીકલાલ કપુરચંદ ધોળકીઆ
સાત સ્વરૂપ હવેલી **રાજકોટ**

૨૯. શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે **રાજકોટ**

૩૦. શ્રી નવિનભાઈ હીરાલાલ કરથીયા
કંસારા બજાર **રાજકોટ**

૩૧. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્રારા
૪, કૈલાસ વાડી લલીત કુંજ **રાજકોટ**

૩૨. શ્રી ભૂપેન્દ્રભાઈ બી. ધાબલીયા
બોમ્બે સ્ટીલ એમ્પોરીયમ
૪, કડીયા નવલાઈન ધર્મેન્દ્ર રોડ **રાજકોટ.**

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* શ્રી મગનભાઈ લા. તન્ના
બી. એ. (ઓનર્સ), કોવિદ
* શ્રી રવજીભાઇ પ. પટેલ

❋

વર્ષ ૨ : અંક ૧૨
માર્ચ, ૯૮૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડૉલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડૉલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય,
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

નમ્ર નિવેદન

આ અંક સાથે 'શ્રીવલ્લભ સુધા' નું દ્વિતીય વર્ષ પૂરું થાય છે. આવતા અંકથી તૃતીય વર્ષના પ્રકાશનનો પ્રારંભ થશે. પૂ. પા. શ્રી રણછોડાચાર્યજી મહારાજ 'શ્રીપ્રથમેશજી'ની મંગલ પ્રેરણાથી 'શ્રીવલ્લસુધા'નું પ્રકાશન કાર્ય પ્રારંભાયું અને આપશ્રીની પરમ કૃપાથી અમોને યત્કિંચિત્ ટહેલ કરવાની તક મળી, તે અમારા માટે ખૂબ જ આનંદનો વિષય છે. વાસ્તવમાં અમારા ઉપર આ વિશેષ કૃપા જ થઈ છે, એમ અમે માનીએ છીએ. આ પ્રાપ્ત થયેલ અસીમ કૃપા દ્વારા અમો બધા કાર્યકરોને તથા આપ સર્વે વાચકવૃંદોને આ મિષે અરસપરસ મળવાની તથા સ્વસિદ્ધાંતોનું નિયમિત વાચન મનન આદિ કરીને સંપાદનકાર્ય અને પ્રકાશનકાર્ય દ્વારા પરમ કૃપાળુનું સ્મરણ અને રટણ કરવાનો અલભ્ય લાભ પ્રાપ્ત થયો છે.

અનેક પૂ. પા. ગો. આચાર્યશ્રીઓએ તથા સ્વમાર્ગીય સિદ્ધાંતના જ્ઞાતા વિદ્વજ્જનોએ તેમ જ પરમ ભગદીય વૈષ્ણવોએ પોતાના અલૌકિક લેખો વગેરે દ્વારા ઉત્તમ સહયોગ આપ્યો છે, તેથી જ 'શ્રીવલ્લભ સુધા' આપ સહુના સ્નેહનું પાત્ર બની રહેલ છે.

વીતેલા સમય દરમિયાન શ્રીવલ્લભસુધાના સેવાભાવી કાર્યકરોએ વિશેષ પરિશ્રમ લઈને 'શ્રીવલ્લભ સુધા'ને ઘેરઘેર પહોંચાડવામાં તેમ જ પ્રચારકાર્યમાં અમૂલ્ય સહયોગ આપ્યો છે, તે આ નામસેવાની ટહેલમાં ઘણો જ ઉત્તમ પુરવાર થયો છે. તેમ જ વ્યવસ્થાકાર્યમાં પણ સેવાભાવી વૈષ્ણવ ભાઈઓએ સરનામાં કરવાનુ તથા અંકો રવાના કરવા માટે પેકિંગ આદિ કરવાનું કાર્ય નિયમિત અને અને નિઃસ્વાર્થભાવે કરેલ છે, તે ઘણું જ ઉપકારક નીવડયું છે. એ જ પ્રમાણે પ્રિન્ટિંગ પ્રેસના તથા બાઈડિંગ કાર્યના કર્મચારીઓનો સહયોગ ભગવત્પ્રેરણાથી ખૂબ જ અનુકૂળ રહ્યો છે, જેથી પ્રકાશન નિયમિત-સમયસર કરવામાં ઘણી જ મદદ મળી રહી છે. અમારી અભિલાષા એવી છે કે, 'વલ્લભ સુધા'નું હાલના કરતાં ચાર-પાંચગણું વિતરણ વૈષ્ણવોમાં થાય, તેમ જ વધુ ને વધુ

વધુ માટે જુઓ પાનુ ૧૧

સ્વસિદ્ધાન્ત પ્રબોધક ગ્રંથ

રચયિતા : **નિ. લી. ગો. શ્રી રમણલાલજી મહારાજ (મથુરા)**

અનુવાદ : **પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)**

[રાજકોટના ગો. વા. ગગુબાપા મરજાદિના સંગ્રહમાં બિરાજતાં પ્રાચિન હસ્તલિખીત પુસ્તકમાં મથુરાવાળા નિ. લી. ગો. શ્રી રમણલાલજી મહારાજ કૃત 'સ્વસિદ્ધાન્ત પ્રબોધક' ગ્રંથની સં. ૧૯૬૮ ની પ્રત વ્રજભાષાનાં ઉપલબ્ધ થતાં તે પ્રકટ કરવા પૂ. પા. શ્રી રસિકરાયજી મહારાજશ્રી મથુરા-પોરબંદર વાળાને વિનતી કરતાં આપશ્રીએ અત્યંત કૃપા કરી તે ગ્રંથનો સરળ સુંદર ગુજરાતી અનુવાદ ખૂબજ પરિશ્રમ લઈ સત્વર તૈયાર કરી શ્રીવલ્લભ સુધા દ્વારા પ્રકટ કરવા આજ્ઞા આપી, શ્રીવલ્લભ સુધાના સંપાદક તથા વાચકવૃન્દ પર ખૂબ અનુગ્રહ કર્યો છે. આ ગ્રંથ ત્રણ કે ચાર અંકે પુર્ણ થશે. માટે જીજ્ઞાસુ વૈષ્ણવો બધા અંકોનો અચૂક સંગ્રહ કરે અને નવા વર્ષના સત્વરે ગ્રાહક બને તેવી નમ્ર વિનંતિ.-સંપાદક]

શ્રીકૃષ્ણાય નમઃ। શ્રીગોપીજન વલ્લભાયનમઃ।
શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ।

નત્વા શ્રી વલ્લભાચાર્યં ।
નૌમી શ્રીવિઠ્ઠલેશ પ્રભુમ્ ॥
તતઃ શ્રીવલ્લભં સ્તૌમિ ।
ગ્રંથસંપૂર્તિં સિદ્ધયે ॥૧॥

હવે શ્રી રમણલાલજી મહારાજ કૃત સ્વસિદ્ધાન્ત પ્રબોધનામક ગ્રંથ લખિયે છીએ. ચોરાશી કોશ વ્રજમંડલ તેમા મુખ્ય જે મથુરાનગર તેમાં સ્થિત જે ગો. શ્રી પુરૂષોત્તમાત્મજ ગો. શ્રી રમણલાલજીએ શ્રીમત-પ્રભુચરણોની કૃપાને લીધેજ શ્રુતિ, ગીતા, વ્યાસસૂત્ર શ્રીમદ ભાગવતાદિ પુરાણ સ્મૃતિ નિબંધ વિદ્વન્મંડન પ્રભૃતિ સ્વમાર્ગીયષોડશ ગ્રંથ આદિનો મુખ્ય સાર સંગ્રહ તેમનુ સારી રીતે અવલોકન કરીને અજ્ઞાની જે સાધારણ જીવ છે તેને જ્ઞાન થાય તે માટે અને અન્યથાજ્ઞાની જે ભ્રાંત છે તેના સંદેહ નિવારણાર્થ તથા જ્ઞાની પુરુષનું મન પ્રસન્ન કરવા માટે તથા પોતાની વાણી વિલાસથી પોતાના ચિત્તમાં સંતોષ થાય એ માટે મહદ્-ભકતોના અનુગ્રહથી જ પુષ્ટિમાર્ગીય સ્વ સિદ્ધાંતનો વિશેષ બોધ થાય એ માટે સ્વસિધ્ધાંત પ્રબોધ નામનો આ ગ્રથ રચ્યો છે. હવે પ્રથમ સેવ્યસ્વરૂપ વિષયે વર્ણન કરે છે કે પ્રથમ આજીવ એ જગત્માં સૃષ્ટિના આદિમાં આવિર્ભાવ થયો ત્યારથી જ આ અહંતા-મમતારૂપ જે સંસાર અવિદ્યા તેમાં બંધાયો છે. અપરિમિત સમય સુધી ભટકતો રહ્યો. હરિ ઇચ્છાથી ચોરાસી લાખ યોનિ ભોગવ્યા બાદ આ મનુષ્ય દેહ પ્રાપ્ત થયો છે. તથા મનુષ્ય દેહથી પણ અનેક જન્મો જીવનાં થયા છે તેમાં જન્મ સંબધી જે માતાના ગર્ભવાસાદિક, ત્રાસ તથા મરણ સંબંધી સર્પયા વીંછીના કરડવાથી જે દુઃખ થાય તેવા દુઃખો અનેક જન્મોથી ભોગવે છે. આ બધું દુઃખ શા માટે ભોગવવું પડે છે ? તેનો ઉત્તર છે કે તેને ભગવત્સ્વરૂપનું જ્ઞાન નથીથયું તેથી

દુઃખ ભાગવે છે. તેથી સંસારરૂપી સમુદ્ર તરવાને યોગ્ય જે મનુષ્ય દેહ દૃઢ નૌકા રૂપ છે. આવા આવા મનુષ્ય દેહને પ્રાપ્ત કરીને જે કોઇ આ સંસાર સાગરને તરતો નથી તે પોતાના આત્માનો નાશ પોતે કરે છે. જો કદાચિત ભગ્વાનના અનુગ્રહથી તેને ભગવત્સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય ત્યારે શ્રવણ કીર્તન વંદનાદિ ભકિત દ્વારા તે સર્વ દુઃખોથી છુટે છે. અને પરમાનંદરૂપ ભગવદ્ સ્વરૂપની પ્રાપ્તિ ભગવદ ધામના વિષયમાં નિશ્ચીંતતા હોય તેમને માટે આ ગ્રંથમાં પ્રશમ શ્રીકૃષ્ણ ભગવત્સ્વરૂપનું વર્ણન કરિયે છિયે.

“ભગવદ્‌સ્વરૂપ વર્ણન”

શ્રીમદચાર્ય ચરણે વેદ પુરાણ ભાગવત આદિ

ભગવત્શાસ્ત્રોનું મથન કરીને જે સર્વના મૂલ, સર્વોત્કૃષ્ટ (સર્વથી શ્રેષ્ઠ) પુર્ણ બ્રહ્મ વ્રજેશ સુત શ્રીકૃષ્ણ રસાત્મક સ્વરૂપ પ્રતિપાદન કરીને વર્ણન કરે છે તેમાંથી થોડા વચનોનો ભાવાર્થ લખિયે છીયે હવે અહીં શ્રુતિ તથા શ્લોક જે સંસ્કૃત ભાષામાં છે. જે જાણી જોઇને અહીં નથી પ્રસ્તૂત કર્યા કારણકે સસ્કૃત ભાષા દરેકના સમજવામાં ન આવે તેથી બધાને સમજવું સરળ પડે એ માટે ભાષામાં (વાર્તા) (વ્રજભાષા) આગ્રંથ લખ્યો છે. છતાં આના એક એક અક્ષરનો ભાવાર્થ છે તે વેદ, ગીતા, ભાગવત તથા સ્વમાર્ગીય ગ્રંથોને અનુસાર લખ્યા છે. આમાં જેને જે પદમાં જે શબ્દમાં તથા ભાવાર્થમાં સંદેહ થાય કે આ વાકયો કઇ શ્રુતિમાં લખ્યા છે ? કયા પુરાણનો આધાર છે ? એવો સંદેહ થાય તો અમને અવશ્ય પુછે નિશ્ચિત્ત થઇ ને. અમે શ્રુતિ, સ્મૃતિ, ગીતા, ભાગવતદિ તથા સ્વમાર્ગીય ગ્રંથોના પણ પ્રમાણ આપીશું. જેમ આ પુસ્તક ભાષામાં લખ્યું છે તેમજ સંસ્કૃતમં પણ છપાવ્યું છે. જેને મૂળ સંસ્કૃત ગ્રંથ જોવો હોય તે લખે અમે અવશ્ય મોકલશુ (ઉપરનું વિધાન મૂલ ગ્રંથમાં છે પરંતુ હાલમાં મૂલ વ્રજ ભાષા કે સંસ્કૃત ના અસલ પુસ્તકો ઉપલબ્ધ નથી–સં)

હવે પ્રથમ આપણાં ઈષ્ટ દેવ નિત્ય–સેવ્ય સ્વરૂપનું તિઓ વડે વર્ણન કરીયે છીએ. શ્રુતિ=‘નિશ્ચય જ પુર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ રસ રૂપ છે.’ એ રસને પ્રાપ્ત કરીને જીવ આનંદ મય થાય છે. ‘બીજી શ્રુતિમાં કહ્યું છે કે જે રસાત્મક શ્રીકૃષ્ણનું મન સહિત વાણી પ્રતિ પાદન કરે છે.’ ત્રીજી શ્રુતિ ‘પરમાનંદ શ્રીકૃષ્ણ અનિષ્ટ રહિત નિર્દોષ છે.’

ચોથું શ્રુતિવાકય= ‘પુર્ણ બ્રહ્મ શ્રીકૃષ્ણ આનંદ સ્વરૂપ છે, તેને જે જાણે છે તે સર્વત્ર (નિર્ભય છે) કોઇ સ્થાને ડરે નહી” પાંચમું શ્રુતિવાકય= “એ રસાત્મક શ્રી કૃષ્ણદિવ્ય છે પ્રાકૃત (લૌકિક) આકારથી રહિત છે તથા અપ્રાકૃત પુરુષાકાર છે. અંદર બાહર એકજ રસ રૂપે છે અજન્મા છે લૌકિકવત મન–પ્રાણ આદિથી રહિત છે. શુદ્ધ છે અને અક્ષરબ્રહ્મથી પરતર છે. અત્યન્ત પર છે.” છઠુ શ્રુતિવાકય “પુર્ણ પુરુષોત્તમ પ્રાકૃત ગુણ સંગથી રહિત છે.” સાતમુ= “લીલાજગત્ સૃષ્ટિ પુર્ણ છે એ પુર્ણત્તા ને સાથે રાખીને પરિણામેં એજ એક પુર્ણ છે” આઠમુ શ્રુતિ વાકય= સંસ્કૃતમાં કૃષ ધાતુ નો અર્થ સત્તા છે સત્ય છે કૃષ્ણ આ બન્ને શબ્દો મળવાથી કૃષ્ણ શબ્દ સિદ્ધ

થાય છે તે પરબ્રહ્મ વાચક છે. તેથી શ્રી કૃષ્ણ સચ્ચિદાનંદ છે." નવમુ શ્રુતિવાક્ય= "અને ગોપ જેવો વેશ ધારણ કર્યો છે જેણે દશમુશ્રુતિવાક્ય= "કૃષ્ણ જ પરમ ઈષ્ટ છે" હવે ગીતાજીના શ્લોકોનાં અર્થ લખિયે છીએ "આ અક્ષરાત્મક જે સંપુર્ણ જગત્ છે તે આધિભૌતિક રૂપ છે. અને અક્ષર બ્રહ્મ આધ્યાત્મિક રૂપ છે. અને જે પુર્ણ પુરુષ શ્રીકૃષ્ણ છે તે આધિદૈવિક મૂલ સ્વરૂપ છે." "આદિપુરુષ શ્રીકૃષ્ણ જે સર્વથાં પર છે અત્યંત શ્રેષ્ઠ છે આ સ્વરૂપની પ્રાપ્તિ અન્ય સાધનોથી ન થાય. કેવળ અનન્ય ભકિતથી આ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે." અને "જેનું ચિત્ત અન્ય વિષયમાં ચલાયમાન થતું નથી એવા સ્થિર ચિત્ત પુર્વક અનન્ય ભકિતયોગનો અભ્યાસ કરીનેજ ભકત દિવ્ય જે પરમ પુરુષ ભગવાન શ્રીકૃષ્ણ નંદનંદન છે તેમને પ્રાપ્ત કરે છે." "પ્રભુ શ્રીકૃષ્ણ નંદનંદન સંપુર્ણ જગતના રક્ષક છે. અને એજ ગતિ (રૂપ) પણ છે. બધાંના સાક્ષી છે, અને જે કોઇ તેમનામાં પ્રીતિ કરે તેના શરણનું નિવાસસ્થાન છે. હવે શ્રીમદ્ ભાગવતના વાકયોનો અર્થ લખીએ છીએ. 'જે અવતારો થયાં છે તે જે પ્રસિદ્ધ પુરુષોત્તમ છે તેના કોઇ અંશ છે, કોઇ આવેશ છે, કોઇ કલા છે, કોઇ વિભૂતિ છે અને શ્રી કૃષ્ણ તો રસાત્મક પુર્ણ પુરુષોત્તમ છે તે તો સ્વયં સાક્ષાત્ અગણિતાનંદ પરમાનંદ મૂલસ્વરૂપ અત્યંત પરિપુર્ણ પુષ્ટિ પ્રભુ છે. હવે આ સ્વયં ભગવાન પરિપુર્ણ શ્રી કૃષ્ણ છે તેમનો પ્રાદુર્ભાવ કયાં થયો એ કહીયે છિયેં દશમસ્કંધના પાંચમાં અધ્યાયમાં શ્રી શુકદેવજીએ કહ્યું છે કે "નંદરાયજીના આત્મા જે અતઃકરણ તેમાંથી પ્રાદુર્ભૂત થયાં એવા પુર્ણ બ્રહ્મ શ્રી કૃષ્ણ છે આવા આત્મજ નો પ્રાદુર્ભાવ તેને સાંભળીને મોટૂં થયેલું જેનું મન છે એવા નંદરાયજી જેમને અત્યંત આહ્લાદ, આનંદ પ્રાપ્ત થયો છે. શ્રી સુબોધિનીજીમાં પણ આ ભાવનાની આજ્ઞા શ્રી વલ્લભ કરે છે. "જેને વેદ, પુરાણ પુર્ણ પુરુષોત્તમ કહે છે તે તો નંદગૃહે પુત્રરૂપમાં પ્રગટયા છે." અને શ્રી શુકદેવજીએ શ્રીમદ્ ભાગવતમાં અન્ય સ્થળે પણ વર્ણન કર્યું છે કે "દેહધારી જે કોઈ સ્વકીય આપનાં સ્નેહી અનન્ય ભકત છે તેમને જેમ ગોપિકા જે શ્રી યશોદાજી તેમના સુત(પુત્ર) જે ભગવાન શ્રીકૃષ્ણ સુખ સેવ્ય છે. પરમાનંદ પ્રદાતા છે. તેવા બ્રહ્મ જ્ઞાનીને અથવા જે કોઈ પંડિતાઇનું અભિમાન રાખે કે હું વિદ્વાન છું તેમના માટે સુખથી સેવ્ય નથી તેમને એ સુખ પણ નથીઆપતા, વિશેષ પણ વર્ણન કરે છે નંદ ગોપના વ્રજમાં જે રહેવાવાળા વ્રજવાસી છે તેમના આશ્ચર્ય યુકત મહાભાગ્ય છે કે સનાતન પૂર્ણ પરમાનંદ સ્વરૂપ શ્રી કૃષ્ણ (પરબ્રહ્મ) તેમના મિત્ર છે, સખા છે, તેથી આ વ્રજવાસી બડભાગી છે.

હવે વ્યાસજીના સૂત્રોનો ભાવ કહિયે છીએ. "આનંદમય જે શ્રી કૃષ્ણ નંદ નંદન છે તે ભકિતના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. અને કૈવલ શ્રી કૃષ્ણ નિર્વિકાર અને પ્રાકૃત ગુણોથી રહિત છે.

અને નિબંધ (તત્વાર્થદીપ નિબંધ) માં પણ કહ્યું છે કે જે સંસારથી મુકત થવા ચાહે છે તે બધાંને આદિમૂર્તિ શ્રી કૃષ્ણ (નંદનંદન) એંજ સેવ્ય છે (માટે) તેમનીજ સેવા કરે.

અને ભાષ્યની સમાપ્તિમાં જે વચન છે તેનો ભાવાર્થ “શ્રી યશોદાજીના સુત જે પુર્ણ રસાત્મક શ્રી કૃષ્ણ છે. શ્રી યશોદાજીની ગોદમાં જેમને લાડ લડાવ્યા છે એ એક જ રૂપને પરમ તત્વ જાણો. આ સિવાય **અન્ય કોઇપણ તત્વને પરમતત્વ કોઇ કહે તે અસુર છે,**

હવે નારદ પંચરાત્રમાં દોષ રહિત પુર્ણ ગુણથી યુકત છે. સ્વતંત્ર છે. જડ શરીરના ગુણોથી રહિત આનંદરૂપ હસ્ત, ચરણ, મુખ ઉદર આદિ સર્વાંગ જેના છે. (એવા શ્રી કૃષ્ણ છે) હવે આ સ્વરૂપની સેવા, સ્મરણ, ચિંતન, શ્રીમદાચાર્યે ષોડશ ગ્રંથાદિમાં બતાવ્યા એ વિષય પર લખિએ છીએ કે “આપણા પરમ પ્રિય પરમાનંદ શ્રીકૃષ્ણ છે તેમના વિષે દઢતા નિશ્ચયે કરીને રાખવી અને ભગવાન પોતે જ ફલરૂપ છે તેથી સર્વ પ્રકારે શ્રી કૃષ્ણને જ શરણે જવું. જે યથાર્થ વિચાર કરીને જુવે છે જે સર્વ દોષ વર્જીત એક શ્રી કૃષ્ણ જ પરમ ઇષ્ટ છે. એમનાથી પર કોઇ પદાર્થ નથી. તેથી પ્રભુએ આપણને જે શકિત આપી હોય (જેટલી શકિત આપી હોય) અથવા સામર્થ્ય (શકિત) ન આપી હોય તો પણ સર્વ અર્થ રૂપ હરિ શ્રી કૃષ્ણનંદ નંદન તેને જ શરણે જવુ કેમકે અન્ય જે દેવતાઓ છે તે પ્રકૃતિના, સત્વ. રજ, તમાદિના સબંધવાળા છે અને અક્ષરબ્રહ્મ ગણનાનંદ અહીં સુધીજ (ઉપનિષદ)માં આનંદની ગણના છે. જેમ સો બ્રહ્માજીના આનંદ એકત્રિત કરીયે ત્યારે એક અક્ષર બ્રહ્મનો આનંદ છે. અહીં સુધીજ આનંદની ગણના થઇ તેથી પુર્ણાનંદ હરિ, શ્રીકૃષ્ણ, શ્રી ગોવર્ધનનાથજીજ છે. એ સ્વરૂપજ પ્રાપ્ત થવા યોગ્ય છે. તેથી સર્વ કાલમાં સર્વાત્મક જે અનન્યભાવ વાત્સલ્યથી વ્રજાધિપતિ જે ભજનિય છે, નામ સેવા કરવા યોગ્ય છે. આપણો જો મુખ્યધર્મ છે તો એ જ છે કે આ સ્વરૂપ વિના જે કાંઇ અન્ય છે તે સર્વથા ભજનિય નથી જો પોતાના દેશમાં અથવા પોતાના કુલમાં આ સેવા સિવાય અતિરીકત (જૂદો) ઉલટો પ્રકાર જોવામાં આવે તો પણ એ પરંપરાને છોડીને અને આ જ વ્રજધીશ છે તેનું સેવન મુખ્ય છે તેથી વ્યાવૃત્તિ રહિત થઇને શ્રીકૃષ્ણભજન કરે અથવા વ્યાવૃત્તિમા પણ હરિમાં ચિત્ત રાખે આ પ્રમાણે સેવા કરતાં કરતાં જયારે શ્રીકૃષ્ણ શ્રી ગોવર્ધનનાથજીમાં વ્યસન થાય એ (સ્વરૂપ) વિનાક્ષણમાત્ર પણ ન રહી શકાય ત્યારે જીવકૃતાર્થ થાય છે.

શિક્ષાપાત્રમાં પણ આજ્ઞા કરી છે “નંદ નંદન સ્વયં ભગવાન પુર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ રસ જે રસરૂપ આનંદમય લીલા કરે છે. અને દેત્યોને મારીને પૃથ્વીના ભારનું હરણ આદિ કાર્ય તો કલારૂપ જે પ્રદ્યુમન, અનિરૂદ્ધ, સંકર્ષણ, વાસુદેવ વ્યૂહ આદિ દ્વારાં કાર્ય કરાવે છે. અને મૂલસ્વરૂપ શ્રીકૃષ્ણના એ સ્વરૂપમાં જે અંશાદિકના કાર્યની કલ્પના (ભાવના) કરે છે તે તો અજ્ઞ છે, મૂર્ખ છે, યથાર્થસ્વરૂપના જ્ઞાનથી રહિત છે ઇંત્યાદિ અનેક વાકયો છે. અને રસરૂપ શ્રીકૃષ્ણ સદા આધિદૈવિક વ્રજધામમાંજ અનન્ય ભકતો સહિત અખંડ નિત્ય રસરૂપ આનંદમય લીલા કરે છે. આ પ્રમાણે જે નથી જાણતા તે અજ્ઞાની છે. અન્યથા જ્ઞાનવાળા પણ છે. જેથી યથાર્થ જ્ઞાન અને અન્યથા જ્ઞાનના ફલમાં

પણ ભેદ છે, જે શ્રુતિમાં કહયો છે. જે પુરુષ વિદ્યમાન પ્રત્યક્ષ દેખાય તેને (યથાર્થ સ્વરૂપે ન જોતાં) વિપરીત જૂદી રીતે માને તો એ પુરુષ (વ્યકિત) દ્વારા આરંભ કરાયેલો સર્વ પુરુષાર્થ વારંવાર વ્યભિચારને પ્રાપ્ત કરે છે. અર્થાત્ યથાર્થ ફલની પ્રાપ્તિ થતી નથી તેથી અન્યથા ભાવના કરવી દોષરૂપ છે. નંદનંદન પ્રભુશ્રીકૃષ્ણજ આપણા માટે સેવા–સ્મરણ આદિ નવ પ્રકારની ભકિત (નવધા ભકિત) માટે યોગ્ય છે. પરમ ઈષ્ટ દેવ છે અને જે અંશ આદિ ભગવદ અવતાર છે તે બધાંને ભાગવતમાં જે સ્વરૂપે કહયા છે એ પ્રમાણેજ જાણવા અંશાવતારને અંશરૂપ, કલા અવતારને કલારૂપ આવેશને આવેશમાત્ર વિભૂતિને વિભૂતિરૂપ આ રીતે મૂલસ્વરૂપ કરતાં જૂદા છે. હવે પુર્વે જે સ્વરૂપનુ પ્રતિપાદન કર્યું એ શ્રીકૃષ્ણ હવે આ (કલી) કાલમાં શ્રી ગિરિરાજજીમાંથી સ્વેચ્છા થી દૈવી જીવોના ઉધ્ધારાર્થ શ્રી ગોવર્ધનધરણ શ્રીનાથજીના સ્વરૂપનો પ્રાદુર્ભાવ થયો તેમનેજ સાક્ષાત મૂળ સ્વરૂપ શ્રીકૃષ્ણરસાત્મક જાણીને અનન્યતાપુર્વક અત્યંત આગ્રહપુર્વક વન્દન સ્મરણ સેવા કરે છે, આપણા પરમ ઇષ્ટદેવ, પરમ ફલરૂપ જાણીએ છીએ પુષ્ટિમાર્ગમાં મૂલદેવદ્વાર શ્રીજીદ્વાર છે શ્રીમદાચાર્ય ચરણ, શ્રીપ્રભુચરણ, ગોસ્વામી મહાપુરુષો દ્વારા સેવ્ય છે તેથી પુષ્ટિમાર્ગીય ભકતોને માટે સદા સ્મરણ કરવા યોગ્ય આજ શ્રી ગોવર્ધનનાથજી જેઓ ભકત મનોરથ પુર્ણાર્થ પોતાના આત્મરૂપ જે ગોકુલમાંસ્થિત શ્રીનાથજી ચતુર્ભુજ સ્વરૂપને આદિમાં રાખીને ૧. શ્રી નવનિતપ્રિયજી ૨. શ્રી મથુરેશજી ૩. શ્રી વિઠ્ઠલેશજી ૪. શ્રી દ્વારિકાધીશજી ૫. શ્રી ચંદ્રમાજી ૬. શ્રી બાલકૃષ્ણજી ૭. શ્રી મદનમોહનજી આ આઠેય સ્વરૂપ લીલાને માટે પ્રકટ કર્યા છે. શ્રીમદ્ભાગવત પરની ટીકા શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે કે સોળ વ્રજભકતો માં શ્રીકૃષ્ણ આઠ સ્વરૂપ ધારણ કરે છે. તે આઠે સ્વરૂપ સાક્ષાત્ શ્રીકૃષ્ણજ છે. અને જે શ્રીમદા ચાર્ય ચરણ શ્રી મત્પ્રભુચરણ શ્રી ગુંસાઇજી તથા મહાનુભાવોએ સેવ્ય કરીને જે અનેક ભગવદ્રુપ ચોરાસીવૈષ્ણવ બસોબાવન વૈષ્ણવો ને પુષ્ટિમાર્ગીય સેવા કરવાંને સ્વરૂપ પધરાવ્ય તો બધા જ. સાક્ષાત રસરૂપ પરબ્રહ્મ નંદનંદન ભગવાન શ્રીકૃષ્ણ જ છે. તેમાં શ્રી ભાગવતનું પ્રમાણ છે કે જેટલાં ભગવદ્ભકતો છે તેટલાંજ સ્વરૂપનો પ્રાદુર્ભાવ કરીને મનોરથ પૂર્ણ કરે છે. વસ્તુતઃ પરિણામે તો એ બધા સ્વરૂપ એક જ છે. તથાપિ જુદા જુદા ભકતોના ભાવાનુંસાર અલગ અલગ સ્વરૂપે દર્શન આપે છે. પરંતુ એકજ છે. અપરાધ નિર્ણય ગ્રંથમાં કહ્યું છે કે શ્રી મદાચાર્ય ચરણ, શ્રી પ્રભુચરણ મહાપુરુષ દ્વારા સેવ્ય પુષ્ટિમાર્ગીયસ્વરૂપમાં ભેદ બુદ્ધિ કરવી મોટો અપરાધ છે. તેથી આપણે શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઇજી દ્વારા સેવ્ય દરેક સ્વરૂપને એકજ જાણીયેછિએ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ પુષ્ટિ સ્વરૂપ શ્રી નંદનદન શ્રીકૃષ્ણ જ છે એમ જાણી ને દર્શન, નમન, સ્મરણ, સેવા કરીયે છિયે આ સિવાય અન્યથા રીતે કરવું તો પરમ અપરાધ છે.

(ક્રમશઃ)

શ્રીમદ્ ભગવદ્ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોતમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક :– પ. ભ. શ્રી મગનભાઇ તન્ના
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૧૪મો)

અધ્યાય ત્રીજો

અર્જુન ઉવાચ—

જ્યાયસી ચેત્કર્મણસ્તે મતા બુદ્ધિર્જનાર્દન ।
તત્ કિં કર્મણિ ઘોરે માં નિયોજયસિ કેશવ ।૧।

હે જનાર્દન, કર્મથી બુદ્ધિ વધારે ચડિયાતી છે, એમ જો આપની માન્યતા હોય તો, હે કેશવ, ઘોર કર્મમાં મને શા માટે પ્રવૃત્ત કરો છો ? ।।૧।।

યોગ, સાંખ્ય, બ્રહ્મભાવ, કર્મ વગેરે સંબંધે ગત અધ્યાયમાં કહેવાયું છે. અર્જુન ભક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો છે. તે પ્રશ્ન દ્વારા પોતાનો સંશય શ્રીકૃષ્ણને પુછે છે. (તેના જવાબ રૂપે) આ અધ્યાયમાં કર્મનું વર્ણન છે.

એ પ્રમાણે આગળના અધ્યાયમાં ભગવાને કર્મ કરતાં બુદ્ધિયોગનું શ્રેષ્ઠત્વ કહ્યું, એવા કર્મના ઉપદેશનો શો હેતુ છે; એવી શંકા થવાથી અર્જુન 'જ્યાયસી ચેત્' વગેરે શબ્દોથી પુછે છે.

હે જનાર્દન, કર્મ કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે એમ જો આપને માન્ય હોય તો મને ઘોર કર્મમાં એટલે કે જે ન કરવાથી દોષ લાગે તેવા કર્મમાં અથવા થોડુક પણ ઉલ્લંઘન થતાં વ્યર્થ જાય તેવા કર્મમાં શા માટે પ્રવૃત્ત કરો છો ?

હે કેશવ, એવા સંબોધનથી દુષ્ટ ગુણોવાળાને પણ મોક્ષ આપનાર છે, અને કર્મ કરાવીને પણ મોક્ષ આપવાનું જો તું ઇચ્છતો હો તો તેમ કરવું પણ યોગ્ય છે, એવો ભાવ દર્શાવ્યો છે. ।।૧।।

વ્યામિશ્રેણેવ વાક્યેન બુદ્ધિં મોહયવસીવ મે ।
તદેકં વદ નિશ્ચિત્ય યેન શ્રેયોઽહમાપ્નુયામ્ ।।૨।।

સંદિગ્ધ હોય તેમ કહેવાથી આપ જાણે કે મારી બુદ્ધિને ભ્રમમાં નાખો છો, તેથી નિશ્ચય કરીને આપ એકને જ કહો, જેથી હું શ્રેય ને પામું. ।।૨।।

વળી, સ્પષ્ટ ન સમજાવાને કારણે મારી બુદ્ધિ મૂઝાઇ ગઇ છે. તેથી જેવી રીતે હું આપને પામું તેવી રીતે સ્પષ્ટાથી આપ આજ્ઞા કરો. એમ 'વ્યામિશ્રેણ ઇવ' વગેરે શબ્દોથી કહે છે.

સંદિગ્ધ વાક્યોથી ક્યારેક આપ કર્મની પ્રશંસા કરો છો તો ક્યારેક જ્ઞાનને વખાણો છો. એ પ્રકારે સંદેહ ઉત્પન્ન થાય તેવાં વાક્યો વડે આપ જાણે કે મારી બુદ્ધિને મોહમાં નાખો છો. ભગવાનનું વાક્ય તો શંકાશીલ હોતું નથી, પરંતુ જીવથી સમજાતું નથી, તેથી 'ઇવ' (જાણે કે) એવા શબ્દથી દર્શાવ્યું છે. 'મોહયસિ' (આપ મોહમાં નાખો છો), એમાં પણ 'ઈવ' એવા પદથી ભગવાનની સમીપમાં મોહ થવો અનુચિત છે, એમ દર્શાવ્યું છે. તેથી જેવી રીતે મારી બુદ્ધિ મોહને ત્યજે,

તે પ્રમાણે એક શ્રેયરૂપ એટલે કે કલ્યાણરૂપ, ભક્તિ પ્રગટે તેવું વાક્ય નક્કી કરીને, મારા ઉપર કૃપા કરીને કહો, જેથી હું આપને પ્રાપ્ત કરું, એમ અર્થ છે.

પ્રથમ કહેવાયેલા સંદિગ્ધ વાક્યમાં એક પણ શ્રેયરૂપ નથી, કારણ કે તે ભ્રમમાં નાખનારું છે. ભગવાનને પ્રાપ્ત કરાવે એવું સર્વથા શ્રેય એક માત્ર ભક્તિથી જ છે. આથી જ શ્રીમદ્ ભાગવતમાં 'તસ્માન્મદ્ભક્તિયુક્તસ્ય' થી આરંભીને 'શ્રેયોભવેદિહ' સુધીમાં બધું શ્રેય રૂપ નથી, ('તેથી મારી ભક્તિમાં જોડાયેલ અને મારા આત્મસ્વરપ યોગીનુ શ્રેય આ લોકમાં મારી ભક્તિથી જ છે, તેમને મોટે ભાગે જ્ઞાન અને વૈરાગ્યની આવશ્યકતા નથી. ભાગ. ૧૧-૨૦-૩૧) એમ કહ્યું છે. આથી પ્રથમ કહેવાયુ છે તેમાં 'એક નિર્ણય કરીને મને કહો' એમ કહેવું ઉચિત નથી. ॥૨॥

શ્રી ભગવાનુવાચ–

લોકેઽસ્મિન્દ્વિવિધા નિષ્ઠા પુરા પ્રોક્તા મયાનઘ ।
જ્ઞાનયોગેન સાંખ્યાનાં કર્મયોગેન યોગિનામ્ ॥૩॥

શ્રીભગવાને કહ્યું, હે નિષ્પાપ અર્જુન, આ લોકમાં બે પ્રકારની નિષ્ઠા–જ્ઞાનયોગથી સાંખ્યયોગીઓની અને કર્મયોગથી કર્મયોગીઓની પહેલાં મેં કહેલી છે. ॥૩॥

એ પ્રમાણે અર્જુનનો મોહ દૂર કરવાને માટે શ્રીકૃષ્ણ અર્જુને પૂછેલા પ્રશ્નનો 'લોકેઽસ્મિન્' વગેરે શબ્દોથી કહે છે.

હે નિષ્પાપ અર્જુન, હે મારા વાક્યને સાંભળવા યોગ્ય પ્રવૃત્તિમાં નિષ્ઠાવાળા આ લોકમાં બે પ્રકારની નિષ્ઠા, ભક્તિના અધિકારની સિદ્ધિને માટે પહેલાં કહી હતી, પરંતુ તારે માટે કહી નથી, એવો ભાવ છે.

નિષ્ઠાનું દ્વિવિધપણું 'જ્ઞાનયોગેન' વગેરે શબ્દોથી સ્પષ્ટ કરે છે. સાંખ્યદર્શનના અનુયાયીઓને એટલે કે સર્વત્ર ભગવાનને આત્મસ્વરૂપે જોવાના જ્ઞાનવાળાઓને જ્ઞાનયોગથી બ્રહ્મનિષ્ઠા કહી અને યોગીઓને એટલે કે ભગવાનના ઉપાસકોને, કર્મયોગથી બ્રહ્મનિષ્ઠા કહી. તેઓને સ્વરૂપજ્ઞાન માટે બે પ્રકારની નિષ્ઠા કહી છે, નહિ કે તારે માટે, એમ અર્થ છે. ॥૩॥

ન કર્મણામનારંભાન્નૈષ્કર્મ્યં પુરુષોઽશ્નુતે ।
ન ચ સંન્યાસનાદેવ સિદ્ધિં સમધિગચ્છતિ ॥૪॥

પુરુષ કર્મનો આરંભ નહિ કરવાથી નિષ્કર્મતાને (કર્મ ન કરવાના ભાવને) પામતો નથી અને માત્ર સંન્યાસથી (કર્મના ત્યાગથી) તે સિદ્ધિને પામતો નથી. ॥૪॥

ખરેખર જો એમ હોય તો મને કર્મ કરવાની આજ્ઞા કયા હેતુથી આપી? એના જવાબમાં 'ન કર્મણામ્' વગેરે શબ્દોથી કહે છે. કર્મનો આરંભ નહિ કરવાથી, એટલે કે કર્મ નહિ કરવાથી નિષ્કર્મતાને એટલે કે કર્મ કરવાના ભાવને, ભક્તિને અનુરૂપ ભાવને તે પામતો નથી, એમ અર્થ છે. અહીં આ ભાવ છે :–

કર્મના સ્વરૂપનું અજ્ઞાન હોય એવા કર્મના ત્યાગથી કોઈ પુરુષાર્થ સિદ્ધ ન થાય, તેથી ત્યજવા યોગ્ય છે, એવા જ્ઞાનના હેતુપૂર્વક કર્મ કરવાં. આથી માત્ર આરંભ જ કહ્યો છે, પરંતુ પ્રથમ તે કરવાનું કહ્યું નથી. સ્વરૂપનું અજ્ઞાન હોય તો પૂર્ણતા પ્રાપ્ત થતી નથી, એમ 'ન ચ' વગેરે શબ્દોથી કહે છે.

સંન્યાસથી જ એટલે કે સ્વરૂપનું અજ્ઞાન હોય તેવા માત્ર ત્યાગથી, સિધ્ધિને એટલે કે ત્યાગના ફળને તે મેળવતો નથી, એમ અર્થ છે. ॥૪॥

ન હિ કશ્ચિત્ ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત ।
કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ગુણૈઃ ॥૫॥

કોઇ (પ્રાણી), કયારેય, ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વગરનો રહેતો જ નથી; કારણ કે બધા પરવશ છે અને પ્રકૃતિજન્ય ગુણો વડે કર્મ કરાય છે. ॥૫॥

જાણ્યા વગર કર્મ કરવાથી તેનો ત્યાગ પણ થતો નથી. જાણીને કે જાણ્યા વગર પ્રાણી કર્મ કરે જ છે, એમ 'ન હિ' વગેરે શબ્દેથી કહે છે.

કોઇ પણ પ્રાણી, કયારેય, ક્ષણભર પણ કર્મ કર્યા વગર રહેતો નથી. શાથી ? એમ પુછાય તો તેના જવાબમાં કહે છે કે, સાત્વિક આદિ પ્રકૃતિજન્ય ગુણો વડે કર્મ કરાય છે, તેથી બધાં પ્રાણીઓ કર્મમાં પ્રવૃત્ત થાય છે. તેનું કારણ એ છે કે, તેઓ અવશ છે, એટલે કે મારે અધીન નથી, તેઓ ભકત નથી. 'હિ' નિશ્ચયતાના અર્થમાં છે. તેથી કર્મના આરંભથી તેનું જ્ઞાન થતાં, તે પ્રકૃતિનું કાર્ય છે એમ જાણીને, મારે વશ થઇને તેને ત્યજવું, એવો ભાવ છે. ॥૫॥

કર્મેન્દ્રિયાણિ સંયમ્ય ય આસ્તે મનસા સ્મરન્ ।
ઇંદ્રિયાર્થાન્વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે ॥૬॥

જે મનુષ્ય કર્મેંદ્રિયોને વશમાં રાખીને, ઇંદ્રિયોના વિષયોને મનથી યાદ કરતો રહે છે, તે અત્યંત મૂઢ જન દાંભિક કહેવાય છે. ॥૬॥

અજ્ઞાનથી કર્મનો ત્યાગ કરનાર દંભી છે, તે ત્યાગનું ફળ પામતો નથી, એમ 'કર્મેંદ્રિયાણિ' વગેરે શબ્દોથી કહે છે.

કર્મેંદ્રિયોને એટલે કે હાથ, પગ વગેરેને વશમાં રાખીને, મનથી જે માણસ ઇંદ્રિયોના વિષયોનું સ્મરણ કરતો રહે છે, તે તો ભગવાનમાં ધ્યાનની સ્થિતિ પ્રાપ્ત કરી હોય તેમ લોકોને બતાવવા માટે છે, તે અત્યંત મૂઢ જન દાંભિક કહેવાય છે. ॥ ૬ ॥

યસ્ત્વિન્દ્રિયાણિ માનસા નિયમ્યારભતેઽર્જુન ।
કર્મેન્દ્રિયૈઃ કર્મયોગમસકતઃ સ વિશિષ્યતે ॥૭॥

પરંતુ હે અર્જુન, આસકિત રહિત જે મનુષ્ય, મનથી ઇંદ્રિયોતે નિયમમાં રાખીને, કર્મેંદ્રિયો વડે કર્મયોગને આરંભે છે, તે શ્રેષ્ઠ છે. ॥૭॥

સ્વરૂપના જ્ઞાનપૂર્વક ત્યાગ કરનાર ઉત્તમ ત્યાગી છે. તે ત્યાગનું સ્વરૂપ અને તેની ઉત્તમતા 'યસ્તુ' વગેરે શબ્દોથી કહે છે. 'તુ' શબ્દ લૌકિક વિષયને નિયંત્રિત કરવાની બાબતમાં ફરીને કહેવાનું દર્શાવે છે. જે મનુષ્ય ઇંદ્રિયોનું મનથી નિયમન કરીને, મનથી મારા માટે નિયમમાં રાખીને, આસકિત રહિત થઇને એટલે કે પોતાના સુખની અભિલાષા રહિત થઇને, વાણી, ચક્ષુ, હાથ વગેરે કર્મેંદ્રિયોથી મારી સાથે સંબંધવાળા કાર્યનો મારા સુખને માટે જ આરંભ કરે છે, તે ઉત્તમ છે, એમ અર્થ છે ॥૭॥

નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હ્યકર્મણઃ ।
શરીરયાત્રાપિ ચ તે ન પ્રસિદ્ધ્યેદકર્મણઃ ॥૮॥

તું નિયત કરેલ કર્મ કર, કારણ કે કર્મ નહિ કરવું તેનાથી કર્મ કરવું વધારે સારું

છે, પરંતુ કર્મ નહિ કરવાથી તારા શરીરનું કાર્ય પણ સિદ્ધ થઇ શકશે નહિ. ॥૮॥

કારણ કે, લૌકિક ફળની પ્રાપ્તિ માટે કર્મ કરનારનું ફળ અલૌકિક હોતું નથી. મારે માટે કર્મ કરનારનું ફળ ઉત્તમ હોય છે. તેથી તું મારે માટે નક્કી કરેલું કર્મ કર, એમ 'નિયતમ્' વગેરે શબ્દોથી કહે છે.

તું નિયત કર્મ એટલે કે મારી સેવા વગેરેરૂપ કર્મ કર, અથવા પહેલાં કહ્યા પ્રમાણે મારે માટે કર્મ કર; કારણ કે કર્મનો ત્યાગ કરનારા જ્ઞાની કરતાં મારી સેવા વગેરેરૂપી કર્મ કરવું તે વધારે સારું છે. વળી, તારા શરીરની યાત્રા માટે એટલે કે મારી ક્રીડાને માટે ગ્રહણ કરાયેલ શરીરથી કરવાનું કાર્ય, કર્મ નહિ કરવાથી, એટલે કે સેવા વગેરેથી રહિત જ્ઞાનમાર્ગે સંરક્ષણ ખોળનાર વિશેષે કરીને સિધ્ધ નહિ કરી શકે, એમ અર્થ છે. જ્ઞાનમાર્ગમાં જો કે જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધી શરીરની અપેક્ષા છે અને તે પછી 'આંખોવાળાનું આ ફળ' (ભા. ૧૦-૨૧-૭) એ ન્યાયે ભક્તિમાર્ગમાં છે તેવી અપેક્ષા નથી. તેથી સર્વાત્મભાવે ઇંદ્રિયો સહિત શરીરના કાર્યની સિદ્ધિમાં અધિકતા છે, એવો ભાવ છે.

આથી જ વિયોગ, ક્લેશ વગેરેમાં ઉત્તમ સિદ્ધિને માટે 'શરીર' એવું પદ કહ્યું છે. ॥૮॥

યજ્ઞાર્થાત્કર્મણોઽન્યત્ર લોકોઽયં કર્મબંધનઃ ।
તદર્થં કર્મ કૌંતેય મુક્તસંગઃ સમાચાર ॥૯॥

પ્રભુપ્રીત્યર્થે કરાતા કર્મ સિવાયના કર્મથી આ લોક કર્મના બંધનવાળો છે. હે અર્જુન, આસક્તિથી છુટેલો તું તેને માટે (પ્રભુપ્રીત્યર્થે) કર્મ સારી રીતે કર. ॥૯॥

અરે, જો એમ હોય તો પહેલાં કર્મ કરવાનું શા માટે કહ્યું ? એવી શંકાના જવાબમાં 'યજ્ઞાર્થાત્' વગેરે શબ્દોથી કહે છે.

અન્યત્ર એટલે સિવાય. મારી સેવા સિવાય કર્મમાર્ગમાં કર્મનું બંધન છે. આ લોક એટલે જ કર્મનું બંધન. 'કર્મ પ્રભુપ્રીત્યર્થે હોવાથી' એમ કહીને, તેવાં કર્મ કરવાં, એમ કહ્યું છે. તેથી તે સિવાયનું કર્મ મારી પ્રાપ્તિરૂપ ફલ આપનારું નથી. બીજા કર્મ બંધનકારક હોવાથી મારાથી તેનો ત્યાગ કહેવાયો છે. આથી જે કર્મ બંધનમાં નાખનારું છે, તેનો ત્યાગ કરીને (પ્રભુપ્રીત્યર્થે) કર્મ કર, એમ કહે છે. 'તદર્થમ્' એટલે તેને માટે, યજ્ઞને માટે, આસક્તિ રહિત થઇને મારી સેવારૂપી કર્મ, ઉત્તમ પ્રકારે તું કર. ॥૯॥

સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા પુરોવાચ પ્રજાપતિઃ ।
અનેન પ્રસવિષ્યધ્વમેષ વોઽસ્ત્વિષ્ટકામધુક્ ॥૧૦॥

પૂર્વકાળમાં યજ્ઞો સહિત પ્રજાઓને ઉત્પન્ન કરીને બ્રહ્માએ કહ્યું, આના વડે (આ યજ્ઞથી) તમે વૃદ્ધિ પ્રાપ્ત કરો. આ (યજ્ઞ) તમોને ઇષ્ટ કામનાઓ દેનાર હો. ॥૧૦॥

અરે, તેવા પ્રકારનું કર્મ ત્યાજ્ય જ છે, એમ જો આપનો મત હોય તો, કોણે તે કહેલું છે અને શા માટે લોકો તેને આચરે ? એવી શંકાના જવાબમાં કહે છે કે, પ્રવૃત્તિપરાયણ આ કર્મ, મારી આજ્ઞાથી પ્રવૃત્તિપ્રવર્તક બ્રહ્માએ કહેલું છે, તેને લોકો આચરે છે, એમ 'સહયજ્ઞાઃ' વગેરે શબ્દોથી કહે છે.

પ્રજાપતિ બ્રહ્માએ યજ્ઞોની સાથે પ્રજાઓને ઉત્પન્ન કરીને, એટલે કે પ્રવૃત્તિધર્મવાળી

પ્રજાઓને ઉત્પન્ન કરીને, મારા અવતાર પહેલાં કહ્યું હતું. મારા પ્રાકટ્ય પછી તો મેં ભક્તિ જ કહી છે. એમ દર્શાવવાને માટે 'પૂર્વકાળમાં' એમ કહ્યું છે. તે વાકય જ 'અનેન' વગેરે શબ્દોથી કહે છે.

આ યજ્ઞથી તમે અધિકતાથી વૃદ્ધિને પ્રાપ્ત કરશો, અને વળી આ યજ્ઞ તમારું ઇચ્છિત ફળ આપનાર હો. ભગવાનની આજ્ઞાથી બ્રહ્મવાકય મિથ્યા નહિ થાય, એમ વરદાન આપ્યું ।।૧૦।।

◆

પહેલા પાનાથી ચાલુ

વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીના દિવ્ય પુષ્ટિમાર્ગ-શુદ્ધાદ્વૈતના સિદ્ધાંતોને સમજી વિચારીને પોતાના જીવનમાં ઉતારે અને આનંદ મેળવી ધન્ય બને.

'શ્રીવલ્લભ સુધા'ના આર્થિક પક્ષે સહાયભૂત થવા અનેક ભગવદિયોએ પોતાના દૈવી દ્રવ્યનો સદુપયોગ પ્રકાશનની સહાયમાં કરીને પોતાની સહૃદયતા વ્યકત કરી છે. તે બધા જ ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છે. તેમાં વિશેષ ઉલ્લેખનીય પ. ભ. શ્રી જયન્તીભાઈ ઝવેરી છે; તેમણે તા. ૨૩-૧-૮૪'ના શુભ દિને પોતાના સુપુત્ર ચિ. મધુકરભાઈનાં જૂનાગઢ મુકામે યોજાયેલ મંગલ લગ્ન પ્રસંગે 'શ્રીવલ્લભ સુધા'ને રૂપિયા એક હજાર પ્રકાશન સહાય કરી છે. સર્વે વૈષ્ણવ ભાઈ-બહેનો આ એક પ્રેરક દૃષ્ટાંતનું અનુકરણ કરીને પોતપોતાને પ્રાપ્ત શુભ પ્રસંગોએ 'વલ્લભ સુધા'ને અવશ્ય યાદ કરે તેવો અનુરોધ છે.

નવા વર્ષમાં વધારે ઉત્તમ, વધારે મનોહર અને વધારે પ્રેરક પુષ્ટિપ્રકાશન થાય અને જેનું અવલોકન કરીને પૂ. પા. આચાર્ય-શ્રીઓ, પરમ ભગવદીય વૈષ્ણવ જનો, આદરણીય વિદ્વાન અને રસિક જિજ્ઞાસુઓ પ્રસન્ન થાય એવી અમારી સૌની ઉચ્ચ અભિલાષા છે. આપ સૌનો વ્યાપક સહયોગ જ અમારી આ અભિલાષાને પૂર્ણ કરી શકશે, એમાં શંકા નથી.

શ્રીવલ્લભ સુધા-સંપાદક-પ્રકાશક મંડલ

ગુરૂ મહિમા

દોહા :- હરિ, ગુરૂ, વૈષ્ણવ તીનો ખડે
કીનકે લાગું પાય
બલીહારી વા ગુરૂ દેવકી
જો વૈષ્ણવ દિએ જતાય

ગો. શ્રી. દામોદરલાલજી બાવાશ્રી-કલોલ.

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રણીત

સિધ્ધાંતમુક્તાવલી

શ્રી ગોકુલનાથજીની ટિપ્પણી ઉપર પૂ. પા. શ્રી દ્વારકેશજી વિરચિત ટિપ્પણીનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : પ. ભ. શ્રી મગનભાઇ તન્ના
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ચોથો)

શ્રીકૃષ્ણાય નમઃ । શ્રીગોપીજનવલ્લભાચાર્યવર્ય ચરણપાથોજનિતયુગલાય નમઃ । શ્રીગોપીજનવલ્લભાય નમઃ ।

શ્રીમદ્ આચાર્યવર્ય શ્રીવિઠ્ઠલેશજીથી પ્રેરાયેલા, પૂ. પા. શ્રીમથુરાનાથ ગોસ્વામીજીના પુત્ર અને દાસ એવા શ્રીદ્વારકેશજી, અદ્‌ભુત એવી સિદ્ધાંતમુક્તાવલીનું વિવેચન કરતાં વિવૃતિ ઉપરની ટિપ્પણી દ્વારા વિસ્તારપૂર્વક વર્ણન કરે છે.

હવે શ્રીમદ્ વિઠ્ઠલેશ્વરવિરચિત સિદ્ધાંતમુક્તાવલી ઉપરની વિવૃતિનું વિવરણ કરતાં શ્રીગોકુલનાથજી નિર્વિઘ્નતા માટે 'યદ્વાંછયા' વગેરે શબ્દોથી પ્રાર્થનાત્મક મંગલાચરણ કરે છે.

શ્રીમદ્ વિઠ્ઠલેશ્વરજીનાં ચરણ કમળની જે રજ છે તેની પ્રાપ્તિ થાય, એવા મનોરથથી પુરુષને જન્મથી માંડીને આચરવા યોગ્ય, આદિમાં ધર્મ અને અંતે ભકિતમાં પરિણમે તેવા, અથવા મોક્ષમાં પરિણમે તેવા, તેમ જ વિખૂટા પડયા ત્યારથી અક્ષરબ્રહ્મમાં પ્રવેશ થાય ત્યાં સુધી જીવનપર્યંત ઉપયોગી, હોઠ ઉપર રમી રહે તેવા પરમ પ્રાપ્તિના ઉપાયો હસ્તગત થાય છે, તેવી કોઇ અનિર્વચનીય પિતૃચરણ કમળની રજ મને–શ્રીગોકુલનાથજીને અનુગ્રહશીલ થાઓ. તેઓશ્રીની કૃપા વિના તેઓશ્રીની વાણીનો ભાવ હૃદયમાં પુર્ણતઃ પ્રવેશી શકતો નથી, તેથી પ્રાર્થના કરાય છે.

તે પિતૃચરણની રજ, એમ પરોક્ષ કથન થયું છે, તેનાથી શ્રીમદ્ ગોસ્વામીજીના કંદરા પ્રવેશ પછી ટિપ્પણીની રચના કરાયેલી છે, એમ સમજાય છે.

હવે શ્રીમદ્ વલ્લભનંદન સિદ્ધાંતમુક્તાવલી ઉપર વિવરણ કરવાની ઇચ્છાથી શ્રીમદ્ આચાર્યશ્રીનાં ચરણકમળની પરાગને નમન કરવા રૂપ નમસ્કારાત્મક મંગલાચરણ કરે છે અને 'પ્રણમ્ય' એવા શબ્દથી શરૂ કરીને ગ્રંથનું વિવરણ નિશ્ચયપૂર્વક કરે છે. પિતા શ્રીમદ્ આચાર્યશ્રીનાં બંને ચરણકમલની રજ મને મંગલપ્રદ હો, એમ અનુરાગપુર્વક ઉત્કૃષ્ઠતાથી નમસ્કાર કરીને, તેઓશ્રીની કૃપાથી, તેઓશ્રીએ રચેલ વાઙ્ મુક્તાવલી (સિદ્ધાંત મુક્તાવલી) ને અમે સ્પષ્ટ કરીએ છીએ. ઉત્કૃષ્ટતાથી નમસ્કાર એટલે સાષ્ટાંગ પ્રણામ, પિતા એટલે પાલનકર્તાની રૂઢિ અનુસાર પ્રણામ શ્રીમદ્ આચાર્યશ્રીનાં બંને ચરણકમળની જે રજ છે તે પોતાના ભકતોના તાપને હરનારી છે, અને આનંદદાયક છે. અનુરાગ એટલે પ્રેમથી પહેલાં ભગવાન વરણ કરે છે ત્યારે તેને અનુલક્ષીને પ્રગટ થયેલી ભકિતથી, તેમની કૃપાથી શ્રીમદ્

આચાર્યશ્રીની વાણીરૂપ મુક્તાફળોની માળાને (સિદ્ધાંત મુક્તાવલીને) અમે ઉજ્જવળ બનાવીશું, ધારણ કરવા યોગ્ય કરીશું' કારણ કે મોતીઓને દોરામાં પરોવીને વર્તુળ બનાવ્યા વિના ધારણ કરવાનું શક્ય નથી. આથી જ સમાપ્તિમાં કહેવાના છે કે, 'શ્રીમદ્ વિઠ્ઠલેલેશજીએ તે વાણીરૂપી માળાને (સિદ્ધાંત મુક્તાવલીને) હૃદય ઉપર ધારણ કરી."

હવે તે માળા, સમયની સામાન્ય રીતિ અનુસાર મલિન અને શિથિલ થઇ ગઇ છે. તેને પુરતું પાણી વગેરેથી ઉજ્જલ બનાવીને, ધારણ કરવા યોગ્ય કરવા માટે સ્પષ્ટ અને સતત પ્રયત્ન જરૂરી છે. તેમાં તેઓશ્રીની કૃપા એજ સાધન છે.

હવે શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણશ્રી પોતાના જનોના પોતાના સિધ્ધાંતોના અજ્ઞાનજન્ય તાપને નિવારવા માટે નમસ્કારાત્મક સંગલાચરણ કરીને સ્વકીય સિધ્ધાંતનો સ્પષ્ટ નિર્ણય 'નત્વા' વગેરે શબ્દોથી શરૂ કરીને નિશ્ચયપુર્વક જણાવે છે. સ્મરણ કરનારનાં સમગ્ર પાપને હરનાર શ્રીહરિને, શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને, (નમ્ ધાતુમાં) 'ણમ' માં નમ્રતા, દૈન્ય અને આજ્ઞા તેમ જ શિક્ષા–ઉપદેશ શક્તિમાન થવાની ઇચ્છા રહેલા છે. આગળ કહેવામાં આવશે તેવા અનેક પસ્પર વિરોધી સિદ્ધાંતોથી શાસ્ત્રના અર્થમાં સંદેહ થાય છે, તેનું નિરાકરણ કરવાને માટે પોતાના સિધ્ધાંતરૂપ શાસ્ત્રના અર્થનો નિશ્ચય કહેવાશે.

શ્રીગોકુલનાથજી પ્રથમ શબ્દને વર્ણવતાં કહે છે. 'અગ્રે' એટલે હવે પછી સિધ્ધાંત મુક્તાવલીના ચોથા શ્લોકમાં પ્રારંભમાં 'સ્વસિધ્ધાંત' એવા શબ્દથી શરૂ કરીને જે વિપરીત છે તેને કહે છે. આગળ કહેવાશે તેવા, એટલે આગળ ચોથા શ્લોકમાં કહેલા છે તેવા માયિક, સગુણ વગેરેના સિધ્ધાંતો તેમાં પરસ્પર વિરોધ સ્પષ્ટ છે. તેથી સાક્ષાત શ્રુતિમાં નિરૂપાયેલા સિધ્ધાંત હું કહીશ, એમ વિનિશ્ચય શબ્દમાંના 'વિ' શબ્દોનો અર્થ છે. તેની જ સ્વકીયતા દર્શાવવાને માટે (સ્વસિધ્ધાંતમાં) સ્વ પદ છે. સાક્ષાત શ્રુતિએ નિરૂપેલ, એમ શંકા થાય તો તેનો જવાબ સાંભળો :–'ભદ્રં કર્ણેભિઃ શૃણુયામ દેવા ભદ્રં પશ્યેમાક્ષભિર્યજત્રાઃ । સ્થિરૈરંગૈસ્તુષ્ટુવાંસસ્તનૂભિર્વ્યશેમ દેવહિત યદાયુઃ ।' (આ પ્રશ્ન, મુંડક, માંડૂક્ય વગેરે ઉપનિષદોનો શાન્તિપાઠ છે, તેને ઉપર્યુક્ત શંકાના જવાબમાં સમજાવાય છે.) 'કર્ણેભિઃ' એવા વૈદિક પદની ઉક્તિથી કાનનું દિવ્યપણું, બહુવચનમાં કહેયેલ છે, તેને 'વિધત્સ્વ કર્ણાયુતમેષ;' એ પ્રાર્થનાથી પ્રાપ્ત કરવા યોગ્ય 'ભદ્ર' એવા પોતપોતાના શબ્દને અમે સાંભળીએ એવી જાગૃતિ પછી ભગવદ્રૂપ ભદ્રને અમે જોઇએ. 'અક્ષભિઃ' એટલે અલૌકિક નેત્રોથી, 'યજત્રાઃ' એટલે સેવા કરનારાઓ, આરતી સમયે કોમળ અને સ્થિર શરીરો વડે સ્તુતિ કરતા અમે જે આયુષ્યરૂપી હિત છે તેને જ ભગવદર્થે અમે સમર્પણ કરીએ. અમે જીવીએ ત્યાં સુધી સેવા કરીએ, વગેરે શબ્દોથી બધાય–છ ઋતુના સેવાના પ્રકાર કહેલા છે. તે જ શ્રીમદ આચાર્યશ્રીનો સિધ્ધાંતવિનિશ્ચય, 'શ્રુત્યર્થાનંદસંદોહઃ' શ્રીવ્રજાભરણદીક્ષિતે કરેલો છે, તેમાં સેવા પ્રકાર વિસ્તારથી બતાવ્યો છે.

હવે અમે ચાલુ વિષય ઉપર આવીએ છીએ. પુ. પા. વિઠ્ઠલેશજીની ટીકામાં, કર્મમાં

છે તેમ અહીં સમયનો બાધ નથી, એમ કહ્યું છે. જેવી રીતે 'તે સૂર્યોદય થયા પહેલાં હોમ કરે છે,' 'પ્રણામ કરીને સૂર્યને સંબોધન કરે છે,' વગેરેમાં છે તેમ સેવાકાર્યમાં સમયનું બંધન નથી. અહીં તો 'કાંઈ પણ અને કયાંય પણ અર્પણ કરવાને ઇચ્છે છે તેને ગોપીજનવલ્લભ અવશ્ય સ્વીકારી લે છે.' એમ પોતે જ કહેલું છે. 'ણ્ય આવશ્યકે' એ સૂત્રથી આવશ્યક હોવાના અર્થમાં 'ય' પ્રત્યય છે, તે પ્રમાણે જોકે માનસી સેવા જીવના કાર્યથી સાધ્ય નથી. કથિત રીતિ અનુસાર તેનું ફળ એટલે માનસી સેવા કરવાનું અલૌકિક સામર્થ્ય ભગવાન આપે છે ત્યારે સિદ્ધ થાય છે. મૂળમાં આપેલ 'કૃષ્ણસેવા સદા કાર્યા' અવા વિધિવાકયથી અને ટીકામાં કહ્યું છે તે પ્રમાણે તે ન કરવાથી દોષ લાગે. એવું વિવરણ હોવા છતાં શ્રીમદ્ આચર્યશ્રી અને શ્રીમદ્ ગોસ્વામીજી બનેએ પોતાને શરણે આવેલાઓને વરદાનથી માનસી સેવા આપેલી છે, એમ મને લાગે છે. મૂળમાં 'કૃષ્ણસેવા' એમ કહીને કૃષ્ણ અને સેવા એવા બે શબ્દના સમાસથી કાર્યકારણથી નિત્ય સંબંધ સૂચવ્યોછે.

પ્રથમ શ્લોકનો અન્વય આ પ્રમાણે છે:– હું એટલે શ્રીમદ્ આચાર્યશ્રી હરિને નમસ્કાર કરીને પોતાના સિદ્ધાંતનો દૃઢ નિશ્ચય શ્રુતિમાં કહ્યા અનુસાર કહીશ. તે નિશ્ચય કયો છે? તે એ છે કે, 'શ્રીકૃષ્ણની સેવા સદાય કરવી જોઇએ.' તેનાથી જેવી રીતે શ્રીકૃષ્ણ ફલરૂપ છે તેમજ કૃષ્ણસેવા પણ ફલરૂપ છે. દૃષ્ટાંત આપીને કહે છે:– આનુ મૂળ શ્રીમદ્ ભાગવતમાં એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણે ઉદ્ધવ પ્રતિ, બળદેવજીની સાથે મથુરા જતાં કહેલું, તેના સંદર્ભમાં કહ્યું છે. (ભાગ-૧૧–૧૨–૧૨, ભગવાન ઉધ્ધવજીને કહે છે કે, 'મારામાં તન્મય બની ગયેલી ગોપીઓને પોતાની જાતની કે પરલોક પુત્રપુત્રાદિની પણ સૂધબૂધ રહી નહોતી.') 'પ્રુંગતૌ' એટલે 'પ્રુ' ધાતુ ગતિના અર્થમાં છે, તે પરથી પ્રવણ, એટલે ગમન. ભગવાનમાં ચિત્તનું લીન થવું તે પ્રવણ, તે જ સેવાનું સ્વરૂપ છે. ચિત્તનું ભગવાનમાં પરોવાવું, તે જેવી રીતે મણિઓના છિદ્રમાં દોરાનું પરોવાવું તેમ ભગવદીયનું મન ભગવાનમાં પરોવાવું, તેમની કૃપાની પ્રાપ્તિ થાય તેમ અનુકુળ રીતે પ્રયત્ન કરવો, અથવા પરોવાવું એટલે ભગવાન સ્વાધીન થાય તેમ કરવુ. એવી માનસી સેવા સિદ્ધ કરવાને માટે તનુજા અને વિત્તજા સેવા પ્રથમ જરૂરી છે. તેનાથી સંસારમાં દુઃખોની નિવૃત્તિ અને બ્રહ્મજ્ઞાન થાય છે.

'હું તને શ્રુતિ અનુસાર કહીશ, કારણકે તું મારો ભકત, સુહૃદ, સખા છે, એવી રીતે દુર્લભપણું દર્શાવીને બીજા પાદનું વિવરણ શ્રીગોકુલનાથજી કરે છે. અથવા સફળ પ્રમાણોથી માંડીને ભાષ્ય કરવાથી આચાર્યપણું છે. આથી આ માર્ગમાં બે આચાર્યશ્રીઓ છે.

હવે ઉત્તરાર્ધ વર્ણવે છે. એવા પ્રકારની સેવાનું બીજું ફળ પણ છે, તેનું કારણ દર્શાવે છે. ટીકામાં 'સમસ્તપદ' એમ કહ્યું છે, તે 'તનુવિત્તજા' એવું સમસ્ત (જોડીને સમાસ કરેલું) પદ છે. દેહથી અને દ્રવ્યથી એ બે વડે કરાયેલી અથવા સ્વતઃ પ્રગટેલી તે 'તનુવિત્તજા' એવું સમસ્ત (જોડીને સમાસ કરેલું) પદ છે. દેહથી અને દ્રવ્યથી એ બે

વડે કરાયેલી અથવા સ્વતઃ પ્રગટેલી તે તનુવિત્તજા સેવા છે એ શબ્દ જોડીને અંતે પ્રત્યય લગાડીને દ્વંદ્વ સમાસમાં આપેલ હોવાથી ધ્યાનથી સાંભળવાનું દર્શાવેલ છે. તનુજા અને વિત્તજા સેવાની સિધ્ધિ થાય ત્યારે સંસારની નિવૃત્તિ અને બ્રહ્મજ્ઞાન થાય છે. વસ્તુસ્વભાવથી એટલે કે માનસી સેવાની પુર્વેના વસ્તુગત સ્વભાવથી, માનસી સેવાની સિધ્ધિને માટે પહેલા તનુજા અને વિત્તજા સેવાની સિધ્ધિ જરૂરી છે. દૈવી અને આસુરી એમ બે પ્રકારની સૃષ્ટિ છે. 'પુષ્ટિં કાયેન' એટલે કાયાથી પુષ્ટિજીવોનું સર્જન કર્યું, એ વાકયથી તનુજા સેવા દૈવી છે, અને વિત્ત એટલે માયા–દ્રવ્ય, તેનાથી ઉદ્‌ભવેલી તે સેવા આસુરી છે, બંને પ્રકારની સેવા માનસી સેવાના ધ્યેયને સાધનારી અને દૈવી સેવા રચનારી છે, બીજી પણ તેવાજ ગુણને દર્શાવનારી છે.

ત્રીજો શ્લોક શરૂ કરે છે. તેનો પ્રારંભઃ– 'ઇદમ્' એટલે આ અક્ષરબ્રહ્મ–પરબ્રહ્મ તે પુરુષોત્તમ છે. 'અત્ર' એટલે આ સંબંધે, અક્ષરબ્રહ્મ સબંધે. 'ભેદકમ્' એટલે પુરુષોત્તમથી ભિન્ન તે 'એતે' એટલે આ, સત્ ચિત્ આનંદ 'તદાત્મક' એટલે અક્ષરબ્રહ્માત્મક પ્રપંચ એટલે ભાગવતમાં પ્રપંચનું વર્ણન કરીને આ ભગવાનનું, બ્રહ્મનું, પરમાત્માનુ રૂપ છે, એમ ટૂંકમાં દર્શાવ્યું છે. એકરૂપતાથી એટલે 'સર્વથી પર, જે મહાનથીયે મહાન છે, જે એક માત્ર અવ્યકત અનંતરૂપે છે, જે સર્વવ્યાપક, આદ્ય પુરુષ, અંધકારથી પર, સર્વશ્રેષ્ઠ છે અને તેનાથી બીજું કાંઈ વધારે સૂક્ષ્મ નથી જ, એમ શ્રુતિમાં પ્રતિપાદન કરેલું હોવાથી તે પરાત્પર છે. બધા વેદો તે પદનું પ્રતિપાદન કરે છે, (કાઠક. ૧-૨-૧૫), એમ જ્ઞાનીઓને ઉપાસ્ય હોવાથી કહ્યું છે. 'જેઓ અનિર્દેશ્ય એટલે વાણીથી વર્ણન કરી શકાય નહિ તેવા અક્ષરની ઉપાસના કરે છે, તેઓ મને પામે છે,' (ગીતા, ૧૨–૩) અને પ્રાણી માત્રના હિતમાં રત રહેલા તેઓ મને જ પામે છે,' (ગીતા, ૧૨–૪) અને 'તેઓને એટલે કે અક્ષરના ઉપાસકોને વધારે કલેશ થાય છે, (ગીતા, ૧૨–૫), એવાં ગીતાજીનાં વાકયથી જ્ઞાનીઓને તેમની મુકિતનું સ્થાન હોવાથી અક્ષરબ્રહ્મ ઉપાસ્ય છે. 'આનું રૂપ આંખની મર્યાદામાં નથી, કોઇ એને આંખોથી જોતું નથી. સ્થિર મનથી ધ્યાનસ્થ થયેલો, શુદ્ધ બુદ્ધિવાળો જે એને હૃદયથી જાણે છે તે મરણ ધર્મથી પર થઇ જાય છે,' (કાઠક, ૨–૩–૮), એમ શ્રુતિ હોવાથી તે જ્ઞાનીનું મુકિત સ્થાન છે. જે પુરુષોત્તમનું અધિષ્ઠાન છે, તેને અક્ષરબ્રહ્મ કહે છે. તે બધાં કારણોનું પણ કારણ છે' 'સાક્ષાત્ વિષ્ણુ ભગવાનનું શ્રેષ્ઠ ધામ છે,' (ભાગ ૩–૧૧–૪૧), એમ ભાગવતજીના ત્રીજા સ્કંધના એકાદશ અધ્યાયમાં વાકય છે. વગેરેથી તેમજ અહીં આદિ એવા પદથી 'હાથપગ રહિત છતાં વેગવાળો છે, તે સર્વનું ગ્રહણ કરનાર છે, આંખો વિના તે જુએ છે, અને કાન વગર તે સાંભળે છે,' (શ્વેતાશ્વતર, ૩–૧૯), 'તે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે અને મહાનથી યે અતિ મહાન છે, (શ્વેતાશ્વતર, ૩–૨૦), અને કર્તા છતાં અકર્તા જ છે, હણનાર છતાં નહિ હણનાર છે, વગેરે ધર્મોથી યુકત છે.

'ઇદમ્' એટલે આ, બ્રહ્મ બ્રહ્મમાં વિરોધનો અભાવ છે, બ્રહ્મસૂત્રના ભાષ્યમાં એ પ્રમાણે ફલિત કરાયું છે, પોતાની રચનામાં એમ સાહજિક સ્વીકાર છે. તેથી 'અત્ર' એટલે અહીં સિધ્ધાંત મુકતાવલીના વિવરણમાં, આ ભાષ્ય કર્યા પછી તરત જ એમ કરવાનું વિચારાયું છે.

શ્લોકનો અન્વય આ પ્રમાણે છે :– શ્રીકૃષ્ણ તો નિશ્ચયપુર્વક પરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મ સત્ ચિત્ આનંદરૂપ છે. તે જ બે રૂપે છે. એક બધું જ બને છે, એક તેનાથી વિલક્ષણ સર્વશ્રેષ્ઠ છે. પોતાના મતમાં શ્રુતિ સંમત છે, એમ નિરૂપણ કરવા પરમતનું નિરૂપણ છે, એવા હેતુથી પ્રથમ શરૂ કરે છે, તેનો પ્રારંભ વિરોધનુ નિરાકરણ એ છે કે, ભગવાન સર્વ કાંઇ કરવાને સમર્થ છે, અથવા અચિંત્ય અને અનંત શકિતવાળા છે. આથી જ વિરુધ્ધ અંશના પરિત્યાગપુર્વક બધાં જ પ્રમાણો વિચારાયાં છે. સાંખ્ય મત અનુસાર પ્રકૃતિ કર્તા છે અને પુરુષ જલકમલવત્ નિર્લેપ છે. એ સિધ્ધાંતને આધારે જગત એ માયા અને (સત્ત્વ, રજ, તમ) ગુણોનું કાર્ય છે, એમ કહે છે. નૈયાયિકો એટલે તાર્કિકો, ગૌતમ, કણાદ, આક્ષચરણ વગેરે, તેઓ પરમાણુઓ નિત્ય છે, બીજું બધું ઈશ્વરનું કાર્ય પણ અનિત્ય છે, એમ કહે છે. મીમાંસકો એટલે જૈમિનિ મતને અનુસરનારાઓ, સ્વભાવવાદીઓ જગત સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાય છે, એનો કર્તા કોઇ નથી, એમ કહે છે. વેદબાહ્ય એટલે જૈન, કૌલ, વામ, શકિત વગેરે.

શ્લોકનો અન્વયઃ તત્ર, પુર્વસ્મિન્, વાદિનઃ માયિકમ્, સગુણમ્, કાર્યમ્, સ્વતંત્રમ્, ચ, ઇતિ, નૈકધા, બહુધા, જગુઃ । (તેમાં–પહેલાં કહેવાયેલામાં પ્રથમ સ્વરૂપમાં બીજું સ્વરૂપ જગત છે, તેને અનેક વિચારવાદીઓએ માયિક, ગુણોનું કાર્ય ઇશ્વરનું કાર્ય, સ્વતંત્ર છે, એમ એક પ્રકારે નહિ પણ અનેક પ્રકારે વર્ણવેલું છે.)

પોતાનો મત સર્વશ્રેષ્ઠ છે, એમ જણાવવાને માટે મૂળમાં (પાંચમા શ્લોકના પ્રારંભમાં) 'તત્ એવ' એમ કહ્યું છે.

'તત એવ' એટલે તે જ, બ્રહ્મ જ. 'એતત્' એટલે આ, પરિદૃશ્યમાન–ચોતરફ દેખાતું જગત, એવા રૂપે છે, એટલે વિદ્યમાન છે, નહિ કે ઉત્પન્ન થાય છે; કારણ કે તે નિત્ય છે. 'યતો વા' વગેરે શ્રુતિઓ અવિર્ભાવ અને તિરોભાવ દર્શાવનારી છે. પોતાનો મત એમ છે કે, જગત એ ભગવાનનું કાર્ય છે અને પોતાની માયાથી પોતે જ તે રૂપે થયા છે, એવા પ્રકારનું જગત છે. શ્લોકનું તાત્પર્ય તે જ આ છે, એટલે કે જગતરૂપે ભગવાન થયા છે, એમ સ્પષ્ટ છે. 'અસ્તિ' શબ્દ અધ્યાહાર છે. બે રૂપ પણ ગંગાજની જેમ જાણવાં. ગંગા જલરૂપિણી છે, એમ પછીના શબ્દોને (પાંચમા શ્લોકને) અનુસરે છે. તે ગંગા, જેનું સ્વરૂપ જલરૂપ છે, એવા પ્રકારનું એક રૂપ છે, આ પ્રથમ રૂપ આધિભૌતિક છે. શરૂઆતમાં અક્ષરબ્રહ્મ દ્વિરૂપ હોવાનું કહ્યું; કારણ કે અન્ય મતનું નિરાકરણ કરવાનું અહીં સંભવિત નથી. સેવા કરનારાઓને ભોગ અને મોક્ષ આપનાર ગંગાજીનુ બીજું સ્વરૂપ આધ્યાત્મિક છે, તેમ પુરુષોત્તમનું અધિષ્ઠાન અક્ષરબ્રહ્મ છે. ગંગાજીનું ત્રીજું સ્વરૂપ તે આધિદૈવિક સ્વરૂપ છે, તેનાથી તે પ્રસન્ન

થયેલાં ગંગાજી પોતાનું આધિદૈવિક સ્વામિની રૂપ પોતાના ભકતોને, જેવી રીતે ભગીરથને બતાવ્યું તેમ બતાવે છે. તે પ્રસંગ શ્રીમદ્ ભાગવતમાં નવમસ્કંધે નવમાં અધ્યાયમાં 'ભગીરથને દેવી (આધિદૈવિકી) ગંગાજીએ દર્શન આપ્યાં અને કહ્યું કે, હું તારા ઉપર પ્રસન્ન છું, તું વરદાન માગ, (ભાગ ૯–૯–૩), વગેરે વર્ણવાયેલાં છે.

ગંગાજીનું મહાત્મ્ય પણ ત્યાં જ (ભાગ ૯–૯–૧૦ થી ૧૩માં) કહેવાયું છે કે, "તે રાજર્ષિ ભગીરથ, ત્રિભુવનને પાવત્ર કરનારાં ગંગાજીને જ્યાં પોતાના પિતૃઓના દેહ ભસ્મિભૂત થઇને પડયા હતા ત્યાં લઇ ગયા. વાયુવેગી રથ ઉપર દોડતા જતા ભગીરથ પાછળ વેગથી જતાં, દેશોને પવિત્ર કરતાં કરતાં ગંગાજીએ ભસ્મીભૂત થયેલ સગરપુત્રોના દેહોને ગંગાજળથી ભીંજવી દીધા. બ્રાહ્મણના શાપથી ભસ્મીભૂત થયેલ અને કેવળ રાખરૂપે રહેલ સગરપુત્રો પણ ગંગાજળના માત્ર સ્પર્શથી સ્વર્ગમાં ગયા. રાખરૂપે રહેલાં અંગોની સાથે ગંગાજળના સ્પર્શમાત્રથી સગરના પુત્રો સ્વર્ગમાં ગયા, તો પછી શ્રદ્ધાપુર્વક વ્રતોને ધારણ કરીને જેઓ દેવી ગંગાજીને સેવે છે. જેઓને માટે તો પુછવું જ શું ?"

શ્લોકનો અભિપ્રાય આ પ્રમાણે છે: તે જલરૂપિણી ગંગાજી (આધિભૌતિક સ્વરૂપા) છે. મર્યાદા માર્ગની વિધિથી સેવા કરતા પુરુષોને તીર્થસ્વરૂપા (આધ્યાત્મિક સ્વરૂપા) ગંગાજી ભુકિત (સંસારસુખ) અને મુકિત (મોક્ષ) આપનારાં છે, તેમ જ અક્ષરબ્રહ્મને પણ જાણે. ॥ ૬ ॥

આ ટિપ્પણી અહીં સુધીની જ મળે છે, તેથી અપુર્ણ છે.

* * *

આપના નવા વર્ષનું લવાજમ તુરત મોકલો.

ગ્રાહકોને નમ્ર વિનંતિ

લવાજમ મ. ઓ. થી મોકલતી વખતે મ. ઓ. ના ફોર્મમાં નીચેની કાપલીમાં આપનું પુરૂં સરનામું તથા ગ્રાહક નંબર લખતા રહેવા વિનંતી છે.

આપણી પરંપરા એક આધુનિક વિવેચન

પ્રથમ પીઠનો વ્યવસ્થા પરિપત્ર

(મૂલ હિંદી લેખનું ગુજરાતી ભાષાંતર)

[આં. રા. પુ. વૈ પરિષદના સંગઠન મંત્રીશ્રી દ્વારિકાપ્રસાદજી પાટોદિયાએ દુબઈથી આવેલ પરિપત્રને શ્રીમત્પ્રથમપીઠાધીશ્વર વલ્લભસંપ્રદાય કોટા પાસે પ્રસ્તુત કરેલ. આ વિષય પર જે નિદેશ પ્રાપ્ત થયેલ છે તે અત્રે રજુ થાય છે.]

પ્રશ્ન એ છે કે દુબઇમાં શ્રી ઠાકુરજીની ભેટ યા દૈવી દ્રવ્ય એકત્ર થયેલ છે, અને ત્યાંના વૈષ્ણવ તેને કોઇ કામમાં લગાડવાની ઇચ્છા કરી રહયા છે સિધ્ધાન્તની દૃષ્ટિએ એ દ્રવ્ય કોઇપણ અન્ય વિનિયોગમાં ન લઇ શકાય. આજ અનેક વૈષ્ણવોએ આ પ્રકારનાં મંદિર બનાવી તેમાં દ્રવ્ય એકત્ર કરીને પોતાની સુવિધાથી આને બચતનું કારણ બનાવી લીધેલ છે. કાઠીઆવાડ વગેરેમાં પણ આવા અનેક સ્થાનો બનેલ છે, અને બની રહયા છે, અહીં એ યાદ કરાવીએ કે વૈષ્ણવ સ્વયંભુ આચાર્ય બનીને શ્રી ઠાકોરજી પણ પધરાવી દે છે. એ પણ અસૈધ્ધાન્તિક છે. એમ થવાનું કારણ એ છે કે સંપત્તિ એકત્ર થતાં ગુરુને ત્યાં દેવાની ઇચ્છા કે શ્રદ્ધા થતી નથી પોતાના વૈભવને આપવો એ કઠણ છે; તથા ગુરૂઘરમાં દેવાનું ગુરુ કહેતો તેઓને લોભી અને લાલચુ માનશે ! આથી ગુરુપણ આદેશ દેતાં નથી. આવા શેઠો દ્વારા નિર્મિત રાજસેવાના મંદિરોમા આજ સુધી સેવા થઇ અને તેમના વારસદારો તેના પર અધિકાર કરતાં રહ્યાં, આચાર્યોનો આમ નિર્ણય ન આપવો એ સર્વથા આદરણીય છે અને સૈદ્ધાન્તિક છે. શ્રી પ્રથમ પીઠાધીશ્વર એઓનો આદર કરે છે.

હવે તથ્ય એ છે કે ત્યાંના (દુબઇ)ના વૈષ્ણવોએ આ વિષયમાં આજ્ઞા અથવા સમ્મતિ માંગી છે. બીજુ પરદેશ છે. એટલે તેઓ અનેક પ્રશ્ન પણ તેઓ સ્પષ્ટ આવીને નથી પુછતાં પણ પુછાવે છે. આ નતો દૈન્ય ભાવના છે ન શિષ્યનો ધર્મ, કેવળ રૂપીઆ દેખાડી નિર્ણય લેવો છે.

પરિષદના સંગઠન મંત્રીજીએ આ પ્રશ્ન સંસ્થા દ્વારા મોકલ્યા છે. એટલે તેનો નિર્ણય એજ થઈ શકે કે વર્તમાનમાં શ્રીનાથજીની ચરણચોકીઓ, કિશનગઢ, કોટા, ટોંડનાઘનામાં છે તેનો જીર્ણોદ્ધાર કરાવીને તેને સુવિધાયુકત બનાવી સેવાયોગ્ય તથા પ્રચારયોગ્ય બનાવવી. આ કાર્ય આચાર્ય આજ્ઞાથી અને તેમનાજ નિર્દેશનમાં થવું જોઇએ. પણ યાદ રહે કે કિશનપુરમાં પણ ચરણ ચોકી છે અને ત્યાં વ્યવસ્થા કરવાની જરૂરત છે. ભવિષ્યમાં આવી આજ્ઞા ન તો સ્થાયી હશે. ન તેનું ઉદાહરણ લઇને વૈષ્ણવ એવું કરશે. આ ધનથી બચવામાંજ શ્રેય છે. તેઓને એ પણ નથી દેખાડવું કે ધન કેટલું છે. એટલે કયાં કેટલો વિનિયોગ કરવો તે પણ માર્ગદર્શન નહી દઇ શકાય. આ કૃત્ય લાલચ દેખાડી ને ઇમાન ખરીદવા જેવું છે. પ્રભુના સુખ અને સેવાની વ્યવસ્થાનો વિચાર ગુરૂને આધિન છે શિષ્યનું કામ આજ્ઞાનુસાર સેવા કરવા માત્રનું છે. આ પરંપરા તુટી ગઈ છે. જે વૈષ્ણવ શુદ્ધ સંપ્રદાયમાં વિશ્વાસ રાખી આચરણ કરે છે તેઓને એવા સ્થાનોમાં પ્રસાદ પણ ન લેવો

જોઇએ. આ વિષયમાં અમારી સંસ્થા દ્વારા શ્રીપ્રથમેશજીનો લેખ શ્રીવલ્લભ સુધામાં છપાવેલ હતો.

ગૌશાળામાં પણ આવું દ્રવ્ય આપત્તિ કાલની દૃષ્ટિથી વાપરી શકાય છે. જે ભગવન્મંદિરોમાં તૂટો છે તેની વ્યવસ્થામાં પણ આ પ્રકારની રકમનો આજ્ઞાનુસારજ વિનિયોગ થવો જોઇએ.

મુંબઇ કોટ મંદિરના અમારાજ ઠાકુરજી વિના આજ્ઞાએ અન્યત્ર પધરાવિ દીધા અને અધિકારની દૃષ્ટિ પરમ વૈષ્ણવ બાબા શેઠ કોઠારી અને કેટલાંક ભાટિયાઓ એ મહારાજશ્રીની આજ્ઞા વિના કામ પુરૂં કરી લીધું જો કે તે અમારા કાકાજીનું મંદિર છે. જેનો કેસ પણ ચાલી ચૂકયો છે. એટલે આજે ધર્મની વ્યવસ્થા આપવી પણ કઠણ અને નિરર્થક છે. તો પણ રસ્તો કાઢી શકાય એ વિચારવું જોઇએ. આચાર્યોની સેવામાં પરિષદ નમ્ર નિવેદન કરી શકે છે. તેઓ પાસે એક મંડલ પ્રાર્થના લઇને જાય અને આચાર્ય પરિષદની સભાનુ આયોજન થવું જોઇએ. આ પ્રકારે સંપ્રદાયમાં કેવળ પુ. પા. શ્રી શ્યામમનોહરજી અથવા પુ. પા. શ્રી પ્રથમેશજી જ નહીં અન્ય આચાર્યો પણ શાસ્ત્રીયતાથી વિચાર કરીને પરંપરાનું સ્મરણ રાખીને આજ્ઞા કરે, એ ઉચીત છે. અમારા વિચારથી ગંભીર નિર્ણય લેવાનો આ પ્રકાર ઉચીત છે અને એનાથી નવી સંહિતા તૈયાર થઈ શકે છે. એ પણ એક તથ્ય છે કે આ દિવસોમાં ઇન્દોરથી વૈષ્ણવ સમાજે એક પોતાની સલાહનો એક પત્ર મોકલ્યો છે કિન્તુ ધર્મકાર્ય પર આચાર્યશ્રીની આજ્ઞા અને તેમના જ હસ્તાક્ષરવાળા આજ્ઞા પત્ર પ્રમાણ છે. વૈષ્ણવોની આ અનધિકાર ચેષ્ટા છે. તેઓનું કર્તવ્ય નિવેદન માત્ર કરવાનું છે. આચાર્યનો એ અધિકાર છે કે તેઓ વિદ્વાનોને આમંત્રિત કરીને પરસ્પર વિચાર ગોષ્ઠીનું આયોજન કરવાનો આદેશ આપે. વૈષ્ણવ સ્વયં એ પણ નથી કરી શકતા ન વિદ્વાનો પર પણ હકુમત કરી શકે.

ધર્મમાં એવી ભાવના કે રૂપીઆથી બધું જ કરાવી શકાય છે તે ધર્મ વિરૂધ્ધ આચરણ છે. એવું કરવાવાળા અને માનવાવાળા સંગત નથી.

સ્વધર્મ વિરોધી આચરણ થવું ન તો ક્રાન્તિ છે નતો સુધારો છે. એને કેવળ ઉદ્દંડતાજ કહેવાશે. વૈષ્ણવ પરિષદના અધ્યક્ષને પણ એ અધિકાર નથી તે ધર્મ વિષયમાં ઘોષીત કરે કે હું આમ માનું છું કે આમ નથી માનતો તેઓ પણ એક વૈષ્ણવ છે. નિવેદન કરવાથી વધુ તેમનો પણ ધર્મ નથી. શાસ્ત્રી પણ નથી માનતા તેમનો બહિષ્કાર થઇ શકે છે પણ તે વૈષ્ણવને આધિન નહિ આચાર્ય આજ્ઞાને આધિન છે. આ ધર્મની વ્યવસ્થા છે. અને પ્રત્યેક ધર્મ તેનાથી બંધાએલ છે પુષ્ટિમાર્ગ પણ તેનાથી અલગ નથી.

એમ માનવું નિરર્થક છે કે પુષ્ટિ માર્ગ મર્યાદાનો વિરોધી છે. શ્રી વલ્લભાચાર્યજીના

પૃષ્ઠ પ્રકાશન સહાયક :-

પ. ભ. શ્રી જેઠાલાલ નાથાલાલ સોની રાજકોટના **સદૈન્ય ભગવદ્ સ્મરણ**

નામ સ્મરણ અને સિધ્ધાંન્તથી પ્રતિકુલ છે. શ્રી વલ્લભાચાર્યજીના મતમાં 'નકો મુનિર્યસ્ય વચ પ્રમાણ' નો અર્થ ઋષિ વાકયોની અપ્રમાણીકતા સિદ્ધ કરવાનો નથી વસ્તુતઃ આચાર્યશ્રીએ તેની સંગતી ધર્મ વિવેકથી કરવાની દિશાનો નિર્દેશ કર્યો છે. વર્તમાન ટ્રસ્ટી વ્યવસ્થાપક નથી કે સેવક નથી. તેમનું સ્વરૂપ દેવ, ગુરૂ બ્રાહ્મણ અને ગાય આદિપર શાશન કરવા માત્રનું છે. જે પોતાની મેળેજ પાપ છે, મંદિરના સેવકોની નિયુકિત પણ આચાર્ય આજ્ઞા વિના નથી થઇ શકતી ચાહે તે કોઇ પણ સંસ્થાન હોય. નિયમ હકુમતના આધારથી સમાપ્ત થયો જેનું કારણ અભિમાન અને દ્રવ્ય છે. વૈષ્ણવતો પોતાના ઘરમાં પણ પરિવારના સભ્યોને સેવાની આજ્ઞા આચાર્ય શ્રી દ્વારા અપાવે છે, વર્તમાનમાં ધર્મ વિમુખ થવાનું કારણ પણ આજ છે (આચાર્ય આજ્ઞાની સામાન્યા તૂટવી તે) આનાથી અવ્યવસ્થા પતન અને પ્રમાદનો માર્ગ મોકળો થયો છે.

વર્તમાન આચાર્યશ્રીની આજ્ઞાઓમાં વિરોધાભાસ દેખાવાનું કારણ સમજનો અભાવ છે. એક ક્ષેત્રીય આદેશ સાર્વજનિક યા સર્વ ક્ષેત્રીય નથી. હોતો એજ પ્રકારે કોઇ ખાસ અવસ્થા માટે આચાર્યશ્રી અમુક વ્યકિતને આજ્ઞા આપી શકે છે. જેનાં પ્રમાણ વેદથી માંડીને વાર્તા સાહિત્ય તથા પરંપરામાં મલે છે. વસ્તુતઃ આજ્ઞાનું પોતાનું ક્ષેત્ર અને પ્રામાણ્ય છે. જેમાં સીમિત અને વ્યાપક બન્ને ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આજ કાલ સુવિધા માટે કે પ્રમાદના પોષણ માટે આજ્ઞાઓ લેવાઇ રહી છે.

સ્વધર્મનું પાલન શરીરથી થવું જોઇએ શરીર ધર્મનું સાધન છે. આ શાસ્ત્રીય વાકય પુષ્ટિ માર્ગમાં પરમ આદર્શના રુપમાં પ્રતિષ્ઠિત છે. યજ્ઞમાં પણ જયારે યજમાનથી કાર્ય સંભવ નથી હોતું તો 'યજમાન' ના પ્રમાદના દોષનો પરિહાર (નિવારવા) કરવા માટે પ્રાયશ્ચીતનું વિધાન અને પ્રતિનિધીનું વરણ (નિમણુક) આચાર્ય આજ્ઞાથી થાય છે અહીં વેદ પરંપરાજ માન્ય છે. શિષ્ય ધર્મની વિશેષતા ન સમજી ગુરૂઓને આશ્રિત માનવાનાજ આદુષ્પરીણામો છે. બહુધા આચાર્યોનું પરંપરાથી જાણકાર ન હોવું અને સ્વયંભૂ પોતાને માનીલેવાની પ્રવૃત્તિ વૈષ્ણવોની ચાટુકારીતા (મીઠુમનાવવા) થી આવી ગઈ છે. નહીંતર તેઓમાં (આચાર્યોમાં) પણ ગુરૂજનોની આજ્ઞા લઇને કાર્ય કરવાની વિધિ હતી.

આ વાત સહુએ સમજવાની છે કે આજ પણ સેવામાં શ્રી યશોદાજીની ગાદિ પર બેસીનેજ શ્રંગાર થાય છે અને આ ગાદિ બે બને છે. જેમાં ભાવાત્મકતથ્ય છે. આચાર્યશ્રીની આજ્ઞા વિના મુખીયાજી પણ તેની પર નથી બેસીશકતાં એટલે આચાર્ય આજ્ઞા દરેક કાર્યમાં પહેલાં લેવાતી હતી. વૈદિક શિષ્ટાચાર 'અનુજ્ઞામધિગમ્ય' એ વાત આવે છે. બીજી ગાદિપર આચાર્યશ્રી ડોલ તિબારી માં કે અન્ય સ્થાન પર અપરસમા સેવાના અનવસર સમયે સંધ્યા કરતા હતા અહીં આચાર્યશ્રી માં ઉભયભાવ સંવલિત છે. જેનાપર અહીં વિશેષ વિવેચન ન કરવું જ ઠીક છે.

હાલમાં વૈષ્ણવ પરિવાર પત્રિકાના સંપાદકે હસ્તાક્ષર પ્રકાશિત કર્યા છે. અને વૈષ્ણવો ને તે સેવામાં રાખવાનો આદેશ આપેલ છે. આ અનઅધિકાર ચેષ્ટા છે. હસ્તાક્ષર કોના છે તે બીજી વાત છે અને અમારે નથી તો તેના

પર વિવાદ કરવો છતાં પણ વૈષ્ણવોને હસ્તાક્ષરની સેવાં કરવી હોય તો પોતાના ગુરૂ ના હસ્તાક્ષરની જ કરવી જોઇએ. અને તેઓ ને જ નિવેદન કરી તેઓની જ આજ્ઞા દ્વારા એમ કરવું ઉચીત છે. સંપાદકની આજ્ઞા તો એક અભિમાન અને મર્યાદાનો જ અતિક્રમ છે. સંપ્રાદાયની પરંપરાની જાણકારી ન હોવાથી અને કોઇકથી પ્રેરીત આ પત્ર સંપ્રદાયના વિષયમાં આજ્ઞા નથી આપી શકતું ન તો તેણે આંતર જાતીય વિવાહ આદિનું આયોંજન પરિવારના નામપર કરવું જોઇએ જો કંઇ કરવું છે જ તો મર્યાદાનો વિચાર કરીને આચાર્યની આજ્ઞાથી જ કરવું ઉચીત છે. પુંજીવાદિ વિચાર ધર્મમાં ઉપાદેય સર્વથા નથી જ. એટલે જ આ અકિંચન ભકિતમાર્ગ છે. જ્યાં સુધી સેવાનો પ્રશ્ન છે ચિત્રપણ હસ્તલિખિત (હાથ કલમનું) હોવું જોઇએ પાઠનું પુસ્તક બનાવવું તો તે પણ પોતાના હાથથી લખવું મંત્ર લખીને શ્રીયમુનાજીમાં પધરાવવા કરતાં આ શ્રેષ્ઠ છે. પાઠ પુસ્તક લખવા કાળીશાહી ઘરમાં તૈયાર કરવી. ભગવત્સેવામાં ગાવામાં પદ પણ હાથે લખીને કોઇ પણ આચાર્યશ્રીને ભેટ કરવા જોઈ જેથી પ્રભુસન્મુખ કીર્તનનીઆજી તેનું ગાન કરી શકે. પોતાના ગુરૂના પાદુકાજી ના અર્ચન સેવન પણ વૈદિક છે. એ પુષ્ટિધર્મમાં સ્વીકૃત છે. ઉપાય તો કોઈ પણ વાતનો શાસ્ત્ર પરંપરાથી નિકળે છે કીન્તુ તે પરંપરા નથી તેમજ તેને પરપરા બનાવી લેવી પણ ઉચિત નથી.

આજ એ આવશ્યક છે કે પ્રકાશન પણ આચાર્યોના નિયત્રણમાં પરિષદ દ્વારા થવું જોઇએ. એમ ન થવાથી અપદાર્થ અને ખોટો પ્રચાર થઈ રહ્યો છે. નવિ વાત ચલાવવાની ધુનમાં કયાંક મૂલોચ્છેદ જ ન કરી દે તે યાદ રાખવું જોઇએ નિસ્સાધનતાની ભકિતનુ પોતાનુ એક અલગ જ સ્વરૂપ છે જે લોકો આચાર્ય ગૃહ (મંદિરો) માં જઇને સેવા કરીને જીવનનું સમર્પણ કરતાતા તેનાથી જેવો સંપ્રદાય અને ધર્મનો વિકાસ થયો તેવો આજ રૂપિઆ ખર્ચ કરવાથી નથી થઈ રહ્યો. મન માન્યું કરવાનું આ પરિણામ છે. વિખરાવનું પણ કારણ આવું જ છે.

સેવાની દ્રષ્ટીએ આજ સેવાનું સ્વરૂપ કયાંય નથી રહયું સેવાની વિવિધતા અને તેમાં સમર્પિત કલા. શ્રંગાર, સાહિત્ય, વિજ્ઞાન, જ્ઞાન, જીવન અને ભાવનાનુ નિમાર્ણ સહજમાં નથી થઈ જતું વૃજમાં બેઠકોમાં સેવા કરવા વાળા વૈષ્ણવોએ આચાર્યના સન્મુખ રહીને પ્રચાર કરેલ હતો તેવો પ્રચાર અત્યારના લોકો નથી કરી શકતા એ એક તથ્ય છે. પછી એક એવો સમય પણ આવ્યો જયારે આચાર્યની અનન્યતાએ વિકૃત રૂપ લીધું અને તેનાથી વૈષ્ણવોનું અભિમાન વધ્યું. શ્રીદામોદરદાસજીની કથા તેનું અંગ બની કિતુ આગળ પાછળનો વિવેક નષ્ટ થઈ ગયો એજ રીતે ગપ્પ બાજીનું બજાર તેજ થયું. અને ભાવનાના નામ પર વિચિત્ર વાતો અને કલ્પના સામે આવવા માંડી. આનાથી અધિક હાની જ થઇ છે. આજ કેવલ રીઠોરાની બેઠકમાં વૈષ્ણવ સેવા કરે છે. અને સંપ્રદાયનું અધ્યયન અને ભાવના આચાર સાથે ત્યાં કંઇક દેખાઈ રહે છે, સત્સંગથી વ્રજવાસી પણ વૈષ્ણવ બન્યા છે.

અગાઉ પત્રિકામાં શ્રી ગુંસાઇજીના બટવારાના હસ્તાક્ષરના બ્લોક પ્રસિધ્ધ થયાં હતાં

કિંતુ તેને સેવામાં પધરાવવાની વાત ન તો કોઇએ લખેલી ન એ વાતની ચર્ચા પણ ચાલી તો હવે આ નવિ ચાલની પાછળ રહસ્ય શું હોઈ શકે છે ? માટે અમારા મતે પરમ્પરાની જાણકારી એકત્ર કરીને તેને વિચારીને આચાર્યો પાસે અનુમોદન કરાવીને શ્રી વલ્લભ સુધા અને અન્ય પરિષદના પ્રકાશનોમાં પ્રકાશિત કરવાની વ્યવસ્થા કરવી જોઇએ. અન્યથા સમાજ માર્ગ ભૂલી જશે. પ્રશ્ન માનવા ન માનવાનો નથી તેનાથી જાણકારીની રક્ષા થશે. અને ઇતીહાસમાં કાર્ય થઈ શકશે. વૈષ્ણવ વાણીમાં સાહિત્યનો પ્રકાશ અને આચાર્યોપદેશ પ્રકાશિત થાય છે તેવી રીતે ગ્રથ પ્રકાશન અને પ્રવચન (પ્રકાશન)ની વ્યવસ્થા થવી જોઇએ આ માર્ગ જેમનાથી સ્થાપિત થયો છે તેઓનું નામજ 'સર્વ-ત્યાગોપદેશકઃ' છે એમાં આટલું માત્સર્ય અને અહં તો પતનનું જ કારણ બને તો તેમાં આશ્ચર્યની વાત શી છે. માટે તેનાથી તો બચવું જ જોઇએ. શ્રી ગોકુલનાથજીએ ભાવના ઉંચી રાખવાની વાત આજ્ઞાજ નથી કરી તેને ચરિતાર્થ પણ કરી છે, એવી જ રીતે વૈષ્ણવ સમાજે પોતાનું જીવન બનાવવું અને આરાધના કરવાની છે. જ્યાં દૈવી દ્રવ્યનો વિનિયોગ અન્ય કાર્ય યા મકાનમાં થયો હોય ત્યાં રહીને કંઇક સેવા પણ શ્રી ઠાકુરજીની કરવી જોઇએ એનો અર્થ એ નથી કે ગુજરાતમાં ક્યાંક વૈષ્ણવ વૈષ્ણવને ઘરે જ્યારે પ્રસાદ લેવા બોલાવે છે ત્યારે તેમની પાસેથી પૈસા માંગી લે છે કે આતો સમર્પિત દ્રવ્ય છે. સમર્પિત દ્રવ્ય અને જીવન તથા દૈવીદ્રવ્યમાં અન્તર છે. જેનું સ્પષ્ટીકરણ વાર્તા સાહિત્ય અને ગદ્યમંત્રની ટીકા તેમજ સિધ્ધાન્ત રહસ્યમાં મલે છે. એ ઉચીત છે કે ગ્રંથ શ્રવણ પંડિતો પાસેથીજ કરવું જોઇએ. વૈષ્ણવોએ તો ભગવદ્‌વાર્તા જ કરવી જોઇએ ચાહે તેમાં ગ્રંથ ચર્ચા પણ કેમ ન આવતી હોય શ્રી વાડીલાલભાઇ વૈષ્ણવ પરિષદના અધ્યક્ષ એમજ કરતાં હતાં માટે આજ આપણે એક જ સંગઠનમાં સમર્પિત થઇ સંપ્રદાય રક્ષા અને સેવાભાવનાની સાથે ધર્મની રક્ષા અને સમાજનું કામ કરવું ઉચીત છે. એમાં સહન કરવુ પડે તો કરવું અને ત્યાગ પણ કરવો તો આ સ્વધર્મ સેવા થશે. પરિષદ સહુની છે એમાં કેવલ આપણા ગુરૂચરણોના આશિર્વાદથી જ આપણે સફળ થવા ચાહીએ છીએ અન્યથા અમારી વિફલતાઓનો પણ ક્ષોભ નહીં થાય.

ભગવાન વિરૂધ્ધધર્માશ્રયી છે એમ જ આપણા ગુરૂજન પણ ક્યારેક એવો આદેશ દે છે, અને તેને યા આજ્ઞાને વિરોધ નથી માનતા ન એ અમારો ધર્મ છે. સ્પષ્ટ છે કે સ્વધર્મનું આચરણ આપણે નિષ્ઠાથી સુદૃઢતા સાથે કરવાનુ છે. એમાં આશિર્વાદ અને કૃપા જ કારણ છે. જે આપણને શ્રીગુરૂઓથી જ પ્રાપ્ત છે.

પુષ્ટિમાર્ગની પરંપરામાં ધર્મ પુંજીનું પ્રદર્શન નથી તે તેની સાથે જીવનનું સેવામાં વિનીયોજન છે. માટે વૈષ્ણવો અને સંસ્થાએ એવા પ્રદર્શનોથી બચવું જોઇએ અને મનમા ભાવનાની દૃઢતા રાખીને જ કાર્ય કરવું જોઇએ પુંજીના પ્રદર્શનનો વિરોધ શ્રી પ્રભુચરણે એક શેઠની વાર્તામાં કર્યો છે. જ્યારે તેણે પ્રત્યેક વૈષ્ણવ દ્વારા એક મોહર ભેટ મોકલીને પોતાની દંડવતપ્રણામાંજલી નિવેદન કરાવી

હતી માટે આ તથ્ય સ્મરણીય છે. સમભાવ અને સમન્વયનો આધાર દીનતા છે. અને તેજ ભગવાનને પ્રસન્ન કરવાનું પણ સાધન છે. અહીં ભાવના એક કલ્પના નથી ન તો મનમાં વિચાર કરવાની પદ્ધતી, એ તો ભગવદ્ અનુભૂતિ કરવાનો ગંભીર પ્રકાર છે. માટે જ તેને શુદ્ધ અને ઉચ્ચ રાખવાંની આજ્ઞા છે સેવામાં ભાવનાની પ્રધાનતાથી ભાવરૂપ ભગવાનનો અનુભવ પ્રાપ્ત થાય છે. ભાવનાની દ્વારા પ્રાપ્ત અનુભવ યોગથી પણ ઉડો અને પ્રત્યક્ષ છે. જેનો જીવન અને શરીર પર પ્રભાવ થાય છે જડ વસ્તુમાં સેવાત્મક સ્વરૂપની ઉપયોગીતા અને તેનો અનુભવ પણ આનાથી જ થાય આ રીતે બુધ્ધીની જડતા પણ દૂર થાય છે. અને દુરાગૃહથી નિવૃત્તિ થાય છે. અવિદ્યાની નિવૃત્તિ અને વિદ્યાની પ્રાપ્તીનું આ માધ્યમ લીલાના અનુભવમાં પરમ સહાયતા કરે છે. ભગવદ્ સ્વરૂપમાં શ્રી હરિનો આવિર્ભાવ અને સાક્ષાતનું આ સબળ મધ્યમ છે. માટે માનસીના પ્રકારથી આમાં કંઈક ભીન્નતા છે. માનસી સેવાના સમયે નથી થતી તે તો અનવસરમાં એ સેવા માટે છે જે વ્રજજનો દ્વારા થઇ રહી છે. પ્રકાર અને ભાવ ભેદનો લીલામાં અનુભવ પરમાનન્દદાસજી તથા અન્ય ભકતોએ વર્ણન કરેલ છે. એમ જ "ભજન ભેદ ન્યારો પરમાનંદ" એ વાત પણ સિદ્ધ છે.

જ્યાં શ્રીવલ્લભચાર્યજીએ આજ્ઞા કરે છે કે 'અતોન્ય વિનિયોગેપિ ચિન્તાકાસ્વસ્ય સોપીચેત્" તેમાં વિચાર અને વિવેકથી ચિન્તા મુકત થઈને સેવા પરાયણ બનવાની આજ્ઞા છે. આપણને અન્ય વિનીયોગતો તો શું અન્યથા વિનિયોગનો પણ વિચાર નથી. તો પણ એ સ્પષ્ટ છે કે ભૂખ્યાને ભોજન અને ઉઘાડાને વસ્ત્ર અને દાન આદિ કરવાનું વિધાનતો શ્રી મહાપ્રભુજી સ્વયં આજ્ઞા કરે છે. એમાં ચિંતાનું કારણ એ માટે નથી કે આપણું જીવન અને બધુજ ભગવત્સંબંધી બને ભગવદિયના ધર્મની રક્ષા થાય. મનુષ્યના જીવનની સહુથી વધુ વિશેષતા છે. આ કુંજરીની વાર્તામાંજ બતાવેલ છે. આથી એ સિદ્ધ થઇ જાય છે કે માનવજીવન સાધનાથી મહાન છે. અને ધર્મ તો તેથી પણ અધિક છે. ભકતો એ ત્યારેજ એ વાત નિશ્ચિકથઇને કહી છે કે "સુઠ સોંધો પ્રાણન કે પલટે ઉલટ ધર્મો યહનેમ" આરીતે પ્રાણથી પણ અધીક સેવા છે અને બધા સાધનોથી મહાન મનુષ્યના જીવન છે એનાથી સ્પષ્ટ છે કે નિસ્સાધન ભકિત માર્ગ સાધન સાપેક્ષ ધર્મ નથી નતો ભારતિય ધર્મ પણ તેનું સમર્થન કરે છે. સાધનની મહત્તાનો સ્વીકાર કરીને જ ધર્મમાં સમર્પણની વિધી ગૌણ બની ગઇ તથા નોકરાનો સમાવેશ થયો છે. એમાં અમલદાર અમલની માદકતામાં મદમાતા બન્યાં અને સ્વધર્મથી અલગ થઇ ગયાં. આ રીતે જન સેવા આધુનિક નામકરણ છે. કિન્તુ તેનો ધર્મમાંજ સમાવેશ શ્રી પ્રભુચરણે કરેલ છે. અને મનુષ્યના પ્રાણની રક્ષા માટે મોંઘા મોંધા સાધન પણ ત્યોછાવર કરી શકાય છે. એ પણ ધર્મ સાધન છે. અને એક લાખનું એક ફુલ પ્રભુને અંગીકાર કરવવું પણ ધર્મીની આરાધના છે. આપણી પરંપરામાં ધર્મીસ્વરૂપ અને ધર્મ રૂપ ભગવાનની પણ એ વિવિધતા છે જે લીલા અને સ્વરૂપથી સ્વતઃ સિદ્ધ અને અભિવ્યકત છે. આપણે આજે આપણું ચિત્ત અને દૃષ્ટીકોણ ભગવદિય બનાવવાનો છે. સંગઠનનો આજ પ્રયાસ છે. અને સ્વધર્માની આજ સેવાનો પ્રકાર છે. એમાં દલગત ભાવના ક્રીડા માટે છે નહીં કે વૈર અથવા યુદ્ધ માટે છે. આશા છે વૈષ્ણવ સમાજ સ્વધર્મની પરંપરાને સુરક્ષીત કરીને ઉદ્બોધન પ્રાપ્ત કરશે. **–ભવદિય ગો. ર. પ્રથમેશ**

॥ શ્રી નાથજી ॥

માનનીય વિદ્વાનોને સવિનય નિવેદન

શ્રીનાથ દ્વારા નિવાસી સેવા પરાયણ હરિપદ પ્રાપ્ત વે. શા. સં. ઋગ્વેદાન્તર્ગત અશ્વલાયન શાકલ શાખીય શુ. વૈ. તૈલંગ બ્રાહ્મણ ગોકુલસ્થ ભટ્ટ કરંભોપાધ્યાય શ્રી રણછોડલાલાજી જન્મ શતાબ્દિ વર્ષ સમારોહ અંતર્ગ ઘોષીત.

નિબંધ પુરસ્કાર

વિષય :– ૧. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની સર્વ કાલિક સ્થિતી ૨. વર્તમાત વિશ્વસમશ્યાઓમાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની ઉપાદેયતા ૩. પુષ્ટિમાર્ગીય ગુરૂ પરંપરાનું પ્રમાણિક વૈજ્ઞનિક સમીકરણ.

પ્રથમ પુરસ્કાર રૂ. એક હજાર દ્વીતીય પુરસ્કાર રૂ. પાંચસો તૃતિય પુરસ્કાર રૂ. બસ્સો પચાસ.

ઉપરોક્ત વિષયો પર હિન્દી અથવા ગુજરાતીમાં ૧૦૧ પૃષ્ઠ સુધીનો નિબંધ લખી આગામી દિવાળી તા. ૨૪–૧૦–૮૪ સુધીમાં નીચેના સરનામે મોકલવાને વિદ્વાનોને આગ્રહ નિમંત્રણ છે.

નિવેદક :– કરંભાકૃષ્ણચંદ્ર ભટ્ટ
મંત્રી :– કરંભા શ્રી રણછોડલાલાજી જન્મ શતાબ્દિ સમિતિ
શ્રીયમુના નિકુંજ **પો. નાથદ્વારા** (રાજસ્થાન) પીન–૩૧૩૩૦૧

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ)

રૂલ્સ ૧૯૫૭ અન્વયે "શ્રી વલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી

ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં. ૮)

(૧) પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨) તેના પ્રકાશનની સામાયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા	ભારતિય
સરનામું	૫૫૧, તક્ષશિલા સોસાયટી આકાશવાણી સામે, રાજકોટ
(૪) પ્રકાશનું નામ	ઉપર પ્રમાણે
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૫) સંપાદકનું નામ	,,
રાષ્ટ્રાયતા	,,
સરનામું	,,
(૬) જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું નામ અને સરનામું	આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ G–2 સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ મુંબઈ–૧

હું રવજી પરસોત્તમ પટેલ આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

મુદ્રક પ્રકાશક અને સંપાદક

તા. ૨૦–૨–૮૪

રવજી પરસોત્તમ પટેલ

હોરી ખેલ

પ્રેષક : જાદવજી ખેરાજભાઇ (ચરનરજ) સૂરત

વસત ઋતુને ઋતુરાજનું બિરૂદ પ્રાપ્ત થયું છે, વસંતના આગમન માત્રથીજ વસુંધરા જાણે હસતી હોય તેવી પ્રફુલ્લીત બની જાય છે સર્વત્ર આનંદ અને મસ્તીની છોળો ઉછળવા લાગે છે. પ્રકૃતિ જાણે નૃત્યાંગના બની અત્યંત સૌંદર્ય વતી બની જાય છે વનરાજીના વૃક્ષો પોતાના જુના-પુરાણા પલ્લવોનો ત્યાગ કરી નૂતન-સુકોમળ પત્રોના શ્રગાર સજે છે સરોવરમાં વિવિધ પ્રકારના કમળ પુષ્પો અને પૃથ્વી પર કેશુડાના પુષ્પો ખિલી ઉઠે છે. જાણે પલાશ વૃક્ષ પર નૃત્ય કરતા ન હોય! આમ્ર વૃક્ષ પરની મંજરીયો વસંતના વધામણા રૂપે મસ્ત સુગંધની લહાણી કરવા લાગી જાય છે ત્યારે મદ-મસ્ત મધુકરો મધુપાન કરતા વિવિધ પુષ્પો પર ગુંજારવ કરતા જાણે સંગિતની લહેરો ઉછાળતા હોય તેમ ડોલી રહ્યા છે. સર્વત્ર જાણે વસંતના મંગળ વધામણાનો મંગળ ઉત્સવ ઉજવાઇ રહ્યો છે. કોકિલા આમ્ર ઘટામાં આનંદમસ્તીમાં મધુર ધ્વનીથી પંચમ રાગ આલાપી રહી છે. ત્યારે વસંતનો વાયુ પણ મદોન્મત બની માદક નૃત્ય કરી વસંતના વધામણા આપી રહ્યો છે. સર્વત્ર આનંદ ઉત્સવનો પુર્ણ પ્રભાવ વ્યાપિ રહ્યો છે વસંતના આવા મોહક સ્વરૂપને જોઇ કોનુ હૃદય આકર્ષિત નહીં થાય? સરિતાના નિર્મળ નીર અને કિનારા પર વિવિધ પુષ્પલતા વૃક્ષાવલીને વિંટળાઇ જાણે કે પ્રિયતમને સમર્પિત થઇ રહી હોય તેવી જણાય છે.

વસંતનું વર્ણન કરતાં પરમ ભગવદિય શ્રી નંદદાસજીયે પણ ગાયું છે કે,

(પદ)

લહકની લાગી વસંત, બહાર સખી
ત્યોં-ત્યોં બનવારી લાગ્યો બહકનિ ।
ફુલે પલાસ નખ નાહર કૈસેં,
તૈસોઈ કાનન લાગ્યો રી મહકનિ ॥
કોકિલ મોર, શુક, સારસ, ખંજન
ભ્રમર, દેખી, અખિંયા લગી લલકનિ ॥

શ્રી ગોવિદસ્વામિ પણ વસંતની મનોહરતા જોઇ ગાઇ રહ્યા છે (પદ).

આયો વસંતરિતુ અનૂપમ કર્ત આમ્ર ભૌરે।
બોલત બન કોકિલા, માનો કૂહુ-કૂહુ રસ ઢોરે ॥
ફુલી વનરાજી જાઇ, કુંદ, કુસુમ ઘોરે ।
મધુરાતે-મધુમાતે મધુ ફિરત દૌરે ॥
હમ-તુમ મિલિદેખે લાલ નિકુંજ ભવન દ્વારે ।
ગોવિંદ પ્રભુ નંદન-સુવન ખેલત ઇક ઠૌરે ॥

આવા અનેક પરમ ભગવદિયોએ વસંતમાં શ્રી ઠાકુરજીની લીલાના અનેક સુલલિત પદોની રચના કરી છે જેનું અવગાહન કરતાં મનમુગ્ધ અને તન્મય બની જાય છે પરમ ભગવદીય શ્રી 'સૂરદાસ' વસંતનું વર્ણન કરતાં ગાઈ રહ્યા છે,

(પદ)

કોકિલ બોલી વન-વન ફુલે મધુપત્ર ભરન લગે
સુની ભયો મોર શોર બંદીનકો મદન મહિપતિ જાગે ॥
તે દુને અંકુર દ્રમ-પલ્લવ, જે પહેલે દવ લાગે ।
માનહુ રતિ-પતિ રીઝિ જાચકનિ બરન બરન દિયે બાગે ॥

વનરાજી કુસમિતિ બની ગઈ ભ્રમર ગુજારવ કરવા લાગ્યા. કોકિલ સંગિત છેડવા લાગી ત્યારે મદન મહારાજા આ બંદીજનોના કોલા-

હલથી જાગૃત થઇ ગયા. જે વૃક્ષોના પલ્લો પ્રથમ પીળા થઇ ખરી પડયા હતા, તેના સ્થાને અનેક નવિન પત્રો પ્રકટ થયા, માનો રતિ-પતિયે, પ્રસન્ન થઇ વિવિધ પ્રકારના નૂતન વસ્ત્રો પહેરાવ્યા હોય નહીં !

આવા વસંતની મોહક રૂતુમાં નંદનંદન શ્રી કૃષ્ણ સખાઓ અને ગોપી જનો સહિત યમુના તટપર નિકુંજોમાં ફાગ-ખેલમાં રસ મસ્તિ માણી રહ્યા છે.

(પદ)

પિયપ્યારો ખૈલે ખૈલે-જમુનાતીર ।
ભરી કેસરી કુમ-કુમ અરૂ અબીર ।
ઘસી મૃગમદ ચંદન અરૂ ગુલાલ
રંગભીને અરગજ વસ્ત્રન માલ ॥
હરિ સંગ ખૈલતી હૈ સબ ફાગ,
ઇહિ મિસ પ્રકટ કરતી ગોપી,
ઉર અંતર કો અનુરાગ ॥
સારિ પહરી સુરંગ કસી કંચુકી
કાજર દે-દે-નૈન ।
બનિ-બનિ-નિકસી-નિકસી ભઇ ઠાડી
સુની માધૌ કે ભૌન ॥
ડફ બાંસુરી રૂંજ અરૂ મહુઅરિ,
બાજત તાલ મૃદંગ ।
અતિ આનંદ મનોહર બાની
ગાવત ઉઠતી તરંગ ॥
એક કોંધ ગોવિંદ ગ્વાલ સબ
એક કોંધ વ્રજનારી ।
છાંડી સકુચ સબ દેત પરસ્પર
અપની ભાઈ ગારી ॥
મિલિ દસ-પાંચ ચલી કૃષ્ણ હી,
ગહિ લાવતી અચકાઈ ।
ભરી અગરજા અબીર કનક-ઘટ
દેતી સીસતે નાઈ ॥
છિરકતી સખી કુમ-કુમ કેસરી
ભુરકતી બદન ધુરિ ।
સોભિત હૈ તનુ સાજ સમૈ ઘન,
આયે હૈ મનુ પુરિ ॥

ગોકુલની ગ્વાલિનો હોલીના અવસર પર ઝુંડના-ઝુડ મળી ફાગ ખેલવા ચાલી નીકળી છે આનંદ મસ્તીના તરંગો ઉછળી રહ્યા છે ભકતરાજ 'સૂરદાસ'જીયે એનું અનુપમ વર્ણન કર્યું છે.

(પદ)

ગોકુલ સકલ ગ્વાલિનિ, ઘર-ઘર ખેલતી ફાગ ।
મનોરા ઝુમકરો ॥
તિનમે રાધા લાડિલિ, તિનકો અધિક સુહગ-
મનોરા.
ઝુંડની મિલિ ગાવત ચલી ઝુમતનંદ દુવાર-
મનોરા.
આજુ પરબ હસિ ખેલીયે, મિલિ સંગ નંદકુમાર
મનોરા.

ત્યારે શ્રીયશોદાનંદન મદનમોહન પણ હોરી ખેલની સંપુર્ણ તૈયારી કરીને પધાર્યા છે. તેનું વર્ણન કરતાં સૂરદાસજી કહે છે.

(પદ)

નિકસીકુંવર ખેલન ચલે રંગ હોરી ।
મોહનલાલ કિશોર રંગહોરી ।
કંચન માટ ભરાઇ કે રંગ હોરી ।
સોંધે ભયો કમોર, ભાલ રંગ હોરી ।
ઝાંઝ-તાલ સુર મંડલે રંગ હોરી ।
બાજત મધુર મૃંદગ લાલ રંગ હોરી ।
તિનમે પરમ સુહાવનિ, રંગ હોરી ।
મહુવરી, બાંસુરી, ચંગ, લાલ રંગ હોરી ।

શ્રીકૃષ્ણ વ્રજભકતો સહિત હોરી ખેલવા યમુનાતીર પર પધાર્યા છે એક તરફ શ્રીકૃષ્ણ અને સખા મંડલી છે ત્યારે બીજી તરફ શ્રીલાડીલીજી શ્રીલલિતાજી અને સખીયો છે. અદ્દભૂત ખેલ મચી રહ્યો છે પરસ્પર સ્નેહ સિકત ગારી દઈ રહ્યા છે. અને હાથમાં સુવર્ણની પિચકારી લઈ કેસર મિશ્રિત રંગ અને ગુલાલ ઉડાવી રહ્યા છે.

(પદ)

હોરી ખેલન યમુના કે તર,
કુંજની તર બનવારી ।
ઇત સખીયનકો મંડલ જોરે
શ્રીવૃષુભાન દુલારી ॥
હોડ–હોડી હે તે પર,
દેતહે આનંદ ગારી ।
ભરે ગુલાલ કુમકુમ–કેસર,
કર કેસર પિચકારી ॥

શ્યામના સખાઓ તથા શ્રી લાડિલીજીની સખીઓ વીણા, મહુવર, કિન્રી, બાંસુરી બજાવી રહ્યા છે ઝાંઝ. મૃદંગ અને ડફ્નીતાન, જામી રહી છે, પરસ્પર અબિલ, ગુલાલ, અને રંગની છોળો ઉડી રહી છે. આનંદ – મગન પુર્વક સહુ હસી–હસાવી રહ્યા છે.

આ પ્રસંગે શ્રી કૃષ્ણ એ સખાઓને બોલાવી બોલાવીને ખાનગીમાં ચેતવણી આપી "મિત્રો, સાવચેત રહેજો, આપણામાંથી કોઈ પણ સામા પક્ષના હાથમાં પકડાઇ જશે, તો એ એની ઈચ્છા પ્રમાણે આપણને નાચનચાવશે

(પદ)

"રે ભઇયા । તુમ ચોકકસ રહિયો ।
જો કાહુકો પકરી પાઇ હૈ,
કરીહૈ મનકો ભાયો ॥
તાતે સાવધાન વ્હૈ રહિયો,
મે તુમકો સમુ જાયો ॥

ત્યારે સામા પક્ષમાં શ્રી લાડિલીજી પણ પરમ ચતુર છે. તેમણે એક સખીને એકાંતમાં બોલાવીને, એને દાઉજીનો વેષ સજાવ્યો.

"રાધાગોરી નવલ કિશોરી, ઇન્હુ મતો જુ
કીન્હો । સખી એક બોલી લઇ અપને ઢિંગ,
ભેષ જુ બલકો કીન્હો ॥

સખી દાઉજીનો વેષ ધારણ કરી શ્રી કૃષ્ણની તરફ ગઈ વેષ એવો સરસ ધારણ કર્યો હતો કે, એને કોઇ ઓળખી શકયું નહીં સખી શ્રી કૃષ્ણ પાસે ગઇ અને તેને વાતોમાં રોકી લીધા. શ્રી કૃષ્ણ થોડા ગફ્લતમાં રહી ગયા. એ તકનો લાભ લઇ દાઉ વેષ ધારી સખીએ શ્રી કૃષ્ણને ઓચિંતાના પાછળથી પકડી લીધા. અન્ય સખીયો સાવચેત હતી તે એકદમ દોડી આવી. અને શ્રી કૃષ્ણને ચો તરફથી ઘેરીને ઉભી રહી ગઇ.

સખીયો દાવ જીતી ગઇ. અને હસતી-હસતી કૃષ્ણને કહેવા લાગી "અમે વિધાતા પાસે એટલું જ માગતા હતા કે, એકવાર શ્રી કૃષ્ણ અમારી પકકડમાં આવી જાય, પછી એની બરાબર ખબર લઇશું. આજે એ અવસર મળ્યો છે." યાદ છેને કનૈયા ! તમે અમારા વસ્ત્રો ચોરી લીધા હતા, ત્યારે અમે કેવી વ્યાકુળ બની ગઇ હતી ? આજે હવે અમારો દાવ છે. અમે તમારા વસ્ત્રો લઇ લેશું. અને તમારી શું સ્થિતિ થાય છે તે જોવામાં અમને ઘણો આનંદ આવશે.

એક સખી હસતી હસતી કહેવા લાગી: "કનૈયાના કમળ મુખને નયનભરી નિરખવાની મારી ઘણા દિવસની અભિલાષા હતી, તો એનું મુખ કમળ ઉંચુ તો કરો, એટલે મારી આંખો ભ્રમર બની એની ઉપર લાગી તો જાય !

બીજી સખી કહેવા લાગી :– કનૈયાના નેત્રોમાં અંજન અને કપાળમાં બિંદિ લગાવીયે

ત્યાર પછી આપણે એને નાચ નચાવશું એ નાચશે અને આપણે તાલ આપશું.

એટલામાં એક સખીયે પાછળથી ઝપટ મારી કૃષ્ણનો મોર–મુકુટ ઉતારી લીધો ત્યારે બીજી સખીયે પિતાંબર ખેંચી લીધું,

એક અન્ય સખીયે શ્રીકૃષ્ણના નેત્રોમાં અંજન લગાવ્યું અને શ્રીમુખપર ગુલાલ લગાવ્યો સખીઓને આજે કોઇ પ્રકારનો ભય નથી, હરીફ હાથમાં આવ્યો છે. હોળીમાં વળી ભયસંકોચ કેવો !

“માનત કૌન ફાગમેં પ્રભુતા,
મન ભાયો સો કિન્હો ।।

હોરીના અવસર પર કોણ કોને રોકી શકે ? આવા મદ–મસ્ત ઉત્સવમાં નાના મોટાનો ભેદ કેવો ?

ભગવદિય કુંભનદાસજીયે ગાયું છે કેઃ

।। હોરી કે હૈ અવસરૂ, જીન કોઉ રિસ માનૌ।।

સખીયોને આટલાથી પણ સંતોષ નથી આજ વ્રજ બાલાઓ નિર્ભય પ્રેમ–મસ્તીમાં ખેલી રહી છે.

એક સખી બોલી :– “હવે તો દાઉદાદા તમને આવીને છોડાવે ત્યારે છુટી શકો !

બીજી સખી બોલી :– કનૈયા, એક સખાને ઘેરે મોકલો, એ યશોદા મૈયાને બોલાવી લાવે, એટલે એ આવીને તમને છોડાવી જાય.

અન્ય એક સખી કહેવા લાગી :– લલ્લા ! આજ તમે સહેજમાં છુટી શકશો નહીં જો છુટવાની ઈચ્છા હોય તો, અમારા લાડિલીજીના ચરણ કમલમાં પ્રણામ કરી વિનય પૂર્વક યાચના કરો, અને એ કૃપા કરી આજ્ઞા આપે તો જ છુટી શકો.

આ પ્રમાણે હાસ્ય–વિલાસ ચાલી રહ્યો છે એટમાં દાઉજી દુરથી આવતા જોવામાં આવ્યા, એટલે સખીયોએ ઓચિંતાના એને પણ પકડી લીધા અને શ્રીલાડિલીજીના સંકેતથી એની આંખોમાં પણ અંજન અને મુખ પર ગુલાલ લગાવી દીધો.

પરમ સદભાગ્ય છે, વ્રજવાસીયોના કે, જે પુર્ણ પુરૂષોત્તમ–પરમાનંદ સિંધુ એવા શ્રીકૃષ્ણ–બળદાઉના દર્શન અર્થે ઋષિ–મુનિયો કઠોર તપ કરે છે.

છતાં જેના ધ્યાનમાં પણ આવતા નથી; એવા શ્યામ સુંદરઃ આજે વ્રજવનિતાઓની સન્મુખ હાથ જોડીને ઉભા છે:

“જાકે કાજ ધ્યાન ધરી દેખ્યો,
ધ્યાનહુ આવત નાહિં ।
વે અબ દેખે વનિતા આગે,
ઠાડે જોરે બાંહી ॥

ભકતાધિન મંદ–મંદ હાસ્ય કરતા ગોપીજનોને કહેવા લાગ્યા :– સખીયો, તમે મનમાં આવે તે કહો, હાંસી–મશ્કરી કરો, પરંતુ દયા કરીને મારો મુકટ અને પિતાંબર પાછું આપો હું ઘર પ્રત્યે જઇ શકું.

હસિ–હસિ કહત મોહન સુ પ્રિતમ,
મન માન્યો સુખ કિજે ।
છાંડી દેહુ, ગૃહ જાઉ આપુને,
મુકુટ–પિતાંબર દિજૈ ॥

શ્યામ સુંદર હાથ જોડી ઉભા છે. સખીયોને કહી રહ્યા છે મને આજ્ઞા કરો તે પ્રમાણે ફગુવા આપવા હું તૈયાર છું.

શ્રી ઠાકુરજીયે સખાઓને બોલાવ્યા અને ગોપીજનોને વિવિધ પ્રકારના વસ્ત્રો વિગેરે આપ્યા. અને આ પ્રમાણે ખુબ–આનંદ–મસ્તી પૂર્વક હોલિકા ઉત્સવ પૂર્ણ થયો.

રાધા–મોહન જુગ–જુગ જીઓ,
સબ કોઉ ભલો મનાયો ।
બાઢો વંશ નંદબાવાકો,
‘સૂરદાસ’ યશ ગાયૌ ॥ *

ફેબ્રુઆરી ૧૯૮૪ના અંક ૧૧ના અનુસંધાને શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૧૨૧ શ્રી સુબોધિનીજી પ્રકાશન મંડલ–જોધપુર.
૧૨૨ શ્રી રમણીકભાઈ પ્રાગજી પારપાણી – ઘાટકોપર
૧૨૩ શ્રી શિવલાલ ગોપાલજી – મુંબઈ
૧૨૪ શ્રી બાબુલાલ મોહનલાલ આશરા – મુંબઈ
૧૨૫ શ્રી પ્રકાશભાઈ કનુભાઈ પટેલ – સુરત
૧૨૬ શ્રી હરકીશનભાઈ જે. કીકાણી – કાંદીવલી
૧૨૭ શ્રી સુમનભાઈ શાહ – કલકતા
૧૨૮ શ્રી જયંતિભાઈ બી. ઝવેરી – કલકત્તા
૧૨૯ શ્રી અજય સર્વીસીઝ – કલકત્તા
૧૩૦ શ્રી જાગનાથ મારબલ એન્ડ મોઝેક ટાઈલ્સ મેન્યુ. – રાજકોટ

સમાચાર

અમદાવાદ આં. રા. પુ. વૈ. પરિષદની ગુંજરાત પ્રદેશની એડહોક કારોબારી સમિતિની મીટીંગ તા. ૫–૨–૮૪ના રોજ **પ. ભ. શ્રી** ઈન્દ્રકાન્ત ત્રીકમલાલ શેઠના પ્રમુખસ્થાને મલી ગઈ જેમાં **પૂ.** પા. ગો **શ્રી** વ્રજેશકુમારજી (વિરમગામ–અમદાવાદ) એ આશિર્વાદ **આપી** વર્તમાન પરિસ્થિતિમાં ધાર્મિક શ્રદ્ધા બની રહે અને સંસ્કૃતિ માટે ઉત્કટ ભાવ જાગૃત કરવા પરિષદના વ્યાપક સંગઠનને વેગ આપવો અત્યંત જરૂર છે તેમ વૈષ્ણવોને આજ્ઞા કરેલ. આ મિટીંગમાં યુવાનોમાં સંસ્કાર સિંચન માટે ત્રણ શિબિરો યોજવાનું શ્રી મહાપ્રભુજીના ઉત્સવથી શરૂ કરી એક માસમાં દશ હજાર સદસ્યો નોંધવાનું ખેડા–પંચમહાલ જીલ્લામાં 'ભકિતવર્ધિની'નો પ્રવાસ યોજવાનું વિ. કાર્યક્રમો નકકી થયેલ પરિષદનાં સંગઠન મંત્રી શ્રી દ્વારકા પ્રસાદ પાટોદિયા તથા મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ ગુંજરાત પ્રદેશના મંત્રી શ્રી શાન્તીભાઈ બાંભણીઆ વિ. એ વિસ્તૃત ઉદ્‌બોધન કરેલ.

સીહોર પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહારના ઉપક્રમે મહાસુદ ૪ ના દિને મહાનુભાવ શ્રી દામોદરદાસજી હરસાનીનો જન્મોત્સવ પાઠશાળાના બાળકો દ્વારા સુંદર રીતે ઉજ્જળવામાં આવેલ.

અમદાવાદ તા. ૨૧–૧–૮૪ ના દિને શ્રીવલ્લભસદન સભા ગૃહમાં જાણીના કીર્તનકાર શ્રી ચંપકલાલ છી. નાયકે હિન્દીમાં લખેલપુસ્તક ભકિત સંગીત (હવેલી સંગીત) ઉદ્‌ભવ ઓર વિકાસ નો વિમોચન સમારોહ **પ. ભ. શ્રી** પ્રભુદાસભાઈ પટવારીજીના અધ્યક્ષ સ્થાને યોજાએલ અતિથી વિષેશ તરીકે પૂ. પાં. ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (શ્રી નટવર ગોપાલજી) પધારેલા પ્રો. કે. કા. શાસ્ત્રીજીએ સમારંભનું પ્રયોજન સમજાવેલ ડો. ચીનુભાઈ નાયક પ્રો. શ્રી રતીલાલ નાયક, **શ્રી** અતુલ દેસાઈ વિ. એ પ્રાસંગીક વકતવ્ય આપેલ. **શ્રી** ચંપકલાલ નાયકે હવેલી સંગીતની પ્રાચીનતાનો ખ્યાલ આપી મહાનુભાવ શ્રી નંદદાસજી કૃત ૧૦ રાગોમાં ગુંથાયેલા ભાવાત્મક રાગ માલા (સારંગ નયની) ચોતાલમાં ગાઈને ધ્રૂપદ ગાયનની સુંદર ઝાંખી કરાવી હતી **પૂ.** પા. શ્રી વ્રજરાયજી મહારાજે ભકિત સંગીત વિષે મનનીય પ્રવચન કરી શ્રી ચંપકલાલ નાયકને **અભીનંદ** આપતાં આજ્ઞા કરેલ કે આવો સુંદર ગ્રંથ હજુ સુધી પ્રગટ થયો નથી **પૂ.** મહારાજ શ્રી એ શ્રી નાયકને આશિર્વાદ આપી ઉપરણો ઓઢાડેલ આશ્રય પદ ગાન પ્રો. શાન્તીભાઈ બાંભણીઆએ કરેલ.

પાટણ ગુજરાત રાજયના શિક્ષણ ક્ષેત્રે નવિતરાહ નો **અમલ** થતાં ધો. ૧૨ ના વિજ્ઞાનમાં અભ્યાસ કરતાં દરેક વિદ્યાર્થીને દેડકાં કાપવાનું ફરજીઆત બનાવાતાં વિધાલયોમાં ત્રણ લાખ જીવોની હીંસા થઈ રહી છે આને અટકાવવા માટે જૈન મુની શ્રી રાજચંદ્ર વિજયજી (નિરાલા) દ્વારા અહિંસક આંદોલન શરૂ થયેલ છે આને સર્વે માનવતા વાદિ–ધર્મ પ્રેમી સજ્જનોએ સાથ સહકાર આપી આ ઘોર હીંસાને અટકાવવા મકકમ રજુઆત ગુજરાત સહકાર સમક્ષ કરવી જોઈએ આ આંદોલનને સાથ આપવા દરેકે તન મન ધનથી મદદ કરવી. વિશેષ માહીતી માટે સંપર્ક સ્થળ શ્રી મહેશભાઈ શાહ પ્રધાન પ્રચારક ટ્રસ્ટી

શ્રી રાજકવાડા જૈન ઉપાશ્રય નીશાળનો પાડો
પાટણ (ઉ. ગુ.)

હોળી લીલાનું ધોળ

મુજને અડશોમાં, આઘા રહો અલબેલા, છેલા અડશોમાં. ટેક

અંક ભર્યાના સમ ખાઓ તો, અધર તણો રસ પાઉં;
કહાન કુંવરકાળા છો અડતાં, હું કાળી થઈ જાઉં. મુજને-૧

તું મુજ અડતાં શ્યામ થાશ તો, હું કેમ નહિ થાઉં ગોરો;
ફરી મળતાં રંગ અદલા બદલી, મુજ મોરો તુજ તોરો મુજને-૨

કાળી થયાનું કાંઈ નથી મારે પણ, લગન લોકમાં ઠરશે;
લઘુવયમાં લાંછન લાગ્યાથી, બીજો વર કેમ વરશે મુજને-૩

બીજાવરનું કામ જ શું છે, હું વર તું વહુ ધન્ય;
જેનું લાંછન તેને વરીયે, તેમાં ન મળે અન્ય મુજને-૪

સુણી એમ હરિ વદની હસી ભેટ્યાં, પ્રતિ ઉત્તર ન દીધો;
હોળીની હાંસી મિષે 'દયા' પ્રભુ, બેએ આનંદ રસ લીધો-૫

-ભક્ત કવિશ્રી દયારામભાઈ

卐

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક, અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ

अखिल - राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

શ્રીવલ્લભ સુધા

॥ શ્રી હરિ ॥

અગ્નિ સ્વરૂપ

એક સખી બીજી સખીને પૂછે છે કે હે સખી? શ્રીમહાપ્રભુજી અગ્નિ સ્વરૂપ કહેવાય છે, તો તે અગ્નિ સ્વરૂપ કેવું છે?

ચતુર સખી દોહરામાં બહુ ગૂઢ વ્યંગ અને રસપૂર્ણ જવાબ આપે છે કે :–

દોહરા :– સુકેકું પરસે નહિ, લગી સરોવર આંચ;
જળ ગેરે દૂની બઢે, અકથ કથા સખી સાચ.

ભાવાર્થ :– શ્રીમહાપ્રભુજીનું અગ્નિ સ્વરૂપ ભૌતિક અગ્નિથી વિરુદ્ધ ગુણવાળું છે, ભૌતિક અગ્નિ સુકાને બાળે છે, જ્યારે શ્રીમહાપ્રભુજી સ્વરૂપ અગ્નિ તો જે શુષ્ક છે–પ્રેમ વગરનો–રસ વગરનો–દ્રવિત હૃદય વગરનો સુકો છે તેનો તો સ્પર્શ પણ નહિ કરે.

લૌકિક અગ્નિ સરોવરમાં (જલમાં) ઓલવાઇ જાય છે, ત્યારે શ્રીમહાપ્રભુજી સ્વરૂપ દિવ્ય અગ્નિ ભક્તના હૃદયરૂપી પ્રેમરસ ભરેલા સરોવરમાં પ્રકટે છે, (વિરહાગ્નિ પ્રગટે છે.) લૌકિક ચુલા વગેરેમાંનો અગ્નિ તો જળ રેડવાથી ઓલવાઇ જાય છે. જ્યારે શ્રીમહાપ્રભુ સ્વરૂપ અગ્નિ તો સત્સંગરૂપી જળ સિંચનથી ઉલટે ભભુકે છે. પ્રજવલિત થાય છે.

હે સખી! શ્રીમહાપ્રભુજી સ્વરૂપ અગ્નિની વાત તો કહેવા યોગ્ય નથી. એવો દિવ્ય અગ્નિ છે કે તે કહેવાની જગા જડવી કઠણ છે. આથી જ ભગવદીય કહે છે કે :–

દોહરા–શ્રી વલ્લભફલ ના ચખ્યો, ગ્રહ્યો ન ચરણ સરોજ;
ધિક્ ધિક્ તે જનને, ધર્યો ધરણી પર બોજ.

–દિનકિંકર

વર્ષ ૩ : અંક ૧૨ ❖ માર્ચ ૧૯૮૫
શ્રીવલ્લભાબ્દ ૫૦૬

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

નવા વર્ષનું લવાજમ મોકલો

સને ૧૯૮૪-૮૫નું ચાલુ વર્ષનું આપનું લવાજમ આ અંકથી પૂરું થાય છે.

સને ૧૯૮૫-૮૬ના નવા વર્ષનું લવાજમ સ્થાનિક કાર્યકર્તા વૈષ્ણવને ત્યાં ભરી પાકી પહોંચ મેળવી લેશો અથવા મનીઓર્ડરથી કાર્યાલયને મોકલી આપશો. (ઘણા ગ્રાહકોએ નવા વર્ષનું લવાજમ જમા કરાવેલ છે.)

મનીઓર્ડર કરતી વખતે ફોર્મની નીચેની સ્લીપ જે કાર્યાલયે રાખવાની હોય છે તેમાં આપના ગ્રાહક નંબર તથા પૂરેપૂરું સરનામું લખવા કૃપા કરશો.

નવા ગ્રાહક થનારે પોતે નવા ગ્રાહક છે તેમ સ્પષ્ટ જણાવવા વિનંતિ છે.

સંજોગોવશાત કોઈ ગ્રાહકની ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ઇચ્છા ન હોય તો તેમણે આ છેલ્લો અંક મળતા તુર્તજ કાર્યાલયને પત્રથી જાણ કરવા ખાસ નમ્ર વિનંતિ કરવામાં આવે છે.

શ્રદ્ધાંજલિ

પોરબંદર-દ્વારકાવાળા પૂ. પા. ગો. શ્રી નટવરગોપાલજી મહારાજ કુતિયાણા નજીક સરાડીયા ગામના નવા બસસ્ટેન્ડ પાસે વાહન અકસ્માતથી તા. ૨૯-૧-૮૫ના નિત્યલીલામાં પધારતા તથા તેઓશ્રીની સાથેના વૈષ્ણવો શ્રી હરિદાસજીભાઇ બારોટ તથા શ્રી હીરાભાઈ પટેલ શ્રીજી ચરણ પામતાં મોટીમારડ વૈષ્ણવ હવેલી ટ્રસ્ટના ઉપક્રમે પટેલ ગાંગજીભાઇ શામજીભાઇના પ્રમુખસ્થાને તા. ૧-૨-૮૫ના રોજ મળેલી વૈષ્ણવ સમાજની સભામાં તથા આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની જુનાગઢ શાખાના ઉપક્રમે શ્રી રતિલાલ જીવરાજભાઇના પ્રમુખસ્થાને શ્રી નાનજીભાઈ મેંણડીવાળાના નિવાસસ્થળે મળેલી સભામાં ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી તથા મૌન સાથે ભગવદ્ નામના જપ તથા શ્રી સર્વોત્તમજીના પાઠ કરવામાં આવ્યા હતા.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

સંપાદક મંડળ :
* **પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* **શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
* **શ્રી રવજીભાઇ પ. પટેલ**

❀

વર્ષ ૩ : અંક ૧૨
માર્ચ, ૧૯૮૫
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

શ્રદ્ધાંજલી

પૂ. પા. ગો. શ્રી નટવરગોપાલજી મહારાજશ્રી તા. ૨૯-૧-૮૫ના દિવસે સરાડીયા મુકામે મોટર અકસ્માતમાં નિત્યલિલાસ્થ થયાના હૃદયવિદારક સમાચારથી શ્રીવલ્લભસુધા સંપાદક-વ્યવસ્થાપક મંડલના બધા સભ્યોને અત્યંત આઘાત લાગેલ છે.

પ્રભુની લીલા માની હૃદયનું સમાધાન કરવું એજ આપણા માર્ગની રીત છે.

પૂ. મહારાજશ્રી ખૂબજ મીલનસાર, કૃપાળુ, ઉત્તમ વ્યવસ્થાપક વગેરે ગુણોના પ્રકટ દર્શન કરાવતા શ્રી મહાપ્રભુજીના ચોર્યાશીબેઠકજીની યાત્રા વૈષ્ણવ સમુહને કરાવીને અત્યંત આનંદદાન કરેલ, આવા પૂ. ગો. બાળકનો યુવાન વયે નિત્યલીલા પ્રવેશ એ આપણા માટે લૌકિક દૃષ્ટિએ ખુબ દુઃખદ પ્રસંગ છે. પ્રભુ 'નિજેચ્છાતઃ કરિષ્યતી'નું ભાવન કરવું એજ સમાધાન છે.

આ અકસ્માતમાં શ્રી હરિદાસભાઇ બારોટ તથા શ્રી હિરાભાઇ પટેલ પણ ભગવત્ચરણાવિંદ પામ્યા છે. એઓના પરિવારને પ્રભુ ધૈર્ય પ્રદાન કરે એજ વિનંતિ.

—સંપાદક-વ્યવસ્થાપક શ્રીવલ્લભ સુધા

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૨૫ મો)

ન પ્રહૃષ્યેત્પ્રિયં પ્રાપ્ય નોદ્વિજેત્પ્રાપ્ય ચાપ્રિયમ્ ।
સ્થિરબુદ્ધિરસંમૂઢો બ્રહ્મવિદ બ્રહ્મણિ સ્થિતઃ ।૨૦।

જે પુરુષ પ્રિયને પ્રાપ્ત કરીને હર્ષ ન પામે અને અપ્રિયને પ્રાપ્ત કરીને ઉદ્વિગ્ન ન થાય તે સ્થિર બુદ્ધિવાળો, મોહ રહિત, બ્રહ્મવેત્તા પુરુષ પરમાત્મામાં સ્થિત છે. ।૨૦।

એ પ્રમાણે સામ્યભાવે રહેલાને બ્રહ્મભાવની પ્રાપ્તિ થાય છે, એમ કહીને તેવો ભાવ પ્રાપ્ત કરેલાનાં લક્ષણ 'ન પ્રહૃષ્યેત્' વગેરે શબ્દોથી કહે છે. તે પોતાને પ્રિય હોય એવું પામીને અથવા પ્રિયના મિલનથી તે હર્ષ પામતો નથી; કારણ કે અતિશય હર્ષથી પછી માન ઉત્પન્ન થાય છે અને તેથી તેનો દોષ લાગે. વળી અપ્રિયને એટલે કે વિપ્રયોગને પામીને તેનો ઉદ્વેગ કરતો નથી. ભગવાને વિપ્રયોગ પરમ સુખ આપવાને માટે દીધો છે, તેમાં ઉદ્વેગ કરવાથી આગળ ઉપર પ્રભુની પ્રાપ્તિ નહિ થાય. એ પ્રમાણે બંને પ્રકારની અવસ્થામાં જેની બુદ્ધિ સ્થિર છે તે મોહ રહિત છે, અને તે બ્રહ્મને જાણનાર છે, એટલે કે મોહના અભાવને કારણે તે બ્રહ્મના સ્વરૂપને જાણનારો છે, એવો ભાવ છે. 'બ્રહ્મણિ' એટલે બ્રહ્મભાવમાં, તે સ્થિર રહેલો છે, એમ અર્થ છે. ।।૨૦।।

બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા વિંદત્યાત્મનિ યત્સુખમ્ ।
સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમક્ષયમશ્નુતે ।૨૧।

અલૌકિક ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ રહિત મનવાળો ભાવાત્મક સ્વરૂપમાં જે સુખ છે તેને પ્રાપ્ત કરે છે, બ્રહ્મમાં ધ્યાનયોગ વડે જોડાયેલો તે પુરુષ અક્ષય સુખને ભોગવે છે. ।।૨૧।।

અરે, આ શરીરથી ભગવદ્‌ભાવની પ્રાપ્તિ શી રીતે થાય ? એવી શંકાના જવાબમાં 'બાહ્યસ્પર્શેષુ' વગેરે શબ્દોથી કહે છે. 'બાહ્યસ્પર્શેષુ' એટલે લૌકિક ઇંદ્રિયોના વિષયોમાં જેનું અંતઃકરણ અસક્તિ વગરનું છે તે, ભાવાત્મક સ્વરૂપમાં જે સુખ છે તેને પ્રાપ્ત કરે છે, એમ અર્થ છે. યોગ એટલે કે ભાવાત્મક સુખ, તેને તે જાણે છે બ્રહ્મયોગમાં એટલે કે સદ્‌ભાવ સ્વરૂપમાં જેનું અંતઃકરણ જોડાયેલું છે, તેવો તે થાય છે. તે ભગવાનના અક્ષય દાસ્યાત્મક સુખને ભોગવે છે, એમ અર્થ છે. ।।૨૧।।

યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે ।
આદ્યંતવંતઃ કૌતેય ન તેષુ રમતે બુધઃ ।।૨૨।।

જે ઇંદ્રિયો અને તેના વિષયોના સંબંધથી જ ઉત્પન્ન થનારા ભોગો છે, તે જ દુઃખોના મૂળરૂપ, આદિ અને અંતવાળા છે. હે કુંતીપુત્ર અર્જુન, તેઓમાં બુદ્ધિમાન રમણ કરતા નથી. ।।૨૨।।

અરે, લૌકિક રસ ભોગવવાના અનુભવ વિના, અલૌકિક રસનું જ્ઞાન શી રીતે થાય ?

અને તેના અભાવમાં તેનો અનુભવ શી રીતે થાય ? તેના જવાબમાં 'યે હિ સંસ્પર્શજાઃ' વગેરે શબ્દોથી કહે છે. 'સંસ્પર્શજાઃ' એટલે વિષયના સંબંધથી થતા લૌકિક અર્થમાં જે ભોગો છે તે દુઃખના મૂળરૂપ છે, એટલે કે ભગવાનના સંબંધના અભાવે કલેશના કારણરૂપ છે, તેથી તે આદિ અને અંતવાળા છે. આદિવાળા છે એટલે સ્વભાવથી ઉત્પન્ન થયેલા છે, નહિ કે ભગવાનની ઇચ્છાથી; અંતવાળા છે એટલે પોતાના મનોરથો પૂરા થતાં પૂર્ણ થનારા છે. જે કારણે તે તેવા છે તેથી, હે કૌંતેય, હે મારા ભાવને અનુભવવા યોગ્ય, 'બુધઃ' એટલે પૂર્ણ પણે રસના જાણનારા ભગવાન તેમાં રમમાણ થતા નથી, રસદાન કરતા નથી, એમ અર્થ છે. જે કારણે ભગવાન રસજ્ઞ છે, તે કારણે તેમની ઇચ્છાથી તેના ભોગનો અનુભવ સિદ્ધ જ થશે, એવો ભાવ છે. 'હિ' નિશ્ચિતતાના અર્થમાં છે. ।।૨૨।।

શક્નોતીહૈવ યઃ સોઢું પ્રાક્ શરીરવિમોક્ષણાત્ ।
કામક્રોધોદ્ભવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ।।૨૩।।

જે પુરુષ શરીર છૂટયા પહેલાં કામ અને ક્રોધથી ઉત્પન્ન થતા વેગને અહીંયાં જ સહન કરવાને શક્તિમાન થાય છે, તે ભક્ત છે, તે પુરુષ સુખી છે. ।।૨૩।।

તેથી લૌકિક ભોગોનો ત્યાગ જ ભગવાનના સંબંધને પ્રાપ્ત કરાવનાર છે, એમ 'શક્નોતિ' વગેરે શબ્દોથી કહે છે. શરીર છૂટયા પહેલાં, એટલે કે અલૌકિક દેહની પ્રાપ્તિના સમય પહેલાં, જે કામ અને ક્રોધથી ઉત્પન્ન થતા વેગને, કામથી ઉત્પન્ન થતા વેગને એટલે સ્વેચ્છાથી થતા રસ ભાવના અભાવથી ઉત્પન્ન થતા વેગને, અને ક્રોધથી ઉદ્ભવતા વેગને એટલે બીજાઓ પ્રત્યે તે ઇચ્છા પૂર્ણ કરવા માટે દૃષ્ટિ અને ક્ષોભથી થતા વેગને સહન કરવા શક્તિમાન હોય છે તે અહીં જ, આ જ શરીરથી, ભાવાત્મક રૂપથી યુક્ત છે તે સુખી પુરુષ મારો ભક્ત થવા યોગ્ય છે, એમ અર્થ છે. ।।૨૩।।

યોંડન સુખોંડતરારામસ્તથાંતજ્યોતિરેવ યઃ ।
સ યોગી બ્રહ્મનિર્વાણં બ્રહ્મભૂતોડધિગચ્છતિ ।।૨૪।।

જે પુરુષ અંતઃકરણમાં જ સુખવાળો છે, આત્મામાં જ પ્રસન્નતાવાળો છે, તથા જે આત્મામાં જ જ્ઞાનરૂપી પ્રકાશવાળો છે, તે બ્રહ્મરૂપ થયેલો યોગી બ્રહ્મનિર્વાણને પામે છે. ।।૨૪।।

અરે, સુખના આધાર વિના બાહ્ય દુઃખ સહન ન થાય, એમ કેમ ? એવી શંકાના જવાબમાં 'યોડન્તઃસુખઃ' વગેરે શબ્દોથી કહે છે. જે અંતઃસુખવાળો છે, એટલે કે ભાવાત્મક સ્વરૂપના સુખવાળો છે, જે અંતરારામ છે, એટલે કે અંતઃકરણ જ ભાવાત્મક સ્વરૂપ છે તે, જે ભગવાનના રમણ માટે કારણરૂપ

વઢવાણ નિવાસી કંસારા ધીરજલાલ અમૃતલાલ ના સુપુત્ર ચિ. સુભાષ રાજકોટ નિવાસી ડાયા લાલકસ્તુરચંદ ડેલાવાળાની સુપુત્રી ચિ. ચંદ્રિકા વેરે તા. ૧૫-૨-૮૫ના રોજ લગ્ન ગ્રંથીથી જોડાયા તે પ્રસંગે શ્રી ધીરજલાલ અમૃતલાલ તરફથી રૂા. ૧૦૧/- તથા શ્રી કસ્તુરચંદ ખેતસી તરફથી રૂા. ૫૧/- શ્રી વલ્લભ સુધાને ભેટ કરેલ છે.

છે તે, જે અંતર્જ્યોતિઃ છે એટલે કે સંયોગના આનંદરૂપ સુખની જેમ જ વિયોગરૂપી સુખનો અનુભવ કરનારો છે તેવો યોગી મારા સંયોગરૂપ આનંદયુક્ત થઈને, બ્રહ્મભૂત થઈને, એટલે કે અલૌકીક સુખરૂપ થઈને, બ્રહ્મનિર્વાણને એટલે કે બ્રહ્મની જેમ ભગવાનમાં નિર્વાણને પામીને, ભગવાનમાં લયને પામીને, લીલાત્મકતાને મેળવે છે, એમ અર્થ છે. ॥૨૪॥

લભન્તે બ્રહ્મનિર્વાણમૃષયઃ ક્ષીણકલ્મષાઃ ।
છિન્નદ્વૈધા યતાત્માનઃ સર્વભૂતહિતે રતાઃ ॥૨૫॥

જેનાં પાપો નાશ પામ્યાં છે તેવા, જેની દ્વિધાઓ કપાઈ ગઈ છે તેવા, સર્વે પ્રાણીઓના હિતમાં રત, મનને વશમાં રાખનાર ઋષિઓ બ્રહ્મનિર્વાણને મેળવે છે ॥૨૫॥

અરે, લીલાત્મકતા તો ઋષિઓને પણ દુર્લભ છે, કેવળ ભાવવાળાઓ તે શી રીતે સિદ્ધ કરે ? તેના જવાબમાં 'લભન્તે' વગેરે શબ્દોથી કહે છે. જેઓનાં પાપ નાશ પામ્યાં છે તેવા, એટલેકે ભગવાનની લીલાના અનુભવ કરવારૂપી ફળ સિવાયના ફળની અભિલાષા વગરના ઋષિઓ, એવા ફળનું દર્શન કરનાર અગ્નિકુમાર વગેરે છે; તેના જેવા જેઓ છે તેઓ બ્રહ્મનિર્માણને મેળવે છે, એટલે કે લીલાત્મકતાને પામે છે. તેઓ કેવા પ્રકારના છે ? તેઓ જેના સંશયો નાશ પામ્યા છે, તેવા છે, એ સિવાયના ફળને નહિ જાણનારા છે; તો પછી કેવા છે ? તેઓ યતાત્મા છે, એટલે કે કેવળ ભગવાન અર્થે એક માત્ર આત્મ નિષ્ઠાવાળા છે; ફરીને તેઓ કેવા પ્રકારના છે ? પ્રાણી માત્રના હિતમાં, ભગવાનમાં અનુરાગવાળા છે, એવા જે છે તેઓ લીલાત્મકતાને પામે છે, એમ અર્થ છે. અથવા, ભિન્નતાથી ઋષિઓ બધું જ મેળવે છે. તેમાં પ્રયત્ક્ષ પ્રમાણ અગ્નિકુમારો છે. જેના સંશયો નાશ પામ્યા છે તેવાં ગોપીરૂપ શ્રુતિઓ છે. વૃંદાવનમાં પક્ષીરૂપ થયેલા મુનિઓ યતાત્મા છે. પ્રાણી માત્રના હિતમાં અનુરાગી પુલિંદીઓ છે. એ પ્રમાણે જેઓ ભાવવાળા છે તેઓ બધું જ મેળવે છે, એવો ભાવ છે. ॥૨૫॥

કામક્રોધ વિયુક્તાનાં યતીનાં યતચેતસામ્ ।
અભિતો બ્રહ્મનિર્વાણં વર્તતે વિદિતાત્મનામ્ ॥૨૬॥

કામ અને ક્રોધથી રહિત, જિતાયેલા ચિત્તવાળા, આત્મજ્ઞાની યતિઓનું વર્તન બધી રીતે બ્રહ્મનિર્વાણને (લીલાત્મકતાને) અનુસરે છે. ॥૨૬॥

વળી પહેલાં કહેવાયેલું છે તે પ્રમાણે કામ અને ક્રોધ વગરના યતિઓનું એટલે કે પરમહંસોનું, ભગવાન અર્થે સર્વ સર્વસ્વના ત્યાગપૂર્વક રહેલા હોય તેવાઓનું, વૃંદાવનનાં વૃક્ષો વગેરેની જેમ જીતી લીધેલાં મનવાળાઓનું એટલે કે ભગવાનના સ્વરૂપના અનુભવમાં એકમાત્ર પરાયણ ચિત્ત જેઓનું છે તેવાઓનું, જેણે આત્માને ઓળખ્યા છે તેવાઓનું એટલે કે ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળાઓનું વર્તન 'અભિતઃ' એટલે બધા જન્મોમાં અથવા બધી રીતે બ્રહ્મનિર્વાણને એટલે લીલાત્મકપણાને અનુસરે છે છે, એમ અર્થ છે. જેવી રીતે વૃંદાવનમાં વૃક્ષોમાં, વૃક્ષોનાં મૂળમાં ચોતરફ ભગવાન ક્રીડા કરી રહ્યા છે, અને તે બધાં જ ભગવાનની તે

લીલાને અનુસરે છે, તેમ ઉપર્યુક્ત બધાં ભગવાનની લીલાને અનુરૂપ વર્તે છે, એવો ભાવ છે. ॥૨૬॥

સ્પર્શાન્કૃત્વા બહિર્બાહ્યાંશ્ચક્ષુશ્ચૈવાંતરે ભ્રુવોઃ ।
પ્રાણાપાનૌ સમૌ કૃત્વા નાસાભ્યંતરચારિણૌ ॥૨૭॥

યતેંદ્રિયમનો બુદ્ધિર્મુનિર્મોક્ષ પરાયણઃ ।
વિગતેચ્છાભયક્રોધો યઃ સદા મુક્ત એવ સઃ ॥૨૮॥

બાહ્ય વિષયોને દૂર કરીને અને બે ભમ્મરની વચ્ચે દૃષ્ટિને અને નાસિકામાં ચાલતા પ્રાણ અને અપાનને પણ સમાન કરીને, ॥૨૭॥ ઇંદ્રિયો, મન અને બુદ્ધિને વશમાં રાખનારો, મોક્ષ પરાયણ, ઇચ્છા–ભય–ક્રોધ જેમનામાંથી ચાલ્યાં ગયાં છે તેવો, જે મુનિ છે તે જ નિત્ય મુક્ત છે. ॥૨૮॥

અરે, વિષય ભોગના ભાવવાળી સ્થિતિ ઘણી જ દુઃખદાયક છે, તેથી વિષય ભોગમાં પણ જે મળે તે વિષય ભોગથી ઉત્પન્ન થતી મનોવૃત્તિના અભાવમાં મળે નહિ, એવા હેતુથી 'સ્પર્શાન્' વગેરે શબ્દોથી બે શ્લોકમાં કહે છે. બાહ્ય એટલે લૌકિક અને સ્પર્શ એટલે ઇંદ્રિયોના વિષયોના ભોગો તેને દૂર કરીને, બાહેર એટલે તેમાં ઉત્તમ વગેરેના અભાવથી પ્રારબ્ધ કર્મના ભોગની જેમ, અને વળી, કાળ તથા યમરૂપી બે ભ્રમરોની વચ્ચે દૃષ્ટિને સ્થિર કરીને એટલે કે કાળ તથા યમની મધ્યે હું મરણરૂપ છું એમ જોઇને, નાસિકામાં ઊંચે જતા અને નીચે ગતિ કરતા પ્રાણ અને અપાનને સંયોગ સુખ અને વિપ્રયોગ સુખના અનુભવની જેમ સમાન કરીને, મોક્ષ પરાયણ થઇને, વિષયો વગેરેના ત્યાગપૂર્વક, ઇચ્છા–ભય–ક્રોધ વગરનો થઇને, ઇંદ્રિયો, મન અને બુદ્ધિને વશમાં રાખનારો, જે સદાય મનનશીલ એટલે મુનિ છે તે વિષયો વગેરેથી મુક્ત જ હોય એમ અર્થ છે. ॥૨૭, ૨૮॥

ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્ ।
સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ ॥૨૯॥

મને યજ્ઞ અને તપનો ભોક્તા, બધા લોકોના મહાન ઇશ્વર અને બધાં પ્રાણીઓનો મિત્ર જાણીને તે શાન્તિને પામે છે. ॥૨૯॥

અરે, માત્ર એટલાથી જ વિષયોથી મુક્ત શી રીતે થાય? એવી શંકાના જવાબમાં 'ભોક્તારમ્' વગેરે શબ્દોથી કહે છે. યજ્ઞ અને તપનો ભોક્તા, એટલે કે પુણ્યથી મેળવેલા તાપનો ભોક્તા, તાપથી ઉત્પન્ન થયેલ રસનો ભોક્તા, સર્વે લોકનો મહાન ઇશ્વર, પોતાની ક્રીડા અર્થે જગતને બનાવનારો, ભક્તિ અને મુક્તિરૂપ રસ વગેરેનું દાન કરનાર હોવાથી પ્રાણીમાત્રનો સુહૃદ (સહૃદયી મિત્ર), એવા પ્રકારનો મને જાણીને લૌકિક રીતે તે શાન્તિ પામે છે. ॥૨૯॥

અર્જુને કરેલા પ્રશ્નના નિમિત્તથી જેણે સંન્યાસનું સ્વરૂપ વર્ણવીને મનનો વૈકલ્પિક ભ્રમ નષ્ટ કર્યો, તેને હું નમસ્કાર કરું છું.

એ પ્રમાણે ઉપનિષદરૂપ, બ્રહ્મવિદ્યારૂપ, યોગ શાસ્ત્રરૂપ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં, 'કર્મ-સન્યાસયોગ' નામનો પાંચમો અધ્યાય પૂરો થયો. ॥૫॥

◆

ભગવદ્ વદનાવતાર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(ગોસ્વામી શ્રીપીતાંબરજીકૃત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક અગીયારમો)

અરે, એ પ્રમાણે જીવોનો ભેદ અને ફળનો ભેદ ભલે હોય, છતાંય ગીતાજીમાં બે પ્રકારનું સર્જન કહેલું છે, તેથી પુષ્ટિમાર્ગીય સર્જન પણ દૈવ સર્જનમાં જ સમાવી લેવા જેવું છે. એમ છે ત્યારે દૈવી સંપત્તિથી મોક્ષ છે, અનુગ્રહના સાથમાં ભક્તિથી સાયુજ્ય છે, એ પ્રમાણે ફળવિભાગ પણ સિદ્ધ થશે. એમ થતાં સર્જનના સ્વભાવથી સાધનની ભેળસેળ છે, પરંતુ તેમાં સારા નરસાનો વિવેક નથી. એવી શંકાના જવાબમાં તે સર્જનનો હેતુ 'ભગવત્' વગેરે શબ્દોથી કહે છે. ભગવાનના સ્વરૂપની જે સેવા છે, અથવા સ્વરૂપથી કે પ્રભુનાં સૌંદર્યથી જે સેવા છે તેને માટે તે સર્જન છે. 'નાન્યથા ભવેત્' એટલે આવી સૃષ્ટિની રચનાના અભાવમાં અધિકારીના અભાવથી ભગવાનના સ્વરૂપની સેવા જ ન થાય. તેમ જ ભગવાન જો સ્વરૂપસેવા કરાવવા ન ઇચ્છતા હોત તો તેનું સર્જન કરત નહિ. નામસેવા અન્ય દેવોથી પણ શક્ય છે. અને તેવા પ્રકારના સ્વરૂપના અભાવમાં તેઓથી (પુષ્ટિજનોથી) કરાયેલી રમણને ઉપયોગી જે સેવા તે પણ થાત નહિ. આ પ્રયોજન '(એકાકી હોવાથી) તેણે રમણ કર્યું જ નહિ,' (બૃહદા., અ. ૧, બ્રા. ૪-૧), એવી શ્રુતિથી સૂચવાયેલું છે. અને વળી દૈવત્વની સમતામાં પોતાની સેવા અર્થે તેઓનો વિચાર કરાયો હોવાથી અને બીજાઓનો બીજાઓ માટે વિચાર કરાયો હોવાથી પોતાને માટે અને અન્યને માટે દૈવી સર્જનની ભિન્નતા છે, તે કોનાથી નિવારી શકાય ? તેના ભેદ સિદ્ધ છે ત્યારે સાધનની ભેળસેળની ગંધ પણ રહેતી નથી. તેવા પ્રકારની સૃષ્ટિ પહેલાં જ સાધેલી છે; કારણ કે, 'તે પોતે જ સર્વ સ્વરૂપે થયા,' (તૈત્તિરીય, બ્રહ્મવલ્લી, ૨-૭), એવું શ્રુતિમાં કથન છે. એ પ્રમાણે આસુર અને પ્રવાહી સર્જનથી લીલાઓ દૂર રહી; અને મર્યાદા જનોથી અવિચ્છિન્ન રીતે ચાલતી આવી. પુષ્ટિના સર્જનથી સાક્ષાત્ અભિવૃદ્ધિ પણ સિદ્ધ થઈ. વળી, 'આ લોકમાં દૈવી અને આસુરી એમ બે પ્રકારની પ્રાણીસૃષ્ટિ છે,' (ગીતાજી, ૧૬-૬), એ પ્રમાણે અહીં પણ 'આ લોકમાં' એવા શબ્દોથી મુક્ત નહિ એવા જનોના સંબંધમાં વિધાતાએ કરેલ લોકનો વિચાર થયો છે. નહિ તો એ બધું વ્યર્થ થાત. તેથી તેમાં બે પ્રકારની સૃષ્ટિ છે. સમગ્રતાથી તેનાથી ભિન્ન મુક્ત જનોના સંબંધમાં તેવા

પ્રકારના દૈવ સર્જનનો વિરોધ કોનાથી થાય ? 'તે પાછો આવતો નથી,' (બૃહદા., ૬–૨–૧૫), એમ નથી. 'શબ્દપ્રમાણથી આવૃત્તિ નથી,' (બ્રહ્મસૂત્ર, ૪–૪–૧૨), એમ છે તેથી શ્રુતિ અને ન્યાયના વિરોધથી પહેલાં કહેવાયેલ મુકતસર્ગ તેની સાથે સુસંગત નથી. '(બ્રહ્મને) પ્રાપ્ત થઇને પોતાનો (બ્રહ્મથી) અવિર્ભાવ થાય છે, શ્રુતિને લીધે,' (બ્રહ્મસૂત્ર, ૪–૪–૧), એમ અધિકરણમાં પ્રમાણભૂત રીતે નિશ્ચિત થયેલું છે. તેમાં જ બ્રહ્મરૂપ થયેલાઓના 'તે સર્વે ભોગોને ભોગવે છે.' (તૈત્તિરીય બ્રહ્મવલ્લી, અનુ. ૨–૧), એમ કહેવાયેલ છે. આનંદનો અનુભવ બ્રહ્મમાં લય પામીને કે બહાર સ્થિત રહીને ? એવી શંકા કરીને 'તે પાછો આવતો નથી,' (બૃહદા., ૬–૨–૧૫), એ શ્રુતિ પ્રમાણે અહીંયા ફરીને પાછા આવવાના નિષેધથી અહીં આગમન વિના અને બહાર સ્થિત રહીને અનુભવનો સંબંધ નહિ હોવાથી, બ્રહ્મમાં લય પામીને અનુભવ કહેલો છે, એવી પૂર્વપક્ષની રજૂઆતના જવાબમાં કહે છે કે, બ્રહ્મને મેળવીને પણ તેઓનો ભગવાનથી આવિર્ભાવ થાય છે, એટલે કે તેઓનું બાહ્ય પ્રાકટ્ય થાય છે. જેથી શ્રુતિમાં કહેવાયેલ સર્વ વિષયોને ભોગવવા રૂપ તે ભોગ છે. ભગવાનનું જેમાં પ્રાધાન્ય છે એવા વિવિધ ચાતુર્યવાળા બ્રહ્મના સહ–અસ્તિત્વથી જે બહારની સ્થિતિ શક્ય છે તે 'અશ્નુતે' એવા ભોગનો અર્થ બતાવતા શબ્દથી જ નકકી થાય છે. શકિતની યોગ્યતા પૂર્વતંત્રમાં જ નામધેય પાદમાં 'અર્થાદ્વા કલ્પનૈક દેશત્વાત્' એ પ્રમાણેના અધિકરણમાં નકકી કરાયેલી છે. 'અંજલિના સકતૂન્ પ્રદાવ્યે જહુયાત્,' એમ હોમમાં દેવતાઓની પ્રસન્નતા વગેરેમાં સાથે જોડેલા બંને હાથની અંજલિની અશકિતથી બંને હાથના વિકાસ વગર હોમને સંભવ નહિ હોવાથી વિકસિત અંજલિ જ શકિતમાન છે; કારણ કે કહેવાયેલાના અર્થને કહેનારાઓની શકિત એકબીજાને મદદરૂપ છે વળી ઉપકોશલ વિદ્યામાં 'આ દેવમાર્ગ છે, બ્રહ્મમાર્ગ છે,' 'એતેન પ્રતિપદ્યમાના ઈમં માનવમાવર્તં નાવર્વન્તે,' (એને પ્રાપ્ત થમેલા એવા માનવોનું પુનરાગમન થતું નથી), એમાં 'ઇમમ્' અને 'માનવમ્' એ શબ્દો વડે સંસારમાં ફરી નહિ આવવાનું કહેવાયુ છે. નહિ તો એ બંને શબ્દોની વ્યર્થતા ગણાય. તેથી 'તે ફરીને આવતો નથી,' (બૃહદા., ૬–૨–૧૫), તેના વડે સામાન્ય શાસ્ત્ર પણ એનું સમર્થન કરે છે. એ પ્રમાણે તેનો પણ વિરોધ નથી. અને આ જ અર્થ 'મુકત જનો પણ ભગવાનના લીલા વિગ્રહને પધરાવીને ભગવાનને ભજે છે,' એવું કથન છે. એવું પદ્મપુરાણનું વાકય પણ પુષ્ટિ આપે છે. ઉપરનાં વાકયોમાં જીવન્મુકતની શ્રેષ્ઠતા કહેવાયેલ છે, એમાં શંકા નથી. એનું કારણ એ છે કે, જીવન્મુકતમાં તેવા પ્રકારના કામભોગની પ્રાપ્તિ નજરે પડતી નથી; પરંતુ મર્યાદા જીવોનાં તે સંભવે છે; કારણ કે ગૌણ આચરણ તેમાં પ્રેરણાદાયી નથી. એ પ્રમાણે કહેવાયેલાં વાકયોથી એવા મર્યાદા જીવોમાં વિરોધનો પણ અભાવ હોય છે. તેમ જ 'બ્રહ્મને જાણનાર પરબ્રહ્મને પામે છે,' (તૈત્તરીય, બ્રહ્મવલ્લી, ૨–૧), એમ અહીં પણ જ્ઞાન અને મોક્ષના નિત્ય સાહચર્યથી એકના કથનથી બંનેની પ્રાપ્તિ થતી હોવાથી 'બ્રહ્મવિદ્'

(બ્રહ્મને જાણનાર) એવા પદથી પુરુષોત્તમમાં સાયુજ્યની પ્રાપ્તિ પણ શક્ય છે, એમ અર્થ થાય. અને વળી તે તેમ જ થાય છે, એવો અર્થ છે. આ જ અર્થ 'આનંદમય બ્રહ્મમાં જીવની બ્રહ્મભાવની પ્રાપ્તિ ફળરૂપે કહે છે.' (બ્રહ્મસૂત્ર, ૧-૧-૧૮), એ પ્રમાણે આ સૂત્રમાં પણ એ જ આશય છે. એવા આનંદમય બ્રહ્મમાં જેને સાયુજ્ય પ્રાપ્ત થયું છે તેવાનું સ્વરૂપ સાથેનું જોડાણ ફળરૂપે કહે છે, એમ ફળપણાથી શ્રુતિ કહે છે, એ રીતે 'વિદ્વન્મંડન' માં કહેવાયેલ દિશાસૂચન જાણવા યોગ્ય છે. 'જીવનું બ્રહ્મભાવમાં જોડાવું, ફળરૂપે કહે છે.' પ્રમાણે છે તેટલાથી ઇચ્છિત ધ્યેયથી કૃતકૃત્યતામાં જે 'અસ્મિન્ (આમાં)' એવું પદ છે તે બીજી રીતે વ્યર્થ થાય. આ જેમ છે તેમ અણુભાષ્યના આનંદમય અધિકરણના (બ્રહ્મસૂત્ર, ૧-૧-૧૧ થી ૧૮) સ્વતંત્ર પ્રકરણમાં પ્રભુચરણશ્રીએ સ્પષ્ટ કરેલું છે. આથી 'અસ્મિન્' એવું જીવન્મુક્તની પુનરાવૃત્તિ માટે છે. જીવન્મુક્તની અભેદાત્મક મુક્તિ નથી જ, જેના વડે પ્રત્યક્ષ જ્ઞાનની યોગ્યતા થાય પરંતુ જ્ઞાન અને અધ્યાસના અભાવની, કારણ અને કાર્યની, ભાવિ ફળ અને તેની પ્રાપ્તિ જણાવનારની વાસ્તવિકતા હોવાથી તેમ કહેવાય છે. સ્વરૂપની યોગ્યતામાં જ્ઞાન વડે ભગવાન મુક્તિ આપે છે, એ રીતે માત્ર જ્ઞાનથી મુક્તિ સાધ્ય છે, એમ નથી. 'ભજન કરનારને ભગવાન મુકુંદ મુક્તિ આપે છે,' અને 'જનાર્દનથી મોક્ષ ઇચ્છવો,' વગેરે વાક્યોથી ભગવાન જનાર્દન મુક્તિ આપે છે, એમ કહ્યું છે. એમ છે ત્યારે અંતિમ વૃત્તિને અનુરૂપ એવું જ્ઞાન પણ સ્વરૂપની યોગ્યતાને પ્રાપ્ત કરવામાં જ ક્ષીણ થતું જતું, ફળની પ્રાપ્તિના હેતુરૂપ છે તેને પોતાનામાં ટકાવી રાખવાને શક્તિમાન થતું નથી. આથી મુક્તિ પણ ભગવાનથી જ નિયત થયેલી છે. એ પ્રમાણે છે તેથી સેવાને માટે વિચારાયેલા શુદ્ધજનોને નિર્દેશ કરીને પ્રકટ કરાવાયા છે. એમ હોવાથી અહીં પણ કશુંય અનુચિત નથી. ॥૧૨॥

⁂

પુસ્તક પરિચય

શ્રી ગુસાંઈજીની વધાઇ (ટુંકા પરિચય સાથે)—

આ પુસ્તકમા શ્રી ગુંસાઈજીની ૧૬૧ વધાઇનો ટૂંકા ભાવાર્થ સાથે સમાવેશ કરવામાં આવેલ છે.

ભાવાર્થ :- પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી.
પ્રકાશક :- પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર -સિહોર.

પૃષ્ઠ સંખ્યા :- ૧૨૮ આઠ પેઈજી ડેમી સાઇઝ મુખપુષ્ઠ ઉપર શ્રી ગુંસાઈજીનું સંધ્યાવંદન કરતુ સ્વરૂપ મૂલ્ય રૂા. ૧૧-૦૦

પ્રાપ્તિસ્થાન :- (૧) પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, કંસારા બજાર, શિહોર. ૩૬૪૨૪૦
(૨) સૌ. અરુણાબેન રણજીતસિંહ કાંપડીયા ૯૧, નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૦૬.

।। શ્રીકૃષ્ણઃ ।।

વ્રજ તત્ત્વ

લેખક : **શ્રી વી. એમ. શર્મા (વલ્લભી) ઇંગોરાળા (ભાડ)**

[ગતાંકથી ચાલુ]

શાસ્ત્રોમાં નવધા ભક્તિઓનું વર્ણન છે તે નવ ભક્તિઓ શ્રવણં, કીર્તનં, સ્મરણ, પાદ સેવનં, અર્ચનં વંદનં, દાસ્ય, સખ્યાત્મ નિવેદનમ્ આ પ્રમાણે નવં ભક્તિઓ છે. આ ભક્તિઓ અહર્નિંશ વ્રજ મંડળમાં રાધેશ્યામની મધુર સુરાવલીઓ સાથે ગાયન કરતી ભ્રમણ કરે છે. શ્રીમદ્ભાગવત માહાત્મ્ય વર્ણનમાં પ્રથમ અધ્યાયમાં નારદ ભક્તિ સંવાદમાં ભક્તિ નારદને કહે છે. "તત્ર ઘોર કલયોગાત્ ખંડિતાંગકા દુર્બલાહુ ચિરંયાતો પુત્રાભ્યાં સહ મંદતામ્, વૃંદાવનં પુનઃ પ્રાપ્યં નવિનેવ સ્વરુપિણી જાતા અહમ્ યુવતિં સમ્યક્ પ્રેષ્ઠ રુપા સાંપ્રતમ્–અર્થાત્ ઘોર કલિકાલમાં જ્યારે પાખંડ અનાચાર અધર્મ વધી રહ્યો છે, સત્ય અને ધર્મના દર્શન દુર્લભ થયા છે. જીવનના પ્રમુખ અંગો જ્ઞાન અને વૈરાગ્ય છે, જેના અભાવમાં બ્રહ્મની કે ધર્મની પ્રાપ્તિ થતી નથી, તેવા મહત્ત્વ પૂર્ણ જીવનના (ઘટકો) તત્ત્વો પૂર્ણ લુપ્ત થઈ રહ્યાં છે. તેઓ રોગીષ્ટ થઈ વૃદ્ધાવસ્થા તથા જર્જરિત શારીરિક અવસ્થાને પામ્યાં છે. તેઓ કલિકાલના સકંજામાં આવીને પીડાય છે. તરફડે છે. ત્યારે હું વ્રજમાં આવીને નવોદિત અને નવયૌવના સ્ત્રીના સ્વરૂપને પામી છું. જ્યારે જ્ઞાન વૈરાગ્ય કાળના ચક્રમાં ફસાઈને અંતિમ શ્વાસ લઈ રહ્યા છે. તેવી વિષમ પરિસ્થિતિમાં ભક્તિ તેની પૂર્ણ યૌવનાવસ્થામાં વ્રજ મંડલમાં શોભી રહી છે. ધન્યછેવ્રજમંડલને.

શાસ્ત્રોક્ત નવે નવ ભક્તિઓનું સમાગમ અને સમન્વય સ્થળ આ વ્રજ મંડલ છે. તે ભકિતઓમાં પ્રમુખ કીર્તન ભકિત તો વ્રજનો પાયો છે. વ્રજના પગીઓ–પહેરા ભરનારા પણ રાત્રે પેટ્રોલીંગ કરતાં કરતાં રાધેશ્યામ–રાધેશ્યામ નામનું ભજન કરે છે. ચૈતન્ય મહાપ્રભુનાં અનુયાયીઓ ભાવભરી મુદ્રામાં નૃત્ય સાથે ગાતા ફરે છે–"રાધાકુન્ડો–કૃષ્ણ કુન્ડો, ગિરિગોવરધોન, મોધુર–મોધુર બોંશી વાજે હઇ કે વૃન્દોવોન." આવા ગાયનો સાથે હરિ બોલ, હરિ બોલની ધ્વનિ કાનોને પવિત્ર કરી જાય છે. અનેક સાધુઓનાં આશ્રમો તથા ટ્રસ્ટ દ્વારા સંચાલિત આશ્રમોમાં પણ ચોવીસ કલાક અહર્નિશ રાધેશ્યામ–રાધેશ્યયામનું સંકીર્તન ચાલે છે. તેમાં પ્રમુખ પાગલબાવા આશ્રમ, અખંડાનંદ આશ્રમ, શ્રીકૃષ્ણ ભજના શ્રમ આદિ છે. જેમના સંકીર્તનની ધ્વનિ પ્રાતઃકાળે ઉઠતાં રાત્રિ કાળે સૂતાં સંભળાય છે. શ્રવણ, સ્મરણ પણ પ્રચુર માત્રામાં મળે છે. વ્રજમાં ઘરઘરમાં મંદિર છે. ઘેર=ઘેર ભગવત્વાર્તાઓ તથા સંકીર્તન થાય છે. વ્રજમાં અખંડ રામાયણ, અખંડ શ્રીમદ્ ભાગવત

તથા સપ્તાહ તથા ગીતાનાં અખંડ સાત દિવસોનાં પાઠો તથા શિક્ષણ આપવાની પ્રથા ચાલુ છે. તેમાં સત્સંગ સાથે જ્ઞાનાર્જન તથા ભાગવત સુધારસનું પાન કરવામાં આવે છે, અર્ચન, વંદન તથા પાદસેવન ભક્તિ વ્રજ મંડલમાં સ્થિત સેવારત વ્રજવાસી ગોસ્વામી જેમાં મુખ્યતઃ રાધાવલ્લભી સંપ્રદાયના તથા બિહારીજીના ગોસ્વામી સાથે નિમ્બાર્કાચાર્યોમાં દર્શન થાય છે. દાસભક્તિ ત્યાં રહેતા રામાનંદી સાધુઓમાં તથા સખ્ય ભક્તિ તો વ્રજવાસીમાં જ મળે છે. વ્રજવાસીઓ આજે પણ ઘણી વખતે કૃષ્ણ સાથે ખુલ્લા દર્શનમાં ઝગડતા નજરે પડે છે અને તેઓ વાસ્તવમાં કૃષ્ણને સંભળાવતા હોય ને કૃષ્ણ સાંભળે જ છે તેવી જ ભાવનાથી તેઓ સખ્ય ભક્તિથી કૃષ્ણની વંદના કરે છે. આત્મ નિવેદન વૈષ્ણવ ભક્તો તથા અન્ય શ્રદ્ધાળુઓ ભક્તોમાં પણ જોવા મળે છે. જેઓ વ્રજમાં યાત્રા કરવા આવે છે – કરોડપતિ પણ કેમ ન હોય, પણ તેમને વ્રજમાં પ્રવેશ થતાં જ પરમાત્માથી સંબંધ થાય છે અને સર્વ સંસારને ભૂલિને વ્રજવાસીઓની જૂઠણ ખાય-ખાયને કૃષ્ણભજન કરે છે. તેનાથી વિશેષ આત્મનિવેદન કયું થઇ શકે. જે કૃષ્ણ પ્રિયતમ માટે સર્વસ્વ ત્યાગીને રાજાથી રંક બની પાગલ જેવી મસ્ત અવસ્થામાં રાધેશ્યામ-રાધેશ્યામ પુકારતા આનંદ આપતા અને આનંદ કરતા ફરે છે. આ રીતે વ્રજમાં નવે નવ ભક્તિઓનો વાસ છે. તેઓ ત્યાં રાધાકૃષ્ણ-રાધાકૃષ્ણ રટતી કુંજ કુંજમાં (ગલી-ગલીમાં) શેરી-શેરીઓમાં, વનો-વનોમાં ભ્રમણ કરતી ફરે છે એટલે જ મહર્ષિ નારદજીએ કહ્યું છે-"ધન્ય વૃન્દાવનં તેન્ ભક્તિં નૃત્યતિ યત્ર:" નવધા ભક્તિઓનો સમાગમ-સમન્વય અને નૃત્યનાં દર્શન માત્ર વ્રજ મંડલમાં જ થાય છે, અન્યત્ર નહીં.

વ્રજ તત્વ શું છે અગર વ્રજનું માહાત્મ્ય શું છે તે જાણી શકાય અથવા વર્ણન કરી શકાય તેમ નથી તેની સમકક્ષ પવિત્ર અને ઇશ્વર પ્રાપ્તિ કરાવનારા ભૂમિ નથી, તેનું રહસ્ય એ છે કે આ ભૂમિ ભગવાનનું ગોલોક ધામ છે અને વ્યાપી વૈકુંઠથી કરવામાં આવ્યું છે એટલે જ તે ભૂમિને વ્યાપી વૈકુંઠ પણ કહેવાય છે.

શ્રી શાંડિલ્પ ઋષિ લખે છે-"શ્રૃણુતં દત્ત-ચિત્તૌ મેં રહસ્યં વ્રજ ભૂમિજમ્, વૃજનં વ્યાપીર્યુક્ત્યા, વ્યાપનાદ્ વ્રજ ઉચ્યતે." વ્રજ શબ્દની વ્યુત્પત્તિ વ્યાપીથી છે અને ગોલોક ધામનો વ્યાપન કરવામાં આવ્યું છે, તેને જ વ્રજ કહેવાય છે. વ્રજની રજનાં કણે કણોમાં સાક્ષાત્ બ્રહ્મ વ્યાપ્ત છે.

શ્રી શાંડિલ્ય ઋષિ લખે છે-'ગુણાતીતં પરં બ્રહ્મ-વ્યાપકં વ્રજ ઉચ્યતે, સદાનંદં પરં જ્યોતિ, મુક્તાનાં યદં અવ્યયમ્. અર્થાત્ વ્યાપી શબ્દનો અર્થ વ્યાપક થવું પણ છે. ઉપર જણાવ્યા પ્રમાણે પરંબ્રહ્મ પરમાત્મા વ્રજરજની કણ-કણમાં વ્યાપ્ત છે, તેવું આ વ્રજ સર્વ આનંદ આપનારું તથા ભક્તિરૂપી જ્યોતિને જગાડનાર, જ્ઞાનરૂપી જ્યોતિને જગાડનાર તથા પાતકીઓને પણ મુક્તિના પરમ પદને આપનાર છે.

વ્રજમાં પ્રવેશ માત્રથી મુક્તિ મળે છે. આ ભૂમિ વૈષ્ણવો-ભક્તો સાથે પાતકીઓને

મુક્તિ અપાવનારી તો છે જ, પણ આની કૃપાથી મુક્તિની પણ મુક્તિ થઇ જાય છે. એક વખત જ્યારે મુક્તિને ચિંતા થઇ કે હું સૌની મુક્તિ કરૂં છું પણ મારી મુક્તિ કેમ થશે ? એમ શ્રી કૃષ્ણ ભગવાનને પુછ્યું–"મુક્તિ કહે ગોપાલસોં, મેરી મુક્તિ બતાય, વ્રજરજ ઉડિ મસ્તક લગે મુક્તિ કી મુક્તિ વ્હૈ જાય." એટલે સાક્ષાત મુક્તિ પણ વ્રજરજમાં તેની મુક્તિ કરવા આળોટે જ છે. તેથી જ વ્રજનું તો શું વ્રજરજનું માહાત્મ્ય પણ બધા તીર્થો કરતાં ઘણું છે. તેમજ વ્રજના વૃક્ષો, લતાપતાદિનું પણ રહસ્ય જાણી શકાય નહિ. એટલેજ લખ્યું છે કે–"વૃંદાવન કે વૃક્ષ કો મરમ ન જાન્યો કોય; ડાલ ડાલ અરુ પાત પે રાધે રાધે હોય." આ દોહરાથી પણ પ્રભુની વ્રજમાં વ્યાપકતા જણાય આવે છે. વ્રજની લતાઓ શાખાઓ કૃષ્ણની સહચરીઓ તથા સખીઓ છે. વિહંગો ઋષિમુનિ વૃંદો છે. પત્થરોમાં પણ ઇશ્વર વિદ્યમાન છે. એટલે રસખાન કવિ તેમની ઇચ્છા વ્યકત કરતાં વ્રજમાં વાસ માંગે છે–માનસ હોં તો વહી રસખાન, ફિરોં મીલ ગોકુલ ગાંવ કે ગ્વારન. જો પશુ હોં તૌ કહા બસ મેરો, ચરોં નિત નંદ કી ધેનુ મઝારન, પાહન હોં તો વહી ગિરિ કૌ, ધર્યો પુર છત્ર પુરન્દર ધારન, જો ખગ હોં તો બસેરો કરોં, નિત કાલીંદી કૂલ કદંબકી ડારી." વ્રજભૂમિ મહાન તપસ્વીઓ, ઋષિમુનિઓની ભૂમિ છે. જેઓ આજે પણ ગિરિરાજની કંદરાઓમાં સાધનાઓ કરે છે, જેમનાં દર્શન કરી વ્રજયાત્રા કરી, અસંખ્ય જીવો મુક્તિને પામે છે.

આ ભૂમિમાં ભગવાન વાસ કરે છે. જે જીવો વ્રજમાં પ્રવેશ કરે છે, તેઓનાં સમસ્ત દુર્ગુણોનું વ્રજરાજ કૃષ્ણ હરણ કરે છે અને તેનાં ચિત્તડાને હરિ લ્યે છે. તથા માયાનો પડદો હટાવી દર્શન આપે છે. અહિં કોઇનું અહમ્ રહેતું નથી, કામ અથવા ક્રોધ રહેતો નથી. ભક્તિની પતિત પાવન ધારા જે સર્વત્ર વહે છે, તેનું (ધારાનું)ઉલટું કરતાં જે શબ્દની વ્યુત્પત્તિ એટલે "રાધા" ભાવનું તેના (ભક્તિ દ્વારા સંચાર થાય છે. ઇન્દ્ર ને અહમ થયો હતો તે આ વ્રજરાજે ગિરિરાજ ધારણ કરી દુર કર્યો છે બ્રહ્માને પણ મોહ જાગ્યો ,અને કૃષ્ણની પરીક્ષા કરવા ગ્વાલબાલો તથા વાછરડાઓને ચોરી ગયા, ત્યારે કૃષ્ણે નવી સૃષ્ટિ કરી પરબ્રહ્મપણાનાં દર્શન કરાવીને બ્રહ્માનાં મોહનો નાશ કર્યો છે કામદેવને અહમ્ હતો તેનો અહમ્ શ્રી કૃષ્ણે મહારાસમાં સોળસહસ્ત્ર ગોપીઓ સાથે ક્રીડા કરતી સમયે તોડયો છે. બીજી બાજુ ક્રોધી, તામસ ભકત કંસ જે શ્રી કૃષ્ણને રાત્રિ દિવસ ગૈરભાવે ભજતો હતો તેનો પણ નાશ કરી મુક્તિપદ આપ્યું છે. અર્થાત આ ભૂમિ દુષ્ટો, રાક્ષસો, પાપીઓને પણ મુક્તિ આપનારી છે.

[ક્રમશઃ]

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૮ મું

ચરણ પંકજ રેણુ શ્રીયમુનેજુદેની
કલિયુગ જીવ ઉદ્ધારન કારન,
કાટત પાપ અબ ધાંર પેની ૧
પ્રાણપતિ, પ્રાણસુત આયે ભકતન હિત,
સકલ સુખન કી તુમ હોજુ શ્રેની,
'ગોવિંદ' પ્રભુ વિના રહત નહીં એક છીનુ,
અતિ હી આતુર ચંચલ જુ નેની. ૨

અર્થ – શ્રીકૃષ્ણની ચરણ રજનું દાન શ્રીયમુનાજી કરે છે. આ રજનો એવો અલૌકિક પ્રભાવ છે કે કલિયુગના જીવોના પાપ નાશ કરવા માટે એ–તિક્ષણ શસ્ત્ર સમાન છે. ૧

જેવી રીતે પ્રાણપતિ એટલે શ્રીકૃષ્ણ શ્રી મહાપ્રભુજી અને પ્રાણસુત શ્રી ગુસાંઇજી ભકતોના સુખ માટે ભૂતળ પર પ્રગટ થયા છે. એજ પ્રમાણે શ્રી યમુનાજી પણ ભકતોનું શ્રેય કરનારા છે. ભકતોના ઉદ્ધાર માટે શ્રી યમુનાજી ભૂતળ પર પધાર્યા છે, છતાં આપની લગની તો પ્રભુ સાથે જ લાગી છે. આપના નેત્રો પ્રભુ દર્શન માટે આતુર રહે છે. પ્રભુ મિલન વિના આપ એક ક્ષણ રહી શકતા નથી એમ શ્રી ગોવિંદસ્વામી કહે છે.૨

વિવેચન– જીવને શ્રીકૃષ્ણ ચરણ-રજની પ્રાપ્ત શ્રી યમુનાજીની કૃપાથી થાય છે. ભગવદ્‌ચરણ રેણુના પ્રભાવનું વર્ણન કરતાં શાસ્ત્રમાં કહ્યું છે કે "ભગવદ્ ચરણારવિંદ રેણવો ભગવદિય દેહ સંપાદકા" ભગવદ્ ચરણ રેણુનો આવો અલૌકિક પ્રભાવ છે, પરંતુ અહીં તો શ્રી યમુના તટ પર ભગવદ્દ ચરણરેણુની સાથે શ્રી ગોપીજનોની ચરણ રેણુ પણ મળેલી છે. એટલે એનું મહત્ત્વ ખૂબ વધી જાય છે. સોનામા સુગંધ એ કહેવત પણ અહીં ઓછી પડે છે. ભકત અને ભગવાનની ચરણરજના માહાત્મ્યનું વર્ણન કરવા કોઇ સમર્થ નથી. ભગવાનની ચરણ રેણુ સમસ્ત વિશ્વને પાવન કરે છે. તો ભકતની ચરણરજતો પ્રભુને પણ પાવન કરે છે.

શ્રીમદ્ ભાગવતમાં અંબરિષ આખ્યાનમાં ભગવાન દુર્વાસા પ્રત્યે કહે છે કે –"હું મારા ભકતોની પાછળ પાછળ એટલા માટે ફરૂં છું કે મારા ભકતોની ચરણરજ મારા અંગ પર પડે તો હું પવિત્ર બનું"

આવું અલૌકિક માહાત્મ્ય ભકત ચરણ રજનું છે અને શ્રી યમુના તટ પરની ચરણ રેણુ તો ભકત અને ભગવાન બન્નેની ચરણ રજ માત્ર શ્રી યમુનાજીની કૃપાથી જ પ્રાપ્ત થાય છે.

ભકતો પર કૃપા કરવા માટે જ શ્રી ઠાકોરજી, શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઇજી અને યમુનાજી પ્રગટ થયા છે. છતાં શ્રી યમુનાજીની ચિત્તવૃત્તિ શ્રી ઠાકોરજીમાં જ રહેલી છે. પ્રભુસિવાય આપ એક ક્ષણભર રહી શકતા નથી, છતાં શ્રી યમુનાજી પોતાના ભકતોનેપણ ક્ષણભર ભૂલતા નથી. પ્રભુની સેવામાં રહેલા હોવા છતાં પણ ભકતને પ્રભુની ચરણ રેણુ પ્રાપ્ત થાય એવી અભિલાષા આપને રહે છે.

લૌકિક માતા પણ પતિની સેવા કરતી હોય ત્યારે એનું ચિત્ત પોતાના અબોધ બાળકમાં રહેલું હોય છે, ત્યારે શ્રી યમુનાજી તો આપણા અલૌકિક માતા છે. અધમ ઉદ્ધારણ છે, તે પોતાના ભકતો (બાળકો)ને કેમ ભૂલે ?

સોરઠો

મા, તારા ગુણગાનથી, રીઝે રાધે શ્યામ;
નિત્ય લીલાનું દાન, નિજભકતોને આપતા.

* * *

* મુંબઇ અને પરા વિસ્તારમાં પુસ્તક મળવાની વ્યવસ્થા *

શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રચારક મંડળ (ધોરાજી) દ્વારા પ્રકાશિત થયેલા પુસ્તકો–શ્રી મથુરા વ્રજ મંડળ યાને વ્રજદર્શન, વ્રતોત્સવાવલી ભાગ બીજો, વ્રતોત્સવાવલી ભાગ ત્રીજો, શ્રીનાથજી બાવા, શ્રી સર્વોત્તમ સ્તોત્ર તથા ષોડશ ગ્રંથ (અર્થ સાથે) વગેરે પુસ્તકોની નીચેના સ્થળેથી મળી શકશે.

શ્રી ભોગીલાલ રમણલાલ શાહ
મથુરા ભુવન, ૧લે માળે, ૮૭/૪ બજાજ રોડ
વિલેપાર્લે (પશ્ચિમ) **મુંબઇ**–૪૦૦૦૫૬.

આં. રા. પુ. વૈ. પરિષદ દ્વારા પ્રકાશિત, પ્રત્યેક વૈષ્ણવોના ઘરમાં વસાવવા લાયક પુષ્ટિમાર્ગીય સાહિત્યનો પાંચ પુસ્તિકાનો સેટ ફકત રૂા. ૩/– ત્રણમાં મળશે.

(૧) શ્રી વલ્લભ જીવનદર્શન (૨) શ્રી ગુંસાઇજી અને શ્રી હરિરાયજીનું જીવનદર્શન (૩) શ્રી ગોકુલનાથજીનું જીવનદર્શન (૪) પુષ્ટિમાર્ગદર્શન (૫) પરિષદ–પરિચય.

* પ્રાપ્તિસ્થાન *

શ્રી ચીમનભાઈ એમ. શેઠ (કેન્દ્રિય મંત્રી, આં. રા. પુ. વૈ. પરિષદ)
શેઠવાડા, બજાર રોડ, **કપડવંજ**–૩૮૭૬૨૦.

અથ ભ્રમરગીતસ્તોત્રમ

લેખક : ગો. વા. **શ્રી ગોવિંદ કોવિદ, જતિપુરા**

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

(શ્રીમદ્ ભાગવત પુષ્ટિજનો માટે અમૂલું ગ્રંથરત્ન છે. તેમાંથી કેટલુંક અલૌકિક તત્ત્વ ગો. વા. શ્રી ગોપીલાલજીએ પોતાની ઉત્કૃષ્ટ શૈલીથી સંસ્કૃતમાં જ જુદી રીતે ભક્તિભાવ પૂર્વક આલેખેલ છે. તેનું ગુજરાતી ભાષાંતર મૂળ સાથે પ્રકાશમાં લાવવાનો આ પ્રયત્ન છે. સદ્‌ગત શ્રી ગોપીલાલજી ગત પોષ માસમાં જ હરિશરણ થયા. પરંતુ તેમનું લખેલું વિપુલ સાહિત્ય પુષ્ટિજનોના લાભાર્થે મૂકી ગયા છે. તેમાંનો થોડોક ભાગ 'વલ્લભ સુધા'ને મળેલો છે, જેનું પ્રકાશન વૈષ્ણવોને આનંદદાયક થશે, એમાં સંશય નથી. તેઓ પ્રભુમય જીવન જીવી ગયા. તેમનું જીવન અને તેમનું ભકિતભાવ ભર્યું અનુપમ સાહિત્ય સૌને પ્રેરણાઓ આપે અને સૌને ઉન્નતગામી બનાવે એ હેતુથી પ્રકાશન થયા કરે છે. તે સૌને ભકિત ભાવમાં તરબોળ બનાવે, એ જ અભ્યર્થના !)

મધુપ શ્મશ્રુભિઃ ઽસ્માકં મા સ્પૃશાંઘ્રિં વિરાગણીમ્ ।
માનિનીનાં મધુપતિઃ પ્રસાદં વહતુ સ્ફુટમ્ ॥૧॥

હે મધુકર, તું અમારાં આસકિત રહિત એવી ગોપીઓનાં ચરણોને મૂછોથી સ્પર્શ કર નહિ. મધુપતિ શ્રીકૃષ્ણ માનવંતીઓના કુંકુમરૂપ કૃપા–પ્રસાદને પ્રકટતાથી ભલે વહન કરે. ॥૧॥

પાયયિત્વાધરસુધાં તત્યજેઽસ્માન્ ભવાદશઃ ।
પદ્મા તત્પાદપાદ્મ તુ કથં સેવતિ વૈ બત ॥૨॥

શ્રીકૃષ્ણ તારા જેવા જ છે, એક વાર અધરામૃત પિવડાવીને તેમણે અમોને ત્યજી દીધી છે. પરંતુ આશ્ચર્ય છે કે લક્ષ્મીજી તેમનાં ચરણકમળને શા માટે સેવતાં હશે !

કિં ષડંઘ્રે ગાયસિ ત્વમગ્રતો નઃ પુરાણકમ્ ।
જૈત્રમિત્રે યદુપતેઃ તત્પ્રસંગો વિકલ્પિતઃ ॥૩॥

હે ષટ્‌પદ ભ્રમર, તું અમારી પાસે શ્રીકૃષ્ણનાં ગાણાં કેમ ગાય છે ? તે તો અમારે માટે પુરાણાં છે. સદાય વિજયવંત શ્રીકૃષ્ણના મિત્ર એવા તારા મુખે ગવાતા શ્રીકૃષ્ણના તે પ્રસંગો તો અમારે માટે કૂટયુકિતવાળા છે. ॥૩॥

કા દુરાપાઃ ત્રિભુવને કૂટહાસભ્રૂજૃભણઃ ।
ભૂતિઃ પાદરજો પાસ્તે કાઃ કૃપણાઽબલાઃ ॥૪॥

શ્રીકૃષ્ણની કપટભરી અને હાસ્યયુકત ભ્રમરોનાં કટાક્ષ સ્વર્ગ, પૃથ્વી અને પાતાળમાં રહેતી કઈ સ્ત્રીને વશમાં ન લઇ શકે ? સ્વયં લક્ષ્મીજી જેનાં ચરણરજની ઉપાસના કરે છે તો અમારા જેવી દીન અબળાઓ શી ગણનામાં ? ॥૪॥

ત્યજ શિરસિ પાદં નઃ ચાટુકારો તુ દૌત્યકઃ ।
વિસૃજત્ સ્વકૃતં સર્વં કિં સંધેયમ ચેતસામ્ ॥૫॥

અમારાં શિર ઉપર તું પગ મૂક નહિ તું સંદેહવાહક છો તેથી પ્રિય બોલનારો છો પોતાનાં ગણેલાં એવાં સર્વને અમે વિસરી દીધેલાં છે. હૃદયહીનનું પુનર્મિલન શું શકય છે ? ॥૫॥

કપીંદ્ર વિંવ્યધે લુબ્ધઃ સ્ત્રીજિતઃ કામિનીવશ
બલિમત્ત્વાવેષ્ટયદ્ યં દુસ્ત્યજસ્તત્કથાર્થકઃ ॥૬॥

તેણે કપિરાજ વાલીને હણ્યો, તે કામિનીને વશ અને સ્ત્રીજિત શિકારી છે. જે બલિરાજાએ તેની પૂજા કરી તેને પાતાળમાં ચાંપ્યો, તેમની તે કથાના હેતુને કમને ત્યજવી જોઇએ. ॥૬॥

યસ્ય લીલાઃ કર્ણગતા દ્વંદ્વધર્મવિનાશિકાઃ
ત્યક્ત્વા ગૃહસ્થં દીનેવ ભિક્ષુચર્યાં ચરંતિ હિ ॥૭॥

જેમની શ્રવણ કરાયેલી લીલાઓ રાગદ્વેષાદિ દ્વંદ્વોનો નાશ કરનારી છે. એવી ભગવાનની લીલાઓનું શ્રવણ કરનારાઓ ગૃહસ્થ ધર્મને છોડીને દીનની જેમ અકિંચન થઇને જ જીવે છે. ॥૭॥

કૂટવાક્યં શ્રદ્દધાનાઃ કૃષ્ણવધ્વો હરિણ્યવત્ ।
દદૃશુઃ તન્નખસ્પર્શમન્યવાર્તાસ્તુ ભણ્યતામ્ ॥૮॥

હરિણીઓની જેમ તેમનાં કપટભર્યા વાક્યોમાં શ્રદ્ધા રાખનારી શ્રીકૃષ્ણની વધૂઓ તેમના નખના સ્પર્શ વિવશ થઇને જોતી રહી. એ બધું જવા દો અને બીજી વાતો કરો. ॥૮॥

પ્રેષિતઃ કિં પ્રિયસખ માનનીયો વરં વદ ।
દુસ્ત્યજદ્વંદ્વપાર્શ્વં હિ શ્રીર્વધૂઃ સાંપ્રતોરસિ ॥૯॥

અમારા પ્રિયતમના હે મિત્ર, તેમનાથી મોકલાયેલો તું માનને પાત્ર છે. તારી શી ઇચ્છા છે ? ઠીક લાગે તે માગી લે. દ્વંદ્વપણું તો ખરેખર કઠિનાઈથી છોડાય તેવું છે. સાંપ્રત સમયમાં તો તેમના વક્ષસ્થળ ઉપર લક્ષ્મીજીનું જ સ્થાન છે. ॥૯॥

મધુપુર્યાં ઽધુનાઽઽસ્તેઽપિ સ્મરતિ વ્રજવાસિનામ્
સ્ર કથા નઃ કિંકરીણાં મૂર્ધ્ન્યધારયત્ ॥૧૦॥

મધુપુરીમાં હવે તે સુખપૂર્વક રહે છે છેને ? શું વ્રજવાસીઓને તે યાદ કરે છે ? અને અમ કિંકરીઓની વાતો કરે છે કે ? અમારા મસ્તક ઉંપર તેઓશ્રી પોતાની ભુજાને ક્યારે ધારણ કરશે? ॥૧૦॥

મધુરમધુપગીતં વિપ્રયોગ સ્વરુપમ્ ।
વિવિધરસવિગાઢં સ્વાનુભાવેન પૂર્ણમ્ ॥
પ્રણત વ્રજવધુનાં સ્નેહદાઢર્યં વિલાસમ્ ।
જયતિ જયતિ નિત્યં ભાવનીયં રસજ્ઞૈઃ ॥૧॥

વિપ્રયોગના સ્વરૂપનું ભ્રમરગીત મનને અત્યંત આનંદ આપનારુ છે. વળી તે વિવિધ રસોથી આત્યંતિક રીતે ભરેલું છે, તેમાં મનોગત ભાવનાઓનું પૂર્ણ પ્રાકટય થયેલું છે. તેમાં વ્રજવધુઓની વિલાસપૂર્ણ સ્નેહની દઢતા રહેલી છે. તમે તેઓને નમન કરો. રસિકજનો વડે તે અહર્નિશ મનન કરવા યોગ્ય છે, તેનો જય થાઓ, જય થાઓ. ॥૧॥

વીક્ષ્ય દ્વિરેખતિલકં તવ કર્ણયુગ્મમ્ ।
શ્રીમત્કપોલસુભગં દગમંજુહાસ્યમ્ ॥
દત્તાભયં ચ કરકંજયુગં વિલોક્ય ।
માલાં ગલે તુલસિકાં ચ ભવામ દાસ્યમ્ ॥૨॥

હે પ્રભુ, આપના સુંદર કપાળ ઉપરનું ભક્તો ઉપર અનુગ્રહની ભાવનાવાળું બે રેખાવાળું તિલક જોઇને, તેમ જ બંને કાન, મધુર હાસ્યવાળાં નયનો, ગળામાં તુલસીપત્રની માળા અને અભય પ્રદાન કરતા બંને કરકમળવાળા આપનાં દર્શનથી અમે આપના દાસ્ય ભાવને પામીએ. ॥૨॥

ચૂડાપીડં દ્વિજવરવપુઃ કંકુમસ્યોર્ધ્વપુંડ્રં,
બિભ્રદ્વાસો વિમલવિશદં શ્રીતુલસ્યાં ચ માલામ્ ।

સ્વાંગીકૃત્યાન્ વચનસુધયા પોષયન્ શ્રીમુખાબ્જં,
શ્રીમદ્ ગોવર્ધન ગિરિતટે સંચરન્ ભક્તિપૂર્ણં ।૩।।

મોરપીંછનો મુકુટ ધારણ કરેલા દ્વિજશ્રેષ્ઠ દેહધારી, કુંકુમનું ઉન્નત તિલક કરેલા ઉજ્જવલ અને સુંદર વસ્ત્રો તેમ જ તુલસીપત્રની માળાથી શોભતા, મધુર મુખકમળમાંથી સરી પડતાં અમૃતભર્યાં વચનોથી સ્વીકારાયેલા પોતાના ભક્તોને પોષણ આપતા, ભક્તિથી ભરી દેતા ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ગોવર્ધનના તટ ઉપર વિચરી રહ્યા છે. ।૩।।

રસબીજં વેણુગીતં ગોપિકાગીતવૃક્ષકમ્ ।
સુફલં યુગ્મગીતં હિ ભ્રમરં ભ્રમરં મતમ્ ।।૪।।

વેણુગીત એ ભક્તિરસનું બીજ છે, ગોપીગીત એ વૃક્ષ છે, યુગલગીત પરિપક્વ ફળ છે અને ભ્રમરગીત એ તેમાં ગુંજારવ કરતો ભક્તરૂપી ભ્રમર છે, એમ મનાયું છે. ।।૪।।

શ્રીવલ્લભં વેણુગીતં, વિઠ્ઠલં યુગ્મગીતમ્ ।
ગોપીગીતં ગોકુલેશ, સુભક્ત ભ્રમરં મતમ્ ।।૫।।

શ્રી વલ્લભાચાર્યજી વેણુગીત છે, શ્રી વિઠ્ઠલેશજી યુગલગીત છે, ગોકુલેશજી ગોપીગીત છે અને ભગવાનનો પુષ્ટિભક્ત એ ભ્રમરગીત છે, એમ મનાયું છે. ।।૫।।

XXX XXX XXX

ભ્રમરગીત શ્રીમદ્ ભાગવતજીના દશમ સ્કંધના ૪૭માં અધ્યાયના આધારે વર્ણવાયેલ છે. ભ્રમરગીતામાં ઉદ્ધવજી ભગવાનનો સંદેશો લઇને ગોપીઓ પાસે આવે છે, તે પ્રસંગને આલેખેલ છે. ૧૧ વર્ષને ૫૨ દિવસ ગોકુળમાં રહીને ભગવાન શ્રીકૃષ્ણે અનેક લીલાઓ કરી. તે પછી ભગવાન મથુરા પધાર્યા, અને મથુરામાં સ્થાયી થયા. હવે શ્રીકૃષ્ણમય બનેલી ગોપીઓ ભગવાનના વિરહમાં દિવસો વિતાવે છે, ભગવાનને ગોપીઓ ક્ષણભર પણ ભૂલી શકતી નથી. માત્ર એમના સ્મરણમાં જ દિવસો ગાળે છે. એ રીતે વર્ષો વીત્યાં, પછી એક સમયે ઉદ્ધવજી ભગવાનનો સંદેશો લઇને આવે છે, તેની જાણ થતાં ગોપીઓ તેને ઘેરી વળે છે. ગોકુલમા નિવાસ કરીને ભગવાને જે જે લીલાઓ કરી હતી, તે બધીને યાદ કરી કરીને ગોપીઓ ભગવાનની લીલાઓનું ગાન કરવા લાગી. દરેક પ્રસંગને યાદ કરતાં ગોપીઓની આંખો અશ્રુભીની થવા લાગી. આમ સ્ત્રી સુલભ લજ્જાને ભૂલી જઇને તેઓ ભગવાનની યાદમાં હીબકાં ભરી ભરીને રોતી હતી. એવો હતો ગોપીઓનો ભગવાન પ્રત્યેનો પ્રેમ. એવે વખતે એક ગોપીએ જોયું કે પોતાની આસપાસ એક ભ્રમર ગુંજારવ કરી રહયો છે. તે સમજી કે પોતે રૂઠેલી છે, એમ સમજીને તેને મનાવવા શ્રીકૃષ્ણે એક દુત મોકલેલ છે. ગોપી ભ્રમરને આ પ્રમાણે કહેવા લાગીઃ-

હે મધુકર, તું કપટી છો, અમારાં ચરણોને સ્પર્શ કરીશ નહિ. તું જેવી રીતે કોઇ ફુલ ઉપર પ્રેમ કરતો નથી અને એક ફુલ ઉપરથી બીજા ફુલ ઉપર, એમ ઉડયા કરે છે. જેવો તું છો, તેવા જ તારા સ્વામી શ્રીકૃષ્ણ છે. મધુપતિ શ્રીકૃષ્ણ મથુરાની માનિનીઓને ભલે મનાવ્યા કરે. જો તો ખરો, માત્ર એક વાર પોતાની મોહિનીરૂપ પરમ માદક અધરસુધા પિવરાવીને અમોને છોડીને અહીંથી ચાલ્યા ગયા છે લક્ષ્મીજી તેમનાં ચરણોની સેવા કેમ કરી રહ્યાં હશે, તે અમોને સમજાતું નથી. ચિત્તચોરે અમારાં ચિત્તને ચોરી

લીધાં છે તું તેમના ગુણગાન કેમ ગાય છે? અમોને મનાવવા માટે તો નથી આવ્યો ને? એમનાં ગુણગાન અમારે માટે કોઇ નવાં નથી. તારી ચતુરાઇ અમારી પાસે નહિ ચાલે. ત્રણે લોકમાં એવી કોઈ સ્ત્રી હશે કે જે તેમના વશમાં ન આવી જાય? સ્વયં લક્ષ્મીજી તેમને વશ રહીને ચરણસેવા કર્યા કરે છે. અમે તો શ્રીકૃષ્ણને માટે પતિ, પુત્ર સહિત બધું છોડી દીધું છે, પરંતુ તેમનામાં જરાય કૃતજ્ઞતા નથી. તેમના ઉપર અમે શી રીતે વિશ્વાસ રાખીએ? અમે તો એમના જન્મજન્મની વાતો જાણીએ છીએ. તે કેટલા નિષ્ઠુર છે! જયારે તે રામ થયા ત્યારે કપિરાજ વાલીનો નિર્દયતાથી વધ કર્યો. બિચારી શુર્પનખા કામવશ થઇને તેમની પાસે આવી તો તેમનાં નાક–કાન કાપીને કુરૂપ બનાવી. વળી વામનરૂપ ધરીને તેમણે શું કર્યું? બલિએ તો તેમનું પૂજન કર્યું, મોં માગ્યું આપ્યું. છતાંય તેમણે તો બલિને પાતાળમાં ચાંપ્યો! પરંતુ જવા દો એ બધું, અમારે એનાથી શું? છતાંય હે ભ્રમર, એમનાથી અમોને એટલી બધી આસક્તિ થઇ ગઈ છે કે, અમે ઇચ્છવા છતાં તેમને છોડી શકતી નથી. શ્રીકૃષ્ણની લીલાઓ ક્ષણભર પણ અમે વીસરી શકતી નથી, અને તેનાથી તેમના પ્રત્યેના રાગદ્વેષ આદિ દ્વંદ્વો ટળી જાય છે, સંસારનાં સુખદુઃખ ભૂલી જવાય છે અને ગૃહસ્થી પણ એમની લીલાઓનું ગાન સાંભળીને અકિંચન બની જાય છે. એમ કહેતી કહેતી છેવટે પોતાના પ્રિયતમના પ્યારા મિત્ર માનીને તેમનું બહુમાન કરે છે અને ચાહે તે માગી લેવાનું કહે છે. અને કહે છે કે, અમોને ત્યાં લઇ જઇને શું કરશો? એમની છાતી ઉપર તો લક્ષ્મીજી સ્થાન જમાવીને બેસી ગયાં છે. અને પછી ભગવાનના સમાચાર પૂછે છે. મધુપુરીમાં શ્રીકૃષ્ણ સુખેથી રહે છે ને? વ્રજવાસીઓને અને અમોને કયારેય સંભારે છે? શું કોઇ વાર તેમની સુગંધયુકત ભુજાને અમારા શિર ઉપર ધારણ કરશો? અમારા જીવનમાં એવો શુભ અવસર આવશે ખરો? ભગવાનના સ્મરણમાં ભગવાનને જ ઝંખી રહેલી ગોપીઓને ઉદ્ધવજી સાંત્વના આપે છે. (સાભાર ‘કલ્યાણ’ માંથી ભાવ ઉદ્ધૃત કરીને લખાયેલું છે.)

એ બધું બહુ જ ટુંકમાં છતાં અત્યંત ભાવ ભરી રીતે શ્રીગોપીલાલજીએ ઉપર પ્રમાણે પોતાના પદ્યમાં મૂકેલું છે. એ બધું પ્રેમપૂર્વક વાંચવા, વિચારવા, સમજવા અને સ્મરણમાં રાખવા ‘વલ્લભ સુધા’ ના વાચકોને અમારી ભાવભીની વિનંતિ છે.

◆

શુદ્ધાદ્વૈત દર્શન

લેખક : **દેવર્ષિ શ્રી રમાનાથ શાસ્ત્રીજી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રીજી**

વસ્તુનો બોધ કરાવવા માટે ધર્મ અને ધર્મીને અલગ કરી એવું કહેવું પડે છે. 'શક્તિ શક્તિમતોર્ભેદ વસ્તુબોધાય કેવલમ । અભેદો વસ્તુતો નાક્ષ્ણો દ્રષ્ટિશક્તિઃ પૃથગ્ભવેત ।।" જેમાં પ્રકાશ છે તે સૂર્ય છે. આવી રીતે શક્તિ અને શક્તિમાનનો વાસ્તવ અભેદ રહેવા છતાં પણ કહેવું પડે છે કે 'જેની શક્તિ હોય તે શક્તિમાન કહેવાય છે. આ ભેદ કેવળ વસ્તુબોધને માટે જ છે, વાસ્તવ નથી એવી રીતે પ્રકૃતિશક્તિ અને શક્તિમાન ભગવાનમાં પણ વાસ્તવ ભેદ નથી અથવા એમ કહો કે પ્રકૃતિ ભગવાનનુ આગંતુક રૂપ છે, માટેજ કારણ છે. અને કાર્ય કારણનો પરસ્પરમાં અભેદ્ય છે એજ કાર્ય અને કારણને, શક્તિ અને શક્તિમાનને અથવા પ્રકૃતિ તથા બ્રહ્મને ભગવાને ગીતોપનિષતમાં ક્ષર અને અક્ષર નામથી કહ્યા છે.

કાર્ય અથવા તો પ્રકૃતિના ભગવદ્દત્ત બધાં ધર્મો–યત્પાંચભૌતિકં તસ્યેચ્છયા ષડભાવ દર્શનમ મિતં નિયતકાર્યં ચ તત્પ્રાકૃતમુદાહૃતમ્ નિત્યધર્મા નિજાભિન્ના સર્વેસર્વત્રતસ્યતુ । 'સર્વકામઃ સર્વરસ' ઇતિ છાંદોગ્યરૂપણાત્ ઈત્યાદિ વેદાંત ચીંતામણૌ ભટ્ટ શ્રી ગોવર્ધનશર્મા ભારતમાર્તંડાઃ । "પરિમિત (થોડાં) નિયમિત કાર્યનેજ કરવાવાળાં, મલિન અર્થાત્–જાયતે, અસ્તિ, વર્ધતે, વિપરિણમતિ ક્ષીયતે અને નશ્યતિ આ છ વિકારવાળાં અન્યનિયમ્ય અર્થાત્ જેનો બંદોબસ્ત બીજાથી થતો હોય, અને નિયત આકારવાળા છે અને એટલાજ માટે પ્રાકૃત તથા લૌકિક કહેવાય છે, અને ભગવાનના સર્વ ધર્મો નિર્વિકાર છે અપરિમિત છે, બ્રહ્મથી અભિન્ન છે અને અન્ય નિયમ્ય નથી. માટે તેઓ અપ્રાકૃત તથા અલૌકિક લેખાયાં છે. અને એટલાજ માટે પરસ્પર વિરૂદ્ધ હોવા છતાં પણ બ્રહ્મના ધર્મોમાં કોઈ જાતનો વિરોધ નથી તો હવે શ્લોકમાં પણ કોઇ પ્રકારનો વિરોધ રહ્યો નહિ.

લાંબો મોટો પૂર્વ પક્ષ

બ્રહ્મ વિષયમાં માયાવાદનો મત

કેટલાક વાદીઓ કહે છે કે વેદાંતમાં બ્રહ્મને સર્વધર્મ સહિત પણ કહ્યું છે અને સર્વધર્મ શુન્ય પણ જેમાં કોઇ વ્યાવર્તક (જુદાઇપણુ બતાવનાર) વિશેષ ન હોય તેને

નિર્વિશેષ અથવા નિર્ધર્મક કહે છે. વેદાંતમાં બ્રહ્મને સર્વધર્મ યુક્ત કહેનારાં પણ અને સર્વ ધર્મ રહિત કહેવાવાળા અર્થાત્ નિર્વિશેષ કહેનારા શ્રુતિવાક્યો પણ મળી આવે છે તો પછી બ્રહ્મ કેવળ સર્વધર્મ વિશિષ્ટ છે. અથવા સર્વ વિરૂદ્ધ ધર્મોના આધાર છે એ કહેવું પણ નિર્દોષ નથી.

શાસ્ત્રોમાં અથાઅતો નેતિ નેતિ હવે અહીંથી એવો આદેશ છે. સહોવાચ તદ્વૈતદક્ષરં ગાર્ગિ બ્રાહ્મણા અભિવંદન્ત્યસ્થૂલં–હેગાર્ગી બ્રહ્મણ લોકો (જ્ઞાનીઓ) અક્ષર બ્રહ્મને અસ્થૂલ, અનણુ, અહ્રસ્વ, અદીર્ઘ, અલોહિત, અસ્નેહ, અચ્છાય, અતમસ, અવાયુ અનાકાશ, અસંગ, અગંધ, અસ્પર્શ, અરસ, અચક્ષુ, અશ્રોત્ર, અવાક, અમનસ, અતેજસ, અપ્રાણ, અમુખ, અનામ, અગોત્ર, અજર, અમર, અભય, અમૃત, અરજસ, અશબ્દ, અવિવૃત, અસંવૃત, અપૂર્વ, અનુપર, અનંતર, અબાહ્ય કહે છે, તથા કોઈ એનો ભોગ કરી શકતો નથી અને ન તો એ કોઇને ભોગવે છે. ઈત્યાદિ શ્રુતિઓથી તથા અવ્યક્તો અયમચિન્ત્યોયં પરમાત્મા અવ્યક્ત છે આ અચિંત્ય છે, અને અવિકાર્ય છે વિગેરે સ્મૃતિઓથી પણ બ્રહ્મ નિર્વિશેષ તથા નિર્ધર્મક સિદ્ધ થાય છે.

અને અન્યસ્થલે જેનાંથી આ બધું જગત પેદા થયું છે. ઉત્પન્ન થઈ જેનાથી રક્ષાઈ રહ્યું છે, અને પર્યંતે જેમાં જઈ લીન થઈ જાય છે તે બ્રહ્મ છે. આનંદથી જ જગત ઉત્પન્ન થયું છે ઈત્યાદિ. શ્રુતિદ્વારા તે બ્રહ્મ સર્વકામ, સર્વગંધ અને સર્વરસ છે. ઈત્યાદિ શ્રુતિદ્વારા અને હું જ સર્વજગતને પેદા કરવાવાળો છું અને મારાથી જ સર્વની પ્રવૃત્તિ થાય છે. વિગેરે સ્મૃતિદ્વારા બ્રહ્મને સધર્મક તથા સવિશેષ પણ કહ્યુ છે, માટે અત્ર મહાન સંદેહ થઈ આવે છે કે શું બ્રહ્મ સવિશેષ અથવા નિર્વિશેષ ?

પણ અમારૂં તો અહીં એવું સમજવું છે કે યદ્યપિ વેદાંતમાં પરમાત્માને સવિશેષ પણ કહ્યો છે છતાં પણ બ્રહ્મ તો નિર્ધર્મક અને નિર્વિશેષ જ છે. સવિશેષ માનવામાં એક ધર્મ અને એક ધર્મી આમ દ્વૈતપણું આવી નડે છે અને નિર્ધર્મક માનવામાં દ્વૈતનો ગંધ સુધાંએ રહેતો નથી. નિર્વિશેષ બ્રહ્મ માનવામાં એ પણ એક કારણ છે કે જે લોક બ્રહ્મને સવિશેષ અથવા સધર્મક માને છે, તેઓએ પણ આધારની જગ્યાએ માત્ર કોરૂ એક બ્રહ્મસ્વરૂપ તો માનવું જ પડશે નહિ તો વિશેષ અને ધર્મોનું નિરૂપણ કયાં કરાય ? આકાશ છે તો ત્યાં ચંદ્રનું નિરૂપણ કરાય છે પણ જો આકાશનું જ નામ નિશાન ન હોય તો પછી

ચંદ્રનું નિરૂપણ ક્યાં કરવું ? બ્રહ્મ જ્ઞાનધર્મવાળું છે, અહીં પણ જ્ઞાન ધર્મથી જુદું એક નિખાલસ બ્રહ્મનું સ્વરૂપ માનવું જ પડશે. સવિશેષવાદિનાઅપિ વિશેષાધારત્વેનાઅવશ્યં બ્રહ્મસ્વરૂપ મભ્યઙ્ગીકર્તવ્યમ્—અન્યથા કુત્ર વિશેષા નિરૂપીતાઃ સ્યુઃ તથાયાઅઆધારનિરૂપિકા શ્રુતિરાધેયાનરૂપકયા નાન્યથયિતું શકયા ? ઉપજીવ્યાત્ । નનુ નિર્વિશેષબ્રહ્મનિરૂપિકા શ્રુતિર્ધર્માન્ વિના ન તન્નિરૂપયિતું શકતા । તથાહિ નિરૂપણં હિ લક્ષણૈઃ તાનિચાઅસાધારણધર્મરૂપાણિ । અત્ર ય ધર્માભાવાત્તન્નિરૂપણપૂર્વમભાવમુખેનાસ્થૂલાદિવાક્યૈર્નિરૂપયન્ત્યા ધર્મનિરૂપિકા શ્રુતિરૂપજીવ્યા અભાવસ્ય પ્રતિયોગિ નિરૂપણાધીન નિરૂપણત્વાત્ તથા ચ શ્રૌતત્વોપજીવ્ય ત્વયોર વિશેષાદન્યતરબાધો ન યુકતઃ વિરોધાત્તથાકરણે તૂભય બાધો યુકત ઉકતયુકતેઃ ન ચૈવમપિ વકતું શકયં અસન્નેવ સ ભવતિ અસદ્બ્રહ્મેતિ ચેદ્વેદેતિ નિંદાશ્રુતેરિતિ ચેત મૈવમ્ નહિ શ્રુતિ સિદ્ધા ધર્મા નિષિધ્યન્તે કિન્ત્વનુવાદપૂર્વં લૌકિકાઃ સ્થૌલ્યાદયઃ તથા ચ ક શ્રૌતાનાં ધર્માણામુપજીવ્યત્વમ્ ? ન ચૈવં નિષેધસ્ય ભિન્નવિષયત્વાત્ વિરોધાભાવેનૈકતરબાધો ન યુકતઃ તથા ચોભયવત્ત્વં સિદ્ધમિતિ સામ્પ્રતમ્ ? શ્રોતાનામપ્યર્થાનાં શ્રોતવ્યત્વાદીનાં 'યતો વાચો નિવર્તન્ત' ઇત્યાદિના નિષેધાત્ (વિદ્વન્મંડનમ્) કારણ કે જ્ઞાન ધર્મ આધેય (રાખવા જેવી ચીજ) છે અને ધર્મી 'બ્રહ્મ' આધાર (રાખવાની જગ્યા) છે. જે પોતાના આશ્રિતોની સ્થિતિ સાચવી રાખે, અર્થાત્ જે તેઓનો નિર્વાહક હોય છે. તેને આધાર કહે છે, અને એટલા જ વાસ્તે તે આધેયનો ઉપજીવ્ય પણ (જીવાડનાર) છે, જે વસ્તુ આધારમાં આશ્રિત થઇ રહે છે અથવા જેની સ્થિતિનો નિર્વાહ આધારથી થતો હોય તેને આધેય કહે છે અને તે માટે તે ઉપજિવક (જીવનાર ટકી રહેનાર) પણ કહેવાય છે. જેમ પાત્ર અને તેમાં રાખેલી વસ્તુ પાત્ર એ પોતાને આશ્રિત કોઇપણ વસ્તુની સ્થિતિને ટકાવી રાખે છે માટે તે વસ્તુનું ઉપજીવ્ય છે, આધાર છે, અને તેમાં રાખેલી વસ્તુ આશ્રિત હોવાથી આધેય છે અને ઉપજીવક છે, હંમેશા ઉપજીવ્ય ઉપજીવકથી બલવાન હોય છે, માટે જ ઉપજીવક પોતાના ઉપજીવ્યનો વિરોધ અથવા બાધ કરી શકતું નથી. નિખાલસ બ્રહ્મજ ધર્મોનો આધાર તથા ઉપજીવ્ય છે અને ધર્મ તેનું આધેય તથા ઉપજીવક છે, તો હવે એ સિદ્ધ થયું કે જેટલી નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ છે તે બધી આધાર વસ્તુને વર્ણવી રહી છે.

[ક્રમશઃ]

"પ્રબોધાવલી"

લેખક **ગો. વા. પ. ભ. શ્રી વેલજી નથુભાઇ મીસ્ત્રી રાજકોટ**

પ્રેષક : **પ. ભ. શ્રી હીરાલાલ વસનજી લાખાણી**

૧. અહાહા ! રસાત્મક, ભાવત્મક પુષ્ટિમાર્ગમાં આનંદને પ્રાપ્ત કરનાર ભક્તજનો ! અસાર સંસારના મોહમાં વશ થઈ, જન્મ વૃથા જવાની જરાએ ફીકર નથી ?

૨. હે અબુધ જીવ ! તને ભગવદ્ લીલા રસમાં મગ્ન રહેવું કેમ નથી રૂચતું ?

૩. હે જીવ ! ભગવત્શરણ ગ્રહણ કર્યા પછી તારી અનાથ સ્થિતિ રૂપજ વૃંદાવનમાં લીલા મધ્ય પતિત્વની ચાહના કેમ નથી થતી ?

૪. લીલામાંથી તારૂં વિછરવું થયું, જેથી અનંત કાળે તારા પ્રાણનાથ પ્રભુ અને લીલાના ભક્તગણ, જેની સાથેનું ઘણા ઘણા મનોરથો વિચારતો હતો, એ વાત ક્યાં વિસરાઇ ગઇ ?

૫. હે ગમાર ! યુગલ કિશોર કિશોરીજીની લીલાસ્થ કુંજ કુટી આદિ પ્રત્યેની અન્યોઅન્યની કહેવરાવેલી વાત કેમ વિસરી ?

૬. હે આત્મઘાતી ! તારા આત્માના આનંદને દેવાવાંળા શ્રી વ્રજવિહારીજીના સ્વરૂપાનંદે રમનારાં તારાં નેત્ર ક્યાં ગયાં ?

૭. હે અલ્પજ્ઞ ! સેવા કુંજ આદિ સ્થલમાં જાળરંધ્રમાં ઝાંખતી સખીવૃંદને તારા નેત્રથી કદમ પરથી દૃષ્ટિ કરી, તે ચાહ માટે વૃક્ષ પરથી રુદન કરતો, તે અવસર યાદ કેમ નથી આવતો ?

૮. તારા અનેક પ્રકારના મનોરથો રસાનંદની પ્રાપ્તિ અર્થ વિચારતો, એ વિચારો ક્યાં વિસરી ગયો ?

૯. ખબર નથી પડતી કે તું શા કારણથી જડતાધરીને બેઠો છે ?

૧૦. હે માયાવી ! તું તો માયાને તરનારો છે, ભગવદ્ શરણ નાવમાં બેઠો છે, છતાં શા માટે સંસાર સમુદ્રમાં ડૂબે છે ?

૧૧. તારી અલૌકિક થયેલી દેહ ઇન્દ્રિયોને ભગવત્પરાયણ કરવામાં શેનો ડર છે ?

૧૨. હે દરિદ્ર ! પ્રભુપરાયણ થવામાં તારી ઇન્દ્રિયની શિથિલતા શા માટે કરે છે ?

૧૩. હે જીવ ! ભગવદ્ વિષય ભાવને છોડીને જગદ્ વિષય વિષ કેમ ખાય છે ?

૧૪. તારો જન્મ વૃથા જવાની ફીકર મટી ગઈ ?

૧૫. હે અજ્ઞાત ! તારે માટે સાક્ષાત્ પૂર્ણ બ્રહ્મ શ્રીવલ્લભકુલનું પ્રાગટય છે, તેની તુને ખબર નથી ?

૧૬. તારા અલૌકિક વ્હાલા પ્રભુની સુખ સ્મૃતિ કેમ વિસારી ?

૧૭. હાથી સવારી કરનાર ગદ્ધા પર કદિ બેસે ખરો કે ?

૧૮. તારૂં સર્વસ્વ ક્યારે યાદ આવશે ?

૧૯. હે બાલ બુદ્ધિ! તારા પ્રાણનાથથી અલગ થતાં ઘણો કાલ ગયો, જે તાપ કલેશની સ્મૃતિ ફરી કરાવી તો પણ તું તે ભૂલી ગયો ?

૨૦. હે ગમાર ! એવી સુંદર અવસર કેમ ગુમાવે છે ?

૨૧. તારી મોહમાયી લૌકિક ઇચ્છાઓ કયારે પૂરી થશે ?

૨૨. જેમ નવ યૌવન સ્ત્રીનો જન્મ પતિવિના વૃથા જાય તેમ તારા પ્રાણનાથ વિના તારો જન્મ વૃથા નથી શું ?

૨૩. તારો મળ મૂત્રનો દેહ છે તેમાં કેવી રીતે સમજીને ઉત્તમતા માને છે ?

૨૪. જયાં સુધી તારાં દેહ ઇન્દ્રિયો પ્રભુ પરાયણ ન થાય ત્યાં સુધી તેની ઉત્તમતા ધિકકારવા જોગ છે.

૨૫. તારો પ્રેમાંકુર તથા સ્વરૂપાસક્તિ કયાં ગઇ ?

૨૬. સ્વામીની સેવા એ સ્ત્રીનો સહજ ધર્મ છે, તેમ તું સદંશ હોય તો તારો પણ પ્રભુ સેવા કરવાનો સહજ ધર્મજ છે.

શ્રી હરિરાયજી કૃત

શ્રી વલ્લભશરણાષ્ટકાનુવાદ

(૧) નિઃસાધન જનકે ઉદ્ધારણ પ્રકટ ભયે
ગોકુલેશ રૂપ ઉન વલ્લભકી શરણ હો
ભજનાનંદ દાનકો પુષ્ટિ રસ પ્રકટ કીયો
કરુણાનિધાન 'સત્ય' વલ્લભકી શરણ હો
શ્રી કૃષ્ણવદન રુપ વિયોગનલ મૂર્તિયે
ભક્તિમાર્ગ કમલ વલ્લભકી શરણ હો
સ્વામિનીકે ભાવયુક્ત ભગવદ્ભાવભાવિતયે
અલૌકિક મૂર્તિ પૂર્ણ વલ્લભકી શરણ હો
(૨) રાસલીલા રસમય પૂર્ણ સબ અંગ આપ
ભાવહિ શૃંગાર રુપ વલ્લભકી શરણ હોં
ભાગવત ભાવ અર્થ વિભાવાર્થ પ્રકાશ કીયો
પુષ્ટિ સૃષ્ટિ જીવન દે વલ્લભકી શરણ હોં
પૃથ્વી પ્રદક્ષિણા કરી ભક્તન સ્વીકાર કીયો
ગોવર્ધન નાથ રુપ વલ્લભકી શરણ હોં
યુગલ ચરણ 'સત્ય' વંદન કરત રહે
પાપ તાપ નાશન કો વલ્લભકી શરણ હોં

—બાગરોદી બલદેવ શર્મા
'સત્ય'

"શ્રીવલ્લભ નામ મહિમા"

શ્રી હરિરાય મહાપ્રભુ કૃત પદની ભાવાર્થ ટીકા

લેખક : **શ્રીવલ્લભ પાદ પદ્મમિલિન્દ**

[શ્રીમહાપ્રભુજીના નામ-સ્વરૂપ-ગુણનું માહાત્મ્ય દર્શાવતું શ્રીહરિરાયજીનું પદ્ય સાહિત્ય ઘણું છે તે ગૂઢ અને અર્થ ગંભીર હોયને સમજવું અઘરૂં પડે છે. તે પૈકી અમુક પદોની ભાવાર્થ ટીકા સરળ ભાષામાં પ્રમાણો સાથે વિસ્તૃત રીતે પ. ભ. શ્રી વલ્લપાદપદ્મ મિલિન્દે લખી કાર્યાલયને મોકલેલ છે. તે ક્રમશઃ આભાર સહ વાંચક વર્ગની સેવામાં રજુ થતું રહેશે.
સંપાદક]

ભોર ભયો ભાવસો લે શ્રીવલ્લ નામ,
હે રસના તુ ઓર વૃથા ક્યોં બકે નિકામ;
સેવા રસ સ્વાદ પાવે નિશદિન ગુન ગાવે,
ઓર સબ વિસરાવે યહ મન આઠો યામ. ૧
હરિ વશ જિનહીમેં હોત સ્ફુરત સગરો ભક્તિ મારગ,
રૂપ હૃદય વસે અરૂ રસ સમૂહ ધામ;
'રસિકન' કછુ ઓર કરે ઈનહીમેં ભાવ ધરે,
અતિ રસ અનુપાન કરે ઓર કપટ વામ. ૨

ભાવાર્થ "ભોર ભયો ભાવસો લે શ્રીવલ્લભનામ" ઇતિ-'ભોર' એટલે દૈવી જીવને પોતાનો સંબંધ બ્રહ્મસંબંધ દ્વારા પ્રભુ સાથે થયો તેનું જ્ઞાન થવું. તેનું નામ ભોર દશા. દૈવીજીવ અનેક કાલથી-અસંખ્ય જન્મોથી પ્રભુના ધામમાંથી, વિખુટો પડી ભૂતલમાં આવ્યો તેથી પ્રભુ સાથેના નિત્ય સંબંધને ભૂલિ ગયો. પ્રભુ સાથે દૈવી જીવનો સંબંધ પતિ-પત્નિ રૂપે નિત્ય છે. 'નિત્ય' એટલે અજર-અમર કોઈ સમયે ટૂટે નહિ, સદાં જોડાયેલો રહે તેને નિત્ય સંબંધ કહેવાય. લૌકિક પતિ સાથેનો સંબંધ એક જન્મનો છે અને તે પણ નાશવંત છે. જ્યારે પ્રભુ તો અવિનાશી હોવાથી અને દૈવીજીવ પોતે પણ આત્મરૂપ હોવાથી અવિનાશી છે. તેથી દૈવી જીવાત્માનો પ્રભુ સાથે પતિ-પત્નિનો સંબંધ પણ અવિનાશી એટલે નિત્યનો છે. અથવા લૌકિક પતિ સાથે સંબંધ દેહનો છે અને દેહતો નાશવંત છે જ. તેથી લૌકિક પતિ સાથેનો સંબંધ પણ નાશવંત જ છે. જ્યારે પ્રભુરૂપ પતિ તો આત્મારૂપ છે અને આત્મા અજર-અમર (જન્મ મરણ રહિત) અવિનાશી છે. આવા પ્રભુ સાથે દૈવી જીવનો સંબંધ દેહનો નથી પણ દૈવી જીવનું પોતાનું આત્માનું જે સ્વરૂપ છે તેની સાથે છે. તેથી દૈવી જીવ પોતે પણ આત્મારૂપ હોવાથી અવિનાશી છે. આમ જીવાત્મા અને પરમાત્મા બન્ને અવિનાશી

હોવાથી તેમના પતિ પત્નિના સંબંધો પણ અવિનાશી છે. આવા પ્રભુ સાથેના સંબંધને દૈવી જીવ ભૂતલમાં આવવાથી ભૂલી ગયો અને પોતાના દેહને જ આત્મા માની દેહના અને દેહના સંબંધી પતિ પુત્રાદિકને પોતાના સમજી તેના સુખ-દુઃખમાં અરૂજાઈ ગયો. તેથી પોતાના સત્ય-આત્મ સ્વરૂપને ભૂલી ગયો. હું આત્મા છું, દેહ નથી. અથવા હું આત્મારૂપ હોવાથી દેહના જન્મ-મરણ અને દેહના સંબંધવાળા સુખ દુઃખ મને-આત્માને ન હોય તેવું જ્ઞાન દેહને જ આત્મા માનવાથી ભૂલાઈ ગયું હતું. તે આત્મ જ્ઞાનનો ઉદય થવો તેનું નામ ભોર દશા અથવા દૈવી જીવને હું આત્મા છું, દેહ નથી તેવું જ્ઞાન થવાથી પોતાના દેહમાં અને દેહના સંબંધી પતિ પુત્ર વિગેરે પરિવારમાં આ મારા આત્માના સંબંધી નથી, તેમ જ્ઞાન થવાથી તેને સંસારમાં વૈરાગ્ય થાય છે અને પોતાના આત્માના સંબંધી પ્રભુ મારા નિત્યના સંબંધી છે તેવો ભાવ થાય છે. ત્યારે આ દશ્યમાન જગતમાં વૈરાગ્ય રાખીને પોતાના નિત્યના સંબંધી પ્રભુને મેળવવા માટે દેવી જીવ સેવા-સ્મરણ ગુણગાન-ધ્યાન વિગેરે પ્રભુ પ્રાપ્તિના અલૌકિક સાધનોમાં તત્પર થઈ જાય છે. તેનું નામ ભોર દશા અથવા શ્રી સુબોધિનીજીમાં આપશ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવાનને ભૂલાવી દેનારો દેહના સંબંધવ.ળો પતિ પુત્રાદિક પરિવાર આત્માના નાશની સેનારૂપ છે. તેવું જ્ઞાન થવું તેનું નામ ભોર દશા અથવા શ્રી હરિરાય પ્રભુ "દુઃસંગ વિજ્ઞાન" ગ્રંથમાં આજ્ઞા કરે છે કે પ્રભુને ભૂલાવી દેનાર દેહના સંબંધવાળો પરિવાર દુઃસંગરૂપ છે. આવું જ્ઞાન થવું તેનું નામ ભોર દશા.

અહિં આમ વિચારવું કે પતિ પુત્ર અથવા સ્ત્રી પુત્રાદિ ઘરનો પરિવાર પ્રભુ ભક્તિમાં રૂચિવાળો છે અને અનુકૂલ છે તો તે દુઃસંગરૂપ અથવા પ્રભુપ્રાપ્તિમાં પ્રતિબંધ રૂપ ન કહેવાય. તેવો પરિવાર વૈષ્ણવ છે. તે ભગવાનના સંબંધી છે. પ્રભુની સન્મુખ રહેવામાં અનુકુલ છે. તેથી તેમાં પ્રભુ સંબંધે સ્નેહ રાખવો અને તેવો વૈષ્ણવ પરિવાર પ્રભુ સન્મુખ વધારે રહે તે માટે તેમની પાસે પણ ઘરમાં બિરાજતા શ્રી ઠાકુરજીની સેવા કરાવવી સર્વ મળી ભગવદ્ વાર્તા ગુણગાન કરવા, પ્રભુની સન્મુખ પોતે રહેવું અને પરિવારને સન્મુખ રાખવા આમ કરવાથી પ્રભુની પ્રસન્નતા રહે છે. ઘરમાં આવો અનુકુલ વૈષ્ણવ પરિવાર શ્રી મહાપ્રભુજીની કૃપાથી મળે છે તેમ નિશ્ચય માનવું. ચોરાશી બસો બાવનમાં ઘણાં વૈષ્ણવોનો પરિવાર સર્વ વૈષ્ણવ હોય છે અને તે સર્વ મળી પ્રભુ સેવા સ્મરણ વિગેરે સાધનોથી સન્મુંખ રહે તેવી રીતે વૈષ્ણવ પરિવાર સહિત પ્રભુની સન્મુખ રહેવું.

(અહિં આ તારતમ્ય વિચારવું કે મિશ્રપુષ્ટિના અધિકારીને સાધન દશામાં ભગવદ્ સંબંધી પરિકર સાથે સંબંધ રહી આવે છે. પરંતુ શુદ્ધ પુષ્ટિના આધકારીને સાધનદશામાં કે સિદ્ધ દશામાં પ્રભુના ધર્મો સાક્ષાત્ સ્વરૂપ સિવાય અન્ય કોઈ સાથે સંબંધ રહી શકતો નથી.)

(ક્રમશઃ)

શ્રી વલ્લભ સુધાના ગ્રાહકોને વિનંતિ

શ્રી વલ્લભ સુધાનું નવું એપ્રીલ' ૮૫ થી શરૂ થાય છે. આપનું લવાજમ રૂ. ૧૦ નિચે લખ્યા સેવાભાવી કાર્યકરો પાસે ભરીને અથવા સીધું કાર્યાલયને મોકલાવીને સ્વમાર્ગીય સાહિત્ય પ્રકાશનના કાર્યમાં સહકાર આપવા વિનંતિ.

૧. શ્રી અશોકકુમાર ગોરધનદાસ માંડલીયા
C/o ઝવેરી એન્ડ કાં. રતનપોળને નાકે,
ગાંધી રોડ, અમદાવાદ–૧

૨. શ્રી જયન્તીલાલ શાન્તીલાલ પડીયા
મેડીક લેબોરેટરી, ૪૦૪ સ્પેક્ટ્રમ કોમ.
સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ

૩. શ્રી દામોદરભાઈ પી. શુક્લ
ડી.–૩૧, સેન્ટ્રલ ગવર્નમેન્ટ સ્ટાફ ક્વાટર્સ
મેમનગર રોડ, નારણપુરા, અમદાવાદ

૪. શ્રી મનસુખલાલ બેચરભાઈ ગજેરા
જવાહર રોડ, ઉપલેટા

૫. શ્રી દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા
રેલ્વે સ્ટેશન પાસે, ધોરાજી

૬. સોની હરજીવનભાઈ બેચરભાઈ આડેસરા
મુરલીધર મેડીકલ સ્ટોર, ગોંડલ

૭. શ્રી ગોકળદાસ જયકિશનદાસ કંસારા
શક્તિમાતાના મંદિર પાસે, ધ્રાંગધ્રા

૮. શ્રી હરકિશનદાસ જમનાદાસ સોની
બજાર ચોક, જામકંડોરણા

૯. શ્રી નગીનદાસ પ્રેમચંદભાઈ
૫૬, દિગ્વીજય પ્લોટ, જામનગર

૧૦. શ્રી મથુરાદાસજી તથા શ્રી વિઠ્ઠલદાસજી [illegible]
મું. [illegible] તા. કાલાવડ શિતલા

૧૧. શ્રી અમૃતલાલ સુંદરજી દીકોયા
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ, જુનાગઢ

૧૨. શ્રી હરેન્દ્રભાઈ રમણલાલ શેઠ
'સુન્દરમ્' ૧૯૩, ગુજરાતી વાડ, દાહોદ

૧૩. શ્રી [illegible] દોશી
પારેખ શેરી, [illegible]

૧૪. શ્રી બચુભાઈ (વલ્લભદાસભાઈ) પોપટ
કોટેચા આઈસ ઈન્ડસ્ટ્રીઝ,
કરીયા પ્લોટ, પોરબંદર

૧૫. અ. ભા. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય
૭૭–૭ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ–૧

૧૬. શ્રી વી. સી. જસાણી
'તેજબહાદુર' બ્લોક સી–૧,
એસ. વી. રોડ, પોલીસ સ્ટેશન પાછળ,
બોરીવલી વેસ્ટ, મુંબઈ–૯૨

૧૭. શ્રી ભોગીલાલ રમણલાલ શાહ પાર્લાવાળા
૮૭, બજાજ રોડ, મથુરા ભુવન, ૧લે માળે,
વિલેપારલે (પશ્ચિમ), મુંબઈ–૫૬

૧૮. શ્રી અરવીંદભાઈ પારપાણી
૩૨–એ, [illegible] ઘાટકોપર, મુંબઈ–૭૭

૧૯. શ્રી મુળજીભાઈ એલ. ભાટીયા
૧૨ ૩ બી, [illegible], કલકત્તા–૨૬

૨૦. શ્રી શાન્તીલાલ વી. પાંચાણી
બજાર રોડ, વઢવાણ સીટી

૨૧. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર, વાંકાનેર

૨૨. શ્રી રમણીકલાલ મેઘજીભાઈ બાબરીયા
વાયા ઉપલેટા, મું. [illegible]

૨૩. સોની ભાસ્કરભાઈ ચત્રભુજભાઈ
રાયજીની શેરી, ગોંડલ

૨૪. શ્રી વિઠ્ઠલદાસભાઈ શાહ
દ્વારકેશ હાર્ડવેર માર્ટ, છોટા ઉદેપુર (વડોદરા)

૨૫. શ્રી પ્રવિણચંદ્ર કસ્તુરચંદ કંસારા
કંસારા બજાર, રાજકોટ

૨૬. શ્રી રમણીકલાલ કપુરચંદ [illegible]
[illegible] હવેલી, પરાબજાર, રાજકોટ

૨૭. શ્રી મથુરદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે, રાજકોટ

૨૮. [illegible] કંસારા
કંસારા બજાર, રાજકોટ

૨૯. શ્રી ગોરધનદાસ વેલજીભાઈ [illegible]
૪, કૈલાશવાડી, [illegible], રાજકોટ

૩૦. શ્રી હિંમતભાઈ બી. [illegible]
શ્રીકૃષ્ણ ટ્રેડર્સ ૪, વૈશાલીનગર, રાજકોટ

SHREE VALLABH SUDHA Regd. No G/RJ. 212

ઘેરી લીધા ઘનશ્યામને

બધી સખીઓએ રે, આજ ઘેરી લીધા ઘનશ્યામને.
નાનકડા નંદજીના લાલને રે, આજ ઘેરી લીધા ઘનશ્યામને.

પિતાંબર ઉપર ચણિયો પહેરાવ્યો,
કાપડું પહેરાવ્યું નંદલાલને રે....આજ.-૧

મુકુટ ઉતારીને ઓઢણી ઓઢાડી,
વેણી ગુંથી વાલાજીના વાળમાં રે....આજ.-૨

તિલક ઉપર ટીલડી ચોંટાડીને,
આંજણે દિપાવ્યા નંદલાલને રે....આજ.-૩

નાકે નથડી ને કાને હીરા લટકાવ્યા,
ગોરા ગોરા ગાલ રંગ્યા લાલનાં રે....આજા-૪

પગનાં ઝાંઝર રૂમ ઝૂમ બાજે,
વારી જાઉં લટકતી ચાલને રે....આજ.-૫

માખણની લાલચમાં લલચાવ્યા લાલને,
આંગણે નચાવ્યા નંદલાલને રે....આજ.-૬

જગત નચાવનાર રૂમ ઝુમ નાચે,
વશ થયા ભક્તોના વહાલને રે....આજ.-૭

'માધવ' ના સ્વામી બન્યા રંગીલી રાધિકા,
રંગે રમાડી વ્રજ બાલને રે....આજ.-૮

-કવિ શ્રી માધવદાસ, ખંભાત

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.